ચોથી શ્રેણી

શુક્રવાર, તા. ૨૭મી માર્ચ, ૨૦૧૫
ચૈત્ર ૬, ૧૯૩૭ શાકે

સત્યમેવ જયતે

પુસ્તક ૨૬

થી

મંગળવાર, તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫
ચૈત્ર ૧૦, ૧૯૩૭ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## છઠ્ઠું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

# અ નુ ક્ર મ ણિ કા

**ચોથી શ્રેણી**


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા. ૨૭મી માર્ચ, ૨૦૧૫/ચૈત્ર ૬, ૧૯૩૭ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩ | ૬૮ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૬૯ | ૭૦ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૭૧ | ૭૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૭૩ | ૮૫ |
| **તા. ૩૦મી માર્ચ, ૨૦૧૫/ચૈત્ર ૯, ૧૯૩૭ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૮૬ | ૯૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૯૭ | ૧૮૧ |
| શોકદર્શક ઉલ્લેખ | ૧૮૨ | ૧૮૨ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૮૩ | ૧૮૩ |
| ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૫ | ૧૮૪ | ૧૮૪ |
| ગુજરાત ખેત–ઉત્પન્ન બજાર(સુધારા)વિધેયક, ૨૦૧૫ | ૧૮૫ | ૧૯૦ |
| ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા(સુધારા) વિધેયક, ૨૦૧૫ | ૧૯૧ | ૧૯૩ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૧૯૪ | ૧૯૫ |
| ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા(સુધારા) વિધેયક, ૨૦૧૫ (ક્રમશ:) | ૧૯૬ | ૧૯૯ |
| ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક, ૨૦૧૫ | ૨૦૦ | ૨૦૭ |
| ગુજરાત પ્રાથમિક શિક્ષણ (સુધારા) વિધેયક, ૨૦૧૫ | ૨૦૮ | ૨૦૯ |
| **તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫/ચૈત્ર ૧૦, ૧૯૩૭ શાકે** | | |
| **પહેલી બેઠક** | | |
| ગુજરાત જિલ્લા આયોજન સમિતિ (સુધારા) વિધેયક, ૨૦૧૫ | ૨૧૦ | ૨૧૬ |
| ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક, ૨૦૧૫ | ૨૧૭ | ૨૧૯ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત | ૨૨૦ | ૨૨૧ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૨૨૨ | ૨૨૫ |
| ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક, ૨૦૧૫ (ક્રમશ:) | ૨૨૬ | ૨૩૨ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૨૩૩ | ૨૩૪ |
| ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક, ૨૦૧૫ (ક્રમશ:) | ૨૩૫ | ૨૪૯ |

# અ નુ ક્ર મ ણિ કા



**વિષય** **પાના નંબર**

## તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫/ચૈત્ર ૧૦, ૧૯૩૭ શાકે

## બીજી બેઠક


| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૨૫૦ | ૨૬૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૬૧ | ૪૨૫ |
| શોકદર્શક ઉલ્લેખ | ૪૨૬ | ૪૨૬ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬) | ૪૨૭ | ૪૨૮ |
| મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪) | ૪૨૯ | ૪૩૦ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૪૩૧ | ૪૩૧ |
| મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૫. | ૪૩૨ | ૪૩૪ |
| સરકારી સંકલ્પ (નિયમ–૧૨૦) | ૪૩૫ | ૪૪૧ |
| છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨) | ૪૪૨ | ૪૪૮ |
| સભાગૃહના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો | ૪૪૯ | ૪૯૨ |

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા.૨૭મી માર્ચ ૨૦૧૫**
**ચૈત્ર ૬, ૧૯૩૭ શાકે**
**સભાગૃહ સવારના ૮.૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી ગણપતસિંહ વે.વસાવા અધ્યક્ષ સ્થાને.**

તારાંકિત પ્રશ્નો

**અમદાવાદ હાટ ખાતે મેળાનું આયોજન**

* ૧૮૫૬૮ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ હાટ ખાતે તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા મેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) આવા મેળામાં કેટલા કારીગરોએ ભાગ લીધેલ છે, અને

(૩) કેટલી રકમનું વેચાણ થયેલ છે?

**જવાબ**

(૧) અને (૨) અમદાવાદ હાટ ખાતે તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ઈન્ડેક્ષ્ટ–સી દ્વારા છેલ્લા બે વર્ષમાં યોજવામાં આવેલ મેળા અને કારીગરોની માહિતી નીચે મુજબ છે.

| **ક્રમ** | **વર્ષ** | **મેળા** | **કારીગરોની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૩ | ૨૮ | ૧૮૦૮ |
| ૨ | ૨૦૧૪ | ૨૯ | ૧૫૦૪ |
| | **કુલ** | **૫૭** | **૩૩૧૨** |

(૩) અમદાવાદ હાટ ખાતે વર્ષ ૨૦૧૩ ***પત્રક–૧** મુજબ અને વર્ષ ૨૦૧૪માં ***પત્રક–૨** મુજબની રકમનું વેચાણ થયેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વાઇબ્રન્ટ સમિટ ૨૦૧૫ દરમ્યાન દેશ વિદેશના મહાનુભાવો ગુજરાતમાં આવ્યા તેમને અમદાવાદમાં હાટ ખાતે મળવાનું કોઇ આયોજન કરવામાં આવ્યું હતું અને આવ્યું હોય તો કેટલા દેશોના મહાનુભાવો ત્યાં પધાર્યા હતા?

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં વાઇબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૫ દરમ્યાન દેશ વિદેશના મહાનુભાવો અમદાવાદ ખાતે રાજ્ય સરકારના કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ દ્વારા, ઈન્ડેક્ષ્ટ–સી અને ગુજરાત રાજ્ય હાથશાળ હસ્તકલા નિગમ, ગુજરાત માટીકામ કલાકારી બોર્ડ અને ગ્રામ ટેકનોલોજી સંસ્થા, ભારત સરકારની વીવર્સ સર્વિસ સેન્ટર અને ખાદી અને વિલેજ કમિશન દ્વારા સંયુકતપણે વાઇબ્રન્ટ ગુજરાત હેન્ડલુમ હેન્ડીક્રાફ્ટ શો રૂમ ૨૦૧૫નું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં ગુજરાતની પ્રખ્યાત હસ્તકલા જેવી કે પટોળા, વણાટ, બાંધણીકામ, મશરૂમ વણાટ, ભરતકામ, ગ્રામોદ્યોગની વસ્તુઓ, ખાદી ડેનીમ વણાટ કામ, નેશનલ ફલેગ બનાવટ વિગેરેનું લાઇવ ડેમોન્સ્ટ્રેશન રાખવામાં આવ્યું હતું. માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન એ છે કે વિદેશના કોઇ મહેમાનો આવ્યા હતા કે કેમ, તો હાજી, ભૂતાનના માનનીય વડાપ્રધાને મુલાકાત લીધી હતી. ગુજરાત તથા ભારતની હસ્તકલાની પ્રવૃત્તિઓ, પ્રદર્શિત ચીજ વસ્તુઓ અમદાવાદ ખાતે પ્રત્યક્ષ નિહાળી હતી તેની મુકત કંઠે પ્રશંસા કરી હતી. આ પ્રસંગે ભારત સરકારના કેન્દ્રીય ગ્રામોદ્યોગ મંત્રી શ્રી ગિરિરાજસિંહજીએ પણ મુલાકાત લીધી હતી. આ ઉપરાંત વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૧૫માં ભાગ લેનાર અનેક દેશો અને વિદેશના ડેલીગેશનોએ અમદાવાદ હાટની મુલાકાત લઇ હાટ દ્વારા થતી પ્રવૃત્તિઓને વખાણી હતી.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ ખાતે આ મેળાઓનું જે આયોજન થાય છે તેમાં આ જે જગ્યાએ થાય છે તેનું ભાડુ શું વસૂલવામાં આવે છે?

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, આ મેળાઓની અંદર જે ભાડાની માહિતી માનનીય સભ્યશ્રીએ માગી છે તેમાં હાટમાં હાથશાળ, હસ્તકલાના પ્રદર્શન માટે સ્ટોલના દૈનિક રૂપિયા ૨૦૦, ફૂડ સ્ટોલના દૈનિક રૂપિયા ૪૦૦, સેમિનાર હોલના દૈનિક રૂપિયા ૩૦૦૦, વી.આઇ.પી. હોલના દૈનિક રૂપિયા ૪૦૦૦, એમ્ફી થિયેટરના દૈનિક રૂપિયા ૭૦૦૦ અને ડોરમેટરીના દૈનિક રૂપિયા ૩૦૦૦નું ભાડું લેવામાં આવે છે. અમદાવાદ હાથશાળ સિવાયના પ્રદર્શન મેળાઓ માટે જે ભાડુ આપવામાં આવે છે તેમાં સ્ટોલના ૩૦૦ રૂપિયા, ફૂડ સ્ટોલના ૫૦૦ રૂપિયા, સેમિનાર હોલના ૩૦૦૦ રૂપિયા, વી.આઇ.પી. હોલના ૪૦૦૦ રૂપિયા અને એમ્ફી થિયેટરના ૭૦૦૦ રૂપિયા તથા ડોરમેટરીના ૩૦૦૦ રૂપિયા લેવામાં આવે છે.

તા.૨૭મી માર્ચ ૨૦૧૫

તારાંકિત પ્રશ્નો

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દરેક જિલ્લાઓમાં રાજય સરકારે હાટનું આયોજન જે કરેલ છે તે ખૂબ જ સરાહનીય પગલું છે તે બદલ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન. અમદાવાદ હાટમાં કઇ કઇ સુવિધાઓ ઉપલબ્ધ છે અને આ હાટ ખાનગી સંસ્થાઓને ખાનગી કાર્યક્રમો માટે ભાડે આપવામાં આવે છે કે કેમ? જો આપવામાં આવતા હોય તો કયા દરે અપાય છે?

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં આ હાટમાં નીચે પ્રમાણેની સુવિધાઓ ઉપલબ્ધ છે. ૯૨ પાકા સ્ટોલ, ખાણી–પીણીના કુલ ૬ સ્ટોલ, ૫૮ ફેરિયાઓ બેસી શકે તેવી પાથરણાની બજાર, ૧ સેમિનાર હોલ, ૧૫૦૦ પ્રેક્ષક સમાવી શકે તેવું એમ્ફી થિયેટર, ૧ વી.આઇ.પી. રૂમ, ૯૯ કાર પાર્ક થઇ શકે તેવું કાર પાર્કીંગ અને ૨૭૭ ટુ વ્હીલર પાર્ક કરી શકાય તેવી વ્યવસ્થા છે. માનનીય સભ્યશ્રીનો જે બીજો પ્રશ્ન છે કે, પ્રાઇવેટ સંસ્થાઓને ભાડે આપવામાં આવે છે કે નહીં? અને એનું ભાડું શું છે? તો હા, સેમિનાર હોલનું ભાડું ૩૦૦૦ રૂપિયા છે, એમ્ફી થિયેટર માટેનું ભાડું ૭૦૦૦ રૂપિયા છે અને ડોરમેટરીનું ભાડું ૩૦૦૦ રૂપિયા છે.

શ્રી ભૂષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ અમદાવાદ હાટ ક્યારથી શરૂ થયું, તેના ઉદેશો શું છે, અને વર્ષ દરમ્યાન આ હાટ બજારનો કેટલા લાભાર્થીઓએ લાભ લીધો?

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ હાટ ૨૫–૯–૨૦૦૭ થી કાર્યાન્વિત કરવામાં આવેલ અને હાટનો ઉદેશ હાથશાળ, હસ્તકલા કારીગરો અને વણકરો જે પોતાના ઘરે બેસીને પોતાની ચીજ વસ્તુઓ ઉત્પન્ન કરે છે તેમને એક જ જગ્યાએ, એક જ સ્થળ ઉપર સીધે સીધું માર્કેટ મળી રહે એ માટેની વેચાણ કરવાની વ્યવસ્થા આપવામાં આવે છે અને વચેટિયાઓ જે પહેલા કારીગરો માલ વેચતા હતા એ દલાલો–વચેટિયાઓ માલ લઇ અને બીજાઓને આપતા હતા એ વચેટિયાઓને દૂર કરી અને ડાયરેક્ટ એમને ગ્રાહક દ્વારા માલ લેવાય એ માટેની વ્યવસ્થા કરવામાં આવે છે અને ભારત ભરની વિવિધ હસ્તકલાઓનું પ્રદર્શન અને વેચાણ સમાન સ્તરે આ હાટ દ્વારા કરવામાં આવે છે.

**અમદાવાદ જિલ્લામાં વાણિજિયક વેરાની આવક**

* ૧૮૫૨૧ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અમદાવાદ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂ. ૮૬૪૭.૦૪ કરોડ. |
| (૨) અમદાવાદ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઇ છે ? | (૨) (૧) ઓટોમોબાઈલ્સ અને ઓટોપાર્ટ્સ<br>(૨) તમાકુ તથા તેની બનાવટો<br>(૩) મોબાઈલ ફોન<br>(૪) હોમ એપ્લાયન્સીસ<br>(૫) કૉલ, કૉક અને લિગ્નાઈટ |

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જે આવક થઇ છે એમાં તાલુકાવાઇસ કેટલી આવક થઇ છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ તાલુકામાં વર્ષ ૨૦૧૩–૧૪માં ૧૦૨૧૨ કરોડ, ડિસેમ્બર ૨૦૧૪ સુધીમાં ૮૪૬૪ કરોડ, ધોળકામાં ૨૭ કરોડ અને ૧૯ કરોડ, ધંધુકા–ધોલેરાની અંદર ૭ કરોડ અને ૬ કરોડ, બાવળામાં ૧૦ કરોડ અને ૭.૭૦ કરોડ, સાણંદમાં ૧૭૧ કરોડ અને ૧૨૨ કરોડ, વિરમગામમાં ૨૫ કરોડ અને ૧૫ કરોડ, માંડલમાં ૪ કરોડ અને ૨.૧૯ કરોડ, દેત્રોજમાં ૨.૪૧ કરોડ અને ૧.૨૯ કરોડ, દશક્રોઇમાં ૧૨.૦૯ કરોડ અને ૬.૨૧ કરોડ, એમ ૨૦૧૩–૧૪માં તાલુકામાં કુલ ૧૦૪૭૩ કરોડની આવક થઇ છે જે ડિસેમ્બર ૨૦૧૪ સુધીમાં ૮૬૪૭ કરોડ થઇ છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, કેટલી બેન્કો ઇ–પેમેન્ટ સ્વીકારે છે, અને ચાલુ નાણાકીય વર્ષમાં કેટલી રકમ ઇ–પેમેન્ટથી પ્રાપ્ત થઇ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૧૮ બેન્કો આ વેટ ડિપાર્ટમેન્ટની જોડે ઇ–પેમેન્ટથી સંકળાયેલી છે અને કુલ ૨૦૧૪–૧૫માં ડિસેમ્બર ૨૦૧૪ સુધીમાં ૩૬૨૦૦ કરોડ રૂપિયા આવી હતી એમાં ૨૬૮૯૭ કરોડ એટલે કે ૭૪ ટકા આવક ઇ–પેમેન્ટ દ્વારા આવેલી છે.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ડીલર રજીસ્ટર થયેલ છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે તાલુકાવાર રજીસ્ટ્રેશન થયું છે એમાં સૌથી વધારે અમદાવાદ છે એમાં ૧,૧૧,૬૮૦, ધોળકા, ૧૦૨૬, ધંધુકા–ધોલેરા ૫૫૪, બાવળા ૮૭૨, સાણંદ ૧૬૭૯, વિરમગામ જેમાં માંડલ અને દેત્રોજ આપણે ઈન્કલુડ કરીએ છીએ તો ૧૩૨૮, દશક્રોઇ ૩૮૧ એમ કુલ ૧,૧૭,૫૨૦ રજીસ્ટ્રેશન થયેલ છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે મંત્રીશ્રીએ કોલસાની ખાણ લઇ આવ્યા અંગેની મોટી જાહેરાત કરી એ બદલ આભાર.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, સૌથી વધુ આવક આપતી અમદાવાદ જિલ્લાની ૫(પાંચ) કોમોડીટી છે તેના પર ક્યા દરથી વેટ લેવામાં આવે છે, અને ચાલુ નાણાકીય વર્ષમાં તેમાંથી કેટલી આવક થઇ છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે ઓટોમોબાઇલ્સ અને ઓટો પાર્ટસ છે એમાં ૨૦૧૩–૧૪માં ૧૫૦૩ કરોડ હતું, જે ડિસેમ્બર, ૨૦૧૪ અંતિત ૧૩૩૫ કરોડ છે, એની અંદર ૧૫ ટકાનો દર છે, પછી બીજી તમાકુ તથા તેની બનાવટો એમાં બે પ્રકારના ટેકસ છે ૨૫ ટકા અને ૩૦ ટકા, એમાં ૬૬૫ કરોડ અને ૫૯૭ કરોડ છે, પછી મોબાઇલ ફોનમાં ૧૫ ટકા, એમાં ૬૭૫ કરોડ ગઇસાલ હતું અને ડિસેમ્બર ૨૦૧૪ અંતિત ૫૭૦ કરોડ છે, પછી હોમ એપ્લાયન્સીસ, ઘર વપરાશની ચીજો એમાં ૧૫ ટકા ટેકસ છે એમાં ૨૦૧૩–૧૪માં ૩૭૯ કરોડ અને ૩૬૭.૨૩ કરોડ ડિસેમ્બર, ૨૦૧૪ સુધીનો છે, પાંચમું કોલ, કોક અને લિગ્નાઇટ છે એમાં ગઇસાલ ૩૮૫ કરોડ હતું આ વરસે ૨૯૧ કરોડ છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : હું આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે આ વેટ છે એ વેટના કાયદા અનુસાર વેરો લેવાની કે ભરવાની કઇ કઇ જોગવાઇઓ છે.

શ્રી સૌરભભાઇ પટેલ : દરેક ડિલર્સને એમના વેચાણ પ્રમાણે ટેકસ ભરવાનો હોય છે, જે ડિલરનો ટેકસ ૬૦૦૦૦ થી ઉપર થતો હોય એ લોકોને મન્થલી બેઝીસ ઉપર મહિનો પૂરો થાય અને એના બાવીસ દિવસ સુધીમાં એને વેરો ભરવો પડતો હોય છે જેને ૬૦૦૦૦ થી ઓછો વેરો ભરવાનો થાય છે એને દર ત્રણ મહિને ભરવાનો હોય છે અને ક્વાર્ટર પૂરું થાય એના બાવીસ દિવસ સુધીમાં વેરો ભરવાનો હોય છે, પછી પેટ્રોલ ડિઝલનું હોય છે એને મહિનો પૂરો થાય એના બાર દિવસ સુધીમાં એમને વેરો ભરવાનો હોય છે અને જે ખાણ અને ખંડેસરી હોય એમાં ૭૫ ટકા ટેકસ એમને મન્થલી બેઝીસ પર ભરવાનો હોય છે અને બાવીસ દિવસના કમ્પ્લીશન પછી ૨૫મી નવેમ્બર સુધીમાં બાકીનો ૨૫ ટકા વેરો ભરવાનો હોય છે.

## ભાવનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વીજ જોડાણો

* ૧૮૫૫૦ **શ્રી શીવાભાઇ જે. ગોહિલ(તળાજા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ગૃહ વપરાશના વીજજોડાણ આપવા માટેની રાજ્ય સરકારની ઝૂંપડા વીજળી કરણ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૩–૧૪માં રૂ. ૨૩૪.૬૨ લાખના ખર્ચે ૫૮૯૯ લાભાર્થીઓને તથા વર્ષ ૨૦૧૪–૧૫માં (તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ) રૂ. ૧૦૮.૫૭ લાખના ખર્ચે ૨૨૩૨ લાભાર્થીઓને આમ, રૂ. ૩૪૩.૧૯ લાખના ખર્ચે ૮૧૩૧ લાભાર્થીઓને વીજજોડાણ આપવામાં આવ્યા.

શ્રી શીવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ભાવનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ બાબતનો છે, હવે એમાં ખાસ કરીને મારે એ જાણવું છે કે ઝૂંપડપટ્ટી વીજળીકરણમાં મોટાભાગના દરિયાકાંઠાના વિસ્તારમાં સીમતળની અંદર જે લોકો પોતાના કાચા મકાન અને ઝૂંપડાઓ કરીને વાડી વિસ્તારમાં રહે છે તેમાં આ ૨૪ કલાક વીજળીનો લાભ મળી શકે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ પટેલ : મારે આ ગૃહને જણાવવું છે કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ગ્રામ્ય વિસ્તારમાં વાળુ સમયે વીજળી મળતી નહોતી એના બદલે જ્યોતિગ્રામ યોજનાની અંદર ચોવીસ કલાક વીજળી આપવાની વ્યવસ્થા આ સરકારે કરી છે. સવાલ હતો કે ઝૂંપડપટ્ટીમાં અને બાકીના વિસ્તારમાં બધે લાઇટ અપાતી હતી પણ વાડી વિસ્તારમાં રહેનારા લોકો માટેનો સવાલ હતો કે વાડી વિસ્તારમાં જે લોકો ૨૪ કલાક વાડીમાં રહે છે એના માટે શું? તો એમ કહેવાય છે કે મન હોય તો માળવે જવાય, એ વખતના તત્કાલિન મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ સ્પેશ્યલી એક યોજના બનાવી અને એ યોજનામાં સ્પેશ્યલ ટ્રાન્સફોર્મર બનાવ્યા અને એ ટ્રાન્સફોર્મર મારફતે સિંગલ ફેઝની વીજળી આઠ કે દસના જૂથમાં ખેડૂતો અરજી કરે તો એને ચોવીસ કલાક ગ્રામ્ય વિસ્તારના વાડી વિસ્તારના મકાનોમાં વીજળી આપવામાં આવે છે અને જો વધારે લોડ હોય તો બીજું એક સ્પેશ્યલ ટ્રાન્સફોર્મર પી.એ.ટી. બનાવ્યું છે અને આ પી.એ.ટી. ટ્રાન્સફોર્મર મારફતે સિંગલ ફેઝની વીજળી પૂરી પાડવામાં આવે છે. મારે આ ગૃહને જણાવવું છે કે આ પ્રકારની ડિઝાઇન બનાવનાર ગુજરાતના આપણા એન્જિનિયર છે અને એ ટેકનીક જે તે વખતે હરિયાણામાં કોંગ્રેસની સરકાર આ યોજના આપણી પાસેથી લઇ ગયેલ અને હમણાં જ એક કરોડ રૂપિયા પણ આપણને એમાં મળેલા છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : આપના માધ્યમથી હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ચલો જલાયે દીપ વહાં, જહાં અભી ભી અંધેરા હૈ. એ કોન્સેપ્ટ ઉપર જે આ કામગીરી કરવામાં આવે છે એ કામગીરીમાં એટલે કે ઝૂંપડા વીજળીકરણમાં લાભાર્થીને કયા કયા લાભો આપવામાં આવે છે કયા કયા સાધનો અને સગવડ આપવામાં આવે છે.

તા.૨૭મી માર્ચ ૨૦૧૫

તારાંકિત પ્રશ્નો

શ્રી ગોવિંદભાઇ પટેલ : ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનાની અંદર લાભાર્થી જે અરજી કરે એ લાભાર્થીની અરજી જે તે ગ્રામ્ય વિસ્તારની અંદર સમાજ કલ્યાણ વિભાગ મારફતે, તાલુકા પંચાયત, તાલુકા વિકાસ અધિકારી મારફત થતી હોય છે અને શહેરી વિસ્તારમાં નગરપાલિકામાં કે મહાનગરપાલિકામાં જે ઝૂંપડપટ્ટી નોંધાયેલી હોય એ લોકો એની એપ્લીકેશન કરતા હોય છે. અને જે અરજી કરે તેને કનેકશન આપવામાં આવે છે. એક પણ પૈસો તેની પાસેથી વસૂલ કરવામાં આવતો નથી.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : માનનીય અધ્યક્ષશ્રી,ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનાનો લાભ કોને મળી શકે છે ? અને લાભાર્થીઓને કયા કયા લાભ મળે છે ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઝૂંપડપટ્ટી વીજળીકરણનો લાભ જે બી.પી.એલ.નીચે નોંધાયેલો વ્યકિત હોય, જેની આર્થિક સ્થિતિ નબળી હોય અને જે ઝૂપડપટ્ટીની અંદર રહેતો હોય આ પ્રકારની વ્યકિત કે જે ગ્રામ્ય વિસ્તારમાં હોય તેની વાર્ષિક ૨૭ હજાર રૂપિયાની આવક અને શહેરી વિસ્તારમાં રહેતો હોય તેની વાર્ષિક ૩૬ હજારની આવક ધરાવતો હોય એવો બી.પી.એલ. કે બી.પી.એલ.ના હોય તો પણ તેને આ ઝૂપડપટ્ટી યોજનાનો લાભ મળે છે.

શ્રી કેશુભાઇ હિ. નાકરાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવુ છે કે, ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ગારિયાધાર અને મહુવામાં કેટલા કનેકશન આપવામાં આવેલ છે ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગરમાં ૩૧૮૫, ગારિયાધારમાં ૯૯, ઘોઘામાં ઝીરો, જેસરમાં ઝીરો, મહુવામાં ૨૪૦, પાલિતાણા ૨૫૭, સિહોરમાં ૫૭, તળાજા ૫૬, ઉમરાળા ૧૧૨, વલ્લભીપુર ૪૭ એમ કુલ-૪૦૫૩ ,૨૦૧૨-૧૩ની સાલમાં અને તેનો કુલ ખર્ચ ૯૧.૭૫ લાખ ખર્ચો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩-૧૪માં ભાવનગરમાં ૪૦૨૬, ગારિયાધારમાં ૩૫૧, ઘોઘામાં ૯૫, જેસર ૨, મહુવા ૩૭૨, પાલિતાણા ૪૦૩, સિહોર ૩૧૭, તળાજા ૧૨૯, ઉમરાળા ૯૯, વલ્લભીપુર ૧૦૫, એમ કુલ ૫૮૯૯ અને તેનો ટોટલ ખર્ચ ૨૩૪ લાખ અને ૬૨ હજાર.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪-૧૫માં ભાવનગરમાં ૧૧૪૨, ગારિયાધારમાં ૮૨, ઘોઘામાં ૫૬, જેસરમાં ૧૦૪, મહુવામાં ૧૩૮, પાલિતાણા ૩૧૮, સિહોરમાં ૧૧૪, તળાજા ૮૮, ઉમરાળા ૧૦૪, વલ્લભીપુર ૮૬ એમ કુલ ૨૨૩૨, ડિસેમ્બર-૨૦૧૪ સુધીમાં આપવામાં આવેલા છે અને તેનો ટોટલી ખર્ચ ૧ કરોડ ૮ લાખ ૫૭ હજાર છે.

શ્રી શીવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ તળાજામાં ૧૨-૧૩માં ૫૬ અને ૧૩-૧૪માં ૧૨૮ એ વીજળીકરણના જે લાભાર્થી છે એ બી.પી.એલ.માં જે નોંધાયેલા હોય તેમને મળે છે. પરંતુ દરિયાકાંઠાનો સુલતાનપુર બંદર એક એવો વિસ્તાર છે કે જેની ૨૦ હજારની વસતિ અને ચાર કિલોમિટરની ત્રિજયામાં દરિયા કાંઠે આખું ગામ છે. એમાં એ લોકોનું ૬૦નું ગૃપ, ૪૦નું ગૃપ એવા બે ગૃપ ૨૦૧૧-૧૨થી અરજીઓ કરે છે. નકશાઓ અને ૯ લાખનું એસ્ટીમેટ લાઇન કોસ્ટ આપે છે. પોતાની વાડી ખરી પણ એમાં કૂવો નથી થતો બધે વીઘો દોઢ વીઘોમાં રહેણાંક છે ચાર કિલોમિટરની અંદર. એટલે એમને લાઇન આપણે ઉભી કરી દઇએ તો બધા સર્વિસ પોતાની રીતે લેવા માગે છે તો આમાં કંઇ થઇ શકે તો કરવા મારી મારી વિનંતી છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી ચોક્કસ આપણે ધ્યાનમાં લઇશું. આ વખતે સરકારે ખાસ કરીને આવા વિસ્તારો છે કે જેની અંદર દૂર દૂરના ખેતરોની અંદર લોકો રહેતાં હોય અને વીજળી કનેકશન, લાઇનના જોડાણ ના હોય અને ના મળતું હોય એવા બધાજ લોકોને આપણે સોલર દ્વારા પણ વીજળી આપવાનો નિર્ણય લીધો છે. આ વખતના બજેટમાં આના માટે ૫૦ કરોડની યોજના આપણે મૂકી છે એટલે માનનીય સૌ ધારાસભ્યોશ્રીઓને મારી વિનંતી છે કે, એમના જે કોઇ વિસ્તારો એવા આવતા હોય આપણે છાપાઓમાં પણ જાહેર ખબર આપવાના છીએ, સર્વે કરવાના છીએ અને યોજના લાવવાના છીએ પણ એમને કોઇ એવો વિસ્તાર એમના ધ્યાન ઉપર આવતો હોય કે જયાં ઘરે હજુ કનેકશન ના મળ્યું હોય એ બધાનો ચાર્ટ મોકલજો આપણે એનો સર્વે કરાવીને બનશે તો જો આ રીતથી વીજળી કનેકશનની ડાયરેક લાઇન નહીં મળી શકતી હોય તો સોલર દ્વારા તેમને વીજળી આપીશું.

**અમદાવાદ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વીજ જોડાણો**

* ૧૮૫૫૭ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ગૃહ વપરાશના વીજજોડાણ માટે રાજ્ય સરકારની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ. ૧૧૨.૯૮ લાખના ખર્ચે ૨૬૬૨ લાભાર્થીઓને તથા વર્ષ ૨૦૧૪-૧૫માં (તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ) રૂ. ૮૯.૧૯ લાખના ખર્ચે ૧૯૫૧ લાભાર્થીઓને આમ, રૂ. ૨૦૨.૧૭ લાખના

ખર્ચે ૪૬૧૩ લાભાર્થીઓને ગૃહ વપરાશ વીજજોડાણ આપવામાં આવ્યા.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ : માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કેટલા કનેકશનો આપવામાં આવ્યા અને એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : અમદાવાદ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં એટલે કે સન ૨૦૧૨–૧૩ માં ધંધૂકા તાલુકામાં ૨૪, બાવળા તાલુકામાં ૪૩૦, સાણંદ તાલુકામાં ૧૭૫, ધોળકા તાલુકામાં ૫૯૧, ધોલેરા તાલુકામાં ૦, અમદાવાદ સિટીમાં ૦, વિરમગામ તાલુકામાં ૭૭૮, દસક્રોઇ તાલુકામાં ૫૪૧, માંડલ તાલુકામાં ૧૮૫ અને દેત્રોજ તાલુકામાં ૧૪૩ કનેકશનો આપવામાં આવ્યા. જયારે એની પાછળ ૧૧૩ લાખ ૪૭ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે. સન ૨૦૧૩–૧૪માં ધંધૂકામાં ૪૭, બાવળા ૪૩૪, સાણંદ ૨૭૪, ધોળકા ૫૯૫, ધોલેરા ૦, અમદાવાદ સિટી ૯૮, વિરામગામ ૫૨૮, દસક્રોઇ ૨૩૫, માંડલ ૨૪૭, દેત્રોજ ૨૦૪ એમ કુલ ૨૬૬૨ કનેકશનો આપવામાં આવ્યા અને એની પાછળ ૧,૧૨,૯૮,૦૦૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. સન ૨૦૧૪–૧૫ માં ધંધૂકામાં ૮૪, બાવળા, ૧૮૨, સાણંદ ૨૦૩૫ ધોળકા ૪૮૮, ધોલેરા ૨૪, અમદાવાદ સિટી ૦, વિરમગામ ૫૫૫, દસક્રોઇ ૧૮૭, માંડલ ૧૬૫, દેત્રોજ ૬૩ એમ કુલ ૧૯૫૧ કનેકશનો આપવામાં આવ્યા છે જયારે એની પાછળ ૮૯,૧૯,૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો છે.

ડો. નિર્મલાબેન સુ. વાઘવાણી : હું આપના માધ્યમથી એ જાણવા માગું છું કે નરોડા વિસ્તારમાં ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જી.ઇ.બી. દ્વારા ૧૦ લાખના ખર્ચે નવીનીકરણ કરવામાં આવશે તો એમાં ભારે અને ઉંચા દબાણવાળી લાઇનો તથા ટ્રાન્સફોર્મર ઉભા કરવામાં આવશે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : જયાં જયાં લાઇટના કનેકશનો આપવામાં આવ્યા છે એને ગુણાવત્તાસભર પૂરતા દબાણથી વીજળી મળી રહે એના માટે રાજય સરકારે વ્યવસ્થા કરી છે. જયાં જરૂર લાગે ત્યાં ભૂતકાળમાં ૧૪ કલાક વીજળી આપીએ છીએ એમ કહેતા હતા પણ હકીકતમાં બે કલાક પણ સારી ગુણવત્તાવાળી વીજળી મળતી નહોતી. પરંતુ આજે મારે દાવા સાથે કહેવું છે કે ૨૪ કલાક વીજળી આપવામાં આવે છે એ ૨૪ કલાક ગુણવત્તાસભર વીજળી આપવામાં જયાં આવશ્યક હોય ત્યાં ટ્રાન્સફોર્મર પૂરા પાડીને પણ વીજળી પૂરી પાડવામાં આવે છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાતની અંદર ગરીબોને ઝૂંપડપટ્ટીમાં પ્રથમ વખત લાઇટ આપવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે એટલે એ બદલ અભિનંદન આપું છું. હું એ જાણવા માગું છું કે ઝૂંપડપટ્ટીમાં કનેકશન લેવું હોય તો કયા કયા પૂરાવા આધાર જોઇએ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : ઝૂંપડપટ્ટીમાં આધાર પૂરાવાનો કોઇ સવાલ નથી. સવાલ માત્ર એટલો જ છે કે ખાનગી જમીનમાં જો મકાન બનાવ્યું હોય તો એને ન મળી શકે. પછી જો એણે સરકારી ખરાબામાં બનાવેલ હોય કે નગરપાલિકામાં હોય, મ્યુનિસિપલ હોય કે મ્યુનિસિપલ કોર્પોરેશન કે તાલુકા પંચાયત હોય એની એપ્રુઅલ હોય એવી તમામ ઝૂંપડપટ્ટીને વીજળી કનેકશન મળી શકે છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ આપવામાં આવતા વીજ કનેકશન ઉપર ટેરીફ કેટલો છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જે કનેકશનો આપવામાં આવે છે. એમાં ફિકસ ચાર્જ દર મહિને પાંચ રૂપિયા લેવામાં આવે છે. એનર્જી ચાર્જ પહેલા ૩૦ યુનિટ સુધી દોઢ રૂપિયો, બાકીના ૩૦ યુનિટ ઉપરનો વપરાશ હોય તો પહેલા ૫૦ યુનિટ માટે ૨૭૫ પૈસા, પછીના ૫૦ યુનિટ માટે ૩૨૦ પૈસા, પછીના ૧૫૦ યુનિટ હોય તો ૩૫૦ પૈસા પર યુનિટ અને ૨૫૦ યુનિટ ઉપર હોય તો ૪૫૦ પૈસા પ્રતિ યુનિટ પૈસા લેવામાં આવે છે. શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે મારા ડભોઇ મતવિસ્તારમાં કેટલીક ઝૂંપડપટ્ટીમાં લાઇટ કનેકશન આપવામાં આવતા નથી. તેમણે બિન કાયદેસર બાંધકામ કરેલું છે, તો તેમને આપવામાં આવશે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : આ પ્રકારની કોઇ વસ્તુ ધ્યાન ઉપર મૂકવામાં આવશે તો ચોક્કસ તેને ધ્યાનમાં લઇશું. તેની કાયદેસરતાની પ્રક્રિયા શું છે, કોઇનું દબાણ છે કે કેમ? એ પ્રકારનું હશે તો જોઇને નિર્ણય કરવામાં આવશે.

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ વાયર બદલવાની કામગીરી**

* ૧૮૫૪૦ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પુરવઠામાં થતાં વિક્ષેપ નિવારવા જર્જરિત વાયર બદલવાની કામગીરી હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલો

**જવાબ**

(૧) અને (૨) વીજ પુરવઠામાં થતાં વિક્ષેપ નિવારવા સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૩–૧૪માં રૂ. ૭૧.૩૩

| | |
|---|---|
| વીજ વાયર બદલવામાં આવ્યો, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો? | લાખનાં ખર્ચે ૨૦૬ કી.મી. વીજ વાયર તથા વર્ષ ૨૦૧૪–૧૫માં (તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ) રૂ. ૭૩.૩૩ લાખનાં ખર્ચે ૨૧૧ કી.મી. વીજ વાયર આમ, રૂ. ૧૪૪.૬૬ લાખના ખર્ચે ૪૧૭ કી.મી. જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યો. |

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે દેવભૂમિ દ્વારકામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર કેટલા વીજવાયર બદલવામાં આવ્યા અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સન્માનનીય ગૃહને જણાવવું છે કે સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અમલમાં મૂક્યા પહેલાં આખા દરિયાકાંઠાના વિસ્તારની પટ્ટીમાં લોખંડના થાંભલા હોય, તેના ઉપર સોકેટ લગાવેલ હોય, તાણિયા લગાવેલ હોય કે વાયર લગાવેલ હોય, એ ક્ષારના કારણે વારંવાર કટાઇ જતા, તૂટી જતા. અકસ્માતો થતા. તેને સ્ટ્રેન્ધન કરવા માટે દેવભૂમિ દ્વારકામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખર્ચ કર્યો છે તેમાં ઓખા મંડળમાં ૧૫૪ કિલોમિટર, ૧૪૪.૭૪ લાખના ખર્ચે, ખંભાળીયા તાલુકામાં ૧૨૭ કિલોમિટર, ૩૦૧,૫૦,૦૦૦ના ખર્ચે, કલ્યાણપુર તાલુકામાં ૧૩૬ કિલોમિટર ૧,૯૮,૩૪,૦૦૦ના ખર્ચે તેમ કુલ ૪૧૭ કિલોમિટર વાયર બદલવામાં આવ્યા છે. તેની પાછળ ૬,૦૪,૫૮,૦૦૦ રૂપિયાનો કુલ ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું આ દેશના વડાપ્રધાન અને પૂર્વ મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇને અભિનંદન આપવા માગું છું કે સાગર વિસ્તારમાં રહેતા આપણાં જે સાગરખેડૂ ભાઇઓ છે તેમનો સર્વાંગી વિકાસ થાય તે માટે ૧૫,૦૦૦ કરોડથી વિશેષ સાગરખેડૂ યોજના લાવ્યા, તેમાં શિક્ષણ હોય, રોડ–રસ્તા હોય, મીઠાના અગરીયા હોય..

અધ્યક્ષશ્રી : બાવનજીભાઇ આપ પ્રશ્ન પૂછો.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા : તેના માટે ઉર્જા વિભાગ દ્વારા આપણે કઇ કઇ યોજનાઓ લાવ્યા છીએ.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત ઉર્જા વિકાસ હેઠળ બે પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવે છે. જેમાં એક, strengthening of distribution system અને બીજું, strengthening of transmission system ની કામગીરી કરવામાં આવે છે. Distribution system માં સ્ટેન્ધનીંગમાં સામાન્ય રીતે વીજવિતરણ માટે વપરાતા all aluminium conductorની કાટ નિરોધક ક્ષમતા ઓછી છે તેમજ STS conductorમાં સ્ટીલ વાયર વપરાતા હોવાના કારણે વીજ વાયરોમાં કાટ લાગતો હતો. તેના બદલે હવે કાટ નિરોધક all aluminium alloy conductorનો ઉપયોગ કરીને conductor બદલવાની કાર્યવાહી કરવામાં આવે છે. ક્ષારવાળા હવામાનના કારણે જલ્દીથી ખરાબ થઇ ગયેલા થાંભલા, disk, insulator, pin insulatorહાર્ડવેર સાથે distribution box અને સર્વીસ લાઇનો બદલવાની કાર્યવાહી કરવામાં આવે છે. એ જ રીતે transmission system માં સ્ટ્રેન્ધનીંગમાં જર્જરિત વીજ વાયરો બદલવાની કામગીરી, ખરાબ થઇ ગયેલા disk insulator, pin insulator હાર્ડવેર સાથે તેમજ વીજ વાયરોની મરામત કરવાની કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત જરૂરિયાત જણાયે ૬૬ કે.વી.ના નવા સબસ્ટેશનો ઉભા કરીને તેનું distance ઓછું થાય અને ગ્રાહકને તાત્કાલિક પૂરતી સુવિધા મળે તેના માટેની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે સાગરખેડૂ સર્વંગી વિકાસ યોજના અંતર્ગત ઉર્જા વિભાગની કામગીરીથી કયા લાભો થવા પામેલ છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત ઉર્જા વિકાસની કામગીરીના કારણે વીજ ફોલ્ટની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થવા પામેલ છે. ગ્રાહકોને પૂરતા વીજદબાણથી વીજળી મળવા લાગી છે. સાતત્યપૂર્ણ વીજ પૂરવઠો ઉપલબ્ધ કરાવતાં ઉદ્યોગોને થતું નુકસાન અટક્યું છે, વીજ વાયરો તૂટવાથી જે અકસ્માતો વારંવાર થતા હતા એનું પ્રમાણ ઘટયું છે, મોટર બળીને ટ્રાન્સફરમર ફેઇલ થવાના બનાવોમાં મહદઅંશે ઘટાડો થયો છે, વીજ લાઇનો તૂટવામાં ઘટાડો થવાથી ટ્રાન્સફરમર ડ્રિસ્ટ્રીબ્યુશન લોસમાં ઘટાડો થયો છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં દેવભૂમિ દ્વારકા અલગ કરવામાં આવ્યો છે. જામનગર જિલ્લાના લાલપુર તાલુકાને અન્ય સાગરખેડૂ યોજનાનો લાભ મળે છે. જ્યારે ઉર્જા વિભાગનો લાભ મળતો નથી. તો આ તાલુકાને ઉર્જા વિભાગની સાગરખેડૂ યોજનામાં સમાવેશ કરવા માગો છો કે કેમ?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાગર ખેડૂ યોજના માત્ર દરિયાકાંઠાના ૧૪૦૦ કિ.મી.ના પટ્ટી વિસ્તારની છે. એમાં જે ફરિયાદો થતી હતી, વારંવાર તકલીફ થતી હતી એના માટેની યોજના છે. બાકીના જે તાલુકાઓ છે અને માનનીય સભ્યશ્રીનો જે સવાલ છે એ પ્રમાણે એનો અન્ય યોજનામાં સમાવેશ કરેલ છે અને એમની કોઇ ફરિયાદ હોય તો ધ્યાન

આપવામાં આવશે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીને ફરિયાદ પહોંચાડી દેજો, એમણે કહ્યું છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી છે, તાલુકા અને જિલ્લાના ડિસ્ટ્રીબ્યુશનમાં સાગર ખેડૂ યોજનામાં જે તાલુકા છૂટા પડ્યા એની ચકાસણી ચાલી રહી છે અને એના માટે સરકારને જરૂર લાગશે તો આવતા દિવસોમાં સાગરખેડૂ યોજનામાં સમાવેશ કરવામાં આવશે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દરિયા કિનારાના જે ગામો આવેલા હોય ત્યાં જે થાંભલા નાખવામાં આવ્યા છે અને ઓપન વાયરો નાખવામાં આવ્યા છે. જેને વારંવાર બદલવા પડે છે અને ખર્ચ થાય છે તો તેને અન્ડર ગ્રાઉન્ડ કરવા માગો છો કે કેમ?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાત સાચી છે. વારંવાર કાટ ખાઇ જતા થાંભલા અને વાવાઝોડા દ્વારા વારંવાર નુકસાન થાય છે. આ અંગે ભવિષ્યમાં સાયન્ટીફિકલી કાંઇ થતું હશે તો રાજ્ય સરકાર એ કરવાનો પ્રયત્ન કરશે.

## રાજકોટ જિલ્લામાં કૃષિ વિષયક વીજ બિલમાં રાહત આપવા બાબત

* ૧૮૫૪૩ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા રાજકોટ જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવે છે, કે કેમ, અને

**જવાબ**

(૧) નામદાર ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર થયેલ કૃષિ વિષયક વીજદરનો સંપૂર્ણ બોજો ખેડૂતો પાસેથી વસૂલ કરવામાં આવતો નથી. પરંતુ આયોગ દ્વારા નક્કી કરેલ વીજ દરો કરતા ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે અને આ નિર્ણયના અમલીકરણ માટે રાજ્ય સરકાર ખેડૂતો વતી તફાવતની રકમ વીજ કંપનીઓને સબસીડીના સ્વરૂપે ચૂકવે છે.

આ ઉપરાંત, વીજ ઉત્પાદનમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસૂલાત પણ ખેડૂતોના કિસ્સામાં તેમની પાસેથી વસૂલ ન કરીને, તે અંગેની તફાવતની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી વીજ કંપનીઓને સબસીડીના સ્વરૂપે ચૂકવે છે.

આ ઉપરાંત તા.૯-૨-૨૦૧૫ ના ઠરાવથી રાજ્ય સરકારશ્રી દ્વારા ખેડૂતોને કૃષિ વિષયક વીજ વપરાશના બિલમાં નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે તેમના વીજબિલની ૫૦ટકા રકમ રાહત તરીકે આપવાનું ઠરાવેલ છે. તેમાં રાજકોટ જિલ્લાના ખેડૂતોનો પણ સમાવેશ થાય છે.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા રાજકોટ જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી?

(૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા રાજકોટ જિલ્લાનાં ખેડૂતોને વીજ બિલમાં આપવામાં આવેલ સબસીડી અંગેની વિગતો દર્શાવતું **પત્રક** આ સાથે સામેલ છે.

**પ ત્ર ક**

(રૂ.કરોડમાં)

| અ. નં. | વિગત | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ (ડિસેમ્બર સુધી) |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર આધારિત વીજ દરો માટે સહાયકી | ૪૫.૪૯ | ૩૨.૨૩ |
| ૨ | જીઇઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી | ૩૧.૩૨ | ૧૩.૧૯ |

| | | | |
|---|---|---|---|
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૫૩.૪૭ | ૪૩.૯૭ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બિલમાં ૫૦ ટકા રાહત | – | ૧૭.૪૨ |
| | **કુલ** | **૧૩૦.૨૮** | **૧૦૬.૮૧** |

શ્રી પ્રવિણભાઇ મો. માકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં અત્યાર સુધીમાં કૃષિ વીજ જોડાણ કેટલા આપવામાં આવ્યા છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં મિટરવાળા વીજ કનેકશનોની ગ્રાહકોની સંખ્યા ૨૦૧૩–૧૪માં ૬૮૨૦૬ અને ૨૦૧૪–૧૫માં ૭૬૧૭૫, મિટર વગરના ગ્રાહકોની સંખ્યા ૨૦૧૩–૧૪માં ૩૫૨૩૪ અને ૨૦૧૪–૧૫માં ૩૫૨૩૪ છે. રાજકોટ જિલ્લામાં ખેતીવાડી વીજ કનેકશન ધરાવતા ગ્રાહકોની કુલ સંખ્યા ૧,૧૧,૩૬૭ છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો પાસે વીજનો વસૂલાતનો દર હોય, એ દરમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવેલ છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર એ ખેડૂતોના હિતની, ખેડૂતોની ચિંતા કરનારી સરકાર છે. છેલ્લા ૧૨ વર્ષની અંદર વીજ નિયમન પંચ દ્વારા અનેક વખત વીજ વધારો સૂચવવામાં આવ્યો છે. બળતણના ખર્ચમાં વધારો થયો છે, બાકીના ખર્ચમાં વધારો થયો છે. પણ રાજ્ય સરકારે આજ દિન સુધી ખેત વીજ કનેકશનોમાં એક પણ રૂપિયાનો વધારો કર્યો નથી.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અને સરકારને અભિનંદન આપવા માગું છું કે, ભારતભરમાં કૃષિ વીજ દરો વધ્યા છે પણ ખેડૂતો માટે કાયમ માટે વધારાનો જે દર છે એ રાજ્ય સરકાર ભોગવે છે. કૃષિ વીજ દર નક્કી કરવાની ફોર્મ્યુલા શું છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ દર નકકી કરવાની એક પદ્ધતિ છે, ઇલેટ્રીસીટી એકટ ૨૦૦૩નું અમલીકરણ થયા બાદ રાજયમાં તમામ કક્ષાના વીજગ્રાહકોના વીજ દરો નકકી કરવાની સત્તા નામદાર વીજ નિયમન આયોગના કાર્યક્ષેત્રમાં આવે છે. ઇલેકટ્રીસીટી એકટની કમલ ૬૧ તથા ૬૨ તેમજ બહુવર્ષીય ટેરીફ માળખું મલ્ટી ઇયર ટેરીફ રેગ્યુલેશનની જોગવાઇ મુજબ વીજ વિતરણ કંપનીઓ દ્વારા વીજ દરો નકકી કરવા માટે નામદાર આયોગ સમક્ષ પીટીશન કરવામાં આવે છે જેની બધા પક્ષો સુનાવણી થયા પછી નામાદાર આયોગ દ્વારા વીજ વિતરણ કંપનીઓની આવતા પાંચ વર્ષની એન્યુઅલ રેવન્યુ રીકવાયરમેન્ટ એઆરઆર તેમજ વીજ ગ્રાહકોના વીજદરો નકકી કરવામાં આવે છે. ઉપરોકત પ્રક્રિયામાં નામદાર આયોગ દ્વારા બળતણના ભાવો, બળતણનો પરિવહન ખર્ચ, નૂરભાડા, મોંઘવારી તથા વેતન વધારો ટ્રાન્સમીશન ખર્ચ વગેરેને ધ્યાનમાં લઇને એનો દર નકકી કરવામાં આવે છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રવિણભાઇ માકડીયાના મહત્વના પ્રશ્ન–૨માં જે જવાબ છે કે જીઇઆરસી વીજદરમાં રાહત માટે જે સહાય આપવામાં આવી તે ૨૦૧૩–૧૪માં ૩૧.૩૨ છે અને ૨૦૧૪–૧૫માં ડિસેમ્બર સુધીમાં ૧૩.૧૯ છે તો આ નવ માસમાં અઢાર કરોડનો ઘટાડો કેમ થયો અને બીજો પ્રશ્ન છે કે ખેતીવાડી ગ્રાહકોને વીજ બિલમાં ૫૦ ટકા રાહત આપવાની જે વાત છે એમાં ૨૦૧૩–૧૪માં બિલકુલ રાહત નથી અને ૨૦૧૪–૧૫માં ૧૭ કરોડ રાહત છે તો આ ૨૦૧૩–૧૪માં શા માટે રાહત આપવામાં આવી નથી?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે જે ૨૦૧૩–૧૪નો આકડો આપે જોયો એમાં ૪૫.૫૯ અને જીઆરસીના ૩૧.૩૨ અને એચ.પી.પી.એ. ૫૩.૪૭ એમાં ખેતવાડીના બિલના ૫૦ ટકા મુજબ કુલ ૧૩૦.૨૮ એટલે ખેતીવાડીના ગ્રાહકોની સંખ્યા છે તે ૧,૩૦,૪૪૦. હવે આપ જે વધારાની વાત કરો છો ૨૦૧૪–૧૫માં તો ૨૦૧૪–૧૫ના વર્ષમાં રાજય સરકારે સ્પેશીયલ પેકેજ જાહેર કર્યુ કે વીજદરમાં જે ભરાશે એના ૫૦ ટકા ખેડૂતોના બિલમાં રાહત આપવામાં આવશે એના કારણે આ વધારો છે.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ખેતીવાડી વીજ જોડાણમાં એક જ સર્વે નંબરમાં એક કનેકશન આપવામાં આવે છે. ઘણા ખેડૂતો એવા છે કે વધુ જમીન ધરાવતા હોય તો એક કનેકશને ખેતી થઇ શકતી નથી તો સરકારનું કોઇ આયોજન છે કે એક સર્વે નંબરમાં બે કનેકશન આપવા માગે છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જીઇઆરસીના વીજ નિયમ પ્રમાણે આપણે એક જ સર્વે નંબરમાં બે કનેકશન આપી શકતા નથી. કોઇ મોટો સર્વે નંબર હોય અને ભાઇઓના બે ભાગ પડે અને એના નામથી અલગ સાત બાર આઠ–અ અને હકકપત્રકમાં નામ દાખલ થાય તો એવા ખેતરની અંદર બીજું વીજ કનેકશન આપવામાં આવે છે. બાકી એક જ સર્વે નંબર એક જ નામનો હોય તો એક જ વીજ કનેકશન મળે છે.

**દાહોદ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ઘર વપરાશના વીજ જોડાણો**

* ૧૮૫૩૧ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ દાહોદ જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલા લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા?

**જવાબ**

કુટિર જ્યોતિ યોજના અંતર્ગત દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૩–૧૪ માં ૪૫૧૭ લાભાર્થીઓને તથા વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૧૨૬૫ લાભાર્થીઓને આમ, ૫૭૮૨ લાભાર્થીઓને ગૃહ વપરાશના વીજ જોડાણ આપવામાં આવ્યા.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે દાહોદ જિલ્લામાં કુટીર જયોતિ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા વીજ કનેકશનો આપવામાં આવ્યા અને તે અંગેનો ખર્ચ કેટલો થયેલ છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં કુટિર જયોતિ યોજના હેઠળ દાહોદ તાલુકામાં વર્ષ ૨૦૧૩–૧૪માં ૨૦૮૧, લીમખેડામાં ૨૫૬, ઝાલોદમાં ૯૪૮, ફતેપુરામાં ૧૦૫, ગરબાડામાં ૯૭૭, ધાનપુરમાં ૯૫, દેવગઢ બારીયામાં ૫૫, આમ ટોટલી ખર્ચ ૧૩–૧૪માં ૧૬૮ લાખ અને ૧૦ હજારનો છે. વર્ષ ૨૦૧૩–૧૪માં થયેલ ખર્ચ ૨૦૧૪–૧૫માં જે છે એ ટોટલ જે દાહોદમાં કનેકશન આપ્યા એમાં ૧૦૯, લીમખેડામાં ૩૮૩, ઝાલોદમાં ૨૫૫, ફતેપુરામાં ૦, ગરબાડામાં ૩૯૬, ધાનપુરમાં ૦, દેવગઢબારીયામાં ૧૨૨ એમ કુલ ૧૨૬૫ કનેકશનો આપવામાં આવ્યા છે અને કુલ ખર્ચ ડિસેમ્બર–૧૪ અંતિત ૮૪ લાખ ૩૯ હજારનો થયો છે.

**શ્રીમતી નિમિષાબેન મ. સુથાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે કુટિરજ્યોત યોજના હેઠળ વીજ જોડાણ મેળવવા માટે લાભાર્થીની યોગ્યતાનું ધોરણ શું હોય છે?

**શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ :** મેં મારા જવાબમાં અગાઉ કહ્યું એ પ્રમાણે આદિજાતિ વિસ્તારના બી.પી.એલ. યાદીમાં જેની નોંધણી થઇ હોય એને સૌથી પહેલી પ્રાયોરિટી આપવામાં આવતી હોય છે. બી.પી.એલ. યાદીમાં નામ ન હોય એવા ગ્રામ્ય વિસ્તારમાં ૨૭ હજારની આવક ધરાવતા હોય અને શહેરી વિસ્તારમાં ૩૬ હજારની આવક ધરાવતા ગરીબી રેખા નીચે જીવતા તમામ લાભાર્થીઓ આનો લાભ લઇ શકે છે.

**શ્રી વીંછીયાભાઇ જો. ભૂરિયા :** માનનીય અધ્યક્ષશ્રી, અમારા દાહોદ જિલ્લામાં કુટિરજ્યોત યોજના ક્યારથી અમલમાં આવી અને આ યોજનાનો ઉદ્વેશ શું છે તેમજ આ યોજના હેઠળ કયા કયા વિસ્તારો આવરી લેવામાં આવ્યા છે?

**શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ :** રાજ્યમાં આ યોજના ૧૯૯૦–૯૧માં દાખલ થઇ છે. આ યોજનાનો ઉદ્વેશ આદિજાતિ વિસ્તારમાં ગરીબ લાભાર્થીઓને સિંગલ પોઇન્ટ વાયરીંગ કરી મિટર મૂકી વિનામૂલ્યે ઘર વપરાશનું વીજ જોડાણ બલ્બ સાથે આપવાની જોગવાઇ છે. અગાઉ હયાત ૧૦૦ મિટરની લાઇનમાં આવા કનેકશન આપવામાં આવતા, સદર યોજનાનો લાભ આપવામાં આવતો હતો. હવેથી અમે એમાં છૂટછાટ મૂકીને લાભાર્થી જ્યાં વસતો હોય ત્યાં એને કનેકશન આપવાની જોગવાઇ અમલમાં મૂકી છે. આ ઉપરાંત ગ્રાહકોને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે એ પ્રકારની માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું સદર યોજના હેઠળ નક્કી થયેલ છે.

**શ્રી રમેશભાઇ ભુ. કટારા :** માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે, કુટિરજ્યોત યોજના હેઠળ આપવામાં આવેલ વીજ કનેકશન પર વીજળીના દર શું છે?

**શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, મને આજે એ વાતનું ગૌરવ છે કે પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને મહાત્મા ગાંધીજીના વિચારો છેવાડાના માનવીની ચિંતા કરનારી આ સરકાર છે એનું આ પ્રતિબિંબ છે. આજે મોટા ભાગના પૂછાયેલ તમામ પ્રશ્નો ઝૂંપડપટ્ટી અને ગરીબ વિસ્તારને લગતા છે. આ બતાવે છે કે છેવાડાના માનવીની ચિંતા કરનારા લોકો આ સભાગૃહમાં બેઠા છે. મેં અગાઉ કહ્યું એ પ્રકારે મિટરનો પ્રતિ માસ ફીકસ ચાર્જ ૫ રૂપિયા છે અને એનર્જી ચાર્જ ૩૦ યુનિટ સુધી દોઢ રૂપિયો અને બાકીના વધારાના યુનિટ માટે રાબેતા મુજબનો ચાર્જ સામાન્ય ગ્રાહકોનો હોય એ પ્રકારે ચાર્જ વસૂલવામાં આવે છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વીજ જોડાણો**

* ૧૮૫૫૧ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં

**જવાબ**

(૧) અને (૨) : ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ગૃહ વપરાશના વીજજોડાણ આપવા માટેની રાજ્ય સરકારની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૩–૧૪ માં રૂ.૧૪૮.૨૨ લાખના

આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

ખર્ચે ૩૨૪૯ લાભાર્થીઓને તથા વર્ષ ૨૦૧૪–૧૫ માં (તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ) રૂ. ૯૬.૬૨ લાખના ખર્ચે ૨૨૨૮ લાભાર્થીઓને આમ, રૂ.૨૪૪.૮૪ લાખના ખર્ચે ૫૪૭૭ લાભાર્થીઓને ગૃહ વપરાશ વીજજોડાણ આપવામાં આવ્યા.

**શ્રી પુનમભાઇ કા. મકવાણા :** માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોની ઝૂંપડીમાં અજવાળું કરવા માટે દીવો સળગાવવા તેલનું ટીપું પણ દોહ્યલું હોય છે. આઝાદી બાદ ગરીબોના ઝૂંપડામાં અંધારું ઉલેચવાનું કામ જો કોઇએ કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે ત્યારે આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં ગરીબ પરિવારો માટેની આ ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કેટલા કનેકશનો આપવામાં આવ્યા અને તે અંગે કેટલો ખર્ચ થવા પામેલ છે?

**શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ :** માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં એટલે કે ૨૦૧૨–૧૩માં ચોટીલામાં ૧૭૯, ચુડામાં ૪૮, દસાડામાં ૪૭, ધ્રાંગધ્રામાં ૬૫, લખતરમાં ૧૪, લીંબડીમાં ૧, મૂળીમાં ૧, સાયલામાં ૧, વઢવાણમાં ૩૫૧ એમ કુલ ૮૧૨ કનેકશનો આપવામાં આવ્યા અને એની પાછળ ૨૮ લાખ ૬૮ હજારનો ખર્ચ થયો. એ જ રીતે ૨૦૧૩–૧૪ની સાલમાં ચોટીલામાં ૧૯૪, ચૂડા ૧૬૯, દસાડામાં ૫૬૯, ધ્રાંગધ્રા ૭૬૫, લખતર ૨૧૨, લીંબડી ૫૦, મૂળી ૧૨૩, સાયલા–૧, થાન ૨૧૩, વઢવાણ ૯૫૩, એમ આખા વર્ષ દરમ્યાન ૨૦૧૩–૧૪ કુલ ૩૨૪૯ કનેકશનો આપવામાં આવ્યાં અને એની પાછળ ૧ કરોડ ૪૮ લાખ ૨૨ હજારનો ખર્ચ થયો છે. તેજ રીતે ૨૦૧૪–૧૫ ડિસેમ્બર સુધીમાં ચોટીલા તાલુકામાં ૧૫૯, ચૂડા ૪૫, દસાડામાં ૬૫૦, ધ્રાંગધ્રા ૪૯૪, લખતર ૮૦, લીંબડી ૨૬, મૂળી ૧૬૭, સાયલા ૧૦, થાન ૧૪૮, વઢવાણ ૪૪૯, કુલ ૨૨૨૮ કનેકશનો ૨૦૧૪–૧૫ ના વર્ષમાં ડિસેમ્બર અંતિત આપવામાં આવ્યાં અને એની પાછળ ૯૬ લાખ ૬૨ હજારનો રૂપિયાનો કુલ ખર્ચ થયો છે.

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ માત્ર બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ કુટુંબને જ કનેકશન આપવાની જોગવાઇ છે આ વાત સાચી છે? જો હા, તો અન્ય ઓછી આવક ધરાવતા ગરીબો માટે સરકારે કોઇ આયોજન વિચારેલ છે કે કેમ? અને ચોટીલા અને સાયલા મારાં મત વિસ્તારમાં ખેડૂતો વાડીમાં રહે છે તો સિંગલ ફેઇઝ આપવા માટે કોઇ ફેરફાર કર્યો છે? પહેલા ૮–૧૦ કુટુંબોને આપવામાં આવતા હતા તો હવે વ્યક્તિગત આપવામાં આવે તો વધારે સારું.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે બી.પી.એલ. યાદીમાં હોય એને જ કનેકશન આપવું એવું આ ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત નથી. કોઇ પણ બી.પી.એલ. સિવાયનો પણ હોય જે ગરીબી રેખામાં આવતા હોય ૨૭૦૦૦ ગ્રામ્ય વિસ્તારમાં અને ૩૬૦૦૦ શહેરી વિસ્તારમાં એવા તમામ વ્યક્તિઓને કનેશન આપવાની જોગવાઇ છે અને માનનીય સભ્યશ્રીનો જે બીજો પ્રશ્ન છે એ પ્રશ્નમાં પણ જે વાડી વિસ્તારમાં લોકો રહે છે અને વાડીમાં જ ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે આના માટેની પણ યોજના એસ.ટી.પી. અને પી.એ.પી. સ્પેશ્યલ ટ્રાન્સફર્મર બનાવીને એમાં સિંગલ ફેઇઝના કનેકશનો આપવાની જોગવાઇ કરવામાં આવી છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ કનેકશન માટેની મોટી માત્રામાં પડતર અરજીઓ હજી પડેલી છે, જો આ વાત સાચી હોય તો માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, કેટલી અરજી હજી પડતર છે અને આ લાભાર્થીઓને કેટલા સમયમાં વીજ કનેક્શન આપવા માગો છો?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે બહેનશ્રીને જણાવવાનું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં નહિ પણ સમગ્ર રાજ્યમાં એક પણ અરજી આ અંતર્ગત પડતર નથી. કોઇ પણ અરજદાર જ્યારે પણ અરજી કરે ત્યારે એને તાત્કાલિક કનેક્શન આપવાની જોગવાઇ રાજ્ય સરકારે કરી છે અને યોજના ચાલુ છે.

**નવસારી જિલ્લામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ફાળવેલ રકમ**

* ૧૮૫૭૯ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન નવસારી જિલ્લાને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, | (૧) રૂ.૨૦૫૩.૭૨ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી. |
| (૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન ઉકત સ્થિતિએ ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને | (૨) રૂ.૪૫૨.૨૯ લાખની રકમનો ખર્ચ થયેલ છે. |
| (૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજૂર | (૩) ૧૦૮૭ કામો મંજૂર થયેલ છે અને ૨૮૬ કામો |

થયેલ છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે ? પૂર્ણ થયેલ છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, નવસારી જિલ્લામાં ફેબ્રુઆરી ૨૦૧૫ અંતિત કેટલા કામો મંજૂર કરવામાં આવ્યાં છે? કેટલા કામોની વહીવટી મંજૂરી આપેલ છે? કેટલા કામો પૂર્ણ થયા છે? કેટલા કામો ગતિમાં છે અને વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમમાં કયા કયા કોમ્પોનન્ટનો સમાવેશ થાય છે?

શ્રી સૌરભ પટેલ : તાલુકાવાઇઝ વિગત જોઇએ છે કે?

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : તાલુકાવાઇઝ.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકાવાઇઝ જોવા જઇએ તો નવસારીની અંદર કુલ પ્રોવિઝન ૧.૧૦ કરોડ, એમાં પ્રિન્સિપલ એપ્રુવલ ૧.૧૦ની આપી છે. ૧.૧૦ની એફિસિયન્ટ એપ્રુવલ આપી દીધી છે. કુલ જોવા જઇએ તો ૯૦.૫૦ લાખનો ખર્ચ થઇ ગયો છે અને કુલ સેંકશન ૪૫ માંથી ૪૧ કામો કમ્પ્લિટ થયા છે. ૪ કામો અન્ડર પ્રોગ્રેસ છે અને ૯૧.૧૧% એનો આજે ફિઝિકલ પ્રોગ્રેસ થઇ ગયો છે. બીજું, ગણદેવી એમાં ૧.૧૫ કરોડની સામે ૮૩ લાખનો ખર્ચ થઇ ગયો છે. ૬૬ કામોમાંથી ૫૭ કામો પૂરા થઇ ગયા છે. એક કામ ચાલુ છે, ૮ કામ ચાલુ થવાના બાકી છે. ૮૬.૩૬%નું ફિઝિકલ કામ પૂર્ણ થયું છે. જલાલપોર, ૧.૧૦ કરોડમાં ૧.૦૨ નો ખર્ચો થઇ ગયો છે. ૪૩ માંથી ૩૮ કામો પૂર્ણ થયા છે, ૫ ચાલુ છે અને ૮૮.૩૭ ટકા એનો પોગ્રેસ રિપોર્ટ છે. વાંસદા, ૧.૨૦ માંથી ૧.૧૩ કરોડનો ખર્ચો થઇ ગયો છે, ૯૪.૮૩ ટકાનું ફાયનાન્સીયલ પોગ્રેસ છે. ૧૦૨માંથી ૯૭ કામો પૂર્ણ થયા છે, ૫ કામો પોગ્રેસમાં છે. ૯૫.૦૯ ટકાનો ફીઝીકલ પોગ્રેસ છે. ચીખલી, ૧.૨૦ માંથી ૧.૦૧ નો ખર્ચો થઇ ગયો છે. ૭૮ કામોમાંથી ૭૨ કામો પૂર્ણ થયા છે, ૬ કામો પ્રગતિમાં છે. ૯૨.૩૧ ટકા પોગ્રેસ છે. ખેરગામમાં ૯૫ લાખના, એમાં ૮૨.૭૮ ટકા ખર્ચ થયો છે. ૫૮ કામોમાંથી ૫૧ કામો પૂર્ણ થયા છે, ૭ કામો ચાલુ છે, ૮૭.૯૩ ટકાનું કામ થયું છે. એટલે જોવા જઇએ તો તાલુકાની અંદર કુલ ૬.૭૦ની સામે ૫.૭૩ નો ખર્ચો થઇ ગયો છે અને ૩૯૨ કામોમાંથી ૩૫૬ કામો પૂર્ણ થયા છે, ૨૮ કામો પ્રગતિમાં છે અને માત્ર ૮ જ કામો ચાલુ નથી થયા અને ૯૦.૮૨ ટકાનો ફિઝીકલ પોગ્રેસ છે. એ પ્રમાણે નવસારી પાલિકની વાત કરીએ, તો ૨૫માંથી ૧૩.૮૨ ટકાનું કામ પૂર્ણ થઇ ગયું છે. ૩ કામો મંજૂર થયા છે.૨ કામો પૂર્ણ થયા છે, એક પોગ્રેસમાં છે. વિજાપુરમાં ૨૫માંથી ૭.૭૭ લાખનો ખર્ચો થયો છે, ૩૧ ટકા જ થયું છે પોગ્રેસ. ૬ કામોમાંથી ૫ પૂર્ણ થયા છે, ૧ કામ ચાલુ છે. બિલિમોરામાં પણ ૨૫ લાખમાંથી કુલ ૧૬.૪૩ લાખનો ખર્ચો થયો છે. ગણદેવીમાં પણ ૨૫ લાખમાંથી ૨૪.૧૩ લાખનો ખર્ચો થયો છે.

એટલે કુલ આખા જિલ્લાની વાત કરીએ તો ૧૦.૨૦ કરોડની સામે એડમિનિસ્ટ્રેટીવ એપ્રુવલ ૯.૯૬ કરોડની આપી છે. ગ્રાન્ટ એલોકેટ થઇ ગયેલ છે ૯.૩૪ની, ખર્ચો ૬.૫૪ કરોડનો થયો છે અને કુલ ૪૭૫ કામોમાંથી ૩૯૨ કામો પૂર્ણ થયા છે. ૮૨.૫૩ ટકાનો પોગ્રેસ છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, મારા જિલ્લાના મોટાભાગના જે પ્રશ્નો હતા તે આપે જણાવી દીધા છે. પરંતુ મારા બે હજુ પણ પ્રશ્નો બાકી છે કે, વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ, અલગ અલગ યોજનાના કામોમાં જે ખર્ચની મહત્તમ મર્યાદા શું છે અને વિવેકાધિન યોજના હેઠળ નગરપાલિકાઓને કેટલી ગ્રાન્ટ આપવામાં આવે છે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકાઓને ૨૫ લાખ રૂપિયા ગ્રાન્ટ આપવામાં આવે છે અને જે મર્યાદા છે એ તાલુકાવાઇઝ આપવામાં આવે છે. જે, તાલુકાઓની અંદર ૫૦ ગામડાં હોય એને એક કરોડ આપવામાં આવે છે. ૫૧ થી ૧૦૦ ગામડાં હોય એને સવા કરોડ આપવામાં આવે છે અને ૧૦૦થી ઉપર હોય એને દોઢ કરોડ રૂપિયા પર ઈયર આપવામાં આવે છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વિકેન્દ્રિત જોગવાઇ, પ્રોત્સાહક જોગવાઇ અને ભૌગોલિક રીતે પછાત વિસ્તારની જોગવાઇ હેઠળ કેવા પ્રકારના કામો મંજૂર કરવામાં આવે છે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે કામો આમાં આવે છે વિભાગ દ્વારા, એમાં રૂરલ રોડના કન્સ્ટ્રકશન હોય છે, પ્રાયમરી સ્કૂલ અને એના શાળાના રૂમોનું બાંધકામ હોય છે, કમ્પાઉન્ડ વોલનું કામ હોય છે, પ્રાયમરી હેલ્થ સેન્ટર, સબ સેન્ટરના કામો કરી શકાય છે, એમ્બ્યુલન્સ ખરીદી શકાય છે, રૂરલ ઇલેક્ટ્રિફિકેશનના કામો કરી શકાય છે, આંગણવાડીઓના બાંધકામોના કામ આપી શકાય છે અને એ પ્રમાણે બીજા સેકટરોને પણ ખેતીમાં માયનોર ઈરીગેશનમાં, સોઇલ કન્ઝર્વેશનમાં, કોમ્યુનિટી ડેવલપમેન્ટમાં પછી નગરપાલિકાની અંદર કામો હોય, આ બધા જ કામો આ યોજના હેઠળ આપી શકાય છે.

**અમદાવાદ શહેરમાં બી.એસ.યુ.પી. યોજનામાં આવાસની ફાળવણી**

* ૧૮૫૮૬ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.એસ.યુ.પી. (બેઝીક સર્વિસીસ ફોર અર્બનપુઅર) યોજના અંતર્ગત અમદાવાદ શહેરમાં કુલ કેટલા આવાસની ફાળવણી કરવામાં આવેલ છે ? | કુલ ૧૪૪૫૨ આવાસની ફાળવણી કરવામાં આવેલ છે. |

તા.૨૭મી માર્ચ ૨૦૧૫

તારાંકિત પ્રશ્નો

શ્રી ભૂષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, ''બેઝિક સર્વિસિસ ફોર અર્બન પુઅર'' યોજના ગુજરાતમાં કેટલા શહેરોમાં અમલમાં મૂકવામાં આવી, આ યોજનામાં ક્યા ક્યા પ્રકારની કામગીરી કરવામાં આવે છે? શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આ બી. એસ. યુ. પી. યોજના એ ગુજરાતના પાંચ શહેરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને પોરબંદર આ મિશન શહેરોની અંદર આ યોજના અમલમાં મુકવામાં આવી અને આ યોજનાનું અમલીકરણ કરવાનું કામ અત્યારના મુખ્યમંત્રીશ્રી અને એ સમયે શહેરી વિકાસ અને શહેરી હાઉસીંગ વિભાગના જયારે મંત્રીશ્રી હતા ત્યારે ઉપર આભ નીચે ધરતી આ રીતે રહેતા, ઝૂંપડપટ્ટીમાં રહેતા ગરીબ લોકો જે કમાવા માટે બહારથી આવેલા હોય અને પેઢી દર પેઢી અહીંયા રહેતા હોય તેવા પરિવારોને પણ પોતાનું ઘર મળે, પોતાનું પાકું મકાન મળે, પોતાનું સ્વપ્ન સાકાર થાય તે માટેની આ યોજના અમલીકરણની અંદર મુકવામાં આવી. બીજો જે પ્રશ્ન છે તો એને પોતાનું પાકું મજબુત મકાન મળે તેની સાથે માત્ર મકાન મળે તેટલું જ નહીં પરંતુ તેને આવવા જવા માટેના રસ્તા, કોમ્યુનિટી સેન્ટર, ત્યાંથી હેલ્થ માટેની વ્યવસ્થા, કોમ્યુનિટી હોલ, આંગણવાડી જેવી સુવિધા જે જનરલી ઝૂંપડપટ્ટી વિસ્તારની અંદર જયાં રહેતા હોય ત્યાં ન હોય પરંતુ એ ઝૂંપડપટ્ટીમાંથી અહીંયા આગળ આ પાકા મકાનમાં લાવીને માત્ર પોતાનું એક મકાન જ આપવું છે એવું નહીં પરંતુ એક ગરીબ માણસને સ્વમાન અને સ્વાભિમાન આપવાનું કામ આ યોજના અંતર્ગત કરવામાં આવ્યું છે.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ બી.એસ.યુ.પી. એટલે બેઝીક સર્વીસ ફોર અર્બન પુઅર એટલે ગરીબોને આવાસ મળે, વર્તમાન સ્થિતિમાં આવાસ બનાવવું એ કઠીન કામ છે ત્યારે સૌનો સાથ સૌનો વિકાસ જેવા શહેરી ગરીબો માટે પણ ૧૪૪૫૨ આવાસની એમણે ફાળવણી પણ કરી છે તો આગામી દિવસોમાં આજે બી.એસ.યુ.પી. યોજનામાં સહાયનું ધોરણ શું છે અને લાભાર્થીએ કોઇ ફાળો ભરવાનું હોય છે કે નહીં તે માનનીય મંત્રીશ્રી જણાવશે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે વાત કરી એ બે વર્ષના આંકડા આપ્યા. એમના બે પ્રશ્નો હતા એક તો લાભાર્થીનો ફાળો શું અને બીજું એમણે કહ્યું કે આટલી આવાસોની ફાળવણી પણ કરી છે એ માત્ર બે વર્ષના આંકડા હતા. અમદાવાદ શહેરની અંદર અત્યાર સુધીમાં ૨૮૦૭૬ આવાસો ગરીબોને ફાળવી દેવામાં આવ્યા છે અને ટોટલી ૩૩૭૭૬ જેટલા આવાસોનું આયોજન કરવામાં આવ્યું છે. બીજો પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ જે કહ્યો અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા, આ ચાર મહાનગરોની અંદર કેન્દ્ર સરકારનો ફાળો ૫૦ ટકા અને બાકીનો ૨૦ ટકા રાજય સરકાર, બાકીનો સ્થાનિક સંસ્થા અને પોરબંદરની અંદર ૮૦ ટકા પ્રમાણે આપવાનું કેન્દ્ર સરકારનો ફાળો, રાજય સરકારનો અને ગરીબોનો. લાભાર્થીએ શું આપવાનું એવી વાત માનનીય સભ્યશ્રીએ કરી તો ખાસ કરીને એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અપંગ અને નબળા વર્ગના જે લાભાર્થીઓ હોય તેને ૧૦ ટકા પ્રમાણે ફાળો ભરવાનો એમાં પણ બેંકીંગ સાથે પણ કોઓર્ડીનેશનની વ્યવસ્થા આપણે કરીએ છીએ અને બાકીના કોઇ લાભાર્થી હોય આ વર્ગ સિવાયના તો તેના માટે ૧૨ ટકા લોકફાળો એટલે એણે લાભાર્થી ફાળો ભરવાનો, બાકીનો ખર્ચ કોર્પોરેશન, રાજય સરકાર અને ૫૦ ટકા કેન્દ્ર સરકારના આમ કરીને આ યોજનાનો આપણે અમલ કરવા જઇ રહ્યા છીએ.

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બી.એસ.યુ.પી. યોજના અંતર્ગત એ.એમ.સી.ના માધ્યમથી અને ઔડાના માધ્યમથી કુલ કેટલા આવાસો બનાવવાનું આયોજન છે અને આ આવાસો બનાવવાની કામગીરી હાલમાં કયા તબકકે છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણા જ વાત કરી એ પ્રમાણે આવાસોની યોજના ગરીબ, ઝૂંપડપટ્ટીમાં રહેતા આવાસોની યોજના હતી આ યોજના અંતર્ગત આપણે આયોજનની કામગીરી પૂર્ણ કરી છે.

**સાગરકાંઠા જિલ્લામાં ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળે તે માટે કાર્યાન્વિત નવા સબસ્ટેશનો**

* ૧૮૫૩૭ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં સાગરખેડૂ સંર્વાગી વિકાસ યોજના હેઠળ સાગરકાંઠા જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળે તે માટે કેટલા નવા સબ–સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૧) રાજ્ય સરકારની સાગરખેડૂ સંર્વાગી વિકાસ યોજના અંતર્ગત સાગર કિનારાનાં જિલ્લાઓમાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં ૧૩ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા અને નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં ૧૬ સબસ્ટેશન પૈકી ૩૧–૧૨–૨૦૧૪ અંતિત ૨ (બે) સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા છે, જ્યારે બાકીના સબસ્ટેશનના કામો પ્રગતિમાં છે. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) આ કામગીરી માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં રૂ.૧૮૦.૦૦ કરોડનો ખર્ચ થયો જ્યારે ૨૦૧૪–૧૫ માં (ડીસેમ્બર–૨૦૧૪ સુધીમાં) રૂ.૧૫૧.૮૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો. |

ચૈત્ર ૬, ૧૯૩૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ સાગરકાંઠાના જિલ્લાઓમાં વર્ષ ૨૦૧૩–૧૪ અને ૧૪–૧૫ની અંદર કેટલા અને કયા કયા સબસ્ટેશનો કાર્યરત કર્યા છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

**પવનચક્કી અને સૌર ઉર્જાનું વીજ ઉત્પાદન**

* ૧૯૦૩૮ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પવનચક્કી અને સૌર ઉર્જાનું કેટલું વીજ ઉત્પાદન થયું,

(૨) ઉત્પાદન થયેલ વીજ પૈકી વર્ષવાર પવનચક્કી અને સૌર ઉર્જાની કેટલી વીજળી શા શા ભાવે ખરીદી, અને

±õÇÚí-

(૩) આ વીજ ખરીદીથી સરકારે વાર્ષિક કેટલી રકમ ચુકવવી પડી?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વર્ષ વાર પવનચક્કી અને સૌર ઉર્જાનું વીજ ઉત્પાદન નીચે મુજબ છે.

(અ) પવન ચક્કી દ્વારા વીજ ઉત્પાદન

| અ.નં. | કેલેન્ડર વર્ષ | કુલ વીજ ઉત્પાદન |
|---|---|---|
| ૧ | ૨૦૧૩ | ૫૧૪૬.૭૪ મીલીયન યુનિટ |
| ૨ | ૨૦૧૪ | ૫૬૬૨.૩૦ મીલીયન યુનિટ |

(બ) સૌર ઉર્જા દ્વારા વીજ ઉત્પાદન

| અ.નં. | કેલેન્ડર વર્ષ | કુલ વીજળી ઉત્પાદન |
|---|---|---|
| ૧ | ૨૦૧૩ | ૧૩૬૧.૦૫ મીલીયન યુનિટ |
| ૨ | ૨૦૧૪ | ૧૪૪૪.૩૮ મીલીયન યુનિટ |

(૨) વીજ ખરીદ કરાર હેઠળ વીજ કંપનીઓ દ્વારા માન. ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા માન્ય થયેલ દરે ખરીદી કરવામાં આવેલ વીજળીના સરેરાશ દરની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વિગત | ૨૦૧૩ | | ૨૦૧૪ | |
|---|---|---|---|---|---|
| | | મી.યુ. | રૂ. યુનિટ | મી.યુ. | રૂ.યુનિટ |
| ૧ | પવન ઉર્જા | ૩૨૫૮ | ૩.૪૦ | ૩૪૪૭ | ૩.૫૧ |
| ૨ | સૌર ઉર્જા | ૧૩૩૭ | ૧૩.૪૮ | ૧૩૭૮ | ૧૩.૩૬ |

(૩) આ વીજ ખરીદ કરાર પેટે વર્ષ ૨૦૧૩માં રૂ. ૨૯૦૯ કરોડ અને વર્ષ ૨૦૧૪માં રૂ. ૩૧૫૬ કરોડ વીજ કંપનીઓ દ્વારા ચુકવવામાં આવેલ છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વીજ જોડાણો**

* ૧૮૫૫૮ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત જુનાગઢ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) અને (૨) ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ગૃહ વપરાશના વીજજોડાણ આપવા માટેની રાજ્ય સરકારની ઝૂંપડા વીજળી કરણ યોજના અંતર્ગત જુનાગઢ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૩–૧૪માં રૂ. ૧૩૦.૯૭ લાખના ખર્ચે ૩૪૧૨ લાભાર્થીઓને તથા વર્ષ ૨૦૧૪–૧૫માં (તા. ૩૧–

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

૧૨–૨૦૧૪ની સ્થિતિએ) રૂ. ૯૭.૮૩ લાખના ખર્ચે ૧૯૨૪ લાભાર્થીઓને આમ, રૂ. ૨૨૮.૮૦ લાખના ખર્ચે ૫૩૩૬ લાભાર્થીઓને ગૃહ વપરાશના વીજજોડાણ આપવામાં આવ્યા.

---------

**ખેડા જિલ્લામાં વીજ સબડીવીઝનમાં ઘરોમાં સોલાર આધારિત વીજ પુરવઠો યોજનાનો લાભ**

* ૧૯૫૬૭ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં ગામડાંમાં છૂટાછવાયા રહેતા પરિવારોને ઘરમાં સોલાર આધારિત વીજ પુરવઠોનો લાભ આપવાની યોજના ક્યારથી અમલમાં છે,

(૨) આણંદ અને ખેડા જિલ્લામાં વીજ સબ ડિવિઝન દીઠ ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા ઘરોમાં આ યોજનાનો લાભ આપેલ છે, અને

(૩) આ યોજનામાં લાભાર્થીની પસંદગી કઈ રીતે કરવામાં આવે છે?

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં ગામડાંમાં છૂટા છવાયા રહેતા પરિવારોને ઘરમાં સોલાર આધારિત વીજ પુરવઠોનો લાભ આપવાની કોઈ યોજના અમલમાં નથી. પરંતુ સને ૨૦૧૫–૧૬ના વર્ષના બજેટમાં આ યોજના માટે રાજ્ય સરકારે નવી બાબત તરીકે રૂ. ૫૦/– કરોડની જોગવાઈ કરેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જૂનાગઢ જિલ્લામાં ૧૩ માં નાણા પંચની રકમ બાબત**

* ૧૭૫૬૦ **શ્રી બાબુભાઈ કા. વાજા(માંગરોળ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં ભારત સરકાર પાસેથી ૧૩ માં નાણા પંચમાં કેટલી રકમ મળવાપાત્ર હતી અને તે પૈકી કેટલી રકમ મળી,

(૨) તે પૈકી વર્ષવાર જૂનાગઢ જિલ્લાને કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ ગ્રાંટમાંથી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી રકમ વણવપરાયેલી રહેલ છે અને તેના શા કારણો છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ૧૩ માં નાણા પંચ હેઠળ છેલ્લા બે વર્ષમાં રૂ. ૪૮૪૮.૭૨૮૦ કરોડ મળવાપાત્ર હતી અને રૂ. ૨૮૮૬.૫૯૯૩ કરોડ રકમ મળી.

(૨) ૧૩ માં નાણા પંચમાં માત્ર જે યોજનાઓની રકમ જિલ્લાઓને ફાળવવામાં આવે છે તે યોજનાઓ (૧) જિલ્લા નવીનીકરણ ફંડ અને (૨) પંચાયતી રાજ સંસ્થા અને શહેરી સ્થાનિક સંસ્થા માટેની બેઝીક ગ્રાન્ટ અને પરર્ફોમન્સ ગ્રાન્ટ હેઠળ જૂનાગઢ જિલ્લાને વર્ષ ૨૦૧૩–૧૪ માં રૂ. ૩૧.૫૫૬૨ કરોડ અને વર્ષ: ૨૦૧૪–૧૫માં રૂ. ૧૩.૯૪૭૪ કરોડ મળ્યા.

(૩) ૧૩ માં નાણા પંચની મુદત વર્ષ:૨૦૧૦–૧૧ થી ૨૦૧૪–૧૫ (તા. ૩૧–૩–૨૦૧૫) સુધીની હોઈ, વર્ષવાર મળેલ ગ્રાન્ટ ઉક્ત સમયગાળા દરમ્યાન વાપરી શકાતી હોઈ, ગ્રાન્ટ વણવપરાયેલ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. છતાં આ સાથે સામેલ **પત્રક–૧** મુજબ તા. ૩૧–૧–૨૦૧૫ સુધીમાં રૂ. ૨૬.૦૮ કરોડમાંથી રૂ. ૧૬.૦૪ કરોડ ખર્ચ થઈ અને રૂ. ૧૦.૦૪ કરોડ ખર્ચ કરવાનો બાકી હતી. હાલમાં મોટા ભાગના કામો મંજૂરીમાં/પ્રગતિમાં છે અને માર્ચ ૨૦૧૫ સુધીમાં પૂરા થઈ જશે.

**પત્રક–૧**

(રૂ. કરોડમાં)

| **અનુ. નં.** | **જિલ્લા/તાલુકાનું નામ** | **ફાળવેલ રકમ** | **ખર્ચ** | **વણવપરાયેલ રકમ** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | માંગરોળ | ૩.૮૬૮૪ | ૨.૭૬૦૭ | ૧.૧૦૭૭ |
| ૨ | માણાવદર | ૨.૬૩૭૫ | ૨.૧૮૮૯ | ૦.૪૪૮૭ |
| ૩ | વંથલી | ૨.૩૧૭૩ | ૧.૪૧૩૬ | ૦.૯૦૩૭ |
| ૪ | કેશોદ | ૩.૭૩૫૪ | ૧.૪૫૬૬ | ૨.૨૭૮૮ |
| ૫ | વિસાવદર | ૩.૦૧૨૩ | ૨.૦૮૪૨ | ૦.૯૨૮૧ |
| ૬ | બાંટવા (ન.પા.) | ૦.૮૨૮૦ | ૦.૨૭૧૪ | ૦.૫૫૬૬ |
| ૭ | ભેંસાણ | ૧.૩૦૦૩ | ૧.૧૫૪૪ | ૦.૧૪૫૮ |
| ૮ | માળીયા | ૨.૨૦૯૨ | ૧.૮૩૪૮ | ૦.૩૭૪૪ |
| ૯ | મેંદરડા | ૧.૧૭૮૦ | ૦.૮૯૬૬ | ૦.૨૮૧૫ |
| ૧૦ | જૂનાગઢ | ૩.૮૪૫૪ | ૧.૯૮૪૧ | ૧.૮૬૧૩ |
| ૧૧ | ચોરવાડ (ન.પા.) | ૧.૧૫૫૭ | ૦.૦૦૦૦ | ૧.૧૫૫૬ |
| | **કુલ** | **૨૬.૦૮૭૫** | **૧૬.૦૪૫૩** | **૧૦.૦૪૨૨** |

---------

## સંખેડા તાલુકાના લાખકામવાળું ફર્નીચર

* ૧૯૫૮૭ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના સંખેડા ખાતે બનતું લાખકામવાળું ફર્નીચર જગ પ્રસિદ્ધ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો રાજ્ય સરકાર આ જગ પ્રસિદ્ધ લાખકામ વાળા ફર્નીચરના ઉદ્યોગને વિકસાવવા કોઈ નક્કર આયોજન કરવા માંગે છે કે કેમ અને ક્યારે ?

**જવાબ**

(૧) અને (૨) : હા, જી. ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લી.ગાંધીનગર દ્વારા લાખકામવાળા ફર્નીચરના ઉદ્યોગને બહોળી પ્રસિદ્ધી આપી આ કામમાં રોકાયેલ કારીગરોને રાજ્ય સરકારના કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ હસ્તકના ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ અને ઈન્ડેક્ષ્ટ–સી દ્વારા યોજાતા મેળા/પ્રદર્શનમાં ભાગ લેવા આમંત્રિત કરી માર્કેટીંગ સપોર્ટ તથા લાઈવ ડેમોસ્ટ્રેશન માટે આર્થિક પ્રોત્સાહન પણ આપવામાં આવે છે. ઉપરાંત દેશના અલગ–અલગ રાજ્યોમાં આવેલ ગરવી ગુર્જરી શો રૂમ ખાતે આ કારીગરોનો માલ મેળવી તેઓના વતી તેઓના માલનું વેચાણ કરી તેઓને પ્રોત્સાહીત કરવામાં આવે છે.

---------

## રાજ્યમાં કે.જી. બેઝિનનો ખર્ચ

* ૧૯૨૭૦ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યને વર્ષવાર કે.જી. બેઝિનમાંથી કેટલો ઓઈલ–ગેસ વર્ષવાર મળ્યો, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કે.જી. બેઝીન પાછળ રાજ્ય સરકારે કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) કોમર્શીયલ ધોરણે ઉત્પાદન શરૂ થવાનું બાકી છે.

(૨) છેલ્લા બે વર્ષમાં કે.જી. બેઝિન પાછળ રાજ્ય સરકારે કોઈ ખર્ચ કરેલ નથી.

---------

## મહેસાણા જિલ્લામાં શ્રી બાજપાઈ બેંકેબલ યોજનામાં આવેલ અરજીઓ

* ૧૮૫૭૪ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં શ્રી બાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં શ્રી બાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી રકમની સહાય મંજૂર કરવામાં આવી ?

તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૮૪૨ |
| ૨ | વિજાપુર | ૪૬૨ |
| ૩ | વિસનગર | ૭૨૧ |
| ૪ | કડી | ૬૧૮ |
| ૫ | ખેરાલુ | ૩૭૫ |
| ૬ | ઉંઝા | ૭૦૨ |
| ૭ | બેચરાજી | ૨૬૪ |
| ૮ | વડનગર | ૪૦૩ |
| ૯ | સતલાસણા | ૧૭૪ |
| | **કુલ** | **૫૫૬૧** |

(૨) અને (૩) : તે પૈકી નીચે મુજબ અરજીઓ મંજૂર કરી સહાય ચૂકવવામાં આવી.

| જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ ભલામણ કરેલ અરજીઓ | બેંક કક્ષાએ મંજૂર કરેલ અરજીઓની સંખ્યા | સહાય (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૪૪૨૩ | ૨૯૯૨ | ૩૩૨.૮૫ |

---------

## બનાસકાંઠા જિલ્લામાં ફીડરોનું વિભાજન

* ૧૮૫૨૩ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) : વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૩–૧૪ માં રૂ.૨૧૧.૪૯ લાખના ખર્ચે ૩૪ ફીડરો અને વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રૂ.૩૪૧.૯૩ લાખનાં ખર્ચે ૪૩ ફીડરો આમ, રૂ.૫૫૩.૪૨ લાખનાં ખર્ચે ૭૭ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું.

---------

## વડોદરા જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજનામાં આવેલ અરજીઓ

* ૧૮૫૭૩ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | વડોદરા શહેર | ૪૦૧૬ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૭૪૫ |
| ૩ | સાવલી | ૬૧૬ |
| ૪ | ડેસર | ૩૧ |
| ૫ | વાઘોડીયા | ૧૬૭ |
| ૬ | ડભોઈ | ૬૮૧ |
| ૭ | પાદરા | ૧૦૭૯ |

| | | |
|---|---|---|
| ૮ | કરજણ | ૩૯૦ |
| ૯ | શિનોર | ૧૬૩ |
| | **કુલ** | **૭૮૮૮** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી રકમની સહાય મંજૂર કરવામાં આવી ?

(૨) અને (૩) : તે પૈકી નીચે મુજબ અરજીઓ મંજૂર કરી સહાય ચૂકવવામાં આવી.

| જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ ભલામણ કરેલ અરજીઓ | બેંક કક્ષાએ મંજૂર કરેલ અરજીઓની સંખ્યા | સહાય (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૫૨૦૩ | ૨૬૯૭ | ४२૫.२૩ |

---------

## એન્વાયરમેન્ટ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવ્યા વગર લીઝો રદ કરવા બાબત

* ૧૮૬૩૪ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા આઈ.એ.નં.૧૨–૧૩ ઓફ ૨૦૧૧ ઈન સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૧૯૬૨૮–૧૯૬૨૯/૨૦૦૯ના કેસમાં તા.૨૭–૨–૨૦૧૨ના રોજ ચૂકાદા અન્વયે મીનીસ્ટ્રી ઓફ ફૉરેસ્ટ એન્ડ એન્વાયરમેન્ટ, ભારત સરકારનું એન્વાયરમેન્ટ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવ્યા વગર કોઈપણ લીઝ મંજૂર/રીન્યું નહી કરવી તે મતબલનો ચૂકાદો આપ્યા પછી તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલી લીઝ રીન્યુ/મંજૂર કરવામાં આવી,

(૨) રીન્યુ/મંજૂર કરવામાં આવેલ લીઝો પૈકી એન્વાયરમેન્ટ કલીયરન્સ મેળવવામાં ન આવ્યું હોય તો લીઝો રદ કરવા રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) આ ગેરકાયદેસર લીઝો રીન્યુ/મંજૂર કરનાર અધિકારીઓ/કર્મચારીઓ સામે રાજ્ય સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) અને (૨) : ૧૧૨૫ લીઝો મંજૂર/રીન્યુ થયેલ છે જેના એન્વાયરોનમેન્ટ કલીયરન્સ સર્ટીફીકેટ્સ માટેની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ભિલોડા અને મેઘરજ તાલુકામાં સોલર પંપથી સિંચાઈની સુવિધા

* ૧૯૫૬૩ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં સોલર પંપથી સિંચાઈની સુવિધા આપવાની કોઈ યોજના અમલમાં છે કે કેમ,

(૨) એના થકી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર કેટલા ખેડૂતોને લાભ આપવામાં આવ્યો, અને

(૩) એક સોલર યુનીટ પાછળ ખેડૂતને અને રાજ્ય સરકારને કેટલો કેટલો ખર્ચ આવતો હોય છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સમગ્ર રાજ્યમાં સોલાર પંપથી સિંચાઈ માટે સોલર પંપ આપવાની યોજના વર્ષ ૨૦૧૪–૧૫ થી અમલમાં મૂકવામાં આવેલ છે.

(૨) ઉકત સ્થિતિએ યોજનામાં અરજીઓની નોંધણી ચાલુ હોવાથી કોઈ ખેડૂતને લાભ અપાયેલ નથી.

(૩) આ યોજના હેઠળ કુલ ૫ હોર્સ પાવરના સોલાર યુનિટના રૂ.૪ લાખના અંદાજીત ખર્ચ સામે અનુસૂચિત જાતિના લાભાર્થીઓ અને ટ્રાયબલ વિસ્તારના અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓએ પ્રતિ હોર્સ પાવર રૂ.૧૦૦૦/– લેખે કુલ રૂ.૫૦૦૦/– ભરવાના થાય. એ જ રીતે આ સિવાયના અન્ય લાભાર્થીઓએ પ્રતિ હોર્સ પાવર દીઠ રૂ.૫૦૦૦/– લેખે રૂ.૨૫૦૦૦/– ભરવાના થાય. બાકીનો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ભોગવવામાં આવનાર છે.

---------

તા.૨૭મી માર્ચ ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વીજ જોડાણો**

* ૧૮૫૫૬ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) : ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ગૃહ વપરાશના વીજ જોડાણ માટે રાજ્ય સરકારની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૩–૧૪ માં રૂ.૧૧૨.૯૮ લાખનાં ખર્ચે ૨૬૬૨ લાભાર્થીઓને તથા વર્ષ ૨૦૧૪–૧૫ માં (તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ) રૂ.૮૯.૧૯ લાખનાં ખર્ચે ૧૯૫૧ લાભાર્થીઓને આમ, રૂ.૨૦૨.૧૭ લાખના ખર્ચે ૪૬૧૩ લાભાર્થીઓને ગૃહ વપરાશ વીજ જોડાણ આપવામાં આવ્યાં.

---------

**મહેમદાવાદ તાલુકામાં સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરી વિકસાવવા બાબત**

* ૧૯૫૭૩ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકામાં આવેલ ભમરીયો કૂવો, રોઝા–રોઝી જેવા ઐતિહાસિક સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરી સરકાર શી રીતે વિકસાવવા માંગે છે, અને

(૨) ઉકત સ્થિતિએ આ સ્થળોના વિકાસ માટે સરકારે ક્યારે અને કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) ઉધ્યોગ અને ખાણ વિભાગના તા.૨–૧–૨૦૧૫ના ઠરાવથી જિલ્લાના પ્રવાસન અને યાત્રાધામના સ્થળોના વિકાસના કામો માટે દરેક જિલ્લા કલેકટરશ્રીને વધુમાં વધુ ત્રણ સ્થળોના પ્રોજેકટ માટે મહત્તમ રૂ.૧૦/– કરોડ સુધીની ગ્રાન્ટ ફાળવવાની જોગવાઈ કરવામાં આવી છે. આ અન્વયે પ્રવાસન સ્થળોનો વિકાસ કરી શકાય છે.

(૨) શૂન્ય.

---------

**રાજ્યમાં પવન ઉર્જા અને સૂર્ય ઉર્જાની વીજક્ષમતામાં વધારો**

* ૧૮૬૩૯ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં પવન ઉર્જા અને સૂર્ય ઉર્જાની સ્થાપિત વીજક્ષમતામાં કેટલો વધારો થયો ?

**જવાબ**

તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં પવન ઉર્જા અને સૂર્ય ઉર્જાની સ્થાપિત વીજક્ષમતામાં થયેલ વધારાની વિગતો નીચે મુજબ છે.

(અ) પવન ઉર્જા

| અ.નં. | વર્ષ | સ્થાપિત વીજ ક્ષમતામાં થયેલ વધારો |
|---|---|---|
| ૧ | તા.૧–૨–૨૦૧૩ થી તા.૩૧–૧–૨૦૧૪ | ૨૯૦.૯૫૦ મેગાવોટ |
| ૨ | તા.૧–૨–૨૦૧૪ થી તા.૩૧–૧–૨૦૧૫ | ૨૦૧.૪૫૦ મેગાવોટ |

(બ) સૌર ઉર્જા

| અ.નં. | વર્ષ | સ્થાપિત વીજ ક્ષમતામાં થયેલ વધારો |
|---|---|---|
| ૧ | તા.૧–૨–૨૦૧૩ થી તા.૩૧–૧–૨૦૧૪ | ૨૮.૦૪ મેગાવોટ |
| ૨ | તા.૧–૨–૨૦૧૪ થી તા.૩૧– | ૬૦.૯૩ મેગાવોટ |

| | ૧–૨૦૧૫ | |
|---|---|---|

---------

## જૂનાગઢ જિલ્લામાં કૃષિ વિષયક વીજ બિલમાં રાહત આપવા બાબત

* ૧૮૫૪૪ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા જૂનાગઢ જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ, અને | (૧) નામદાર ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર થયેલ કૃષિ વિષયક વીજદરનો સંપૂર્ણ બોજો ખેડૂતો પાસેથી વસૂલ કરવામાં આવતો નથી. પરંતુ આયોગ દ્વારા નક્કી કરેલ વીજ દરો કરતા ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે. અને આ નિર્ણયના અમલીકરણ માટે રાજ્ય સરકાર ખેડૂતો વતી તફાવતની રકમ વીજ કંપનીઓને સબસીડીના સ્વરૂપે ચૂકવે છે.<br><br>આ ઉપરાંત, વીજ ઉત્પાદનમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસૂલાત પણ ખેડૂતોના કિસ્સામાં તેમની પાસેથી વસૂલ ન કરીને, તે અંગેની તફાવતની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી વીજ કંપનીઓને સબસીડીના સ્વરૂપે ચૂકવે છે.<br><br>આ ઉપરાંત, તા.૯–૨–૨૦૧૫ ના ઠરાવથી રાજ્ય સરકારશ્રી દ્વારા ખેડૂતોને કૃષિ વિષયક વીજ વપરાશના બિલમાં નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે તેમના વીજબિલની ૫૦ ટકા રકમ રાહત તરીકે આપવાનું ઠરાવેલ છે. તેમાં જૂનાગઢ જિલ્લાના ખેડૂતોનો પણ સમાવેશ થાય છે. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા જૂનાગઢ જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી ? | (૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા જૂનાગઢ જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં આપવામાં આવેલ સબસીડી અંગેની વિગતો દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે. |

**પત્રક**

**(રૂ.કરોડમાં)**

| **અ. નં.** | **વિગત** | **૨૦૧૩–૧૪** | **૨૦૧૪–૧૫ (ડીસેમ્બર સુધી)** |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર આધારિત વીજ દરો માટે સહાયકી | ૪૮.૪૪ | ૩૦.૩૦ |
| ૨ | જીઈઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી | ૩૩.૩૫ | ૧૨.૪૦ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૫૬.૯૪ | ૪૧.૩૩ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બિલમાં ૫૦ ટકા રહાત | – | ૧૩.૯૦ |
| | **કુલ** | **૧૩૮.૭૨** | **૯૭.૯૩** |

તા.૨૭મી માર્ચ ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

---------

**ખેડા જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાઓમાં આવેલ અરજીઓ**

* ૧૮૫૭૧ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) અને (૨) : માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મળેલ અરજીઓ અને તે પૈકી મંજૂર થયેલ અરજીઓ.

| અ. નં. | તાલુકાનું નામ | તા.૧–૧–૧૩ થી તા.૩૧–૧૨–૧૩ સુધી | | તા.૧–૧–૧૪ થી તા.૩૧–૧૨–૧૪ સુધી | |
|---|---|---|---|---|---|
| | | આવેલ અરજીઓ | મંજૂર અરજીઓ | આવેલ અરજીઓ | મંજૂર અરજીઓ |
| ૧ | કઠલાલ | ૩૪૬ | ૨૧૫ | ૩૯૦ | ૨૧૮ |
| ૨ | કપડવંજ | ૩૧૭ | ૨૯૧ | ૬૨૦ | ૨૨૮ |
| ૩ | ખેડા | ૨૨૦ | ૧૫૨ | ૨૩૨ | ૧૫૬ |
| ૪ | ઠાસરા | ૬૫૨ | ૩૨૦ | ૬૨૮ | ૨૪૧ |
| ૫ | નડીઆદ | ૯૯૭ | ૪૧૩ | ૮૮૬ | ૩૩૮ |
| ૬ | મહુધા | ૬૧૮ | ૨૦૮ | ૪૨૬ | ૧૮૮ |
| ૭ | મહેમદાવાદ | ૪૫૨ | ૨૧૯ | ૨૮૧ | ૧૭૧ |
| ૮ | માતર | ૨૯૫ | ૧૫૯ | ૨૫૧ | ૧૬૭ |
| ૯ | વસો | ૦ | ૦ | ૧૧૦ | ૮૪ |
| ૧૦ | ગળતેશ્વર | ૦ | ૦ | ૪૩૯ | ૨૦૯ |

(૩) ક્યા પ્રકારની ટુલકીટ મંજૂર કરવામાં આવી ?

(૩) વર્ષ ૨૦૧૩ માં *પત્રક–૧ મુજબ અને વર્ષ ૨૦૧૪ માં *પત્રક–૨ મુજબ ટુલકીટ મંજૂર કરવામાંઆવી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**પંચમહાલ જિલ્લામાં રેતીની લીઝોની માંગણીઓ**

* ૧૯૫૦૨ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર રેતીની લીઝ અંગેની કેટલી માંગણીઓ મળી, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | તાલુકો | મળેલ માંગણીઓ |
|---|---|---|
| પંચમહાલ | ગોધરા | ૧ |
| | કાલોલ | ૦ |
| | હાલોલ | ૦ |
| | જાંબુઘોડા | ૦ |
| | ઘોઘંબા | ૦ |
| | મોરવા (હડફ) | ૦ |
| | શહેરા | ૧૪ |
| | લુણાવાડા | ૦ |
| | ખાનપુર | ૦ |
| | કડાણા | ૦ |

| | સંતરામપુર | ૦ |
|---|---|---|

(૨) તે પૈકી કેટલી માંગણીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી અને કેટલી પડતર છે ?

(૨) તે પૈકી કોઈ માંગણી મંજૂર કરેલ નથી, ૧૪ માંગણી નામંજૂર અને ૧ માંગણી પડતર છે.

---------

**ભાવનગર જિલ્લામાં વાણિજિયક વેરાની આવક**

* ૧૮૫૧૧ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર-પૂર્વ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં ભાવનગર જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, અને

(૨) ભાવનગર જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે ?

**જવાબ**

(૧) રૂ.૫૭૫.૯૧ કરોડ.

(૨) (૧) શીપ બ્રેકર્સ
(૨) ગેસ
(૩) તમાકુ
(૪) ઓટોમોબાઈલ્સ
(૫) કોટન

---------

**રાજ્યના વાહનોમાં મળતા ગેસમાં રાહત દરે મળે તે માટે મળેલ રજૂઆતો**

* ૧૮૬૨૮ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના વાહનોમાં મળતો સી.એન.જી. ગેસ રાહત દરે મળે તે માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને ક્યારે ક્યારે રજૂઆતો કરેલ છે, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે શો પ્રતિભાવ આપ્યો ?

**જવાબ**

(૧) રાજ્યને વાહન વ્યવહારના ઉપયોગ માટેના સી.એન.જી. ગેસની ફાળવણી કરવા માટે રાજ્ય સરકાર તરફથી છેલ્લા ૧૦ વર્ષથી સક્રિય પ્રયત્નો કરવામાં આવ્યા હતાં અને માનનીય મુખ્ય મંત્રીશ્રી અને મંત્રીશ્રી દ્વારા કેન્દ્ર સરકારને સી.એન.જી. ગેસની પર્યાપ્ત માત્રામાં ફાળવણી કરવા અને અન્ય શહેરોની સરખામણીના દરે ગેસ પૂરો પાડવા માટે અસંખ્ય રજૂઆતો કરવામાં આવી હતી.

પરંતુ રાજ્ય સરકારની રજૂઆતનો હકારાત્મક પ્રતિભાવ મળેલ ન હતો. ત્યારબાદ તા.૨૫-૭-૨૦૧૨ના રોજ પી.આઈ.એલ. ક્રમાંક ૪૭/૨૦૧૧ અને ૫૪/૨૦૧૧ માં નામદાર હાઈકોર્ટ ગુજરાતને દિલ્હી અને મુંબઈના સમાન ભાવે ઘરેલું ગેસ આપવા હુકમ કરેલ હોઈ અને સુપ્રિમ કોર્ટે તે સામે કેન્દ્ર સરકારની અપીલ તા.૩૦-૯-૨૦૧૩ના રોજ ડીસમીસ કરેલ હોઈ અદાલતી ચૂકાદાઓનું પાલન કરવા માટે અને ઘરેલું ગેસ ફાળવવા માટે તા.૨૪-૧-૨૦૧૩ અને તા.૪-૧-૨૦૧૪ ના પત્રથી રજૂઆત કરવામાં આવેલ હતી.

(૨) તત્કાલિન કેન્દ્ર સરકારે રાજ્ય સરકારની રજૂઆતો સ્વીકારેલ ન હતી. પરંતુ નામદાર હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના ચૂકાદાઓ અનુસાર ડીસેમ્બર-૨૦૧૩ થી મુંબઈ, દિલ્હીના સમાન ભાવે રાજ્યની ગેસ વિતરણ કંપનીઓને ઘરેલું ગેસ ફાળવવાનું શરૂ કરેલ છે.

---------

**સુરત જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાઓમાં આવેલ અરજીઓ**

* ૧૮૫૭૦ **શ્રી કિશોરભાઈ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા.૨૭મી માર્ચ ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) અને (૨) : માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મળેલ અરજીઓ અને તે પૈકી મંજૂર થયેલ અરજીઓ.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **તા.૧-૧-૧૩ થી તા.૩૧-૧૨-૧૩ સુધી** | | **તા.૧-૧-૧૪ થી તા.૩૧-૧૨-૧૪ સુધી** | |
|---|---|---|---|---|---|
| | | આવેલ અરજીઓ | મંજૂર અરજીઓ | આવેલ અરજીઓ | મંજૂર અરજીઓ |
| ૧ | સુરત સીટી | ૬૦૩ | ૫૬૬ | ૫૫૧ | ૪૬૧ |
| ૨ | ચોર્યાસી | ૧૨૦ | ૧૨૦ | ૫૩ | ૫૩ |
| ૩ | પલસાણા | ૧૦૩ | ૧૦૩ | ૧૩૪ | ૧૩૪ |
| ૪ | કામરેજ | ૧૩૧ | ૧૩૦ | ૧૧૬ | ૯૭ |
| ૫ | ઓલપાડ | ૩૧૮ | ૩૦૯ | ૪૦૮ | ૩૫૭ |
| ૬ | બારડોલી | ૩૮૨ | ૩૮૨ | ૫૨૯ | ૪૧૧ |
| ૭ | મહુવા | ૧૫૪ | ૧૪૬ | ૨૦૭ | ૧૮૨ |
| ૮ | માંડવી | ૧૯૮ | ૧૭૫ | ૨૩૪ | ૨૧૩ |
| ૯ | માંગરોળ | ૩૬૨ | ૩૫૩ | ૩૭૬ | ૩૪૧ |
| ૧૦ | ઉંમરપાડા | ૪૨૬ | ૪૧૬ | ૪૯૪ | ૪૫૧ |

(૩) ક્યા પ્રકારની ટુલકીટ મંજૂર કરવામાં આવી ?

(૩) વર્ષ-૨૦૧૩ માં *પત્રક-૧ મુજબ અને વર્ષ-૨૦૧૪ માં *પત્રક-૨ મુજબ ટુલકીટ મંજૂર કરવામાં આવી.

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**ડાંગ જિલ્લામાં વાણિજ્યિકવેરાની આવક**

* ૧૮૫૧૪ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં ડાંગ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને

(૨) ડાંગ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે?

**જવાબ**

(૧) રૂ.૨.૧૫ કરોડ.

(૨) (૧) ટીમ્બર
(૨) હોટેલીયર
(૩) પેટ્રોલ-ડીઝલ
(૪) મેડીસીન
(૫) બિલ્ડીંગ મટીરીયલ્સ

---------

**સાબરકાંઠા જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ઘર વપરાશના વીજ જોડાણો**

* ૧૮૫૩૦ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં કેટલા લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા?

**જવાબ**

કુટિર જ્યોતિ યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૩-૧૪માં ૪૩૬ લાભાર્થીઓને તથા વર્ષ ૨૦૧૪-૧૫માં ડીસેમ્બર-૨૦૧૪ અંતિત ૬૯૦ લાભાર્થીઓને, આમ ૧૧૨૬ લાભાર્થીઓને ગૃહ વપરાશના વીજજોડાણ આપવામાં આવ્યા.

---------

**વણાકબોરી ખાતે સ્થપાનાર સુપર ક્રિટીકલ પાવર પ્રોજેક્ટની વિશેષતા**

* ૧૮૫૬૧ **શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વણાકબોરી ખાતે સ્થપાનાર રાજ્યના સૌ પ્રથમ **''સુપર ક્રિટીકલ''** પાવર પ્રોજેક્ટની વિશેષતા શી છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ દ્વારા વણાકબોરી ખાતે સૌ પ્રથમ **''સુપર ક્રિટીકલ''** પાવર પ્રોજેક્ટ સ્થપાનાર છે. આ પ્રોજેક્ટની વિશેષતા નીચે મુજબ છે.<br>– ઓછો ઉષ્ણતાદર<br>– નિમ્ન બળતણ વપરાશ<br>– મેગાવોટ દીઠ માળખાકીય સુવિધા માટે નિમ્ન રોકાણ<br>– નિમ્ન નિષ્કાસન<br>– નિમ્ન આનુષંગિક વીજ વપરાશ<br>– નિમ્ન જળ વપરાશ |
| (૨) તેની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે ? | (૨) તેની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૮૦૦ મેગાવોટ છે. |

---------

**કચ્છ જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત**

* ૧૮૫૫૯ **ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ કુલ કેટલા વીજ સબસ્ટેશનો કાર્યરત છે, | (૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કુલ ૯૬ વીજ સબ સ્ટેશનો કાર્યરત છે. |
| (૨) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલા નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું, | (૨) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં, વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન ૧૧ અને વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન ૭ એમ કુલ ૧૮ નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું. |
| (૩) તે પૈકી કેટલા નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૩) તે પૈકી આયોજન કરેલા તમામે તમામ નવીન વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, |
| (૪) તે માટે કેટલો ખર્ચ થયો? | (૪) તે માટે કુલ રૂ. ૧૧૧૬૪.૩૮ લાખનો ખર્ચ થયો. |

---------

**પોરબંદર જિલ્લામાં કૃષિ વિષયક વીજ બિલમાં રાહત આપવા બાબત**

* ૧૮૫૪૮ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા પોરબંદર જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ, અને | (૧) નામદાર ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા મંજુર થયેલ કૃષિ વિષયક વીજદરનો સંપૂર્ણ બોજો ખેડૂતો પાસેથી વસૂલ કરવામાં આવતો નથી. પરંતુ આયોગ દ્વારા નક્કી કરેલ વીજ દરો કરતા ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે અને આ નિર્ણયના અમલીકરણ માટે રાજ્ય સરકાર ખેડૂતો વતી તફાવતની રકમ વીજ કંપનીઓને સબસીડીના સ્વરૂપે ચૂકવે છે.<br>આ ઉપરાંત, વીજ ઉત્પાદનમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસૂલાત પણ ખેડૂતોના કિસ્સામાં તેમની પાસેથી વસૂલ ન કરીને, તે અંગેની તફાવતની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી |

વીજ કંપનીઓને સબસીડીના સ્વરૂપે ચૂકવે છે.

આ ઉપરાંત તા.૯-૨-૨૦૧૫ના ઠરાવથી રાજ્ય સરકારશ્રી દ્વારા ખેડૂતોને કૃષિ વિષયક વીજ વપરાશના બિલમાં નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે તેમના વીજબિલની ૫૦% રકમ રાહત તરીકે આપવાનું ઠરાવેલ છે. તેમાં પોરબંદર જિલ્લાના ખેડૂતોનો પણ સમાવેશ થાય છે.

(૨) જો હા તો તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પોરબંદર જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી?

(૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા પોરબંદર જિલ્લાનાં ખેડૂતોને વીજ બિલમાં આપવામાં આવેલ સબસીડી અંગેની વિગતો દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

**પત્રક**

(રૂ. કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ (ડિસેમ્બર સુધી) |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર આધારિત વીજ દરો માટે સહાયકી | ૧૨.૩૭ | ૭.૮૧ |
| ૨ | જીઈઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી | ૮.૫૨ | ૩.૨૦ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૧૪.૫૪ | ૧૦.૬૬ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બિલમાં ૫૦% રાહત | - | ૩.૦૮ |
| | **કુલઃ-** | **૩૫.૪૩** | **૨૪.૭૫** |

---------

**જુનાગઢ જિલ્લામાં હાઈટેન્શન વાયરો માટે ખેતરોમાં થાંભલા ઉભા કરવા બાબત**

* ૧૯૨૮૫ **શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જીલ્લામાં તાલુકાવાર ખેડૂતોના ખેતરમાંથી પસાર થતા હાઈટેન્શન વાયરો માટે કેટલા થાંભલા ખેતરમાં ઉભા કરવામાં આવ્યા,

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જીલ્લામાં તાલુકાવાર ખેડૂતોના ખેતરમાંથી પસાર થતા હાઈટેન્શન વાયરો માટે નીચે દર્શાવ્યા મુજબ તાલુકાવાર કુલ ૧૯૮ થાંભલા ખેતરમાં ઉભા કરવામાં આવ્યા.

| ક્રમ | તાલુકો | ઉભા કરવામાં આવેલ થાંભલાની સંખ્યા |
|---|---|---|
| ૧ | માણાવદર | ૩૬ |
| ૨ | કેશોદ | ૩૯ |
| ૩ | વિસાવદર | ૬૨ |
| ૪ | મેંદરડા | ૬૧ |
| | કુલ | ૧૯૮ |

(૨) ખેતરોમાં ઉભા કરવામાં આવેલ થાંભલા પૈકી ખેડૂતોને કેટલું વળતર કઈ રીતે ચુકવવામાં આવે છે, અને

(૨) ખેતરોમાં ઉભા કરવામાં આવેલ થાંભલા પૈકી થાંભલા ઉભા કરતી વખતે થતા નુકશાન માટે વીજ અધિનિયમ ૨૦૦૩થી જોગવાઇઓ મુજબ ખેડૂતોને ખેતરોમાં ઉભેલા પાક ના પ્રકાર તથા વૃક્ષોના મુલ્ય આકારણી અંગેનું પંચ રોજકામ કરી અને તે અન્વયે મહેસૂલ વિભાગ દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ રકમનું વળતર ખાતેદારને ચેક દ્વારા ચૂકવવામાં આવે છે.

(૩) આ હાઈટેન્શન વાયરોથી ખેડૂતોને કેટલું નુકશાન થાય છે ?

(૩) આ હાઈટેન્શન વાયરોથી ખેડૂતોને કોઈ પણ પ્રકારનું નુકશાન થતું નથી. ખેડૂતો વાયરોની નીચે પાકનું વાવેતર કરી શકે છે.

---------

**મહેસાણા જિલ્લામાં સામૂહિક જુથ જનતા અકસ્માત વીમા યોજનાની અરજીઓ**

* ૧૮૫૦૨ **શ્રી રમેશભાઈ મ. ચાવડા(કડી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામુહિક જુથ જનતા અકસ્માત વીમા યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરી અને કેટલી અરજીઓ નામંજુર કરી,

(૩) મંજુર કરેલ અરજીઓ પૈકી કેટલા વારસદારોને વીમાની રકમ ચૂકવવામાં આવી, અને

(૪) અરજીઓ ના મંજુર કરવાના શાં કારણો છે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ના સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | કડી | ૪૯ |
| ૨ | બેચરાજી | ૨૦ |
| ૩ | મહેસાણા | ૮૮ |
| ૪ | વિજાપુર | ૫૮ |
| ૫ | વડનગર | ૧૯ |
| ૬ | વિસનગર | ૪૮ |
| ૭ | ઉંઝા | ૪૮ |
| ૮ | ખેરાલુ | ૨૫ |
| ૯ | સતલાસણા | ૧૯ |
| | **કુલ** | **૩૭૪** |

(૨) ૨૩૬ અરજીઓ મંજૂર કરી અને ૩૪ અરજીઓ નામંજુર કરી

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર કરેલ અરજીઓ | નામંજુર કરેલ અરજીઓ | પુર્તતા માટે પડતર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | કડી | ૨૮ | ૯ | ૧૨ |
| ૨ | બેચરાજી | ૧૩ | ૨ | ૫ |
| ૩ | મહેસાણા | ૫૭ | ૫ | ૨૬ |
| ૪ | વિજાપુર | ૩૭ | ૪ | ૧૭ |
| ૫ | વડનગર | ૧૪ | ૧ | ૪ |
| ૬ | વિસનગર | ૩૦ | ૫ | ૧૩ |
| ૭ | ઉંઝા | ૩૩ | ૪ | ૧૧ |
| ૮ | ખેરાલુ | ૧૫ | ૨ | ૮ |
| ૯ | સતલાસણા | ૯ | ૨ | ૮ |
| | **કુલ** | **૨૩૬** | **૩૪** | **૧૦૪** |

(૩) ૨૩૬

(૪) (૧) કુદરતી મૃત્યુ
(૨) અકસ્માત સમયે વાહન ચલાવતા હોય અને ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતા ન હોય.
(૩) લાભાર્થીનો જે તે યોજનામાં સમાવેશ થતો ન હોય
(૪) આપઘાતના કિસ્સામાં વગેરે કારણોસર

---------

**25/p a g e > બનાસકાંઠા જીલ્લામાં લોક અદાલતોનું આયોજન**

* ૧૮૫૩૫ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસૂલાત કરવામાં આવી?

**જવાબ**

(૧), (૨) અને (૩) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા બાકી નાણાંની વસૂલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાન કરવામાં આવેલ કેસ, અને વસૂલાત કરવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | લોક અદાલતોની સંખ્યા | સમાધાન/નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ.લાખમાં) | સ્થળ પર વસૂલાત કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | હપ્તાથી વસૂલાત કરવાની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૬૦ | ૧૦૭૦ | ૨૬.૦૦ | ૧૯.૦૬ | ૬.૯૪ |
| ૨૦૧૪-૧૫ (ડીસેમ્બર-૨૦૧૪ અંતિત) | ૭૦ | ૧૨૭૯ | ૩૨.૯૫ | ૨૪.૭૯ | ૮.૧૬ |
| કુલ | ૧૩૦ | ૨૩૪૯ | ૫૮.૯૫ | ૪૩.૮૫ | ૧૫.૧૦ |

---------

### જામનગર શહેરમાં બ્રાસપાર્ટસ ઉદ્યોગને કુટિર ઉદ્યોગમાં સમાવેશ કરવા બાબત

* ૧૯૫૫૯ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જામનગર શહેરમાં ચાલતા બ્રાસપાર્ટસ ઉદ્યોગને કુટિર ઉદ્યોગમાં સમાવેશ કરવામાં આવ્યો નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના શાં કારણો છે ?

**જવાબ**

(૧) ના, જી. બ્રાસપાર્ટસ ઉદ્યોગને કુટિર ઉદ્યોગમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### બનાસકાંઠા જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત

* ૧૮૫૬૦ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૪ ની સ્થિતિએ કુલ કેટલા વીજ સબસ્ટેશન કાર્યરત છે,

(૨) ઉકત સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું.

(૩) તે પૈકી કેટલા નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યાં, અને

(૪) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કુલ ૧૩૭ વીજ સબસ્ટેશન કાર્યરત છે,

(૨) ઉકત સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન ૪ (ચાર) અને વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન ૧૩ (તેર) એમ કુલ ૧૭ (સત્તર) નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું.

(૩) તે પૈકી આયોજન કરેલા તમામે તમામ નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યાં,

(૪) તે માટે કુલ રૂ.૭૮૭૮.૩૪ લાખનો ખર્ચ થયો.

---------

### લુણાવાડા તાલુકામાં હાડોડ બ્રીજના કામ માટે લીઝ આપવા બાબત

* ૧૯૨૫૫ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૧૫ની સ્થિતિએ લુણાવાડા તાલુકામાં હાડોડ બ્રિજનું કામ કરવા નદીમાં માટીનું પુરાણ કરવા માટે કોઈ લીઝ છેલ્લા એક વર્ષમાં આપવામાં આવેલ હતી ખરી, | (૧) ના, જી. |
| (૨) જો ના, તો આ કોન્ટ્રાક્ટર સામે કોઈ પગલાં ભરવામાં આવ્યા હતા, કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા તો કેવા પ્રકારના પગલાં ભરવામાં આવ્યા હતા ? | (૩) ૧ હીટાચી મશીન અને ૫ ટ્રક/ડમ્પર જપ્ત કરવામાં આવેલ અને કોન્ટ્રાકટર પાસેથી દંડકીય રકમ રૂ. ૨,૯૩,૦૮૯/–વસૂલ કરવામાં આવી. |

---------

## આણંદ જિલ્લાના કૃષિ વિજ જોડાણો આપવા બાબત

* ૧૮૬૨૨ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કૃષિ વિષયક વિજ જોડાણના જે એસ્ટીમેન્ટો અપાયા હોય અને રકમ ભરાઈ હોય તેવા કેટલા વિજ જોડાણો અપાયા અને કેટલા બાકી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કૃષિ વિજ જોડાણ માટે એસ્ટીમેટની રકમ ભરાયા બાદ આપવામાં આવેલ વિજ જોડાણ અને વીજ જોડાણ આપવાની બાકી અરજીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | આપવામાં આવેલ વીજ જોડાણો | વીજજોડાણ આપવાની બાકી અરજીઓ |
|---|---|---|
| આણંદ | ૭૩૬ | ૨૨ |
| બોરસદ | ૫૭૮ | ૯ |
| આંકલાવ | ૩૨૯ | ૫ |
| ઉમરેઠ | ૪૯૧ | ૬૦ |
| પેટલાદ | ૩૭૪ | ૧૪ |
| ખંભાત | ૨૬૦ | ૧૫ |
| સોજીત્રા | ૨૩૧ | ૨૩ |
| તારાપુર | ૯૦ | ૧૦ |
| **કુલ** | **૩૦૮૯** | **૧૫૮** |

**પ્રશ્ન**

(૨) બાકી રહેતા વિજ જોડાણો કેટલા સમયમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૨) બાકી રહેતી ૧૫૮ અરજીઓ પૈકી

–૧૦૪ અરજદારોને તા.૨૮–૦૨–૨૦૧૫ સુધીમાં વીજજોડાણ આપી દેવામાં આવેલ છે.

–૦૪ અરજદારો દ્વારા ટેસ્ટ રીપોર્ટ રજુ થયેથી વીજજોડાણ આપવામાં આવશે.

–૦૧ કિસ્સામાં રેલ્વે ક્રોસીંગનો પ્રશ્ન સંકળાયેલ હોઈ રેલ્વે સત્તામંડળની મંજૂરી મળેલ ન હોઈ પડતર છે.

–અન્ય ૪૯ અરજદારોને નિર્ધારિત ૧૨૦ દિવસની સમય–મર્યાદામાં વીજજોડાણ આપવાનું આયોજન છે.

---------

## 27/p a g e > જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મળેલ લીઝોની માંગણીઓ

* ૧૮૬૭૯ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

તા.૨૭મી માર્ચ ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાવાર બોકસાઈટ, સફેદ પથ્થર, રેતી, કાંકરીની લીઝો માટેની કેટલી માંગણીઓ સરકારને મળી,

(૨) તે અન્વયે વર્ષવાર કયા પ્રકારની લીઝની કેટલી માંગણીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી માંગણીઓ પડતર છે,

**જવાબ**

(૧) અને (૨)

| અનુ. | જિલ્લો | વર્ષ | ખનીજ | મળેલ અરજીની સંખ્યા | મંજૂર અરજીની સંખ્યા | પડતર અરજીની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૨૦૧૩ | બોકસાઈટ | ૦૨ | ૦૦ | ૦૨ |
| | | | બિલ્ડીંગ લાઈમ સ્ટોન | ૮૦ | ૦૧ | ૬૭ |
| | | | રેતી | ૬૮ | ૦૧ | ૬૫ |
| | | | બ્લેકટ્રેપ | ૬૩ | ૦૨ | ૫૫ |
| | | ૨૦૧૪ | બોકસાઈટ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | | બિલ્ડીંગ લાઈમ સ્ટોન | ૮૨ | ૦૦ | ૮૨ |
| | | | રેતી | ૩૦ | ૦૦ | ૩૦ |
| | | | બ્લેકટ્રેપ | ૧૮ | ૦૦ | ૧૮ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૨૦૧૩ | બોકસાઈટ | ૦૩ | ૦૦ | ૦૩ |
| | | | બિલ્ડીંગ લાઈમ સ્ટોન | ૦૧ | ૦૦ | ૦૧ |
| | | | રેતી | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | | બ્લેકટ્રેપ | ૧૩ | ૦૦ | ૧૩ |
| | | ૨૦૧૪ | બોકસાઈટ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | | બિલ્ડીંગ લાઈમ સ્ટોન | ૦૧ | ૦૦ | ૦૧ |
| | | | રેતી | ૦૨ | ૦૦ | ૦૨ |
| | | | બ્લેકટ્રેપ | ૨૮ | ૦૦ | ૨૮ |

(૩) કેટલી માંગણીઓ નામંજૂર કરવામાં આવી તેના કારણો શા છે, અને

(૩) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોઈ માંગણી નામંજૂર કરેલ નથી જ્યારે જામનગર જિલ્લામાં ૨૦ માંગણીઓ ના મંજૂર કરેલ છે જેના કારણો નીચે મુજબ છે.

૧) બ્લોક વિસ્તારમાં બે થી વધુ માંગણી હોવાથી

૨) મહેસૂલી અભિપ્રાય નકારાત્મક હોવાથી.

૩) માંગણીવાળો વિસ્તાર જાહેર રસ્તાથી ૫૦ થી ૨૦૦ મી. ના અંતરમાં હોવાથી

(૪) મંજૂર કરેલ માંગણીઓ પૈકી ની કેટલી લીઝોમાં ઉકત વર્ષમાં કયારે સ્થળ તપાસ કરવામાં આવી ?

(૪) મંજૂર કરેલ લીઝોનું કરારખત કરવામાં આવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સાબરકાંઠા જિલ્લામાં લોક અદાલતોનું આયોજન**

* ૧૮૫૩૪ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસૂલાત કરવામાં આવી?

**જવાબ**

(૧), (૨) અને (૩) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા બાકી નાણાંની વસૂલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે હેતુથી તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાન કરવામાં આવેલ કેસ, અને વસૂલાત કરવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | યોજવામાં આવેલ લોક અદાલતની સંખ્યા | સમાધાન/નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ.લાખમાં) | સ્થળ પર વસૂલાત કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | હપ્તાથી વસૂલાત કરવાની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૬૦ | ૪૭૭૨ | ૨૮.૨૫ | ૨૬.૧૯ | ૨.૦૬ |
| ૨૦૧૪-૧૫ (તા.૩૧-૧૨-૧૪ અંતિત) | ૨૫ | ૨૦૧૨ | ૧૩.૪૬ | ૧૨.૬૬ | ૦.૮૦ |
| **કુલ** | **૮૫** | **૬૭૮૪** | **૪૧.૭૧** | **૩૮.૮૫** | **૨.૮૬** |

---------

## જૂનાગઢ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વીજ જોડાણો

* ૧૮૫૪૯ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જૂનાગઢ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨)

ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ગૃહ વપરાશના વીજજોડાણ આપવા માટેની રાજ્ય સરકારની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત જુનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ.૧૩૦.૯૭ લાખના ખર્ચે ૩૪૧૨ લાભાર્થીઓને તથા વર્ષ ૨૦૧૪-૧૫માં (તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ) રૂ. ૯૭.૮૩ લાખના ખર્ચે ૧૯૨૪ લાભાર્થીઓને આમ, રૂ.૨૨૮.૮૦ લાખના ખર્ચે ૫૩૩૬ લાભાર્થીઓને ગૃહ વપરાશ વીજજોડાણ આપવામાં આવ્યા.

---------

## જામનગર જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ વાયર બદલવાની કામગીરી

* ૧૮૫૩૯ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પુરવઠા માં થતાં વિક્ષેપ નિવારવા જર્જરિત વાયર બદલવાની કામગીરી હેઠળ જામનગર જિલ્લામાં કેટલો વીજ વાયર બદલવામાં આવ્યો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) વીજ પુરવઠામાં થતા વિક્ષેપ નિવારવા સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂ.૯૬.૫૧ લાખના ખર્ચે ૨૭૮ કિ.મી. વીજ વાયર તથા વર્ષ ૨૦૧૪-૧૫ માં (તા.૩૧-૧૨-૧૪ ની સ્થિતિએ) રૂ.૪૩.૨૫ લાખના ખર્ચે ૧૨૫ કિ.મી. વીજ વાયર આમ, રૂ.૧૩૯.૭૬ લાખના ખર્ચે કુલ ૪૦૩ કિ.મી. જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યા.

તા.૨૭મી માર્ચ ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

---------

## અમરેલી જિલ્લામાં વાણિજિયક વેરાની આવક

* ૧૮૫૧૩ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અમરેલી જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, અને

(૨) અમરેલી જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે?

**જવાબ**

(૧) રૂ. ૪૨૫.૪૦ કરોડ.

(૨) (૧) સીમેન્ટ
(૨) કોટન
(૩) ઓટોમોબાઈલ
(૪) પેટ્રોલ–ડીઝલ
(૫) એડીબલ ઓઈલ.

---------

## પંચમહાલ જિલ્લામાં કૃષિ વિજ જોડાણ મેળવવા માટેની પડતર અરજીઓ

* ૧૮૬૪૧ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કૃષિ વિજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ કેટલા સમયથી પડતરમાં છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કૃષિ વિષયક વિજ જોડાણો આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) અને (૨)
પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આપવામાં આવેલ કૃષિ વિજ જોડાણો, પડતર અરજીઓ અને પડતર રહેવાના સમયની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | છેલ્લા એક વર્ષમાં આપવામાં આવેલ વિજ જોડાણો | વર્ષવાર પડતર અરજીઓ | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ |
| ગોધરા | ૪૯૭ | ૮૮૪ | ૧૨૪ | ૧૨૮ | ૨૧૭ |
| શહેરા | ૩૬૯ | ૧૦૪૦ | ૭૨ | ૧૧૨ | ૧૩૪ |
| હાલોલ | ૪૮૯ | ૪૪ | ૭૦ | ૬૪ | ૨૮૦ |
| મોરવા(હ) | ૨૦૯ | ૧૪૩ | ૧૬ | ૧૦૦ | ૪૮ |
| જાંબુઘોડા | ૨૪૧ | ૭૭ | ૬૮ | ૭૫ | ૯૩ |
| કાલોલ | ૩૮૮ | ૧૧ | ૮૦ | ૭૪ | ૨૦૩ |
| ઘોઘંબા | ૪૫૧ | ૦ | ૫ | ૧૧૯ | ૩૦૨ |

**પ્રશ્ન**

(૩) બાકી રહેતા કૃષિ વિજ જોડાણો કેટલા સમયમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૩) કૃષિ વિજ જોડાણ, અરજી નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવતા હોય છે. કૃષિ વિજ જોડાણની નોંધણી અને વિજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વિજ વિતરણ વ્યવસ્થા અને વિજતંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શક્ય તેટલાં વધુ વિજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

## રાજકોટમાં ભૂસ્તરશાસ્ત્રી તેમજ સ્ટોર કીપરો દ્વારા નાણાકીય ઉચાપત

* ૧૯૫૫૦ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખાણ–ખનીજ સંશોધન વર્તુળ, રાજકોટમાં

**જવાબ**

(૧) ના, જી.

ભૂસ્તરશાસ્ત્રી તેમજ સ્ટોર કીપરો દ્વારા નાણાકીય ઉચાપત થયેલ તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તે અંગે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ભરૂચ જિલ્લામાં વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ફાળવેલ રકમ**

* ૧૮૫૭૮ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન ભરૂચ જિલ્લાને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, | (૧) કુલ રૂ. ૩૧૭૪.૫૯ લાખ. |
| (૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન ઉક્ત સ્થિતિએ ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને | (૨) કુલ રૂ. ૨૧૧૮.૨૮ લાખ. |
| (૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજૂર થયેલ છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે? | (૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કુલ ૧૭૬૬ કામો મંજૂર થયેલ છે અને કુલ ૧૧૮૦ કામો પૂર્ણ થયેલ છે. |

---------

**વલસાડ જિલ્લામાં લોક અદાલતોનું આયોજન**

* ૧૮૫૩૨ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાની વસૂલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસૂલાત કરવામાં આવી?

**જવાબ**

(૧) (૨) અને (૩)

વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાની વસૂલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે હેતુથી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં વલસાડ જિલ્લામાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાન કરવામાં આવેલ કેસ, અને વસૂલાત કરવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | યોજવામાં આવેલ લોક અદાલતની સંખ્યા | સમાધાન/ નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ. લાખમાં) | સ્થળ પર વસૂલાત કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) | હપ્તાથી વસૂલાત કરવાની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૪૧ | ૧૪૧૪ | ૧૦૭.૫૮ | ૩૫.૯૪ | ૭૧.૬૪ |
| ૨૦૧૪–૧૫ (તા.૩૧–૧૨–૨૦૧૪ અંતિત) | ૪૯ | ૧૩૪૦ | ૯૨.૧૬ | ૨૯.૫૬ | ૬૨.૬૦ |
| **કુલઃ** | **૯૦** | **૨૭૫૪** | **૧૯૯.૭૪** | **૬૫.૫૦** | **૧૩૪.૨૪** |

---------

**રાજકોટ જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક**

તા.૨૭મી માર્ચ ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

* ૧૮૫૧૨ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં રાજકોટ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂ. ૭૩૨.૫૪ કરોડ |
| (૨) રાજકોટ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે? | (૨) (૧) ઓટોમોબાઈલ્સ<br>(૨) કોટન<br>(૩) ફૂડ પ્રોડક્ટ્સ<br>(૪) કેમીકલ<br>(૫) સીમેન્ટ |

---------

## સુરત જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૧૮૫૩૩ **શ્રી ઈશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાની વસૂલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસૂલાત કરવામાં આવી?

**જવાબ**

(૧), (૨) અને (૩)

વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા બાકી નાણાની વસૂલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે હેતુથી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં સુરત જિલ્લામાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાન કરવામાં આવેલ કેસ, અને વસૂલાત કરવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | યોજવામાં આવેલ લોક અદાલતની સંખ્યા | સમાધાન/ નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ. લાખમાં) | સ્થળ પર વસૂલાત કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) | હપ્તાથી વસૂલાત કરવાની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૫૫ | ૨૦૮૩ | ૨૪૧.૯૭ | ૮૨.૨૩ | ૧૫૯.૭૪ |
| ૨૦૧૪–૧૫ (તા.૩૧–૧૨–૨૦૧૪ અંતિત) | ૬૬ | ૨૩૯૬ | ૨૭૫.૦૪ | ૧૦૦.૩૪ | ૧૭૪.૭૦ |
| **કુલઃ** | **૧૨૧** | **૪૪૭૯** | **૫૧૭.૦૧** | **૧૮૨.૫૭** | **૩૩૪.૪૪** |

---------

## ગીર–સોમનાથ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વીજ જોડાણો

* ૧૮૫૫૩ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત ગીર–સોમનાથ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં

**જવાબ**

(૧) અને (૨)

ગરીબી રેખા નીચે જીવતા લોકોને ગૃહ વપરાશના વીજ જોડાણ માટેની રાજ્ય સરકારની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ગીર–સોમનાથ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં એટલે કે વર્ષ

આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

૨૦૧૩-૧૪માં રૂ. ૧૨૯.૩૫ લાખના ખર્ચે ૩૪૫૯ લાભાર્થીઓને તથા વર્ષ ૨૦૧૪-૧૫માં (તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ) રૂ. ૮૫.૨૭ લાખનાં ખર્ચે ૨૧૪૩ લાભાર્થીઓને આમ રૂ. ૨૧૪.૬૨ લાખનાં ખર્ચે ૫૬૦૨ લાભાર્થીઓને ગૃહ વપરાશ વીજ જોડાણ આપવામાં આવ્યા.

---------

**છોટા ઉદેપુર જિલ્લામાં રેતી લીઝ માટે આદિવાસીઓએ કરેલ માંગણી**

* ૧૯૪૯૫ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨૮-૦૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકારે સમતા કાયદા અન્વયે આદિવાસીઓને ખાસ કિસ્સામાં ખનીજની લીઝો આપવાના આદેશ કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો ૨૦૧૦ના નિયમ ૪(૬) હેઠળ આદિજાતિ વિસ્તારોમાં ખનીજ લીઝ/કવોરી લીઝ/પરમીટ મંજુર કરતા અગાઉ ગ્રામસભાની ભલામણ/ઠરાવ મેળવવાની જોગવાઈ કરેલ છે. |
| (૨) જો હા, તો છોટાઉદેપુર જિલ્લામાં રેતી લીઝ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આદિવાસીઓએ માંગણી કરી, (૩) તે પૈકી તાલુકાવાર કેટલી મંજૂર કરી તથા કેટલા નામંજૂર કરવામાં આવી, અને (૪) રેતી લીઝો નામંજૂર કરવાના મુખ્ય શા કારણો છે? | (૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**તાપી જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજના હેઠળ ફાળવેલ રકમ**

* ૧૮૫૭૬ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (એ.ટી.વી.ટી.) યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન તાપી જિલ્લાને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, | (૧) રૂ. ૯૪૨.૫૮ લાખની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. |
| (૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ઉક્ત સ્થિતિએ ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને | (૨) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કોઈ ખર્ચ થયેલ નથી. |
| (૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજૂર થયેલ છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે? | (૩) કુલ-૪૮૪ કામો મંજૂર થયેલ છે અને કોઈ કામો પૂર્ણ થયેલ નથી. |

---------

**જૂનાગઢ જિલ્લાના સનવાવ ગામે કવોરી લીઝો**

* ૧૯૫૬૦ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના સનવાવ ગામે કેટલી કવોરી લીઝો ચાલે છે, | (૧) કોઈ કવોરી લીઝ અસ્તિત્વ ધરાવતી નથી. |
| (૨) મંજૂરી આપવામાં આવેલ લીઝો પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી કવોરી લીઝોની મુદ્દત પૂર્ણ થયેલ છે અને કેટલી કવોરી લીઝોની મુદ્દત પૂર્ણ થયા બાદ રીન્યુ કરવામાં આવેલ છે, (૩) મુદ્દત પૂર્ણ થયા બાદ પણ ગેરકાયદેસર ખનન થતુ હોય તે અંગેની કેટલી ફરિયાદો કોના તરફથી મળી, અને | (૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૪) મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

---------

**રાજ્યમાં પ્લેન અને હેલીકોપ્ટરના મેઈન્ટેનન્સ, પાઈલોટ અને અન્ય સ્ટાફ માટેનો ખર્ચ**

* ૧૯૩૫૦ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સરકારની માલિકીના પ્લેન અને હેલીકોપ્ટરના મેઈન્ટેનન્સ, પાઈલોટ અને અન્ય સ્ટાફ માટે કેટલો ખર્ચ કર્યો, અને

(૨) ઉક્ત સમયગાળા દરમ્યાન પ્લેન અને હેલીકોપ્ટરના એરપોર્ટ પર પાર્કીંગ પેટેની કેટલી ફી ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સરકારની માલિકીના પ્લેન અને હેલીકોપ્ટરના મેઈન્ટેનન્સ, પાઈલોટ અને અન્ય સ્ટાફ માટે નીચે મુજબ ખર્ચ કરેલ છે.

**વિમાન માટે**

| કામગીરી | વર્ષ | (રૂપિયા) |
|---|---|---|
| ઓપરેશન | ૨૦૧૩ | ૧,૭૧,૦૦,૦૦૦/– |
| મેઈન્ટેનન્સ | | ૨૬,૮૦,૮૦૦/– |
| | **કુલઃ–** | **૧,૯૭,૮૦,૮૦૦/–** |
| ઓપરેશન | ૨૦૧૪ | ૧,૭૧,૦૦,૦૦૦/– |
| મેઈન્ટેનન્સ | | ૨૬,૮૦,૮૦૦/– |
| | **કુલઃ–** | **૧,૯૭,૮૦,૮૦૦/–** |

**હેલિકોપ્ટર માટે**

| કામગીરી | વર્ષ | (રૂપિયા) |
|---|---|---|
| ઓપરેશન | ૨૦૧૩ | ૧,૭૭,૦૯,૬૦૦/– |
| મેઈન્ટેનન્સ | | ૫૯,૨૨,૦૦૦/– |
| | **કુલઃ–** | **૨,૩૬,૩૧,૬૦૦/–** |
| ઓપરેશન | ૨૦૧૪ | ૧,૭૭,૦૯,૬૦૦/– |
| મેઈન્ટેનન્સ | | ૫૯,૨૨,૦૦૦/– |
| | **કુલઃ–** | **૨,૩૬,૩૧,૬૦૦/–** |

(૨) રાજ્ય સરકારની માલિકીના પ્લેન અને હેલિકોપ્ટરના એરપોર્ટ પર પાર્કીંગ પેટેની કોઈ ફી ચૂકવવાની હોતી નથી.

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખનીજ પેદાશોની રોયલ્ટીના નાણાં**

* ૧૯૫૪૩ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખનીજ પેદાશોની રોયલ્ટીના નાણાં પેટે કઈ તાલુકા પંચાયતોને કેટલી રકમ આપવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે કઈ તાલુકા પંચાયતોને આ નાણાં મળેલ નથી?

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાણ અને ખનિજ ખાતા દ્વારા ખનિજ પેદાશો પૈકી રેતી, કંકર અને ગ્રેવલ ખનિજની રોયલ્ટીના નાણાં પેટે ગાંધીનગર જિલ્લા પંચાયતને રૂ. ૧૨૮૯.૧૨ લાખ તથા મહેસાણા જિલ્લા પંચાયતને રૂ. ૧૬૭.૦૩ લાખ ફાળવવામાં આવેલ છે. ખાણ ખનિજ ખાતા દ્વારા તાલુકા પંચાયતોને સીધે સીધી કોઈ રકમ ફાળવવામાં આવતી નથી જેથી કઈ તાલુકા પંચાયતને કેટલી રકમ આપવામાં આવી તે પ્રશ્ન રહેતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અરવલી જિલ્લામાં રાજીવ ગાંધી વિજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

* ૧૮૬૨૫ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજનામાં તાલુકાવાર કેટલા બી.પી.એલ. કુટુંબોને લાભ આપેલ નથી, અને

(૩) આ બી.પી.એલ. પરિવારોને કેટલા સમયમાં લાભ આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ભારત સરકારના ગ્રામ્ય વીજળીકરણ નિગમ (REC) દ્વારા સંબંધિત જિલ્લાના મંજૂર થયેલ પ્રોજેક્ટ રીપોર્ટ મુજબ બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓને આર.જી.જી.વી.વાય. અંતર્ગત વીજજોડાણ આપવામાં આવે છે. અરવલ્લી જિલ્લો/તાલુકાઓ ઓગષ્ટ-૨૦૧૩માં અસ્તિત્વમાં આવેલ તે અગાઉ અરવલ્લી જિલ્લાના તમામ તાલુકાઓ સાબરકાંઠા જિલ્લામાં સમાવિષ્ટ હતા અને સાબરકાંઠા જિલ્લાનો મંજૂર થયેલ આર.જી.જી.વી.વાય. પ્રોજેક્ટ નવેમ્બર-૨૦૧૧માં પૂર્ણ થયેલ હતો. જેમાં ૭૬૬૮૮ બી.પી.એલ. લાભાર્થીઓને વીજજોડાણ આપવામાં આવેલ હતા. વીજજોડાણ મેળવી ચુકેલ બી.પી.એલ.લાભાર્થીઓ હવે નવા અસ્તિત્વમાં આવેલ અરવલ્લી જિલ્લામાં સમાવિષ્ટ છે, તેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકા | બી.પી.એલ. લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| મોડાસા | ૧૩૪૫ |
| માલપુર | ૨૬૯૨ |
| મેઘરજ | ૪૨૦૦ |
| ધનસુરા | ૪૭૦ |
| બાયડ | ૨૭૦૯ |
| ભિલોડા | ૩૩૬૬ |

(૨) અને (૩) પ્રોજેક્ટ પૂર્ણ થઈ ચૂક્યો હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## સુરત જિલ્લામાં કૃષિ વિષયક વીજ બિલમાં રાહત આપવા બાબત

* ૧૮૫૪૨ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા સુરત જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ, અને

**જવાબ**

(૧) નામદાર ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા મંજુર થયેલ કૃષિ વિષયક વીજદરનો સંપૂર્ણ બોજો ખેડૂતો પાસેથી વસૂલ કરવામાં આવતો નથી. પરંતુ આયોગ દ્વારા નક્કી કરેલ વીજ દરો કરતા ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે અને આ નિર્ણયના અમલીકરણ માટે રાજ્ય સરકાર ખેડૂતો વતી તફાવતની રકમ વીજ કંપનીઓને સબસીડીના સ્વરૂપે ચૂકવે છે.

આ ઉપરાંત, વીજ ઉત્પાદનમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસૂલાત પણ ખેડુતોના કિસ્સામાં તેમની પાસેથી વસૂલ ન કરીને, તે અંગેની તફાવતની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી વીજ કંપનીઓને સબસીડીના સ્વરૂપે ચૂકવે છે.

આ ઉપરાંત, તા.૯-૨-૨૦૧૫ના ઠરાવથી રાજ્ય

તા.૨૭મી માર્ચ ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

સરકારશ્રી દ્વારા ખેડૂતોને કૃષિ વિષયક વીજ વપરાશના બિલમાં નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે તેમના વીજબિલની ૫૦% રકમ રાહત તરીકે આપવાનું ઠરાવેલ છે. તેમાં સુરત જિલ્લાના ખેડૂતોનો પણ સમાવેશ થાય છે.

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સુરત જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી?

(૨) છેલ્લા બે નાણાકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા સુરત જિલ્લાનાં ખેડૂતોને વીજ બિલમાં આપવામાં આવેલ સબસીડી અંગેની વિગતો દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

**પત્રક**

(રૂ. કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ (ડિસેમ્બર સુધી) |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર આધારિત વીજ દરો માટે સહાયકી | ૧૫.૧૩ | ૯.૮૯ |
- ૧૯૮૯ ના કામ પૂર્ણ થયેલ છે પરંતુ અરજદારો દ્વારા ટેસ્ટ રીપોર્ટ રજૂ થયેલ નથી જે રજુ થયેથી વીજ જોડાણ આપવામા આવશે.
- ૫ (પાંચ) કિસ્સામાં લાઇન નાંખવા બાબત પડોશી ખેડૂત દ્વારા વિવાદ ઉભો કરવામાં આવતા અને ૧૪ કિસ્સામાં ખેતરમાં ઉભા પાકનાં કારણે વીજ જોડાણ આપી શકાયેલ નથી.
- બાકીના તમામ કિસ્સાઓમાં કૃષિ વીજ જોડાણની કામગીરી પ્રગતિમાં છે.

---------

**અમરેલી શહેરમાં ઘેર ઘેર પાઈપલાઈન દ્વારા ગેસ પુરો પાડવાની કામગીરી**

* ૧૮૯૨૨ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૫ ની સ્થિતિએ અમરેલી શહેરમાં પાઈપલાઈન મારફતે ગેસ પહોંચાડવાની કામગીરી કયા તબક્કે છે,

(૨) અમરેલી શહેરમાં ઘરે ઘરે પાઇપલાઇન દ્વારા ગેસ પૂરો પાડવાની કામગીરી કઇ કંપનીને સોંપવામાં આવી,

**જવાબ**

(૧) અને (૨) કોઈપણ શહેર, તાલુકા તથા ગામમાં પીએનજી ઘર વપરાશનો ગેસ પૂરો પાડવા માટે પી.એન.જી.આર.બી. (પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ, ભારત સરકાર, નવી દિલ્હી) દ્વારા ઓથોરાઇઝેશન જરૂરી છે.

જીએસપીસી ગેસ કંપની દ્વારા અમરેલી જીલ્લામાં ગેસ નેટવર્ક (પીએનજી/ સીએનજી) ની સ્થાપના કરવા માટે પી.એન.જી.આર.બી.માં 6 જૂન 2011 ના રોજ EOI(Expression of Interest) જમા કરાવેલ હતો.

જેના સંદર્ભમાં જીએસપીસી ગેસ કંપની દ્વારા પી.એન.જી.આર.બી. નવી દિલ્હીને નીચેના પત્ર ક્રમાંકો દ્વારા અમરેલી જીલ્લા માટે PNGRB, નવી દિલ્હીની કચેરીને રજૂઆતો કરેલ છે.

(1) GSPC Gas/MOS-EPD/2011/1068, Dated 30/11/2011

(2) PNGRB/2012-13/10, Dated 28/03/2013

(3) GSPC Gas/ PNGRB/2013-14/6, Dated 30/10/2013

(4) GSPC Gas/ RA/2014-15/49, Dated 19/02/2015

હાલમાં અમરેલી શહેરમાં પાઇપલાઇન દ્વારા ગેસ કનેક્શન આપવા માટે કોઇ પણ શહેરી ગેસ વિતરણ કંપનીને પી.એન.જી.આર.બી.નું ઓથોરાઇઝેશન મળેલ નથી.

(૩) આ કંપની પાસેથી ફાયર સેફ્ટીના કાયદાના પાલન, ગ્રાહકોની સુરક્ષા માટે તથા કોઇ હોનારત સર્જાય ત્યારે તેને નિવારવા માટેની સંપૂર્ણ બાંહેધરી લેવામાં આવી છે કે કેમ, અને

(૪) કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે ?

(૩) હાલમાં અમરેલી શહેર માટે કોઇપણ સીજીડી કંપનીને ઓથોરાઇઝેશન આપેલ ન હોવાથી આ પ્રશ્ન લાગુ પડતો નથી.

(૪) પીએનજીઆરબી, નવી દિલ્હી દ્વારા આગામી છઠા બિડીંગ રાઉન્ડમાં અમરેલીનો સમાવેશ થવાની સંભાવના છે. ત્યારબાદની પ્રક્રિયાના પૂર્ણતાના આધારે સફળ સીજીડી કંપની દ્વારા આ કાર્યવાહી હાથ ધરી શકાય.

---------

**રાજ્યના વિદ્યુત મથકોની ક્ષમતા**

* ૧૮૬૩૧ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય ઉર્જામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧/૦૧/૨૦૧૫ની સ્થિતિએ રાજ્યના વિદ્યુત મથકો કેટલા મેગાવોટ વિજળી પેદા કરે છે ?

**જવાબ**

તા. ૩૧/૦૧/૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યની મહત્તમ વીજ માંગ ૧૧૯૦૮ મે.વો. રહેલ છે. તે દિવસે રાજ્યના સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર (SLDC)ના નિયંત્રણ હેઠળના રાજ્યમાં આવેલ વિદ્યુત મથકોમાં મેળવાયેલ વીજ ઉત્પાદનની વિગતો નીચે પ્રમાણે છે.

| ક્રમ | વિજ મથક | વીજળીનું મહત્તમ ઉત્પાદન (મે.વો.) |
|---|---|---|
| **અ** | **ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિ.** | |
| ૧ | ઉકાઇ થર્મલ પાવર સ્ટેશન | ૮૯૮ |
| ૨ | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન | ૫૨૪ |
| ૩ | વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન | ૭૬૦ |
| ૪ | કચ્છ લિગ્નાઇટ પાવર પ્લાન્ટ | ૨૩૯ |
| ૫ | સિક્કા થર્મલ પાવર પ્લાન્ટ | ૮૬ |
| ૬ | ઉત્તરાણ ગેસ પાવર પ્લાન્ટ | ૦ |
| ૭ | ધુવારણ ગેસ પાવર પ્લાન્ટ | ૦ |
| ૮ | ઉકાઇ જળ આધારિત વીજ મથક | ૧૫૪ |
| ૯ | કડાણા જળ આધારિત વીજ મથક | ૬૩ |
| **બ** | **રાજ્ય સરકાર હસ્તકના આઇપીપી** | |
| ૧૦ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી. હજીરા | ૭૦ |
| ૧૧ | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. | ૭૩ |
| ૧૨ | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (એસએલપીપી) | ૩૮૦ |
| ૧૩ | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (અકરીમોટા લિગ્નાઇટ પાવર પ્લાન્ટ) | ૧૯૯ |
| ૧૪ | જી.પી.પી.સી. પીપાવાવ. | ૦ |
| **ક** | **ખાનગી વીજ મથકો** | |
| ૧૫ | એ.ઇ.કંપની ટોરન્ટ પાવર | ૪૨૧ |
| ૧૬ | ચાઇના લાઇટ પાવર ઇન્ડીયા | ૦ |

| | | |
|---|---|---|
| ૧૭ | એસ્સાર પાવર લિમીટેડ. હજીરા | ૦ |
| ૧૮ | એસ્સાર પાવર ગુજરાત લિમીટેડ | ૯૦૯ |
| ૧૯ | સુજેન પાવર પ્લાન્ટ | ૨૮૦ |
| ૨૦ | અદાણી પાવર લિમીટેડ | ૩૯૧૫ |

---------

**દાંતા તાલુકામાં માર્બલ અને ગ્રેનાઇટની લીઝમાં ગેરકાયદેસર ખનન થતું રોકવા**

* ૧૯૪૩૪ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જીલ્લાના દાંતા તાલુકામાં માર્બલ તથા ગ્રેનાઇટની આવેલ લીઝોના મંજુર થયેલ લીઝ વિસ્તાર કરતાં વધુ વિસ્તારમાં ગેરકાયદેસર ખનન થતું રોકવા સરકાર તરફથી કોઇ તકેદારી રાખવામાં આવતી નથી તે હકીકત ખરી છે, | (૧) ના, જી |
| (૨) જો ના, તો રાખવામાં આવેલ તકેદારીની વિગતો શી છે, અને | (૨) જીલ્લા કચેરી દ્વારા લીઝ નિરીક્ષણ તથા નિયમિત તેમજ આકસ્મિક ચેકીંગ હાથ ધરી ખનીજ ખોદકામ/ વહન/ સંગ્રહની ચકાસણી કરી અનઅધિકૃતતા જણાતા કસુરદારો સામે કાર્યવાહી કરવામાં આવે છે. જીલ્લા કક્ષાએ કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં ટાસ્ક ફોર્સ સમિતિ અને તાલુકા કક્ષાએ ગ્રિવન્સ રીડ્રેસલ કમિટી રચવામાં આવી છે. |
| (૩) તકેદારી દરમ્યાન, તા. ૩૧/૦૧/૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એવા ગેરકાયદેસર ખનનના કેટલા કિસ્સાઓ પકડી પાડવામાં આવ્યા? | (૩) ગેરકાયદેસર ખનનના ૦૨ કિસ્સા પકડી પાડવામાં આવ્યા. |

---------

**અરવલ્લી જિલ્લામાં રેતી ખનીજ પેટે થયેલ આવક**

* ૧૯૪૮૮ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જીલ્લામાં તાલુકાવાર વર્ષવાર રેતી ખનિજ પેટે કેટલી આવક થઇ,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર વર્ષવાર રેતી ખનીજ પેટે થયેલ આવક (રૂ. લાખમાં) નું પત્રક નીચે મુજબ છે.

| અનું | તાલુકાનું નામ | તા.૧-૨-૧૩ થી તા.૩૧-૧-૧૪ | તા.૧-૨-૧૪ થી તા.૩૧-૧-૧૫ |
|---|---|---|---|
| ૧ | મોડાસા | ૦.૨૫ | ૧૦.૬૬ |
| ૨ | માલપુર | ૦ | ૧.૪૪ |
| ૩ | બાયડ | ૪.૪૩ | ૧.૧૬ |
| ૪ | ધનસુરા | ૧.૯૧ | ૭.૭૪ |
| ૫ | ભીલોડા | ૦.૪૭ | ૪.૨૩ |
| ૬ | મેઘરજ | ૦ | ૧.૨૫ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રોયલ્ટી ન ભરવાના તાલુકાવાર કુલ કેટલા કેસો કરવામાં આવ્યા,

(૩) તે પૈકી માલપુર અને બાયડ તાલુકામાં રોયલ્ટીના કેસ કરેલ તેમાંથી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઇ, અને

(૨) અને (૩) રાજ્ય સરકારે એડવાન્સ રોયલ્ટી પદ્ધતિ અમલમાં મુકેલ હોઇ રોયલ્ટી ન ભરવાના કેસો થયેલ નથી.

(૪) રોયલ્ટીની ચોરી અટકાવવા સરકાર દ્વારા શા

(૪) ખનિજ / રોયલ્ટીની ચોરી અટકાવવા જિલ્લા

પગલા ભરવામાં આવે છે ?

કચેરી દ્વારા લીઝ નિરિક્ષણ તથા નિયમિત તેમજ આકસ્મિક ચેકીંગ હાથ ધરી ખનીજ ખોદકામ/ વહન / સંગ્રહ ની ચકાસણી કરી બિન અધિકૃતતા જણાતા કસુરદારો સામે કાર્યવાહી કરવામાં આવે છે. આ ઉપરાંત જિલ્લા કક્ષાએ કલેકટરશ્રીની અધ્યક્ષતામાં ટાસ્કફોર્સ તથા ગ્રિવન્સ રીડ્રેસલ કમિટીની બેઠક યોજી ખનીજ ચોરી અટકાવવા તકેદારી રાખવામાં આવે છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત વીજ સબસ્ટેશનો**

* ૧૯૧૯૭ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કુલ કેટલા વીજ સબસ્ટેશનો કાર્યરત છે,

(૨) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ઉક્ત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું, અને

(૩) તે પૈકી કેટલા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યાં ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કુલ ૧૩૭ વીજ સબસ્ટેશનો કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં, વર્ષ ૨૦૧૩ દરમ્યાન ૮(આઠ) અને વર્ષ ૨૦૧૪ દરમ્યાન ૯(નવ) એમ કુલ ૧૭(સત્તર) નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું.

(૩) તે પૈકી આયોજન કરેલા તમામે તમામ નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

---------

**પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણની અરજીઓ**

* ૧૮૯૧૦ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ વિષયક વીજ જોડાણ માટેની કેટલી અરજીઓ મળી હતી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ ક્યા કારણોસર વીજ જોડાણ આપવાના બાકી છે ?

**જવાબ**

(૧) કૃષિ વીજજોડાણ મેળવવા માટે તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ૯૪૯ અરજીઓ અને બનાસકાંઠા જિલ્લામાં ૪૭૪૬ અરજીઓ મળેલ હતી.

(૨) પાટણ જિલ્લાના તમામ તાલુકા અગાઉ ડાર્કઝોન વિસ્તારમાં સમાવિષ્ટ હતા. જેમાં અગાઉના વર્ષોની નોંધાયેલ અરજીઓની કામગીરી પ્રગતિ હેઠળ હોઇ ઉક્ત સ્થિતિએ નોંધાયેલ અરજીઓની કામગીરી હાથ ધરવાની બાકી છે.

બનાસકાંઠા જિલ્લામાં દાંતા સિવાયના તમામ તાલુકાઓ અગાઉ ડાર્કઝોનમાં સમાવિષ્ટ હતા. દાંતા તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૨૮૫ અરજીઓ મળી તે પૈકી ૧૨૨ અરજીઓ રદ કરેલ અને ૪૯૬ વીજ જોડાણ આપવામાં આવેલ અને ૬૬૭ અરજીઓ પડતર છે. તે સિવાયના તમામ તાલુકાઓમાં અગાઉ નોંધાયેલ અરજીઓની કામગીરી સાથે ઉક્ત સ્થિતિએ નોંધાયેલ અરજીઓની કામગીરી પણ પ્રગતિમાં છે.

---------

**ગુજરાતના વેપારીઓએ ચૂકવેલા કેન્દ્રિય વેચાણવેરામાં ઇનપુટ ટેક્સ ક્રેડીટ આપવા રજુઆત**

* ૧૯૩૬૬ **શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગુજરાતના વેપારીઓએ ચૂકવેલા કેન્દ્રિય વેચારણવેરા–સીએસટી પર બે ટકાની ઇનપુટ ટેક્સ ક્રેડીટ આપવા માટે કેન્દ્ર સરકારમાં તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યારે ક્યારે રજુઆત કરી, અને

**જવાબ**

(૧) આ બાબતે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારમાં કોઇ રજુઆત કરેલ નથી.

(૨) કરેલ રજુઆત અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા શો પ્રતિભાવ ક્યારે મળ્યો ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં વેટની આવક**

* ૧૯૫૫૫ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં તાલુકાવાર રાજ્ય સરકારને વેટની કેટલી આવક થઇ, અને

(૨) તે પૈકી કેટલી રકમ રાજ્ય સરકારે બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતો માટે તથા ગરીબ પ્રજાના આરોગ્ય અને શિક્ષણના ઉત્કર્ષ માટે વાપરી છે ?

**જવાબ**

(૧) **(રકમ રૂપિયા કરોડમાં)**

| **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૧૨-૧૩** | **વર્ષ ૨૦૧૩-૧૪** |
|---|---|---|
| પાલનપુર | ૧૦૨.૨૯ | ૧૨૦.૭૭ |
| વડગામ | ૨.૯૬ | ૨.૮૯ |
| દાંતા | ૫.૨૬ | ૪.૦૦ |
| અમીરગઢ | ૬.૯૭ | ૪.૬૫ |
| વાવ | ૦.૦૩ | ૦.૦૩ |
| થરાદ | ૧૧.૪૬ | ૧૨.૪૧ |
| ધાનેરા | ૧૫.૧૬ | ૧૭.૩૭ |
| દાંતીવાડા | ૦.૦૨ | ૦.૦૩ |
| ડીસા | ૬૨.૭૮ | ૭૦.૫૮ |
| દિયોદર | ૮.૭૨ | ૧૦.૯૨ |
| ભાભર | ૧૦.૦૬ | ૧૧.૮૦ |
| કાંકરેજ | ૨.૮૪ | ૩.૭૩ |

(૨) રાજ્યના નાણાકીય સંસાધનોની ફાળવણી રાજ્યના સર્વાંગી વિકાસની નીતિ અનુસાર કરવામાં આવે છે, જેમાં ખેડૂતોના હિતોનો પણ સમાવેશ થાય છે.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખેતી વિષયક વિજ જોડાણની અરજીઓ**

* ૧૯૫૬૫ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ અને સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં ખેતી વિષયક વિજ જોડાણની તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) એમાંથી છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અને જિલ્લાવાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ઓ.બી.સી. જાતિ ના કેટલા ખેડૂતોને વિજ જોડાણ આપવામાં આવ્યું, અને

(૩) એમાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ઓ.બી.સી. જાતિના ખેડૂતોને ખેતી વિષયક વિજ જોડાણ આપવા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

કૃષિ વીજ જોડાણની નોંધણી અને મંજૂરીની કાર્યવાહી જાતિ આધારે નહીં પરંતુ ખેડૂત હોવાના આધારે કરવામાં આવે છે, તદ્અનુસાર તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લાનાં ભિલોડા અને મેઘરજ તાલુકામાં તથા સાબરકાંઠા જિલ્લાનાં ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં કૃષિ વીજ જોડાણ મેળવવા માટે મળેલ અરજીઓ, આપવામાં આવેલ વીજ જોડાણ અને તે માટે થયેલ ખર્ચની માહિતી નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **કૃષિ વીજ જોડાણ મેળવવા માટે મળેલ અરજીઓ** | **આ અરજીઓ પૈકી આપવામાં આવેલ વીજ જોડાણ** | **છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ કુલ વીજ જોડાણ** | **તે માટે થયેલ ખર્ચ (રૂપિયા લાખમાં)** |
|---|---|---|---|---|
| ભિલોડા | ૧૪૨૬ | ૬૩૩ | ૨૧૨૪ | ૨૯૩૬.૬૯ |
| મેઘરજ | ૬૪૭ | ૦૦ | ૧૦૮૮ | ૨૪૪૯.૪૩ |
| ખેડબ્રહ્મા | ૭૩૮ | ૩૨૬ | ૮૯૪ | ૧૪૬૨.૪૦ |
| વિજયનગર | ૮૯૧ | ૪૩૯ | ૯૦૭ | ૧૧૬૯.૭૦ |

---------

## મહીસાગર જિલ્લામાં ખેતીવાડી ફીડરોમાં હાઇવોલ્ટેજ ડીસ્ટ્રીબ્યુશન સિસ્ટમ લગાડવા બાબત

* ૧૯૨૫૭ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૫ ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં કેટલા તાલુકાઓમાં ક્યા ખેતીવાડી ફીડરોમાં હાઇવોલ્ટેજ ડીસ્ટ્રીબ્યુશન સિસ્ટમ લગાડવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ક્યા ખેતીવાડી ફીડરોમાં હાઇવોલ્ટેજ ડીસ્ટ્રીબ્યુશનની સિસ્ટમ લગાડવાનું બાકી છે, અને

(૩) બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં કુલ ૬ તાલુકાઓમાં ૨૧ કૃષિ ફીડરોમાં હાઇવોલ્ટેજ ડીસ્ટ્રીબ્યુશન સિસ્ટમ (એચ.વી.ડી.એસ.) સ્થાપિત કરવામાં આવેલ છે. જ્યારે ૮ ફીડરોમાં એચ.વી.ડી.એસ. સ્થાપિત કરવાની કામગીરી પ્રગતિમાં છે. જે શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. તાલુકાવાર માહિતી સામેલ **પત્રક–અ** મુજબ છે.

**પત્રક–અ**

| ક્રમ | તાલુકાનું નામ | કૃષિ ફીડરનું નામ | કામગીરીની વિગત |
|---|---|---|---|
| ૧ | ખાનપુર | નરોડા | કામગીરી પૂર્ણ |
| ૨ | | પાંડરવાડા | ,, |
| ૩ | | ડોલરીઆ | ,, |
| ૪ | લુણાવાડા | રાબડીયા | ,, |
| ૫ | | ઉંદરા | ,, |
| ૬ | | હાડોડ | ,, |
| ૭ | | કીડીઆ | ,, |
| ૮ | | લાલસર | ,, |
| ૯ | સંતરામપુર | મોવાસા | ,, |
| ૧૦ | | રતનપુર | ,, |
| ૧૧ | બાલાસિનોર | કંબોપા | ,, |
| ૧૨ | કડાણા | સંઘરી | ,, |
| ૧૩ | | ડીટવાસ | ,, |
| ૧૪ | | મોટા ઘરોળા | ,, |
| ૧૫ | વિરપુર | રામપુરા | ,, |
| ૧૬ | | જોધપુર | ,, |
| ૧૭ | | ભાટપુર | ,, |
| ૧૮ | | રડિયાટા | ,, |
| ૧૯ | | ડેભારી (ડી) | ,, |
| ૨૦ | | કાયાડેમ | ,, |
| ૨૧ | | ભરોડી | ,, |
| ૨૨ | લુણાવાડા | ચાવડીયા | કામગીરી પ્રગતિમાં |
| ૨૩ | | કડાચલા | ,, |
| ૨૪ | સંતરામપુર | ધૂણીયા | ,, |
| ૨૫ | | કાળીબેલ | ,, |
| ૨૬ | | મોરા | ,, |
| ૨૭ | બાલાસિનોર | જનોડ | ,, |
| ૨૮ | | વનોડા | ,, |
| ૨૯ | | કઢૈયા | ,, |

---------

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સબડીવીઝનમાં વીજ ચોરી

તા.૨૭મી માર્ચ ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

* ૧૮૬૮૧ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સૌથી વધુ વીજલોસ (વીજચોરી) ક્યા સબડીવીઝનમાં છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં દરબારગઢ સબ ડીવીઝનમાં તથા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કલ્યાણપુર સબ ડીવીઝનમાં સૌથી વધુ વીજલોસ નોંધાયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ વીજલોસ (વીજચોરી) અટકાવવા સરકારે છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધા ? | (૨) બંને સબ ડીવીઝનમાં વીજલોસ ઘટાડવા નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>(૧) છેલ્લા બે વર્ષમાં વીજ ચેકીંગની કાર્યવાહી અંતર્ગત ૨૭૩૬ વીજ ચોરીના કિસ્સા નોંધી રૂ.૨૧૦.૭૮ લાખની વીજ ચોરી પકડવામાં આવી.<br>(૨) એચ.વી.ડી.એસ. અંતર્ગત પાંચ કેવીએના ૯૦ ટ્રાન્સફોર્મર લગાડવામાં આવ્યા.<br>(૩) ૩૪.૬૫ કિ.મી. એલ.ટી. લાઇન પર ઇન્સ્યુલેટેડ એરીયલ બન્ચ કેબલ લગાડવામાં આવ્યા.<br>(૪) ૩૦૩૩ નંગ ખામીયુક્ત મીટરો બદલવામાં આવ્યા.<br>(૫) ૪૪૯૦ કનેકશનોમાં આર્મર્ડ સર્વીસ વાયર લગાડવામાં આવ્યા.<br>(૬) ૨૦૪૦ કનેકશોનોમાં જુની ક્ષતિગ્રસ્ત સર્વીસ લાઇન બદલવામાં આવી.<br>(૭) ૨૨૪૯ પી.ડી.સી. કનેકશનોના રીચેકીંગ હાથ ધરવામાં આવ્યા અને ડેડ વીજ લાઇનોના ગાળા ઉતારી લેવામાં આવ્યા.<br>(૮) લોડ વેરીફીકેશનની તપાસ માટે ૫૦૭ કૃષિ વીજજોડાણો ચેક કરવામાં આવ્યા.<br>(૯) બાવન સ્થળોએથી ખેતીવાડી ફીડર અને જ્યોતિગ્રામ ફીડરોના ક્રોસીંગ દૂર કરવામાં આવ્યા. |

---------

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ખેતી વિષયક વીજ કનેકશનો આપવા બાબત

* ૧૯૫૫૨ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ખેતી વિષયક વીજ કનેકશનના એસ્ટીમેટ ભરાઇ ગયેલ હોય તેવા કેટલાં વીજ કનેકશનો છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર આપવામાં આવેલ છે અને કેટલાં આપવાના બાકી છે, અને | (૧) સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ કૃષિ વીજ જોડાણો અને એસ્ટીમેટની રકમ ભરાયા છતાં આપવાનાં બાકી વીજ જોડાણોની તાલુકાવાર માહિતી સામેલ **પત્રક–અ** મુજબ છે. |
| (૨) આ ખેતી વિષયક વીજ કનેકશનો માટે એસ્ટીમેટ ભરાયા બાદ કેટલાં સમયમાં વીજ કનેકશન આપવાનું હોય છે ? | (૨) કૃષિ વીજ જોડાણો માટે એસ્ટીમેટ ભરાયા બાદ વિવાદાસ્પદ કિસ્સાઓ સિવાય ક્રમાનુસાર વીજ જોડાણ આપવા આવશ્યક વીજ વિતરણ માળખું ઉભું કરી સામાન્ય સંજોગોમાં નિર્ધારિત ૧૨૦ દિવસની સમય મર્યાદામાં વીજ જોડાણ આપવાનું હોય છે. |

**પત્રક–અ**

**સાબરકાંઠા જિલ્લો**

| **તાલુકો** | **છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણો** | **એસ્ટીમેટની રકમ ભરાયા છતાં પડતર અરજીઓ** | |
|---|---|---|---|
| | | **અરજદારો દ્વારા ટેસ્ટ રીપોર્ટ રજૂ થયેલ ન હોઇ પડતર અરજીઓ** | **કામગીરી પ્રગતિ હેઠળની અરજીઓ** |
| ઇડર | ૧૫૯૧ | ૨૨૯ | ૪૨૬ |

| | | | |
|---|---|---|---|
| હિંમતનગર | ૧૮૪૫ | ૧૩૦ | ૧૫ |
| પ્રાંતિજ | ૯૦૧ | ૯૯ | ૧૧ |
| તલોદ | ૭૮૮ | ૧૦૩ | ૨૬૮ |
| વડાલી | ૯૫૧ | ૨૫ | ૫ |
| ખેડબ્રહ્મા | ૭૬૦ | ૫૧ | ૫૧ |
| પોશીના | ૨૭૨ | ૨ | ૯૦ |
| વિજયનગર | ૬૯૭ | ૬૩ | ૬ |

**અરવલ્લી જિલ્લો**

| તાલુકો | છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણ | એસ્ટીમેટની રકમ ભરાયા છતાં પડતર અરજીઓ | |
|---|---|---|---|
| | | અરજદારો દ્વારા ટેસ્ટ રીપોર્ટ રજૂ થયેલ ન હોઈ પડતર અરજીઓ | કામગીરી પ્રગતિ હેઠળની અરજીઓ |
| મેઘરજ | ૫૨૯ | ૭૯૫ | ૨૫૧ |
| મોડાસા | ૮૬૨ | ૨૬૯ | ૫૩૪ |
| બાયડ | ૮૨૧ | ૨૫૦ | ૨૪૬ |
| ધનસુરા | ૪૬૧ | ૧૭૫ | ૫૩ |
| માલપુર | ૧૧૯૫ | ૪૨૩ | ૪૨ |
| ભિલોડા | ૧૩૨૩ | ૭૭ | ૧૩ |

**રાજ્યમાં કાર્યરત / બંધ વિજમથકો**

* ૧૮૯૨૩ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની માલિકીનાં કેટલા વિજ મથકો પૈકી કેટલા કાર્યરત અને કેટલા બંધ હાલતમાં હતા, તેમજ બંધ રહેવાના કારણો શા હતા, અને

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની માલિકીનાં કાર્યરત વીજ મથકોની માહિતી નીચે પ્રમાણે છે.

| અ.નં. | વિજમથકનું નામ |
|---|---|
| **અ.** | **રાજ્ય સરકાર હસ્તકની સરકારી વીજ કંપની ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિ.** |
| ૧. | ઉકાઇ થર્મલ પાવર સ્ટેશન |
| ૨. | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન |
| ૩. | વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન |
| ૪. | કચ્છ લિગ્નાઇટ પાવરપ્લાન્ટ |
| ૫. | સિક્કા થર્મલ પાવરપ્લાન્ટ |
| ૬. | ઉત્તરાણ ગેસ પાવર પ્લાન્ટ |
| ૭. | ધુવારણ ગેસ પાવર પ્લાન્ટ |
| ૮. | ઉકાઇ જળ આધારિત વીજમથક |
| ૯. | કડાણા જળ આધારિત વીજમથક |
| **બ.** | **રાજ્ય સરકાર હસ્તકના આઇપીપી** |
| ૧૦. | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી., હજીરા |
| ૧૧. | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. |
| ૧૨. | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (એસએલપીપી) |
| ૧૩. | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (અકરીમોટા લિગ્નાઇટ પાવર પ્લાન્ટ) |
| ૧૪. | જી.પી.પી.સી. પીપાવાવ |

ઉપર્યુક્ત વિગતે દર્શાવ્યા મુજબના તમામ વીજ મથકો તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હતા. અને સામાન્ય રીતે રીઝર્વ શટડાઉન માં તથા લો ડીમાન્ડમાં બંધ રહેલ તમામ વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોય છે. પરંતુ વિજ ઉત્પાદનનો સંગ્રહ શકય નથી અને માંગને લક્ષમાં રાખીને ઉત્પાદન કરવું પડે છે. આમ, વિજ ઉત્પાદન જે તે સમયના વપરાશ/માંગને આધારિત હોય છે અને આ સ્થિતિ દરેક દિવસે દરેક ક્ષણે બદલાતી રહે છે. સામાન્ય રીતે વીજ મથકોમાંથી ઉત્પાદન મેળવવાનું ચાલુ છે પરંતુ આકસ્મિક રીતે ખોટકાઈ જવું, સમારકામની જરૂરીયાત, બળતણ ઉપલબ્ધ ન હોય તેવા કપરા સંજોગોમાં પ્લાન્ટને બંધ રાખવા પડે છે. તેમજ જે તે સમયે સીસ્ટમની જરૂરીયાત પ્રમાણે નામદાર વીજ નિયમન આયોગના મેરીટ ઓર્ડર રેગ્યુલેશન મુજબ જરૂરીયાત પ્રમાણે ઉત્પાદન કરવામાં આવતું હોય છે. તેથી જો

સીસ્ટમની જરૂરીયાત ન હોય તો મેરીટ ઓર્ડર પ્રમાણે વિજ એકમો વિજ ઉત્પાદન માટે ઉપલ્બધ હોવા છતાં લો ડીમાન્ડના અનિવાર્ય કારણોસર તત્પુરતા સમય માટે હંગામી ધોરણે બંધ અથવા જે તે સમયની જરૂરીયાત મુજબ અંશતઃ કાર્યરત રાખવા પડે છે.

(૨) ઉક્ત સ્થિતિએ તેની વિજ ઉત્પાદનની ક્ષમતા કેટલી હતી અને કેટલી વિજળીનું ઉત્પાદન કરવામાં આવ્યું ?

(૨) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકારની માલિકીનાં વિજ મથકોની વીજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) અને તે દિવસે વીજ ઉત્પાદન (મિલીયન યુનીટ) નીચે પ્રમાણે છે.

| નં. | વિજ મથકનું નામ | ઉત્પાદન ક્ષમતા (મે.વો.) | વીજ ઉત્પાદન (મિ.યુ.) |
|---|---|---|---|
| અ | રાજ્ય સરકાર હસ્તકની સરકારી વીજ કંપની ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રી સીટી કોર્પોરેશન લિ. | | |
| ૧ | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન | ૧૩૫૦ | ૧૬.૭૭૮ |
| ૨ | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન | ૮૭૦ | ૧૧.૭૦૫ |
| ૩ | વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન | ૧૪૭૦ | ૧૫.૭૬૦ |
| ૪ | કચ્છ લિગ્નાઈટ પાવર પ્લાન્ટ | ૨૯૦ | ૩.૭૬૦ |
| ૫ | સિક્કા થર્મલ પાવર પ્લાન્ટ | ૨૪૦ | ૨.૦૪૨ |
| ૬ | ઉત્તરાણ ગેસ પાવર પ્લાન્ટ | ૫૧૦ | ૦ |
| ૭ | ધુવારણ ગેસ પાવર પ્લાન્ટ | ૨૧૯ | ૦ |
| ૮ | ઉકાઈ જળ આધારિત વીજમથક | ૩૦૫ | ૨.૩૫૬ |
| ૯ | કડાણા જળ આધારિત વીજમથક | ૨૪૨ | ૦.૮૭૮ |
| બ | રાજ્ય સરકાર હસ્તકના આઇપીપી | | |
| ૧૦ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી. હજીરા. | ૫૦૭ | ૧.૩૪૪ |
| ૧૧ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. | ૩૧૦ | ૧.૭૧૦ |
| ૧૨ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી.(એસએલપીપી) | ૫૦૦ | ૮.૫૭૦ |
| ૧૩ | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (અકરીમોટા લિગ્નાઈટ પાવર પ્લાન્ટ) | ૨૫૦ | ૪.૭૧૪ |
| ૧૪ | જી.પી.પી.સી. પીપાવાવ | ૭૨૦ | ૦ |

## વલસાડ જિલ્લામાં કુટિર ઉદ્યોગોના રજિસ્ટ્રેશન

* ૧૮૬૩૨ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કુટિર ઉદ્યોગોના કેટલા રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલા કાર્યરત થયા અને કેટલા પ્રગતિમાં છે?

**જવાબ**

(૧) કુટિર ઉદ્યોગનું રજિસ્ટ્રેશન કરવાની જોગવાઈ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્યમાં કરવેરા પેટે મળેલ રકમ

* ૧૮૯૧૧ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકારને કરવેરા પેટે કેટલી રકમ મળી, અને

(૨) ઉકત સ્થિતિએ કેન્દ્રીય કરવેરામાંથી કેટલી રકમો મળી?

**જવાબ**

(૧) ૨૦૧૩-૧૪ના વર્ષમાં રાજ્ય સરકારને કરવેરા પૈકી મુખ્ય કરવેરા પેટે રૂ. ૫૫૭૧૩.૨૭ કરોડ તથા ૨૦૧૪-૧૫ ના વર્ષમાં ૩૧-૧૨-૨૦૧૪ સ્થિતિએ રૂ. ૪૫૫૬૨.૧૫ કરોડની આવક થઈ.

(૨) કેન્દ્રિય કરવેરામાંથી રાજ્યને સને ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં નીચે મુજબ રકમનો હિસ્સો મળેલ છે.

| વર્ષ | રકમ રૂ.(કરોડમાં) |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૯૭૦૧.૯૩ |
| ૨૦૧૪-૧૫ (તા.૩૧-૧૨-૨૦૧૪ સુધી) | ૭૫૧૬.૭૪ |

---------

## પોઇન્ટ ઓફ ઓર્ડર
## સભાગૃહમાં બનેલ ઘટના અંગે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. ગઇકાલે આ સન્માનનીય સભાગૃહની અંદર જે પ્રમાણેની ઘટના થઇ, એના સંદર્ભમાં મારે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરવો છે. મારો મુદો એ છે કે આપણું ગુજરાત એ મહાત્મા ગાંધીનું ગુજરાત, સરદાર વલ્લભભાઇ પટેલનું ગુજરાત, સંસદીય પ્રણાલિના પ્રણેતા એવા પુરુષોત્તમ માવલંકરનું ગુજરાત. આ ગુજરાતની અંદર ગઇકાલે સંસદીય કાર્યરીતિને લાંછનરુપ, લોકશાહીના મંદિર સમા આ વિધાનસભા ગૃહનું અનાદર થયું છે. ગંભીર પ્રકારના બનાવો બન્યા અને કોઇપણ સંજોગોમાં ન ચલાવી શકાય. જેને લોકશાહીમાં વિશ્વાસ છે, ભરોસો છે, તેવા તમામ લોકોનું માથું શરમથી ઝૂકી જાય તે પ્રમાણેની ઘટનાઓ બની. તોફાનો, પ્રદર્શનો, સૂત્રોચ્ચાર અને કલંકિત ઘટના બની. આના સંદર્ભમાં જ્યારે માનનીય અધ્યક્ષશ્રી દ્વારા એમનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો. અને એમના નિર્ણય પછી એમના ઉપર ડૂચા ફેંકવામાં આવ્યા, ગાદીઓ ફેકવામાં આવી અને હેડફોન ફેકવામાં આવ્યા અને વિધાનસભાના સચિવ અને મહિલા અધિકારી જે બેઠા હતા એ બધાને અભદ્ર ભાષાની અંદર શબ્દોચ્ચાર કરીને હાઉસનું વાતાવરણ કલુષિત કરવા માટેના પ્રયાસ કરવામાં આવ્યા. ત્યાંથી બહાર નીકળીને માનનીય અધ્યક્ષશ્રી અને માનનીય ઉપાધ્યક્ષ બંને ઓફિસ વચ્ચેનો જે ભાગ છે, સમગ્ર ભાગને તોડફોડ કરીને સમગ્ર વિધાનસભા સંકૂલને બાનમાં લેવા માટેના વરવા પ્રદર્શનો થયા. અમે ભારતીય જનતા પાર્ટીના સૌ ધારાસભ્યો વર્ષોથી ગુંડાતત્વો સામે લડતા લડતા આ સૃભાગૃહની અંદર આવ્યા છીએ. આસૂરી તત્વોને હરાવવાનું કામ એ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા તરીકે અમે કરીએ છીએ. છેલ્લી પાંચ ચૂંટણીથી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતની અંદર બને છે, પરંતુ સીધી રીતે પ્રજાનો જનમત જેને મળતો નથી તેવા લોકો આ વિધાનસભા ગૃહની અંદર પોતાની મનોવૃત્તિના વિકૃત પ્રદર્શનો કરે છે. ત્યાંથી અટકીને નહિ, ભૂતકાળમાં માનનીય અધ્યક્ષશ્રીના અનેક નિર્ણયો છે અને આ અનેક નિર્ણયોમાં ૨૦૦૮ થી ૨૦૧૨ માં જે નિર્ણય ક્રમાંક-૭ અને નિર્ણય ક્રમાંક-૭ ના પાના નં. ૧૨ માં ગુજરાતની પ્રજાની સાર્વજનિક મિલકત સાચવવાની જવાબદારી એ લોક પ્રતિનિધિની છે. હું આખું નથી વાંચતો, પરંતુ એ વખતના માનનીય અધ્યક્ષશ્રી અશોકભાઇ ભટે ચુકાદો આપ્યો હતો. એમાં આ સભાગૃહની મિલકત એ સાર્વજનિક મિલકત છે, ગુજરાતની પ્રજાની મિલકત છે. આપણે લોકપ્રતિનિધિ તરીકે જ્યારે આ સભાગૃહમાં આવીએ છીએ ત્યારે સમગ્ર સાર્વજનિક મિલકતોને સાચવવાની જવાબદારી આપણી છે. લોક પ્રતિનિધિ તરીકે આપણે ગાંધી વિચાર ધારાને વરેલા છીએ. ટ્રસ્ટીશીપની ભાવના સાથે જોડાયેલા છીએ અને એ જ સભ્યો જ્યારે આ સભાગૃહની અંદર બેઠા હોય ત્યારે એનું વર્તન જવાબદારીપૂર્વકનું હોય અને પ્રજાની મિલકતને નુકસાન કરતું હોય તો લોકપ્રતિનિધિની ફરજ રહે છે કે એને રોકવું, પરંતુ જ્યારે લોકપ્રતિનિધિ પોતે જ એ મિલકતને નુકસાન કરતા હોય, ત્યારે એ બાબત અત્યંત ગંભીર અને દુઃખદ ગણાય. ગઇકાલે માઇક તોડ્યા, જેના માટે મારે વસૂલાતના હુકમો કરવા પડ્યા. એ પ્રમાણેનો એમનો પેઇજ નં. ૫૨ ઉપરનો નિર્ણય ક્રમાંક-૩૨ માં સભાગૃહના સભ્યોને તોફાન કરી મિલકતોને નુકસાન કરે તો નુકસાન કરનાર સભ્યશ્રીએ નુકસાનીની ભરપાઇ કરવી પડે. ઉત્તમ પ્રકારના માનનીય અધ્યક્ષશ્રી દ્વારા નિર્દેશો કરેલા છે અને આ પ્રમાણેના વરવા દ્રશ્યો સમગ્ર ગુજરાતની પ્રજા જોઇ રહી છે. ગઇકાલે કેવા સંજોગો હતા કે, પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયો અને ગુજરાતના ખેડૂતપુત્રી મુખ્યમંત્રી જેણે કમોસમી માવઠાના કારણે ગુજરાતના ખેડૂતોને થયેલા નુકસાનના સંદર્ભમાં ગુજરાતના ખેડૂતોના હિત માટે નિયમ-૪૪નું નિવેદન કર્યું. આ નિવેદન સ્વયં સ્પષ્ટ હતું. કોંગ્રેસના મિત્રો જાણતા હતા કે આજે ગૃહ વિભાગની ચર્ચા છે છતાં પણ તેમણે પૂરક પ્રશ્નો ઉભા કર્યા અને માનનીય કૃષિમંત્રીશ્રીએ તેના જવાબો આપ્યા. આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ આપણને વર્ષોથી આપણી માગણી હતી તે પ્રમાણેની ખાણ આપી. ૩૦ વર્ષ સુધી કોલસાનો પ્રશ્ન પતી જવાનો છે. તેના સંદર્ભમાં તેમણે પૂરક પ્રશ્નો કર્યા. તેમના એક એક ધારાસભ્યે મારો તાલુકો કયાં છે તેનો પ્રશ્ન કર્યો. માનનીય નીતિનભાઇએ તેના જવાબો આપ્યા. ગઇકાલે આપણને ખબર હતી અને કામકાજ સલાહકાર સમિતિમાં નિર્ણય લેવાયો હતો કે પાંચ બિલ હાથ ઉપર લેવા અને પૂર્ણ કરવા, તે પૂર્ણ કરવામાં તેમના જ દંડકશ્રીએ કહ્યું હતું કે જરૂર પડયે આપણે સમય વધારીશું. તે પ્રમાણે આપના દ્વારા નિર્ણય લેવાયો અને ૩૦ મિનિટ જેટલો વધારે સમય થયો હતો. જે રિસેસ ૨.૩૦ વાગ્યા સુધી પડતી હતી તે ૩.૦૦ વાગ્યા સુધી પડી એટલે સમય અડધો કલાક વધારે થયો. એટલે બીજી બેઠક ૩.૦૦ વાગે શરૂ થઇ એટલે આપણે તે બેઠકનો સમય ૭.૦૦ વાગ્યાની જગ્યાએ ૭.૩૦ વાગ્યા સુધી કરવાના હતા. તેની અંદર આ ત્રણ મુદાની પ્રશ્નોત્તરીમાં તેમણે સમય વધાર્યો. પ્રોરેટા પ્રમાણે ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસને સમય આવતો હતો તેમ ગૃહ વિભાગની ચર્ચામાં ૨૦ મિનિટ ભારતીય જનતા પાર્ટી પાસે હતી, ૧૦ મિનિટ તેમની પાસે હતી. તેમને પોતાના પ્રવચનમાં ખબર હતી કે જે શબ્દો કાઢી નાંખવાના છે, જે શબ્દોના પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત થઇ શકે છે તેવા પ્રશ્નો ઉપસ્થિત કરીને વિધાનસનો સમય, પોતાને મળતો સમય પણ અસરકારક રજૂઆત કરવાને બદલે આ પ્રમાણે વાપર્યો. તે પછી બહાર જઇને તે પ્રમાણેના ઉદગારો કરે કે અમને કોંગ્રેસને મળવાપાત્ર સમય ન મળ્યો. તેની વાસ્તવિકતા આ છે. આ પ્રમાણેના દ્રશ્યો ઉભા કરી સમગ્ર હાઉસનું અવમાન, અપમાન અને વરવા દ્રશ્યો આ લોકશાહીનું કલંક છે. હું આપની પાસે અપેક્ષા રાખું કે ભવિષ્યમાં આ પ્રમાણેની કોઇ ઘટના ન બને અને જે પ્રમાણેનું નુકસાન કર્યુ છે તેને ગંભીરમાં ગંભીર સ્વરૂપે, ચેતવણીના સ્વરૂપે અને આ નુકસાનીની વસૂલાત કરવાનાં આપના દ્વારા આદેશ થાય તેવી આપની પાસેથી અપેક્ષા રાખું છું.

તા.૨૭મી માર્ચ ૨૦૧૫

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહજીએ ગઇકાલના દુઃખદ બનાવોનું વર્ણન કર્યુ છે. આ ગૃહની અંદર જે બન્યું તે આપણે બધાએ જોયું છે. તે આ સીસીટીવી કેમેરામાં દરેક ધારાસભ્યનું કૃત્ય રેકોર્ડીંગ થઇ ચૂકયું છે. એટલે તેને જયારે ઇચ્છીએ ત્યારે જોઇ શકીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના બધા સભ્યો બહાર ગયા અને માનનીય અધ્યક્ષશ્રીએ થોડોક સમય વિધાનસભા મુલતવી રાખી હતી. એટલે અમે મંત્રીશ્રીઓ અને ભારતીય જનતા પક્ષના અમારા બધા જ સાથી ધારાસભ્યો આ ગૃહમાં અહીં હાજર જ હતા. માનનીય કોંગ્રેસના મિત્રો બહાર ગયા અને ત્યાં જઇ પછી તેમણે જે તોફાન અને આતંક મચાવ્યો એની અમને તો ખબર જ ન હતી. અમે આ ગૃહ છોડીને બહાર નીકળ્યા ત્યારે અમને બતાવવામાં આવ્યું કે આ બધી તોડફોડ કોંગ્રેસના ધારાસભ્યો જે અહીંથી બહાર નીકળ્યા તેમણે આપની કચેરીમાં, માનનીય ઉપાધ્યક્ષશ્રીની કચેરીમાં તોડફોડ કરી. એ તો સારુ થયું કે ઉપાધ્યક્ષશ્રીના કર્મચારી મિત્રોએ, સ્ટાફે અંદરથી બારણા બંધ કરી દીધા એટલે અંદર જઇ ન શકયા, પરંતુ બીજા બારણેથી દાખલ થઇ અંદરની સ્ટોપર ખોલી તેમના કાર્યાલયમાં તોડફોડ કરી. એક ગંભીર બાબત મારે આપના ધ્યાન ઉપર મૂકવી છે કે સદનસીબે થોડા સમય માટે માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહ મુલતવી રાખ્યું હતું એટલે તે તેમની ચેમ્બરમાં ન્હોતા ગયા. માનનીય આત્મારામભાઇ અધ્યક્ષ તરીકેની કામગીરી સંભાળતા હતા ત્યારે થોડોક સમય ગૃહ મુલતવી રાખેલ હતું એટલે અધ્યક્ષશ્રીના સ્થાનની પાછળથી ચેમ્બરમાં અહીંયાં તે બેઠા હતા. કદાચ જો તેમની ચેમ્બરમાં ગયા હોત તો મને ચિંતા છે કે આ કોંગ્રેસના સભ્યો તેમની ઉપર હુમલો કરત અને તેમને શારીરિક નુકસાન કરતા તે રીતનું બેહુદુ, આક્રમક અને હિંસક વર્તન કોંગ્રેસના સભ્યોનું હતું. તેમની ઓફીસમાં તોડફોડ કરી, આપની ઓફીસમાં તોડફોડ કરી, અધ્યક્ષશ્રીની ઓફીસમાં જવાના રસ્તામાં જે કૂંડા હતા તે બધા જ કૂંડા તોડીફોડી નાંખ્યા. જે લાકડાના પાર્ટીશન કે જેનાથી શુસોભન થાય અને અવરજવરની વ્યવસ્થા જળવાય તેવા જે પાર્ટીશન મૂકયા છે તે બધા જ પાર્ટીશન તે લોકોએ તોડી નાંખ્યા. અને આ રીતે ૧૯૯૭ પછી મેં ગઇ કાલે પણ કહ્યું હતું કે રાજપા સરકાર બની ત્યારે અહીંયા આ લોકો જે હતા એમણે એ વખતે માઇકો તોડેલા, માનનીય અધ્યક્ષશ્રી, કમનસીબી તો જુઓ કે એ લોકોએ જે માઇકો વગેરે તોડ્યા પછી અમારા બધાના ટેબલે જે બધું મૂકવામાં આવતું હતું એ બધું પણ વિધાનસભા સચિવાલયે બંધ કર્યું. ત્યારે આવું જ્યારે કર્યું છે ત્યારે એક દાખલો બેસે, આ વિધાનસભા સંકૂલ એ આપના કાર્યક્ષેત્રમાં આવે છે ત્યારે અમને વિશ્વાસ છે કે અન્ય જે કાર્યવાહી કાયદાકીય થતી હશે, સરકારી માલ–મિલકતને નુકસાન કરવાની, સરકારી કર્મચારીઓ પર હુમલો કરવાની, અહીંયા વિધાનસભાના સચિવશ્રી અને એમના સાથીઓને પણ જે રીતે, અમે અહીંયા જ બેઠાં હતા અને જે રીતે ધમકાવતા હતા, ખરાબ વર્તનથી, વાણી–ભાષામાં બોલતા હતા એ આપણે હાઉસમાં સમજી ન શકીએ, વિચારી પણ ન શકીએ એવા શબ્દોનો ઉપયોગ કરતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, ચાર પાંચ દિવસ પહેલા બિલ આવ્યું કે, બહાર કોઇ એસ.ટી.ને તોડફોડ કરે, કોઇ હડતાલ વખતે કોઇ સરકારી મિલકતને નુકસાન કરે, કોઇ નગરપાલિકાની મિલકતને નુકસાન કરે તો એની રકમ વસૂલ કરવી એવી આપણે વિધાનસભામાં ચર્ચા કરીએ છીએ અને ગૃહના સભ્યો એમાં અનુમોદન આપે છે કે નગરપાલિકાની મિલકત હોય, પંચાયતની મિલકત હોય, કોરપોરેશનની મિલકત હોય, જિલ્લાની હોય, સરકારી હોસ્પિટલ હોય એમ કોઇ પણ ઇમારતને કોઇ નુકસાન કરે, દેખાવો કરવાનો લોકશાહીમાં અધિકાર છે. આંદોલન કરે, અહિંસક દેખાવો કરે અથવા વિધાનસભામાં કડકમાં કડક સૌમ્ય ભાષામાં વિવેકી ભાષામાં જેટલું બોલવું હોય એટલું બોલી શકે, પણ ગઇ કાલનું જે કૃત્ય છે એ પૂજ્ય મહાત્મા ગાંધીજીના ગુજરાતને કલંકિત કરનારું છે, લોકશાહીને કલંકિત કરનારું છે અને પાછું કાયમ દેખાવ તો એવો કરવાનો કે સંસદીય પ્રણાલિના સૌથી મોટા રક્ષક એજ છે, એ લોકો જ વિદ્વાન છે, એ લોકો જ કાયદાના જાણકાર છે એવો દેખાવ કરવાનો અને ભયંકર રીતે લોકશાહી પર આઘાત થાય એવું કૃત્ય કર્યું છે માટે માનનીય પ્રદિપસિંહજીએ જે દરખાસ્ત કરી છે કે નુકસાન વસૂલ કરવું એ માટે આપ કાર્યવાહી કરાવો એવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે, ગઇ કાલની જે ઘટના બની છે એ બાબતમાં, લોકશાહીના મંદિર સમા આ ગૃહમાં ગઇ કાલની જે અશોભનિય ઘટના બની છે એનાથી હું અત્યંત વ્યથિત થયો છું. જેમનું કાર્ય લોકશાહીની રક્ષા કરી ઉચ્ચતમ પ્રણાલિકાઓ પ્રસ્થાપિત કરી એક ઉત્તમ ઉદાહરણ બનવાનું છે એ જ પ્રજાના પ્રતિનિધિઓ ગુજરાતના ગૌરવને ન છાજે એવું વર્તન કરીને પ્રજા સમક્ષ જે ગુજરાતની ગરિમાને ન શોભે એવો સંદેશ મૂકીને મારી દ્રષ્ટિએ પોતાની જવાબદારીમાંથી ઉણા ઉતર્યા છે. જે ઘટના અતિ ગંભીર છે તે અંગે મેં ગઇ કાલે જ સરકારી મિલકતને થયેલ નુકસાનના અંદાજો મેળવવા તથા થયેલ નુકસાન અંગે પોલીસ ફરિયાદ નોંધાવવાના પણ હુકમો કર્યા છે અને તેના અનુસંધાને પોલીસ ફરિયાદ પણ નોંધવામાં આવી છે જે આ ગૃહને હું જાણ કરું છું. આ બાબતે માનનીય કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કરીને જે મુદા ઉપસ્થિત કર્યા છે એમાં માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પણ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે ત્યારે આ મુદો અતિ ગંભીર છે અને આ તમામ મુદાઓનો અભ્યાસ કરીને તેમજ પૂર્વ અધ્યક્ષોના નિર્ણયનો પણ અભ્યાસ કરીને અને વિડિયો ફૂટેજ જોઇને હું મારો નિર્ણય પછી જાહેર કરીશ.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ**

શ્રી રમણલાલ વોરા( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર

જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા સરકારની સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ (પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત પાવર કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ (ઉર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાવર કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત પ્રવાસ વિકાસ કંપનીનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ (પ્રવાસન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રવાસ વિકાસ કંપનીનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ (પ્રવાસન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ

શ્રી રજનીકાન્ત સો. પટેલ ( રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

બાયસેગ સેટેલાઇટ કોમ્યુનિકેશન કંપની લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ

શ્રી ગોવિંદભાઇ પટેલ ( રાજ્ય કક્ષાના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું બાયસેગ સેટેલાઇટ કોમ્યુનિકેશન કંપની લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોરપોરેશનના સન ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વાર્ષિક અહેવાલો

શ્રી રમણલાલ વોરા (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોરપોરેશનના સન ૨૦૧૦–૧૧અને ૨૦૧૧–૧૨ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલો તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૧–૧૨નો ઓડિટ અહેવાલ

શ્રી મંગુભાઇ પટેલ (પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૧–૧૨નો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ

તા.૨૭મી માર્ચ ૨૦૧૫

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત ઔધોગિક વિકાસ નિગમના સન ૨૦૧૪-૧૫ના સુધારેલા અંદાજો

શ્રી સૌરભભાઇ પટેલ (ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔધોગિક વિકાસ નિગમના સન ૨૦૧૪-૧૫ના સુધારેલ અંદાજો અને સન ૨૦૧૫-૧૬ના અંદાજો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સુધારેલા અંદાજો તથા અંદાજો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૨૦૧૦-૧૧નો વાર્ષિક અહેવાલ

શ્રી વિજયકુમાર ર. રૂપાણી (વાહન વ્યવહાર મંત્રીશ્રી) :માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૨૦૧૦-૧૧નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૧૩-૨૦૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી ( પાણી પુરવઠા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૧૩-૨૦૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૨૦૧૩-૨૦૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ.

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૨૦૧૩-૨૦૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેની અધિસૂચના

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેની તા. ૨૧-૧-૧૫ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૪)-વીએટી-(એસ-૫)(૨)(૪૨)-ઠ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના સન ૨૦૦૦ના ઇન્ફર્મેશન ટેકનોલોજી અધિનિયમ અન્વયેના જાહેરનામા

શ્રી ગોવિંદભાઇ પટેલ ( વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના સન ૨૦૦૦ના ઇન્ફર્મેશન ટેકનોલોજી અધિનિયમ અન્વયેના

(૧) તા. ૧૬-૮-૧૪ના જાહેરનામા ક્રમાંક-જીએસટી/૨/૨૦૧૪/આઇટીએ/૧૦/૨૦૧૨/જીઓઆઇ-૫૭-૧૧૫૦/આઇટી

(૨) તા. ૧૮-૨-૧૫ના જાહેરનામા ક્રમાંક- જીએસટી/૩/૨૦૧૫/આઇટીએ/ ૧૦/૨૦૧૨ / જીઓઆઇ -૫૭-૧૧૫૦/ આઇટી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

અંદાજ સમિતિના છઠ્ઠા અહેવાલની રજૂઆત

શ્રી કિરીટસિંહ જી. રાણા (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજ સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

**નાણા વિભાગ**

**માગણી ક્રમાંક-૧૫**

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગ સેવાને લગતી, નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૯,૪૭,૦૩,૦૦૦ની માગણી ક્રમાંકઃ ૧૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૧૬**

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ સેવાને લગતી, નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨,૩૫,૯૮,૧૨,૦૦૦ની માગણી ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૧૭**

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું તિજોરી અને હિસાબ વહીવટ સેવાને લગતી, નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૩૮,૩૮,૮૨,૦૦૦ની માગણી ક્રમાંકઃ ૧૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૧૮**

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભ સેવાને લગતી, નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૬૪,૨૦,૯૭,૪૩,૦૦૦ની માગણી ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.**

અધ્યક્ષશ્રીની જાહેરાત

ગિલોટીન અંગે

અધ્યક્ષશ્રી : અનુદાનો માટેની માગણીઓ પરની ચર્ચા અને મતદાન માટે આજે છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય સવારે ૮-૩૦ થી ૧-૦૦ વાગ્યા સુધીનો ઠરાવવામાં આવ્યો છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૨૮(૨) મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલા અનુદાનો માટેની માગણી પરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય. આ જોગવાઇ અનુસાર આજે બપોરના ૧૨-૦૦ વાગ્યે અનુદાનો માટેની માગણી પરની ચર્ચાઓનો અંત આવશે અને જે માગણીઓ પર ચર્ચા ચાલતી હશે તે અને તે સિવાયની બાકી રહેલી બીજી તમામ માગણીઓ એકી સાથે સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા(સુરત-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ વર્ષ સન ૨૦૧૫-૧૬ માટે નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૯,૪૭,૦૩,૦૦૦ ની માગણી લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું.

નાણા વિભાગનું અસરકારક સંચાલન કરતા અધિકારીઓ અને તેના હાથ નીચે કામ કરતા કર્મચારીઓને લગતું આ ખર્ચ અને એમની કચેરીના સંચાલનનો ખર્ચ, કરવેરા દર, કર્મચારીઓના અને અધિકારીઓના પગાર, ભાડા, મોંઘવારી ભથ્થું, લીવ ટ્રાવેલીંગ, એન્કેશમેન્ટ આ બધા જ પ્રકારના ખર્ચાઓ છે એ સરકારની કમિટેડ લાયેબિલિટી હોવાને કારણે સામાન્ય રીતે આપણે એનું પ્રોવિઝન કરતાં હોઇએ છીએ અને આવી માગણીને આપણે અનુમોદન આપતા હોઇએ છીએ.

નાણા વિભાગ આમ તો ઘણી બધી કામગીરી કરતું હોય છે. ખૂબ મોટો સ્કોપ એમની પાસે છે. નાણા વિભાગને જે backbone of the administration - કરોડરજ્જૂ આ ખાતું કહેવાય છે. ત્યારે એમની ઘણી બધી કાર્યવાહી થતી હોય છે. તેમાંની એક કાર્યવાહી નાણા વિભાગ રાજયની વેચાણવેરા તથા વેટ ટેકસની વસૂલાત કરવાની કામગીરી પણ કરતું હોય છે. નાણા વિભાગે કરેલા છેલ્લા સન ૨૦૧૦-૧૧ થી સન ૨૦૧૪-૧૫ સુધીની કામગીરીનો ઉલ્લેખ કરું તો સન ૨૦૧૦-૧૧માં ૨૪૮૯૩ કરોડ રૂપિયાની વેચાણવેરા અને વેટની વસૂલાત કરવાની કામગીરી કરવામાં આવી છે. સન ૨૦૧૧-૧૨ માં ૩૧૨૨૦૨ કરોડ, સન ૨૦૧૨-૧૩માં ૩૯૪૬૫ કરોડ, સન ૨૦૧૩-૧૪માં ૪૦૯૭૬ કરોડ રૂપિયાની આવક આ નાણા વિભાગે મેળવી આપી છે. સન ૨૦૧૪-૧૫નો રીવાઇઝડ એસ્ટીમેટ ૪૫૨૪૩ કરોડ એની સામે નવેમ્બર અંત સુધીમાં ૨૯૫૭૬ કરોડ રૂપિયાની વસૂલાત કરી ચૂકયા છે ત્યારે મને ચોક્કસ ખાતરી છે કે રીવાઇઝડ એસ્ટીમેટ ૪૫૨૪૩ કરોડ મૂકેલ છે એ આપણે વસૂલ કરવા માટે શકિતમાન રહીશું. મેં કહ્યું તે પ્રમાણે ૨૪ હજાર ૨૦૧૦ માં હતા એ ૨૦૧૪-૧૫માં ૪૫૨૪૩ કરોડ જેટલી આવક વધારી છે ત્યારે આ છેલ્લા દસ વર્ષમાં રાજય સરકારના નાણા વિભાગે વેચાણવેરા અને વેટની આવકમાં ૧૮.૪૭ ટકાનો વાર્ષિક વધારાનો દર મેળવી આપ્યો છે.

**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

This is a tremendous performance on the part of Finance Department of Government of Gujarat. I must congratulate them. આ ગૃહની અંદર વારંવાર રાજય સરકારે કરેલા દેવાનો ઉલ્લેખ કરવામાં આવે છે. સન ૨૦૦૭ થી ધારાસભ્ય બન્યો ત્યારથી આ ગૃહમાં સરકાર ખૂબ દેવું કરે છે, દેવાનો ડુંગર ખડો કર્યો છે, દરેક

ગુજરાતીઓના માથે દેવું છે, દરેક ગુજરાતીના માથે ૩૦ હજારનું દેવું છે, એક બાળક જન્મે છે ત્યારે ૩૦ હજારના દેવા સાથે જન્મે છે, એવા ઉચ્ચારણો આ વિધાનસભામાં સાંભળીએ છીએ ત્યારે આ ઉચ્ચારણો કરનાર લોકો કયારેય ગંભીર રહ્યા નથી. રાજયનું જાહેર દેવું સમજવા માટે એમણે કયારેય પ્રયત્ન કર્યો નથી. એની ઉપયોગીતા શું હોઇ શકે તેનો પણ વિચાર કર્યો નથી. અને જે દેવું કરવામાં આવ્યું છે એ વાજબી છે કે નહિ એની ચર્ચામાં કયારેય ભાગ લીધો નથી. ફકતને ફકત એક પોલિટિકલ પ્રોપેગેન્ડાના ભાગ રૂપે આ જાહેર દેવાનો ઉલ્લેખ અહીંયા કરવામાં આવતો હતો અને ફકત પોલિટિકલ બેનીફિટ લેવા માટે ઉલ્લેખ કરવામાં આવતો હતો. પ્રજાની કયારેય આમાં સાહેબ ચિંતા કરવામાં આવી નહોતી. આજે મિત્રો નથી છતાં મારે કહેવાનું રહે કે રાજય સરકારનું આજની તારીખનું સન ૨૦૧૩–૧૪નું ૧,૪૯,૫૦૬ કરોડ રૂપિયા, સન ૨૦૧૪–૧૫નો રીવાઇઝ એસ્ટીમેટ ૧,૬૫,૭૪૨ કરોડ જયારે સન ૨૦૧૫–૧૬નું ૧,૮૪,૬૬૭ કરોડનો બજેટ એસ્ટીમેટ છે. આટલું દેવું રાજય સરકારે વારંવાર તારાંકિત પ્રશ્ન હોય, અતારાંકિત પ્રશ્ન હોય કે વિધાનસભા ગૃહની અંદર વારંવાર એના સાચા જવાબ આપ્યા છે. રાજય સરકારે કયારે દેવું કર્યું છે અને કેટલું દેવું કર્યું છે એ કયારેય છૂપાવ્યું નથી. Very boldly it has been declared, ત્યારે મારે કહેવું છે કે આ રાજય સરકાર જે દેવું કરે છે એ ખૂબ જવાબદારીપૂર્વક કરે છે. સાહેબ, આ સરકાર with all possible responsibility દેવું કરે છે. ૧૩મા નાણા પંચના પ્રોવિઝનનો હું અહીં ઉલ્લેખ કરવા માગું છું. દરેક રાજય સરકારે જાહેર દેવા માટેની મર્યાદા નક્કી કરીને આપેલી છે. રાજય સરકાર પોતે ઇચ્છે તે પ્રમાણે દેવું કરી શકતી હોતી નથી. એની મર્યાદા બાંધવામાં આવી છે અને એ મર્યાદા પ્રમાણે રાજયનું જાહેર દેવું તેના GSDP ના ૨૭.૧ ટકા કરતા વધવું જોઇએ નહીં. To that extent, ૨૭.૧ જેટલું કરી શકાય. This is upper limit, આ મર્યાદા છે, cap છે. મને જણાવતા ખૂબ આનંદ થાય છે સાહેબ, ગુજરાત રાજય સરકારે, નાણા વિભાગે કયારેય આ મર્યાદાને તોડી નથી છેલ્લા ૧૦ વર્ષથી. હું GSDP ના પર્સન્ટેજ આપું તો ૨૦૧૨–૧૩માં it was 20.71%, ૨૦૧૩–૧૪માં it was 19.53%, ૨૦૧૪–૧૫માં 19.31% અને ૨૦૧૫–૧૬નું બજેટ એસ્ટીમેટ છે ૧૮.૭૯. On the contrary, ૨૭.૧ ટકાની લિમિટ હોવા છતાં આ સરકાર ધીરે ધીરે ઘટાડતી ઘટાડતી ૧૮.૭૯ ઉપર લાવીને મૂકી દીધેલ છે. Almost GSDP થી૧૦ ટકા જેટલું ઓછું ધિરાણ આ રાજય સરકારે મેળવ્યું છે. આ બૂમ પાડનારાએ આ રીતે કયારેય અભ્યાસ કર્યો નથી. જે લિમિટ છે, તો ૨૦૧૫–૧૬માં રાજયનું estimated GSDP ૯,૮૨,૬૨૬ કરોડ રુપિયા થનાર છે. ૧૩મા નાણા પંચની મર્યાદા છે ૨૭.૧ ટકા. તો સરકાર વધુમાં વધુ ૨,૬૬,૨૯૨ કરોડનું જાહેર દેવું કાયદેસર ૧૩માં નાણાપંચની મર્યાદાની અંદર કરી શકે. ત્યારે આ ૨૦૧૫–૧૬નો આપણો બજેટ એસ્ટીમેટ છે ફકત ૧,૮૪,૬૬૭ કરોડ રૂપિયાનો. ૮૧,૬૨૫ કરોડ રૂપિયા જેટલું દેવું આ રાજય સરકારે ઓછું કર્યું છે. તે કરી શકે પણ નથી કરતી. Well below the cap. Need based borrowing આ રાજય સરકારનો approach છે. જરૂરિયાત હોય તો દેવુ કરવું. અધરવાઇઝ દેવું કરવા માટે દેવું કરે છે એવો મારા મિત્રોનો જે ખ્યાલ છે તેમાંથી તેમણે બહાર આવવું જોઇએ. I should say that રાજય સરકારનું total debt, public debt જે તેની ઉપલી મર્યાદા છે તેનાથી ઘણું નીચું છે, far below the cap. I should also say that રાજય સરકારનું total public debt is at cheap and best rate. સાહેબ, સસ્તુ વ્યાજે લાવીએ છીએ. ઉધાર લઇએ તે પણ આપણાં ભાવે. આપણી રકમથી લઇએ છીએ. ધીરવાવાળો કહે તે ભાવે નહીં. ધીરવાવાળો આપે તે રકમ નહીં. આપણે આપણી મરજી પ્રમાણે લાવીએ છીએ અને એટલા માટે ૨૦૦૮–૦૯ થી ૨૦૧૩–૧૪ની અંદર આપણો જે દેવાનો portfolio હતો એમાં નાણા વિભાગે વખતોવખત ચેઇન્જ કર્યો છે. સેન્ટ્રલ ગવર્નમેન્ટની જે લોન હતી એ ૧૮.૮૭ ટકા. Share of Central Government loans in total public debt was 11.57%. That is 5.22%, because it was the costliest loan. પછી NSSની લોન જે હતી ૫૧.૫૯ ટકા, that is about 32%. આજે પણ સૌથી વધારે જેના પર વ્યાજ આપણે ચૂકવવું પડતું હોય એવી જો કોઇ લોન હોય તો NSS loan છે. આ આપણે લેવી પડતી લોન છે અને માર્કેટ લોનનો જે આપણો શેર હતો ૩૨.૨૦ ટકા, તેને વધારીને આપણે ૫૮.૪૨ ટકા કર્યો છે. આ આટલું બધું વધાર્યું છે, એટલા માટે મેં કહ્યું તેમ cheap and best rate આપણે કેવી રીતે વ્યાજે લાવીએ? આપણે બજાર ભાવ સાથે કમ્પેર કરીએ, પણ છતાં પા અડધા ટકાનો ફરક લાવવા માટે આપણી રાજ્ય સરકાર શક્તિમાન છે. The State Government has adopted change in debt portfolio. મેં કહ્યું તે પ્રમાણે જે હતી તે ઘટાડીને આ બધું લઇને ઓછું વ્યાજ ક્યાં ચૂકવવું પડે. એના કારણે જે average cost of public debt has come down to great extent. એટલે એવરેજ કોસ્ટ જે છે તે ખૂબ ઘટી ગઇ છે. આપણી એવરેજ કોસ્ટ ૨૦૦૧–૦૨માં ૧૩.૫૦ ટકા હતી, દેવું ૧૩.૫૦ ટકાના દરે લેતા હતા, ૨૦૦૪–૦૫માં ૧૦.૭૯ ટકા થઇ ગઇ, ૨૦૦૭–૦૮માં ૯.૧૯ ટકા થઇ ગઇ છે અને ૨૦૧૩–૧૪માં ૮.૭૪ ટકા થઇ ગઇ છે. ૧૩.૫૦ ટકાથી ઘટાડતા ઘટાડતા ૮.૭૪ ટકા થઇ છે એટલે કે ૪.૭૬ ટકાનો આ ખર્ચની અંદર ઘટાડો કર્યો છે.

Let me explain it in my own way. Public Debt to Revenue Receipt - તમારી રેવન્યૂ રિસિપ્ટ હોય તેના ૩ ટકા જેટલું વધારે પબ્લિક ડેબ્ટ લઇ શકો, ૩ ટકાથી વધારે પબ્લિક ડેબ્ટ ન લઇ શકો. This is also a benchmark. ગુજરાત સરકારની વાત કરું. ૨૦૦૪–૦૫માં ૨.૮૬ ટકા, ૨૦૦૮–૦૯માં ૨.૨૫, ૨૦૧૩–૧૪માં ૧.૮૭ અને ૨૦૧૪–૧૫ના રિવાઇઝ એસ્ટીમેટમાં ૧.૬૭ ટકા આપણે લાવી શક્યા છીએ. બેન્ચ માર્ક ૩ છે, ૩થી આટલું નીચું લઇ જવા માટે this shows, this indicates that રાજ્ય સરકારની જે debt sustainability છે એ વેરી ગુડ કહી શકાય.

બીજું રેશિયો છે - Interest payment on public debt to revenue receipt. કુલ આવકની અંદર ઇન્ટરેસ્ટનો કેટલો ભાગ છે એનો પણ એક બેન્ચ માર્ક છે. રેવન્યૂ આવકના ૨૦ ટકા કરતાં વધારે જાહેર વ્યાજ થવું ન જોઇએ. રાજ્ય સરકારે અપનાવેલ રીત પ્રમાણે ૨૦૦૮–૦૯માં ૧૮.૨ ટકા, ૨૦૧૩–૧૪માં ૧૪.૯૦ ટકા અને ૧૪–૧૫માં રિવાઇઝ એસ્ટીમેટમાં ૧૩.૪૩ ટકા છે. એટલે આપણે પબ્લિક ડેબ્ટ છે, interest on public debt - રેવન્યૂ આવકના ફક્ત ૧૩.૪૩ જેટલું જ આપણે ખર્ચ કરીએ છીએ. This is also under very controlled position.

મને જણાવતાં આનંદ થાય છે કે, રાજ્ય સરકારે છેલ્લા ૧૧ નાણાકીય વર્ષ દરમિયાન એકપણ રૂપિયાનો ઓવર ડ્રાફ્ટ લીધો નથી. We have not bagged, nowhere. એક રૂપિયાનો ઓવર ડ્રાફ્ટ લીધો નથી. સાધનો ઉપર ડેબ્ટ પણ લીધી નથી. રાજ્યની દેવાની ચૂકવણીમાં ક્યારેય ચૂક કરી નથી. ઓલ્વેજ સમયસર આ દેવું આપણે એના લેણદારોને ચૂકવી આપ્યું છે. છેલ્લો મુદ્દો હું રજૂ કરું છું કે, સી.એ.જી.ના રિપોર્ટમાં એક વખત લખાવ્યું છે કે, સરકારે ઉભી કરેલી એસેટનું રેકોર્ડીંગ કરવામાં આવતું નથી. It is not listed. ૫૦ વર્ષથી રાજ્ય સરકાર જેટલી પણ મિલકતો બનાવે છે એનું લિસ્ટીંગ થયું નથી. એના કારણે રાજ્ય સરકાર પાસે કેટલી સંપત્તિ છે એ આપણે જાણી શકતા નથી. જો આપણે આ સંપત્તિ જાણી શકીએ તો સામેના મિત્રોને કહેવું છે કે, જે દેવું છે એના કરતાં ઘણી મોટી મિલકત આપણી પાસે છે. આજે મારે કહેવું છે કે દેવું નથી. આ રાજય સરકાર, દરેકે દરેક લોકો દેવાદાર નથી. એ લોકો ચોક્કસ સંપત્તિ સાથે આ ગુજરાતની અંદર જન્મે છે અને મારે કહેવું છે કે, છેલ્લા છ વર્ષની અંદર રૂ.૧,૨૭,૨૧૦ કરોડનું કેપિટલ એકસપેન્ડીચર કર્યો છે રૂ.૧.૮૪ કરોડની સામે. આગળના ૪૦–૫૦ વર્ષનો ઉમેરીએ તો ક્યાં જાય આ આંકડો? National per capita income is 86,000/-. I should thank to the Chair, I should thank to the House.

શ્રી દુષ્યંતભાઇ ૨. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર–૧૮ પેન્શન અને અન્ય નિવૃત્તિના લાભો લઇને આવ્યા છે એના પર હું મારા વિચારો રજૂ કરું છું. આ એવી બાબત છે કે કોઇપણ કર્મયોગી હોય એ સરકારમાં પોતાનો આખો સમય પોતાની નિષ્ઠાથી પોતાની પ્રમાણિકતાથી અને આખા સમયગાળા દરમિયાન પોતાનું કર્તવ્ય નિભાવે છે અને ત્યારબાદ તેઓને મળવાના જે લાભો હોય એ માટે પણ સરકાર અત્યંત ચિંતિત છે અને ઘણા બધા સુધારા સરકારે પેન્શન અને અન્ય નિવૃત્તિના લાભો મળે તે માટેની જોગવાઇઓ કરી છે. પેન્શન મંજૂર કરવાની તથા તેની ચૂકવણીની પ્રક્રિયા કેવી રીતે સરળ થાય તે માટે રાજય સરકારે ખૂબ અસરકારક પગલા લીધા છે. જે ગુજરાતની મૂલ્કી સેવા નિયમ ૨૦૦૨ના નિયમ ૧૨૮ હેઠળ જે સમયપત્રમાં નિયત કરેલા છે તે હું એક એક કરીને આપની સમક્ષ રજૂ કરીશ. પહેલા તો ચોવીસ માસ પહેલા પેન્શન કેસની તૈયારી કરવામાં આવે છે, બાર માસ પહેલા પેન્શન કેસ નિયામક, પેન્શન અને પ્રોવિડંડ ફંડ સ્થાનિક હિસાબ ભંડોળની કચેરીમાં મોકલવામાં આવે છે. નિવૃત્તિના છ માસ પહેલા પેન્શન કેસની ચકાસણી કરી પૂર્તતા પૂર્ણ કરી પેન્શન તથા નિવૃત્તિના લાભોને ગણતરીનો આખરી ઓપ આપવામાં આવે છે. પેન્શનર નિવૃત્ત થયા પહેલા પેન્શન પેમેન્ટ ઓર્ડર સંબંધિત તિજોરી નિવૃત્ત થતા કર્મચારીની કચેરીને મોકલવામાં આવે છે. કર્મચારીઓને ભરવાના પેન્શનના ફોર્મનું સરળીકરણ કરવામાં આવ્યું છે. પહેલા એ ફોર્મ થોડા અટપટા હતી એની અંદર જે પ્રશ્ન હતા એ પણ ધ્યાને લઇને આ રાજય સરકારે એ ફોર્મને સરળ કરી દીધા છે. સૌથી અગત્યની બાબત એ આજે આપણે જોઇ રહ્યા છીએ, છઠ્ઠા પગાર પંચની ભલામણો સંપૂર્ણતઃ સ્વીકારી પેન્શનની મૃત્યુ સહાય નિવૃત્તિ ગ્રેજયુઇટી મહત્તમ મર્યાદા જે સાડા ત્રણ લાખ હતી તેને વધારીને દસ લાખ કરવામાં આવી છે. કુટુંબ પેન્શનની ગણતરી સંબંધમાં મહત્તમ રકમ મર્યાદામાં સુધારો તથા એમાં પણ સરળીકરણ કરવામાં આવ્યું છે. તમામ પેન્શનરોના કિસ્સામાં ૮૦ વર્ષથી વધુ ઉંમરના પેન્શનરોને વધારે પેન્શન, કુટુંબ પેન્શનની જોગવાઇ કરવામાં આવી છે. એમાં પણ કોસ્ટક છે કે ૮૦ થી ૮૫ વર્ષમાં ૨૦ ટકા, ૮૫ થી ૯૦ વર્ષની ઉંમર હોય તો ૩૦ ટકા, ૯૦ વર્ષથી ૯૫ વર્ષની ઉંમર થાય તો ૪૦ ટકા, ૯૫ થી ૧૦૦ વર્ષની ઉંમર થાય તો ૫૦ ટકા અને ૧૦૦ વર્ષથી જો ઉપર હોય તો સો એ સો ટકા મળવાપાત્રના ધોરણો આ સરકારે નકકી કર્યા છે. તારીખઃ ૧–૧–૨૦૦૬ પહેલા પેન્શનરોને પેન્શનનું એકત્રિકરણ કરી મોંઘવારી દર એકસરખા પણ નિયત કરવામાં આવેલા છે. નિયામક પેન્શન અને પ્રોવિડંડ ફંડની કચેરી એટલે સ્થાનિક હિસાબ ભંડોળની કચેરી ખાતે પેન્શન અધિકૃત કરવાની સંપૂર્ણ પ્રક્રિયાનું કોમ્પ્યુટરાઇઝ કરેલું છે. પહેલા એવું હતું કે પહેલા આપણે ચોપડા લખતા હતા પણ હવે જયારથી ઇ–ગવર્નન્સ આવ્યું છે ત્યારથી કોમ્પ્યુટરાઇઝ કરેલું છે જેના કારણે પેન્શન કેસને લગતી માહિતી ઓનલાઇન કોઇપણ કર્મયોગી મેળવી શકે છે. નિવૃત્ત થતા કર્મચારીની કચેરી ખાતે પણ સરળતાથી છેલ્લા પગારનું પ્રમાણપત્ર, કંઇ પણ બાકી ના હોવા અંગેનું પ્રમાણપત્ર તેમાં મળી જાય તે બાબતનો સુધારો કરેલો છે. મંજૂર થતા કેસ ઇલેકટ્રોનિકસની ટ્રાન્સફર થવાને કરણે નિવૃત્ત લાભોનું પ્રથમ ચૂકવણું અત્યંત ઝડપી બનાવેલ છે. પેન્શનરોની હયાતીની પ્રક્રિયા અતિ સરળ કરીને આ માટે બેન્કોને અધિકૃત કરેલ છે. નિવૃત્ત કર્મચારીઓને માસિક પેન્શન સીધું બેન્કમાં જમા કરવામાં આવે એવી પણ જોગવાઇ કરવામાં આવેલ છે. પેન્શનરના મેડિકલ બિલો પણ ટપાલમાં સ્વીકારી બેન્કોમાં સીધા ચૂકવણી કરવામાં આવે છે અને સંકલિત નાણાકીય વ્યવસ્થાપન પદ્ધતિ હેઠળ મંજૂર થતા મોંઘવારી ભથ્થા એક સાથે તમામ પેન્શનરોને ચૂકવી દેવામાં આવે છે. એથી વિશેષ કે નિવૃત્ત થઇ ગયેલ પરંતુ જુદા જુદા વિભાગ, ખાતામાં પડી રહેલા પેન્શનના કેસોના નિકાલ માટે ઓન લાઇન માહિતી એકત્ર કરી સઘન કાર્યવાહી હાથ ધરી છે અને આવા કેસોનો ઝડપી નિકાલ આવે એ માટે જિલ્લા કક્ષાએ કલેકટરશ્રીને સંકલનની મિટિંગમાં અને રાજ્ય કક્ષાએ સચિવશ્રીઓની બેઠકમાં ત્રિમાસિક ધોરણે તેની પ્રગતિની સમીક્ષા કરવામાં આવે છે. છઠ્ઠા પગાર પંચની ભલામણો છે એનો ખૂબ સારી રીતે સંપૂર્ણ અમલ થાય તે

માટે રાજ્ય સરકારે ખૂબ સારા નિર્ણયો લીધા છે. છઠ્ઠા પગાર પંચની ભલામણો સંદર્ભમાં રાજ્યના પેન્શન મેળવતા પેન્શનરોની પેન્શન સુધારણા પ્રક્રિયા પણ કોમ્પ્યુટરાઇઝડ પદ્ધતિથી અત્યંત ઝડપી રીતે પૂર્ણ કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર ઉપર પ્રતિ વર્ષ પડતા પેન્શનના ચૂકવણાના ભારણને ધ્યાનમાં રાખી આ ભારણનું શરૂઆતથી આયોજન કરી તે હેતુસર તા. ૧-૪-૨૦૦૫ થી નવી પેન્શન યોજનાનું અમલીકરણ રાજ્ય સરકારે કરેલ છે. આ યોજના હેઠળ અત્યાર સુધી ૯૭ લાખ ૪૧૧ જેટલા ખાતાઓ કાર્યરત છે. અત્યાર સુધીમાં ૯૧,૧૨૨ P R A N (પરમેનન્ટ રિટાયરમેન્ટ એકાઉન્ટ નંબર) પણ ફાળવવામાં આવેલ છે. આના માટેની ઓન લાઇન પદ્ધતિ અખત્યાર કરવામાં આવી છે. પેન્શનરોને મળતા પેન્શનની તમામ માહિતી ઓન લાઇન મેળવી શકાય છે. તે માટે ૨જી ઓકટોબર ૨૦૧૧થી આ સેવા કાર્યરત છે. ટ્રેઝરી ઓફિસમાં, ટ્રેઝરી.ગુજરાત.જીઓવી.ઇન સાઇટ છે. એના ઉપર જઇને કોઇપણ કર્મયોગી પોતાને મળવાપાત્ર પેન્શનની માહિતી મેળવી શકે છે. આવી તમામ પ્રક્રિયા સરકારી કર્મયોગીઓ છે જે નિવૃત્ત થયા છે એમને સહાય મળવાપાત્ર છે અને ઝડપથી ન્યાય મળે એવી તમામ પ્રકારની સુવિધાઓ કરેલ છે ત્યારે હું આ માગણીઓને સમર્થન આપું છું.

**શ્રી 76/p a g e >રજનીકાન્ત મો. પટેલ(અસારવા) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નાણામંત્રીશ્રી માગણી ક્રમાંક ૧૬ લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર સામે વિરોધ પક્ષના મિત્રો નથી નહીં તો મારે માહિતી આપવી હતી કે આખા દેશમાં ગુજરાત મૉડેલની ચર્ચાઓ કરવામાં આવે છે અને ગુજરાત મૉડેલ શું છે એના વિશે મને પણ ઘણી વખત કોશિશ કરવી પડતી હોય છે કે ગુજરાત મૉડેલ શું છે? શા માટે ગુજરાત મૉડેલ અને એવું તે શું છે કે ગુજરાત મૉડેલની દેશમાં જ નહીં પણ આખી દુનિયામાં ચર્ચાઓ થાય છે? અમેરિકામાં, ઓસ્ટ્રેલિયામાં તમામ દેશોમાં પણ શૈક્ષણિક સંસ્થાઓ ગુજરાત મૉડેલ વિશે ચર્ચા કરતા હોય છે અને અભ્યાસ કરતા હોય છે. ઉર્જાના ક્ષેત્રે આપણા નાણામંત્રીશ્રી માનનીય સૌરભભાઇ અને પૂર્વ તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ જે જ્યોતિગ્રામ યોજના બનાવી, આખા દેશમાં આ જ્યોતિગ્રામનું અનુસરણ કરવા માટે રાજ્યો અહીંયા આવતા હોય છે. ભારત સરકાર એમ કહેતી હોય છે કે તમે ૫૦૦ સુધીની વસતિનું ગામ હોય એને કનેક્ટિવિટી આપો પણ આપણે ૫૦૦થી ઓછી ૨૫૦ની વસતિ સુધીનાને રોડ આપેલા છે. આખા રાજ્યમાં ૧૮ હજારથી વધારે ગામો આવેલા છે એ તમામ ગામો સુધી શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરવા માટેની વ્યવસ્થા અને અને મુખ્યત્વે નવેક હજાર જેટલા ગામોમાં નર્મદા આધારિત પાણીની વ્યવસ્થા ગોઠવી છે. શિક્ષણની અંદર પણ હું ગઇકાલે કોશિશ કરતો હતો સમજાવવાની, કે ભાઇ, અગાઉ કામ થયું હશે પણ જે પ્રમાણમાં કામ થયું છે છેલ્લા ૧૪ વર્ષમાં એ બેનમૂન છે અને એમાં પ્રાથમિક શિક્ષણ હોય,ઉચ્ચ શિક્ષણ હોય, તાંત્રિક શિક્ષણ હોય, આરોગ્યના ક્ષેત્રની અંદર પણ ચિરંજીવી યોજના, બાલસખા યોજના, મા-અમૃત્તમ યોજના, મા-વાત્સલ્ય યોજના અને ખાસ કરીને ૨૦૧૧ની વસ્તીને ધ્યાનમાં લઇને જે રીતે આરોગ્યનું માળખું ઊભું કરવામાં આવ્યું છે એ માટે ગુજરાત સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપવા જરૂરી છે. ઉદ્યોગના ક્ષેત્રની અંદર આપણે જોઇએ છીએ કે વાયબ્રન્ટ ગુજરાત થકી જે મૂડીરોકાણ થઇ રહ્યું અને ખાસ કરીને જે ઔદ્યોગિક વિકાસ અને એના થકી જે રોજગારીનું સર્જન થઇ રહ્યું છે. કૃષિ વિકાસ, શહેરી વિકાસ વિભાગમાં તમામ મ્યુનિસિપાલિટીઓને પાણી, ગટરની વ્યવસ્થા અને ખાસ કરીને આ વિકાસની સાથે સાથે જે વંચિતોનો વિકાસ છે, ખાસ કરીને વનબંધુ કલ્યાણ કાર્યક્રમ, સાગરખેડુ કલ્યાણ કાર્યક્રમ, શહેરી ગરીબ સમૃદ્ધિ કાર્યક્રમના જે કાર્યક્રમો છે જેનાથી સીધો ગરીબ લોકોને ફાયદો થવાનો છે એવા કાર્યક્રમો માટે રાજ્ય સરકાર જે પ્રયત્ન કરે છે એ બધું થઇને આખા ગુજરાત મોડલની કલ્પના કોક્રિટાઇઝ થતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધું કરવા માટે રાજ્ય સરકારને પૈસા જોઇએ છે અને એના માટે ભારત સરકારના આયોજન વિભાગે ૨૦૧૨ થી ૨૦૧૭ સુધીમાં ૧૨મી પંચવર્ષીય યોજનાની અંદર ૨,૮૬,૦૦,૬૨૩ કરોડની ફાળવણી મંજૂર કરી હતી. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે પ્રથમ ત્રણ વર્ષની અંદર જ ૨૦૧૪-૧૫ સુધી ૧,૮૧,૦૦,૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ આપણે કરી દીધી છે. આપણું ચાલુ વર્ષનું ૨૦૧૫-૧૬નું બજેટ છે એમાં પણ આયોજન સદરે ૮૯,૨૯૫ કરોડની જોગવાઇઓ કરવામાં આવી છે. મુખ્ય વસ્તુ એ છે કે, આપણે કોના માટે આ સરકાર ચલાવીએ છીએ? કોના માટે કામ કરીએ છીએ? આ યોજનાઓ કોના માટે? માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, આ ૨૦૧૫-૧૬ની જે ૭૯,૨૯૫ કરોડની જોગવાઇ છે એમાંથી ૩૮,૪૮૪ કરોડ રૂપિયા સામાજિક સેવાઓ માટે ફાળવ્યાં છે. એટલે ૪૮% રકમ જેનો સીધો લાભ શિક્ષણ માટે, આરોગ્ય માટે, પોષણ માટે, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ઓ.બી.સી., મહિલાઓ આ લોકોના કલ્યાણ થકી આ યોજનાઓનો અમલ કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બધું કરવા માટે મારે રાજ્ય સરકારને બીજા અભિનંદન આપવા છે કે ગુજરાત મોડલના ભાગરૂપે આ એવું રાજ્ય છે કે જેણે ઘણાં વર્ષો સુધી ઓવરડ્રાફ્ટ જ લીધો નથી. જે રીતે આપણે કાયદો અને વ્યવસ્થામાં આપણે કહીએ છીએ કે હવે છોકરાઓને કરફ્યુ શબ્દ શું છે એ પણ ખબર નથી? કરફ્યુ શબ્દ હવે એમની ડિક્શનરીમાં નહિ હોય. એમ ગુજરાતમાં વહીવટની અંદર ઓવર ડ્રાફ્ટ શબ્દ જે છે એ પણ ભૂતકાળની વસ્તુ બની જાય એ જાતની પરિસ્થિતિનું નિર્માણ સરકારે કર્યુ છે એ માટે પણ હું અભિનંદન આપું છું. ગુજરાત ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી એક્ટ ૨૦૦૫ જે આ સન્માનનીય ગૃહે પસાર કર્યો છે અને એ એક્ટની જોગવાઇઓ પ્રમાણે રેવન્યુ ડેફિસિટ નીલ હોવું જોઇએ. આપણાં ગુજરાતમાં ૨૦૦૭થી રેવન્યુ ડેફિસિટ નીલ છે. ફિસ્કલ ડેફિસિટ જે છે એ જી.ડી.પી.ના પર્સન્ટેજ મુજબ ૩% ફિસ્કલ ડેફિસિટ હોવી જોઇએ એ ૩%ની સામે ૨.૧૪% છે અને હમણાં વિસ્તૃત રીતે રણજીતભાઇ ગિલિટવાલાએ સમજાવ્યું એ પ્રમાણે જાહેર દેવાની અંદર પણ ૨૭%ની મર્યાદા સામે ફક્ત અને ફક્ત ૧૯.૩૧% જ જાહેર દેવું

આજે લેવામાં આવ્યું છે અને એ દેવું પણ જરૂરિયાત મુજબ લેવામાં આવેલું છે. આજે વિરોધપક્ષના મિત્રો નથી પણ અવારનવાર એક પ્રોપગન્ડાના ભાગ રૂપે એ લોકો કહેતા હોય છે કે, લોકોને જ્યારે બાળક જન્મે છે ત્યારે દેવાદાર બાળક જન્મે છે પણ આ દેવું શેના માટે છે? આ દેવું વિકાસ માટે છે. ગરીબોના વિકાસ માટે રાજ્ય સરકાર અને એ પણ આ વિધાનસભા એ જે એક્ટ બનાવ્યો છે અને રિઝર્વ બેંક અને ભારત સરકારની જે ગાઇડ લાઇન છે એની મર્યાદામાં રહીને આ દેવું કરવામાં આવેલું છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪-૧૫ની સ્થિતિએ ૧,૬૫,૪૪૨ કરોડનું દેવું છે. એવી જ રીતે ગેરંટી, ૧૬,૦૦૦ કરોડની ગેરંટી સામે ૨૦૧૩-૧૪ની સ્થિતિએ ૬,૫૮૩ કરોડ રૂપિયાની ગેરંટી એટલે કે, ફિસ્કલ મેનેજમેન્ટની અંદર પણ સો એ સો ટકા માર્કસ આપણે ગુજરાત સરકારને આપવા જોઇએ. વિકાસમાં તો આપણે આપવા જ જોઇએ, કારણ કે, ગુજરાત મોડેલ કર્યું. એવી જ રીતે ખાસ કરીને શ્રી સૌરભભાઇને હું અભિનંદન આપું છું કે, એક અર્થશાસ્ત્રી તરીકે જે રીતે એ પોતે કુશળતાથી આ રાજ્યના નાણા વિભાગનું સંચાલન કરી રહ્યા છે અને જે કોઇ ફિસ્કલ રિસ્પોન્સિબલિટિસ એકટ- ૨૦૦૫ની જોગવાઇઓ છે એનો પૂરેપૂરો અમલ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં જે વાત કરી એમાં આપણે જો વિકાસ કરવો હોય તો એના માટે પૈસા જોઇએ, એના માટે કરવેરા જોઇએ. રાજ્યની જે કુલ આવક છે એ ૯૫,૪૪૦ કરોડ છે. એમાં જે વિષય ઉપર હું બોલી રહ્યો છું એમાં ટેક્સની જે આવક છે એ ૭૪,૭૦૪ કરોડની છે અને એમાં વાણિજ્ય વેરાની જે આવક છે એ ૫૦,૦૦૦ કરોડ અંદાજવામાં આવી છે. એટલે કે, ટોટલ જે ટેક્સની આવક છે એના ૬૬ ટકા રકમ વાણિજ્ય વેરા કચેરીએ આપી છે. હું વાણિજ્ય વેરા કમિશ્નરશ્રી અને એમના સ્ટાફને પણ ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે, ખૂબ મહેનત કરીને એ લોકોએ વર્ષો વર્ષ વેટ આવ્યા પછી ઉત્તરોત્તર આની અંદર વધારો કર્યો છે. એવી જ રીતે વ્યવસાય વેરાની અંદર પણ ૨૦૧૪-૧૫ની અંદર ૨૩૧ કરોડની રકમ એકત્રિત કરવામાં આવી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ઘણી વખતે વિરોધ પક્ષના દંડકશ્રી રિફંડ માટેની ફરિયાદ કરતા હોય છે કે, રિફંડ મોડું મળે છે, નથી મળતું. પણ અત્યાર સુધીમાં ૨૦૧૪-૧૫ની અંદર ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી ૩,૩૬૨ કરોડનું રિફંડ લોકોને પરત કરવામાં આવ્યું છે. અને એવી જ રીતે વાણિજ્ય વિભાગ તરફથી ચેક પોસ્ટો અને મોબાઇલ વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. ૨૦૧૪-૧૫ના વર્ષમાં ફેબ્રુઆરી, ૧૫ સુધી ૧૯૯ કરોડ રૂપિયાની રકમ ચેક પોસ્ટો અને મોબાઇલ ચેક પોસ્ટો વડે એકત્રિત કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે અત્યારે એકવીસમી સદીમાં જીવી રહ્યા છીએ. ત્યારે ઇ-ગવર્નન્સ આપણા માટે ખૂબ મહત્વનું છે. ઇ-ગવર્નન્સ છે એ મેં અગાઉ કહ્યું તે પ્રમાણે ગુડ ગવર્નન્સનો રોડ નથી પરંતુ એનો હાઇ-વે છે. અને ઇ-ગવર્નન્સની અંદર પણ વાણિજ્ય કમિશ્નરશ્રીની કચેરીએ પોતે ઇ-પેમેન્ટની વ્યવસ્થા કરી છે. એટલે ૨૦૧૪-૧૫ના વર્ષમાં ફેબ્રુઆરી,૨૦૧૫ સુધીમાં ૩૨,૮૨૮ કરોડ, બહુ મોટી રકમ છે ૩૨,૮૨૮ કરોડ એટલે કે, કુલ આવક જે થઇ રહી છે એના ૭૫.૭૬ ટકા રકમ આપણે ઇ-પેમેન્ટ મારફતે એકત્રિત કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, વેપારીઓ છે એને પણ સરળીકરણ થાય એ માટે ઇ-રિટર્ન ઓન લાઇનની વ્યવસ્થા કરવામાં આવી છે અને રિફંડ માટે પણ ઓન લાઇનની વ્યવસ્થા કરવામાં આવી છે. ૧૮ જેટલી બેન્કોને ઇ-પેમેન્ટ માટે માન્યતા આપવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા નાણા વિભાગ દ્વારા જે વેબસાઇટ છે એની અંદર પણ કાયદા અંગે, નિયમો અંગે, જુદા જુદા ફોર્મસ અંગેની માહિતીઓ ઉપલબ્ધ કરવામાં આવેલી છે. નોંધણી કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે. અને નોંધણી કેન્દ્રોમાં જોગવાઇ એવી કરી છે કે, જ્યારે ગેરંટી ૧૦,૦૦૦ રૂપિયાની આપે એટલે ત્રણ જ દિવસની અંદર એમને કામચલાઉ નંબર ઉપલબ્ધ કરાવવામાં આવતો હોય છે. એવી જ રીતે ૩૦ દિવસની અંદર કાયમી નંબર આપવામાં આવતો હોય છે. આ વિભાગ તરફથી જે કામગીરી થઇ એની પ્રશંસાના ભાગરૂપે જુદા જુદા એવોર્ડસ પણ ૨૦૧૪-૧૫ની અંદર મેળવવામાં આવ્યા છે. સ્કોચ કન્સલટન્સી, દિલ્હી દ્વારા ૧૯-૯-૨૦૧૪ના રોજ "**સ્કોચ સ્માર્ટ ગવર્નન્સ**" એવોર્ડ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો. એવી જ રીતે દિલ્હીની બીજી એક સંસ્થા છે, એલીટ ટેકનોલોજી, એણે પણ ૧૯-૯-૨૦૧૪ના રોજ "**એફ.આઇ.પી.એસ.**" એવોર્ડ એમણે આપ્યો છે. એવી જ રીતે દિલ્હીના ગુડગાંવની જે ઇન્ટરનેશનલ ડેટા કોર્પોરેશન છે એણે પણ નાણાવિભાગને અને વાણિજ્ય કમિશ્નરશ્રીની કચેરીને "**આઇ.ડી.સી. ઈન્સાઇટ**" એવોર્ડ આપેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવનારા દિવસોની અંદર આખા દેશની અંદર

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. સભાગૃહ વિરામ સમય બાદ ૧૧.૦૦ કલાકે ફરી મળશે. આર.એમ.પટેલ આપનું પ્રવચન ચાલુ રહેશે, આપની ત્રણ મિનિટ બાકી છે.

**(વિરામ સવારના ૧૦.૩૦ થી ૧૧.૦૦)**

**સભાગૃહ સવારના ૧૧-૦૦ કલાકે ફરી મળ્યું**

**ઉપાધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને**

**શ્રી રજનીકાન્ત મો. પટેલ (ક્રમશ:) :** નાણા વિભાગને આપણે જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે એમાં ખાસ કરીને ગતિશીલ ગુજરાતના આગેવાન અને આપણા પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રીને આપણે જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે કારણકે ફીસ્કલ રીસ્પોન્સીબીલીટી એકટની તમામ જોગવાઇઓનું પાલન કરવામાં આવી રહ્યું છે. હું કહેતો હતો કે ગુજરાતની બહાર પણ આખા દેશની અંદર ગુડઝ અને સર્વીસ ટેકસ અંગે ચર્ચા ચાલી રહી છે. વર્લ્ડ બેંકના રિપોર્ટ પ્રમાણે

૧૮૩ દેશો છે જ્યાં ટેકસેસન બાબતની સરળતા છે એમાં ૧૮૩માં આપણા દેશનો ૧૪૨ મો નંબર આવતો હોય છે એટલે ખૂબ જરૂરી છે કે આવતા દિવસોની અંદર ભારત સરકારે જે જાહેરાત કરી છે એ પ્રમાણે સમગ્ર દેશની અંદર ગુડઝ અને સર્વીસ ટેકસ લાગુ પાડવામાં આવે એના કારણે સેન્ટ્રલ ટેકસ જે છ જાતના છે અને સાત જાતના જે રાજ્યકક્ષાના ટેકસીસ છે એ બધા ગુડઝ એન્ડ સર્વીસ ટેકસની અંદર સમાવેશ કરવામાં આવશે. ગુડઝ એન્ડ સર્વીસ ટેકસના કારણે આપણો આર્થિક વિકાસ દર છે એમાં પણ એક અંદાજ મુકવામાં આવ્યો છે, એમાં પણ એકથી બે ટકાનો વધારો થઇ શકે. સૌથી મહત્વની બાબત એ છે કે જે લોકો સેન્ટ્રલ ટેકસ અને સ્ટેટ ટેકસ ભરે છે એ લોકોને સરળતા થાય, સિમ્પલીફીકેશન થાય, એક જ જગ્યાએ એક જ પ્લેટફોર્મ ઉપર એક જ ફોર્મથી એટલે સિમ્પલીફીકેશનના કારણે ટેકસ પેમેન્ટમાં સરળતા આવશે અને એના કારણે કમ્પ્લાયન્સમાં પણ સુધારો થવાનો છે. અત્યારે જે કમ્પ્લાયન્સ છે એ કમ્પ્લાયન્સનો દર સારો છે પરંતુ એમાં ઉત્તરોત્તર સુધારો થશે આ ઉપરાંત આપણી ભારત સરકારની અને રાજય સરકારની જે મહેસૂલી આવકો છે એમાં પણ સ્ટેબીલીટી આવવાની શકયતા છે. ગુડઝ એન્ડ સર્વીસ ટેકસના કારણે સમગ્ર દેશની અંદર ખાસ કરીને આપણા રાજયની અંદર પણ મૂડીરોકાણમાં વૃદ્ધિ થશે. આખા દેશની અંદર કોમન માર્કેટ આવશે. મેન્યુફેકચરીંગમાં વૃદ્ધિ થશે અને આંતરરાષ્ટ્રીય હરિફાઇ છે એની અંદર આપણો દેશ ઉભો રહી શકશે અને એમાં ગુજરાત આખા દેશનું જયારે ગ્રોથ એન્જીન હોય ત્યારે સૌથી વધારે ફાયદો ગુજરાતને થવાનો છે. આભાર.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા(કામરેજ) : માનનીય અધ્યક્ષ મહોદય, કર વસૂલાતની માગણીઓ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યકત કરું છું. ૨૩૫૯૮૧૨૦૦૦/- વાણિજય વેરા ખાતાના ખર્ચ અંગે ૨૦૦૬-૭ થી લઇને ૨૦૧૧ સુધીના ખર્ચમાં વેરા વસૂલાત ખર્ચ ૦.૬૦ ટકા થયો છે ત્યારે ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩ની અંદર ૦.૪૩ ટકા આમ આવકનો ગ્રોથ વધ્યો અને વેરા વસૂલાત ખર્ચ ઘટયો છે. જે બેસ્ટ મેનેજમેન્ટની એક નિશાની છે અને બેસ્ટ મેનેજમેન્ટ થઇ રહ્યું છે. કેન્દ્રીય વેચાણ વેરા પેટે વળતર સી.એસ.ટી. જેને કહીએ છીએ. આ કેન્દ્રીય વેચાણ વેરાની અંદર ભારત સરકાર દ્વારા તા. ૧-૪-૨૦૦૭ થી ૪ ટકા ઘટાડી, પછી ૩ ટકા, પછી ૨ ટકા અને આમ જ્યારે ઘટાડો થતો ગયો, ત્યારે રાજ્ય સરકારને નુકસાની પહોંચાડે તે માટે કેન્દ્રની સરકારે રાજ્ય સરકારને જે વળતર આપવાનું હોય તે ૨૦૦૮ થી આજસુધી માનનીય મંત્રીશ્રી પૂરી આંકડાકીય માહિતી આપશે ત્યારે એ પણ આપને અત્યાર સુધી જે લોકોને અન્યાય થયો છે, અન્યાય આમ તો જે ડાયરેક્ટ સરકારને સ્પર્શે તેવા ઘણા પ્રકારના થયા છે, જે આપણી ઇકોનોમીને ડાયરેક્ટ સ્પર્શે છે. માત્ર માગણી સંદર્ભમાં વાત ન કરતા માનો કે શિક્ષણના ઓરડા બનાવવામાં અન્યાય, જે કેન્દ્ર સરકાર દ્વારા સી.એન.જી. ગેસ નથી મળ્યો તેનો અન્યાય, નર્મદા જેવી યોજનાનો પણ વિલંબ કરી ૧૭ વર્ષથી દરવાજા ચડાવવામાં વિલંબ જેનાથી કૃષિ દર ડાયરેક્ટ જી.ડી.પી.ની અંદર વધી શકે, એ વધી શકે તેવો હતો એમાં પણ રાજય સરકારને ડાયરેકટ, ઇન ડાયરેકટ રીતે ખૂબ નુકસાન થયું છે. માનો કે એક જ દાખલો આપું રેલ્વે બ્રીજ, રાજય સરકારે ક્રોસિંગ બનાવવાનું હોય અને બબ્બે-ત્રણ ત્રણ વર્ષ સુધી જોઇન્ટ ન આપતા, પરમીશન ન મળે અને જે તે સરકારે ગુજરાતને અન્યાય કર્યો છે અને એના લીધે આ રાજ્ય સરકારને બોજો પડ્યો છે, જે આપણી તીજોરીમાંથી વધારાના પૈસા ગયા છે. રાજય સરકારનું નાણાં વિભાગ અને કર્મચારીઓ રાત-દિવસ મહેનત કરે છે અને આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલના માર્ગદર્શન હેઠળ જ્યારે નાણામંત્રી સૌરભભાઇ તનતોડ મહેનત કરી સરકારને પ્રજાએ આપેલા ટેકસરૂપી પૈસા એને યોગ્ય રીતે વ્યવસ્થિત વપરાય અને ઓછામાં ઓછો વેરો વસૂલાય અને વધારેમાં વધારે એનો બેનિફિટ પ્રાપ્ત થાય તે માટે તેઓ મહેનત કરી રહ્યા હોય ત્યારે કાલે આ સમગ્ર ગુજરાતની ૬ કરોડની પ્રજાના ટેક્સના પૈસા દ્વારા કચેરીઓ બનતી હોય છે અને ભવનોનું નિર્માણ થતું હોય છે. ભવનો સુશોભિત થતાં હોય છે, ત્યારે કોંગ્રેસના વિપક્ષના ધારાસભ્યોએ આ ભવનની અંદર ખૂબ મોટી તોડફોડ કરી ડાયરેકટ ગુજરાત સરકારને નુકસાન થયું, પણ લોકોએ આપેલ ટેક્સનું મોટામાં મોટું નુકસાન કર્યુ છે. આમ તો જ્યારે હું ન હતો, પણ રાજપા વખતના સાશનની લીડરશીપ કરીને તોડફોડમાં માહેર રહેલા વિરોધપક્ષના સભ્યોની તોડફોડની આદત ભૂલાઇ નથી, ત્યારે આ વસૂલાત ખર્ચ નાણા વિભાગ ખૂબ મહેનત કરીને ૪ ટકા જેટલો બચાવ્યો છે, પરંતુ આ ખર્ચ તોડફોડ કરી સમગ્ર ગુજરાતના ટેકસના પૈસા બરબાદ થઇ રહ્યા છે, ત્યારે દુખ છે. આ વસૂલાત માટેની મહેકમની જગ્યાઓ ભરવા માટે વાણિજ્ય વેરા નિરીક્ષકની ૬૧૯ અને બીજા ૧૫ જેની પરીક્ષા લેવાઇ ગઇ છે. સિનિયર કારકુન ૫૪ અને બીજા ૨૩ ના આદેશો કરી દેવામાં આવેલ છે. ટાઇપિસ્ટ ૩૯ જેની પણ એક્ઝામ લેવાઇ ચૂકી છે. જુનિયર કારકૂન ૩૨૨ વત્તા ૨૦૨ જેનો પણ નિયુક્તિનો આદેશ કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષ મહોદય, આ વસૂલાત ખર્ચ વધુમાં વધુ લઇ શકે અને ઓછામાં ઓછી તેમને એટલે કે વેરો ભરનારને તકલીફ પડે, ઓછામાં ઓછા કચેરીના ધક્કા ખાવા પડે તે માટે રાજય સરકારે અને નાણાં વિભાગે અધિકારીઓ માટે તાલીમ શિબિરનું બેસ્ટ આયોજન કરેલ છે. આખરે તો ટેકસ ભરનાર તે ગુજરાતના છ કરોડમાંનો એક વ્યક્તિ છે અને ગુજરાતી પરિવારનો હોય છે. ત્યારે તાલીમ અને શિબિર માટે ૭૭૬ લોકોને કોમ્પ્યુટરાઇઝ કેમ કરવું અને લોકોને કેવી રીતે સરળીકરણ થાય તે માટેની તાલીમ આપવામાં આવી છે. ૧૧૯૨ અધિકારીઓને જુદી જુદી તાલીમ આપી માળખાકીય રીતે નાનામાં નાના સેન્ટર સુધી આનો અમલ થાય તેના માટે શિબિરો કરવામાં આવી છે. (સમયસૂચક ઘંટડી) આ અંગે સરકાર દ્વારા એક પબ્લીક ફાઇનાન્સ ઇન્સ્ટીટયૂટ ગુજરાતની સંસ્થા સ્થાપવામાં આવી છે. અન્વેષણની કામગીરીમાં ૨૦૧૪-૧૫માં ૧૨૩.૮૨ કરોડની આવક મેળવી છે. વાણિજય વેરા ખાતાની કચેરીઓનું આધુનિકરણ કરવા માટે મેં જેમ અગાઉ વાત કરી કે લોકોને ત્વરિત જવાબો મળી શકે અને ત્વરિત તેનો ટેકસ સ્વીકારાઇ જાય તે માટે કચેરીઓનું આધુનિકરણ કરીને ટેકનોલોજીનો વધુમાં વધુ ઉપયોગ થાય તે રીતેનું પ્લાનિંગ

કરવામાં આવેલ છે. આટલી સરસ કામગીરી નાણાં વિભાગ દ્વારા થઇ રહી છે ત્યારે આ રાજ્ય સરકારને ૨૦૦૬ થી અત્યાર સુધી ખૂબ સારા બહુમાનો અને એવોર્ડસ પણ મળ્યા છે. ત્યારે નાણામંત્રી માગણીઓ લઇને અહીં આવ્યા છે ત્યારે ખર્ચમાં ૪ ટકાનો ઘટાડો કર્યો છે તે તેમનું બેસ્ટ મેનેજમેન્ટ છે. આ તમામ માગણીઓને હું આવકારું છું, અસ્તુ.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી(નરોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી માગણી ક્રમાંક–૧૭, તિજોરી અને હિસાબ વહીવટી મહેસૂલ ખર્ચ માટે ૧૩૮ કરોડ ૩૮ લાખ ૮૨ હજારની લાવ્યા છે તેમાં હું સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજનો દિવસ ભારતવર્ષના ઇતિહાસમાં અભૂતપૂર્વ દિવસ છે. આજ સુધી ભારત રત્ન સન્માન માટે બધા જ પોતે રાષ્ટ્રપતિ ભવન ગયા છે. આજે પ્રથમ વખત દેશના મહામહિમ રાષ્ટ્રપતિ ભારત રત્ન આપવા માટે માનનીય અટલજીના ઘરે પોતે જવાના છે. હું માનનીય અટલજી અને ભારતીય જનતા પાર્ટીના સમસ્ત કાર્યકરોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. એક રાજા હતો તે બહુ સૂઝબુઝવાળો હતો અને પોતાની પ્રજાને...

ઉપાધ્યક્ષશ્રી : નિર્મળાબેન આ બાલમંદિર નથી, વાર્તા શરૂ કરી એટલે.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, તે કામ બધું પ્લાનિંગથી કરતો હતો અને તિજોરી સાચવતો હતો. મારે તિજોરી ઉપર બોલવાનું છે એટલે કહું છું. એક વખત તેના રાજયમાં દુષ્કાળ પડયો અને પ્રજા બહુ ગભરાઇ ગઇ કે શું થશે. ત્યારે રાજાએ પોતાની નાણાંની તિજોરી ખોલી નાંખી અને બધી પ્રજાને દુઃખમાંથી ઉગારી લીધી. આપણા ગુજરાતમાં એવી સૂઝબુઝ સાથેના વહીવટના લીધે સરકારની તિજોરી પ્રજાની તકલીફને પહોંચી વળે તેવી સક્ષમ છે. કારણકે અત્યારે થોડા સમય અગાઉ પણ ખેડૂતો માટે ૧૧૦૦ કરોડનું પેકેજ તે પછી બટાટાની ફસલ માટે પેકેજ અને ગઇકાલે કરા અને માવઠાના લીધે જે નુકસાન થયું તેનું પેકેજ આપ્યું. તેના માટે હું દીર્ઘદ્રષ્ટા ગોલ્ડ મેડાલીસ્ટ રેવન્યુ મીનીસ્ટર રહેલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આ વિભાગ દ્વારા રાજયની ૩૩ જિલ્લા તિજોરી કચેરીઓ, ૧૩૮ પેટા તિજોરી કચેરીઓ અને ર પગાર અને હિસાબ કચેરી અને ૩ પેન્શન પેમેન્ટ કચેરીનું સીધું સંચાલન તથા રાજયના ૩૮૩૯ ઉપાડ અને વહેંચણી અધિકારી સાથેનું સંકલનનું કામ કરવામાં આવે છે. હિસાબ અને તિજોરી નિયામકની વહીવટની કામગીરીના વ્યાપની ચર્ચા કરીએ તો તેમાં પ્રજાની સુખાકારીને ધ્યાનમાં લઇને ઘણા બધા ક્રાંતિકારી વહીવટી સુધારા કરવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, હિસાબી તિજોરી નિયામક તંત્ર હેઠળ હાલમાં રાજપત્રિત ૭૩૯ અને બિન રાજપત્રિત ૪૩૭૦ મળીને કુલ ૫૧૦૯ જગ્યાઓના વહીવટની કામગીરી કરવામાં આવે છે. પેન્શનરોને વધુ સારી સેવાઓ મળી રહે તે માટે પેન્શન ઇન્સ્પેકશન માટે સ્પેશિયલ યુનીટ શરૂ કરવામાં આવ્યું છે. પેન્શનરોને તિજોરી કચેરીએ ન આવવું પડે તે માટે કાઉન્ટ પ્રથા બંધ કરી છે. પેન્શન હક્કોનું બેન્ક મારફતે સીધી ચૂકવણી માટે ઇ–પેમેન્ટથી ચૂકવણીની વ્યવસ્થા કરી છે. પેટા તિજોરી કચેરીઓ ખાતેથી પેન્શન ચૂકવણું જિલ્લા તિજોરી કચેરી ખાતે કેન્દ્રીકૃત કર્યું છે અને બિન કાર્યક્ષમ પી.એસ.બી. સ્કીમ હેઠળ પેન્શન ચૂકવણું બંધ કર્યુ છે. વાર્ષિક ખરાઇ પ્રમાણપત્ર આપવાની પ્રક્રિયા સરળ કરી છે. ઓનલાઇન પેન્શન પોર્ટલ કાર્યરત થતા ઘર બેઠાં પેન્શનરો માસિક, ત્રિમાસિક, અર્ધ વાર્ષિક તથા વાર્ષક પેન્શન ચૂકવણાની વિગતો જોઇ શકે છે અને પોતાનો ઇ–મેલ એડ્રેસ તથા ફોન નંબર જેવી વિગતો આપડેટ કરી શકે છે. પોતાના મેડીકલ બિલોનું સ્ટેટ્સ જોઇ શકે છે અને વારંવાર કચેરીઓના ધક્કા અને અધિકારીઓની અમુક સમયે ચિડચિડીયા વ્યવહારથી એમને મુક્તિ મળી છે. રાજય સરકાર સામે હક્ક–દાવાઓનું સમયસરનું ચૂકવણું કરવામાં આવે છે. રાજય સરકારની કોમ્પ્યુટરાઇઝેશન નીતિના ભાગરૂપે કરદાતાઓની સરકારશ્રીને ચૂકવવાનાં થતા કરો ચૂકવવામાં સરળતા રહે તે માટે ઇન્ટીગ્રેટેડ ફાઇનાન્સીયલ મેનેજમેન્ટ સિસ્ટમ (આઇ.એફ.એમ.એસ.) અંતર્ગત ઓન લાઇન કલેકશન ઓફ ટેકસીસ, સાયબર ટ્રેઝરી પોર્ટલ ડિસેમ્બર ૨૦૦૮થી કાર્યરત થયેલ છે. સાયરબ ટ્રેઝરીના અંતર્ગત હાલ કરદાતાઓ દ્વારા વેટ, સી.એસ.ટી., મોટર વ્હીકલ ટેક્ષ, રીયલ્ટી ટેક્ષ ઓનલાઇન ભરી શકાય છે અને એનાથી કરદાતાઓ ૨૪ x ૭ કરવેરા ભરી શકે છે, સમય અને નાણાનો બચાવ થઇ શકે છે, આવકનું સચોટ વર્ગીકરણ મળી રહે છે, કામગીરીમાં ચોક્કસાઇ પણ વધેલ છે, જરૂરિયાત મુજબના રીપોર્ટ અને એનાલિસિસ થઇ શકે છે, મેન્યુઅલ પધ્ધતિની સરખામણીએ સરકારશ્રીને નાણા વહેલા મળે છે. રાજયના છેવાડાના કરદાતાઓ પણ ઓનલાઇન કર ભરી શકે તે માટે ઇ–પેમેન્ટ ગેટવે સાથે સાઇબર ટ્રેઝરી પોર્ટલનું ઇન્ટીગ્રેશનનું આયોજન કરેલ છે. ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન સાયબર ટ્રેઝરી મારફત રુ.૩૫૦૫૯.૪૪ કરોડની આવક ઓનલાઇન મેળવવામાં આવેલ છે. રાજયને મળતી આવકોને સમયસર જમા કરી તેના હિસાબો એ.જી. કચેરીને સમયસર મોકલવાની કામગીરી હાથ ધરાઇ છે. નહિવત કામગીરી ધરાવતી ૨૬ પેટા તિજોરી કચેરી બંધ કરી છે અને તમામ નોન બેન્કીગ પેટા તિજોરી કચેરીઓ બેન્કીગ કરવામાં આવી છે. માર્ગ અને મકાન, સિંચાઇ તથા વન વિભાગની લેટર ઓફ ક્રેડીટની નવી પદ્ધતિનો અમલ કરવામાં આવ્યો છે, નિયામક હિસાબ અને તિજોરીની વેબ સાઇટ કાર્યરત કરી છે. વર્ષ ૨૦૧૨–૧૩માં વર્ગ–૩ના કુલ ૮૬૭ નવા કર્મચારીઓની ભરતી પ્રક્રિયા હાથ ધરી હતી. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, એમાંથી ૬૯૨ને નિમણૂકના હુકમો પણ કરેલ છે. સને ૨૦૧૪–૧૫ના નવરચીત ૭ જિલ્લાઓમાં નવી જિલ્લા તિજોરી કચેરી શરૂ કરવામાં આવી છે અને વર્ષ ૨૦૧૪–૧૫માં હિસાબ અને તિજોરી કચેરીના તાલીમ કેન્દ્ર દ્વારા ૫૨ (બાવન) જેટલા કલાસનું આયોજન કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને આપના માધ્યમથી આ સદનને જણાવતા આનંદ થાય છે કે, ગતિશીલ ગુજરાતના પ્રણેતા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનના નેતૃત્વ હેઠળ ઇ–ગવર્નન્સ અને કોમ્પ્યુટરાઇઝેશનની મદદથી થતા સરકારી કામકાજમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. કાગળનો ઉપયોગ ઘટ્યો છે અને ધીમે ધીમે પેપરલેસ વહીવટ તરફ વધી રહ્યાં છીએ.

કાગળ બનાવવા માટે લાકડાની જરૂરિયાત પડે છે અને જો કાગળનો ઉપયોગ ઘટાડી શકાય તો વનોના વિનાશને અમુક હદે રોકી શકાય છે જે પર્યાવરણ માટે લાભદાયક છે. પ્રજાના કાર્યોનો ઝડપી ઉકેલ આવે છે, ભ્રષ્ટાચાર ઘટ્યો છે, ક્રીસ્ટલ ક્લીયર ટ્રાન્સપરન્સી વધી છે, રીકવર કીપીંગ બેટર થયેલ છે અને લોકોને સરકારી કાર્યાલયોના ધક્કા ખાઇ ખાઇને જે હાલાકી થતી હતી તે ઓછી થઇ છે. કોંગ્રેસ રાજમાં વચેટિયા હતા એ બેરોજગાર થયા છે. માનનીય અધ્યક્ષશ્રી મને કહેતા દુઃખ થાય છે કે કોંગ્રેસના જમાનામાં દસ્તાવેજો હાથથી લખાતા હતા, રજીસ્ટરોમાં એન્ટ્રી થતી હતી જેના લીધે ભ્રષ્ટાચારને વેગ મળતો હતો અને રાજયમાં પ્રજા પિડાતી હતી. કોંગ્રેસના રાજમાં વચેટીયા રાજ હતું હવે વચેટીયા મુકત રાજ છે, કોંગ્રેસના રાજમાં ભ્રષ્ટ રાજ હતું હવે ભ્રષ્ટાચાર મુકત રાજ છે, કોંગ્રેસના રાજમાં પ્રદૂષિત રાજ હતું હવે પ્રદૂષણ મુકત રાજ છે, કોંગ્રેસના રાજમાં દંગા રાજ હતું હવે દંગા મુકત રાજ છે, કોંગ્રેસના રાજમાં કરફ્યુ રાજ હતું હવે કરફ્યુ મુકત રાજ છે, કોંગ્રેસના રાજમાં બિમાર રાજ હતું હવે સ્વસ્થ રાજ છે, અને કોંગ્રેસના રાજમાં અશક્ત નારી રાજ હતું હવે સશક્ત નારી રાજ છે, પહેલાં કુપોષિત રાજ હતું અત્યારે પોષણયુક્ત રાજ થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સદનના પેલી બાજુના આદરણીય સભ્યો સરકારની નીતિઓને નેગેટીવ વ્યૂથી જૂએ છે અને સરકારની નિંદા કરે છે એના માટે હું અહીં રહીમ સાહેબનો એક દોહો કહેવા માગું છું.

**''દોષ પરાયે દેખકર ચલા હસન્ત હસન્ત, અપને યાદ ન આવહિ, જિસકા આદિ ન અંત''**

એમના ટાઇમમાં જે ભ્રષ્ટાચાર હતો એનો કોઇ આદિ ન હતો કે કોઇ અંત પણ નહોતો. They walk negative. They talk negative. They hear negative. They see negative. They behave negative. Their body language is negative. Their eye language is negative; they are full of negativity, full of negativity.

ગઇકાલે આપણે અહીં એમની નેગેટીવની પરાકાષ્ઠા જોઇ હતી,

આઇ.એફ.એમ.એસ. અંતર્ગત કરવામાં આવેલી કામગીરીની વાત કરીએ તો રાજ્યના તમામ ૩૮૩૯ ઉપાડ અધિકારીશ્રીઓને ઓનલાઇન ગ્રાન્ટની વહેંચણી કરવામાં આવી રહેલ છે અને તમામ ઉપાડ અધિકારીશ્રીઓ દ્વારા તિજોરી કચેરીમાં ઓનલાઇન બિલ રજૂ કરવામાં આવી રહેલ જેના કારણે સામાન્ય નાગરિકોને પોતાના હકક દાવાઓ મેળવવામાં સુગમતા તથા ઝડપ આવતા ફાયદો થયેલ છે. ઉક્ત સમગ્ર કામગીરી ઓનલાઇન થવાના કારણે એકજ ડેટાની વારંવાર કરવામાં આવતી ડેટા એન્ટ્રીઓ નિવારી શકાયેલ છે અને કામગીરીમાં ચોકસાઇ તેમજ એકસૂત્રતા જળવાયેલ છે.

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા સભ્યશ્રીઓએ નાણાં વિભાગની સારી કામગીરી વિશે વાત કરી તે બદલ તે સૌનો હું ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. આ એક વિભાગ છે જેમાં આપણે કહી શકીએ કે રાજ્ય સરકારના બધા વિભાગનું હૃદય છે. જેટલું પાવરફુલ હશે એટલું આ સરકારના વિકાસની કામગીરી વધારે ગતિથી થઇ શકે. જ્યારે નાણા વિભાગે બજેટ રજૂ કર્યું હતું એ અંગે ચાર દિવસ ચર્ચા થઇ તેની અંદર ઘણા બધા વિષયો ઉપર ખૂબ વિગતવાર મેં વિગતો મૂકી હતી. પણ ખાસ કરીને બે ત્રણ વિષય એવા છે કે જે ક્યારેય આ હાઉસની અંદર વિગતવાર સમયના અભાવે આપણે મૂકી શક્યા નથી એ વિગતો અંગે અને નાણા વિભાગની કામગીરી વિશે મારે સભ્યશ્રીઓને માહિતી આપવી છે. ખૂબ કમ્પ્યુટરાઇઝેશન આ વિભાગમાં કરવામાં આવ્યું છે. એકાઉન્ટ્સ એન્ડ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટનું જે કામ છે એ આપણે જોવા જઇએ તો ડાયરેકટ જેમ હેલ્થ ડિપાર્ટમેન્ટમાં ડોકટર કોઇ દર્દીની સેવા કરતા હોય તો હેલ્થ ડિપાર્ટમેન્ટને તરત જ જશ મળતો હોય છે, શિક્ષક કોઇ બાળકને ભણાવતું હોય તો તરત જ જશ મળતો હોય છે. સારા રોડ બનતા હોય તો ગામમાં દેખાય છે. આ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે જે પ્રમાણે ટ્રાન્સપરન્સીથી એડમીનીસ્ટ્રેશન કર્યું છે એના કારણે આ બધા ડિપાર્ટમેન્ટો સરસ રીતે ચાલી શકે છે. આજે આ સ્ટાફ છે એ એટલી મહેનત કરે છે ત્યારે બધા વિભાગોના પેમેન્ટો છે એ સમયસર અપાય છે. આખું કમ્પ્યુટરાઇઝેશન કર્યું છે. દરેક ડિપાર્ટમેન્ટ જે બિલ રેઇઝ કરે છે પેમેન્ટ ઓફ ગ્રાન્ટ જે વિભાગને કરે છે એ એડવાન્સ કરે છે એડવાન્સ કર્યા પછી ટાઇમલી એની ૩૩ ડિસ્ટ્રિક્ટ ટ્રેઝરી ઓફિસીસ, ૧૩૮ સબ ટ્રેઝરી ઓફિસીસ અને ૩૮૪૯ ડ્રોઇંગ એન્ડ ડિસ્બર્સીંગ ઓફિસર જે ડી.ડી.ઓ. તરીકે ઓળખાય છે એ રિયલ ટાઇમના આધાર ઉપર જે બિલો સબમીશન કરવામાં આવે છે તે first cum first serve basis ઉપર આપવામાં આવે છે અને આજે આપણે આનંદ સાથે કહી શકીએ કે ઓછામાં ઓછા ૧૩-૧૪માં ૧૨ લાખ ઉપર ટ્રેઝરી office ની અંદર ખાલી બિલોના પેમેન્ટો first cum first serve basis માં ચૂકવાયા છે. તમે આજે જોશો તો સભ્યશ્રીઓની કયારેય કોઇ ફરિયાદ બિલ પેમેન્ટની આવી છે ? જેટલા નાણાં વિભાગે એડવાન્સ પેમેન્ટ આપી દીધા હોય એ તિજોરીમાં જાય છે અને તે તિજોરીના આધાર ઉપર સંપૂર્ણપણે પેમેન્ટ ચૂકવાય જાય છે. ફરિયાદ કયારે આવતી હોય, જે કંઇ આવતી હોય એ આવતું હોય છે જયારે સીસ્ટમની બહાર જઇને કોઇ વિભાગે કોઇ કામ હાથમાં લીધેલું હોય કે કેન્દ્ર સરકારની ગ્રાન્ટ ના આવી હોય કે આવા સંજોગો હોય ત્યારે જ તે બિલનું પેમેન્ટ થતુ નથી હોતું બાકી સંપૂર્ણપણે ખૂબ સીસ્ટેમેટીકલી આ વિભાગ આજની તારીખમાં પેમેન્ટ કરે છે. આપ વિચાર તો કરો કે આના કારણે કેટલા પેન્શનર્સને લાભ થાય છે. તમે બીજા રાજયમાં જાવ તો બીજા રાજયની અંદર સૌથી મોટી ફરિયાદ હોય છે કે નાણા ખાતું પૈસા નથી આપતું, નાણા ખાતું પૈસા નથી આપતું. પણ આ વિધાનસભાએ જેટલા પેમેન્ટો અહીંયા મંજૂર કરેલા છે એ સંપૂર્ણપણે એનાથી પણ વધારે જો વિભાગને યોગ્ય લાગતું હોય તો R.E. ની અંદર પણ વ્યવસ્થા કરી અને એ વ્યવસ્થા દ્વારા તેના સંપૂર્ણપણે બિલોના પેમેન્ટો કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એટલે ખાસ કરીને આ જે ટ્રેઝરી ઓફિસીઝની કામગીરી જે અહીંયા કરવામાં આવે છે તેને હું બિરદાવું છું અને આ સંપૂર્ણપણે દેશની અંદર પહેલી વખત આટલી આઇ.એફ.એમ.એસ.ટ્રેઝરીનું એ કામકાજ હાથમાં લીધુ છે જે Integrated Financial Management System એ દેશની pioneer છે એ આપણે introduce કરેલુ છે. હાલની અંદર બધુ જ ઓન લાઇન છે અને પેમેન્ટ બધુંજ ઇ–પેમેન્ટ દ્વારા જ થાય છે અને કોઇ જગ્યાએ કોઇ ઇશ્યુઝ આજની તારીખમાં આવતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું પેન્શનર્સ કે જેઓ દર મહિને રાહ જોતાં હોય છે કે કયારે મારું પેન્શન મળે. આ પેન્શનર્સનું પ્રમાણ પણ જો તમે જોવા જાવ તો સૌથી one of the most efficient and responsive system આપણે ત્યાં છે. બેંકના ખાતામાં ૪ લાખ ૯ હજાર પેન્શનર્સને આપણે પેમેન્ટ આપીએ છીએ. પહેલો દિવસ એવરી મન્થ એ લોકોને તેમના એકાઉન્ટમાં પેમેન્ટ ડાયરેકટલી જતું હોય છે. એટલે આપ વિચાર કરો કેટલુ પરફેકસન હશે. આજે કોઇની ઓફિસમાં એમ કહ્યું કે મને પેન્શન નથી અને મારે ત્યાં આવ્યા છે. આપણે ત્યાં એક વ્યકિત નથી આવતો કારણ કે પહેલી તારીખે બટન દબાવવાથી બધાના એકાઉન્ટમાં જાય છે. આપ વિચાર કરો કે મેડિકલ રીએમ્બર્સમેન્ટ પણ બેન્ક થ્રૂ આપવામાં આવ્યુ છે. ૩૦–૩૦ કરોડ રૂપિયા ૧૩–૧૪ અને ૧૪–૧૫માં એ લોકોને મેડિકલ રીએમ્બર્સમેન્ટ પણ આપીએ છીએ. જયાં બેન્ક એકાઉન્ટમાં જોઇન્ટ બેન્ક જોઇતું હોય તો બેન્કની ફેસેલીટી આપી છે. ઘણી જગ્યાએ કર્મચારીઓ મળતાં નથી હોતા તો એ કર્મચારીઓના ફેમીલી સુધી પેન્શન પહોંચે એના વારસદારોને એ પ્રમાણે પણ ગોઠવ્યુ છે. દેશની બહાર રહેતાં હોય તેના માટે પણ વ્યવસ્થા ગોઠવી છે. બીજા રાજયમાં રહેતાં હોય તેના માટે પણ વ્યવસ્થા ગોઠવી છે. લાઇફ ટાઇમ પેન્શન, ફિઝીકલી હેન્ડીકેપ mentally retarded, blinds ચિલ્ડ્રન એ લોકો માટે પણ કરેલ છે. મની ઓર્ડર થ્રૂ પણ આપીએ છીએ અને મામલતદારને ઓથોરાઇઝડ કર્યુ છે કે તમે એરિયર્સ હોય તો હાયરનું સર્ટિફીકેટ પણ આપ આપી શકો એ પ્રમાણેની વ્યવસ્થા કરી છે. પેન્શન માટે પણ પેમેન્ટ ઓફિસ અમદાવાદ અને ગાંધીનગર છે વડોદરામાં ૧૪–૧૫માં અને રાજકોટ, સુરતમાં ૧૫–૧૬ની અંદર પણ આપણે ઓફિસો ખોલવાનું આયોજન કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં ૪૧૧ કેસો કોર્ટ મેટરના કારણે અને ૩૯૧ ડિપાર્ટમેન્ટલ ઇન્કવાયરીના કારણે આટલા કેસીઝ પેન્ડીંગ છે. ૨૧૨ એડમિનિસ્ટ્રેટીવ reasons ના કારણે પેન્ડીંગ છે આ ૨૮–૨ ની વાત કરું છું. એટલે કુલ ૪૧૧ કોર્ટ મેટર, ૩૯૧ ડિપાર્ટમેન્ટલ ઇન્કવાયરી અને ૨૧૨ એડમિનિસ્ટ્રેટીવ. એટલે આટલા વર્ષોના કર્મચારીઓના માત્ર આટલા ઓછા કેસો આજે આ પેન્ડીંગ છે.

વેટ ડિપાર્ટમેન્ટની વાત કરું તો one of the most efficiently and transparently આટલા બધા ડીલર્સોનું ધ્યાન રાખે છે. આખા દેશમાં જાવ તો ગુજરાત પહેલા ત્રણ ચાર રાજયોમાં હશે કે જેની ડીલર્સ સંખ્યા ૪.૨૫ લાખ છે. બીજા રાજયોમાં જાવ તો ૩૦ હજાર, ૫૦ હજાર, ૭૦ હજાર, લાખ, અને દોઢ લાખ જયારે અહીંયા ૪.૨૫ લાખ ડીલર્સ છે. આ ૪.૨૫ લાખ ડીલર્સોનું કોમ્પ્યુટરાઇઝેશનમાં, ઇ–સર્વિસીસમાં કેવી રીતે વધારે મળે આના માટે મહેનત કરીએ છીએ.

આજે ઇ– રજિસ્ટ્રેશન, પહેલા શું હતું કે રજિસ્ટ્રેશન કરવા જાવ એટલે પેલો દુકાન શોધવા જાય, પંદર દિવસે આવે મહિને આવે, ભ્રષ્ટાચાર થાય, આ ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટે આપણે સ્ટ્રીમ લાઇન ઓન લાઇન કરી નાખી, અને આની અંદર જેવું ઓન લાઇન કરે એને ત્રણ દિવસની અંદર ટેમ્પરરી રજિસ્ટ્રેશન આપી દેવાનું એ આપ્યા પછી આપણે થોડા પેરા મીટર મૂકયા, ડ્રાઇવીંગ લાઇસન્સ હોય, પાસપોર્ટ હોય , આઠ દસ માહિતીમાંથી એ માહિતી આપે તો એને ત્રણ દિવસમાં આપી દેવાનું પછી ચેકીંગ કરવાનું, ત્રણ દિવસની કામગીરી જે ટેમ્પરરી રજિસ્ટ્રેશન મળે એટલે એ કામગીરી ચાલુ કરી શકે છે. પછી એને પરમેનેન્ટ એની ઓફિસ વ્યકિતગત જોઇ લે પછી એને કાયમી આપવાનું આ રીતે આપણે વ્યવસ્થા ગોઠવી છે.

આપણે ઇ–રીટર્ન ઓન લાઇન ચાલુ કર્યું. ઇ–રીટર્ન ઓન લાઇન ચાલુ કરવાના કારણે લોકો સી.એસ.ટી. ફોર્મ પણ ઓન લાઇન લઇ શકે છે. ડીજીટલી સાઇન્ડ, સી. એચ અને એફ ફોર્મ એમની ઓફિસમાં બેઠા બેઠા લઇ શકે છે. ૪૦૨ અને ૪૦૩ એકપોસ્ટ ઉપરના ફોર્મ ઓન લાઇન કરી શકે છે. ઇ–રીફંડ એ લોકોને ઓન લાઇન મળે છે. એટલે એ લોકોને કોઇ જગ્યાએ ઓફિસમાં ન આવવું પડે એવી વ્યવસ્થા કરી છે. અને આવતા દિવસોની અંદર ધીમે ધીમે સંપૂર્ણપણે આખા રાજયની અંદર એકે એક ડીલરને આપણે ઇ–રીટર્ન દ્વારા, ઇ –પેમેન્ટ દ્વારા ઓન લાઇન કરવાનું આખું આયોજન છે. આ ખૂબજ અગત્યનું છે, આજે વેટ વિભાગની અદર જે જુદી જુદી જાતની ચોરીઓ વેપારીઓ કરે છે એ આ ઓન લાઇન હોવાને કારણે કયા વેપારીએ કોને માલ વેચ્યો કોની પાસેથી ખરીદયો, ટેકસ ભર્યો છે, નથી ભર્યો બિલ સાચુ છે કે ખોટું છે એ સૂપૂર્ણપણે કોમ્પ્યુટરાઇઝેશનમાંથી મળશે. આના કારણે બોગસ બિલોનું પ્રમાણ હતું એ દિવસે દિવસે ઘટતું જાય છે. વેટ વિભાગ આના ઉપર કડકમા કડક પગલાં પણ લે છે. એટલે આવતા દિવસોમાં સૂપૂર્ણપણે કોમ્પ્યુટરાઇઝેશન કરીશું ત્યારે વિશ્વાસ છે કે આ વિભાગ દ્વારા કોમ્પ્યુરાઇઝેશન કરવાના કારણે ચોરીનું પ્રમાણ ઘણું ઘટશે અને સાચા ડીલરોને પણ ખબર પડશે કે એમાં ખોટા કોણ છે. આજે બધી જ માહિતી જયારે ઓન લાઇન મળે ત્યારે મારે કોઇની પાસેથી માલ ખરીદવો હોય અને એ વ્યકિતએ ટેકસ ભર્યો છે કે નથી ભર્યા, એ ટેકસ સાચો છે કે ખોટો છે એ બધી માહિતી ઓન લાઇન મળે એટલે સારા ડીલરો માટે આ થઇ રહ્યું છે.

બીજું વેબસાઇટ ઉપર rules, circulars and notifications છે આ બધી જ વ્યવસ્થાઓ ત્યાં મૂકવામાં આવી છે. એક વિષય આવતા દિવસની અંદર છેલ્લા ઘણા વર્ષોથી ચર્ચાયા કરે અને આવતા એક વર્ષમાં ઘણી ચર્ચાઓ

આવશે. આ વિષય છે જી.એસ.ટી. ગુડસ એન્ડ સર્વિસ ટેક્સ. છેલ્લા પાંચ-સાત વર્ષથી બધા રાજયોને હેરાન કરી રહ્યા છે કે આ જી.એસ.ટી.નો અમલ દેશમાં કેવી રીતે થાય. એન.ડી.એ. સરકાર આવી આદરણીય પ્રધાનમંત્રીશ્રી અને આદરણીય જેટલીજીએ આ એમેન્ડમેન્ટનું બિલ મૂકયું છે અને જયારે લોકસભા પાછી ચાલુ થશે ત્યારે સૌથી અગત્યનું ફાઇનાન્સની દૃષ્ટિએ આપણે જોવા જઇએ તો આ constitution amendment bill આ હાઉસમાં રજૂ થવાનું છે. આ હાઉસમાં આપણે વર્ષોથી ટેકસેશન માટે ચર્ચા કરી રહ્યા છીએ. જી.એસ.ટી. આવ્યા પછી ઘણા બધા ટેકસીસ subsume થઇ જવાના છે. કેન્દ્રના ટેકસ આપણને મળશે, જેના પર આપણે વેરો નથી લઇ શકતા. આપણાં ટેકસ કેન્દ્રને મળશે અને એના કારણે એક નવો જ ટેકસ ગુડ્ઝ એન્ડ સર્વીસ ટેકસ તરીકે ઓળખાતો ટેકસ એ લોકસભાની અંદર જવા જઇ રહ્યો છે. જે subsume થવાના છે, સેન્ટ્રલ ટેક્સીસ excise duty, કેન્દ્ર સરકારની, additional excise duty, કેન્દ્ર સરકારની, સર્વીસ ટેકસ કેન્દ્ર સરકારનો, સી.એસ.ટી. કેન્દ્ર સરકારનો, additional custom duty એટલે CVD તરીકે ઓળખાય છે એ, special additional duty of custom , ACD તરીકે ઓળખાય છે એ, surcharges અને cesses આ સેન્ટ્રલ ટેકસીસનું, બધા જ ટેકસીસનો એક ટેકસ થશે. સ્ટેટ ટેકસીસના જે subsume થાય છે એ વેટનો કાયદો, entertainment tax, luxury tax, tax on lotteries and gambling, State cesses and surcharges, entry taxes and purchase tax એટલે આ બધા સેન્ટ્રલ ટેકસીસ, સ્ટેટ ટેકસનો એક ટેકસ થશે એ ગુડ્ઝ એન્ડ સર્વીસ ટેકસ થશે. બધા ટેકસ ભેગા થશે અને એક રેટ જે નક્કી થશે એ જી.એસ.ટી. તરીકે ઓળખાશે. એટલે સ્ટેટ જી.એસ.ટી. હશે અને સેન્ટ્રલ જી.એસ.ટી. હશે. આ બધો ટેકસ જયારે સરખો થાય ત્યારે સ્વાભાવિક રીતે એક જ ટેકસ આખા દેશની અંદર એક સરખો ટેકસ થશે. એટલે આપણે એમ કહીએ કે મારે ત્યાં ફર્ટીલાઇઝરના ચાર ટકા છે અને પેલાને ત્યાં ઝીરો ટકા છે, ડ્રીપ ઈરીગેશનના ત્રણ ટકા છે અને ત્યાં ચાર ટકા છે અને અહીંયા ઝીરો છે. આ બધું નીકળી જવાનું છે. દિલ્હીમાં જે ટેકસ હશે એ જ ગુજરાતમાં હશે. મહારાષ્ટ્રમાં જે ટેકસ હશે એ જ કેરાલામાં હશે અને આખા દેશનો ટેકસ એક હશે અને એ જે ટેકસનું માળખું નક્કી કરશે એ ગુડ્ઝ એન્ડ સર્વીસ ટેકસ કાઉન્સીલ છે. જી.એસ.ટી. કાઉન્સીલ ગણાશે અને જી.એસ.ટી. કાઉન્સીલના અધ્યક્ષ આદરણીય નાણામંત્રીશ્રી હશે અને બધા જ રાજયોના નાણામંત્રીઓ, ત્યાં નક્કી થશે અને તેનું પણ માળખું ગોઠવાયું છે કે નક્કી કરવા માટે કેટલી બહુમતી જોઇએ. એ પ્રમાણેની બહુમતી મળે અને તેની વોટીંગ પેટર્ન નક્કી કર્યા છે. એ પ્રમાણે આખા દેશની અંદર ટેકસેશન નક્કી થવાનું છે. એટલે આ લોકસભામાં ૨/૩ મેજોરિટીથી આ બિલ પસાર કરવું પડે. ૨/૩ મેજોરિટીથી જયારે બિલ પસાર થાય એટલે એકેએક પાર્ટીએ એની અંદર પાર્ટીસિપેટ કરી અને હા પાડવી પડે ત્યારે ૨/૩ મેજોરિટીએ થાય. લોકસભા અને રાજય સભા બન્ને જગ્યાએ ૨/૩ મેજોરિટીએ પાસ થાય પછી ૫૦ ટકા રાજયોએ તેને વિધાનસભામાં પસાર કરવું પડે તો જ એ એક્ટ ફાઇનલ થાય. એક્ટ ફાઇનલ થયા પછી એક્ટનો ડ્રાફ્ટ બનશે, રૂલ્સ બનશે અને આદરણીય નાણામંત્રીશ્રી જેટલીજીએ ડેડલાઇન આપી છે એ ૧લી એપ્રિલ-૨૦૧૬ની અંદર એ એક્ટનો અમલ થાય એ પ્રમાણે અત્યારનું આખું માળખું ગોઠવાયું છે અને State empower committee આની અંદર રેગ્યુલરલી દર ૧૫ દિવસે મિટિંગ થાય છે અને વહેલામાંવહેલી તકે આ ગોઠવાય એ પ્રમાણેનું અત્યારનું વાતાવરણ બની રહ્યું છે. જે બે-ચાર વિષય હતા તેમાં જે બહાર રાખ્યું છે અને જેમાં આપણો પણ આગ્રહ હતો. એ આગ્રહ હતો કે જયારે આપણે નવા કાયદામાં જઇ રહ્યા છીએ ત્યારે પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ આની અંદરથી બહાર હોવું જોઇએ. એટલે અત્યારે એવું નક્કી કર્યું છે કે petroleum products constitution amendment bill માં લેવાનું પણ બધા રાજયોની સહમતિ મળે, જી.એસ.ટી. કાઉન્સીલમાં certain majority પછી પેટ્રોલિયમ પ્રોડક્ટ્સને લેવાનું. એટલે હાલમાં જે existing petroleum products ઉપર અને નેચરલ ગેસ ઉપર જે સી.એસ.ટી. લેવાય છે એ સી.એસ.ટી. પણ ચાલુ રહેશે અને જે પ્રમાણેનું existing taxation માળખું છે એ રાજયો કરી રહ્યા છે એ માળખું ચાલુ રહેશે. આના કારણે આપણી જે existing income છે તેને સંપૂર્ણપણે રક્ષણ મળશે. તેમાં જે કંઇ કરવું હોય એ આપણે કરી શકીએ. એટલે એ આપણે બાજુ પર રાખ્યું છે.

બીજી આમાં સૌથી અગત્યની બાબત હતી કે જે આપણે પણ કહ્યું કે revenues of the State should be protected. જે revenues of the State's protection માટેનો આપણો આગ્રહ હતો એ પણ આ જે નાણામંત્રીશ્રીએ એક્ટની અંદર જ મૂકી છે. તેમાં પાંચ વર્ષનું એ લોકોએ assurance આપ્યું છે કે પાંચ વર્ષ સુધી તમારું પ્રોટેકશન કરીશું. પરંતુ જે મુખ્ય અગત્યનું પેટ્રોલિયમ બહાર રહ્યું એટલે certain income તો પ્રોટેકટ થઇ ગઇ અને વધારાની જે સી.એસ.ટી. માળખાના કારણે ૨ ટકા સી.એસ.ટી.ના કારણે ના પાડતી હતી, અનેક વખત ચર્ચા થયા પછી એક ટકો additional tax on supply of goods રાખવાનો નિર્ણય કર્યો છે. એટલે એડિશનલ ટેક્સ આ એક ટકો મળશે, એના કારણે આપણી સીએસટીની ઇન્કમ છે એનું પણ રક્ષણ મોટું મળશે. અને એના કારણે આપણી આવકોને ૧૦૦ ટકા રક્ષણ મળશે. આમાં બેનિફિટ છે, widening of tax base છે એના services ઉપર આપણે લઇ નહોતા શકતા એ સર્વિસીસ ઉપર આપણને રેવન્યૂ મળવાની છે. ટ્રેડ અને ઇન્ડસ્ટ્રીઝને ફાયદો થશે, જે cascading effect taxation હતું, એ બંધ થશે. એક કોમન નેશનલ માર્કેટ આખા દેશમાં થશે. એક્સપોર્ટ વધારે competitive થશે. એટલે આના કારણે જીએસટીના કારણે GDP માં ખૂબ મોટો ફરક પડે એ પ્રમાણેનું બધાનું માનવું છે. આ માટે આવતા દિવસોમાં બધા જ stake holders જોડે, દા.ત. વેપારી હોય એ વેપારીને પણ વિશ્વાસમાં લેવા પડશે. હજારો લાખો વેપારીઓ છે, એ લાખો વેપારીઓને નવા કાયદામાં કઇ જાતના નીતિ-નિયમો બનાવ્યા છે? આ બધુ એમને જણાવીને વિશ્વાસમાં લેવા પડશે અને મિટિંગ કરીને જણાવવું પડશે એટલે ખૂબ

મોટી ચેલેન્જ financial side આખા દેશમાં આવતા ૬–૮ મહિનામાં ઉભી થશે અને ગુજરાત એમાં પહેલ કરશે and we will positively work on that. આ વિભાગ ખૂબ discipline થી વર્ષોથી ચલાવે છે અને આ ડિસિપ્લીનના કારણે ઘણી જગ્યાએ વિચાર થાય કે, નાણા ખાતું ના કેમ પાડે છે? પણ એનો ઈતિહાસ જોશો, બેક ગ્રાઉન્ડ જોશો તો એણે ના પાડી છે એટલે આપણી આટલી સ્થિરતા છે. સૌથી સહેલામાં સહેલો નિર્ણય હોય તો એ હા પાડવી છે. હા પાડો એટલે કોઈ તકલીફ ન થાય. અને હા પાડી અને તિજોરીમાં બાકોરા કરવા અને બાકોરાથી તિજોરી ખાલી થાય તો એ તમારું ફાઉન્ડેશન વીક કરતું હોય છે. આજે ગુજરાતનું ફાઉન્ડેશન બીજા રાજ્યોના ફાઉન્ડેશન કરતાં કેમ સ્ટ્રોન્ગ છે. Because our finance department has been very efficient એ લોકોએ વિઝનરી વિષય ઉપર કાયમ પોઝીટીવ સ્ટેન્ડ લીધું છે, ડેવલપમેન્ટ ઉપર પોઝીટીવ સ્ટેન્ડ લીધું છે, ખોટા ખર્ચા અને ખોટી આદતો ન પડે એના માટે એ લોકોએ ના પણ પાડેલી છે એટલે આજે ગૌરવ સાથે કહી શકીએ કે, જ્યારે આપણે દેશમાં બહાર જઈએ છીએ. આટલી બધી empower group of ministers માં છેલ્લા દસ વર્ષથી જઉં છું. ગુજરાતની વાત કરીએ તો તેઓ કહે છે કે, તુમ ક્યોં ચિંતા કરતે હો, તુમ્હારે પાસ તો બહોત પૈસા હૈ. આવી જ વાત કરે છે. અને ઘણીવાર તકલીફ પણ થાય કે, જ્યારે કહીએ તો ગુજરાત તો પૈસાવાળું છે. એમનું છોડોને. આ પ્રમાણે આખા દેશમાં આપણી એક ઈમેજ બની છે. મને યાદ છે કે, ફાઈનાન્સ મિનિસ્ટર શું કહે છે ખબર છે? તમે રૂ.૫૦૦/– કરોડ અને રૂ.૧૦૦૦/– કરોડના પ્રોજેક્ટ કરો છો. બીજાઓને પગાર કરવાના પૈસા નથી અને નાળા કરવાના પૈસા નથી. એટલે આવા વિષય ઉપર ફાઈનાન્સ મિનિસ્ટર કહેતા હોય છે. એ મને કહે કે, તમે એડવાન્સ આપો છો, આ આપો છો. સભ્યશ્રીએ ફિશ્કલ discipline ની વાત કરી. બેંકમાંથી પણ આપણે દેવું કરીએ છીએ. આપણે કેટલી મહેનત કરીએ છીએ. દેવું કરવા માટે આપણી પાસે એટલી મોટી જગ્યા છે પણ આપણે દેવું નથી કરતા. આપણે આપણી આવકમાંથી દેવું ભરીએ છીએ અને આપણે દેવું કરીએ છીએ એ માત્રને માત્ર વિકાસનો ખર્ચો હોય એના માટે જ દેવું કરીએ છીએ અને એ દેવું ઈકોનોમિ જનરેટ કરે છે. લોકોની આવક ઉભી કરે છે, લોકોની આવક ઉભી થાય એટલે ખર્ચ કરે. એટલે સાઈકલની માફક વ્હીલ ફરતું હોય એ પ્રમાણે આપણે activities કરીએ છીએ કે જેથી રાજ્યની ઈકોનોમીમાં છેવાડાના માનવીના ઘરમાં આવક થાય અને ત્યાં એને લાભ થાય એટલે આપણે બહુ જ પોઝિટીવલી આગળને આગળ વધી રહ્યા છીએ. તમે જોશો કે, આજની તારીખમાં જેટલા ડેલિગેશનો પ્રધાનમંત્રીને મળે છે એ શેના માટે મળે છે? એ કહે છે કે, અમને special status આપો અને સ્પેશિયલ પેકેજ આપો. અમારા આગલા એટલા દેવાદાર કરીને ગયા છે કે, તમે જેટલી ગ્રાન્ટ આપો છો એ દેવામાં જાય છે. એમનો મોટા ભાગનો ખર્ચો દેવું પાછું આપવામાં જાય છે અને વ્યાજ, આપણે કયારેય પણ પોતાની આવકમાંથી કરેલ છે એટલે આપણે તો સ્પેશિયલ પેકેજ નથી માંગ્યું આપણે ખાલી આપણો અધિકાર માગ્યો છે, આપણો હક્ક માગ્યો છે અને આપણા અધિકાર અને હકો જે વર્ષો સુધી નહોતા મળતા એ હવે મળવાનું ચાલુ થયું છે અને એ આપણી પોઝીટીવ સાઈડ છે એટલે સંપૂર્ણપણે આપણે પોતાની સ્ટ્રેન્થ ઉપર આ સરકાર ચલાવી છે એટલે પગાર ખર્ચો, તમે બીજાની ટકાવારીમાં પગાર ખર્ચ જુવો, હું બીજા રાજ્યોના દાખલા કે આંકડા ના આપી શકું કે ઘણા રાજ્યોએ ઈનહેરીટ કર્યુ છે, આપણું પે કમિશનછે એને ઘણાએ પોતાના પે કમિશન મૂકયા છે અને પે કમિશન મૂકવાના કારણે, ઈન્ટરનલ પ્રેશર્સને કારણે એ લોકો આજની તારીખમાં પગાર નથી ચૂકવી શકતા એટલે ઈન્ટરનલ આપણે સૌથી પહેલું પે કમિશન સ્વીકારીએ છીએ, કર્મચારીઓનું પણ પોતાની જે કોઈ વ્યવસ્થા હોય એ પ્રમાણે બરાબર ગોઠવીએ છીએ, ફીસ્કલ ડેફીસીટ કંટ્રોલમાં છે એટલે ખૂબ એફીસીયન્ટલી નાણા વિભાગે રાજ્યની તિજોરી ઉપર ડેવલપમેન્ટ થાય એ પ્રમાણે ખર્ચો મૂકયો છે અને આપણી વેટની આવક દર વર્ષે વધતી જાય છે એ પ્રમાણે વધતી રહેશે. તો માનનીય અધ્યક્ષશ્રી, એક એફીસીયન્ટ અને ટ્રાન્સપરન્ટ સિસ્ટમના કારણે પ્રુડન્ટ એકસપેન્ડીચરનું મેનેજમેંટ થાય છે અને ફીસ્કલ ડીસીપ્લીન પણ આપણે મેનેજ કરતા રહીએ છીએ તો મારે સૌ સભ્યશ્રીઓએ નાણા વિભાગ માટે જે પોઝીટીવ સાઈડ મૂકી તે બદલ આભાર માનુ છું, તો સર્વાનુમતે આ માગણીઓ મંજૂર થાય એ માટે વિનંતી કરું છું.

**માગણી ક્રમાંક ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

ગિલોટીન કરેલ માગણીઓ

શ્રી સૌરભભાઈ પટેલ (નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૫–૧૬ના વાર્ષિક નાણાકીય પત્રકમાં કુલ ૧૦૮ માગણીઓ સમાવિષ્ટ છે આમાંથી ૫૪ માગણીઓ આ ગૃહમાં ચર્ચા દ્વારા પસાર થઈ ગઈ છે, આ ૫૪ માગણીઓ પૈકી બે માગણીઓ બિનમતપાત્ર હોવાથી એ સિવાયની બાવન માગણીઓ હું ગિલોટીનથી મતદાન માટે રજૂ કરું છું તેના માગણી ક્રમાંક નીચે મુજબ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ક્રમાંક ૧, ૭, ૮, ૧૧, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ આ માગણીઓ માનનીય સભ્યશ્રીઓ સર્વાનુમતે મંજૂર કરે એવી હું આપની મારફતે વિનંતી કરું છું.

**માગણી ક્રમાંક ૧, ૭, ૮, ૧૧, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

તા.૨૭મી માર્ચ ૨૦૧૫

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

અધ્યક્ષશ્રી : હું રાજય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ રજૂ કરું છું.**માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**પોઇન્ટ ઓફ ઓર્ડર સંબંધે નિર્ણય જાહેર કરવા બાબત**

**અધ્યક્ષશ્રી :** ગઇકાલે સભાગૃહની બીજી બેઠક દરમ્યાન ગુજરાત વિધાનસભાની ઉચ્ચ અને ગૌરવવંતી સંસદીય પરંપરાને કલંકિત કરતી બનેલ ઘટના સંબંધે માનનીય કાયદા મંત્રીશ્રીએ ઉઠાવેલ પોઇન્ટ ઓફ ઓર્ડર તથા તે સંબંધે માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે વ્યક્ત કરેલ મંતવ્યો, ગઇ કાલે બીજી બેઠક દરમિયાન ગૃહમાં તેમજ ગૃહની બહાર બનેલ ઘટનાક્રમ તથા તે બાબતે પૂર્વ અધ્યક્ષશ્રી સ્વ. શ્રી અશોકભાઇ ભટ્ટના માનનીય મંત્રીશ્રીએ ટાંકેલ નિર્ણયો, ગઇકાલની બીજી બેઠકની કાર્યવાહી તેમજ કાર્યવાહીની વિડિયો ફૂટેજ વગેરેનો મેં ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે. ખાસ કરીને માનનીય કાયદા મંત્રીશ્રીએ વિપક્ષના સભ્યો દ્વારા ગૃહમાં તેમજ ગૃહની બહાર કરેલ હિંસક પ્રદર્શનો અને તેને પરિણામે પ્રજાની મિલકતોને થયેલ નુકસાન અંગે ઉપસ્થિત કરેલ મુદ્દા સંબંધે હું મારો નિર્ણય જાહેર કરું છું.

ગઇ કાલે સવારની બેઠકની સમગ્ર કાર્યવાહી જોતા મને સ્પષ્ટ પ્રતિતિ થાય છે કે, જે તે સમયે જ્યારે પ્રમુખસ્થાને ઉપાધ્યક્ષશ્રી હતા ત્યારે તેમણે ગૃહના સભ્યોને વારંવાર કામકાજ સલાહકાર સમિતિની ભલામણો તેમજ ગૃહે તે સંબંધે લીધેલ નિર્ણય સંદર્ભમાં બેઠકના એજન્ડામાં દર્શાવેલ ૫ વિધેયકો વિચારણામાં લઇને પૂર્ણ કરવાના છે એ વાત દોહરાવી હતી. આમ છતાં, કમનસીબે વિપક્ષના સભ્યશ્રીઓએ વિધેયકના મુદ્દા ઉપર નહીં પરંતુ અન્ય અસંબંધિત મુદ્દાઓ ઉપર પોતાના વકતવ્યો ચાલુ જ રાખ્યા હતા અને તેમને આ અંગે ટકોર કરતાં, માનનીય દંડકશ્રી બલવંતસિંહભાઇએ જરૂર પડ્યે સભાગૃહનો સમય લંબાવીને પણ વિધેયકો પૂરા કરીશું તેવી રજૂઆત કરી હતી. આ રીતે વિપક્ષે મુદ્દાસરની ટૂંકી નિયમ મુજબની મર્યાદામાં રહીને ચર્ચા કરવાના બદલે લાંબી લાંબી વિલંબિત પ્રકારની રીત અખત્યાર કરી છે તે બાબત રેકર્ડ પરથી નિઃશંક રીતે ફલિત થાય છે. પરિણામ સ્વરૂપે આ પ્રકારની કાર્યરીતિના કારણે સવારની પહેલી બેઠકની સમય અવધિ અડધો કલાક લંબાવવી પડી હતી અને આ રીતે પ્રથમ બેઠકનો સમય અડધો કલાક લંબાવવાના કારણે ઠરાવેલ ધોરણો મુજબ બીજી બેઠક ૨–૩૦ કલાકે શરૂ કરવાને બદલે ૩–૦૦ કલાકે શરૂ થશે તેવી જાહેરાત પણ અધ્યક્ષસ્થાનેથી કરવામાં આવી હતી.

ત્યાર બાદ મેં બીજી બેઠકની કાર્યવાહીની નોંધ અને વિડિયો ફૂટેજ નિયમોના સંદર્ભમાં તપાસ્યા ત્યારે પણ, જ્યારે કમોસમી વરસાદના પરિણામે ખેડૂતોને થયેલ નુકસાન અંગે પેકેજની મહત્વની જાહેરાત નિયમ–૪૪ હેઠળ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી હતી અને ત્યાર બાદ ઉર્જા મંત્રીશ્રીએ ઉર્જા ઉત્પાદન માટે પ્રાપ્ત કરેલ કોલ માઇન્સના પરિણામે રાજ્યને કરોડો રૂપિયાનો ફાયદો થયો તેવી મહત્વની જાહેરાત નિયમ–૪૪ હેઠળ કરી હતી. આ બન્ને નિવેદનો લોકહિતના અને જાહેર જનતાને સ્પર્શતા હતા તેમજ તે સ્વયંસ્પષ્ટ હતા. આમ છતાં વિપક્ષના સભ્યશ્રીઓએ સંબંધિત ન હોય તેવા લાંબી પૂર્વભૂમિકા બાંધીને પ્રશ્નો પૂછ્યા હતા અને તે તબક્કે અધ્યક્ષસ્થાનેથી મુદ્દા સંબંધિત પ્રશ્નો પૂછવા તેમજ લાંબી પ્રસ્તાવના વગરના પ્રશ્નનો પૂછવાનો અનુરોધ પણ કર્યો હતો. આમ છતાં ઘણી સંખ્યામાં વિપક્ષના સભ્યશ્રીઓએ પ્રશ્નો પૂછ્યા તેના પરિણામે સારો એવો સમય એ કામગીરીમાં ગયો હતો. આ ઉપરાંત માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે પણ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો તેમજ તેમના જ પક્ષના સભ્યશ્રી મહેન્દ્રભાઇ બારૈયાએ પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશનનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો તેમાં પણ ઠીક ઠીક સમય ગયો હતો. સભાગૃહની કામકાજ સલાહકાર સમિતિની ભલામણ અને તેના પર ગૃહે લીધેલ નિર્ણયની બાબત તેમજ બેઠકમાં વિભાગની માગણીઓ પર પ્રાપ્ત સમયની અગાઉથી જાણ કરી હોવા છતાં પણ સભાગૃહના સભ્યશ્રીઓએ કંઇક અંશે વધુ સમય લીધો અને તે માટે આગ્રહ પણ કર્યો હતો. તેના પરિણામે સભાગૃહ પાસે ગૃહ વિભાગની માગણીઓ માટે માત્ર ૩૦ મિનિટનો સમય ઉપલબ્ધ થયો હતો. પ્રોરેટા મુજબ ઉપલબ્ધ ૩૦ મિનિટ સમયમાંથી ૧૦ મિનિટનો સમય વિપક્ષને અને ૨૦ મિનિટનો સમય સત્તાધારી પક્ષને ફાળવેલ હતો. પરંતુ આ નિર્ણયની સામે વિપક્ષના સભ્યશ્રીઓએ વિપક્ષના નેતાશ્રીના પ્રવચનનો સમય પુરો થવામાં હતો ત્યારે વિરોધ પ્રદર્શિત કરી ગૃહમાં વધુ સમયની માંગણી કરી હતી. આ તબક્કે વિપક્ષના નેતાએ સભાત્યાગ કર્યો હતો અને ત્યારબાદ વિરોધપક્ષના ગૃહમાં હાજર રહેલા સભ્યશ્રીઓએ હિંસક દેખાવો અને સૂત્રોચ્ચાર કર્યા તે આપણા સૌની નજર સમક્ષ જ છે. એટલું જ નહિ પણ જ્યારે અધ્યક્ષસ્થાનેથી તેઓને ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવાનો આદેશ કર્યો ત્યારે તેઓએ સન્માનપૂર્વક ગૃહ છોડી જવાને બદલે સલામતિ અધિકારીઓ સાથે પણ હિંસક ઝપાઝપી કરીને ગૃહમાં બેસી રહીને ગૃહની કાર્યવાહીને અવરોધીને સમગ્ર ગૃહને બાનમાં લેવાનું જે કૃત્ય કર્યુ તેના પરિણામે અધ્યક્ષસ્થાનેથી સભાગૃહ મુલતવી પણ રાખવું પડ્યું હતું. ગૃહ મુલતવી રાખ્યા બાદ ગૃહની બહાર ઉપાધ્યક્ષશ્રીની ચેમ્બરમાં તથા અધ્યક્ષશ્રી અને ઉપાધ્યક્ષશ્રીની ચેમ્બર વચ્ચેની લોબીમાં ફર્નિચર, રાખેલ કૂંડાઓ વગેરેની તોડફોડ કરી અને લોકપ્રતિનિધિને છાજે નહિ તેવું જે વર્તન કર્યુ છે તેને હું સખત શબ્દોમાં વખોડી કાઢું છું. પૂર્વ અધ્યક્ષશ્રીના લોકપ્રતિનિધિના વર્તન સંબંધે માનનીય મંત્રીશ્રીએ ટાંકેલ નિર્ણય ક્રમાંક–૭ અને ૩૨ મુજબના વર્તનની અપેક્ષા ક્યાંય મને દેખાઇ નથી, જે ખૂબ જ ગંભીર અને દુ:ખદ બાબત છે. પૂર્વ અધ્યક્ષશ્રી સ્વ.શ્રી અશોકભાઇ ભટ્ટે કરેલ નિર્ણય મુજબ જાહેર મિલકતને સાચવવાની જ્યારે આપણા સૌની જવાબદારી છે ત્યારે લોકપ્રતિનિધિ જ આ જવાબદારી નિભાવવાને બદલે તેને નુકસાન કરે તે બાબત અત્યંત ગંભીર છે અને તેને કારણે જ મેં ગઇકાલે જાહેર માલમિલકતને થયેલ નુકસાન અંગે પોલીસ ફરિયાદ નોંધાવવાની તથા થયેલ નુકસાનના અંદાજો મેળવવાના હુકમો મારા સચિવાલયને કર્યા હતા. પૂર્વ અધ્યક્ષશ્રીના નિર્ણય મુજબ જાહેર મિલકતને

થયેલ નુકસાનની ભરપાઇ પણ નુકસાન કરનાર પાસેથી વસૂલવાની થાય છે અને તે સબંધે હું પણ જાહેર મિલકતને થયેલ નુકસાનની વસૂલાત વિપક્ષના હાજર રહેલા સભ્યો પાસેથી કરવાનો નિર્ણય કરું છું. આ સમગ્ર ઘટના અત્યંત નીંદનીય છે જેને હું વખોડી કાઢું છું. સંસદીય લોકશાહીની ઉજજવળ પરંપરાને કલંકરૂપ છે તેનો હું સ્વીકાર કરું છું અને વિપક્ષના સભ્યોને સખત શબ્દોમાં ઠપકો આપું છું.

સભાગૃહની બેઠકનું કામકાજ બપોરના ૧૧-૫૮ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ સોમવાર તા.૩૦મી માર્ચ ૨૦૧૫ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા.૩૦મી માર્ચ, ૨૦૧૫**
**ચૈત્ર ૯, ૧૯૩૭ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી, ગણપતસિંહ વસાવા અધ્યક્ષ સ્થાને**
**તારાંકિત પ્રશ્નો**

**મહેસાણા જિલ્લામાં ત્રીજી વાર સમરસ થયેલ ગ્રામ પંચાયતો**

* ૧૮૮૪૦ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર સતત ત્રીજીવાર કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ, અને

**જવાબ**

(૧) કુલ : ૮ (આઠ)

છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર સતત ત્રીજીવાર નીચે મુજબ ગ્રામ પંચાયતો સમરસ થઈ.

| ક્રમ | તાલુકાનું નામ | સમરસ ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | વિસનગર | ૩ |
| ૨ | બેચરાજી | ૨ |
| ૩ | ખેરાલુ | ૧ |
| ૪ | વડનગર | ૨ |
| | **કુલઃ** | **૮** |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી નાણાંકીય સહાય ચૂકવવામાં આવી ?

(૨) રૂ. ૧૮,૭૫,૦૦૦/-
(રૂપિયા અઢાર લાખ પંચોતેર હજાર)

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કઇ કઇ ગ્રામ પંચાયતો કેટલી વખત સમરસ જાહેર કરવામાં આવી?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં ટોટલ ૨૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી હતી ૨૦૧૩માં ૧૫ અને ૨૦૧૪માં ૭ એમાંથી ૨૦ ગ્રામ પંચાયતો સમરસ થઇ છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે કે તાલુકાવાર કઇ કઇ? તો બહુચારજીમાં ગણેશપુરા, રૂપપુરા અને કરણપુરા. મહેસાણામાં ગોવિંદવાડી, મેવડ, તેજપુરા, રેડલક્ષ્મીપુરા અને કડીમાં વરખડીયા, જયદેવપુરા. વડનગરમાં શેખપુરવડ, હાજીપુરા અને શેખપુર. ખેરાલુમાં સીદપુર, મચલ અને સાકરી. વિસનગરમાં ગગરેટ, રામપુરા અને બાજીપુરા વગેરે ગ્રામ પંચાયતો સમરસ થઇ છે.

શ્રી નારાયણભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, સમરસ ગ્રામ પંચાયત થાય એ સારી વાત છે પણ પહેલી વખત સમરસ થાય એને શું લાભ મળે છે? બીજી વખત અને ત્રીજી વખત સમરસ ગ્રામ પંચાયત થાય તો એમાં સરકાર કેટલો લાભ આપે છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વખત ગ્રામ પંચાયત સમરસ થાય એ સામાન્ય હોય તો ૨ લાખ રૂપિયા અને મહિલા હોય તો ૩ લાખ રૂપિયા અને પછી ક્રમશ: બીજી વખત થાય તો ૨૫ ટકાનો વધારો કરવામાં આવે છે અને ત્રીજી વખત થાય તો ૨૫ ટકાનો વધારો કરવામાં આવે છે.

શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, સમરસ ગ્રામ પંચાયતને મળતું અનુદાન ગ્રામ પંચાયત કયા કયા હેતુ માટે વાપરી શકે છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે ગ્રામ પંચાયત સમરસ થાય અને સમરસ તરીકે જે એને પૈસા આપવામાં આવે છે એમાં સામૂહિક વિકાસના કામો, પીવાના શુધ્ધ પાણીની યોજના, આંતરિક એપ્રોચ રોડ, સ્ટ્રીટ લાઇટ, પ્રાથમિક શાળાના ઓરડા, જળ સંચય માટેની યોજના, ઘન–પ્રવાહી કચરાનો નિકાલ કરવા માટેની યોજના, શૌચાલયની યોજના અને આ યોજના મેચીંગ ગ્રાન્ટ તરીકે પણ વાપરી શકાય છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સમરસ થતી ગ્રામ પંચાયતોના અનુદાનમાં કોઇ વધારો કરવામાં આવ્યો છે કે કેમ? અને સામાન્ય સમરસ કરતા મહિલા સમરસ ગ્રામ પંચાયતોમાં વધારાનું કોઇ અનુદાન આપવામાં આવે છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૯–૧–૨૦૧૧ના ઠરાવથી આની અંદર વધારો કરવામાં આવ્યો છે. ૫ હજારની વસતિ સુધી સામાન્યમાં ૧ લાખ રુપિયા હતા એના ૨ લાખ કરવામાં આવ્યા છે અને મહિલામાં ૨ લાખ હતા એના ૩ લાખ કરવામાં આવ્યા છે. ૫ હજારથી ૧૫ હજારની વસતિ હોય એમાં ૧.૫૦ લાખ રૂપિયા વધારવામાં આવ્યા છે અને ૫ હજારથી ૧૫ હજાર સુધીની મહિલા ગ્રામ પંચાયત હોય તો એને ૫ લાખ રૂપિયા કરવામાં આવ્યા છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, જયારે ગ્રામ પંચાયત સમરસ થાય એમાં કોઇ કારણસર વોર્ડમાં એકાદ ફોર્મ ભરવાનું રહી ગયું હોય અને જેને લીધે બધા ફોર્મ સરપંચ અને બીજા સભ્યોના એ બધું બિનહરિફ થાય આવું કોઇ ટેકનીકલ કારણ હોય અને એને કારણે એને સમરસ ગણવામાં કયારેક ભૂલ થાય છે તો આવી ટેકનીકલ નીતિ કોઇ રાજય સરકારે નક્કી કરી છે કે કેમ? અથવા તો કરવા માગે છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૦૦૧થી સમરસ યોજના જાહેર થઇ ત્યાર પછી ૧૨૬ ગ્રામ પંચાયતો એવી હતી જેની ટેકનીકલ ખામીઓના કારણે જે તે વખતે સમરસ જાહેર નહોતા કરી શક્યા એવી ૨૦૦૮માં એક સાથે ૧૨૬ ગ્રામ પંચાયતોની નાણા વિભાગની મંજૂરી લઇને એને મંજૂરી આપવામાં આવી. ત્યારપછીના પિરિયડથી અત્યારસુધીમાં ૮૪ ગ્રામ પંચાયતો એવી હતી કે, જેમાં ક્યાંય ને ક્યાંય એક સીટ ખાલી રહે તો જે તે વખતે એને આપણે સમરસ જાહેર નહોતા કરી શકતા, હમણાં જ આવી ૮૪ ગ્રામ પંચાયતોની મંજૂરી માટે નાણાં વિભાગમાંથી ફાઇલ આવી અને માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે ગઇ અને મુખ્યમંત્રીશ્રીએ વિભાગને બોલાવીને એક સૂચના આપી કે આવી રીતે આ સુધારા સાથે પરિપત્ર કરીને હવે આવી ટેકનીકલ ગ્રામ પંચાયતોને જે તે જિલ્લાના ડી.ડી.ઓ. આવી એક સીટ ખાલી રહે, અગર તો જે સીટ કેટેગરીની છે એ કેટેગરીની વસતિ ન હોય અને ડી.ડી.ઓ. પ્રમાણપત્ર આપે કે આ ગ્રામ પંચાયતમાં આ કેટેગરીની વસતિ નથી એવી ગ્રામ પંચાયતોને જાહેર કરવા માટે મુખ્યમંત્રીશ્રીએ અત્યારે જ નિર્ણય લીધો છે.

**તાપી જિલ્લામાં મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરનું મંજૂર મહેકમ**

* ૧૮૭૮૯ **શ્રી જનકભાઇ કાછડીયા(કરંજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ તાપી જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) ૨૪૧ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી, | (૨) ૧૧૯ |
| (૩) તે પૈકી વર્ષ ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને કેટલી ખાલી રહી, અને | (૩) ૬૨ જગ્યાઓ ભરવામાં આવી અને ૫૭ જગ્યાઓ ખાલી રહેલ. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે ? | (૪) ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ |

શ્રી જનકભાઇ મ. કાછડીયા : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૪ દરમિયાન તાલુકાવાર મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરની કેટલી જગ્યાઓ ભરવામાં આવી?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૧-૭-૨૦૧૪ના રોજ ઉચ્છલ તાલુકામાં ૧૩ જગ્યાઓ, વાવોદમાં બે, નિઝરમાં ૨૧, વ્યારામાં ૩, સોનગઢમાં ૨૩ કુલ ૬૨ જગ્યાઓ ભરવામાં આવી છે.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરનું મુખ્ય કામ શું છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગામડાની અંદર સ્વચ્છતા જળવાય, કોઇપણ ગરીબમાં ગરીબ વ્યક્તિને આરોગ્યની સુવિધા માટે જે માર્ગદર્શન જોઇએ એ માર્ગદર્શન આપવા માટે આ લોકો ગામડે ગામડે વિઝિટ કરે છે અને વિઝિટ કરીને ઘરની તપાસણી કરે છે, જન્મ મરણની નોંધણી રાખે છે અને આરોગ્ય માટે તમામ લોકોને માર્ગદર્શન આપવા માટેની કામગીરી આ લોકો કરતા હોય છે.

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરની જગ્યાની લાયકાત શું છે અને આ જગ્યા ભરવાની સત્તા કોને છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : ધોરણ -૧૨ પાસ કર્યા પછી સેનેટરી ઇન્સ્પેક્ટરનો એક વરસનો કોર્સ આવે છે એ કોર્સ કર્યા પછી જ આ ભરતી કરવાની થાય છે અને આની ભરતી જિલ્લા સમિતિ કરે છે.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : તાપી જિલ્લો ખૂબ નાનો જિલ્લો છે અને એમાં કુલ ૨૪૧ જગ્યાઓ છે અને એમાંથી ૬૨ જગ્યાઓ ભરી છે અને ૫૭ જગ્યાઓ ખાલી રાખી છે, મારે એ જાણવું છે કે મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરની જગ્યાઓ કોના દ્વારા ઉભી કરવાની હોય છે અને એની ભરતી કરવા માટેના માપદંડ શું છે અને નવી જગ્યાઓ ઉભી કરવામાં આવી છે કે કેમ?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : જિલ્લાની વસતિના ધોરણે ૩૦૦૦ની વસતિએ એક સબ સેન્ટર આપવામાં આવે છે, આ સબ સેન્ટરની મંજૂરી આપવાનું કામ આરોગ્ય વિભાગ કરે છે આ જિલ્લાની વસતિ ૭ લાખની છે અને ૨૪૧ જગ્યાનું મહેકમ મંજૂર થયેલું છે ૩૦૦૦ની વસતિ મુજબ આ જિલ્લાનું સંપૂર્ણ પૂરું સેટ અપ છે અને આ વર્ષની ૧૩ની અંદર ઘટતી જગ્યાની મંજૂરી આપી છે.

તા.૩૦મી માર્ચ, ૨૦૧૫

તારાંકિત પ્રશ્નો

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, તાપી જિલ્લામાં મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરની તાલુકાવાર કેટલી જગ્યાઓ નવી ઉભી કરવામાં આવી, આ સંવર્ગની ખાલી જગ્યાઓ પૈકી ચાલુ વર્ષે કેટલી જગ્યાઓ ભરવાનું આયોજન છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : મેં મારા પહેલાં પ્રશ્નમાં કહ્યું કે ૧૩ની અંદર સાત જગ્યા નવી મંજૂર કરવામાં આવી અને ૧૪ની અંદર ૬ જગ્યા મંજૂર કરવામાં આવી અને સભ્યશ્રીનો પ્રશ્ન છે કે ક્યારે ભરવા માગો છો? ૨૦૧૫ના કેલેન્ડર વર્ષ મુજબ આ ૫૭ જગ્યાઓ જે ખાલી છે એમાંથી ૪૩ જગ્યાઓ ભરવાનું આયોજન છે.

**ભરૂચ જીલ્લામાં આદિમજૂથની છ પાયાની સુવિધા**

* ૧૮૮૨૨ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ભરૂચ જિલ્લામાં આદિમજૂથની છ પાયાની સુવિધાઓના ઉત્કર્ષ માટે કોઈ પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૬૨૫ લાભાર્થી |
| (૩) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂ. ૧૭.૮૮ લાખ. |

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વર્ષ ૨૦૧૩-૧૪માં ભરૂચ જિલ્લામાં આદિમજૂથ છ પાયાની સુવિધા યોજના હેઠળ કેટલા કામો હાથ ધરવામાં આવ્યા ? અને કયા કયા કામો હાથ ધરવામાં આવ્યા ?

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૩-૧૪માં ભરૂચ જિલ્લામાં આદિમજૂથ છ પાયાની સુવિધા યોજના હેઠળ કુલ ૩ કામો હાથ ધરવામાં આવ્યા જેમાં હિંગોટ ગામે આદિમજૂથ ફળિયામાં ૪૦૦ મીટર લંબાઇનું સી. સી. રસ્તાનું કામ રૂપિયા છ લાખના ખર્ચે પૂર્ણ કરેલ છે. તેવી જ રીતે મૌજા ગામે આદિમ જૂથ ફળિયામાં ૩૦૦ મીટર લંબાઇના સી. સી. રસ્તાનું કામ રૂપિયા ૨.૮૨ લાખના ખર્ચે પૂર્ણ કરેલ છે. હીંગોટ ગામે આદિમજૂથ ફળિયામાં ઘર સુધી પીવાના પાણીની પાઇપ લાઇન તથા બોર મોટર પી. વી. સી. ટાંકી પાણીની સુવિધા પૂરી પાડવા માટે રૂપિયા ૧.૫૩ લાખનો ખર્ચ કરેલ છે. આમ આ ત્રણ કામો પાછળ કુલ રૂપિયા ૧૦.૩૫ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં આદિમજૂથ છ પાયાની સુવિધા કઇ છે ? અને માનનીય મંત્રીશ્રી આદિમજૂથ તાલુકાવાર વસતિ હોય તો તે જણાવે.

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં આદિમજૂથના લોકોના ઉત્કર્ષ માટે છ પાયાની સુવિધાઓ આવાસ, વીજળીકરણ, રસ્તા, પીવાનું પાણી, શિક્ષણ તેમજ આજીવિકા પૈકી રસ્તાઓ, પીવાનું પાણી અને શિક્ષણની સવલતો પૂરી પાડવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં માત્ર નેત્રંગ તાલુકામાં જ આદિમજૂથની કુલ-૬૨૫ જેટલી વસતિ છે. જેની ગામવાર વિગતો નીચે પ્રમાણે છે. નેત્રંગ તાલુકાના મૌજા ગામમાં પુરુષો ૨૧૪ અને સ્ત્રીઓ-૨૨૨ એમ મળીને કુલ-૪૩૬ જેટલી વસતિ છે. પીંગોટ ગામમાં પુરુષો ૧૮ અને સ્ત્રીઓ-૧૭ એમ મળીને કુલ ૩૫ જેટલી વસતિ છે. રૂપઘાટ ગામમાં પુરુષો ૨૪ અને સ્ત્રીઓ ૩૧ એમ મળીને કુલ-૫૫ જેટલી વસતિ છે. વરખડી ગામમાં પુરુષો ૩૮ અને સ્ત્રીઓ ૩૬ એમ મળીને કુલ-૭૪ જેટલી વસતિ છે. નેત્રંગ તાલુકાના ભોટનગર ગામમાં પુરુષો ૧૦ અને સ્ત્રીઓ ૪ એમ મળીને કુલ-૧૪ જેટલી વસતિ છે. આમ, નેત્રંગ તાલુકાની પાંચ ગામોની કુલ આદિમજાતની વસતિ ૬૨૫ જેટલી છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ભરૂચ જિલ્લામાં આદિમજૂથ છની સુવિધા કયારે શરૂ થઇ ? અને આ યોજના હેઠળ શું શું લાભ આપવામાં આવે છે ?

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું આ સન્માનીય ગૃહને જણાવતાં આનંદ અને ગર્વની લાગણી અનુભવું છું. આ પ્રસંગે હું પૂર્વ મુખ્યમંત્રીશ્રી વનબંધુ કલ્યાણ યોજનાના પ્રણેતા અને હાલના લોકલાડિલા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની રાહબરી હેઠળ સુવર્ણ જયંતી મહોત્સવ વર્ષ ૨૦૧૦માં આદિમજૂથના સર્વાંગી વિકાસ માટે આ યોજના શરૂ કરવામાં આવી હતી. જેમાં ભરૂચ જિલ્લામાં આદિમજૂથ છ પાયાની સુવિધાનો વર્ષ ૨૦૧૨-૧૩માં અમલ કરવામાં આવ્યો અને આ યોજના હેઠળ છ પાયાની સુવિધા પૈકી આ મુજબની ત્રણ સુવિધાનો લાભ આપવામાં આવેલ છે. જેમાં આદિમજૂથ જાતિની વસતિ ધરાવતા વિસ્તારોમાં મુખ્ય રસ્તાઓ તેમજ આંતરિક રસ્તાની સુવિધા પૂરી પાડવામાં આવેલ છે. તેઓના ઘરમાં તેમજ ઘર સુધી પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં આવેલ છે અને તેમના બાળકોને ખૂટતી શિક્ષણની સુવિધા પૂરી પાડવામાં આવેલ છે.

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં નેત્રંગ સિવાય બીજા તાલુકામાં આદિમજૂથની વસતિ છે કે કેમ ? અને કઇ કઇ જ્ઞાતિના છે અને તેઓ કયા વિસ્તારમાં વસવાટ કરે છે ?

તારાંકિત પ્રશ્નો

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લા સિવાયના સુરત જિલ્લો...

અધ્યક્ષશ્રી : જવાબ અત્યારે ના હોય તો માનનીય સભ્યશ્રીને પહોંચાડી દેજો.

શ્રી મંગુભાઇ છ. પટેલ : : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લા સિવાય સુરત અને નવસારી જિલ્લામાં આવેલી છે.

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આદિમજૂથ જાતિમાં કઇ કઇ જાતિનો સમાવેશ થાય છે **?** અને આ જાતિઓ આખા ગુજરાતમાં કયા કયા જિલ્લામાં વસવાટ કરે છે **?**

અધ્યક્ષશ્રી : જિલ્લાની માહિતી આવી ગઇ છે, ખાલી જ્ઞાતિઓની માહિતી હોય તો આપો. શ્રી કાંતિભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આદિમ જૂથ જ્ઞાતિમાં કોટવાળીયા, કોલચા, કાથોડી, સીદી અને પઢાર એમ કુલ પાંચ જાતિઓનો સમાવેશ થાય છે. આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર અમદાવાદમાં વર્ષ ૨૦૦૬ના સર્વે મુજબ કોટવાળીયા જાતિ હાલ ભરૂચ, નર્મદા, સુરત, નવસારી, વલસાડ, તાપી અને ડાંગ જિલ્લામાં વસવાટ કરે છે અને તેમની કુલ વસતિ ૨૧૪૧૧ જેટલી છે. કોલચા જાતિ હાલ નવસારી, સુરત, વલસાડ અને ડાંગ જિલ્લામાં વસવાટ કરે છે. અને તેમની કુલ વસતિ ૪૧૩૯૬ જેટલી છે. કાથોડી જાતિ હાલ સાબરકાંઠા, નર્મદા નવસારી અને ડાંગ જિલ્લામાં વસવાટ કરે છે અને તેમની કુલ વસતિ ૧૨૬૯૨ જેટલી છે. સીદી જાતિ ભાવનગર, રાજકોટ, જુનાગઢ, જામનગર, અમરેલી અને પોરબંદર જિલ્લામાં વસવાટ કરે છે અને તેમની કુલ વસતિ ૮૮૧૬ જેટલી છે. પઢાર જાતિ અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં વસવાટ કરે છે અને તેમની કુલ વસતિ ૨૪૮૯૯ જેટલી છે. આ પાંચ જાતિઓની કુલ વસતિ ૧,૦૯,૨૧૪ જેટલી છે.

**આણંદ જિલ્લામાં ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો**

* ૧૮૮૬૧ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કુલ કેટલી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) | સરકારી કોલેજ<br>અનુદાનિત કોલેજ<br>સ્વનિર્ભર કોલેજ<br>**કુલ** | ૦૦<br>૦૧<br>૦૯<br>**૧૦** |
| (૨) આ બધી જ કોલેજોની મંજુર થયેલ ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, | (૨) | ૪૮૧૪ | |
| (૩) તે પૈકી સન ૨૦૧૪–૧૫માં થયેલ પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ, અને | (૩) | ૩૮૮૨ | |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલી ડિગ્રી ઈજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે? | (૪) | ૯૩૨ | |

શ્રી સંજયકુમાર ર. પટેલ **:** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ડીગ્રી એન્જિનિયરિંગ કોલેજોના અભ્યાસ માટેની બેઠકો વધવાને કારણે આજે ગુજરાતના તમામ વિદ્યાર્થીઓ જેણે એન્જિનિયરિંગ કરવું છે તેમને ગુજરાતમાં પ્રવેશ મળે છે. તો આણંદ જિલ્લામાં ૧૦ ડીગ્રી એન્જિનીયરીંગ અભ્યાસક્રમની કોલેજો છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આણંદ જિલ્લામાં કુલ ૯ સ્વ નિર્ભર કોલેજો છે તેમાં અભ્યાસક્રમ વાઇઝ કેટલી બેઠકો છે અને એક અનુદાનીત ડીગ્રી ઇજનેરી કોલેજ છે એમાં પણ અભ્યાસક્રમ વાઇઝ કેટલી બેઠકો ઉપલબ્ધ છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી આણંદ જિલ્લામાં ૪૩૭૯ એ.આઇ.સી.ટી. માન્ય બેઠકો છે. એમાંથી ૩૪૫૪ બેઠકો ભરાયેલી છે અને ૯૨૫ બેઠકો ખાલી રહેલી છે. આ કોલેજોમાં ઇન્સ્ટ્રુમેન્ટેશન કન્ટ્રોલ એન્જિનીયરીંગ, ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનીકેશન ટેકનોલોજી, ઇન્ફરમેશન ટેકનોલોજી, ઇલેકટ્રીકલ ઇજનેરી, ઇલેકટ્રીકલ એન્ડ ઇલેકટ્રોનીકસ, ઇલેકટ્રીકલ્સ એન્ડ કોમ્યુનીકેશન ઇજનેરી, ઇલેકટ્રોનીકસ એન્ડ કોમ્યુનીકેશન, એરોનોટીકલ એન્જિનીયરીંગ, ઓટોમોબાઇલ એન્જિનીયરીંગ, કેમિકલ એન્જિનીયરીંગ, કોમ્પ્યુટર એન્જિનીયરીંગ, કોમ્પયુટર સાયન્સ પ્રોડકશન ઇજનેરી, ફૂડ ટેકનોલોજી, મીકેનીકલ ઇજનેરી, મેકાટ્રોનીકસ અને સીવીલ એન્જિનયરીંગ જેવા અભ્યાસક્રમો આણંદ જિલ્લાની કોલેજોમાં અભ્યાસક્રમ વાઇઝ ઉપલબ્ધ છે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને સહાય માટેની માનનીય મુખ્યમંત્રીશ્રીની શીષ્યવૃતિ યોજના શું છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની સરકાર આ રાજયના વિદ્યાર્થીઓ ટેકનોક્રેટ બને અને વિશ્વના દેશોની સમક્ષ માથુ ઉંચુ કરીને ઉભા રહી શકે તે હેતુથી ઇજનેરી કોલેજો રાજયમાં વધે અને વિદ્યાર્થીઓને કયાંય બહાર ન જવું પડે તેના માટેના અનેક આયામો કર્યા છે. સાથે સાથે આપણા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે દરેક અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને આર્થિક સહાય મળી રહે તે હેતુથી સરકારશ્રી દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીની શિષ્યવૃતિ યોજના શરૂ કરી છે. આ યોજના ખૂબ મહત્વની છે. આ યોજના હેઠળ સહાય મેળવવા માટે વાલીની આવક સાડા ચાર લાખ કે તેથી ઓછી હોય એને આ યોજનાનો લાભ મળે છે. સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે પણ નિયત થયેલી વાર્ષિક ફી હોય તે ટયુશન ફી ના

૫૦ ટકા રકમ અથવા ૫૦ હજાર બેમાંથી જે ઓછી હોય તેટલી શિષ્યવૃતિ મળી શકે છે. તબીબી અભ્યાસક્રમો સિવાયમાં. તબીબી અભ્યાસક્રમોમાં પણ આ શિષ્યવૃતિ નિયત થયેલી વાર્ષિક ટયુશન ફીની ૫૦ ટકા રકમ અથવા બે લાખ રૂપિયા બે માંથી જે ઓછી હોય તેટલી રકમ શિષ્યવૃતિ માટે મળે છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૧૩૩૬ વિદ્યાર્થીઓને ૩૨૭ કરોડ ૬૧૧ લાખની રકમ શિષ્યવૃતિ પેટે રાજય સરકારે આપેલી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મનિષાબેન વકીલ.

શ્રીમતી મનિષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

**ભરૂચ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે આદર્શ નિવાસી કાર્યરત શાળાઓ**

* ૧૮૮૧૬ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે, | (૧) ૩ (ત્રણ) |
| (૨) તે પૈકી કેટલી કુમારની તથા કેટલી કન્યાની છે, | (૨) કુમાર-૨ (બે)<br>કન્યા-૧ (એક) |
| (૩) તેમાં કેટલાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને | (૩) ૨૮૬ વિદ્યાર્થીઓ<br>૭૬-વિદ્યાર્થીનીઓ |
| (૪) આ શાળાના બાળકોને શી સવલતો આપવામાં આવે છે ? | (૪) રહેવાની, જમવાની, ભણવાની તેમજ ગણવેશ બુટ મોજા, સાબુ-તેલની સુવિધા વિના મૂલ્યે આપવામાં આવે છે. |

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ભરૂચ જિલ્લાની આદર્શ નિવાસી શાળામાં સન ૨૦૧૩-૧૪ મુજબ શાળા વાઇઝ વિદ્યાર્થી દીઠ વાર્ષિક સરેરાશ કેટલો નિભાવ ખર્ચ આવે છે, અને ધોરણ-૧૦ અને ૧૨માં ભણતા બાળકોની પરિણામની ટકાવારી કેટલી છે?

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત : ભરૂચ જિલ્લાની આદર્શ નિવાસી શાળામાં વર્ષ ૨૦૧૩-૧૪ મુજબ કુમાર શાળા નેત્રંગ વ્યકિતદીઠ રૂપિયા ૪૦૮૧૪ તથા વાર્ષિક ખર્ચ ૬૭,૭૫,૮૬૨ રૂપિયા કરવામાં આવેલ છે. એજ રીતે કુમાર શાળા અંકલેશ્વર વ્યકિત દીઠ ૪૦૪૧૨ વાર્ષિક ખર્ચ કરવામાં આવેલ છે. જયારે કુલ વાર્ષિક ખર્ચ ૩૧,૯૨,૫૧૯ રૂપિયા કરવામાં આવેલ છે. એ જ રીતે કન્યા શાળા ઝઘડિયા ખાતે વિદ્યાર્થી દીઠ ૭૦૧૧૯ રૂપિયા તથા વાર્ષિક ખર્ચ ૫૫, ૦૦,૦૪૧ કરવામાં આવેલ છે. માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન પૂછયો એના અનુસંધાને જણાવવાનું કે ભરૂચ જિલ્લામાં ત્રણ આદર્શ નિવાસી શાળાઓ છે જે નેત્રંગ, અંકલેશ્વર અને ઝઘડિયામાં ચાલે છે. નેત્રંગમાં વર્ષ ૨૦૧૨-૧૩માં ધોરણ-૧૦માં સો ટકા જયારે ધોરણ-૧૨માં ૯૮.૪૩ ટકા પરિણામ આવેલ છે. એ જ રીતે વર્ષ ૨૦૧૩-૧૪માં ધોરણ-૧૦માં ૯૪.૫૯ ટકા જયારે ૨૦૧૧-૧૨માં ૯૧.૫૯ ટકા પરિણામ આવેલ છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : ભરૂચ જિલ્લામાં પ્રવેશ માટે કેટલી અરજીઓ આવી હતી, એમાંથી કેટલાને પ્રવેશ આપવામાં આવ્યો અને જે અરજીઓ નામંજૂર કરવામાં આવી એ નામંજૂર કરવાના કારણો શું છે?

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત : ભરૂચ જિલ્લામાં કુમારશાળા નેત્રંગ ખાતે કુલ ૩૯૫ અરજીઓ આવેલી હતી જેમાંથી ૯૮ વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે અને ૨૯૭ અરજીઓ ઓછા મેરિટના કારણે નામંજૂર કરવામાં આવેલ છે. એ જ રીતે કુમાર શાળા અંકલેશ્વર ખાતે કુલ ૧૦૦ અરજીઓ આવેલ હતી જેમાંથી ૪૨ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. જયારે ૫૮ અરજીઓ ઓછા મેરિટના કારણે નામંજૂર કરવામાં આવેલ છે. કન્યા શાળા ઝઘડિયા ખાતે કુલ ૯૦ અરજીઓ આવેલ હતી એમાંથી ૪૩ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી જયારે ૪૭ અરજીઓ ઓછા મેરિટના કારણે નામંજૂર કરવામાં આવેલ છે.

શ્રી અરૂણસિંહ અ. રણા : આદર્શ નિવાસી શાળા યોજના શું છે અને આ યોજના કયારથી શરૂ થયેલ છે?

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત : અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓમાં શિક્ષણનો વ્યાપ વધે તેમજ સારૂ શિક્ષણ મળી શકે તે હેતુથી તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓની પોતાની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી શિક્ષણ મેળવી શકતા નથી અને ઘણી વખત અભ્યાસ પડતો મૂકવાની ફરજ પડતી હોય છે એવા સંજોગોને ધ્યાને લઇને આવી આદર્શ નિવાસી શાળામાં રહેવાની, જમવાની તથા ભણવાની વ્યવસ્થા સાથે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ મેળવી શકે અને પોતાની શૈક્ષણિક કારકિર્દી ઉજ્જવળ બનાવીને અન્ય સમાજની હોરળમાં પોતાનો વિકાસ સાધીને ઉભો રહી શકે તેવા શુભ આશયથી આદર્શ નિવાસી શાળા સન ૧૯૮૬-૮૭માં શરૂ કરવામાં આવેલ છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આદર્શ નિવાસી શાળામાં જાતિવાર પ્રવેશની કોઇ ટકાવારી નક્કી કરેલ છે કે કેમ, જો કરેલ હોય તો કેટલી?

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, જે સ્થળ પર અનુસૂચિત જાતિ કે બક્ષીપંચની નિવાસી શાળાઓ કાર્યરત નથી પરંતુ અનુસૂચિત જનજાતિની નિવાસી શાળાઓ કાર્યરત છે ત્યાં પ્રવેશની ટકાવારી એક વર્ગની માન્ય

સંખ્યા ૪૦ ને ધ્યાનમાં રાખીને પ્રવેશની ટકાવારી ધ્યાનમાં લેવામાં આવે છે. જેમાં ૬૦ ટકા અનુસૂચિત જનજાતિ પ્રમાણે ૨૪ વિદ્યાર્થીઓ, ૧૦ ટકા અનુસૂચિત જાતિ પ્રમાણે ૪ વિદ્યાર્થીઓ, ૧૫ ટકા બક્ષી પંચ જાતિ પ્રમાણે ૬ વિદ્યાર્થીઓ અને ૧૫ ટકા આર્થિક રીતે પછાત વર્ગ જાતિ પ્રમાણે ૬ વિદ્યાર્થીઓની ટકાવારીને ધ્યાનમાં લેવામાં આવે છે.

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ભરૂચ જિલ્લાની આદર્શ નિવાસી શાળાઓમાં કયાં સુધીના અભ્યાસની સુવિધા છે અને આ શાળામાં શાળાવાર માન્ય સંખ્યા કેટલી છે અને તેની સામે કેટલાને પ્રવેશ આપવામાં આવે છે?

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત : ભરૂચ જિલ્લાની કુમાર શાળા નેત્રંગ ખાતે ધોરણ ૯થી ૧૨ની સુવિધા છે અને તેની માન્ય સંખ્યા ૨૪૦ છે. જેમાં કુલ ૨૦૯ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે, જયારે કુમાર શાળા અંકલેશ્વર ખાતે ધોરણ–૯થી ૧૦ની સુવિધા છે અને તેની માન્ય સંખ્યા ૮૦ છે. જેમાં કુલ ૭૭ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે. કન્યા શાળા ઝઘડીયા ખાતે ધોરણ ૯થી ૧૦ની સુવિધા છે અને તેની માન્ય સંખ્યા ૮૦ છે, જેમાં કુલ ૭૬ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે.

શ્રી સતિષભાઇ મો. પટેલ : માનનીય અધયક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આદર્શ નિવાસી શાળાઓમાં પ્રવેશ માટેના ધોરણો શું છે અને આ પ્રવેશ માટેની પ્રક્રિયા શું છે?

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આદર્શ નિવાસી શાળાઓમાં પ્રવેશ મેળવવા માટે પાછલા વર્ષના વાર્ષિક પરીક્ષામાં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને મેરિટના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે. સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે આદર્શ નિવાસી શાળાઓમાં મેરિટના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે. તેમજ અનુસૂચિત જનજાતિ અને અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે આવકનું ધોરણ નથી પરંતુ બાકીની જાતિઓ માટે વાલીની વાર્ષિક આવક રૂપિયા ૧૧,૦૦૦ સુધીની મર્યાદા છે.

## નર્મદા જિલ્લામાં ચેકડેમ તથા વન તલાવડી બનાવવા બાબત

* ૧૮૮૧૧ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં વન વિભાગ દ્ધારા નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા ચેકડેમ અને વન તલાવડી બનાવવામાં આવેલ છે, અને | (૧) સને ૨૦૧૩–૧૪ માં ૨ ચેકડેમ બનાવવામાં આવેલ છે જ્યારે સને ૨૦૧૪–૧૫ માં કોઈ ચેકડેમ કે વન તલાવડી બનાવવામાં આવેલ નથી. |
| (૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવે છે ? | (૨) સને ૨૦૧૩–૧૪માં રૂ.૧૯.૯૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

શ્રી દિનેશભાઇ બી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભૂમિ અને ભેજ સંરક્ષણ યોજના હેઠળ કયા કયા પ્રકારની કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂમિ અને ભેજ સંરક્ષણ યોજના હેઠળ વન વિસ્તારની અંદર કન્ટુર બંધ– જમીનને એક સરખી અને ઉંચાઇ, લેવલીંગ વગેરેની કામગીરી થાય છે. ગલી પીચીંગનુ કામ જમીનનું ધોવાણ રોકવા માટે, વહી જતા પાણીને વરસાદથી રોકવા માટે આ રીતે કરવામાં આવે છે. નાળા બિલ્ડીંગની કામગીરી કરવામાં આવે છે. જમીનનું ધોવાણ, વરસાદને રોકવા અને તેની ગતિ નિયંત્રણ કરવા માટે આ રીતનું કામ કરવામાં આવે છે. કાચા–પાકા બંધ–પાળા બાંધીને પણ યોજના દ્ધારા ફળદ્રુપ જમીન ધોવાતી રોકવા માટેનું કામ કરવામાં આવે છે. વન તલાવડીઓના માધ્યમથી નાના કોતરો ઉપર વન તલાવડીઓ બાંધીને વરસાદનું કુદરતી પાણી રોકીને જમીનની અંદર ભેજ ઉતરે તેના માટેની કામગીરી કરવામાં આવે છે. ચેકડેમો બનાવીને જે મોટા કોતરો છે એવી જગ્યાએ વહી જતું પાણી રોકીને જમીનમાં ઉતરે તેના માટે ચેકડેમ બનાવવામાં આવે છે. બ્રુસ રૂટ ચેકડેમ કે જે પાંદડાઓ છે, છોડવાઓ છે એને રોકીને પણ ડાળખીઓના માધ્યમથી પાણી રોકવામાં આવે છે. કન્ટુર બંધની પણ કામગીરી કરવામાં આવે છે અને પ્લાન્ટેશનની પણ કામગીરી કરવામાં આવે છે.

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે વન વિભાગ દ્ધારા બનાવવામાં આવેલા ચેકડેમમાં સંગ્રહ કરવામાં આવેલ પાણીનો ઉપયોગ કઇ રીતે કરવામાં આવે છે? ખરેખર સિંચાઇ માટે કે પશુઓ માટે ઉપયોગ કરવામાં આવે છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગની અંદર જે ચેકડેમો બનાવવામાં આવે છે એ જંગલ વિસ્તારમાં બનાવવામાં આવે છે અને એ રોકાયેલું પાણી જમીનની અંદર ઉતરે, જમીનની અંદર ભેજ રહે તેના માટે કરવામાં આવે છે. તે પાણી જંગલી જાનવરો અને પશુઓ પણ પીતા હોય છે. તેમ છતાં નજીકના ગ્રામ્ય વિસ્તારના ગામડાંના પશુઓને પણ પીવાના પાણીની મુશ્કેલી પડે છે ત્યારે આ ચેકડેમમાંથી પશુઓને પીવાનું પાણી મળે છે. આ જંગલ વિસ્તારમાં હોવાના કારણે આપણે ખેતી માટે તેનો ઉપયોગ કરી શકતા નથી.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વન તલાવડીના ધોરણો શું છે અને એના માટે શું વિધિ કરવી પડતી હોય છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, જંગલ વિસ્તારના નાના નાના કોતરો ઉપર વન તલાવડી બનાવવાની હોય છે. એનો સરવે કરીને, સ્થાનિક અધિકારીઓના માધ્યમથી અંદાજ, પ્લાન, એસ્ટીમેટ બનાવવામાં આવે છે. સ્થાનિક અધિકારીઓ ત્યાં હોય છે, એ જ વિભાગના કર્મચારીઓ દ્વારા સ્થાનિક રીતે એ કામગીરી કરવામાં આવે છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં ૨૦૧૪–૧૫માં એકપણ ચેકડેમ બનાવવામાં આવેલ નથી એના કારણો શું છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ કામગીરી કરવા માટે એડવાન્સ વર્કીંગ પ્લાન બનાવવામાં આવે છે આ વર્કીંગ પ્લાનમાં સમાવેશ થયેલ ન હોવાથી ચેકડેમ બનાવવામાં આવેલ નથી.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, ચેકડેમ બાંધવા માટે વન વિભાગ દ્વારા તાંત્રિક મંજૂરી કેવી રીતે મેળવવામાં આવે છે અને તેનો સત્તાધિકાર કોને છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગના આ ચેકડેમ બનાવવા માટે એક નાયબ કાર્યપાલક ઇજનેર અને એક અધિક મદદનીશ ઇજનેરની જગ્યા મંજૂર થયેલ છે. એમાં ના.કા.ઇ.ની જગ્યા ખાલી છે. એના નીચે જે અ.મ.ઇ. કામ કરે છે. એને ટ્રેનીંગમાં માર્ગદર્શન આપવામાં આવે છે એટલે એ એના બદલે આ કામગીરી કરે છે. એના નજીકની સિંચાઇની કચેરી છે, એના માધ્યમથી તાંત્રીક મંજૂરી લેઇને એની અંદર કામગીરી કરવામાં આવે છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં કઇ રેન્જમાં ચેકડેમ બનાવવામાં આવેલ છે? એમાં પાણીનો સંગ્રહ કેટલો છે? એની પાછળ કેટલો ખર્ચ થયો છે અને કેટલા માનવ દિન ઉત્પન્ન થયા છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લાની અંદર દેડીયાપાડાના રાલદા જે રેન્જ છે એમાં ૨૦૧૩–૧૪માં એક ચેકડેમ રૂ.૧૫/–લાખના ખર્ચે બનાવવામાં આવેલ છે અને બીજો કુલસર રેન્જની અંદર દોલર ખાતે એક ચેકડેમ રૂ.૪.૯૪ લાખના ખર્ચે કરવામાં આવેલ છે. દોલર ચેકડેમમાં ૬૦૦ ઘન મિટર પાણી છે અને ૯૫૭ માનવ દિન એમાંથી ઉત્પન્ન થયેલ છે.

## નર્મદા જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ

* ૧૮૭૫૨ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ છેલ્લા એક વર્ષમાં મળી, | (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં નવા રેશનકાર્ડની ૧૯૬૨ અરજીઓ છેલ્લા એક વર્ષમાં મળી. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) તમામ ૧૯૬૨ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૩) કોઈ અરજી પડતર નથી. |
| (૪) પડતર રહેવાના કારણો શાં છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, નવા રેશન કાર્ડ માટે અરજી કરવા માટેનું નિયત ફોર્મ નક્કી કરેલ છે એ ક્યાંથી મળે છે? નવા બાર કોડેડ રેશન કાર્ડ માટે અરજી સાથે ક્યા કયા આધાર–પૂરાવા જોડવા જરૂરી છે? નર્મદા જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા બાર કોડેડ રેશન કાર્ડ માટેની કેટલી અરજીઓ મળી અને તેમાં કેટલી અરજીઓ મંજૂર, નામંજૂર અને પડતર છે? નામંજૂર કરી હોય તો એના કારણો શું છે?

શ્રી છત્રસિંહ પું મોરી : માનનીય અધ્યક્ષશ્રી, નવા રેશન કાર્ડ માટે સરકારશ્રી દ્વારા નિયત અરજી ફોર્મ નમુના નં.ર નક્કી કરવામાં આવેલ છે. આ બે નંબરનું ફોર્મ અરજી કરવા માટે જનસેવા કેન્દ્ર અને એટીવીટી કેન્દ્ર તથા ઓન લાઇન દ્વારા અરજી કરી શકાય છે. એમણે પૂરાવાની વાત કરી છે. તો એમાં ૧૩ જેટલા પૂરાવાની જરૂરિયાત પડે છે. હયાત રેશન કાર્ડ અથવા બીજા જિલ્લામાંથી પોતે નામ કમી કરીને આવ્યા હોય તો એનો દાખલો. વીજળી બિલ, ઇન્કમ ટેકસનું પાન કાર્ડ, ગ્રામ પંચાયતના મિલકત વેરાનું બિલ, ટેલિફોન બિલ અથવા મોબાઇલનું બિલ, ડ્રાઇવીંગ લાયસન્સ, ચૂંટણી ઓળખ કાર્ડ, રાંધણ ગેસની પાસબૂક, પી.એન.જી. કનેક્શનનું બિલ, ૮–અ નો ઉતારો, ખાતાવહી, મનરેગાનું જોબ કાર્ડ, બેંકની પાસ બૂક, કિસાન ક્રેડિટ કાર્ડ આ તમામ પૂરાવા ના હોય છતાં હમણા રાજય સરકારે નવીન યોજના ઝડપથી રેશન કાર્ડ મળે એ માટે આ ૧૩ પૈકી પણ ના હોય તો એકલું ચૂંટણી કાર્ડ હોય તો પણ અમે રેશનકાર્ડ આપી દઇએ છીએ. એ છતાંય ધારો કે ચૂંટણી કાર્ડ નથી તો એની મતદાર યાદી ઓન લાઇન હોય છે એ ઓન લાઇન મતદાર યાદીમાંથી જો એ મેળવે તો એના દ્વારા પણ રેશનકાર્ડ આપીએ છીએ. ત્રીજો પ્રશ્ન છે મંજૂર થયેલી અરજીઓ તો ગરૂડેશ્વરમાં કુલ અરજી ૪૬૭ મળી છે, ૧૩૩ નામંજૂર કરી છે અને કુલ અરજી પૈકી ૩૩૪ અરજી મંજૂર કરી છે એમાં એ.એ.વાય. ૧૬ છે, બી.પી.એલ. માટે ૧૯ છે, એ.પી.એલ. માટે ૨૯૯ છે, અને એ.પી.એલ.–૨ માં એક પણ નથી. દેડિયાપાડા માટે ૨૮૯ છે, નામંજૂર ૫૩ છે, મંજૂર થયેલી ૨૩૬ છે એમાં એ.એ.વાય. હેઠળ ૬ છે, બી.પી.એલ.ની ૪ મંજૂર કરવામાં આવી છે. એ.પી.એલ.–૧માં ૨૨૩ અને એ.પી.એલ.–૨ માં ૩ છે,

તિલકવાડાની અંદર ૧૯૬ અરજીઓ મળી હતી એમાંથી ૪૫ અરજીઓ નામંજૂર કરી છે. ૧૫૧ મંજૂર કરી છે. બી.પી.એલ.માં ૧ આપેલ છે, એ.પી.એલ.માં ૧૪૭ આપેલ છે. એ.પી.એલ. –૨માં ૩ આપેલ છે. નાંદોદમાં ૫૮૯ અરજીઓ મળી છે, નામંજૂર ૧૩૪ છે, ૪૫૫ મંજૂર થયેલી અરજી છે. એ.એ.વાય.માં ૧ મંજૂર કરી છે. બી.પી.એલ.માં ૯ અરજીઓ મંજૂર કરી છે, ૪૪૪ એ.પી.એલ.–૧માં મંજૂર કરી છે. એમ કુલ મળેલી અરજીઓ ૧૯૬૨ હતી, નામંજૂર ૪૦૧, અને મંજૂર થયેલી અરજીઓ ૧૫૬૧, એ.એ.વાય.ની અંદર ૨૪, બી.પી.એલ.માં ૩૫, એ.પી.એલ. વનમાં ૧૪૯૩, એ.પી.એલ.–૨માં ૯ અને નામંજૂર થવા માટે પૂરતા પૂરાવા જો રજૂ ન કર્યા હોય તો આપણે નામંજૂર કરી શકીએ છીએ.

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મારે માનનીય, મંત્રીશ્રીને પૂછવું છે કે જનસેવા કેન્દ્રમાં અરજી સ્વીકાર્યા પછી એની ચકાસણી થઇ ગઇ હોય તો કેટલી સમયમર્યાદામાં આપણે રેશનકાર્ડ લાભાર્થીને આપીએ છીએ?

શ્રી છત્રસિંહ પું મોરી : માનનીય અધ્યક્ષશ્રી, નવા બારકોડેડ રેશનકાર્ડ માટે બે નમૂનામાં નંબર બેના ફોર્મમાં અરજી કરવા માટે એટીવી અથવા જનસેવા કેન્દ્રમાં અરજી કર્યા પછી ૩૦ દિવસની અંદર અમે આ અરજીનો નિકાલ કરીએ છીએ આના માટે દર માસે અમે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ દ્વારા દરેક તાલુકવાર એના નિકાલની સમીક્ષાઓ પણ કરવામાં આવે છે અને સમયમર્યાદામાં આ અરજીઓનો નિકાલ થાય એના માટે કરવામાં આવે છે અને આ જે અરજીઓ આવે છે એના માટે જે પદ્ધતિની આગળ મેં વાત કરી કે ચૂંટણીનું ઓળખકાર્ડ હોય અથવા મતદાર યાદીમાં નામ હોય તો પણ આપણે રેશનકાર્ડ માટેના ફોર્મને સ્વીકારીએ છીએ, ૧૩ જેટલા પુરાવામાંથી કોઇપણ વાજબી પુરાવા આપે તો પણ અમે સ્વીકારીએ છીએ અને તાલુકામાં મામલતદાર કચેરીમાં અને શહેરમાં ઝોનલ કચેરીમાં એટીવીટી કેન્દ્ર અથવા તો જનસેવા કેન્દ્રમાં ઉપલબ્ધ કરવાથી થાય છે. આ અરજીઓ માટે તાલુકા કક્ષાએ અરજી મંજૂર કરવી કે ના કરવી એની સત્તા મામલતદારને અને ઝોનલ અધિકારીશ્રીઓને આપી છે. કઇ કેટેગરીનું રેશનકાર્ડ આપવું તેના માટેની સત્તા પણ ચકાસણી કર્યા બાદ એ અંત્યોદય કાર્ડ છે, એ.પી.એલ. કાર્ડ છે કે બી.પી.એલ. કાર્ડ છે એ કેટેગરી નકકી કર્યા પછી જ આવે છે અને ધારો કે કોઇ વ્યકિત મહદઅંશે કુટુંબમાં કોઇ ઉંમર લાયક હોય તો ૧૫ વર્ષ ઉપરની કોઇપણ વ્યકિત બીજા કોઇ હોય તો એના ફીંગર પ્રિન્ટ પણ લઇએ છીએ, એના ફોટા, નવું બારકોડેડ રેશનકાર્ડ માટે લઇ અને અમે એ રેશનકાર્ડ આપીએ છીએ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ભારતમાં અન્ય કયા રાજયમાં બારકોડેડ રેશન કાર્ડ યોજના એટલે બાયોમેટ્રીકટસ પ્રથા અમલમાં છે અને બીજો પ્રશ્ન છે કે બારકોડેડ રેશનકાર્ડ પ્રોજેકટની રાષ્ટ્રીય સ્તરે એની નોંધ લેવાઇ છે કે કેમ?

શ્રી છત્રસિંહ પું મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના માત્ર અને માત્ર ગુજરાત સરકાર દ્વારા ૨૦૧૦માં શરૂ કરવામાં આવી છે. અરજી થયા પછી નામદાર હાઇકોર્ટની અંદર ૨૭–૧૦–૨૦૧૦થી અરજી કરવામાં આવી છે અને આ અરજીની સુનાવણીમાં કોર્ટે આખી કાર્યવાહીનું નિર્દેશન જોયું અને પછી કોર્ટે પીટીશનને કાઢી નાખી અને એને અનુમોદન આપ્યું હતું ત્યાર પછી એવી જ બીજી અરજી સુપ્રિમકોર્ટમાં પણ થઇ. એ તા. ૧૪–૯–૨૦૧૧માં થઇ અને આને પણ અમે કોમ્પોનન્ટ–૨ હેઠળ કોર્ટમાં પ્રેઝન્ટેશન કર્યું તો સુપ્રીમ કોર્ટે પણ એવું કહ્યું કે આ ગુજરાત રાજયનું મોડેલ છે એને આખા દેશમાં અનુસરવા જેવું છે. આમાં કોઇ ગેરરીતિ થાય એવું નથી. આમાં અમને બે એવોર્ડ મળ્યા છે. એક ૨૦૧૧–૧૨માં કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઇન્ડિયા, એની અંદર નીહીલેન્ડ ઇ–ગવર્નન્સનો આપણને જે એવોર્ડ છે એ એવોર્ડ ઓફ ધ એક્સલન્ટ પ્રોજેક્ટ ઇન કેટેગરી જી.ર હેઠળ આપણે લોકભોગ્ય બનાવવા માટેની ટેકનોલોજીની સૌથી સારી સુવિધા આપવા માટેનો એવોર્ડ કેન્દ્ર સરકાર તરફથી તે વખતની યુ.પી.એ. સરકાર તરફથી મળેલ છે. એવો જ બીજો એક એવોર્ડ ૨૦૧૩–૧૪માં કેન્દ્ર સરકારે પ્રશાસન સુધાર અને લોક શિકાયત વિભાગ તેમજ ઇલેકટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી વિભાગ દ્વારા રાષ્ટ્રીય કક્ષાનો ગુજરાતને ૨૦૧૩–૧૪નો ઇ–ગવર્નન્સ એવોર્ડ બારકોડેડ રેશન કાર્ડ અને બાયોમેટ્રિક ફૂડ કૂપન સિસ્ટમ ફોર ધ ઇફિકટીવ એન્ડ ધી એફિસિઅન્ટ સર્વિસ ડિલિવરી, આના માટેનો એક્સલન્સી ઓફ ગવર્નમેન્ટ પ્રોસેસિંગ ઇન એન્જિનિયરિંગ આ વિભાગનો એવોર્ડ તા. ૩૧–૧–૨૦૧૪થી મળેલ છે. આમ, બે એવોર્ડ કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત સરકારને આપવામાં આવેલ છે.

### જામનગર જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ

*૧૮૭૬૦ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલા બારકોડેડ રેશનકાર્ડ માટે કેટલા ફોર્મ નં. ૧ ભરાઇને મળેલ હતા, | (૧) બારકોડેડ રેશનકાર્ડ માટેના ફોર્મ નં. ૧ ભરાઇને પરત મેળવવાની અંતિમ તા. ૩૦–૯–૨૦૧૦ હતી. જામનગર જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ માટે **૩૦૬૫૧૪** ફોર્મ નં. ૧ ભરાઇને મળેલ હતાં. તે પૈકી **૨૯૮૦૬૦** ફોર્મ માન્ય હતા. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા બારકોડેડ | (૨) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ **૨૮૨૨૮૯** |

રેશનકાર્ડનું વિતરણ થયેલ છે અને બાકી કેટલા છે, અને

બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે. **૧૫૭૭૧** બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ બાકી છે.

(૩) બાકી રહેવાના કારણો શા છે ?

(૩) બાયોમેટ્રીક આપવા ન આવતા હોઈ અગરતો અન્ય કારણોસર બોરકોડેડ રેશનકાર્ડ મેળવવા આવતા ન હોવાથી.

**શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા :** માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જામનગર જિલ્લામાં જૂના રેશન કાર્ડ સામે બારકોડેડ રેશન કાર્ડ વિતરણ કરવાના કેટલા બાકી છે અને કેટલા સમય સુધીમાં વિતરણ કરવામાં આવશે? બીજો પ્રશ્ન એ છે કે જામનગર જિલ્લામાં તાલુકાવાર બારકોડેડ રેશન કાર્ડ કેટલા વિતરણ કરવામાં આવ્યા અને કેટલા બાકી છે?

**શ્રી છત્રસિંહ પૂં. મોરી :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જૂના રેશન કાર્ડની સામે બારકોડેડ રેશન કાર્ડ જે વિતરણ કરવાના બાકી છે એ પૂછેલ છે તે બાબતે જણાવું તો રેશન કાર્ડ તો તૈયાર છે પણ કેટલાક કાર્ડ ધારકો આ રેશન કાર્ડ લેવા આવતા નથી. અવાર નવાર અમારા માધ્યમો દ્વારા સૂચનાઓ પણ આપી છે. છતાં આજ સુધી આ લોકો લેવા આવ્યા નથી. અમે આવતા દિવસોમાં રાજ્ય સરકાર કાર્ડ ધારકોને તૈયાર કાર્ડ મળી જાય એટલે પત્રો લખીને જાણ કરીને સમયસર તૈયાર થયેલ રેશન કાર્ડ લઇ જાય એવું આયોજન કરેલ છે. જામનગર જિલ્લામાં તાલુકાવાર બારકોડેડ રેશન કાર્ડ આપવાની વાત કરી છે એની અંદર કુલ મળેલ અરજીઓમાં તાલુકાવાર લિસ્ટ લાંબું છે પણ જિલ્લામાં ૩ લાખ ૬ હજાર ૫૧૪ અરજીઓ મળી છે તે પૈકી ૨ લાખ ૬૨ હજાર ૨૮૯ અરજીઓના બારકોડેડ રેશન કાર્ડ વિતરણ કરવામાં આવ્યા છે. ૧૫,૭૭૧ રેશન કાર્ડ આપવાના બાકી છે. તાલુકાવાર બાકી છે એ મુજબ કાલાવાડમાં ૩૨૭, જામજોધપુર ૪૮, જામનગર ૧૪૪૭, જામનગર ઝોનલ-૧ માં ૪૮૧૬, જામનગર ઝોનલ-૨માં ૩૩૧૮, જોડિયામાં ૫૨૨૫, ધ્રોલમાં ૫૮૨, લાલપુરમાં ૮ એમ કુલ મળીને ૧૫,૭૭૧ રેશનકાર્ડ વિતરણ કરવાના બાકી છે.

**શ્રી પ્રવિણભાઇ મો. માકડીયા :** આ નવી પદ્ધતિ બારકોડેડની આવી છે તો એમાં ફિંગર પ્રિન્ટ આપવી પડે છે એના માટે શું વ્યવસ્થા છે?

**શ્રી છત્રસિંહ પૂં. મોરી :** આ ફિંગર પ્રિન્ટ આપવા માટે તાલુકા કક્ષાએ અને અમે દરેક ગામે ગામ પણ જઇને અથવા તો ૪-૫ ગામો વચ્ચે અગાઉ જઇને અમે ફિંગર પ્રિન્ટ મેળવવાનો પ્રયત્ન કર્યો છે. હજુ પણ રહી ગયા હોય તો તાલુકા કક્ષાએ જાય તો ત્યાં એમની ફિંગર પ્રિન્ટ લેવામાં આવે છે. ધારો કે, ફિંગર પ્રિન્ટ નથી મળતી, તો એના કુટુંબનો ૧૫ વર્ષથી ઉપરની કોઇ પણ વ્યક્તિ હોય તો એને પણ આપવામાં આવે છે. ધારો કે, લેપ્રસી છે, કોઇ એવો દર્દી છે, ઉંમર લાયક છે, એની ફિંગર પ્રિન્ટ આવતી નથી. તો એવા લોકોને પણ અમે લોકો રેશન કાર્ડ માટે કોઇ ગાર્ડિયન તરીકે નિયુક્ત કરે, પડોશ હોય કે, કોઇ પણ વ્યક્તિને, તો તેઓને રેશન કાર્ડ આપવામાં આવે છે. આના માટે આદીમ કુટુંબો હોય રેશન કાર્ડ માટે, સોરી, આ બાર કોડેડ રેશન કાર્ડ માટે ફિંગર પ્રિન્ટ મેચ થતા નથી એવા લોકો માટે અમે ફરીથી હજુ કેમ્પ કરવાનું આયોજન જો ભવિષ્યમાં વધુ સંખ્યા રહેશે તો વિચારીશું.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, જે રેશન કાર્ડ જનસંપર્ક વિભાગમાં આપ્યા પછી એમાં કોઇ અધુરી માહિતી હોય અથવા તો ખૂટતી માહિતી હોય અને એનું રેશનકાર્ડ મળવાપાત્ર ના થતું હોય તો જે તે લાભાર્થીને આપણે જાણ કરીએ છીએ કે તમારું રેશન કાર્ડ મળવાપાત્ર નથી?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્રીસ દિવસની અંદર અરજી કર્યા પછી કોઇ પણની પાત્રતા હોય એ અંત્યોદય હોય, બી.પી.એલ. હોય કે એ.વાય.નો હોય, એ કોઇ પણ રેશન કાર્ડ હોય તો આપણે એની અંદર આપવા માટે જો પાત્રતામાં આવતું હોય તો આપણે કરીએ છીએ. ધારો કે, એને પુરાવા નથી, તો પછી ત્રીસ દિવસની અંદર એને જાણ કરીએ છીએ કે, રેશન કાર્ડ માટેના આ પુરાવા નથી તો તમારું નામંજૂર કરવામાં આવે છે.

## નર્મદા જિલ્લામાં તથા દેડીયાપાડા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૧૮૮૧૨ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૨૮૯૮ હેકટર અને ૨૯૮૯ હેકટર મળી કૂલ ૫૮૮૭ હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી દેડીયાપાડા તાલુકામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) કૂલ ૧૬.૯૮ લાખ રોપા |
| (૩) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) સને ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં અનુક્રમે રૂ. ૪૧૮.૯૬ લાખ અને રૂ. ૫૧૪.૩૨ લાખ મળી કૂલ રૂ. ૯૩૩.૨૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

તારાંકિત પ્રશ્નો

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, નર્મદા જિલ્લો અને દેડિયાપાડા તાલુકાનો કુલ વન વિસ્તાર કેટલો આવેલો છે, અને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં કેટલા રોપાનું વાવેતર કર્યું છે, અને કેટલા રોપા જીવંત છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના પ્રશ્નના અનુસંધાને નર્મદા જિલ્લાનો કુલ ૧,૧૪૨ ચોરસ કિલો મિટરનો વન વિસ્તાર આવેલો છે. તે પૈકી દેડિયાપાડા તાલુકાનો ૧૭૭ ચોરસ કિલો મિટરનો વન વિસ્તાર આવેલો છે.

બીજો પ્રશ્ન એમનો છે કે, જિલ્લાના દેડિયાપાડા તાલુકાની અંદર સને ૨૦૧૩–૧૪ની અંદર કેટલું વાવેતર કરવામાં આવ્યું, કેટલા રોપાઓ રોપ્યા, જીવંત કેટલા છે ? તો દેડિયાપાડા તાલુકાની અંદર ૨૦૧૩–૧૪ ની અંદર ૪,૧૭૩ હેકટરની અંદર વાવેતર કર્યું છે, ૩૦ લાખ અને ૨ હજાર રોપાઓ રોપ્યા છે. તે પૈકી ૨૧ લાખ અને ૭૫ રોપા આજે જીવંત છે.

સને ૨૦૧૪–૧૫ની અંદર દેડિયાપાડા તાલુકાની અંદર ૪,૩૨૦ હેકટરમાં વાવેતર કર્યું છે, ૨૮ લાખ અને ૭ હજાર રોપાઓનું વાવેતર કર્યું છે અને ૨૦ લાખ અને ૬૮ હજાર રોપા જીવંત છે.

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે, નર્મદા જિલ્લાની અંદર વિવિધ પ્રકારનું વનીકરણ થતું હોય છે તો તેમાં એક કેનોપી વાવેતર જે કરવામાં આવે છે, એ કયા હેતુ માટે કરવામાં આવે છે અને કેનોપી વાવેતર હેઠળ શું કામગીરી કરવામાં આવે છે ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વન વિસ્તારની અંદર કેનોપી વાવેતરની વાત કરી, આ એક નવી બાબત છે. કેનોપી વાવેતર એ બહુસ્તરીય વાવેતર છે. સામાન્ય રીતે વન વિભાગમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે પરંતુ કેનોપી વાવેતરમાં વૃક્ષોની નીચે મધ્યમ ઉંચાઇના છોડ તથા નાના છોડ અને વેલો સહિત વિવિધ પ્રકારની વનસ્પતિઓ ઉછેરવામાં આવે છે. આ પ્રકારના વાવેતરમાં નાના છોડ જેનું એક વર્ષનું આયુષ્ય છે તે ટૂંકા સમયગાળામાં આવક આપવાનું શરૂ કરે છે. જ્યારે છોડમાંથી મધ્યમ સમયગાળામાં અને વૃક્ષોમાંથી સતત આવક મળતી રહે છે. જેના કારણે તેમાં ભાગ લેતા લોકોને સતત આવક મળતી રહે છે. નર્મદા જિલ્લાની અંદર ૨૬૦ હેકટરની અંદર વાવેતર કર્યું છે. ડેડીયાપાડામાં ૨૦૧૩ –૧૪માં ૧૪૦ હેકટર અને ૨૦૧૪–૧૫માં ૭૫ હેકટર કુલ ૨૧૫ હેકટરમાં વાવેતર થયું છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, વનીકરણ ઘનીકરણ કરવા માટે મુખ્યમંત્રીશ્રી અને સરકારને અભિનંદન આપું છું. રોપા રોપવામાં આવે છે એ કયા કયા પ્રકારના રોપા આપવામાં આવે છે અને બીજો પ્રશ્ન એ છે કે લોકોને એ જોઇતા હોય તો કયા ધોરણે આપવામાં આવે છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ઉછેરવા માટે નિલગીરી, ઇમારતી સાગ, સીસમ, સાદડ, શીમળો એમ અનેક પ્રકારના રોપા આપીએ છીએ અને વન મહોત્સવ કરીને પણ આ કાર્યક્રમ આપણે જે તે વિસ્તારમાં કરતા હોઇએ છીએ. એસ.સી. અને એસ.ટી. જાતિના ખેડૂત મિત્રોને માત્ર બે રૂપિયા લઇને આપીએ છીએ અને શૈક્ષણિક અને સરકારી સંસ્થાઓને વિનામૂલ્યે રોપા આપીએ છીએ. પંચાયતોને ૫૦૦૦ સુધીના વિનામૂલ્યે રોપા આપીને આછા જંગલો છે એને વનીકરણ આચ્છાદીત કરવા માટે આ કાર્યક્રમમાં આપણે કરીએ છીએ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે નર્મદા જિલ્લામાં ક્ષેત્રીય કામગીરીમાં કેટલું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે? અને એ પૈકી કેટલી જગ્યા ભરવામાં આવી છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લાની અંદર નાયબ વન સંરક્ષકની એક જગ્યા છે એ જગ્યા ભરેલી છે. કોઇ જગ્યા ખાલી નથી. મદદનીશ વન સંરક્ષકની પાંચ જગ્યા પૈકી બે જગ્યા ભરેલી છે, ૩ જગ્યા ખાલી છે. પ.વ.અ.ની ૧૦ જગ્યાઓ પૈકી ૯ જગ્યાઓ આપણે ભરી છે અને એક જગ્યા ખાલી છે. વનપાલની ૫૪ જગ્યાઓ મંજૂર થઇ છે એ પૈકી ૪૮ જગ્યાઓ આપણે ભરેલી છે અને માત્ર ૬ જગ્યાઓ ખાલી છે. વન સંરક્ષકની ૧૫૩ જગ્યાઓ મંજૂર કરેલી છે એ પૈકી ૧૨૭ જગ્યાઓ આપણે ભરી છે અને ૨૬ જગ્યાઓ ખાલી છે એમ કુલ મળીને ૨૨૩નું મહેકમ મંજૂર હતું એ પૈકી ૧૮૭નું મહેકમ આપણે ભરેલું છે માત્ર ૩૬ જગ્યાઓ ખાલી છે એમાં ૯ રેન્જ આવેલી છે. ૩૭ રાઉન્ડ છે અને ૧૨૫ જેટલી બીટની અંદર આ વિભાગ ક્ષેત્રીય વનની કામગીરી કરે છે.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નર્મદા જિલ્લામાં અને ડેડીયાપાડા તાલુકામાં સહભાગી વન વ્યવસ્થા અંતર્ગત આજીવિકા માટે કેવા પ્રકારની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ જિલ્લાની અંદર આ વિસ્તારમાં સહભાગી વન વ્યવસ્થા આજીવીકા વૃદ્ધિ માટે એ વિસ્તારના ગરીબ પરિવારો, આદિવાસી સમાજના મિત્રોને વન ખાતા સાથે જોડીને એની આજીવીકાનું સાધન ઉભું કરી શકીએ, એના ખેતરમાં કે વિસ્તારમાં રોજગારી ઉભી કરી શકીએ એના માટે એક તો આપણે વેલાવાળા શાકભાજી દુધી, તુરીયા, કારેલા, ગલકા, કંકોડા વગેરે ઉછેરવાની અને વેચાણ કરવાની કામગીરી કરીએ છીએ. શાકભાજીની અંદર આપણે રીંગણ, મરચા, તુવેર, ચોળી, ગુવાર, ભીંડા, ટામેટાને ઉછેરીને એનું પણ વેચાણ કરવાની કામગીરી કરીએ છીએ. સીતાફળને ઉછેરવા, એને એકત્ર કરીને વેચાણ કરવાની કામગીરી કરીએ છીએ અને આયુર્વેદીકની દ્રષ્ટિએ ગણીએ તો એમ ઉંડાણના વિસ્તારની અંદર બહુમત વિસ્તારની અંદર મધ જેવા આયુર્વેદીક દવાની અંદર વપરાય એટલે મધ ઉછેરવાનું અને એનું એકત્રીકરણ કરીને એનું વેચાણ કરવાની કામગીરી પણ આ વિસ્તારની અંદર કરીએ છીએ. વાંસની બનાવટોમાંથી

રમકડા, અથાણુ, ઘરગથ્થુ ઉપયોગ માટેના ઘરવપરાશના સાધનો પણ વાંસમાંથી આપણે બનાવીને આજીવિકાની અંદર મદદરૂપ થાય એવું કામ કરીએ છીએ. એ વિસ્તારની અંદર મોટાભાગે મહુડા અને ડોળીનો વિસ્તાર આવેલો છે એ વિસ્તારની અંદર મહુડા, ડોળી એકત્રીકરણ કરીને, વેચાણ કરીને આજીવીકાની અંદર ઉમેરો થાય એના માટે પણ સહભાગી મંડળીઓના માધ્યમથી આપણે કામગીરી કરીએ છીએ. અને ઓર્ગેનાઇઝ્ડ ખાતર વર્મી કમ્પોસ્ટની કામગીરી કરીને આધુનિક ખેતી ખેડૂત કરે એના માટે આ કામગીરી કરી, ઉછેરી વેચાણ કરવા માટેની કામગીરી કરીએ છીએ. વન વિસ્તાર આવેલો છે એના માટે દૂધાળા પશુઓ પાળીને પશુપાલનની કામગીરી આ વિસ્તારમાં કરીએ છીએ. નજીકના કોતરમાં ચેકડેમમાં પાણી સમાયેલ છે એ વિસ્તારમાં ઉદભવન સિંચાઇ યોજનાઓ કરીને આધુનિક ખેતી તરફ આગળ વધ્યા છીએ. સુધારેલા બિયારણનું વેચાણ કરવાની કામગીરી આ મંડળીના માધ્યમ દ્વારા કરીએ છીએ.

### નર્મદા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ

* ૧૮૭૫૪ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયું છે, | (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૪૨૩૦ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે. |
| (૨) તે પૈકી કેટલા કાર્ડધારકોને ફૂડકુપન ઉપર અનાજનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૨) નર્મદા જિલ્લામાં કુલ વિતરણ થયેલ ૧,૦૫,૨૧૬ બારકોડેડ રેશનકાર્ડ પૈકી ૭૫૮૬૦ રેશનકાર્ડ ઉપર ફૂડકુપન આધારે અનાજનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૩) ફૂડ કુપન પર અનાજનું વિતરણ વધારવા સરકારે શાં પ્રયત્નો કર્યો ? | (૩) ફૂડ કુપન પર અનાજનું વિતરણ વધારવા સરકારે નીચે મુજબના પગલાં લીધા છે.<br>૧. જે વાજબી ભાવની દુકાને કોમ્પ્યુટર, ફીંગરપ્રિન્ટ ડીવાઇસ, પ્રિન્ટર વસાવ્યા હોય તેવી દુકાનોમાં કાર્ડધારકોના ફીંગરપ્રિન્ટ મેચ થતી ન હોય તો પણ કુટુંબના સભ્યને રીસીપ્ટના આધારે જથ્થો વિતરણ કરવામાં આવે છે.<br>૨. કુટુંબના ૧૫ વર્ષથી ઉપરના બધા સભ્યોના બાયોમેટ્રીકસ લેવા મામલતદાર ઝોનલ કચેરીમાં વ્યવસ્થા કરી છે.<br>૩. રાજ્યમાં હાલ બે સર્વર હતા, તેમાં નવા બીજા છ સર્વરનો ઉમેરો કરવામાં આવેલ છે. સર્વર ફેબ્રુઆરી–૨૦૧૫ થી કાર્યરત થયેલ છે.<br>૪. દર માસે જિલ્લા પુરવઠા અધિકારીની બેઠકમાં રીવ્યુ/ સમીક્ષા કરવામાં આવે છે. |

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ઘણીવાર કનેક્ટિવિટી નહિ મળવાથી ફૂડ કૂપન નીકળતી નથી, તો તેવા સમયે જે લાભાર્થી હોય એને પૂરેપૂરો જથ્થો સમય મર્યાદામાં મળી રહે એના માટે કોઇ વ્યવસ્થા કરવામાં આવી છે કે કેમ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, મને સભ્યશ્રીને જણાવતા આનંદ થાય છે કે, આખા દેશમાં આ ફૂડ કૂપનો કોમ્પ્યૂટરાઇઝેશન કર્યા પછી જાન્યુઆરી–૨૦૧૫ સુધીની વાત કરું તો એમને જે રેશનકાર્ડ આવ્યા છે, એમાંથી જે અનાજ વિતરણ કરવામાં આવે છે એમાંથી ૧,૮૬,૨૨૬ કુલ જથ્થો અમને મળેલો અને એના ઉપરથી કૂપન દ્વારા ૧,૫૬,૫૭૭ વેચવામાં આવ્યો છે. અંતરિયાળ વિસ્તારમાં ૮૪.૮ ટકા જેવો આખા રાજ્યમાં વિતરણ થયું છે. નર્મદા જિલ્લાની વાત કરું તો ફેબ્રુઆરી –૨૦૧૫ ના અંત સુધીમાં અમે જે વિતરણ કર્યું છે તે ૨૬૮૭ મેટ્રિક ટન કુલ જથ્થો પ્રાપ્ત થયો હતો એના ઉપર ૨૪૨૫ કૂપનો ઉપરનું વેચાણ કર્યું છે. ફૂડ કૂપન ઉપર ૯૦ ટકા કરતા વધારે કર્યું છે. મારે સભાગૃના ધ્યાન ઉપર આપના દ્વારા એટલા માટે મૂકવું છે કે અન્ય રાજ્યોમાં આવા ટ્રાન્ઝેક્શન કરવામાં આવે છે. એમાં ઉત્તરપ્રદેશ છે, તેલંગણા છે, તામિલનાડું અને મધ્યપ્રદેશ. આ રાજ્યની ટકાવારી જોઇએ તો ફૂડ કૂપન દ્વારા ઉપાડવાની સિસ્ટમ છે. એમણે અત્યાર સુધીમાં ૨૦ ટકા જેટલું અનાજ ઉપાડ્યું છે. તેલંગાણાએ ૯.૩૨, તામિલનાડુમાં ૮, મધ્યપ્રદેશમાં ૫.૭૭ અને ગુજરાતમાં ટોટલ ટ્રાન્ઝેકક્ષન કર્યુ છે તે ૩૦.૧૧ જેટલું છે અને આપણું રાજ્ય દેશમાં પ્રથમ છે. મારે આજે એમણે રેશનકાર્ડ કાઢ્યું છે ઇ કૂપન થકી એના પછી જે અરજીઓ મળી છે એના પણ..

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમનું કહેવું એટલું છે કે કનેક્ટિવિટી ન મળતી હોય તો એના માટેના ઉપાયો છે કે

કેમ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : કનેક્ટિવિટી ન મળતી હોય તો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે કે ૨૦ તારીખ સુધીમાં જૂની સિસ્ટમથી કૂપન કાઢી આપતા હતા. હવે એની જગ્યાએ ૧૦ તારીખ પછી પણ કૂપન કાઢવાની યોજના છે.

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી પૂછવા માગું છું કે બારકોડેડ રેશનકાર્ડ વ્યવસ્થા અને બાર કોડેડ ફૂડ કૂપન પદ્ધતિ શું છે? બાયોમેટ્રિક આધારિત ફૂડ કૂપનનો હેતુ શું છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, મને આ રાજ્યના સન્માનનીય સભાગૃહને જણાવતા આનંદ થશે કે આ સિસ્ટમથી જે બાયોમેટ્રિક ફૂડ કૂપન વાજબી ભાવની દુકાનેથી વિતરણ કરવાનું થાય છે. આનાથી જે લાભો થાય છે એ કાર્ડ ધારકની અન્નની સલામતિ નક્કી થાય છે. એને મળવાપાત્ર અનાજ અહીથી મળવાનું છે. કાર્ડ ધારકનો અંગૂઠો લેવાના કારણે ચીજવસ્તુઓ વગે થઇ જતી એની જગ્યાએ એ જ ગ્રાહકને એ જ કાર્ડ ધારકને મળવાનું છે એવું સુનિશ્ચિત થાય છે. ફિંગર પ્રિન્ટ લેવાના કારણે ઘણીવાર દુકાદારો રેશનકાર્ડ લઇ લેતા હતા અને ઘણા બધાને મળતું નહોતું. એના કારણે ફિંગર પ્રિન્ટથી કૂપન ઇસ્યુ કરી છે. જે તે લાભાર્થીને સુનિશ્ચિત થાય તેના માટેની યોજના કરી છે. આના માટે ભાવ શું છે, અને કેટલો જથ્થો મળવાનો છે? કઇ કિમતે મળવાનો છે એવી પારદર્શકતા આવે એટલા માટે આ સિસ્ટમને એડોપ્ટ કરી છે. નહિતર અડધું અનાજ મળતું હતું અને અડધું નહોતું મળતું.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**અતારાંકિત પ્રશ્નો**

**તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ**

**મસીતીયા અને સચાણા ગામમાં માધ્યમિક શાળા શરૂ કરવા અંગે મળેલ અરજીઓ**

* ૧૯૬૧૧ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર તાલુકાના મસીતીયા તથા સચાણા ગામની આસપાસ ૭ કી.મી.થી નજીકના અંતરે માધ્યમિક શાળા ન હોવાથી, તેમજ દરેક ગામમાં પુરતી સંખ્યામાં વિદ્યાર્થીઓ મળી શકે તેમ છે તેથી સરકારી માધ્યમિક શાળા શરૂ કરવા ડિસેમ્બર –૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી છે, | (૧) ૧૫ (પંદર) |
| (૨) આ અરજીઓ મુજબ તે ગામ તથા આજુબાજુના ગામની ૫૦ થી ૧૦૦ જેટલી કન્યાઓ લઘુમતી સમાજની માધ્યમિક શિક્ષણથી વંચિત રહે છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૨) પાંચ કિ.મી. ની ત્રિજ્યામાં સરકારી અને અનુદાનિત શાળાઓ આવેલ હોવાથી ગામની કન્યાઓને માધ્યમિક શિક્ષણથી વંચિત રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો ખાસ કિસ્સામાં સરકારી માધ્યમિક શાળા શરૂ કરી આ સમસ્યાનો ઉકેલ કરવા માંગે છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં પોતાના પંચાયત ઘર સિવાયની ગ્રામ પંચાયતો**

* ૧૯૦૩૧ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને પોતાના કે સરકારી મકાનો (પંચાયત ઘર) નથી, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ નીચેની ગ્રામ પંચાયતોને પોતાના મકાનો નથી.

| તાલુકો | ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|
| દેત્રોજ | ૧ |
| ધંધુકા | ૨ |
| માંડલ | ૨ |
| વિરમગામ | ૪ |
| ધોળકા | ૨ |
| કુલ | ૧૧ |

(૨) ઉક્ત સ્થિતિએ આ બાકી રહેતી પંચાયતોના ક્યાં સુધીમાં મકાનો કે પંચાયત ઘર બનાવવામાં આવશે ?

(૨) ૬–આર.જી. પી. એસ. એ. વાય. તથા ૧–બી.એન.આર.જી.એસ.કે. યોજના હેઠળ આવરી લીધેલ હોઈ સત્વરે

૪–બાકી પંચાયત ઘર નવા આયોજનમાં સમાવી લેવાશે.

---------

**જૂનાગઢ જિલ્લામાં રબારી, ભરવાડ અને ચારણ જાતિઓને અનુસૂચિત જનજાતિઓના પ્રમાણપત્ર ન આપવા અંગે**

* ૧૮૯૬૩ **શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ જીલ્લામાં ગીર, બરડા, અને આલેચના જંગલ વિસ્તારના નેસોમાંથી સ્થળાંતરીત કરી ગયેલ રબારી, ભરવાડ અને ચારણ જાતિઓને અનુસૂચિત જનજાતિઓનો દરજ્જો આપેલ છે તેઓના વારસદારોને સીધી લીટીના વારસદાર ગણીને જાતિ પ્રમાણપત્ર આપવામાં આવતા નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આવા અનુસૂચિત જનજાતિના લોકોના સીધી લીટીના વારસદારોને સ્થાનિક કક્ષાએથી પ્રમાણપત્રો મળી રહે તે માટે સરકાર શું આયોજન કરવા માંગે છે અને ક્યારથી આ વ્યવસ્થા કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વલસાડ જિલ્લામાં સહભાગી વન મંડળીઓ દ્વારા વાવેતર**

* ૧૮૯૩૧ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં સહભાગી વનમંડળીઓએ વર્ષવાર કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરેલ છે, અને | (૧) સને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અનુક્રમે ૨૮૦ હેકટર અને ૭૪૫ હેકટર મળી કુલ ૧૦૨૫ હેકટરમાં રોપાનું વાવેતર કરેલ છે. |
| (૨) તે અન્વયે થયેલ વાવેતર અન્વયે મંડળીદીઠ કેટલો ખર્ચ આવેલ છે ? | (૨) કુલ રૂ. ૧૪૯.૧૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. (મંડળીદીઠ થયેલ ખર્ચની વિગત દર્શાવતુ *પત્રક સામેલ છે.) |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**બનાસકાંઠા જિલ્લામાં બાલારામ અંબાજી વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરીનો વિસ્તાર**

* ૧૯૪૩૫ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં બાલારામ અંબાજી વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન એક્ટ, ૧૯૭૨ની જુની કલમ ૧૮ હેઠળ જાહેર થયેલ બાલારામ અંબાજી વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરીનો એકંદરે વિસ્તાર કેટલા હેકટર છે, | (૧) ૫૪૨૦૮.૦૨ હેકટર |
| (૨) ઉક્ત સ્થિતિએ આ વિસ્તારમાં વધ–ઘટ કરવા સરકાર તરફથી કોઈ કાર્યવાહી થયેલ હોય તો તેવી કાર્યવાહીની વિગતો શું છે, અને<br>(૩) આ કાર્યવાહી ઉક્ત સ્થિતિએ કયા સ્થળે કયા તબક્કે પડતર છે? | (૨) અને (૩) સદરહુ દરખાસ્તને સ્ટેટ બોર્ડ ઓફ વાઈલ્ડ લાઈફ અને નેશનલ બોર્ડ ઓફ વાઈલ્ડ લાઈફની કમિટિએ મંજૂરી આપેલ છે. રાજ્ય સરકાર દ્વારા સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટિ સમક્ષ આ દરખાસ્ત રજુ કરવા પ્રક્રિયા હાલ ગતિમાં છે. દરખાસ્ત પડતર હોઈ વિસ્તારની વધ–ઘટ અંગે હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ખેડા જિલ્લામાં આવેલી સરકારી અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં અનામત બેઠકો**

* ૧૮૯૮૦ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં આવેલી સરકારી અનુદાનિત અને સ્વનિર્ભર ઈજનેરી કોલેજોમાં અનામત નીતિ મુજબ બક્ષીપંચ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કેટલા વિદ્યાર્થીઓને કેટલી બેઠકો ઉપર પ્રવેશ આપવામાં આવેલ છે, અને

(૨) અનામત નીતિ મુજબ બક્ષીપંચ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની કેટલી બેઠકો ઉક્ત સ્થિતિએ ખાલી રહેવા પામેલ છે?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| બક્ષીપંચના વિદ્યાર્થીઓ | ૧૫૪ |
| અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ | ૩૪ |
| અનુ. જનજાતિના વિદ્યાર્થીઓ | ૪૪ |
| કુલ | ૨૩૨ |

(૨)

| | |
|---|---|
| બક્ષીપંચની બેઠકો | ૯૩ |
| અનુસૂચિત જાતિની બેઠકો | ૩૦ |
| અનુ. જનજાતિની બેઠકો | ૯૪ |

---------

**ગીર–સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં ઉચ્ચ અને ટેકનીકલ સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ**

* ૧૯૩૬૨ **શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઉચ્ચ અને ટેકનિકલ સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં એનઆરઆઈ કવોટા પેટે લેવાતી ફીમાંથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવાનો નામદાર સુપ્રિમ કોર્ટનો આદેશ કે સૂચનને તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ અમલ કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તે અન્વયે ગીર–સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી, અને

(૩) જો ના, તો નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ કે સુચનનું પાલન કરવા માટે સરકારને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કોના તરફથી કેટલી રજુઆતો મળી, અને મળેલ રજુઆતો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી અને ક્યાં સુધીમાં આદેશ/સુચનાનું પાલન કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી, ટેકનીકલ શિક્ષણની સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં અમલ કરેલ છે.

ઉચ્ચ શિક્ષણની સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં એન.આર.આઈ. કવોટા પેટે ફી લેવાની બાબત ધ્યાને આવેલ નથી.

(૨) **ટેકનીકલ શિક્ષણમાં વર્ષ ૨૦૧૩–૧૪માં**

- ગીર–સોમનાથ જિલ્લાના વિદ્યાર્થીઓ ૦૦
- જુનાગઢ જિલ્લાના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપેલ છે. ૦૬

**વર્ષ ૨૦૧૪–૧૫માં**

- ગીર–સોમનાથ જિલ્લાના વિદ્યાર્થીઓ ૦૦
- જુનાગઢ જિલ્લાના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપેલ છે. ૦૭
- ઉચ્ચ શિક્ષણમાં લાગુ પડતું નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ખેડા જિલ્લામાં ચાલતી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ**

* ૧૯૨૭૩ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ચાલતી માધ્યમિક શાળાઓ કેટલી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ નોન ગ્રાન્ટેડ ચાલતી શાળાઓ ગ્રાન્ટેડ કરવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ?

**જવાબ**

(૧) ૨૫૪ ગ્રાન્ટેડ
૪૧ નોન ગ્રાન્ટેડ

(૨) નીતિ વિષયક બાબત છે.

---------

તા.૩૦મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

**છોટાઉદેપુર જિલ્લામાં આદિવાસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ ચૂકવવા અંગે**

* ૧૯૫૦૬ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક ટેકનીકલ શિક્ષણ મેળવતા આદિવાસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ તાલુકાવાર કેટલી ચૂકવવામાં આવી,

(૨) શિષ્યવૃત્તિની કેટલી રકમ તાલુકાવાર ચૂકવવાની બાકી છે, અને

(૩) બાકી રકમ ક્યારે ચૂકવવામાં આવશે?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | શિષ્યવૃત્તિની રકમ (રૂપિયા) |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૧૪૮૩૦૩૧૨ |
| ૨ | કવાંટ | ૧૫૮૮૨૯૬૦ |
| ૩ | પાવી જેતપુર | ૧૬૩૩૪૮૮૮ |
| ૪ | નસવાડી | ૧૩૨૮૬૨૨૫ |
| ૫ | સંખેડા | ૯૫૮૪૦૧૬ |
| ૬ | જિલ્લાની ખાનગી શાળાઓ. | ૧૬૦૯૬૨૫ |
| | **કુલ** | **૭૧૫૨૮૦૨૬** |

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | શિષ્યવૃત્તિની રકમ (રૂપિયા) |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૮૫૪૩૧૨૬ |
| ૨ | કવાંટ | ૪૪૬૨૧૦૦ |
| ૩ | પાવી જેતપુર | ૭૬૦૫૫૭૦ |
| ૪ | નસવાડી | ૩૮૪૮૮૫૦ |
| ૫ | સંખેડા | ૪૬૮૫૬૯૪ |
| | **કુલ** | **૨૯૧૪૫૩૪૦** |

(૩) ભારત સરકારની યોજના હેઠળની ગ્રાન્ટ મળવાની બાકી હોઈ, મળેથી તા. ૩૧–૦૩–૨૦૧૫ પહેલાં બાકી રકમ ચૂકવવામાં આવશે.

---------

**ગરબાડા તાલુકામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા**

* ૧૮૯૪૮ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યા કેટલા સમયથી ખાલી છે તથા જગ્યા ખાલી રહેવાના કારણો શાં છે, અને

(૨) આ જગ્યા સત્વરે ભરવા સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં નીચે મુજબ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની જગ્યા ખાલી છે

| અ.નં. | તાલુકાનું નામ | કઇ તારીખથી ખાલી છે. | કારણ |
|---|---|---|---|
| ૧ | ગરબાડા | ૧૩–૧૦–૨૦૧૪ | બદલી થતાં |

(૨) વહીવટી અનુકૂળતા મુજબ બદલીથી/બઢતીથી ભરવામાં આવશે.

---------

**મહેસાણા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળામાં મંજૂર મહેકમ**

* ૧૮૯૯૮ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં મંજૂર

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું | મંજૂર મહેકમ |
|---|---|---|

થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

| | નામ | ધો. ૧થી ૫ | ખાલી | ધો. ૬ થી ૮ | ખાલી |
|---|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૯૬૩ | ૦ | ૬૬૭ | ૦૪ |
| ૨ | વિસનગર | ૫૦૯ | ૦ | ૩૫૧ | ૦૦ |
| ૩ | વિજાપુર | ૫૬૯ | ૦ | ૩૨૬ | ૦૦ |
| ૪ | ઉંઝા | ૨૭૮ | ૦ | ૨૦૯ | ૦૦ |
| ૫ | ખેરાલુ | ૩૯૭ | ૦ | ૨૭૭ | ૧૦ |
| ૬ | વડનગર | ૪૪૪ | ૦ | ૨૮૮ | ૦૩ |
| ૭ | સતલાસણ | ૩૦૫ | ૦ | ૨૧૦ | ૧૦ |
| ૮ | કડી | ૭૬૬ | ૦ | ૫૨૦ | ૦૮ |
| ૯ | બેચરાજી | ૨૮૯ | ૦ | ૧૯૮ | ૦૩ |
| | **કુલ** | **૪૫૨૦** | **૦** | **૩૦૪૬** | **૩૮** |

છેલ્લા એક વર્ષથી

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૨) શક્ય તેટલી જલ્દીથી ભરવામાં આવશે.

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજનામાં નાણાકીય ગેરરીતિ**

* ૧૯૫૪૪ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહાત્મા ગાંધી રોજગારી ગેરંટી યોજના હેઠળ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં નાણાકીય ગેરરીતિઓ અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) આ ફરિયાદો પૈકી તાલુકાવાર કેટલી તપાસ ફાઈલ કરવામાં આવી,

(૩) કેટલા કિસ્સાઓમાં કેટલા પદાધિકારીઓ/ અધિકારીઓ સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી અને કેટલા સામે ખાતાકીય પગલાં લેવામાં આવ્યા, અને

(૪) ઉકત ફરિયાદોમાં કેટલી રકમની ગેરરીતિઓનો અંદાજ છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજના હેઠળ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં નાણાકીય ગેરરીતિઓ અંગેની ફરિયાદોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | મળેલ ફરિયાદોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૬ |
| ૨ | મહેસાણા | ૪ |

(૨) આ ફરીયાદો પૈકી તાલુકાવાર ફાઈલ કરવામાં આવેલ તપાસોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ફાઈલ કરવામાં આવેલ ફરીયાદોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | માણસા | ૩ |
| ૨ | મહેસાણા | વિસનગર | ૧ |

(૩) તપાસ કાર્યવાહી પૂર્ણ થયેલ ૪ (ચાર) ફરિયાદોના કિસ્સાઓમાં કોઈ ગેરરીતિ જણાઈ આવેલ ન હોઈ પોલીસ ફરીયાદ કે ખાતાકીય પગલાં લેવાનો પ્રશ્ન રહેતો નથી. બાકીની ૬ (છ) ફરિયાદોના કિસ્સામાં તપાસ કાર્યવાહી પ્રક્રિયા હેઠળ છે.

(૪) ઉપર્યુકત ફરીયાદો પૈકી બાકીની ૬ (છ) ફરિયાદોના કિસ્સામાં તપાસ કાર્યવાહી પ્રક્રિયા હેઠળ છે.

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ડીગ્રી અને ડીપ્લોમાં એન્જીનીયરીંગની ખાનગી અને સરકારી કોલેજો**

* ૧૮૯૩૪ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ડિગ્રી અને ડીપ્લોમાં એન્જીનીયરીંગની ખાનગી અને સરકારી કેટલી કોલેજો આવેલ છે, અને

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) ઉક્ત સ્થિતિએ સરકાર દ્વારા કોઈ નવી કોલેજો શરૂ કરવાનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, જો હા, તો ક્યારે?

(૨) ના, જી.

---------

**અમરેલી જિલ્લામાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સ્વસહાય જૂથની રચના**

* ૧૮૭૬૪ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રીવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી ?

**જવાબ**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૩૫૦ સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૪૭૯ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી.

(૩) તે પૈકી ૧૪૩ સ્વસહાય જૂથોને રીવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી.

---------

**અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં કોલેજ**

* ૧૯૦૧૪ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં કોલેજની સુવિધા નથી તે હકીકત સાચી, અને

(૨) જો હા, તો સરકાર દ્વારા આ સુવિધા ક્યારે આપવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હાલ કોઈ આયોજન નથી.

---------

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લા પંચાયતને ગ્રાંટ ફાળવવા**

* ૧૯૧૯૧ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૨) આ કોમ્પ્યુટર તા.૩૧–૦૩–૨૦૧૪ થી બંધ હાલતમાં છે, જેમાં મધરબોર્ડ, હાર્ડડીસ્ક અને મોનીટર ખરાબ થવાથી બંધ હાલતમાં છે. મરામતના કરારો પૂર્ણ થઇ ગયેલ હોઇ, નવા કોમ્પ્યુટરો પુરા પાડવાની કાર્યવાહી ગતિમાં છે.

---------

## સાબરકાંઠા જિલ્લામાં તાલુકા પંચાયતો સંવર્ગવાર ખાલી જગ્યાઓ

* ૧૯૫૬૬ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ તાલુકાવાર ખાલી છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૧ | હિંમતનગર | ૦ | ૦ | ૧૨ | ૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | પ્રાંતિજ | ૦ | ૦ | ૯ | ૩ |
| ૩ | ઇડર | ૦ | ૦ | ૧૦ | ૪ |
| ૪ | ખેડબ્રહ્મા | ૦ | ૦ | ૧૨ | ૨ |
| ૫ | વિજયનગર | ૦ | ૧ | ૧૦ | ૨ |
| ૬ | તલોદ | ૦ | ૧ | ૬ | ૧ |
| ૭ | વડાલી | ૦ | ૦ | ૭ | ૧ |
| ૮ | પોશીના | ૦ | ૧ | ૯ | ૨ |
| | **કુલ** | **૦** | **૩** | **૭૫** | **૧૯** |

(૨) કેટલા સમયથી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ખાલી જગ્યાઓનો સમયગાળો.

| **ક્રમ** | **તાલુકો** | **સંવર્ગ** | **૦ થી ૧ વર્ષ સુધીની** | **૧ વર્ષથી ઉપર** |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૦ |
| | | વર્ગ–૩ | ૫ | ૭ |
| | | વર્ગ–૪ | ૦ | ૪ |
| ૨ | પ્રાંતિજ | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૦ |
| | | વર્ગ–૩ | ૧ | ૮ |
| | | વર્ગ–૪ | ૦ | ૩ |
| ૩ | ઇડર | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૦ |
| | | વર્ગ–૩ | ૫ | ૫ |
| | | વર્ગ–૪ | ૧ | ૩ |
| ૪ | ખેડબ્રહ્મા | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૦ |
| | | વર્ગ–૩ | ૧ | ૧૧ |
| | | વર્ગ–૪ | ૦ | ૨ |
| ૫ | વિજયનગર | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ | ૦ |
| | | વર્ગ–૩ | ૨ | ૮ |
| | | વર્ગ–૪ | ૦ | ૨ |
| ૬ | તલોદ | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૧ |
| | | વર્ગ–૩ | ૧ | ૫ |
| | | વર્ગ–૪ | ૦ | ૧ |
| ૭ | વડાલી | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૦ | ૦ |
| | | વર્ગ–૩ | ૨ | ૫ |
| | | વર્ગ–૪ | ૦ | ૧ |
| ૮ | પોશીના | વર્ગ–૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૧ | ૦ |
| | | વર્ગ–૩ | ૯ | ૦ |
| | | વર્ગ–૪ | ૦ | ૦ |

(૩) ઉક્ત સ્થિતિએ ખાલી રહેલ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) ભરતી કેલેન્ડર અંતર્ગત બનતી ત્વરાએ.

---------

**કમિશ્નર ગ્રામ વિકાસની કચેરીમાં કરાર આધારિત જગ્યાઓની ભરતી**

* ૧૯૨૦૫ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમા કમિશ્નર ગ્રામ વિકાસની કચેરીના કરાર આધારિત કઇ જગ્યાઓ માટે કુલ કેટલી ભરતી કરવામાં આવી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કમિશ્નર ગ્રામ વિકાસની કચેરીમાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના હેઠળ ૨ (બે) સ્ટેટ કન્સલટન્ટ અને ૧(એક) રીજીયોનલ કન્સલટન્ટ એમ કુલઃ ૩ જગ્યાઓ માટે ભરતી કરવામાં આવી. |
| (૨) આ ભરતીમાં સરકારશ્રીની અનામતનીતિનો અમલ કરવામાં આવ્યો છે કે કેમ, અને | (૨) કરારના ધોરણે કરવામાં આવતી નિમણુકોમાં પ્રવર્તમાન નીતિ મુજબ બાબત લાગુ પડતી નથી. |
| (૩) જો અમલ કરવામાં ન આવ્યો હોય તો તેના શાં કારણો છે ? | (૩) પ્રશ્ન રહેતો નથી. |

---------

**ખેડા જિલ્લામાં જુનિયર ફાર્માસીસ્ટનું મંજૂર મહેકમ**

* ૧૮૮૧૫ **શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં જુનિયર ફાર્માસીસ્ટનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) ૫૧. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી, | (૨) ૩૪. |
| (૩) તે પૈકી વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી અને કેટલી ખાલી રહી, અને | (૩) ૩૪ જગ્યાઓ ભરવામાં આવી અને શૂન્ય જગ્યાઓ ખાલી રહેલ. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મહેસાણા જિલ્લામાં જિલ્લા પંચાયત તાલુકા પંચાયતોમાં જુનિયર કારકુનો અને તલાટી કમ મંત્રી અંગેની મંજૂર થયેલ જગ્યાઓ**

* ૧૯૬૨૮ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૫ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં કેટલા જુનિયર કારકુનો તેમજ તલાટી કમ મંત્રીઓની જગ્યા મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લા/તાલુકા પંચાયત | મંજૂર થયેલ તલાટી કમ મંત્રીની જગ્યા | મંજૂર થયેલ જુનિયર ક્લાર્કની જગ્યા |
|---|---|---|---|
| ૧ | જિલ્લા પંચાયત | ૦ | ૮૬ |
| ૨ | તાલુકા પંચાયત મહેસાણા | ૧૧૦ | ૧૨ |
| ૩ | તાલુકા પંચાયત વિસનગર | ૬૪ | ૯ |
| ૪ | તાલુકા પંચાયત વિજાપુર | ૭૧ | ૧૨ |
| ૫ | તાલુકા પંચાયત કડી | ૯૦ | ૧૨ |
| ૬ | તાલુકા પંચાયત વડનગર | ૩૩ | ૬ |
| ૭ | તાલુકા પંચાયત ખેરાલુ | ૩૩ | ૭ |
| ૮ | તાલુકા પંચાયત સતલાસણા | ૨૬ | ૪ |
| ૯ | તાલુકા પંચાયત બેચરાજી | ૩૪ | ૪ |
| ૧૦ | તાલુકા પંચાયત ઉંઝા | ૪૪ | ૫ |
| | **કુલ** | **૫૦૫** | **૧૫૭** |

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| ક્રમ | જિલ્લા/તાલુકા પંચાયત | મંજૂર થયેલ તલાટી કમ મંત્રીની જગ્યા | | મંજૂર થયેલ જુનિયર કલાર્કની જગ્યા | |
|---|---|---|---|---|---|
| | | ભરેલ | ખાલી | ભરેલ | ખાલી |
| ૧ | જિલ્લા પંચાયત | ૦ | ૦ | ૪૭ | ૩૯ |
| ૨ | તાલુકા પંચાયત મહેસાણા | ૮૨ | ૨૮ | ૬ | ૬ |
| ૩ | તાલુકા પંચાયત વિસનગર | ૫૦ | ૧૪ | ૬ | ૩ |
| ૪ | તાલુકા પંચાયત વિજાપુર | ૪૭ | ૨૪ | ૫ | ૭ |
| ૫ | તાલુકા પંચાયત કડી | ૬૬ | ૨૪ | ૫ | ૭ |
| ૬ | તાલુકા પંચાયત વડનગર | ૨૩ | ૧૦ | ૫ | ૧ |
| ૭ | તાલુકા પંચાયત ખેરાલુ | ૨૯ | ૪ | ૬ | ૧ |
| ૮ | તાલુકા પંચાયત સતલાસણા | ૨૦ | ૬ | ૩ | ૧ |
| ૯ | તાલુકા પંચાયત બેચરાજી | ૨૪ | ૧૦ | ૪ | ૦ |
| ૧૦ | તાલુકા પંચાયત ઉંઝા | ૩૦ | ૧૪ | ૪ | ૧ |

(૩) આ ખાલી જગ્યાઓ ભરવાનું કોઇ આયોજન છે કે કેમ, અને

(૩) હા, જી.

(૪) જો હા, તો ક્યાં સુધીમાં આ જગ્યાઓ ભરવામાં આવશે ?

(૪) ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

---------

**વલસાડ જિલ્લામાં ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ ગ્રાન્ટ ફાળવણી**

* ૧૮૯૫૯ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ વર્ષવાર કેટલી ગ્રાન્ટ વલસાડ જિલ્લામાં ફાળવવામાં આવી, અને

(૧)

| વર્ષ | રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૪૦૯૩.૬૫ |
| ૨૦૧૪-૧૫ | ૨૮૯૨.૦૩ |

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલો ખર્ચ થયો ?

(૨)

| તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૩-૧૪ રકમ (રૂ.લાખમાં) | વર્ષ ૨૦૧૪-૧૫ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ધરમપુર | ૪૬૫.૮૧ | ૩૧૪.૮૬ |
| કપરાડા | ૧૪૧૬.૫૨ | ૬૧૧.૨૫ |
| પારડી | ૪૩૮.૨૯ | ૨૭૬.૪૭ |
| ઉમરગામ | ૩૯૧.૧૯ | ૨૦૦.૫૩ |
| વલસાડ | ૬૭૬.૭૦ | ૧૫૭.૨૦ |

---------

**પંચમહાલ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ**

* ૧૮૮૧૮ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં ધોરણ–૧ થી ૮ સુધીમાં અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૩–૧૪ ૬૪,૩૩૧<br>વર્ષ ૨૦૧૪–૧૫ ૬૫,૩૪૨. |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૩૭૪.૪૦ લાખ. |

---------

**દાહોદ જિલ્લામાં સ્ટાફ નર્સનું મંજૂર મહેકમ**

* ૧૮૮૭૩ **શ્રી વીછીયાભાઇ જો. ભુરીયા (લીમખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સ્ટાફ નર્સનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) ૧૩૦. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી, | (૨) ૧૩૦. |
| (૩) તે પૈકી વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી અને કેટલી ખાલી રહી, અને | (૩) ૩૬ જગ્યાઓ ભરવામાં આવી અને ૯૪ જગ્યાઓ ખાલી રહેલ. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે ? | (૪) ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ. |

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં ભૂંડ, વાંદરા અને નીલગાયના કારણે ખેતીના પાકને નુકશાન**

* ૧૯૬૦૫ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં ભૂંડ, વાંદરા અને નીલગાયના કારણે ખેતીના પાકોને ભારે નુકશાન થાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો ખેડૂતોના પાકને નુકશાન થતા અટકાવવા સરકારે શાં પગલાં લીધા, અને | (૨) ૧. સરકારશ્રી દ્વારા વન્યપ્રાણીઓ દ્વારા ખેડૂતોના પાકને થતું નુકશાન અટકાવવા ખેતરની ફરતે લોખંડના કાંટાળા તારની વાડ બનાવવાની યોજના અમલમાં છે, તેમાં કાંટાળા તારની વાડના ખર્ચ પેટે ૫૦% અથવા ખરેખર ખર્ચ પૈકી જે ઓછું હોય તે રકમ ખેડૂતને સહાય તરીકે ચુકવવામાં આવે છે.<br>૨. રોઝ દ્વારા ખેડૂતના ઉભા પાકને નુકશાન કરવામાં આવતું હોય તેવા વિસ્તારોમાં રોઝને નિકાલ કરવાની કામગીરી અન્વયે જે તે ગ્રામ પંચાયતના સરપંચશ્રીને માનદ વન્યપ્રાણી સંરક્ષક તરીકે નીમવામાં આવે છે. જેમાં આણંદ જિલ્લામાં ૧૨૨ અને ખેડા જિલ્લામાં ૧૩૦ ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓની માનદ વન્યપ્રાણી સંરક્ષક તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. |
| (૩) ખેડૂતોના પાકોને થતા નુકશાન સંદર્ભમાં વીમા કવચ કે વળતર આપવા સરકાર માંગે છે કે કેમ ? | (૩) હાલમાં પાકોને થતા નુકશાન સંદર્ભમાં વીમા કવચ કે વળતર આપવા કોઈ જોગવાઈ/યોજના અમલમાં નથી. |

---------

તા.૩૦મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

**જામનગર જિલ્લામાં તથા જામનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર**

* ૧૮૮૦૬ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ની અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ અંતિત અનુક્રમે ૨૪૨ હેકટર અને ૨૩૦ હેકટર મળી કૂલ ૪૭૨ હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે |
| (૨) તે પૈકી જામનગર તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે , અને | (૨) કુલ ૧૧૩ હેકટર |
| (૩) તેની પાછળ તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) કુલ રૂ.૧૦૦.૯૪ લાખ |

---------

**રાજ્યમાં બાયોમેડીકલ વેસ્ટ તથા નિકાલ અંગેની વ્યવસ્થા**

* ૧૮૯૩૩ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં બાયોમેડીકલ વેસ્ટ તથા નિકાલ અંગેની વ્યવસ્થા નક્કી કરવા કોઈ સંસ્થા કાર્યરત છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે, અને | (૨) રાજ્યમાં બાયોમેડીકલ વેસ્ટ અને તેના નિકાલ અંગેની વ્યવસ્થા નક્કી કરવા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કાર્યરત છે. |
| (૩) બાયો મેડીકલ વેસ્ટનો નિકાલ કર્યા પહેલા શી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે ? | (૩) સૌ પ્રથમ બાયો મેડીકલ વેસ્ટને હેલ્થકેર યુનીટમાં નિયમ મુજબ અલગ અલગ કલરની કોથળીઓમાં ભેગો કરવામાં આવે છે. તેમજ નીડલ, સીરીંજ, ગ્લાસ વગેરે પ્રકારના શાર્પ વેસ્ટને હાઈપો ક્લોરાઈડ અથવા આવા અન્ય ડીસઈફેકશનરની મદદથી કેમીકલ ટ્રીટમેન્ટ જે તે હેલ્થકેર યુનીટમાં આપવામાં આવે છે ત્યાર બાદ આવો એકઠો કરેલ કચરો કોમન બાયો મેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસેલીટી (CBMWTF) દ્વારા ખાસ પ્રકારના વાહનની મદદથી કોમન બાયો મેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસેલીટી ખાતે અંતિમ નિકાલ માટે લઈ જવામાં આવે છે. |

---------

**આદિજાતિ વિભાગ દ્વારા આદિજાતિના ખોટા પ્રમાણપત્રો આપવા બાબત**

* ૧૮૯૪૧ **શ્રી આંનદભાઇ ચૌધરી (માંડવી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વિભાગ દ્વારા ચાલતા વિશ્લેષણ વિભાગમાં અનુસૂચિત જનજાતિના ખોટા પ્રમાણપત્રોની કેટલી ફરિયાદો સરકારને છેલ્લા એક વર્ષમાં મળી, અને | (૧) ૦૭. |
| (૨) તે અન્વયે સરકારે શાં પગલાં લીધા ? | (૨) (૧) એક ફરીયાદનો નિકાલ કરેલ છે,<br>(૨) છ ફરીયાદો ચકાસણી હેઠળ છે. |

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ઉચ્ચ અને ટેકનીકલ સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ**

* ૧૯૧૭૨ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉચ્ચ અને ટેકનીકલ સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં એનઆરઆઈ કવોટા પેટે લેવાતી ફીમાંથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવાનો નામદાર સુપ્રિમ | (૧) હા જી. ટેકનીકલ શિક્ષણની સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં અમલ કરેલ છે.<br>ઉચ્ચ શિક્ષણની સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં |

કોર્ટનો આદેશ કે સૂચનને તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ અમલ કરેલ છે કેમ,

(૨) જો હા, તો તે અન્વયે અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી, અને

(૩) જો ના, તો નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ કે સુચનનું પાલન કરવા માટે સરકારને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કોના તરફથી કેટલી રજુઆતો મળી, અને મળેલ રજૂઆતો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી અને ક્યાં સુધીમાં આદેશ/સુચનાનું પાલન કરવામાં આવશે ?

એન.આર.આઈ. કવોટા પેટે ફી લેવાની બાબત ધ્યાને આવેલ નથી.

(૨) **ટેકનીકલ શિક્ષણમાં વર્ષ ૨૦૧૩-૧૪માં**

- અમદાવાદ જિલ્લાના વિદ્યાર્થીઓ ૧૦૩
- ગાંધીનગર જિલ્લાના વિદ્યાર્થીઓ ૨૦

ને શિષ્યવૃત્તિ આપેલ છે.

**વર્ષ ૨૦૧૪-૧૫માં**

- અમદાવાદ જિલ્લાના વિદ્યાર્થીઓ ૮૭
- ગાંધીનગર જિલ્લાના વિદ્યાર્થીઓ ૦૫

ને શિષ્યવૃત્તિ આપેલ છે.

- ઉચ્ચ શિક્ષણ માં લાગુ પડતું નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકો અને માધ્યમિક શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની ખાલી જગ્યાઓ**

* ૧૯૨૮૯ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાથમિક શિક્ષકો અને માધ્યમિક શાળાઓમાં કેટલા શિક્ષકો અને આચાર્યની જગ્યાઓ ખાલી છે,

(૧)

| ક્રમ | તાલુકો | પ્રાથમિક વિભાગના શિક્ષક | આચાર્ય | માધ્યમિક વિભાગના શિક્ષક |
|---|---|---|---|---|
| ૧ | ભેંસાણ | ૧૧ | ૦૪ | ૦૧ |
| ૨ | માણાવદર | ૦૪ | ૧૩ | ૦૨ |
| ૩ | માંગરોળ | ૦૯ | ૧૨ | ૦૨ |
| ૪ | કેશોદ | ૦૦ | ૧૫ | ૦૨ |
| ૫ | વિસાવદર | ૧૬ | ૧૧ | ૦૭ |
| ૬ | માળીયા | ૧૦ | ૦૫ | ૦૫ |
| ૭ | વંથલી | ૦૫ | ૧૦ | ૦૧ |
| ૮ | મેંદરડા | ૦૪ | ૦૬ | ૦૩ |
| ૯ | જૂનાગઢ | ૦૭ | ૧૫ | ૦૪ |
| | **કુલ** | **૬૬** | **૯૧** | **૨૬** |

(૨) આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો કયા છે, અને

(૨)

- વિદ્યાર્થી શિક્ષકના ધોરણો બદવાતા નવી જગ્યાઓ મંજૂર થવાથી,
- માધ્યમિક વિભાગમાં વયનિવૃત્ત,
- વર્ગ વધારો
- ઉમેદવારો શાળા પસંદગીના કેમ્પમાં હાજર ન રહેવાથી
- સંચાલક મંડળ દ્વારા નિમણુંકના હૂકમો ન આપવાના કારણસર

(૩) ઉકત જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે છે ?

(૩) શક્ય બને તેટલી જલદી.

---------

**અમરેલી જિલ્લામાં નોંધાયેલ બી.પી.એલ. કુટુંબો**

* ૧૮૯૨૬ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા બી.પી.એલ. કુટુંબો નોંધાયેલા છે,

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિે અમરેલી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કુલ- ૧૧૩૩૨ બી.પી.એલ. કુટુંબો નોંધાયેલા છે. જે તાલુકાવાર નીચેની વિગતે છે.

| ક્રમ | તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ.માં નોંધાયેલા કુટુંબો. |
|---|---|---|
| ૧ | અમરેલી | ૧૦૮૭ |
| ૨ | બાબરા | ૧૩૦૯ |
| ૩ | બગસરા | ૩૦૦ |
| ૪ | ધારી | ૧૪૩ |
| ૫ | જાફરાબાદ | ૯૩૦ |
| ૬ | ખાંભા | ૨૩૫૨ |
| ૭ | કુંકાવાવ | ૧૧૪૧ |
| ૮ | લાઠી | ૨૩૦૦ |
| ૯ | લીલીયા | ૫૮૨ |
| ૧૦ | રાજુલા | ૭૧૧ |
| ૧૧ | સાવરકુંડલા | ૪૭૭ |
| | **કુલ** | **૧૧૩૩૨** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવા કુલ કેટલી અરજીઓ મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવા કુલ - ૨૨૮૩૮ અરજીઓ મળી જે તાલુકાવાર નીચેની વિગતે છે.

| ક્રમ | તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | અમરેલી | ૨૦૨૮ |
| ૨ | બાબરા | ૨૫૨૨ |
| ૩ | બગસરા | ૯૬૮ |
| ૪ | ધારી | ૧૨૫૩ |
| ૫ | જાફરાબાદ | ૧૪૭૩ |
| ૬ | ખાંભા | ૪૭૦૮ |
| ૭ | કુંકાવાવ | ૨૪૦૯ |
| ૮ | લાઠી | ૩૦૪૨ |
| ૯ | લીલીયા | ૧૨૦૬ |
| ૧૦ | રાજુલા | ૧૦૦૬ |
| ૧૧ | સાવરકુંડલા | ૨૨૨૩ |
| | **કુલ** | **૨૨૮૩૮** |

(૩) તે પૈકી કેટલી મંજૂર અને નામંજુર કરવામાં આવેલ છે. અને ના મંજુર થવાના શાં કારણો છે ?

(૩) તે પૈકી કુલ-૧૧૩૩૨ મંજુર અને ૭૨૭૬ ના મંજુર કરવામાં આવેલ છે.
જ્યારે ૪૨૩૦ અરજીઓની ચકાસણીની કાર્યવાહી ચાલુ છે.
ના મંજુર અરજીઓમાં ઈસમો સરકારશ્રીના ૧૩ માપદંડની ગણતરી મુજબ બી.પી.એલ.માં સમાવવાપાત્ર થતા ન હોવાથી તેમની અરજીઓ નામંજુર થયેલ છે.

---------

## પાટણ જિલ્લામાં ઘરથાળના પ્લોટ મેળવવા મળેલ અરજીઓ

* ૧૮૮૬૪ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ઘરથાળના પ્લોટ મેળવવા કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ

| ક્રમ | તાલુકો | ઘરથાળના પ્લોટની મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | પાટણ | ૫૭૩ |

| | | |
|---|---|---|
| ૨ | સિધ્ધપુર | ૨૧૨ |
| ૩ | ચાણસ્મા | ૪૬ |
| ૪ | હારીજ | ૦ |
| ૫ | સમી | ૨૯ |
| ૬ | રાધનપુર | ૦ |
| ૭ | સાંતલપુર | ૦ |
| | **કુલ** | **૮૬૦** |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે તાલુકાવાર લેન્ડ કમિટિની બેઠકો કેટલી વખત મળી, અને

(૨)

| **ક્રમ** | **તાલુકો** | **મળેલ લેન્ડ કમીટી** |
|---|---|---|
| ૧ | પાટણ | ૨ |
| ૨ | સિધ્ધપુર | ૨ |
| ૩ | ચાણસ્મા | ૧ |
| ૪ | હારીજ | ૦ |
| ૫ | સમી | ૧ |
| ૬ | રાધનપુર | ૦ |
| ૭ | સાંતલપુર | ૦ |
| | **કુલ** | **૬** |

(૩) મળેલ બેઠકોમાં તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરી કેટલા ઈસમોને ઘરથાળના પ્લોટ આપવામાં આવ્યા ?

(૩)

| **ક્રમ** | **તાલુકો** | **મંજુર અરજી** | **ફાળવેલ પ્લોટ** |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૨૨૧ | ૨૨૧ |
| ૨ | સિધ્ધપુર | ૧૩૧ | ૧૩૧ |
| ૩ | ચાણસ્મા | ૨૬ | ૨૬ |
| ૪ | હારીજ | ૦ | ૦ |
| ૫ | સમી | ૨૧ | ૨૧ |
| ૬ | રાધનપુર | ૦ | ૦ |
| ૭ | સાંતલપુર | ૦ | ૦ |
| | **કુલ** | **૩૯૯** | **૩૯૯** |

---------

## ઉમરગામ તાલુકા પંચાયતનું નવું મકાન બનાવવા દરખાસ્ત

* ૧૯૩૩૮ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ઉમરગામ તાલુકામાં તાલુકા પંચાયતનું નવું મકાન બનાવવા દરખાસ્ત સરકારને ક્યારે મળી, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલા નાણાં મંજુર કરવામાં આવ્યા છે આ કામ ક્યારે પુરુ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારને દરખાસ્ત મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## મધ્યાહન ભોજન યોજનામાં ફરજ બજાવતા કર્મચારી/કામદારોને માનદ્ વેતન

* ૧૮૯૯૨ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં મધ્યાહન ભોજન યોજનામાં ફરજ બજાવતા કર્મચારી/કામદારોને કેટલુ વેતન આપવામાં આવે છે, અને

(૨) ઉક્ત વેતનમાં છેલ્લા બે વર્ષમાં કેટલો વધારો કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) મધ્યાહન ભોજન યોજનામાં ફરજ બજાવતા વ્યવસ્થાપક, રસોઈયા અને મદદનીશને શિક્ષણ વિભાગના તા.૧૭–૨–૨૦૧૦ના ઠરાવ ક્રમાંકઃમભય–૧૦૨૦૦૯–૧૪૯૬–૨ની જોગવાઈ મુજબ આ સાથેના *પત્રકમાં દર્શાવ્યાનુસાર માસિક માનદ વેતન ચુકવવામાં આવે છે.

(૨) છેલ્લા બે વર્ષમાં કોઈ વધારો કરવામાં આવેલ નથી.

**(રૂપિયામાં)**

**ક. ગ્રામ્ય વિસ્તાર**

| અ.નં. | કેટેગરી | માસિક માનદ્ વેતનના નવા દર |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| ૧ | ૨૫ વિદ્યાર્થીની સંખ્યા સુધીના કેન્દ્રો માટે સહાય | |
| ૨ | સંચાલક–કમ–કુક–૧ | રૂ.૧૦૦૦ |
| | કુક–૧ | રૂ.૪૦૦ |
| | હેલ્પર–૧ | રૂ.૨૦૦ |
| ૨ | ૨૬ થી ૧૦૦ વિદ્યાર્થીની સંખ્યા ધરાવતા કેન્દ્રો માટે સેટઅપ | |
| | સંચાલક–કમ–કુક–૧ | રૂ.૧૦૦૦ |
| | કુક–કમ–હેલ્પર–૧ | રૂ.૧૦૦૦ |
| | હેલ્પર–૧ | રૂ.૪૦૦ |
| ૩ | ૧૦૧ થી ૨૦૦ વિદ્યાર્થીની સંખ્યા ધરાવતા કેન્દ્રો માટે સેટઅપ | |
| | સંચાલક–કમ–કુક–૧ | રૂ.૧૦૦૦ |
| | કુક–કમ–હેલ્પર–૧ | રૂ.૧૦૦૦ |
| | કુક–કમ–હેલ્પર–૨ | રૂ.૧૦૦૦ |
| ૪ | ૨૦૦ થી વધુ વિદ્યાર્થીની સંખ્યા ધરાવતા કેન્દ્રો માટે સેટઅપ | |
| | ૨૦૦ વિદ્યાર્થીઓથી ઉપર ૪ વ્યક્તિ (સંચાલક–કમ–કુક–૧ અને કુક–કમ–હેલ્પર–૩) અને પછીના દરેક ૧૦૦ વિદ્યાર્થી દીઠ ૧ વધારાના કુક–કમ–હેલ્પર | રૂ.૧૦૦૦ |

**ખ. મ્યુ. કર્પોરેશન વિસ્તાર**

| અ.નં. | કેટેગરી | માસિક માનદ્ વેતનના નવા દર |
|---|---|---|
| **૧** | **૨** | **૪** |
| ૧ | સંચાલક–કમ–કુક–૧ | રૂ.૧૫૦૦ |
| | કુક–કમ–હેલ્પર–૧ | રૂ.૧૦૦૦ |
| | કુક–કમ–હેલ્પર–૨ | રૂ.૧૦૦૦ |
| | કુક–કમ–હેલ્પર–૩ | રૂ.૧૦૦૦ |

---------

**આદિજાતિ વિકાસ વિભાગે માર્ગ અને પુલો બનાવવા સૂચવેલ બજેટ અંદાજ**

*૧૯૬૨૫ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૫ ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં આદિજાતી વિકાસ વિભાગે માર્ગ અને પુલો બનાવવા કેટલો અંદાજ બજેટમાં મુક્યો હતો અને એમાં સુધારેલો બજેટ અંદાજ કેટલો રાખ્યો છે, અને | (૧) માર્ગ અને પુલો માટે બજેટમાં રૂ.૭૬૦.૪૦ કરોડનો અંદાજ માર્ગ અને મકાન વિભાગે મૂકેલ હતો. સુધારેલ બજેટ અંદાજ તા.૩૧/૦૧/૨૦૧૫ પછીના વિધાનસભા સત્રમાં મંજુર થતો હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આ બજેટ અંદાજ પ્રમાણે આદિજાતી વિકાસ વિભાગે અમલીકરણ માટે માર્ગ અને મકાન વિભાગને કેટલા અને કયા કામો નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે સુચવેલ છે ? | (૨) આ સાથે સામેલ *પરિશિષ્ટ ૧ અને ૨ મુજબના કામો માર્ગ અને મકાન વિભાગે સુચવેલ છે. |

(* પરિશિષ્ટ ૧ અને ૨ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

ચૈત્ર ૯, ૧૯૩૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

### સાબરકાંઠા જિલ્લામાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સ્વસહાય જૂથોને બેંક દ્વારા કેશક્રેડીટ

* ૧૮૭૭૦ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત અંતર્ગત સ્વસહાય જુથોને બેંકો દ્વારા કેશ ક્રેડીટ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૪–૧૫ માં સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલા સ્વસહાય જુથોને કેશ ક્રેડીટ આપવામાં આવી, | (૨) ૯૫૯ સ્વસહાય જુથોને કેશ ક્રેડીટ આપવામાં આવી છે. |
| (૩) કેશ ક્રેડીટ પેટે કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવી, અને | (૩) કુલ રૂ. ૧૧૪૩.૭૦ લાખ |
| (૪) તે પૈકી કેટલી રકમનું ઉક્ત સ્થિતિએ ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યુ ? | (૩) રૂ. ૭૬૬.૧૪ લાખ |

---------

### બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ

* ૧૮૮૧૭ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં ધોરણ ૧ થી ૮ સુધીમાં અભ્યાસ કરતાં આદિજાતિના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૩–૧૪ ૫૯,૬૭૨<br>વર્ષ ૨૦૧૪–૧૫ ૬૪,૪૬૨ |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૩૩૬.૬૭ લાખ |

---------

### કેન્દ્ર સરકાર તરફથી રાજય સરકારને અનાજનો જથ્થો

* ૧૮૯૪૫ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેંન્દ્ર સરકાર તરફથી રાજય સરકારને વર્ષવાર કેટલો અનાજનો જથ્થો ફાળવવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) તા. ૩૧/૦૧/૨૦૧૫ની સ્થિતિએ કેંન્દ્ર સરકાર દ્વારા રાજયને છેલ્લા બે વર્ષમાં જન્સીવાર નીચે મુજબ અનાજનો જથ્થો ફાળવવામાં આવેલ છે.

| વર્ષ | યોજનાનું નામ | ફાળવણી | | કુલ |
|---|---|---|---|---|
| | | ઘઉં | ચોખા | |
| ૨૦૧૩–૧૪ (ફેબ્રુ–૧૩ થી જાન્યુ–૧૪) | એ.એ.વાય. | ૧૮૪૪૭૬ | ૧૫૫૬૦૪ | ૩૪૦૦૮૦ |
| | બી.પી.એલ. | ૫૫૬૦૪૧ | ૨૬૪૭૯૦ | ૮૨૦૮૩૧ |
| | એ.પી.એલ. | ૧૧૯૪૬૬૦ | ૦ | ૧૧૯૪૬૬૦ |
| | **કુલ** | **૧૯૩૫૧૭૭** | **૪૨૦૩૯૪** | **૨૩૫૫૫૭૧** |
| (૨૦૧૪–૧૫ (ફેબ્રુ–૧૪ થી જાન્યુ– | એ.એ.વાય. | ૧૭૪૬૫૬ | ૧૪૭૩૨૪ | ૩૨૧૯૮૦ |
| | બી.પી.એલ. | ૪૫૧૨૩૬ | ૨૯૭૫૨૫ | ૭૪૮૭૬૧ |
| | એ.પી.એલ. | ૯૬૨૩૬૫ | ૨૨૬૦૦૮ | ૧૧૮૮૩૭૩ |
| | **કુલ** | **૧૫૮૮૨૫૭** | **૬૭૦૮૫૭** | **૨૨૫૯૧૧૪** |

(૨) વર્ષવાર રાજય સરકારે કેટલા જથ્થાનો ઉપાડ કર્યો ?

(૨) તા.૩૧/૦૧/૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજય સરકારે યોજનાવાર નીચે મુજબના જથ્થાનો ઉપાડ કરેલ છે.

| વર્ષ | યોજનાનું નામ | ઉપાડ | | કુલ |
|---|---|---|---|---|
| | | ઘઉં | ચોખા | |
| ૨૦૧૩–૧૪ (ફેબ્રુ–૧૩ થી જાન્યુ–૧૪) | એ.એ.વાય. | ૧૮૪૪૭૬ | ૧૫૫૬૦૪ | ૩૪૦૦૮૦ |
| | બી.પી.એલ. | ૫૫૧૨૦૧ | ૨૬૦૬૩૮ | ૮૧૧૮૩૯ |
| | એ.પી.એલ. | ૫૪૮૬૫૪ | ૦ | ૫૪૮૬૫૪ |
| | **કુલ** | **૧૨૮૪૩૩૧** | **૪૧૬૨૪૨** | **૧૭૦૦૫૭૩** |
| ૨૦૧૪–૧૫ (ફેબ્રુ–૧૪ થી જાન્યુ–૧૫) | એ.એ.વાય. | ૧૭૪૫૮૯ | ૧૪૭૧૫૯ | ૩૨૧૭૪૮ |
| | બી.પી.એલ. | ૪૫૧૨૩૬ | ૨૮૦૨૪૨ | ૭૩૧૪૭૮ |
| | એ.પી.એલ. | ૭૮૭૨૭૦ | ૧૨૦૯૦૮ | ૯૦૮૧૭૮ |
| | **કુલ** | **૧૪૧૩૦૯૫** | **૫૪૮૩૦૯** | **૧૯૬૧૪૦૪** |

---------

**મહીસાગર જિલ્લામાં ગૃપ ગ્રામ પંચાયતોના વિભાજન માટે મળેલ અરજીઓ**

* ૧૯૨૪૨ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાનાં છ તાલુકાઓમાં ગૃપ ગ્રામ પંચાયતોના વિભાજન માટેની છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | લુણાવાડા | ૦ |
| ૨ | ખાનપુર | ૨ |
| ૩ | કડાણા | ૧ |
| ૪ | સંતરામપુર | ૦ |
| ૫ | બાલાશિનોર | ૧ |
| ૬ | વિરપુર | ૦ |
| | **કુલ** | **૪** |

(૨) ગૃપ ગ્રામ પંચાયતોના વિભાજન માટેની આવેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ ગ્રાહય રાખવામાં આવી, અને

(૨) ૧ (એક)

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી ?

(૩) તાલુકા કક્ષાએ ૩ (ત્રણ) અરજીઓ ચકાસણી કક્ષાએ બાકી હોઈ નામંજુર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખાનગી સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ કાર્યરત**

* ૧૮૯૮૯ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલી ખાનગી કેટલી સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ કાર્યરત છે,

(૧)

| જિલ્લો | પ્રાથમિક | | માધ્યમિક | |
|---|---|---|---|---|
| | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી |
| જામનગર | ૭૨૪ | ૨૭૭ | ૨૮ | ૨૩૪ |

(૨) ઉક્ત સ્થિતિ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી સંસ્થા/શાળાઓને સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ આપવામાં આવી, અને

(૨) **પ્રાથમિક**

રકમ (રૂ. લાખમાં)

| જિલ્લો | સંસ્થા / શાળાઓની સંખ્યા | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| જામનગર | ૭૩૨ | ૧૨૪૧૭.૦૧ | ૧૨૦૪૫.૪૬ |
| દેવભૂમિ દ્વારકા | ૬૪૬ | ૬૪૫૨.૧૭ | ૭૯૪૭.૯૫ |

**માધ્યમિક**

રકમ (રૂ. લાખમાં)

| જિલ્લો | સંસ્થા / શાળાઓની સંખ્યા | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
|---|---|---|---|
| જામનગર અને દેવભૂમિ દ્વારકા | જામનગર -૧૩૯ દેવ ભૂમિ દ્વારકા -૬૯ | ૧૧૧૫૧ | ૧૧૨૫૭ |

*જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓની માધ્યમિક શાળાઓની ગ્રાન્ટ ફાળવણી સંયુક્ત દર્શાવવામાં આવેલ છે.

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા વિદ્યાર્થીઓ ખાનગી અને કેટલા વિદ્યાર્થીઓ સરકારી શાળાઓમાં અભ્યાસ કરે છે ?

(૩) વિદ્યાર્થીઓની સંખ્યા

| જિલ્લો | પ્રાથમિક | | માધ્યમિક | |
|---|---|---|---|---|
| | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી |
| જામનગર | ૯૦૪૧૧ | ૮૦૭૪૮ | ૩૪૮૨ | ૪૩૪૭૭ |
| દેવભૂમિ | ૭૮૪૬૭ | ૩૫૫૮૦ | ૨૪૯૦ | ૧૩૫૭૨ |

---------

## પંચમહાલ જિલ્લામાં ઈન્દિરા આવાસોની ફાળવણી

* ૧૯૫૦૧ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ઈન્દિરા આવાસો તરફથી મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૦૧૪૩ આવાસો મંજૂર કરવામાં આવ્યા. તાલુકાવાર અને વર્ષવાર મંજૂર થયેલ આવાસની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષવાર મંજૂર થયેલ કેસોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | કુલ |
| ૧ | ગોધરા | ૩૧૨૪ | ૯૦ | ૩૨૧૪ |
| ૨ | મોરવા | ૧૦૬૦ | ૧૩૮ | ૧૧૯૮ |
| ૩ | શહેરા | ૨૦૧૦ | ૬૨૯ | ૨૬૩૯ |
| ૪ | કાલોલ | ૯૩૨ | ૧૧૧ | ૧૦૪૩ |
| ૫ | હાલોલ | ૧૩૫ | ૧૨૨ | ૨૫૭ |
| ૬ | જાંબુઘોડા | ૨૩૮ | ૮૫ | ૩૨૩ |
| ૭ | ઘોઘંબા | ૧૩૩૬ | ૧૩૩ | ૧૪૬૯ |

(૨) મંજુર થયેલ આવાસોમાં નાણાકીય ગેરરીતિ થયેલ છે, તે બાબતે સરકારશ્રીને ધ્યાને છે કે કેમ, અને

(૨) હા,

(૩) ખોટી રીતે મંજુર કરેલા આવાસો અને ચૂકવેલ રકમ માટે કોણ જવાબદાર છે ?

(૩) મળેલ પ્રાથમિક તપાસ અહેવાલના આધારે જવાબદારી નકકી કરવાની કાર્યવાહી પ્રક્રીયા હેઠળ છે.

---------

તા.૩૦મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

**પાટણ જિલ્લામાં પંચાયત વિભાગના નિવૃત્ત અધિકારી/ કર્મચારીઓના પેન્શન બાબત**

*૧૯૨૯૬ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર પંચાયત વિભાગના કેટલા અધિકારી/કર્મચારીઓ નિવૃત્ત થયાં, | (૧) ૨૭૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલાના પેન્શન મંજુર થયા, | (૨) ૨૭૪ |
| (૩) કેટલાના પેન્શન મંજુર થયા નથી, અને | (૩) ૪ |
| (૪) પેન્શન મંજુર નહી કરવાના કારણો કયા છે ? | (૩) વહીવટી કારણોસર |

---------

**સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત પાટણ જિલ્લાને કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટ**

* ૧૮૯૧૫ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સર્વશિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ મળી, અને

**જવાબ**

(૧) રૂ. લાખમાં

| **વર્ષ** | **કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ** |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૬૩૩૩૩.૪૪ |
| ૨૦૧૪–૧૫ (૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ ) | ૭૧૯૫૪.૨૭ |

(૨) તે અન્વયે પાટણ જિલ્લાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને કયા હેડ હેઠળ કેટલી રકમનો ખર્ચ તાલુકાવાર કરવામાં આવ્યો ?

(૨) પરિશિષ્ટ –૧ મુજબ

(* પરિશિષ્ટ ૧ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ફતેપુરા તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના**

* ૧૮૮૫૦ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નકકી કરવામાં આવ્યુ હતું, | (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં **૨૫૦** આવાસ બાંધવાનું નકકી કરવામાં આવ્યુ હતું. |
| (૨) તે પૈકી તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૨૫૦ આવાસ બાંધકામની વહીવટી મંજુરી આપવામાં આવી, અને |
| (૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે ? | (૩) તે પૈકી **૧૨૧** આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે. |

---------

**ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણ**

* ૧૯૨૨૮ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોને પ્રથમ અને બીજું ઉચ્ચતર પગાર ધોરણ આપવાનું બાકી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો જિલ્લાવાર કેટલા શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણ આપવાનું બાકી છે, અને

(૨)

| સરકારી શાળાઓ | | |
|---|---|---|
| બીજું ઉચ્ચતર પગાર ધોરણ | | |
| | માધ્યમિક શાળાઓ | ઉચ્ચતર માધ્યમિક શાળાઓ |
| ગીર સોમનાથ | ૧૨ | ૦૭ |
| જુનાગઢ | ૧૩ | ૩૦ |

(૩) બાકી શિક્ષકોને કેટલા સમયમાં ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવામાં આવશે ?

(૩) જેમ બને તેમ જલ્દી.

---------

**ગાંધીનગર શહેરની સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ ખાનગી સંસ્થાઓને સોંપવા બાબત**

* ૧૯૫૮૨ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૨૮–૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર શહેરની સરકારી પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાઓ ખાનગી સંસ્થાને સોંપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો 'હા', તો કઇ સરકારી શાળાઓ કઇ સંસ્થાને ક્યા દરે અને કેટલા સમય માટે સોંપવામાં આવી છે,

(૩) આ શાળામાં ફરજ બજાવતા કર્મચારીઓને ફરજ સોંપવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે કે કેમ, અને

(૪) જો 'હા', તો કેવા પ્રકારની ?

**જવાબ**

(૧) ગાંધીનગર શહેર વિસ્તાર હસ્તકની એક પણ પ્રાથમિક શાળા ખાનગી સંસ્થાને સોંપવામાં આવેલ નથી.
– માધ્યમિક શાળા– હા.

(૨) શિક્ષણ વિભાગના તારીખ ૨૬–૧૨–૨૦૧૪ ના ઠરાવથી નીચે મુજબની સરકારી માધ્યમિક શાળાઓ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીઃ ગાંધીનગર બ્રાંચ, સેક્ટર–૨૩ ને રૂ.૧/– ના ટોકનથી ૩૦(ત્રીસ) વર્ષ સુધી સોંપવાનો નિર્ણય કરવામાં આવેલ છે, જેના અમલીકરણની પ્રક્રિયા હાલ બાકી છે.

૧. સરદાર વલ્લભભાઈ પટેલ, સેક્ટર–૭, ગાંધીનગર
૨. સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સેક્ટર–૧૨, ગાંધીનગર
૩. મહાત્મા ગાંધી વિદ્યાવિહાર, સેક્ટર–૧૬, ગાંધીનગર
૪. આર્યભટ્ટ માધ્યમિક શાળા, સેક્ટર–૨૨, ગાંધીનગર
૫. મહારાણા પ્રતાપ વિદ્યામંદિર, સેક્ટર–૨૭, ગાંધીનગર.

(૩) શિક્ષણ વિભાગના તારીખ ૨૬–૧૨–૨૦૧૪ ના ઠરાવના અમલીકરણની પ્રક્રિયા બાકી હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અરવલ્લી જિલ્લામાં વૃક્ષારોપણ કાર્યક્રમ**

* ૧૮૯૩૬ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૫ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર વન વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં વૃક્ષારોપણ કાર્યક્રમ ક્યારે હાથ ધરવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે કેટલા રોપાનું વાવેતર થયું અને ઉક્ત સ્થિતિએ કેટલા રોપાઓ જીવંત છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ સને ૨૦૧૩–૧૪ માં અને ૨૦૧૪–૧૫ માં અનુક્રમે તા.૩–૦૮–૨૦૧૩ તારીખ ૨–૦૮–૨૦૧૪ ના રોજ તાલુકાવાર વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો.

(૨) તે અન્વયે કુલ ૪૪.૫૦ લાખ રોપાનું વાવેતર થયું અને ઉક્ત સ્થિતિએ કુલ રૂ.૩૭.૩૯ લાખ રોપાઓ જીવંત છે.

---------

**પ્રાંતિજ શહેરમાં નવીન સરકારી વિજ્ઞાન પ્રવાહ કોલેજ શરૂ કરવા બાબત**

* ૧૯૬૩૨ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ સાબરકાંઠા

**જવાબ**

(૧) ના, જી.

જિલ્લાના પ્રાંતિજ શહેરમાં નવીન સરકારી વિજ્ઞાન પ્રવાહ કોલેજ શરૂ કરવા સરકાર દ્વારા કોઇ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો કોઇ ખાનગી મંડળ કે સંસ્થા કોલેજ શરૂ કરવા માટે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતું હોય, તેને સરકાર ગ્રાન્ટ–ઇન–એઇડ કોલેજ આપવા માંગે છે કે કેમ ?

(૨) ના, જી.

---------

**પંચમહાલ જિલ્લામાં મોરવા હડફ તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર**

* ૧૮૮૨૮ **શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી મોરવા હડફ તાલુકામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૨૨૩૫.૧૨ હેક્ટર અને ૧૬૩૮.૦૦ હેક્ટર મળી કૂલ ૩૮૭૩.૧૨ હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) કૂલ રૂ.૧.૨૨ લાખ રોપા.

(૩) સને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં અનુક્રમે રૂ.૭૨.૫૮ લાખ અને રૂ.૨૩.૯૨ લાખ મળી કૂલ રૂ.૯૬.૫૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં કોમ્પ્યુટર વિષય દાખલ કરવા બાબત**

* ૧૯૬૦૯ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ ની સ્થિતિએ સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં કોમ્પ્યુટર વિષય દાખલ કરવામાં આવ્યો છે, તે હકિકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો રાજ્યમાં કોમ્પ્યુટર વિષયમાં બી.સી.એ., બી.એડ. થયેલા ટાટ પરીક્ષા પાસ ઉમેદવારોની ભરતી કોમ્પ્યુટર શિક્ષક તરીકે તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ કરવામાં આવેલ નથી તે હકિકત સાચી છે, અને

(૩) જો હા, તો તેની ભરતીની પ્રક્રિયા ક્યારે શરૂ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

---------

**અરવલ્લી જિલ્લામાં નવીન રોપાનું વાવેતર**

* ૧૯૪૭૫ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૫ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કૂલ કેટલા નવીન રોપાનું વાવેતર કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) તા.૩૧–૧–૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે કૂલ ૬૭.૨ લાખ રોપાનું વાવેતર કરવામાં આવ્યું.

| તાલુકાનું નામ | રોપાનું વાવેતર (લાખમાં) | | |
|---|---|---|---|
| | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ (તા.૩૧–૧–૧૫ ની સ્થિતિએ) | કૂલ |
| મોડાસા | ૪.૩૯ | ૬.૬૭ | ૧૧.૦૬ |
| ધનસુરા | ૦.૯૧ | ૧.૭૫ | ૨.૬૬ |
| બાયડ | ૧.૧૦ | ૧.૭૨ | ૨.૮૨ |

| | | | |
|---|---|---|---|
| માલપુર | ૭.૭૯ | ૪.૩૨ | ૧૨.૧૧ |
| મેઘરજ | ૧૧.૧૮ | ૯.૩૬ | ૨૦.૫૪ |
| ભિલોડા | ૮.૪૧ | ૯.૬૦ | ૧૮.૦૧ |
| **ફૂલ** | **૩૩.૭૮** | **૩૩.૪૨** | **૬૭.૨૦** |

(૨) નવીન રોપાનું જે વાવેતર કરવામાં આવ્યું, તેનો તાલુકાવાર –વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) નીચેની વિગતે ફૂલ રૂ.૩૦૩૫.૭૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

| **તાલુકાનું નામ** | **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** | | |
|---|---|---|---|
| | **૨૦૧૩–૧૪** | **૨૦૧૪–૧૫ (તા.૩૧–૧–૧૫ ની સ્થિતિએ)** | **ફૂલ** |
| મોડાસા | ૧૭૦.૩૮ | ૩૭૧.૭૫ | ૫૪૨.૧૩ |
| ધનસુરા | ૩૧.૨૧ | ૬૫.૧૧ | ૯૬.૩૨ |
| બાયડ | ૪૦.૧૮ | ૪૮.૫૪ | ૮૮.૭૨ |
| માલપુર | ૨૭૯.૧૯ | ૧૪૭.૦૬ | ૪૨૬.૨૫ |
| મેઘરજ | ૩૮૧.૪૮ | ૪૨૪.૦૦ | ૮૦૫.૪૮ |
| ભિલોડા | ૪૭૪.૦૫ | ૬૦૨.૮૩ | ૧૦૭૬.૮૮ |

(૩) આ રોપાઓ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા રોપાઓ હયાત છે અને કેટલા નિષ્ફળ ગયેલ છે, અને

(૪) રોપાઓની જાળવણી માટે વિભાગ દ્વારા શાં પગલાં ભરવામાં આવે છે ?

(૩) ઉક્ત સ્થિતિએ ફૂલ ૫૩.૨૭ લાખ રોપા જીવંત છે અને ૧૩.૯૩ લાખ રોપા નિષ્ફળ ગયેલ છે.

(૪) રોપાઓની જાળવણી માટે વિભાગ દ્વારા રોપાઓની માવજત, રક્ષણ, નિંદામણ વિગેરની કામગીરી કરવામાં આવે છે.

---------

### મહીસાગર અને અરવલ્લી જિલ્લામાં ગ્રાહક ફોરમની રચના

* ૧૮૯૯૫ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ નવા રચાયેલા મહિસાગર અને અરવલ્લી જિલ્લામાં ગ્રાહક ફોરમની રચના ક્યારે કરવામાં આવી, અને

(૨) જો આ રચના હજુ સુધી થઇ ન હોય તો તેના કારણો શાં છે અને કેટલા સમયમાં રચના કરવામાં આવશે ?

**જવાબ**

(૧) આ વિભાગના તા.૧૧–૮–૨૦૧૪ ના જાહેરનામાંથી મહિસાગર અને અરવલ્લી જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમની રચના કરવામાં આવી છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### નવસારી જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ આદિજાતિ કન્યાઓને લાભ

* ૧૮૮૨૧ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ નવસારી જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **લાભાર્થીની સંખ્યા** |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૫૬૦ |
| ૨૦૧૪–૧૫ | ૨૮૩ |
| **કુલ** | **૮૪૩.** |

(૨) રૂ.૮૪.૩૦ લાખ.

---------

### બનાસકાંઠા જિલ્લામાં ડિપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો

* ૧૮૮૫૬ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલી ડિપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની

**જવાબ**

(૧) સરકારી કોલેજ ૦૧
અનુદાનિત કોલેજ ૦૦

સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | સ્વનિર્ભર કોલેજ ૦૦
કુલ ૦૧.

(૨) આ બધીજ કોલેજોની મંજુર થયેલ ડિપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, | (૨) ૬૯૦.

(૩) તે પૈકી સન ૨૦૧૪–૧૫ ના વર્ષે થયેલ પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ, અને | (૩) ૫૧૧.

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી ડિપ્લોમાં ઇજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે ? | (૩) ૧૭૯.

---------

**ભરૂચ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ આદિજાતિ કન્યાઓને લાભ**

* ૧૮૮૨૦ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૧)

| **વર્ષ** | **લાભાર્થીની સંખ્યા** |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૧૩૫ |
| ૨૦૧૪–૧૫ | ૧૭૦ |
| **કુલ** | **૩૦૫** |

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૩૦.૫૦ લાખ.

---------

**જુનાગઢ જિલ્લામાં ડિપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો**

* ૧૮૮૫૯ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં કુલ કેટલી ડિપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની સરકારી અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે,

(૧)

| | |
|---|---|
| સરકારી કોલેજ | ૦૧ |
| અનુદાનિત કોલેજ | ૦૦ |
| સ્વનિર્ભર કોલેજ | ૦૬ |
| **કુલ** | **૦૭** |

(૨) આ બધીજ કોલેજોની મંજુર થયેલ ડિપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, | (૨) ૩૪૮૦

(૩) તે પૈકી સને ૨૦૧૪–૧૫ ના વર્ષે થયેલ પ્રવેશ પ્રક્રીયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ, અને | (૩) ૧૭૬૨

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી ડિપ્લોમાં ઇજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે ? | (૪) ૧૭૧૮

---------

**અમદાવાદ જિલ્લામાં પંચાયતની જમીન ઉપર ગેરકાયદેસર દબાણ**

* ૧૯૦૩૩ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર પંચાયતની કેટલી જમીન ઉપર ગેરકાયદેસર દબાણ થયેલ છે,

(૧) પંચાયતની જમીન ઉપર થયેલ ગેરકાયદેસર દબાણની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **દબાણ (હે. આરે. ચોમી.)** |
|---|---|---|
| ૧ | દશક્રોઈ | ૩૭.૧૮.૩૬ |
| ૨ | સાણંદ | ૦૫.૭૧.૩૮ |
| ૩ | બાવળા | ૨૩.૯૬.૧૮ |
| ૪ | વિરમગામ | ૨૩.૮૩.૧૬ |
| ૫ | ધોળકા | ૯૬.૨૭.૫૯ |
| ૬ | ધંધુકા | ૦૦.૦૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૭ | માંડલ | ૦૦.૭૬.૪૫ |
| ૮ | દેત્રોજ | ૦૦.૯૭.૭૯ |
| | **કુલ** | **૧૮૮.૭૦.૯૧** |

(૨) આ ગેરકાયદેસર દબાણો દૂર કરવા ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચાયત વિભાગ કે તેની તાબા હેઠળની કચેરીઓ દ્વારા શાં પગલાં લીધા, અને

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ – ૧૦૫ મુજબ દબાણો દૂર કરવાની પ્રાથમિક જવાબદારી ગ્રામ પંચાયતની છે અને તાલુકા વિકાસ અધિકારી દ્વારા ગ્રામ પંચાયતને દબાણ દૂર કરવા બાબતે નોટિસ આપવામાં આવેલ છે.

(૩) તાલુકાવાર પંચાયતની કેટલી જમીનમાંથી દબાણ દૂર કરવામાં આવ્યા ?

(૩) પંચાયતની જમીનમાંથી દૂર કરવામાં આવેલ દબાણની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | દૂર કરેલ દબાણ (હે. આરે. ચોમી) |
|---|---|---|
| ૧. | દેત્રોજ | ૦૦.૦૦.૭૭ |

---------

## નાંદોદ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના

* ૧૮૮૪૯ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યુ હતું,

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં **૧૧૫** આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૧૧૫ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા આવાસ બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ?

(૩) તે પૈકી ૧૧૫ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

---------

## ખેડા જિલ્લામાં વૃક્ષછેદન ધારા હેઠળ વૃક્ષછેદનની પરવાનગી

* ૧૯૨૭૬ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં વૃક્ષછેદન ધારા હેઠળ કેટલા વૃક્ષછેદનની પરવાનગી અપાઇ,

(૧) ૩૫૯૮

(૨) તે કયા વૃક્ષ માટે અપાઇ હતી,

(૨) સૌરાષ્ટ્ર વૃક્ષછેદન ધારા-૧૯૫૧ હેઠળ આવતા વૃક્ષોની જાતો માટે પરવાનગી આપવામાં આવી.

(૩) વૃક્ષછેદનની પરવાનગી આપતા પહેલાં કેવા પ્રકારની તપાસ કરવામાં આવે છે, અને

(૩)
૧. કાપવાના થતાં વૃક્ષો બાબતે સ્થળ પંચનામું અને વૃક્ષછેદનનો હેતુ જોવામાં આવે છે.
૨. માંગણી અંગે ખાતેદારનો જવાબ લેવામાં આવે છે.
૩. એક કરતાં વધુ ખાતેદારો હોય તો તમામની લેખિતમાં સંમતી લેવામાં આવે છે.
૪. અનામત વૃક્ષોના કિસ્સામાં રોયલ્ટી વસુલ કરવામાં આવે છે.

(૪) બીન જરૂરી વૃક્ષછેદનની પરવાનગી રોકવા શી વ્યવસ્થા થઇ છે ?

(૪) ખંડ-૩ ના જવાબમાં દર્શાવેલ બાબતો સંતોષાતી ન હોય તો વૃક્ષછેદનની પરવાનગી આપવામાં આવતી નથી.

---------

તા.૩૦મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

**જામનગર જિલ્લામાં જુનિયર ફાર્માસીસ્ટનું મંજૂર મહેકમ**

* ૧૮૮૬૫ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં જુનિયર ફાર્માસીસ્ટ મંજુર મહેકમ કેટલું છે, | (૧) ૫૫ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી, | (૨) ૩૫ |
| (૩) તે પૈકી વર્ષ ૨૦૧૪–૧૫ માં તા. ૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી અને કેટલી ખાલી રહી, અને | (૩) ૨૩ જગ્યાઓ ભરવામાં આવી અને ૧૨ જગ્યાઓ ખાલી રહેલ. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે ? | (૪) ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ. |

---------

**વિજાપુર તાલુકામાં રોપાઓનું વાવેતર**

* ૧૯૦૦૦ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું, અને | (૧) કુલ ૩.૧૮ લાખ રોપા. |
| (૨) તે અન્વયે કેટલા રોપાઓ જીવંત છે અને આ રોપાઓનાં જતન માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) તે અન્વયે કુલ ૨.૭૬ લાખ રોપા જીવંત છે અને તેના જતન માટે કુલ રૂ.૧૨૬.૪૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. |

---------

**નર્મદા જિલ્લામાં સ્ટાફ નર્સનું મંજુર મહેકમ**

* ૧૮૮૭૧ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં સ્ટાફ નર્સનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) ૪૮ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી, | (૨) ૪૮ |
| (૩) તે પૈકી વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી અને કેટલી ખાલી રહી, અને | (૩) ૨૦ જગ્યાઓ ભરવામાં આવી અને ૨૮ જગ્યાઓ ખાલી રહેલ છે. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે ? | (૪) ભરતી કેલેન્ડર અંતર્ગત બનતી ત્વરાએ |

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં રાંધણગેસના દુરૂપયોગ અંગે દરોડા**

* ૧૯૫૪૬ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર અને માસવાર રાંધણગેસના દુરૂપયોગ અંગે કેટલા દરોડા પાડી કેટલા ગેસ સીલીન્ડર જપ્ત કરવામાં આવ્યા, | (૧) (અ) ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અને માસવાર રાંધણગેસના દુરૂપયોગ અંગે પાડેલ દરોડા અને જપ્ત કરેલ ગેસ સીલીન્ડરની વિગત દર્શાવતુ *પત્રક–૧ આ સાથે સામેલ છે,<br>(બ) મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અને માસવાર રાંધણગેસના દુરૂપયોગ અંગે પાડેલ દરોડા અને જપ્ત કરેલ ગેસ સીલીન્ડરની વિગત દર્શાવતું *પત્રક–૨ આ |

સાથે સામેલ છે.

(૨) કેટલા ઈસમો સામે કાનુની કાર્યવાહી કરવામાં આવી,

(૨) ગાંધીનગર જિલ્લામાં એક ઈસમ સામે અને મહેસાણા જિલ્લામાં ૮ (આઠ) ઈસમ સામે કાર્યવાહી કરવામાં આવી.

(૩) આવા રાંધણગેસના બાટલાના દુરૂપયોગમાં કઈ એજન્સીઓ સંડોવાયેલી છે, અને

(૪) તેમની સામે શાં શિક્ષાત્મક પગલાં ભરવામાં આવ્યા ?

(૩) અને (૪)

(અ) ગાંધીનગર જિલ્લામાં રાંધણગેસના બાટલાના દુરૂપયોગમાં કોઈ ગેસ એજન્સી સંડોવાયેલી ન હોઈ પગલાં લેવાનો પ્રશ્ન નથી.

(બ) મહેસાણા જિલ્લોઃ

સંડોવાયેલ ગેસ એજન્સીઓઃ

| અ.નં. | ગેસ એજન્સીનું નામ |
|---|---|
| ૧ | જલદીપ ગેસ એજન્સી, ગોઝારીયા |
| ૨ | ધરતી ગેસ એજન્સી, વિજાપુર |
| ૩ | ધરતી ગેસ એજન્સી, કુકરવાડા |
| ૪ | શિવમ ગેસ એજન્સી, કડી |
| ૫ | યશ ગેસ સર્વિસ, બેચરાજી |
| ૬ | રાહુલ ગેસ એજન્સી, ઊંઝા |
| ૭ | અંકિત ગેસ સર્વિસ, ઊંઝા |

ઉક્ત ગેસ એજન્સીઓ સામે ક્ષતિઓ–ગેરરિતિઓને અનુલક્ષીને રૂ. ૧,૧૨,૯૨૨/– ની કિંમતના ૧૦૬ ગેસ સીલીન્ડર કબજે લેવામાં આવ્યા તે પૈકી રૂ. ૨૧,૧૬૩/– ની કિંમતના ૨૦ ગેસ સીલીન્ડરો રાજ્યસાત કરવામાં આવ્યા અને રૂ. ૩,૧૨૫/–ની કિંમતના પરવાના અનામત રાજ્યસાત કરવામાં આવી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**દેવભૂમિ દ્વારકા તાલુકા મથકે મોડેલ શાળા ચાલુ કરવા બાબત**

* ૧૯૦૨૫ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં તાલુકા મથકે મોડેલ શાળા શરૂ કરવાનું આયોજન કર્યું છે તે હકીકત ખરી છે,

(૨) જો હા, તો ઉપરોક્ત સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવી કેટલી શાળાઓ શરૂ કરવામાં આવી અને ક્યારે, અને

(૩) ચાલુ કરવામાં આવેલી શાળાઓ પૈકી કેટલી શાળાઓ પાસે પોતાનું મકાન છે, અને કેટલી શાળાઓ ભાડાના મકાનમાં ચાલે છે. લાંબા સમયથી શાળાઓ પાસે પોતાના મકાન ના હોવાના શાં કારણો છે ?

**જવાબ**

(૧) હા.

(૨) ૩ (ત્રણ) મોડેલ સ્કુલ જુન–૨૦૧૪ થી શરૂ કરવામાં આવેલ છે.

(૩) એક મોડેલ સ્કુલ પાસે પોતાનું મકાન છે અને બે મોડેલ સ્કુલો હાલમાં પ્રાથમિક શાળાના મકાનમાં કાર્યરત છે આ બે મોડેલ સ્કુલના બાંધકામનું કાર્ય પ્રગતિમાં છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં ચેકડેમ બનાવવા અંગે**

* ૧૯૬૨૨ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં આર.કે.વી.વાય. યોજના હેઠળ વન

**જવાબ**

(૧) આર.કે.વી.વાય. યોજના હેઠળ કોઇ ચેકડેમ બનાવવામાં આવેલ નથી.

વિસ્તારમાં કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા છે,

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને

(૩) આ કામ માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલ છે કે કેમ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ખેડા જિલ્લામાં સરદાર આવાસ યોજના–૨ હેઠળ મળેલ અરજીઓ**

* ૧૮૮૩૯ **શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજના–૨ હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા આવાસોનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) સરદાર આવાસ યોજના–૨ હેઠળ ૧૯૭૫૮ અરજીઓ મળી,

(૨) ૧૭૯૭૮ અરજીઓ મંજુર.

(૩) બાંધકામ શરૂ કરેલ ૫૧૬૧ આવાસો.

---------

**પંચમહાલ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર**

* ૧૮૮૨૯ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી કાલોલ તાલુકામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૨૨૩૫.૧૨ હેકટર અને ૧૬૩૮.૦૦ હેકટર મળી કૂલ ૩૮૭૩.૧૨ હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) કૂલ ૧.૪૧ લાખ રોપા.

(૩) સને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં અનુક્રમે રૂ. ૬૮.૯૧ લાખ અને રૂ. ૨૧.૪૨ લાખ મળી કૂલ રૂ. ૯૦.૩૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં જાહેરમાં લાકડાની હરાજી**

* ૧૯૬૦૬ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં જાહેરમાં લાકડાની હરાજી બજારો ભરાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો આ બજાર ભરવાની મંજૂરી કોના દ્વારા અને ક્યારે આપવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હરાજી બજારમાં કેટલા વજનના અને કિંમતના લાકડાની ખરીદ–વેચાણ થઇ, અને

(૪) ઉક્ત સ્થિતિએ સરકારને હરાજી બજારમાંથી કેટલી આવક થઇ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) માલિકી જમીનથી ઉપજેલ લાકડાનાં ખરીદ/વેચાણ કરવા માટે વન વિભાગની પરવાનગી જરૂરી નથી.

(૩) આ કામગીરી વન વિભાગનાં નિયંત્રણ હેઠળ ન હોવાથી આ માહિતી વન વિભાગ દ્વારા રાખવામાં આવતી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## આણંદ જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીમાં એજ્યુકેશન ઇન્સપેક્ટરો અને એકાઉન્ટન્ટોની જગ્યાઓ

* ૧૮૯૩૮ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીમાં કેટલા એજ્યુકેશન ઇન્સ્પેકટરો અને એકાઉન્ટન્ટોની મંજુર થયેલ જગ્યાઓ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી સ્કુલોમાં ઇન્સપેકશન કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧)

| જગ્યાનું નામ | મંજુર થયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | કેટલા સમયથી ખાલી છે તેની વિગતો | |
|---|---|---|---|---|
| એજ્યુકેશન ઇન્સ્પેકટર | ૦૩ | ૦૩ | **જગ્યાની સંખ્યા** | **સમય** |
| | | | ૧ | તા. ૨૨–૩–૨૦૧૩ થી |
| | | | ૧ | તા. ૦૫–૩–૨૦૧૪ થી |
| | | | ૧ | તા.૦૬–૦૬–૨૦૦૯ થી |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | સને ૨૦૧૩–૧૪ના વર્ષમાં ઇન્સ્પેકશન થયેલ શાળાની સંખ્યા | સને ૨૦૧૪–૧૫ના વર્ષમાં ઇન્સ્પેકશન થયેલ શાળાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૫૫ | ૩૯ |
| ૨ | આંકલાવ | ૧૫ | ૧૪ |
| ૩ | બોરસદ | ૪૦ | ૩૭ |
| ૪ | ખંભાત | ૨૮ | ૨૦ |
| ૫ | પેટલાદ | ૩૯ | ૩૮ |
| ૬ | સોજીત્રા | ૧૩ | ૧૨ |
| ૭ | તારાપુર | ૧૨ | ૧૨ |
| ૮ | ઉમરેઠ | ૨૫ | ૨૫ |
| | **કુલ સંખ્યા** | **૨૨૭** | **૧૯૭** |

---------

## અમદાવાદ જિલ્લામાં પંચાયતની જમીન ઉપર ગેરકાયદેસર દબાણ

* ૧૯૧૭૩ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર પંચાયતની કટેલી જમીન ઉપર ગેરકાયદેસર દબાણ થયેલ છે,

**જવાબ**

(૧) પંચાયતની જમીન ઉપર થયેલ ગેરકાયદેસર દબાણની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | દબાણ (હે.આરે.ચોમી) |
|---|---|---|
| ૧ | દશક્રોઇ | ૩૭.૧૮.૩૬ |
| ૨ | સાણંદ | ૦૫.૭૧.૩૮ |
| ૩ | બાવળા | ૨૩.૯૬.૧૮ |
| ૪ | વિરમગામ | ૨૩.૮૩.૧૬ |

| | | |
|---|---|---|
| ૫ | ધોળકા | ૯૬.૨૭.૫૯ |
| ૬ | ધંધુકા | ૦૦.૦૦.૦૦ |
| ૭ | માંડલ | ૦૦.૭૬.૪૫ |
| ૮. | દેત્રોજ | ૦૦.૯૭.૭૯ |
| | **કુલ** | **૧૮૮.૭૦.૯૧** |

(૨) આ ગેરકાયદેસર દબાણો દૂર કરવા છેલ્લા બે વર્ષમાં પંચાયત વિભાગ કે તેની તાબા હેઠળની કચેરીઓ દ્વારા શાં પગલાં લીધા, અને

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૦૫ મુજબ દબાણો દૂર કરવાની પ્રાથમિક જવાબદારી ગ્રામ પંચાયતની છે અને તાલુકા વિકાસ અધિકારી દ્વારા ગ્રામ પંચાયતને દબાણ દૂર કરવા બાબતે નોટિસ આપવામાં આવેલ છે.

(૩) તાલુકાવાર પંચાયતની કેટલી જમીનમાંથી દબાણ દૂર કરવામાં આવ્યા ?

(૩) પંચાયતની જમીનમાંથી દૂર કરવામાં આવેલ દબાણની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | દૂર કરેલ દબાણ (ચો.મી.) |
|---|---|---|
| ૧. | દેત્રોજ | ૦૦.૦૦.૭૭ |

---------

**જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં સિંહો કે દિપડા દ્વારા ઢોરનું મારણ**

* ૧૯૨૯૦ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલાં પશુપાલકના માલ ઢોરનું મારણ સિંહો કે દિપડા દ્વારા કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) ત્રણેય જિલ્લાઓની માહિતી તાલુકાવાર *એનેક્ષર–૧ મુજબ.

(૨) વન્ય પ્રાણીઓ દ્વારા થયેલ પશુઓના મારણ અન્વયે ઉકત સ્થિતિએ કેટલી રકમનું વળતર ચૂકવવામાં આવ્યું,

(૨) કુલ રૂ. ૨૨૮.૪૨ લાખ.

(૩) ઉકત વન્ય પ્રાણીઓ દ્વારા થતા મારણ અટકાવવા સરકારે શાં પગલાં લીધા ?

(૩) ૧. મારણ જો રેવન્યુ વિસ્તારમાં હોય તો પશુપાલકોને હવે પછી આવો બનાવ ન બને તે માટે તેમના પશુઓને સલામત જગ્યાએ રાખવા સલાહ આપવામાં આવે છે.

૨. ફરી વખત વન્યપ્રાણી જોવા મળે તો તાત્કાલિક નજીકના ફોરેસ્ટ કર્મચારીને જાણ કરવા જણાવવામાં આવે છે. જેથી વન્યપ્રાણી ને પરત જંગલ ભાગ તરફ લઈ જવાની કાર્યવાહી થઈ શકે.

૩. ગીર બોર્ડરના ગામડાંમાં વન્યપ્રાણી અંગે રસ ધરાવતા અને શિક્ષિત યુવકોને વન્યપ્રાણી મિત્ર તરીકે નિમણૂક આપવામાં આવેલ છે. જેથી કોઈ વન્યપ્રાણી રેવન્યુ વિસ્તારમાં આવે તો તાત્કાલિક પગલા લઈ શકાય.

૪. ગામના સરપંચશ્રી તથા ગ્રામ પંચાયતના સભ્ય અને ઈ.ડી.સી.ના પ્રમુખોને નજીકની રેંજ કચેરીના ટેલીફોન નંબરો આપવામાં આવેલ છે, જેથી વન્યપ્રાણી આવ્યેથી તાત્કાલિક જાણ મળ્યે યોગ્ય કાર્યવાહી કરી શકાય.

(*એનેક્ષર સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં નિર્મળ ભારત અભિયાન હેઠળ વ્યક્તિગત શૌચાલય**

* ૧૮૯૯૩ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી**(રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિર્મળ ભારત અભિયાન હેઠળ કેટલા વ્યક્તિગત શૌચાલય મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા શૌચાલયનું કામ પૂર્ણ કરવામાં આવ્યું, અને

(૩) કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિર્મળ ભારત અભિયાન હેઠળ દાંતા તાલુકામાં ૪૩૨૮, અમીરગઢ તાલુકામાં ૧૮૪૫ મળી કુલ ૬૧૭૩ વ્યક્તિગત શૌચાલય મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી કુલ ૧૪૪૬ શૌચાલયોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું.

(૩) રૂ.૬૬.૫૧ લાખની નાણાકીય સહાય ચૂકવવામાં આવી.

---------

**મેઘરજ, ભિલોડા, અને હિંમતનગર તાલુકામાંથી ગૃપ ગ્રામ પંચાયતમાંથી અલગ પંચાયત કરવા માટે મળેલ દરખાસ્તો**

* ૧૯૬૨૬ **ડાૅ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના મેઘરજ, ભિલોડા અને હિંમતનગર તાલુકામાંથી ગૃપ ગ્રામ પંચાયતમાંથી અલગ પંચાયત કરવા માટે જિલ્લા કક્ષાએ કેટલી દરખાસ્તો આવી, અને

(૨) એમાંથી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા તાલુકામાં કઈ ગૃપ ગ્રામ પંચાયતોને અલગ પંચાયતનો દરજ્જો આપવાનો નિર્ણય કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૨ (બે) દરખાસ્તો

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | મળેલ દરખાસ્ત |
|---|---|---|---|
| ૧ | અરવલ્લી | મેઘરજ | ૧ મુડશી-ભુંજરી |
| ૨ | અરવલ્લી | ભિલોડા | ૧ આંબાબાર-રામપુરી |
| ૩ | સાબરકાંઠા | હિંમતનગર | શૂન્ય |

(૨) એક પણ નહિ.

---------

**સાબરકાંઠા જિલ્લામાં મલ્ટીપર્પઝ હેલ્થવર્કરનું મંજૂર મહેકમ**

* ૧૮૮૭૬ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરનું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી,

(૩) તે પૈકી વર્ષ ૨૦૧૪-૧૫ માં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી અને કેટલી ખાલી રહી, અને

(૪) આ ખાલી જગ્યાઓ કયારે ભરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) ૪૧૩

(૨) ૮૪

(૩) ૭૬ જગ્યાઓ ભરવામાં આવી અને ૮ જગ્યાઓ ખાલી રહેલ.

(૪) ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ,

---------

**બનાસકાંઠા જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર**

* ૧૮૮૩૨ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી દિયોદર તાલુકામાં કેટલા રોપાનું વાવેતર

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૩૦૨૪.૪૦ હેકટર અને ૩૮૮૫.૦૦ હેકટર મળી કુલ ૬૯૦૯.૪૦ હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) કોઈ વાવેતર કરવામાં આવેલ નથી.

કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મહીસાગર જિલ્લામાં ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત શાળાની ત્રુટિઓ**

* ૧૯૨૪૩ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં તાલુકાવાર યોજાયેલ ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત શાળાઓની કઈ ત્રુટિઓ અને બાળકોની કઈ નબળાઈઓ બહાર આવી,

(૨) ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત કેટલી શાળાઓમાં નબળાઈઓ દૂર કરવા સરકારશ્રીએ શી કાર્યવાહી કરી, અને

(૩) સરકારે કરેલ કાર્યવાહીથી બાળકોને કેટલો લાભ થયો?

**જવાબ**

(૧) પ્રાથમિક શાળઓમાં કેટલાક વિદ્યાર્થીઓનું વાચન, લેખન, ગણન કૌશલ્ય નબળું જોવા મળ્યુ.

ભોતિક સુવિધાઓમાં કેટલીક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને લાયબ્રેરીમાં પુરતા પ્રમાણમાં સાધનોનો અભાવ જોવા મળ્યો.

(૨) જિલ્લા કક્ષાએ સમીક્ષા બેઠક યોજી વાચન, ગણનમાં કચાસ ધરાવતા બાળકો માટે એજ્યુકેશન ડેવલોપમેન્ટ પ્લાન તૈયાર કરી શાળાઓના વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સ્તર સુધારવામાં આવ્યું. ટ્રેકિંગ થકી શૈક્ષણિક સ્તર જાણી ઉપચારાત્મક કાર્ય હાથ ધરવામાં આવેલ છે.

(૩) બાળકોમાં વાચન ગણન અને લેખનમાં જે કચાસ હતી તેમાં સુધારો થયેલ છે.

–જે વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સ્તર નબળું જોવા મળેલ તેવા બાળકોને ટ્રેક કરી તેમના ઉપર વધારે ધ્યાન આપવામાં આવતા બાળકોમાં રહેલ કચાસ ઓછી થવા લાગેલ છે.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકામાં ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ કોલેજો**

* ૧૮૯૯૦ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકામાં જિલ્લાવાર કેટલી ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ કોલેજો કાર્યરત છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઈ કોલેજોને સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ આપવામાં આવી, અને

**જવાબ**

(૧) **ટેકનીકલ શિક્ષણની કોલેજો**

જામનગર– ૦૭
દેવભૂમિ દ્વારકા ૦૦

**ઉચ્ચ શિક્ષણની કોલેજો**

જામનગર– ૨૧
દેવભૂમિ દ્વારકા ૦૪

(૨) જામનગર જિલ્લો ટેકનીકલ કોલેજો
સરકારી પોલીટેકનીક જામનગરને

- જાન્યુ. થી ડિસે. ૨૦૧૩માં રૂ. ૧૧૧૩.૫ લાખ
- જાન્યુ. થી ડિસે. ૨૦૧૪માં રૂ. ૧૧૧૨.૮૯ લાખ ગ્રાન્ટ આપેલ છે.

**જામનગર જિ.ની ઉચ્ચ શિક્ષણની સરકારી કોલેજો–૨૦૧૨–૧૩માં**

| | |
|---|---|
| • ડી.કે.વી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ | ૩૮૦૧૫૦૦૦ |

| | |
|---|---|
| સરકારી વાણિજ્ય કોલેજ, જામનગર | ૧૫૦૦૮૪૭ |

**ઉચ્ચ શિક્ષણની સરકારી કોલેજો–૨૦૧૩–૧૪માં**

| | |
|---|---|
| • ડી.કે.વી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ | ૩૮૭૮૦૦૦૦ |
| સરકારી વાણિજ્ય કોલેજ, જામનગર | ૩૦૦૦૦૦૦ |

**ઉચ્ચ શિક્ષણની બિન સરકારી કોલેજો–૨૦૧૨–૧૩માં**

| | |
|---|---|
| • એ.કે.દોશી મહિલા કોલેજ, જામનગર | ૪૧૧૪૩૭૧૮ |
| • વી.એમ. મહેતા મ્યનિ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ | ૨૮૨૯૯૨૪૬ |
| • એમ.પી.શાહ મ્યનિ. કોમર્સ કોલેજ | ૧૫૫૪૪૮૫૭ |
| • દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલીયાબાડા | ૮૫૦૫૬૮૧ |
| • આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુર | ૧૬૮૧૮૩૬૧ |
| • કે.પી.શાહ લૉ. કોલેજ, જામનગર | ૫૧૦૯૨૪૧ |
| • ઈન્સ્ટી. ઓફ લેંગ્વેજ ટીચીંગ બી.એડ કોલેજ (અંગ્રેજી) જામનગર | ૫૫૮૮૨૪૫ |
| • શ્રીમતી એસ.એસ. એન્ડ સી.આર. ગાર્ડી આર્ટસ–કોમર્સ કોલેજ, ધ્રોલ | ૨૦૨૬૨૬૦૮ |
| • આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કાલાવડ | ૭૭૭૩૪૩૨ |

**ઉચ્ચ શિક્ષણની બિન સરકારી કોલેજો–૨૦૧૩–૧૪માં**

| | |
|---|---|
| • એ.કે.દોશી મહિલા કોલેજ, જામનગર | ૪૮૦૫૩૭૯૬ |
| • વી.એમ. મહેતા મ્યનિ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ | ૨૫૬૯૯૫૫૧ |
| • એમ.પી.શાહ મ્યનિ. કોમર્સ કોલેજ | ૧૫૨૫૫૧૭૦ |
| • દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલીયાબાડા | ૯૨૯૭૨૦૫ |
| • આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુર | ૧૮૦૮૪૨૨૪ |
| • કે.પી.શાહ લૉ. કોલેજ, જામનગર | ૮૫૫૪૬૬૯ |
| • ઈન્સ્ટી. ઓફ લેંગ્વેજ ટીચીંગ બી.એડ કોલેજ (અંગ્રેજી) જામનગર | ૭૩૭૨૩૧૫ |
| • શ્રીમતી એસ.એસ. એન્ડ સી.આર. ગાર્ડી આર્ટસ–કોમર્સ કોલેજ, ધ્રોલ | ૨૨૬૧૫૦૭૭ |
| • આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કાલાવડ | ૧૦૨૨૪૬૫૮ |

**દેવભૂમિ દ્વારકા ઉચ્ચ શિક્ષણની સરકારી કોલેજો–૨૦૧૨–૧૩માં**

| | |
|---|---|
| • સરકારી વિનયન કોલેજ | ૨૬૫૦૦૮૯ |
| • સરકારી આર્ટસ કોલેજ, ભાણાવડ | ૨૭૬૧૦૧૫ |

**દેવભૂમિ દ્વારકા ઉચ્ચ શિક્ષણની બિન સરકારી કોલેજો–૨૦૧૨–૧૩માં**

| | |
|---|---|
| • શારદાપીઠ આર્ટસ કોમર્સ એન્ડ કોલેજ ઓફ એજ્યુ. દ્વારકા | ૨૦૬૦૫૬૧૭ |

**દેવભૂમિ દ્વારકા ઉચ્ચ શિક્ષણની સરકારી કોલેજો–૨૦૧૩–૧૪માં**

| | |
|---|---|
| • સરકારી વિનયન કોલેજ | ૩૮૦૦૦૦૦ |
| • સરકારી આર્ટસ કોલેજ, ભાણાવડ | ૩૫૫૦૦૦૦ |

**દેવભૂમિ દ્વારકા ઉચ્ચ શિક્ષણની બિન સરકારી કોલેજો–૨૦૧૩–૧૪**

| | |
|---|---|
| • શારદાપીઠ આર્ટસ કોમર્સ એન્ડ કોલેજ ઓફ એજ્યુ. દ્વારકાને ગ્રાન્ટ આપેલ છે. | ૧૮૦૭૨૪૮૭ |

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા વિદ્યાર્થીઓ ખાનગી અને કેટલા વિદ્યાર્થીઓ સરકારી કોલેજોમાં અભ્યાસ કરે છે?

(૩)

**• જામનગર જિલ્લાની ટેકનીકલ કોલેજોમાં**

| | |
|---|---|
| ખાનગી કોલેજોમાં વિદ્યાર્થીઓ | ૧૨૮૨ |
| સરકારી કોલેજોમાં વિદ્યાર્થીઓ | ૨૦૮૧ |
| • દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિદ્યાર્થી | ૦૦ |
| • જામનગર ઉચ્ચ શિક્ષણની કોલેજો | |
| સરકારી કોલેજોમાં વિદ્યાર્થીઓ | ૩૭૩૩ |
| બિન સરકારી કોલેજોમાં વિદ્યાર્થીઓ | ૯૪૧૧ |
| ખાનગી કોલેજોમાં વિદ્યાર્થીઓ | ૪૬૭૫ |
| • દેવભૂમિ દ્વારકાની ઉચ્ચશિક્ષણની કોલેજો | |
| સરકારી કોલેજોમાં વિદ્યાર્થીઓ | ૪૬૫ |
| બિન સરકારી કોલેજોમાં વિદ્યાર્થીઓ | ૭૦૭ |
| ખાનગી કોલેજોમાં વિદ્યાર્થીઓ | ૮૦૬ |

---------

**સરકારી અને અર્ધ સરકારી પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ સમીક્ષા સમિતિની રચના**

* ૧૯૨૯૭ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ સરકારી અને અર્ધ સરકારી પ્રાથમિક શાળાઓમાં યોજાતા ગુણોત્સવના પરિણામોની સમીક્ષા કરવા માટે રાજ્ય સરકારે સમિતિની રચના કરી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ સમિતિની રચના પાછળના કારણો શાં છે અને આ સમિતિના સભ્યો કોણ કોણ છે?

**જવાબ**

(૧) હા.

(૨) –ગુણોત્સવ પરીણામોની સમીક્ષા માટે ફેરફાર સુધારા માટે
–બાળકોની શિક્ષણની ગુણવત્તા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા.

| | | |
|---|---|---|
| (૧) | સુધિર માંકડ<br>નિવૃત્ત મુખ્ય સચિવશ્રી | અધ્યક્ષ શ્રી |
| (૨) | અધિક મુખ્ય સચિવશ્રી<br>શિક્ષણ વિભાગ, (પ્રાથમિક શિક્ષણ) | સભ્ય |
| (૩) | શ્રી આર. પી. ગુપ્તા<br>અગ્રસચિવશ્રી અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | સભ્ય |
| (૪) | કમિશ્નરશ્રી,<br>શાળાઓ બ્લોક નં. ૯–૧ લો માળ,<br>ડૉ. જીવરાજ મહેતા ભવન, | સભ્ય |

| | | |
|---|---|---|
| | ગાંધીનગર. | |
| (૫) | સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી સર્વ શિક્ષા અભિયાન, સેકટર–૧૭, ગાંધીનગર | સભ્ય |
| (૬) | અધ્યક્ષશ્રી ગુજરાત માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર | સભ્ય |
| (૭) | ડૉ. આર. યુ. પુરોહીત, નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર | સભ્ય |
| (૮) | શ્રી ડી.એસ.જોષી, નિયામકશ્રી, જી.આઈ.ઈ.ટી. અમદાવાદ | સભ્ય |
| (૯) | શ્રી શ્રીધરન રાજોગોપાલ ઈનીસેટીવ (ઈ.આઈ.) અમદાવાદ | સભ્ય |
| (૧૦) | શ્રીમતી રેણુ શેઠ પ્રથમ સંસ્થા, અમદાવાદ | સભ્ય |
| (૧૧) | શ્રી વિજય શેરીચંદ, આઈ.આઈ.એમ. અમદાવાદ | સભ્ય |
| (૧૨) | શ્રી આર. સી. રાવલ, નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર | સભ્ય |

---------

**દાહોદ જિલ્લામાં જુનીયર ફાર્માસીસ્ટનું મંજૂર મહેકમ**

* ૧૮૮૬૮ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં જુનીયર ફાર્માસીસ્ટનું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી,

(૩) તે પૈકી વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી અને કેટલી ખાલી રહી, અને

(૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ૬૫

(૨) ૬૦

(૩) ૪૪ જગ્યાઓ ભરવામાં આવી અને ૧૬ જગ્યાઓ ખાલી રહેલ.

(૪) ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

---------

**અરવલ્લી જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો**

* ૧૮૯૩૭ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર થયેલા તથા તે અન્વયે કેટલા આવાસો બાંધવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ ૮૭૦૧ આવાસો મંજૂર થયેલા તે અન્વયે ૨૦૫૧ આવાસો બાંધવામાં આવ્યા, જેની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| વર્ષ | મંજુર કરવામાં આવેલ આવાસોની સંખ્યા | બાંધવામાં આવેલ આવાસોની |
|---|---|---|

| | | સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૫૬૧૬ | ૧૯૨૪ |
| ૨૦૧૪-૧૫ | ૩૦૮૫ | ૧૨૭ |
| **કુલ** | **૮૭૦૧** | **૨૦૫૧** |

(૨) તે અન્વયે કેટલા લાભાર્થીઓને તેનો લાભ અપાયો અને બાકી રહેતા લાભાર્થીઓને આ લાભ કેટલા સમયમાં આપવામાં આવશે?

(૨) તે અન્વયે ૨૦૫૧ લાભાર્થીઓને તેનો લાભ અપાયો અને બાકી રહેતા લાભાર્થીઓને આવાસ બાંધકામ જેમ જેમ પૂર્ણ થશે તેમ તબક્કાવાર સહાયની રકમનો લાભ આપવામાં આવશે.

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સંકલિત જળસ્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત ગામો**

* ૧૯૬૩૩ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સંકલિત જળસ્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત કેટલા નવીન ગામોને આવરી લેવામાં આવ્યા છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સંકલિત જળસ્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત ૪૦ નવીન ગામોને નીચે મુજબ આવરી લેવામાં આવ્યા છે.

| ક્રમ | જિલ્લો | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સાબરકાંઠા | ઈડર | ૧૨ |
| ૨ | | ખેડબ્રહ્મા | ૧૧ |
| ૩ | અરવલ્લી | ભીલોડા | ૧૭ |

(૨) તે પૈકી કયા તાલુકાના કયા ગામોને આવરી લેવામાં આવેલ છે ?

(૨) તે પૈકી તાલુકાના ***પત્રક-અ** મુજબના ગામોને આવરી લેવામાં આવેલ છે.

**પત્રક-અ**

| ક્રમ | જિલ્લો | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | | | બકરપુરા |
| ૨ | | | ભુતીયા |
| ૩ | | | દેત્રરોલી |
| ૪ | | | દીયોલી |
| ૫ | | | ગુજરવા |
| ૬ | | | કડીયાદરા |
| ૭ | | | કુસકી |
| ૮ | | ઈડર | લાલપુર (બડોલી) |
| ૯ | | | મસ્તુપુર |
| ૧૦ | | | માથાસુર |
| ૧૧ | | | પાનોલ |
| ૧૨ | | | વડીયાવીર |
| ૧૩ | | | બુબડીયાના છાપરા |
| ૧૪ | | | ચાંગોદ |
| ૧૫ | | | દાણ મહુડી |
| ૧૬ | | | કાઠીયા વાછડીયા |
| ૧૭ | | | ખેરોજ |
| ૧૮ | | | મીઠીબીલી |
| ૧૯ | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | મોટા બાવલ |
| ૨૦ | | | નાના બાવલ |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | | | નવા મોટા |
| ૨૨ | | | રતનપુર |
| ૨૩ | | | ઉંબોરા |
| ૨૪ | અરવલ્લી | ભિલોડા | ચીભડીયાટા |
| ૨૫ | | | ગઢીયા |
| ૨૬ | | | હાથીયા |
| ૨૭ | | | જનાલી |
| ૨૮ | | | કરણપુર |
| ૨૯ | | | ખારી |
| ૩૦ | | | ખીલોડા |
| ૩૧ | | | મેરાવાડા |
| ૩૨ | | | મોટી બેબાર |
| ૩૩ | | | નાની બેબાર |
| ૩૪ | | | નાપડા (જાગીરી) |
| ૩૫ | | | નાપડા (ખાલસા) |
| ૩૬ | | | રૂદ્રાલ |
| ૩૭ | | | શોભાયડા (જાગીરી) |
| ૩૮ | | | સુનોખ |
| ૩૯ | | | વાગોદરા |
| ૪૦ | | | વાસેરા |
| | | | **એકંદર કુલ–૪૦ ગામો** |

---------

**પંચમહાલ જિલ્લામાં ડિપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો**

* ૧૮૮૫૭ **શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કુલ કેટલી ડિપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) સરકારી કોલેજ ૦૧<br>અનુદાનિત કોલેજ ૦૦<br>સ્વનિર્ભર કોલેજ ૦૧<br>**કુલ ૦૨** |
| (૨) આ બધીજ કોલેજોની મંજુર થયેલ ડિપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, | (૨) ૪૮૦ |
| (૩) તે પૈકી સન ૨૦૧૪–૧૫ના વર્ષે થયેલ પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ, અને | (૩) ૪૭૨ |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલી ડિપ્લોમા ઇજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે ? | (૪) ૦૮. |

---------

**અરવલ્લી જિલ્લામાં ઈન્દિરા આવાસના મંજૂર મકાનો**

* ૧૮૬૮૯ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર વર્ષવાર છેલ્લા બે વર્ષમાં કેટલા ઈન્દિરા આવાસના મકાનો મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૮૭૦૧ ઈન્દિરા આવાસના મકાનો મંજૂર કરવામાં આવ્યા, જેની તાલુકાવાર અને વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **મંજુર કરવામાં આવેલ મકાનો** |
|---|---|

| | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | કુલ મકાનો |
|---|---|---|---|
| મોડાસા | ૮૮૦ | ૩૧૦ | ૧૧૯૦ |
| બાયડ | ૬૮૭ | ૩૦૩ | ૯૯૦ |
| ધનસુરા | ૧૫૫ | ૧૧૮ | ૨૭૩ |
| માલપુર | ૯૦૨ | ૭૯ | ૯૮૧ |
| મેઘરજ | ૧૨૨૦ | ૫૭૧ | ૧૭૯૧ |
| ભિલોડા | ૧૭૭૨ | ૧૭૦૪ | ૩૪૭૬ |
| **કુલ** | **૫૬૧૬** | **૩૦૮૫** | **૮૭૦૧** |

(૨) મંજૂર થયેલ મકાનોમાંથી કેટલા મકાનોનાં કામો પૂર્ણ થયા, અને

(૨) મંજૂર થયેલ મકાનોમાંથી ૨૦૫૧ મકાનોનાં કામો પૂર્ણ થયા છે.

(૩) બાકીના મકાનોનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) ઈન્દિરા આવાસ મકાન બાંધકામની કામગીરી લાભાર્થી જાતે કરે છે. ઈન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શકા સુચના મુજબ આ બાંધકામ પૂર્ણ કરવા માટે ત્રણ વર્ષનો સમયગાળો મળે છે.

---------

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ઘરથાળના ૧૦૦ વારના પ્લોટ માટેની અરજીઓ**

* ૧૮૯૯૬ **શ્રી ગેંદાલભાઈ મો. ડામોર (સંતરામપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ઘરથાળના ૧૦૦ વારના પ્લોટ માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ આવી,

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

**મહીસાગર જીલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૩–૧૪ | વર્ષ ૨૦૧૪–૧૫ |
| ૧ | લુણાવાડા | ૦ | ૦ |
| ૨ | સંતરામપુર | ૦ | ૦ |
| ૩ | કડાણા | ૦ | ૦ |
| ૪ | ખાનપુર | ૦ | ૦ |
| ૫ | બાલાશિનોર | ૧૫ | ૦ |
| ૬ | વિરપુર | ૦ | ૦ |
| | **કુલ** | **૧૫** | **૦** |

**પંચમહાલ જિલ્લો**

| | | | |
|---|---|---|---|
| ૧ | ગોધરા | ૦ | ૦ |
| ૨ | કાલોલ | ૦ | ૦ |
| ૩ | હાલોલ | ૦ | ૦ |
| ૪ | જાંબુઘોડા | ૦ | ૦ |
| ૫ | ઘોઘંબા | ૦ | ૦ |
| ૬ | મોરવાહડફ | ૦ | ૦ |
| ૭ | શહેરા | ૦ | ૦ |
| | **કુલ** | **૦** | **૦** |

(૨) તે પૈકી જિલ્લાવાર, વર્ષવાર કેટલા પ્લોટ ફાળવવામાં આવ્યા, અને

(૨)

| ક્રમ | તાલુકો | ફાળવેલ પ્લોટ | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૩–૧૪ | વર્ષ ૨૦૧૪–૧૫ |
| ૧ | મહીસાગર | ૬ | ૦ |
| ૨ | પંચમહાલ | ૦ | ૦ |
| | **કુલ** | **૬** | **૦** |

(૩) કેટલા પ્લોટ ફાળવવાના બાકી છે અને બાકી લાભાર્થીઓને ક્યાં સુધીમાં પ્લોટ ફાળવવામાં આવશે

(૩) પ્લોટ માંગણીની અરજીઓ મળેલ ન હોઈ પ્રશ્ન નથી.

**નવસારી જિલ્લામાં જૂનીયર ફાર્માસીસ્ટનું મંજૂર મહેકમ**

* ૧૮૮૬૬ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ નવસારી જિલ્લામાં જુનીયર ફાર્માસીસ્ટનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) ૪૦ [કમ્પાઉન્ડર (ફાર્માસીસ્ટ) |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી, | (૨) ૩૫ |
| (૩) તે પૈકી વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી અને કેટલી ખાલી રહી, અને | (૩) ૩૦ જગ્યાઓ ભરવામાં આવી અને ૫ જગ્યાઓ ખાલી રહેલ. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે ? | (૪) ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં જુનીયર ફાર્માસીસ્ટનું મંજૂર મહેકમ**

* ૧૮૮૬૯ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં જુનીયર ફાર્માસીસ્ટનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) ૮૯ [કમ્પાઉન્ડર (ફાર્માસીસ્ટ)] |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી, | (૨) ૬૩ |
| (૩) તે પૈકી વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી અને કેટલી ખાલી રહી, અને | (૩) ૪૬ જગ્યાઓ ભરવામાં આવી અને ૧૭ જગ્યાઓ ખાલી રહેલ. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે ? | (૪) ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ. |

---------

**ભરૂચ જિલ્લામાં ચેકડેમ તથા વન તલાવડી બનાવવા બાબત**

* ૧૮૮૩૪ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં વન વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા ચેકડેમ અને વન તલાવડી બનાવવામાં આવેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં ૩ ચેકડેમ અને ૩ વનતલાવડી બનાવવામાં આવેલ છે. જ્યારે સને ૨૦૧૪–૧૫ માં કોઈ ચેકડેમ કે વન તલાવડી બનાવવામાં આવેલ નથી. |
| (૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) સને ૨૦૧૩–૧૪માં અનુક્રમે રૂ. ૧૮.૧૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

**જૂનાગઢ જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કરનું મંજૂર મહેકમ**

* ૧૮૮૭૪ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કરનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) ૩૯૦ |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી, | (૨) ૯૪ |
| (૩) તે પૈકી વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને કેટલી ખાલી રહી, અને | (૩) ૬૨ જગ્યાઓ ભરવામાં આવી અને ૩૨ જગ્યાઓ ખાલી રહેલ છે. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે ? | (૪) ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ |

તા.૩૦મી માર્ચ, ૨૦૧૫

શોકદર્શક ઉલ્લેખ

શોકદર્શક ઉલ્લેખ

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી દોલતસિંહજી પ્રતાપસિંહજી જાડેજાના અવસાન અંગે

શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મુખ્યમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી દોલતસિંહજી પ્રતાપસિંહજી જાડેજાનું તા. ૨૪મી માર્ચ ૨૦૧૫ના રોજ ૭૯ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વ.શ્રી જાડેજાનો જન્મ ૩જી એપ્રીલ ૧૯૩૫ના રોજ જામનગર શહેરમાં થયો હતો. તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વ.શ્રી જાડેજાએ પાંચમી ગુજરાત વિધાનસભામાં જામનગર મત વિસ્તારના ધારાસભ્ય તરીકે તથા પાંચમી, સાતમી અને આઠમી લોકસભામાં જામનગર સંસદીય મત વિસ્તારના સભ્ય તરીકે ચૂંટાઇ આવી અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓશ્રીએ અનેક દેશોનો વિદેશ પ્રવાસ કર્યો હતો. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક કુશળ, સેવાભાવી સમાજસેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રીના મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા ( વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ સ્વ.દોલતસિંહજી જાડેજા દોલતબાપાના અવસાન નિમિત્તે જે શોક પ્રસ્તાવ રજૂ કર્યો છે તેમાં હું મારો સૂર પુરાવું છું અને સમર્થન આપું છું.

પ્રો વસુબેન ન. ત્રિવેદી(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું. વિપક્ષના નેતાએ તેને સમર્થન કર્યુ છે. ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી દોલતસિંહજી આ વિધાનભામાં તેમણે જામનગર મતક્ષેત્રમાંથી કામ કર્યુ છે. તેમનું અવસાન થયું ત્યારે હું જામનગરમાં હતી અને મારી પાર્ટીના સૌ કાર્યકર્તાઓ સાથે અમે ત્યાં ગયા હતા. ૧૫મી તારીખે તેમના દેહને દર્શનાર્થે રાખવામાં આવ્યો ત્યારે જામનગરના શ્રેષ્ઠીઓથી માંડીને સૌ સમાજ સેવકો અને શ્રમયોગીઓ સુધીની જનમેદની ત્યાં ઉપસ્થિત હતી. તેમના પત્ની અને સ્વ.જાડેજાના પરિવારના સૌ સભ્યો, તેમના ક્રિકેટવીર પુત્ર અજયસિંહજીની પણ ત્યાં ઉપસ્થિતિ હતી. શિક્ષણ, સેવા અને સમાજ જીવન માટે કુબેરભંડારી સ્વરૂપ જીવનયાત્રા પૂર્ણ કરનાર દોલતસિંહજીના પરોપકારની ગાથાઓ અનેક લોકમુખે ત્યાં સાંભળવા મળી. સમાજસેવા, અપરિગ્રહ અને પરોપકારના સિદ્ધાંતોને જીવનમાં ઉતારીને ઉમદા સમાજ સેવક, શિક્ષણના દાતા અને દાન કરવામાં સંપૂર્ણતઃ બિન સાંપ્રદાયિક એવા દોલતસિંહજીની ખોટ કયારેય પૂરાશે નહીં તેવું લાગ્યું છે. તેઓ મિલનસાર સ્વભાવના હતા. ધાર્મિક પ્રવૃત્તિ અને સાદાઇના હંમેશાં તેઓ આગ્રહી રહ્યા હતા. સર્વાંગી વિકાસ તેમનું જીવન લક્ષ્ય હતું .પ્રસંગોપાત મારે મળવાનું થાય ત્યારે મને પણ જીવનપથમાં, રાજકીય જીવનમાં આગળ વધવા માટે તેમના આશિર્વાદ મળતા રહ્યા છે. પરમકૃપાળુ ઇશ્વરની શકિત આગળ આપણું કશું જ ચાલતું નથી ત્યારે પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે એવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

અધ્યક્ષશ્રી : વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી દોલતસિંહજી પ્રતાપસિંહજી જાડેજાના અવસાન અંગેનો ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે તેમાં વિરોધપક્ષના નેતાશ્રી તેમજ અન્ય મંત્રીશ્રીએ ભાવાંજલિ અર્પી છે તેમાં હું મારો સૂર પુરાવીને સદગતના આત્માને ભાવાંજલિ આપું છું.

આ ગૃહના પૂર્વ સભ્યશ્રી દોલતસિંહજી પ્રતાપસિંહજી જાડેજાનું ૭૯ વર્ષની ઉંમરે દુઃખદ અવસાન થયેલ છે. ખેતીના વ્યવસાય સાથે સંકળાઇને પાંચમી ગુજરાત વિધાનસભામાં જામનગર મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરેલ હતું તેમજ પાંચમી, સાતમી અને આઠમી લોકસભામાં જામનગર સંસદીય મતવિસ્તારના સભ્ય તરીકે ચૂંટાઇ આવી જાહેર જીવનમાં સમાજ સેવા દ્વારા અમૂલ્ય યોગદાન આપ્યું હતું. આમ, સંસદીય કારકીર્દિનો ખૂબ બહોળો અનુભવ ધરાવનાર એક કુશળ સેવાભાવી સમાજ સેવકની આપણને સૌને અને ગુજરાતની પ્રજાને ખોટ પડી છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે અને કુટુંબીજનો પર આવી પડેલ અસહ્ય દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના સાથે તમામ સભ્યશ્રીઓ બે મિનિટ મૌન પાડવા માટે પોતાના સ્થાન ઉપર ઉભા થઇશું. (બે મિનિટ મૌન બાદ) સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી, દિલસોજીનો સંદેશો તેઓશ્રીના કુટુંબીજનોને પાઠવીશું. નેકસ્ટ.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીના ઓડિટ અહેવાલો**

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો ૨૦૧૦-૨૦૧૧ના વર્ષનો ગ્રામ પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તથા ૨૦૧૧-૧૨ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષનો ગ્રામ પંચાયતોના હિસાબો પરનો ઓડીટ અહેવાલ સભસાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલો અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અનુમતિ મળેલાં વિધેયકો**

શ્રી ડી.એમ.પટેલઃ(સચિવશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું તેરમી ગુજરાત વિધાનસભાના ચાલુ છઠ્ઠા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૧૫નાં વિધેયક ક્રમાંક-૧, ૪, ૬ અને ૭ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલાં વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

પંચાયતી રાજ સમિતિનો પહેલો, બીજો અને ત્રીજો અહેવાલ

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા(સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયતી રાજ સમિતિનો પહેલો, બીજો અને ત્રીજો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**સરકારી વિધેયકો**

**સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૧.**

ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૫.

**સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૧૫નું ગુજરાત વિનિયોગ વિધેયક**

સન ૨૦૧૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે, ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૧૫ના ગુજરાત વિનિયોગ વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન-૨૦૧૫ના વિધિયેક ક્રમાંક-૨૧ સન ૨૦૧૫નું ગુજરાત વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : આજે વિનિયોગ વિધેયક તથા અન્ય ચાર વિધેયકો ચર્ચા માટે હાથ ધરવામાં આવનાર છે કામકાજ સલાહકાર સમિતિની ભલામણ અનુસાર દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ પાંચ વિધેયકો પરની વિચારણા આ બેઠકમાં પૂરી કરવાની છે. વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ૨૪ સભ્યોએ તેમના મુદ્દા આપેલા છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૩) મુજબ વિનિયોગ વિધેયક ઉપરની સઘળી ચર્ચાઓ સભાગૃહની બેઠક મુલતવી રાખવાના નક્કી કરેલ સમયના એક કલાક અગાઉ પૂરી કરવાની થાય પરંતુ આજે બીજા ચાર સરકારી વિધેયકો પણ હાથ ધરવાના હોય નિયમ ૨૯ હેઠળ મને મળેલ સત્તાની રૂએ નિયમ ૨૩૮(૩)માં છૂટછાટ મૂકીને વિનિયોગ વિધેયક પરની ચર્ચા અને મતદાન માટે સભાગૃહના વિરામ સુધીનો સમય ઠરાવું છું તથા આ વિધેયક ઉપરની ચર્ચામાં ભાગ લેવા માટે મુદ્દા આપનાર સભ્યશ્રીઓની સંખ્યા જોતા દરેક સભ્યશ્રીને ચર્ચામાં ભાગ લેવા માટે બે મિનિટનો સમય ઠરાવું છું. તદનુસાર જે તે મુદ્દાઓ ઉપરની ચર્ચા સમાપ્ત થયા બાદ વિધેયક સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

(વિપક્ષના સભ્યશ્રીઓ ચર્ચામાં ભાગ લેવા ઉભા થયા નહીં)

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, બંધારણમાં ૨૦૪/૧ ની જરૂરિયાત પ્રમાણે આ વિધાનસભાની અંદર જે બધી ગ્રાન્ટો **આપણે વૉટેડ એકસપેન્ડિચર મંજૂર કર્યા હતા અને જે ચાર્જડ એકસપેન્ડિચર છે** એનો આ બિલમાં સમાવેશ કરેલો છે અને એટલે હું આ બિલ પસાર કરવાની દરખાસ્ત લઇને આવ્યો છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક-૨૧, સન ૨૦૧૫નું ગુજરાત વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક-૨૧, સન ૨૦૧૫નું ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

* વિધેયક તા. ૨૭મી માર્ચ, ૨૦૧૫ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

તા.૩૦મી માર્ચ, ૨૦૧૫

ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૫

**અધ્યક્ષશ્રી : સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૨૧, સન ૨૦૧૫નું ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.**

**સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૩**

ગુજરાત ખેત–ઉત્પન્ન બજાર(સુધારા)વિધેયક, ૨૦૧૫

**ગુજરાત ખેત–ઉત્પન્ન બજાર અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી બાબુભાઇ બોખીરીયા(કૃષિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી,* રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૧૩–સન–૨૦૧૫ના ગુજરાત ખેત ઉત્પન્ન બજાર સુધારા વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૧૩–સન–૨૦૧૫ના ગુજરાત ખેત ઉત્પન્ન બજાર સુધારા વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૧૯૨૮માં એગ્રીકલ્ચર ઇન ઇન્ડિયા અંગે રોયલ કમિશન નીમવામાં આવેલ. આ કમિશનનો એવો અભિપ્રાય હતો કે ખેડૂતો ઘણી હાડમારીઓ ભોગવે છે તે અભણ અને બજારના પ્રવર્તમાન ભાવથી અજાણ હોય છે આના નિવારણ માટે નિયંત્રણ બજારની સ્થાપના કરવી જોઇએ. ઉપરોકત કરેલ કમિશનના અભિપ્રાયના અનુસંધાને નામદાર સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓએ એવો અભિપ્રાય આપેલ કે નિયંત્રિત માર્કેટના અધિનિયમ ખરીદ–વેંચાણનું નિયંત્રણ કરવા માટે કરવામાં આવેલો હતો અને ખેડૂતોનું શોષણ થતું અટકાવવા માટેનો હતો. મધ્યસ્થીને વચ્ચેથી દૂર કરી ઉત્પાદક અને ખરીદનારને સામસામે લાવવાનો ઉદેશ્ય હતો. બોમ્બે સ્ટેટમાં ખેત બજાર ધારો બનાવવામાં આવેલો હતો જે અન્વયે વડોદરાની ગાયકવાડ સરકારે ગુજરાત રાજયમાં સૌ પ્રથમ વડોદરા જિલ્લાના બોડેલી ખાતે તા. ૧–૩–૧૯૩૯ના રોજ માર્કેટીંગ યાર્ડની સ્થાપના કરી અને તેના પ્રથમ સ્થાપક ચેરમેનશ્રી ભગવાનજીભાઇ રણછોડભાઇ પટેલ કે જેઓ બોમ્બે સ્ટેટના એમ.પી.હતા. આમ, ગુજરાતમાં સૌ પ્રથમ બોડેલી માર્કેટીંગ યાર્ડની સ્થાપના કરવામાં આવી. જેમને હમણાં જ ૭૫ વર્ષ પૂર્ણ કરી હિરક મહોત્સવની ઉજવણી કરેલી હતી. મુંબઇ રાજયમાંથી ૧લી મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજયની અલગ સ્થાપના થતાં ગુજરાત રાજયમાં ખેતીના ઉત્પાદનની ખરીદી અને વેચાણનું નિયમન કરવા, ખેતીના ઉત્પાદન માટે બજાર સ્થાપવા ,રાજય સરકાર દ્વારા ગુજરાત એગ્રીકલ્ચર પ્રોડયુસ માર્કેટ એકટ–૧૯૬૩ બનાવવામાં આવ્યો જે હાલમાં રાજયમાં અમલમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આધુનિક યુગની સ્પર્ધાત્મક હરીફાઇમાં બજાર સમિતિઓનું જરૂરી પરિવર્તન લાવવા અને ખેડૂતોને તેના ખેત ઉત્પાદનમાં સ્પર્ધાત્મક પોષણ ભાવ મળી રહે તે માટે ૨૦૦૭માં ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમમાં મહત્વના સુધારા કરવામાં આવ્યા. જેમાં મુખ્યત્વે ખાનગી બજાર, ખેડૂતો પાસેથી સીધી ખરીદી, ખેડૂત ગ્રાહક બજાર, ઇ–બજાર, કોન્ટ્રાકટ ફાર્મીંગ અને કોમન લાયસન્સ તથા સીંગલ લેવી સીસ્ટમ વગેરે જોગવાઇઓનો ઉમેરો કરવામાં આવ્યો હતો. ગુજરાત રાજયમાં ૪૬.૬૧ લાખ ખેડૂત ખાતેદારો છે. ખેડૂતોને ખેત ઉત્પાદનની ખુલ્લી હરરાજી થાય, માલનો સાચો તોલ થાય અને કોઇ પણ જાતની કપાત સિવાય રોકડ નાણાં મળી રહે તે બજારધારાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ખેડૂતોના હિતનું રક્ષણ થાય, ખેડૂતોને ખેતી અંગે માર્ગદર્શન મળી રહે, ખેડૂતો રોજ બરોજ રાજયના અન્ય માર્કેટ યાર્ડો તેમજ અન્ય રાજયોના માર્કેટ યાર્ડોમાં પોતાની પેદાશોના શું ભાવ ઉપજેલ છે જેનાથી માહિતગાર થાય તે ખૂબ જરૂરી છે. ખેડૂતોના હિતોના રક્ષણ માટેની સંસ્થા એવી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખેડૂતો માટે કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરે એ ખૂબ જરૂરી છે. ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમમાં કેટલીક બાબતો સુનિશ્ચિત હોવાથી તેનો દૂર ઉપયોગ થતો હોવાનું અનુભવે જણાયેલ અને કાયદાનું ખોટું અર્થઘટન કરી અયોગ્ય વ્યકિતઓ વહીવટમાં પગપેસારો કરતા હતા. કાયદાની અમુક જોગવાઇઓનો ખોટો અર્થ કરી બજાર સમિતિઓ ઉપર અયોગ્ય વ્યકિતઓનો કબજો જમાવી, કાયદાકીય લીટીગેશન ઉભાં કરી, સમય લંબાવી ઘણા લાંબા સમય સુધી ખોટી રીતે વહીવટ કરતા હોવાનું જણાયેલ. જેથી આ કાયદામાં કેટલીક જોગવાઇઓમાં સ્પષ્ટતાઓ કરવી જરૂરી બનેલ હતી. બજાર સમિતિઓમાં ખેડૂતોનું શોષણ અટકે અને ખેડૂતોના કલ્યાણ માટે રચાયેલી બજાર સમિતિઓમાં ખેડૂતોનું પ્રભુત્વ રહે અને અયોગ્ય વ્યકિતઓના હાથમાં વહીવટ ના જઇ શકે બજાર સમિતિઓ અને ખેડૂતોના હિત વિરુદ્ધ પ્રવૃત્તિ કરનાર વ્યકિતઓ વહીવટમાં દૂર રહે તે માટે કાયદાને વધુ સુદ્રઢ કરવો જરૂરી હોઇ સદર સુધારો કરવાનું રાજય સરકારે વિચારેલ. આથી ગુજરાત ખેત ઉત્પન્ન બજાર સમિતિ સુધારા વિધેયક–૧૩ આ ગૃહ સમક્ષ હું રજૂ કરું છું.

અધ્યક્ષશ્રી : વિપક્ષના કોઇ મિત્રોએ ભાગ લેવો હોય તો હાથ ઉંચો કરે. (થોડીવાર બાદ) માનનીય ઋષિકેશભાઇ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ (વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક ૧૩, ગુજરાત ખેત ઉત્પન્ન બજાર સુધારા વિધેયક લઇને માનનીય મંત્રીશ્રી બાબુભાઇ આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરવા અને ટેકો આપવા માટે ઉભો થયો છું. માનનીય મુખ્ય મંત્રીશ્રી આનંદીબહેન પટેલના નેતૃત્વ હેઠળની ગતિશીલ ગુજરાતની સરકાર બજાર

---

* વિધેયક સન ૨૦૧૫ની ૧૮મી માર્ચના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયું છે..

ધારામાં જે ક્રાંતિકારી સુધારા કરવા માગે છે, જે સમગ્ર દેશ માટે નમૂનારૂપ છે અને સાચા અર્થમાં ખેડૂતોનું શોષણ અટકે અને કૃષિ વ્યવસાય આર્થિક સમૃદ્ધીનો માર્ગ બની રહે તે માટે આ વિધેયક લઇને આવ્યા છે તેને હું દિલથી પુરું સમર્થન કરવા ઉપસ્થિત થયો છું. હાલમાં ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ ૧૯૬૩ અને સુધારા ૨૦૦૭ અમલમાં છે. રાજ્યમાં ૨૧૧ બજાર અને ૧૮૯ સબ યાર્ડ સાથે મળી અને કુલ ૪૦૦ બજારો કાર્યરત છે. આ અધિનિયમના અમલ દરમિયાન કાયદાની મર્યાદા અને કાયદાની છટકબારીઓ શોધી કોર્ટનું શરણ લઇ અયોગ્ય અને ભ્રષ્ટાચારી હોદેદારો, ખેડૂતો અને માર્કેટયાર્ડની ચિંતા કર્યા સિવાય પોતાની પેઢી સમજી અને મનફાવે તેવો વહીવટ અત્યાર સુધી કરતા રહ્યા છે. પહેલી વખત તેના ઉપર અંકૂશ લગાવવા માટે ખેડૂતોનું હિત સંચવાય તેના માટે આ સુધારા ખૂબ જ જરૂરી છે. દલા તરવાડીની જેમ ફાયદો એ જ કાયદો, એમ સમજી પોતાની રીતે આ માર્કેટ યાર્ડ ચલાવતા ચેરમેનો અને તેના હોદેદારો પોતાને મન ફાવતું અર્થઘટન કરતા હતા. અને આમાં કોઇ રાજકીય બાબત નથી, પેલી પાટલી હોય, આ પાટલી હોય, કોઇ પક્ષ સાથે જોડાયેલા ચેરમેન કે સભ્યો હોય, રાજકીય બાબતોથી પર રહી પહેલી વખતે આદરણીય મંત્રીશ્રી ખેડૂતોના હિત માટે, ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે તેના માટે આ સુધારા વિધેયક લઇને આવ્યા છે. જ્યારે રાજકીય બાબતોથી પર આ સુધારા વિધેયક હોય ત્યારે મને વિશ્વાસ છે કે આખુ ગુજરાત તેને પોતાનો પૂરો ટેકો આપશે. હાલમાં સુધારેલી કલમ ૧૭(૧) ખૂબ જ મહત્વની છે. આમ તો જે માર્કેટ યાર્ડની ચૂંટણી થતી હોય એમાં ખેડૂતમાંથી ૮, વેપારીઓમાંથી ૪ અને ખરીદ વેચાણ મંડળીઓમાંથી બે એમ કુલ ૧૨ સભ્યો ચૂંટાતા હોય અને એમાંથી પછી ખેડૂત વેપારી અથવા તો ખરીદ વેચાણ આ ગમે તેમાંથી એકમાંથી ચેરમેન બની શકે એવી જોગવાઇ હતી પરંતુ જ્યારે ખેડૂતોના હિત માટે, ખેડૂતોનું શોષણ અટકે, ખેડૂતોને મહત્તમ ભાવ મળે તેના માટે આ બજાર સમિતિઓનું ગઠન થયું, ખેડૂતોને સગવડ મળે તે મુખ્ય ઉદેશ હોય તો એની ચિંતા ખરેખર ખેડૂત જ કરી શકે, અને ખેડૂત જ્યારે શિયાળાની અંદર પાક પકવતો હોય, ખરા ઉનાળામાં પોતાની જમીન સાથે ધીંગા મસ્તી અને મહેનત કરી પોતાનો પરસેવો તેના ઉપર પાડતો હોય ત્યારે ખેડૂતની ચિંતા ખેડૂત જ કરે તેવા સંદર્ભમાં ખેડૂત પ્રતિનિધિઓમાંથી ચેરમેન બની શકે તેવો આ સુધારો છે તેને હું મારું સમર્થન કરું છું. આ જોગવાઇ ખૂબ જ આવકારદાયક છે. કારણ કે જ્યારે ખેડૂત એનો ચેરમેન બને ત્યારે એની સમગ્ર ચિંતા કરી શકે અને માનનીય અધ્યક્ષશ્રી કલમ ૧૭ (ક)માં પણ જે જોગવાઇ છે, હું મહત્વની બે જોગવાઇઓની વાત કરવા માગું છું. ૧૭(ક)માં આ પહેલા ચેરમેન કે વાઇસ ચેરમેન સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં આવે તો કોઇ કાયદાકીય જોગવાઇ જ નહોતી પરિણામે ચેરમેન, વાઇસ ચેરમેન અને તેના હોદેદારો ખૂબ બેફામપણે અને ખૂબ નિરંકૂશ બની અને માર્કેટનો વહીવટ કરતા હતા, ખેડૂતોની ચિંતા ન થતી હોય, કારણ કે કાયદામાં એની કલમ જ ન હોય, આ બાબત અત્યાર સુધી માનનીય હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટ સુધી ગઇ છે. કોઇ વિવાદ ઉભો થાય, કોઇ પ્રકારનો ડીસ્પ્યુટ ઉભો થાય તો તેના કારણે જે લડવાનું આવે તે આ બજાર સમિતિના ખર્ચામાંથી, જે એની શેષ ભેગી થઇ હોય, ખેડૂતોનું ઉત્પાદન હરાજીમાં વેંચાયું હોય અને તેમાંથી જે શેષ ની રકમ ભેગી થઇ હોય તેમાંથી ચેરમેન, હાઇકોર્ટની અંદર સુપ્રિમ કોર્ટમાં વકીલો રોકી અને લખલુટ ખર્ચા કરતા હોય ત્યારે આ જોગવાઇ ચેરમેન અને વાઇસ ચેરમેન ઉપર અવિશ્વાસની દરખાસ્ત ખેડૂતોનો એમના ઉપરથી વિશ્વાસ તૂટી ગયો હોય, વેપારીઓનો વિશ્વાસ તૂટી ગયો હોય અને છતાં એમના ઉપર કંઇ કરી શકાય નહિ તેવી પરિસ્થિતિમાં ઉગારવા માટે ચેરમેન અને વાઇસ ચેરમેન ઉપર અવિશ્વાસની દરખાસ્ત લાવવાની જોગવાઇ ખૂબ જ મહત્વની છે. આવા ચેરમેન અને હોદ્દેદારો મન ઘડત વહીવટ કરતાં હોય ત્યારે આ જે જોગવાઇ છે એ ખૂબ જ અગત્યની છે. સભ્યોમાં અવિશ્વાસ પેદા થયો હોય, ત્રીસ દિવસની નોટિસ નિયામકને પોતાની અવિશ્વાસની દરખાસ્ત બેતૃતિયાસ સભ્યોની યાદી સાથે આપે એટલે ૩૦ દિવસમાં આવા અવિચારી ચેરમેનો કે વાઇસ ચેરમેનોને દૂર કરી શકાય તેવી જોગવાઇ આ ફેરફારથી થઇ છે.

કલમ-૧૧માં થયેલ સુધારાથી પહેલા બજાર સમિતિઓ લાઇસન્સ આપવા બાબતે વિચાર જ કરતી નહોતી. પોતાને ગમતા હોય, પોતાને મત આપે તેવા હોય, પોતાની સાથે રાજકીય રીતે જોડાયેલા ટેકેદાર હોય તેવા લોકોને મત આપવાનો કે નહિ આપવાનું નક્કી એમની લાઇસન્સ સમિતિ બજાર સમિતિ કરતી કે આને મત નથી આપવો આપણી સાથે જોડાયેલો નથી એટલે એના ઉપર વિચાર ન થાય, એ નામંજૂર કરે અને એની અપીલ કરવાની જોગવાઇ નહોતી એ આ સુધારાથી નિયામકશ્રીને અપીલ કરી શકે. ૯૦ દિવસની અંદર કોઇ વેપારી પોતાના લાઇસન્સ માટે અરજી કરે અને ૯૦ દિવસમાં બજાર સમિતિ લાઇસન્સ સમિતિ કોઇપણ પ્રકારનો નિર્ણય ન લે તો એ અપીલ આગળ નિયામકમાં કરીને પોતે પોતાનો હક્ક મેળવી શકે તેવી જોગવાઇ છે.

મત લેવા માટે જેની પાસે બજારમાં બેસવાની જગ્યા ન હોય, દા.ત. પોતાની માલિકીની હોય, ભાડાની પણ જગ્યા ન હોય, ગુમાસ્તા ધારાનું લાઇસન્સ ન હોય, માર્કેટ ફી ન હોય લાઇસન્સ માટે કોઇ જરૂરી દસ્તાવેજ ન હોય તેવા વેપારીને આ બજાર સમિતિઓ લાઇસન્સ આપી દેતી હતી. એકજ યાદીમાં જુદા જુદા સરનામે ત્રણ થી ચાર નામ આવતા હોય તેવી પણ મતદાર યાદીઓ આજે મંજૂર થતી હોય છે. ત્યારે મારી આપને વિનંતી છે કે આ સુધારો છે એ આ સભાગૃહમાં લઇને આવ્યા છે એ ખૂબ જ આવકાર દાયક અને ભવિષ્યમાં ખેડૂતોના હિત માટે વેપારીઓના હિત માટે ખૂબ જ જરૂરી છે.

ખેત બજાર ઉત્પન્ન સમિતિ નિયંત્રિત ચીજવસ્તુઓના વેપારી માટે લાઇસન્સ આપી શકે છે. નિયંત્રિત ચીજવસ્તુ સિવાય લાઇસન્સ આપી શકાય નહિ, ચાની લારીવાળો, ગલ્લા વાળો હોય, કરીયાણાનો વેપારી હોય કે કોઇપણ પ્રકારનું બજાર સમિતિના પર્યુમાં અથવા તો એના વિસ્તારમાં આવા જે વેપારીઓ હોય એમને પણ લાઇસન્સ મળી જાય, એ મતદાર થઇ જાય, મત આપી શકે આવા પ્રકારની પ્રવૃતિઓ થતી હોય એટલે પહેલી વખત આદરણીય મંત્રીશ્રી જે સુધારો લઇને આવ્યા

છે કે લાઇસન્સ લીધા પછી લાઇસન્સદાર વેપાર ધંધો ન કરે, બજાર ફીની ચૂકવણી ન કરે અને કાયદાની મર્યાદાને કારણે આવા જે લાઇસન્સ અપાઇ ગયા હોય એ રદ નહોતા થઇ શકતા પણ હવે બજાર સમિતિ આવા લાઇસન્સ રદ કરી શકે છે.

મારા માનવા પ્રમાણે આવા લાઇસન્સો આપાયા હોય એ લાઇસન્સો મોટા ભાગે સત્તાધારી પક્ષ અને સરકારમાં તો કહેવાય જ છે કે એક વખત તમે સત્તા ઉપર ચડી બેઠા એટલે વેપારી મંડળ બને, થેલા મંડળીઓ બને અને થેલા મંડળીઓ દ્વારા વર્ષો વર્ષ તમે શાસન કરો, ભ્રષ્ટાચાર કરતા હોય બેફામ વહીવટ કરતા હોય તો પણ દૂર ન કરી શકાય અને વિરોધ થયા છતાં પણ જયારે એને દૂર ન કરી શકવાની આવી બધી કલમની જોગવાઇઓને કારણે કોર્ટોનો સહારો લેવાતો હોય ત્યારે પહેલી વખત ખેડૂત હોય વેપારી હોય એને પોતાનો અવાજ રજૂ કરવા કરવા માટે ખેત ઉત્પન્ન બજાર સમિતિ સામે ઉભા રહી શકે તેવી જોગવાઇઓ થઇ છે ત્યારે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. નિયામકશ્રીએ લાઇસન્સ મંજૂર કર્યા પછી પણ બજાર સમિતિ જયારે લાઇસન્સ મંજૂર કરે એ પછી પણ ચેકલિસ્ટ પ્રમાણે બજાર સમિતિમાં લાઇસન્સ માટે એપ્લાય થાય પર્ટીકયુલર ડોકયુમેન્ટ માગ્યા હોય, ગુમાસ્તા ધારાનું લાઇસન્સ હોય, વેટ નંબર હોય, ભાડે મકાન રાખેલ છે કે પોતાનું છે એવું ચેક લિસ્ટ હોય એ પ્રમાણે આ લાઇસન્સ અપાયા કે નહિ એ ચેક થાય અને એ બજાર સમિતિ લાઇસન્સ સમિતિ જયારે આખે આખું મંજૂર કરે એના પછી પણ નિયામકની કચેરી, ડિસ્ટ્રિકટ રજિસ્ટ્રારની કચેરી આ બાબતને ધ્યાને લઇને આ બરાબર અપાયા છે કે નહિ. એ જોશે તો આવતા સમયમાં ખૂબ મોટી ગેરરીતિઓ અટકી શકે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા આ બાબતે બે–ત્રણ સૂચનો પણ છે. સહકારી મંડળીઓની જેમ બજાર સમિતિમાં રી–ઓડિટ, ટેસ્ટ ઓડિટની જોગવાઇ પણ કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, અમુક વિસ્તારમાં અમુક બજાર સમિતિઓમાં રોકડા નાણાંની વ્યવસ્થા નથી થતી, તેને જો રોકડા તેના તે દિવસે જોઇતા હોય તો અમુક ટકા વળતર કાપી લે અને પછી નાણાં વેપારીઓ ચૂકવે એવી પરિસ્થિતિ ઉભી થઇ હોય ત્યાં પણ ખેડૂતોના હિત માટે જે કંઇ થઇ શકે તે કરવું જોઇએ. બજાર સમિતિના કર્મચારીઓની ભરતી પણ સગાવાદથી થતી હોય છે. જે સત્તા પર બેઠાં એ જ પોતાના સગા–વહાલાં, પોતાના રાજકીય ટેકેદાર તેમની જ ભરતી થતી હોય, મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આવતા સમયની અંદર જી.પી.એસ.સી., ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા જયારે આવી ભરતીઓ થતી હોય ત્યારે આનું પણ એક અલગ ભરતી બોર્ડ બને અને એ ભરતી બોર્ડ દ્વારા આ કર્મચારીઓની ભરતી થાય. બીજી પણ એક વિનંતી છે કે સેક્રેટરીની પોસ્ટ કોઇ પણ માર્કેટયાર્ડની અંદર ખૂબ જ મહત્વની હોય છે. સેક્રેટરી, ચેરમેન અને તેના જે હોદ્દેદારો હોય તેનું મેળાપીપણું ચાલતું જ હોય છે, ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આવતા સમયમાં સેક્રેટરીને પણ જો સર્વીસ કેડરમાં લાવવામાં આવે, સીધું તેનું નિયંત્રણ રાજય સરકાર દ્વારા થતું હોય તો વેટની ચોરી અને સેસની ચોરી જે ખેડૂતોના હક્કનો પૈસો છે, માર્કેટયાર્ડમાં જવો જોઇએ અને સરકારને જે વેટનું નુકસાન પડે છે એમાં પણ ખૂબ મોટો ફરક પડી શકે તેમ છે. મારી વાત કદાચ ઘણાં બધાને નહીં ગમે, પરંતુ આ સભાગૃહના એક સભ્ય તરીકે, લોકોના પ્રતિનિધિ તરીકે મારે આ વાતો રજૂ કરવી ખૂબ જ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમુક બજાર સમિતિઓ સરેઆમ કાયદાનો ભંગ કરી ખેડૂતોની માર્કેટની કિંમતી જમીનો વગર પરમિશન ભાડા પટ્ટે પણ આપી દે, વેચી પણ મારે. નિયામકની પરમિશન પણ લીધી ન હોય અને આખેઆખું કોળું શાકમાં જાય અને ઓડિટ થાય તો ઓડિટની અંદર પણ એક પેરા ન લેવાય એવી પરિસ્થિતિ આજે છે. ત્યારે આ આખી પ્રક્રિયા પારદર્શી બને અને આ પ્રકારના વ્યવહાર નિયામક કચેરી દ્વારા જ થાય એવી જોગવાઇ થાય તો પણ એ આવકારદાયક છે.

માનનીય અધ્યક્ષશ્રી, મોટો ભ્રષ્ટાચાર બાંધકામમાં થતો હોય છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે એ આવતા સમયની અંદર કેવળ હાર્ડકોપીમાં નહીં, પરંતુ જો આનું ઇ–ટેન્ડરીંગ થાય અને ઇ–ટેન્ડરીંગ થયા પછી મોટા બાંધકામના જે ટેન્ડર આવે અને પારદર્શી પ્રક્રિયા દ્વારા જો કામ આપવામાં આવે તો મને લાગે છે કે આવતા સમયની અંદર જે ક્રાંતિકારી સુધારાઓ આદરણીય આનંદીબહેનની ગતિશીલ સરકારમાં માનનીય બાબુભાઇ લઇને આવ્યા છે, મને વિશ્વાસ છે, બાબુભાઇ સાથેનો મારો જેટલો પરિચય છે, એમના મનમાં સહકારી ક્ષેત્રમાં જયાં જયાં ભૂલો, જયાં જયાં તકલીફો અને જયાં આગળ એમને લાગે કે આ સુધારા કરવા જેવા છે એ બાબતમાં આગળ વધી રહ્યા છે અને જયારે આ શરૂઆત થઇ રહી હોય, ત્યારે મારી સમગ્ર ગૃહને વિનંતી છે કે આવતા સમયની અંદર આ સુધારાઓમાં આપણે સૌ એમની પડખે રહીશું તો આખા રાજયનું સહકારી માળખું, સહકારી વાતાવરણ એટલું બધું પારદર્શક બનશે અને ખેડૂતના લાભમાં જશે એટલી વાત કહી મારી વાત પૂરી કરું છું.

શ્રી નારાયણભાઇ લ. પટેલ(ઉંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ અને સહકાર મંત્રી સુધારા વિધેયક ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ ૧૯૬૩, સૂચિત સુધારા લાવ્યા છે તેમને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૦થી ૭૫માં જયારે શંકરલાલ ગુરુ કૃષિ બોર્ડના ચેરમેન હતા, આ વિધાનસભાના દંડક હતા ત્યારે આ અંગેની એક સમિતિ આવી હતી. એ સમિતિ વિધાનસભા ગૃહ સુધી એ અહેવાલ મૂકી શકી નહીં. એના પછી વજુભાઇ વાળાના અધ્યક્ષસ્થાને એ વખતે રમણભાઇ વોરા સહકાર મંત્રી હતા, પણ કમનસીબે આ ગૃહમાં આવી શકી નહીં. પણ બાબુભાઇ બોખીરીયા જયારે આ ગૃહમાં સુધારા વિધેયક લઇને આવ્યા છે ત્યારે તેમને હું આવકારું છું. કારણ કે, જે ત્રણ વિભાગ હોય, એક વેપારી વિભાગ, ખેડૂત વિભાગ અને ખરીદ વેચાણ વિભાગ. એમાં ખેડૂત વિભાગમાં ૮ સભ્યો ચૂંટાતા હોય છે. સેવા સહકારી મંડળીના કાયદામાં કોઇ સ્પષ્ટતા ન હોવાના કારણે સૂચિત સિંચાઇ મંડળીઓ અને ગોપાલક મંડળીઓનો સમાવેશ થતો હતો. આજે જે સુધારા લઇને આવ્યા છે એમાં ગોપાલક મંડળીઓ અને સિંચાઇ મંડળીઓને એમણે બાકાત રાખી

છે. એ બદલ તેમને ધન્યવાદ આપું છું. લાયસન્સની બાબતમાં સ્પષ્ટ જોગવાઇ કરી છે કે, જેણે આગળના વર્ષમાં વ્યાપાર કર્યો હોય, શેષ ભરી હોય અને શેષ બાકી ન હોય એ માણસનો જ મતદાર યાદીમાં સમાવેશ થશે. એના કારણે જે લીટીગેશન થતા હતા, હાઇકોર્ટ સુધી જવું પડતું હતું એ જવું પડશે નહીં. એવી ફરિયાદોનો નિયામક થ્રૂ નિકાલ આવી જશે. વર્ષનો ત્રીજો મહિનો આવે અને જુન મહિના સુધી હાઇકોર્ટમાં મેટર ચાલતી હોય, ખરીદ વેચાણ મંડળીઓની હરહંમેશ ચાલતી હોય છે. આ પાછળથી ઉભું કરે છે, એમાં મૂકી દેવામાં આવે છે. આમાં જોગવાઇ કરી છે કે હવે એમાં ક, ખ અને ગ તથા અ, બ અને ક વર્ગનું ઓડિટ થયેલ હોય અને ઓડિટ થયા પછી એ મતદાર યાદીમાં આવી શકે. એના કારણે લીટીગેશન થતા બંધ થશે. બોગસ મંડળીઓ એમાં દાખલ થતી એ બાકાત રહેશે, આ કર્યું છે એ સારું છે. ખેતીમાં આ મંડળીઓનો સમાવેશ કર્યો છે. જેથી કોઇપણ વ્યક્તિ કોર્ટમાં ન જઇ શકે. પ્રાઇવેટ મંડીઓ શરૂ થઇ રહી છે. આપણે કેન્દ્રનો મોડેલ એક્ટ હતો એનો સ્વીકાર કર્યા પછી કેટલીય જોગવાઇઓ દાખલ કરી છે. પ્રાઇવેટ માર્કેટ યાર્ડ થાય એમાં ના નહીં. તંદૂરસ્ત હરિફાઇ થતાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે. પણ મૂળ બજાર સમિતિઓને એની અસર ન થાય એના માટેની કોઇ જોગવાઇ નથી. અહીંયાં આપણા કૃષિ અને સહકાર મંત્રીશ્રીએ સરકારે જે નક્કી કર્યું છે એ એમાં આપવાનું એવું લઇને આવ્યા છે એટલે ઘણી બાબતો એવી પણ છે કે જેથી કાયદાની છટકબારીઓ બંધ કરવાની આમાં જોગવાઇ કરી છે એને હું આવકારું છું અને તેમને લાખ લાખ ધન્યવાદ આપું છું.

શ્રી પરબતભાઇ સ. પટેલ**(**થરાદ**)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ખેત-ઉત્પન્ન બજાર (સુધારા)વિધેયક-૨૦૧૫ લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને સમર્થન આપું છું અને જે કોઇ સુધારા રજૂ કર્યા છે એની વાત રજૂ કરવા માગું છું. ૧૯૬૩માં અધિનિયમ બનાવવામાં આવ્યો અને સુધારા ૨૦૦૭ મુજબ સમગ્ર રાજ્યમાં ૨૦૧૧ ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ અને ૧૮૯ સબ યાર્ડ મારફત સમગ્ર રાજ્યમાં વહીવટમાં ચાલે છે. પહેલા તો લગભગ ગામડામાં ઘેરબેઠા પણ અનાજ પાકવાનું હોય એના પહેલા આ સોદા થઇ જતા હતા. અત્યારે ખુલ્લી હરાજી, જાહેર હરાજી અને રોકડા નાણા અને વજન એ રીતે જાહેરમાં કરીને જયારે ખેડૂતોને એના કાયદેસરના ભાવ મળે, એને કોઇ છેતરી ન જાય એના માટે નિયંત્રિત બજાર સમિતિ કામ કરે છે. છતાં પણ કયાંક કયાંક લૂપ હોલ્સ પણ કાયદામાં રહી ગયા હોય અને જેમ જેમ લુપ હોલ્સ રહી જાય એમાં સુધારા કરવા માટે સમયાંતરે જયારે સુધારા આવે છે ત્યારે અત્યારે જે માનનીય મંત્રીશ્રી સુધારા લઇને આવ્યા છે, એમાં પહેલા તો ધન્યવાદ એ આપું કે અત્યાર સુધી બજાર સમિતિના વ્યવસ્થાપક સમિતિના સભ્યોની મુદત ચાર વર્ષની હતી તેના પાંચ વર્ષ થયા છે. સમિતિના સભ્યોની મુદત પાંચ વર્ષ હતી કેમ કે અત્યારે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત આ બધામાં પાંચ વર્ષની મુદત, આ સહકારી ક્ષેત્રમાં ખેત ઉત્પાદનમાં ચાર વર્ષ હતી એના પાંચ વર્ષ કર્યા. અને સાથેસાથે ચેરમેન અને ઉપાધ્યક્ષની મુદત જે બે-બે વર્ષની હતી એની જગ્યાએ અઢી-અઢી વર્ષે ફરીથી ચૂંટણી થાય એટલે પહેલા તો સર્વપ્રથમ આ સુધારાને આવકારું સાથે સાથે આદરણીય સભ્યશ્રી ઋષિભાઇએ અને આદરણીય સભ્યશ્રી નારણકાકાએ પણ જે કલમો વિશે વાત કરી, એમાં કયાંકને કયાંક જે ખામીઓ રહી ગઇ હોય એ ખામી એવી હતી કે કલમ-૧૩માં કે કોઇ બજાર સમિતિના સભ્યને તેણે કોઇ ગેરવર્તણૂક કરી હોય કે કંઇ અશિસ્ત કરી હોય તો તેને કાઢવા માટેના પાવર નિયામકશ્રીને આપેલા હતા પણ નિયામકશ્રી આ કાર્ય ત્યારે જ કરી શકે કે બજાર સમિતિને ૨/૩ સભ્યો જો એની ભલામણ કરે તો એને અશિસ્ત કે ગેરવર્તણૂક બદલ બરતરફ કરી શકતા, અને જેને લીધે સમિતિ લગભગ ૨/૩ સભ્યોની બહુમતિથી કયારેય આવું કરી શકતી ન હતી, એટલે ગમે એવી ગેરવર્તણૂક હોય તો એને કાઢી શકતા નહોતા એ જોગવાઇમાં ફેરફાર કરીને હવે સમિતિ ભલામણ કરે કે ના કરે તો પણ જે અધિકારો એમને આપેલા છે એ ગેરશિસ્ત કે અશિસ્ત માટે એને કાઢી શકશે એ પણ જોગવાઇ ખૂબ આવકારદાયક છે કે જેના લીધે સમિતિ ઉપર કે સભ્યો ઉપર નિયંત્રણ કરે. બીજો સુધારો એ પણ લાવ્યા છે કે કલમ-૫૦ હેઠળ કોઇપણ સભ્યે કંઇ નાણાકીય ગેરરીતિ કરી હોય અને આના માટેનો જો દાવો ચાલતો હોય તો એ દાવાના કારણસર જે જોગવાઇ હતી કે એમાં પણ બજાર સમિતિને જો નુકસાન થયું હોય અને એનો એવો દાવો ચાલતો હોય તો એમાં પણ નિયામક આ સભ્યને દૂર કરી શકશે અને છ વર્ષ માટે એ ચૂંટણી નહીં લડી શકે, આ જોગવાઇ ખૂબ જ મહત્વની કરી છે. સાથે સાથે એ કલમ-૪૭માં જોગવાઇ હતી કે નિયામક બજાર સમિતિનું રેકર્ડ મંગાવી શકે. ચોપડા, દસ્તાવેજ બધું જ મંગાવી શકે, આ અધિકાર એને ખરો, તપાસી શકે, તપાસી અને એને આદેશ કરે કે તમે આવું કરજો પણ એને નિર્ણય કરવાનો અધિકાર નહોતો. અત્યારે કલમ-૪૭થી ફેરફાર એવો કર્યો કે એ ચોપડા મંગાવી શકે, એ મંગાવી અને એ બજાર સમિતિને આદેશ કરે કે આટલા સમયમાં તમે એની પૂર્તતા કરજો. જો આટલા સમયમાં એની પૂર્તતા ન કરે તો એ જાતે નિર્ણય લઇ શકે કે આ જે છે એ તમે નથી કર્યુ અને જેથી કરીને તમને અહીંથી બરતરફ કરવાનો પણ અધિકાર છે એ મહત્વનો કાયદો કર્યો છે. જેમ માનનીય નારણકાકા વાત કરતા હતા, આઠ સભ્યોને ચૂંટવાવાળી વાત, વેપારીમિત્રોને ચૂંટવાવાળી વાત અને બજાર સમિતિમાં મોટાભાગે ઇલેકશન આવે એટલે જે તે વખતે ખોટા લાયસન્સો ઉભા થતા, એ જ વર્ષમાં લાયસન્સ ઉભા કરીને માત્ર ચૂંટણીને લક્ષમાં રાખીને આ લાયસન્સદારો પેદા કરવામાં આવતા હતા. જેમ માનનીય ઋષિભાઇ વાત કરતા હતા કે ગલ્લાવાળો, કે ચાની લારીવાળો એને પણ લાયસન્સ આપતા હતા પણ અત્યારે આગલા વર્ષમાં એણે ફી ભરી હોય, રેગ્યુલર લાયસન્સદાર હોય અને રેગ્યુલર લાયસન્સદાર હોય એણે બજારનું જે કંઇ પણ લેણું હોય એ ચૂકવ્યા પછી એટલે કે જે તે વર્ષનો લાયસન્સવાળો નહીં આગલા વર્ષનો નિયમિત યાદીમાં જે આવે એ જ વેપારી ગણાશે અને એવા વેપારીઓમાંથી એવા જ વેપારીઓને હકક રહેશે કે જે ચાર વેપારીઓને ચૂંટશે. ખેત ઉત્પન્ન બજાર સમિતિમાં જે બે સભ્યો સહકારી ખેત ઉત્પાદન મંડળીઓના આવે છે જે ખેતીની લેવડ દેવડ કરતી હોય, ખેત ઉત્પન્ન બજાર સમિતિનું જેને લાયસન્સ હોય આવા લાયસન્સદારો, મંડળીઓના પણ ખોટા રજીસ્ટ્રેશન

થાય, આવો ખોટો લાયસન્સદાર કોઇ મંડળીઓમાં પણ બે પ્રતિનિધિ ન પેસે એટલા માટે કરીને આ મંડળીઓનું ઓડીટ થયેલું હોવું જોઇએ. ઓડિટ થાય એમાં અ, બ, ક, વર્ગની મંડળીઓ હોય, જે મંડળી સાચું કામ કરતી હોય એવી જ મંડળીઓમાંથી ૨ પ્રતિનિધિ આવે આ રીતનો સુધારો લઇને આવ્યા છે, ત્યારે માનનીય મંત્રીશ્રીને ધન્યવાદ અને અભિનંદન આપું છું. સાથો સાથ અત્યાર સુધી એવું હતું કે ૨૦૦૭માં મૉડેલ એક્ટનો અમલ કર્યો, પ્રાઇવેટ માર્કેટને શાકભાજી માટે છૂટ આપી હતી પણ નિયંત્રિત જણસીઓ જે વિસ્તારમાં આવે અને જેને નિયામકે મંજૂરી આપી હોય એ જણસીઓ સિવાય કોઇપણ વસ્તુની ખેત ઉત્પન્ન બજારમાં જાહેર હરાજીમાં લાયસન્સ ન અપાય અને વેચાણ પણ કરી શકતા ન હતા. આ કાયદામાં એવી જોગવાઇ કરી છે કે જેનું લાયસન્સ લીધું હોય કે ન લીધું હોય પણ જે જણસી છે એ સિવાયની જાહેર જણસી લઇને જે ખેત ઉત્પન્ન છે એ લાયસન્સ વગર વેચાણ કરી શકે એના માટે રાજ્ય સરકારે અથવા નિયામકશ્રીએ નક્કી કર્યું છે કે ૧૦૦ રૂપિયે ૩૦ પૈસા અને વધુમાં વધુ ૨ રૂપિયાની મર્યાદામાં રહીને યુઝર્સ ચાર્જ તરીકે લઇએ જેથી કરીને બજાર સમિતિને નુકસાન ન જાય એ રીતે એનો અમલ કરી શકશે. એટલે અત્યારની બજાર સમિતિઓની મજબૂતાઇ વધે, સ્ટ્રેન્ઘનેસ વધે અને ખેડૂતોનું અહિત ન થાય. આ માટે એવી જોગવાઇ છે કે ખેડૂત પ્રતિનિધિ અને ખેત મંડળીઓ છે એના જ પ્રતિનિધિ ચેરમેન બની શકે. ઉપાધ્યક્ષ ગમે તે બની શકે પણ જે કાંઇ જોગવાઇઓ લઇને આદરણીય મંત્રીશ્રી આવ્યા છે એને હું સમર્થન આપું છું અને સુધારા કર્યા છે એ સુધારા અને ભાઇશ્રી ઋષિભાઇ કહેતા હતા ભરતી માટેની વાત. હું માનું છું કે ભરતીમાં રાજ્ય સરકારનો સીધેસીધો અંકુશ છે. બજાર સમિતિમાં ભરતી થાય છે એમાં રાજ્ય સરકારની સીધી દેખરેખ નીચે, સહકારી મંડળીઓમાં જે રીતે ભરતી થાય છે એ રીતે બજાર સમિતિમાં સીધેસીધી ભરતી કરી શકતા નથી. કાયદેસરની જાહેરાત આપવામાં આવે છે અને નિયામકના માર્ગદર્શન નીચે ભરતી કરવામાં આવે છે. છતાં પારદર્શિતા વધે એમાં કોઇને વાંધો ન હોય પણ આપ જે સુધારા લઇને આવ્યા છો એને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી પ્રવિણભાઇ મો. માકડીયા(ધોરાજી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે, ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ ૧૯૬૩માં સૂચિત સુધારા સાથે જે બિલ લઇને આવ્યા છે એમાં હું સમર્થન આપવા માટે મારા વિચારો વ્યકક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો જેટલા મહત્વના સુધારા છે એમાં ત્રણ માનનીય સભ્યશ્રીઓએ ખૂબ સારો એવો પ્રકાશ પાડ્યો છે અને માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રીની ખરેખર આ બિલ લઇ આવવા પાછળ રાજ્ય સરકારની ઇચ્છાશક્તિ છે કે પારદર્શક વહીવટ દરેક ક્ષેત્રમાં આપવો. માર્કેટીંગ યાર્ડમાં આપખુદશાહીમાં બની બેઠેલા લોકો જે રીતે માર્કેટીંગ યાર્ડને હાથમાં લઇને પોતાની ઇચ્છા પ્રમાણે વહીવટ કરતા હતા. રાજ્ય સરકારનો કોઇ અંકુશ ન હતો. એની જગ્યાએ લાયસન્સ હોલ્ડરો માટે ચોક્કસ પ્રકારના નિયમો દાખલ કર્યા છે એને હું આવકારું છું. ખરેખર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ અને માર્કેટીંગ યાર્ડ જેના ઉપર વહીવટ માટે ખેડૂતોનું પ્રતિનિધિત્વ હોવું જોઇએ એના માટે સુધારો આવ્યો છે કે ખેડૂત પેનલમાંથી ચૂંટાયેલ હશે એ જ ચેરમેન બની શકશે. વેપારી લાયસન્સ ધરાવતા અને એમાંથી જે લોકો આવતા હતા એના બદલે માત્ર ખેડૂત માર્કેટીંગ યાર્ડના ચેરમેન બની શકે એ સુધારાને સમર્થન આપું છું અને લાયસન્સ માટે લારી-ગલ્લા, પાન-બીડીવાળા અનેક લોકો લાયસન્સ લઇને મતદાનમાં આવતા હતા એના ઉપર રોક આવશે એ સુધારો આવ્યો છે એને પણ હું આવકારું છું. બજાર સમિતિઓ નિયંત્રિત જણસી સિવાયનો જે સુધારો આવ્યો છે, નિયંત્રિત જણસી સિવાયનો વેપાર કરવા દેવા માટે મહત્વની જોગવાઇમાં ઉમેરો કરવામાં આવ્યો છે. બજાર ફીના બદલે બજાર સમિતિએ આપેલ સવલત માટે યુઝર્સ ચાર્જ લઇ અને એને પણ વેપાર કરવા માટે છૂટ મળે એવો મહત્વનો સુધારો આવ્યો છે એ પણ આવકારદાયક છે. આમ બજાર સમિતિમાં લાયસન્સ અંગે જે ક્ષતિઓ રહેલ છે, તેની રાજ્ય સરકાર દ્વારા નવીન સુધારામાં પૂર્તતા કરવામાં આવેલ. જેનાથી ખરેખર વેપાર કરનાર વેપારી બજાર સમિતિમાં વેપાર કરી શકશે અને માત્ર મત માટે મેળવવામાં આવેલ લાયસન્સ રદ કરી શકશે. આવા માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રી બાબુભાઇ જે બિલ લઇને આવ્યા છે એને હું સમર્થન કરું છું.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આજે જે હું ખેત ઉત્પન્ન બજાર સમિતિ અધિનિયમમાં સુધારા લઇને આવ્યો છું એને સમર્થન આપ્યું છે અને પોતાના વિચારો વ્યકત કર્યા એવા માનનીય સભ્યશ્રી ઋષિકેશભાઇ, માનનીય સભ્યશ્રી નારાયણભાઇ, માનનીય સભ્યશ્રી પરબતભાઇ અને માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇનો આભાર માનું છું.

માનનીમય અધ્યક્ષશ્રી, આજે હું જે સુધારા લઇને આવ્યો છું એ લાંબાગાળા માટે ખેડૂતોના હિતના છે. અને આજે જો માનનીય વિરોધપક્ષના સભ્યશ્રીઓ બોલતા હોત તો મને બે ફાયદાઓ થાત. એક તો અમે જે સુધારાઓ લઇ આવ્યા એનાથી જે ફાયદા થયા એ પણ લોકોના ધ્યાન ઉપર વધારે સારી રીતે આવત અને ક્યાંયક અમારી ત્રૂટીઓ હોત તો પણ અમને એમાં સુધારવાનો મોકો મળત.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૧૧(૧)માં જે સુધારો લઇ આવ્યો છું એમાં ૮ ખેડૂત સભ્યોની ચૂંટણી થતી હોય છે. અને આની અંદર જે સુધારો લઇને હું આવ્યો છું કે, ૮ ખેડૂત કે જેમનું નામ જે તે બજાર વિસ્તારની ભારતીય ચૂંટણી પંચની મતદાર યાદીમાં કોઇક એવા ખેડૂતોને માત્ર પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ કરતી સહકારી મંડળીના વ્યવસ્થાપક કમિટીના સભ્યો ચૂંટશે. એટલે ખાસ જે સુધારો એ છે કે, ખેડૂત હોય પણ એ જે તે તાલુકામાં ન રહેતો હોય, ત્યાંની મતદાર યાદીમાં નામ ના હોય તો પણ એ ખેડૂત છે એ ત્યાં ચૂંટાઇ પણ શકતો અને પ્રમુખ પણ થઇ શકતો. આ જે સુધારા લઇ આવ્યા એ જે

વિસ્તારની અદર એ ખેડૂત પોતે મતદાર યાદીમાં તે તાલુકાની અંદર એનું નામ પણ હોવું જોઇશે. એટલે એ સ્થાનિક હશે તો એ પોતે પ્રમુખ થશે અથવા તો એ સભ્ય ચૂંટાશે તો એ વધારે સક્રિય રહીને એમાં ભાગ લઇ શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૧૧(૧) (૨)માં જે અમે સુધારો લઇ આવ્યા છીએ કે, જેણે લાઇસન્સની સંપૂર્ણ શરતો અને બોલીઓ મુજબ અગાઉના નાણાકીય વર્ષમાં વેપાર કરેલ હોય અને ભરવા પાત્ર શેષ ચૂકવવાની બાકી રહેલ ના હોય એવા વેપારીઓ પોતાની ઠરાવેલી રીતે ચૂંટાવાના ચાર સભ્યો છે. આનાથી હવે ફાયદો એ થશે કે, અત્યારે જ્યારે ચૂંટણીઓ નજીક આવતી હોય ત્યારે જે લોકો બજાર સમિતિમાં પોતે વેપાર ન કરતા હોય એવાઓને પણ સભ્ય બનાવી દેતા અને એ મતદાનની અંદર ભાગ લઇ શકતા. હવે અમે જે સુધારો લઇ આવ્યા એનાથી પરિસ્થિતિ એ નિર્માણ થશે કે, એણે આગલા વર્ષની અંદર એ વેપારીએ ત્યાં વેપાર કરેલો હોવો જોઇશે અને એનો શેષ પણ ભરેલો હશે એજ આની અંદર સભ્ય તરીકે ચૂંટાઇ શકશે અને એમાં ભાગ લઇ શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૧૧ (૧) (૩) અમે જે લઇ આવ્યા છીએ. એની અંદર બજાર વિસ્તારમાં આવેલી સામાન્ય લાઇસન્સ ધરાવતી અને ઉદેશ્યો મુજબ કામ કરતી અને છેલ્લે ઓડિટ વર્ગ અ, બ અથવા ક ધરાવતી સહકારી ખરીદ-વેચાણ મંડળીઓના વ્યવસ્થા સમિતિના સભ્યોએ આવી મંડળીઓના સભ્યોમાંથી ચૂંટાવાના, આવી મંડળીઓના બે પ્રતિનિધઓ જે ચૂંટાશે. આનાથી જે ફાયદો થશે એ માત્ર મત માટે બનાવેલી મંડળીઓ ચૂંટણીમાં ભાગ લેતી હતી એ પણ આની અંદર હવે રોકાઇ જશે અને ખોટા લોકો આમાં મતદાન નહીં કરે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૧૧ (૪) (ક) એ બજાર સમિતિના હોદાની મુદત સામાન્ય સભાની તારીખથી પાંચ વર્ષની રહેશે પરંતુ ચેરમેન અને વાઇસ ચેરમેનની હોદાની મુદત તેઓની ચૂંટણીની તારીખથી અઢી વર્ષની રહેશે. પહેલાં આની અંદર ચાર વર્ષ અને બે વર્ષ હતા. એની અંદર અમે પાંચ વર્ષ અને અઢી વર્ષ કર્યા છે. પણ એના કરતાં મહત્વનો જે સુધારો છે કે, જે તારીખે જે સભ્ય ચૂંટાયો હશે એ તારીખે જ્યારે એની મુદત પૂરી થશે ત્યારે એ પોતે સભ્ય નહીં રહે અને એટલે જે કોર્ટ કેસીસ થતા અને જે સભ્ય પોતાની મુદત પૂરી થાય અથવા ચેરમેનન પણ પોતાની મુદત પૂરી થાય પછી પણ ચાલુ રહી શકતાં એ હવે ચાલુ નહીં રહી શકે. જે રીતે પંચાયતની છે એ જ રીતે દર પાંચ વર્ષે દરેક સભ્યને ચૂંટાવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૧૩ (૧) એ, ગેરવર્તણૂંક બદલ કે પોતાની ફરજમાં ગફલત બદલ બજાર સમિતિની ૨/૩ ટેકાવાળી ભલામણ સિવાય પણ નિયામક જે તે સભ્યને દૂર કરી શકશે. અત્યાર સુધી પરિસ્થિતિ એ હતી કે, એ.પી.એમ.સી.ના જેટલા પણ સભ્યો હશે એ કુલ સભ્યો છે એમાં ૨/૩ સભ્યો જો ભલામણ કરે તો જ ગેરરીતિ કરેલ જે સભ્યો હશે એને દૂર કરી શકતા. હવે એ જે ગેરપ્રવૃત્તિ કરશે અથવા તો ગેરરીતિ કરી હશે એને ૨/૩ સભ્યોની ભલામણ સિવાય પણ દૂર કરી શકીશું. જેથી કરીને વધારે પડતી પારદર્શકતા આવશે અને છ વર્ષ માટે આપણે એને સસ્પેન્ડ કરીશું. એટલે તે ચાલુ હશે એ પણ એનું સભ્ય પદ જશે અને બીજી ચૂંટણીમાં પણ એ પોતે ભાગ નહીં લઇ શકે એટલે આ ગેરરીતિઓ થતી હશે એ અટકશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૧૩ (૧) એ જે નવીન ઉમેરો કરેલો છે. જો બજાર સમિતિના સભ્ય પર કલમ-૫૦ હેઠળ દાવો દાખલ કરેલ હોય અને નાણાંના ગેરઉપયોગ અંગે કસૂરવાર થયેલ હોય તો તે બજાર સમિતિના સભ્ય તરીકે બંધ થશે અને છ વર્ષ માટે બજાર સમિતિના સભ્ય તરીકે ગેરલાયક ઠરશે. બજાર સમિતિને આર્થિક નુકસાન કરતા સભ્યને આ સંસ્થામાંથી છ વર્ષ માટે આપણે દૂર કરી શકીશું. કલમ-૧૭(૧) બજાર સમિતિ ખેડૂત મતદાન મંડળ અને સહકારી ખરીદ વેચાણ વિભાગમાંથી પોતાના ખેડૂત સભ્યને ચેરમેન તરીકે ચૂંટી શકશે અને ચેરમેન બની શકશે એટલે હવે આ ખેડૂતોની સંસ્થા છે એમાં બીજી કોઇ વ્યકિત ખેડૂત સિવાયની વ્યકિત ચેરમેન તરીકે નહીં આવે. કલમ-૧૭(એ) જે નવી જોગવાઇ છે બજાર સમિતિમાં ચેરમેન, વાઇસ ચેરમેન સામે અવિશ્વાસની દરખાસ્ત લાવી શકાશે. અત્યાર સુધી પરિસ્થિતિ એ હતી કે આપણે ચેરમેન કે વાઇસ ચેરમેન ઉપર અવિશ્વાસની દરખાસ્ત નહોતા લાવી શકતા. હવે આપણે અવિશ્વાસની દરખાસ્ત લાવી શકીશું એમાં ૧/૩ સભ્યો હશે એ અવિશ્વાસની દરખાસ્ત મુકશે અને એના પછી એને પાસ કરવા માટે હાજર સભ્યોમાંથી એક ૨/૩ સભ્યો હશે એને લીધે આપણે ચેરમેન કે વાઇસ ચેરમેનને દૂર કરી શકીશું. કલમ-૨૬ એ બજાર સમિતિની ફરજો- બજાર સમિતિઓ ખાસ સંજોગોમાં રાજય સરકારની મંજૂરીથી ખરીદ, વેચાણ અને પ્રોસેસીંગની પ્રવૃત્તિ કરી શકશે. અમે એટલા માટે સુધારો લાવ્યા છીએ કે ધારો કે અત્યારે બટાકાનું બજાર નીચું હોય તો એ.પી.એમ.સી.માં જે બટાકા હરાજીમાં આવતા હોય એનો એ જ ભાવ હશે. તમે છૂટક બજારમાં લેવા જશો તો એનો ભાવ ઉંચો હશે. આવી જયારે પરિસ્થિતિ નિર્માણ થાય ત્યારે બજાર સમિતિ પોતે બટાકા ખરીદે અને ગ્રાહકોને સીધા આપી શકે એની ઉપર માત્ર એનો ખર્ચ ચડે એટલે લોકોને એ સસ્તા મળે અને ખેડૂતોને વધારે ભાવ મળે એ જ રીતે કયારેક ઉંચો ભાવ થાય ધારો કે ગઇ વખતે ડૂંગળીના ઉંચા ભાવ થયા ત્યારે અમારી અમદાવાદ એ.પી.એમ.સી.ના ભાવ અને બજારના ભાવમાં પાંચ, સાત, દશ રૂપિયાનો તફાવત હોય છે. બજારની અંદર એ જે ભાવમાં હોય અને બજારમાં પાછા વેચે તો ગ્રાહકોને મોંઘી મળે અને જયારે જણસી થાય ત્યારે પણ સસ્તા ભાવમાં મળે અને જણસી સસ્તી હોય અને બજારમાં મોંઘી મળતી હોય તો પણ રાહત ભાવે મળે એના માટેની આ જોગવાઇ લાવ્યા છીએ. કલમ-૨૭(૧) બજાર સમિતિએ લાઇસન્સ અરજી મળે ૯૦ દિવસમાં લાઇસન્સ અરજીનો નિકાલ કરવાનો રહેશે. એ રીતે નિયંત્રિત ચીજવસ્તુઓ માટે જ બજાર સમિતિ લાઇસન્સ આપી શકશે. આનાથી એ ફાયદો થશે કે અત્યારે એક તો વેપારી જયારે લાઇસન્સ માગતા ત્યારે બજાર સમિતિઓ એને લાઇસન્સ લાંબાગાળા સુધી ન આપતી અને એની મુદત પણ નકકી નહોતી એટલે એને અપીલમાં જવું હોય તો પણ ન જઇ શકતા. હવે આ ૯૦ દિવસમાં એણે હા કે ના પાડવી પડશે અને ના પાડી હશે તો

અપીલમાં જઇ શકશે. એના કરતા પણ બીજી જે વસ્તુ છે કે અત્યારે એ ગમે તેને લાઇસન્સ આપતા, ત્યાં જે જણસીઓનો વેપાર ન કરતા તેને પણ લાઇસન્સ આપી દેતા અને જે મતદારો બનાવતા એ મતદારો પણ અટકી જશે. હવે ત્યાં જેને લાઇસન્સ મળ્યું હશે એણે પોતે ત્યાં વેપાર કરવો પડશે. કલમ–૨૭(૩) આ પણ નવી બાબત છે. લાઇસન્સ નામંજૂર કરવા કે મોકૂફ રાખવા નવી બે શરતોનો ઉમેરો કરવામાં આવ્યો છે. લાઇસન્સની શરતો મુજબ અગાઉના નાણાકીય વર્ષમાં વેપાર કરેલ ન હોય, ભરવાપાત્ર બજાર ફીની ચૂકવણી ન કરેલ હોય ત્યારે તમે કોઇપણ લાઇસન્સ ધારક છે એને પોતાનું વર્ષ પુરું થાય ત્યારે લાઇસન્સ રીન્યૂ કરવાનું હોય ત્યારે જો આગલા વર્ષમાં એણે કામગીરી નહીં કરી હોય તો એને ફરીથી આ નવું લાઇસન્સ નહીં મળે અને ખાસ કરીને જયારે ચૂંટણીઓ આવતી હોય ત્યારે આવા જે લાઇસન્સ ધારકો હશે કે જેમણે વર્ષ દિવસ સુધી વેપાર નથી કર્યો અને જેણે શરતો મુજબ કામ ન કર્યું હોય અને સેસ ન ભર્યો હોય તો એ પોતે મતદાર તરીકે પણ નહીં રહી શકે અને એની અંદર સભ્ય તરીકે પણ ચૂંટાઇ નહીં શકે. કલમ–૨૮ આ પણ નવી કલમ છે. નિયંત્રિત ચીજવસ્તુઓ સિવાયની ચીજવસ્તુઓ પણ બજાર સમિતિએ વેપાર કરવા દેવામાં આવશે તથા બજાર ફીને બદલે યુઝર્સ ચાર્જ લઇ શકશે એટલે અત્યાર સુધી જે પ્રતિબંધ હતો ખેડૂતો ત્યાં વેપાર ન કરી શકતા અથવા તો ત્યાં જે ચીજો ન વેચાય એ નિયંત્રિત ચીજવસ્તુઓ સિવાયની ખેડૂતોની વસ્તુઓ પણ હરાજીમાં મુકી શકીશું. કલમ–૩૧(ક)(૨) આ નવી કલમ છે તમામ ખેત ઉ:ત્પાદન માટે પ્રાઇવેટ માર્કેટ સ્થાપી શકાશે અને જે બજાર સમિતિના બજાર વિસ્તારમાં પ્રાઇવેટ માર્કેટ સ્થાપવામાં આવે એણે જે તે બજાર સમિતિને આવકનો અમૂક હિસ્સો આપવાનો રહેશે. રાજય સરકાર જે રીતે નકકી કરે તે રીતે. આનાથી ખેડૂતોને એ ફાયદો થશે કે અત્યારે તમારે જે સહકારી માળખાની એ.પી.એમ.સી. હોય એ જ ત્યાં એ.પી.એમ.સી. રહી શકતી હવે આ પ્રાઇવેટ એ.પી.એમ.સી. આવશે તો ખેડૂતો પોતાના માલને પોતાની ઇચ્છા થાય ત્યાં વધારે જયાં કોમ્પીટીશન હોય, વધારે ભાવ મળી શકે એવી પ્રાઇવેટ એ.પી.એમ.સી.માં પણ ખેડૂતો પોતે જઇ શકશે. કલમ–૩૩(૫) બજાર સમિતિ તેના કર્મચારીઓને પોતે વખતોવખત નકકી કરે તે માટે પોતે નકકી કરે તેટલી રકમની વ્યાજુકી લોન આપવી અત્યારે માત્ર ૨૦૦૦ રૂપિયા છે. એના કર્મચારીને એણે લોન આપવી હોય તો ૨૦૦૦ રૂપિયા દઇ શકતા અને એનું વ્યાજ ન લેતા હવે એટલી રકમ એને આપી શકશે અને એનું વ્યાજ પણ એની પાસેથી લઇ શકશે. કલમ–૪૭(૧) નિયામક બજાર સમિતિને તેના નિયંત્રણમાં હોય તેવા ચોપડા, દસ્તાવેજ, પત્રક, હિસાબી અહેવાલ કે પ્રોસીડીંગ મગાવી તેમાં સુધારો કે રદ કરવાનો બજાર સમિતિને આદેશ આપી શકશે અને બજાર સમિતિને ઠરાવેલ સમયમાં રદ ન કરે તો નિયામક પોતે રદ કરી શકશે. ખાસ કરીને એ.પી.એમ.સી. માં જે દુકાનો બને, બીજી મિલકતો હોય તે ગેરરીતિ કરીને વેચાઇ જતી, એની ઉપર તમે ચોપડા મંગાવી શકતા. તમને એમ થાય કે આની અંદર ગેરરીતિ થઇ છે, તો અત્યાર સુધી પગલા ન ભરી શકતા. હવે પગલાં ભરી શકીશું અને ગેરરીતિ અટકાવી શકીશું અને અગાઉ જે નિર્ણય લીધો હોય તે નિર્ણયને પણ રદ કરી શકીશું. આવા જે હું સુધારાઓ આ સન્માનનીય ગૃહ સમક્ષ લઇને આવ્યો છું જે સર્વ સભ્યશ્રીઓ પાસ કરે તેવી હું વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૧૫નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર(સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૮ વિધેયકનો ભાગ બની.**

**કલમ–૯ ઉપરનો સુધારો**

અધ્યક્ષશ્રી : કલમ–૯ સભાગૃહ સમક્ષ છે.

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ ( મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ–૯ ઉપરનો નીચે પ્રમાણે સુધારો રજૂ કરું છું.

In clause 9, in clause (ii) of section (3) proposed to be added in section 28 of the principal Act, delete the words "in rupee".

અધ્યક્ષશ્રી : સુધારો રજૂ થાય છે.

**સુધારો મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ–૯ મત માટે મુકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ–૯ વિધેયકનો ભાગ બની.**

**કલમ– ૧૦ થી ૧૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૧૫નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૧૫નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર(સુધારા) વિધેયકનું (સુધારેલા સ્વરૂપમાં ) ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૪**

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા(સુધારા) વિધેયક**,** ૨૦૧૫

**ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ,૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૫નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૫નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાત રાજયની લગભગ ૬ કરોડ જેટલી જનતા ગ્રામ પંચાયતથી માંડીને મહાનગરો સુધી વસવાટ કરે છે. નાના ગામડાં હોય કે મહાનગર હોય આ બધી જગ્યાએ આપણી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ છે તે પોતાના જુદા જુદા કાયદા પ્રમાણે સ્થાનિક એકમોનો વહીવટ કરે છે. પ્રજા પાસે કર ઉઘરાવે, સરકાર મદદ કરે અને અન્ય આવકો મેળવીને શહેરના પંચાયત વિસ્તારના કે મહાનગરપાલિકા વિસ્તારના નાગરિકોની સુખ સુવિધા માટે કામગીરી કરે છે. સાથે સાથે કાયદાથી મળેલી સત્તા અને ફરજ તે બંન્નેનું આ સંસ્થાઓએ પાલન કરવાનું હોય છે. કાયદો ફકત સત્તા નથી આપતો. કાયદો સાથે સાથે ફરજો પણ આપે છે અને તે ફરજોનું પાલન કરવું અને કરાવવું, તેનો અમલ કરવો અને કરાવવો તે આ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં બંધારણીય રીતે કામગીરીના ભાગરૂપ છે. આપણા ગુજરાતમાં ખૂબ સારી રીતે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ કાર્યરત છે. આપણા જે કાયદા છે તેમાં ત્રણ કાયદા આમાં અમલમાં છે. મહાનગરપાલિકાઓ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ, નગરપાલિકાઓ માટે નગરપાલિકા એકટ અને પંચાયતો કે જેમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાય ત્રણેય આવી જાય તેના માટે ગુજરાત પંચાયત એકટ અમલમાં છે. આપણે લોકશાહીથી આ બધી સંસ્થાઓનો વહીવટ કરીએ છીએ એટલે જેની જયારે મુદત પૂરી થાય એટલે પાંચ વર્ષે આ સંસ્થાઓના પ્રતિનિધિઓની પ્રજાકીય ચૂંટણી થાય છે. લોકશાહી ઢબે ચૂંટાયેલી પાંખ જે તે સંસ્થાનો, સ્થાનિક સ્વરાજયની સંસ્થાનો વહીવટ કરે છે. ઘણા વર્ષોથી આપણા આ કાયદા બનેલા છે. એટલે સમય પ્રમાણે સમયાનુસાર અનુરૂપ તેમાં સુધારા કરવા તે રાજય સરકારની ફરજ છે. માનનીય ધારાસભ્યશ્રીઓ, જિલ્લા તાલુકા પંચાયતના હોદેદારો, કોર્પોરેટરો, નગરપાલિકાના સભ્યો તરફથી સરકારમાં અવાર નવાર રજૂઆતો આવે. નામદાર હાઇકોર્ટમાં કેટલાક કેસો ચાલ્યા હોય તો તેમાં પણ વિસંગતતાઓ સરકારી કાયદામાં દેખાઇ હોય. તેમાં જરૂરિયાત પ્રમાણે સુધારા કરવા માટે શહેરી વિકાસ વિભાગ તરફથી અને પંચાયત વિભાગના માનનીય મંત્રીશ્રી જયંતિભાઇ કવાડીયા તરફથી આ બિલ આજે માનનીય સભાગૃહ સમક્ષ અમે રજૂ કર્યુ છે. આપણા મુખ્યમંત્રી માનનીય આનંદીબેન હંમેશાં ગતિશીલ સરકારને ગતિશીલ અનુરૂપ પગલાં લેવા માટે ઇચ્છુક હોય છે. પછી તેમાં વહીવટી પગલાં હોય કે કાયદાકીય પગલાંઓ હોય. કાયદાકીય જરૂરિયાત પ્રમાણે સરકાર કાયદા ન બદલે તો સમયને અનુરૂપ વહીવટ કે જરૂરિયાત આપણે પૂર્ણ કરી શકતા નથી. એટલા માટે જ આ સભાગૃહ સમક્ષ આ બિલ રજૂ કર્યુ છે. આ બિલમાં જે સુધારા અમે રજૂ કર્યા છે તે સુધારાઓ સભ્યોની મુદત માટે છે, ચૂંટણી વ્યવસ્થા માટે છે અને ખાસ કરીને મહાનગરપાલિકાઓમાં હોદાની મુદત એક હોય, પંચાયતમાં બીજી હોય તો તેમાં વિસંગતતા થતી હતી. આપણું રાજય એક, આપણો સરકારનો વહીવટ એક, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની પ્રજાલક્ષી કામગીરી હોય તો એમાં કોઇ જાતની વિસંગતતા ન આવે અને ચૂંટાયેલી પાંખ પોતે સક્ષમતાથી પોતાની કામગીરી કરી શકે એ માટે અમે આ સુધારા લાવ્યા છીએ. આ બિલમાં અમે જે ઉદેશો બતાવ્યા છે એ સ્વયં સ્પષ્ટ છે કે, આપણે ત્યાં જે જુદી જુદી કલમો છે એમાં આ બિલમાં કલમ ૨ થી ૬ જે મહાનગરપાલિકાઓને લગતી બાબતો છે. મહાનગરપાલિકામાં મેયરની મુદતનો સમયગાળો જુદો હોય, ચેરમેનની મુદતનો સમયગાળો જુદો હોય, ચેરમેન, સ્થાયી સમિતિ જેને સ્ટેન્ડીંગ કમિટી તરીકે પણ ઓળખીએ છીએ તો એના સભ્યોની પણ મુદત જુદી જુદી રીતે હોય અને એની નિયુકિત પણ જુદા જુદા સમય પ્રમાણે થતી હતી એટલે રાજય સરકારે અમારા શહેરી વિકાસ વિભાગે નિર્ણય કર્યો કે આમાં આપણે એકરૂપતા લાવીએ. એવી રીતે પંચાયત વિભાગે પણ નિર્ણય કર્યો કે આમાં આપણે એકરૂપતા લાવીએ અને એટલા માટે આપણે કાયદામાં આજે સુધારા કરવા જઇ રહ્યા છીએ અને જેને આ સન્માનીય સભાગૃહ મંજૂરી આપવાનું છે એમાં સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જે મહાનગરપાલિકામાં કલમ ૨૦(૨)થી એમની નિમણૂક થાય એમાં અત્યાર સુધી જે પધ્ધતિ હતી એમાં દર વર્ષે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન અને દર વર્ષે ૨/૩ સંખ્યાના સભ્યો એમાં બદલાઇ જતા હતા અને રોટેશન થયે જતું હતું અને ચેરમેન દર વર્ષે બદલાતા હતા. આપણે સૌ જાણીએ છીએ કે, મહાનગર હોય, મોટો વિસ્તાર હોય, કરોડો રૂપિયાનું બજેટ હોય, લાખો નાગરિકોને લગતા વહીવટના પ્રશ્નો હોય, આખા શહેરને

---

* વિધેયક તા. ૧૮મી માર્ચ ૨૦૧૫ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સમજવાનું, એનો વહીવટ કરવાનો, મ્યુનિસિપલ કમિશનરથી માંડી હજારો કર્મચારીઓ પાસે કામ લેવાનું આ બધી વહીવટી જવાબદારી–કામગીરી એ મોટે ભાગે આ સ્ટેન્ડીંગ કમિટી, કારોબારી જેને કહીએ છીએ અથવા સ્થાયી સમિતિ કહીએ છીએ એના કામગીરીના ભાગરૂપે આવે છે. એક વર્ષ માટે ચેરમેન થાય એ પોતાની કામગરીને સમજે, પોતાના વિસ્તારોનું, આખા શહેરનું સમજે ત્યાં સુધીમાં તો એની મુદત પૂરી થવા આવે એટલે સ્ટેબલ વહીવટ જોઇએ એ વહીવટ આપણે પ્રજાને ચૂંટાયેલી પાંખ તરફથી આપી શકતા ન હતા. એક સ્થાયી વહીવટ હોય સમજીને અને આયોજનબધ્ધ રીતે કોઇ અભ્યાસ કરીને પછી જો કોઇ નિર્ણય થાય તો એનો પ્રજાને આપણે લાભ આપી શકીએ છીએ એટલા માટે હવે અમે આ કાયદમાં ફેરફાર કર્યો છે કે અધ્યક્ષની મુદત અઢી વર્ષની કરવી અને સ્થાયી સમિતિની જે રચના થાય, જે દિવસે સ્ટેન્ડીંગ કમિટીનું અસ્તિત્વ આવે એજ દિવસે સ્ટેન્ડીંગ કમિટીમાં જ અધ્યક્ષરીની ચૂંટણી પ્રક્રિયા કરવી એટલે કે અધ્યક્ષની નિમણૂક કરવાનું કામ પૂરું કરવું અને અઢી વર્ષ સુધી એ અધ્યક્ષ અને એમની કમિટી સતત કામ કરે તો શહેરને એક સ્થિર વહીવટ મળે, અનુભવી વહીવટ મળે અને સારા કાર્યકરો દ્વારા પ્રજાની કામગીરી સારી થાય. માનનીય અધ્યક્ષશ્રી, હું સન્માનીય સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે, અઢી વર્ષ ચૂંટાયા પછી સમજી લો કે એ સ્થાયી સમિતિની કમિટીની મુદત પૂરી થઇ તો બીજી વખતે જ્યારે, આમ આપણું આખું બોર્ડ પાંચ વર્ષનું હોય છે, એટલે બીજી વખત અઢી વર્ષ માટે જો આ સ્થાયી સમિતિના ચેરમેન કે સભ્યને ચૂંટાયેલી પાંખના સભ્યો બહુમતીથી ફરીથી અઢી વર્ષ માટે રીપીટ કરવા માગે તો એ અનામતોના નિયમોને ધ્યાનમાં રાખી અને જે મહિલા અનામત હોય કે અન્ય પ્રકારની અનામત હોય એને અનુકૂળ થઇ અને જો કોઇને રીપીટ કરવા હોય તો ફરીથી રીપીટ કરી શકે એ પ્રમાણેની પણ આપણે કાયદામાં જોગવાઇ કરી છે. મહાનગરપાલિકાઓમાં ટ્રાન્સપોર્ટ કમિટી હોય છે, વાહન વ્યવહાર કમિટી– જેમ કે આપણે અમદાવાદમાં એ.એમ.ટી.એસ. છે, બી.આર.ટી.એસ. છે તો લાખો લોકોને દરરોજ શહેરમાં હરવા ફરવાની સુવિધા જે મહાનગરપાલિકા જયાં જયાં આપતી હોય એની પણ જે કમિટી બને છે એની કમિટીની કલમ ૨૫(૫) પ્રમાણે નિમણૂક થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારસુધી એમાં એવું હતું કે, દર બે વરસે પચાસ ટકા સભ્યો નિવૃત્ત થાય અને પચાસ ટકા નવા સભ્યોની નિમણૂંક થાય, આ રીતે પચાસ પચાસ ટકાની જે સમય મર્યાદા હતી એમાં હવે આપણે ફેરફાર કરીને એને પણ બે બે વરસ અને પછી એક વરસ છેલ્લું ત્રીજો ભાગ પડતો હતો એક વરસનો, આમ એક બોર્ડમાં પાંચ વરસના ચૂંટાયેલા સમય દરમિયાન બે બે વરસના બે અને એક વરસનો એક એમ ત્રણ ભાગ જે પડતા હતા એના બદલે અઢી અઢી વરસના બે પાર્ટ પડશે અને આ વાહન વ્યવહાર કમિટી પણ જે બે બે વરસ માટે હતી એના બદલે હવે એની મુદત પણ આપણે અઢી વરસ કરીએ છીએ અને એના ચેરમેન પણ અઢી વરસની સમય મર્યાદા માટે નિયુક્ત થશે. એ રીતે આમાં આપણે ફેરફાર કરીએ છીએ. માનનીય સભાગૃહના ધ્યાન પર હું મૂકું છું કે અત્યારે જે સુધારા લાવ્યો છું, પંચાયતના હોય, નગરપાલિકાના હોય, મહા નગરપાલિકાના હોય કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના હોય, એમાં અત્યારે જે બોડી ચૂંટાયેલી, સ્થાયી સમિતિ હોય, ટ્રાન્સપોર્ટ કમિટી હોય કે અન્ય કોઇ કમિટી હોય, એમાં કોઇ હસ્તક્ષેપ અત્યારે આપણે કરતા નથી, અત્યારે જે બોડી અસ્તિત્વમાં છે એ યથાવત રહેશે, આવતા વરસે ગુજરાતમાં લગભગ મોટાભાગના સ્થળોએ શહેરો, નગરપાલિકા, તાલુકા, જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી આવે છે એ ચૂંટણી થઇ જાય, એની નવી આખી ચુંટાયેલી પાંખ અસ્તિત્વમાં આવે એ પછી જ આ બધા જ કાયદાકીય સુધારા આપણે લાગુ કરવાના છીએ, જેના કારણે અત્યારે વહીવટને આનાથી કોઇ તકલીફ પડે નહિ અને વહીવટમાં પ્રજાકીય પ્રશ્નોના નિરાકરણમાં કોઇ પ્રશ્ન આવે નહિ. એવી જ રીતે કોરપોરેશનમાં અઢી અઢી વરસ કર્યું, એ જ પ્રમાણે નગરપાલિકાઓમાં પણ પ્રમુખ, ઉપપ્રમુખ અને ચેરમેન એ બધી જ અઢી અઢી વરસની આપણે મુદત કરીએ છીએ. નગરપાલિકાઓ પણ ગુજરાતમાં ૧૫૯ જેટલી જ્યારે કાર્યરત હોય ત્યારે રાજ્યની નગરપાલિકાઓમાં પણ આપણે મહાનગરપાલિકાઓની જેમ જ બોડી ચૂંટાયા પછી જ્યારે પહેલી ચૂંટણી થાય, પ્રમુખ, ઉપપ્રમુખ અને અથવા કારોબારીની એ પણ અઢી વરસ માટે આપણે અમલમાં લાવીએ છીએ, એવી જ રીતે અન્ય જે કમિટીઓ હોય છે નગરપાલિકાઓ અને બીજી જગ્યાએ એમાં પણ આપણે આ રીતે જોગવાઇ કરીએ છીએ, નગરપાલિકાઓની કોઇપણ સમિતિમાં અધ્યક્ષની નિમણૂંક થાય એની મુદત પણ કોઇપણ કમિટીમાં આપણે અઢી વરસ કરવાના છીએ, મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓની જેમ આપણે પંચાયતમાં સુધારા કર્યા છે, પણ એમાં થોડાક વધુ સુધારા પંચાયતોને અનુરૂપ વહીવટી માળખું થાય, પંચાયતોને વધારે નાણાંકીય સત્તા પ્રાપ્ત થાય, પંચાયત વધુ જવાબદારીપૂર્વક કામગીરી કરી શકે એ માટે આપણે જે સુધારા કર્યા છે એ પ્રમાણે હવે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખની મુદત પણ અઢી વરસની રહેશે, જે અગાઉ પાંચ વરસ સુધીની હતી. એટલે નવા નવા કાર્યકરોને હોદ્દેદારોને, જુદા જુદા સમાજના લોકોને હોદ્દા આપી શકાય,એમને સેવા કરવાની તક મળે, જાહેર જીવનનો અનુભવ પણ મળે અને સારી રીતે નવા કાર્યકરોનું ગુજરાતમાં ઘડતર થાય એ માટે આપણે આ અઢી અઢી વરસની મુદત કરીએ છીએ, જિલ્લા અને તાલુકા પંચાયતોની જે સમિતિઓ છે એ સમિતિઓમાં પણ હવે આપણે બધાની એકરૂપતા માટે એની મુદત અઢી વરસ કરીએ છીએ. અત્યારસુધી જિલ્લા પંચાયતમાં એવું હતું કે શિક્ષણ સમિતિ અને સામાજિક ન્યાય સમિતિને સળંગ પાંચ વરસ માટે ચૂંટવામાં આવતી હતી એના ચેરમેન અને બોડીને પણ અઢી વરસની કાયદાકીય મર્યાદામાં આપણે લાવ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આપણે પંચાયતોની જરૂરિયાત પ્રમાણે નાણાંકીય સત્તાઓમાં પણ ફેરફાર કર્યો છે. પંચાયતોની અગાઉ જે નાણાંકીય સત્તા હતી તેનું જો થોડું માનનીય સભ્યશ્રીઓને હું વિવરણ કરું તો કલમ–૫૫માં જો ગામને કંઇક આકસ્મિક ખર્ચ પડે તો તે વખતના સમય પ્રમાણેની કિંમત ફકત અત્યારની કિંમત ગણાય ૫૦ રૂપિયા સુધીનો જ ખર્ચ કરવાની સરપંચને સત્તા હતી ૫૦ થી વધુ ખર્ચ કરવો હોય તો બોર્ડમાં ઠરાવ કરવો પડે. હવે આપણે તેમાં વધારો કરી અને ૫૦૦

રૂપિયા સુધી દસ ગણું કરી અને સરપંચને આકસ્મિક કોઇ જરૂરિયાત પડે તો વિના ઠરાવે, મિટિંગ બોલાવ્યા સિવાય તે ૫૦૦ રૂપિયાનો ખર્ચ કરી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે તાલુકા પંચાયતો કે જેને ભૂતકાળમાં સરકારે સત્તા આપી હતી કે કોઇ અગત્યના પ્રસંગ હોય, કોઇ ૨૬મી જાન્યુઆરી, ૧૫મી ઓગસ્ટ, કોઇ પ્રજાકીય કાર્યક્રમ કરવા હોય તો એ વખતે જે તેમને ખર્ચ કરવાની સત્તા હતી તે મર્યાદિત હતી એટલે કે ૧૦૦ રૂપિયા હતી. ગ્રામ પંચાયતો પોતાના સ્વભંડોળમાંથી ૧૦૦ રૂપિયાનો ખર્ચ કરવાનો ઠરાવ કરી શકે મંજૂરી લેવી પડે, કોની ? જિલ્લા પંચાયતી. ૧૦૦ રૂપિયાનું કામ કરવા જિલ્લા પંચાયતની મંજૂરી લેવી પડતી હતી આપણે જાણીએ જ છીએ કે રાષ્ટ્રીય ભાવના ૧૫ ઓગસ્ટ હોય, ૨૬ જાન્યુઆરી હોય, આપણો ૧મે ગુજરાત દિવસ હોય, મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનનો કોઇ કાર્યક્રમ હોય, કોઇ પ્રજાકીય ઉપયોગી કાર્યક્રમ હોય તો આ ખર્ચ વધારવુ જરૂરી હતું એટલે હવે એની જે મર્યાદા ૧૦૦ રૂપિયા હતી તેમાં મોટો વધારો કરી ૫ હજાર રૂપિયાની આપણે પંચાયતોને સત્તા આપીએ છીએ કે જે પાંચ હજાર રૂપિયામાં પંચાયતની મંજૂરી લઇ કામ સારી રીતે કરી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે તાલુકા પંચાયત પોતે પણ આખા તાલુકાની કામગીરી સંભાળતી હોય તેને જો કોઇ આવો રાષ્ટ્રીય કાર્યક્રમ કે પ્રજાલક્ષી, સામાજીક, આરોગ્યલક્ષી કોઇ કાર્યક્રમ કરવો હોય તો ૨૦૦ રૂપિયાની જિલ્લા પંચાયતની મંજૂરી લઇ અને ખર્ચ કરવાની સત્તા હતી. હવે આ ૨૦૦ રૂપિયાની રકમ આજના સમયમાં ઘણી નાની છે એટલે અમે નક્કી કર્યુ છે કે તેમાં સીધો વધારો ૧૫ હજાર રૂપિયાનો કરીએ એટલે કોઇ પણ તાલુકા પંચાયત સામાજીક, રાષ્ટ્રીય કાર્યક્રમો માટે ૧૫ હજાર રૂપિયાનો ખર્ચ જિલ્લા પંચાયતની મંજૂરી મેળવી અને કરી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં એવી રજૂઆત આવે કે અમારે પંચાયતના સરપંચશ્રી મિટિંગ બોલાવતાં નથી. સમય થઇ ગયો પણ મિટિંગ બોલાવે નહીં અને નાના ગામમાં વિના કારણે વિવાદ ઉભો થતો હતો. કોર્ટમાં જાય, અપીલો થાય એટલે આપણે કાયદામાં હવે જોગવાઇ કરીએ છીએ કે જો કોઇ સમય મર્યાદાની અંદર સરપંચશ્રી મિટિંગ ના બોલાવે તો ટી.ડી.ઓ. તેની મિટિંગ એક મહિનાની અંદર બોલાવવા માટે સૂચના આપશે અને નહીં બોલાવે તો ટી.ડી.ઓ. પોતે ગ્રામ પંચાયતની મિટિંગ બોલાવી શકશે. જેથી ગામના કોઇ પ્રશ્નો હોય, કોઇ ઠરાવ કરવો હોય, કોઇ નાણાંકીય બાબત હોય તો તેની કામગરી રોકાય નહીં, તેમાં કોઇ વિઘ્ન આવે નહીં એટલા માટે આપણે આ સુધારો કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં કાયદામાં જોગવાઇ હતી કે પંચાયતની અંદર એ વ્યકિતને ચૂંટાયેલા સભ્યો સિવાય બે સભ્યોને  આમંત્રિત સભ્ય તરીકે રાખી શકાશે. અનુભવે ઘણા વિસ્તારોમાં, તાલુકા, ગામડાંમાં એવુ જણાઇ આવ્યું છે કે જે સરપંચ હોય તે, આપણે આ જોગવાઇ એટલા માટે રાખેલી કે કોઇ શિક્ષક હોય, કોઇ સિનિયર નિવૃત્ત સરકારી અધિકારી હોય, કોઇ ડોકટર હોય, કોઇ પ્રગતિશીલ ખેડૂત હોય આવા અનુભવી લોકોની જો નિમંત્રિત સભ્ય તરીકે નિમણૂક કરે તો પંચાયતની ચૂંટાયેલી પાંખને તે સલાહ આપી શકે, મદદરૂપ થઇ શકે. પણ અનુભવ એવો થયો કે જેને સત્તા છે એ પોતાના સગાં-વહાલાં પત્ની સરપંચ હોય તો એના પતિને જ આમંત્રિત સભ્યમાં બોલાવી લે અથવા તેના ભાઇને બોલાવી લે, તેના ભત્રીજાને રાખી લે. એટલે આપણે એવો નિયમ કર્યો છે કે જે નજીકના સગાઓ છે.  જે નજીકના સગાઓ છે એમને હવે નિમંત્રીત સભ્ય તરીકે રાખી શકાશે નહીં.  એટલે સાચી ભાવનાથી સારા લોકો, ઉપયોગી લોકો, અનુભવી લોકોને આપણે પંચાયતમાં લઇ શકીએ, એટલે હવે પુત્ર કે પુત્રી, માતા કે પિતા, સાસુ કે સસરા, પતિ કે પત્નિ, સાળી કે સાળા આમાંથી કોઇની નિમંત્રીત સભ્ય તરીકે નીમણૂક કરવાની છૂટ હતી તે છૂટ પરત ખેંચીએ છીએ. અને ખરેખર જે અનુભવી હોય, જે ઉપયોગી હોય એવા લોકો જ આ નિમંત્રીત સભ્યમાં આવે તેનો પંચાયતને પણ લાભ મળે. અન્ય કેટલાક ટેકનિકલ સુધારા કર્યા છે, એક કલમ તો એવી ચાલી, દાયકાઓ સુધી, વર્ષો સુધી જે પ્રીન્ટીંગ મીસ્ટેક હતી તો પણ એ ચાલી ગઇ, પણ હવે જયારે અમે કાયદો સુધારવા બેઠા, ત્યારે પંચાયત વિભાગના કમિશનર અને અન્ય અધિકારીઓએ ધ્યાન ઉપર મુકયું કે આ પ્રીન્ટીંગ મીસ્ટેક છે તેનો સુધારો કરીએ, તો એ પ્રમાણે આપણે સુધારો કર્યો છે. સરકાર હંમેશા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ સારી રીતે કાર્યરત રહે, ગુજરાતની જો વાત કરું તો દર વર્ષે અબજો રૂપિયા નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ, ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લાને, બધાને જયારે આટલી મોટી મદદ કરતી હોય, આપણું મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન હોય, આરોગ્યનું કામ હોય, શિક્ષણનું કામ હોય, બહેનોને લગતા કાર્યક્રમો હોય, કુટુંબ નિયોજનને લગતી જાહેર બાબતો હોય, તો આ બધું હળી મળીને જયારે પંચાયતો કરે, નગરપાલિકાઓ કરે તો હું માનું છું કે ગુજરાત સરકાર કે ભારત સરકાર રાજયને જે આર્થિક, ટેકનિકલી કે વહીવટી મદદ કરે છે તેનો પૂરેપૂરો લાભ આપણે ગુજરાતના આદિવાસી વિસ્તારો હોય, ગ્રામ્ય વિસ્તારો હોય કે માચ્છીમાર વિસ્તાર હોય કે વન વિસ્તાર હોય એ બધાને આપી શકીએ, અને ગુજરાતના ગરીબમાં ગરીબ માણસનું, અભણમાં અભણ માણસનું પણ લોકશાહીની પરંપરા પ્રમાણે, લોકશાહીની ભાવના પ્રમાણે સરકારની દરેક કામગીરીનો વંચિતોના વિકાસનો દરેકને લાભ મળે એ માટે અમે જે સુધારા લાવ્યા છીએ તે સુધારા, બધા જ સુધારા વિના વિરોધે આ સન્માનનીય સભાગૃહ મંજૂર કરે તેવી મારી સૌ સભ્યશ્રીઓને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આ બિલ ઉપર માનનીય વિપક્ષના કોઇ સભ્યશ્રી ચર્ચા કરવા માગતા હોય તો હાથ ઉંચો કરે. (થોડી વાર બાદ) માનનીય દુષ્યંતભાઇ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા સુધારા વિધેયક ૨૦૧૫ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. ધી ગુજરાત

તા.૩૦મી માર્ચ, ૨૦૧૫
પોઇન્ટ ઓફ ઓર્ડર

પંચાયત અધિનિયમ ૧૯૯૩ની નીચેની જોગવાઇ, નીચે મુજબના સુધારા કરવાની દરખાસ્ત કરવામાં આવેલી છે. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૫૫, ૬૧, ૬૭, ૭૫, ૮૧, ૮૭, ૮૯, ૯૧, ૯૮, ૧૦૦, ૧૨૩, ૧૩૧, ૧૪૫, ૨૦૦ અને ૨૪૩ સુધારો કરવાની જે દરખાસ્ત માનનીય મંત્રીશ્રી લાવ્યા છે. માનનીય મંત્રીશ્રીએ ખૂબ સરસ વિસ્તૃત આખી બિલ પરની વાત આ ફલોર ઉપર મૂકી છે. આ બિલ લાવવાનું કારણ પારદશર્ક વહીવટ, પ્રમાણિક વહીવટ, એકસૂત્રતા જળવાય, અન્ય જે ચૂંટાયેલા સભ્યો છે તેનો તેઓને લાભ મળે, અને આખા બિલની અંદર વિસંગતતા જે ઘણી જગ્યાએ જોવા મળી છે તે દૂર કરવાનો છે. જુદા જુદા સમાજને સેવા કરવાની પણ તક મળે અને વહીવટનું જ્ઞાન મળે આવો બહુમુખી આ બિલનો ઉદેશ છે. મુખ્ય મુદ્દા જો લઇએ તો કલમ નંબર ૫૫ માં સરપંચ અથવા ઉપર સરપંચ કારોબારીના કાર્યની જોગવાઇ કરવામાં આવેલી છે. હાલની જોગવાઇ મુજબ સરપંચે કોઇ પણ પ્રસંગે ૫૦ રૂપિયા સુધીનો આકસ્મીક ખર્ચ કરવાની જોગવાઇ હતી તે ખૂબ જુની હતી તેમાં વધારો કરીને તેની દસ ગણી એટલે ૫૦૦ રૂપિયા સુધીની કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહે છે.

**(વિરામ ૨-૩૦ થી ૩-૧૫)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : માનનીય દુષ્યંતભાઇ પટેલ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી,

પોઇન્ટ ઓફ ઓર્ડર

**સભાગૃહમાં વિરોધપક્ષના સભ્યો માટે અયોગ્ય શબ્દો વાપરવા અંગે**

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ(અબડાસા) :** માનનીય અધ્યક્ષશ્રી •(xxx)

અધ્યક્ષશ્રી : માનનીય શકિતસિંહજી, સીધા પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર જ આવી જાવ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : સાહેબ, *(xxx)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ આ બધું કેવી રીતે આવે ?

અધ્યક્ષશ્રી : હું જવાબ આપું છું. માનનીય શકિતસિંહજી પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર ટૂંકમાં ચર્ચા કરીએ. .

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષરી, *(xxx)

અધ્યક્ષશ્રી : શક્તિસિંહજી, આપણે..

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : સાહેબ, *(xxx)

અધ્યક્ષશ્રી : સમજી ગયા છીએ પણ આપણે એટલી વિસ્તૃત ચર્ચા.. બીજાં રાજય સુધી ન જઇએ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : *(xxx)

અધ્યક્ષશ્રી : આપના પોઇન્ટ ઓફ ઓર્ડરની ટૂંકમાં ચર્ચા કરીને પૂરું કરો.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : •(xxx)

અધ્યક્ષશ્રી : ઘણો ગંભીર મુદ્દો છે, હું સમજી શકું છું, પણ આપ ટૂંકમાં પૂરું કરો. પ્લીઝ. આપ મુદ્દાસર જ વાત કરો.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : *(xxx)

અધ્યક્ષશ્રી : શ્રી શકિતસિંહજી આપ સીધા મુદ્દા ઉપર જ ચર્ચા કરવી જોઇએ. પછી દસ મિનિટ સુધી પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ચલાવવો ન જોઇએ. આપનો જે મુદ્દો છે એ બે-ચાર લીટીમાં કહી દેવો જોઇએ. આપને એટલા માટે પરમિટ કર્યા છે કે, ૨૬ તારીખનો બનાવ હતો અને ૨૭ તારીખમાં અધ્યક્ષે રૂલિંગ આપી દીધું. આપ બધા જ જાણો છો કે, અધ્યક્ષના રૂલિંગ ઉપર કોઇપણ જાતની ચર્ચા થઇ શકતી નથી. છતાં પણ વિપક્ષની લાગણીને માન આપીને મેં આપને તક આપી. પણ આટલી લાંબી ચર્ચા ન હોઇ શકે જ્યારે એના ઉપર રૂલિંગ પણ અપાઇ ગયું છે. પ્લીઝ, શ્રી શક્તિસિંહજી, ઉપાધ્યક્ષશ્રી અહીં બેઠા હોય ત્યારે એમને અધ્યક્ષના બધા જ પાવર્સ મળે છે, એમની ટીકા કરી શકતા નથી. એમના રૂલિંગની ચર્ચા કરી શકતા નથી. એમના ઉપર કોઇ પ્રસ્તાવ લાવીએ અને ચર્ચા કરીએ તો વાત અલગ છે. છતાં આપને માન આપીને તક આપી અને જ્યારે રૂલિંગ અપાઇ ગયું છે ત્યારે આટલી લાંબી ચર્ચા ન હોવી જોઇએ. પ્લીઝ, આપ બેસી જાઓ, પ્લીઝ,

(કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યો સભાત્યાગ કરી ગયા.)

શ્રી શૈલેષ મ. પરમાર : *(xxx)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, ચાલો શૈલેષભાઇ, ચાલો. મહેરબાની કરીને તમને નમ્ર વિનંતી છે, તમામ સભ્યશ્રીઓને વિનંતી છે. આપ ચર્ચામાં ભાગ લો તો પણ વાંધો નથી. પ્લીઝ, શૈલેષભાઇ. પ્લીઝ. ચાલો ભાઇ. માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે. પ્લીઝ, પ્લીઝ,

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી પરેશ ધાનાણી : *(xxx).

અધ્યક્ષશ્રી : પરેશભાઇ, પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : *(xxx)

અધ્યક્ષશ્રી : પરેશભાઇ, પ્લીઝ. શ્રી નીતિનભાઇ પટેલ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે એમને સૌજન્યતાથી વિવેકતાથી એલાઉ કર્યા એનો મતલબ એવો નથી કે એમના મનમાં આવે એ વાતો રેકર્ડ ઉપર મૂકી શકે. જે ઉપાધ્યક્ષશ્રી હતા. આપણે બધા સાક્ષી છીએ. ૨૦ મિનિટ સુધી તોફાન કર્યું, સૂત્રોચ્ચાર કર્યા, ગાદીઓ નાખી, ચોપડીઓ ફાડીને નાંખી, જે કરવા પાત્ર હતું એ બધું કર્યું છે. એ એવો દેખાવ કરે છે કે, અમે સીધા સરળ છીએ, અમે બિલકૂલ લોકશાહીના રક્ષક છીએ. શ્રી શકિતસિંહે પૂછ્યું કે કેમેરામેનને કેમ અંદર આવવા દેતા નથી? સાહેબ, હું જીવીશ ત્યાં સુધી મારા મનમાંથી એ દ્રશ્ય નહીં જાય. જ્યારે રાજપાની સરકાર બની એ વખતે દોલતરાય દેસાઇ અને બીજા અહીં અમારા અધ્યક્ષશ્રી હતા. અહીંથી શકિતસિંહે માઇક તોડી અને આમ વિંજોળીને નાંખ્યું હતું અને અહીં સલાહ આપવા નીકળ્યા છે. અમારે કોઇની સલાહ સાંભળવાની નથી. પોતે વકીલ હોય, એટલે બધી રીતે ગુંડાઓના કેસ લડે, આરોપીઓના કેસ લડે, ખૂનીઓના કેસ લડે, અને એ રીતે આ વિધાનસભામાં કોઇ દલીલબાજી હોતી નથી. અમને બધાને સલાહ આપવા નીકળ્યા છે. અમારે સલાહ સાંભળવી નથી. વિધાનસભા સંસદીય પ્રણાલી અને નીતિ નિયમો અને રૂલ્સ પ્રમાણે ચાલતી હોય છે. ત્યારે એ વખતે માનનીય અધ્યક્ષશ્રીએ પૂરેપૂરી તક આપી હતી, એમને વિનંતી કરી હતી, નમ્ર વિનંતી કરી હતી, શ્રી શકિતસિંહને વિનંતી કરી હતી, શ્રી શંકરસિંહને વિનંતી કરી હતી. શ્રી બલવંતસિંહને વિનંતી કરી હતી. આપ સિનિયર સભ્ય છો. કોઇએ માનનીય અધ્યક્ષશ્રીની વિનંતીને માન નહોતું આપ્યું. અહીંથી બહાર નીકળ્યા પછી હજુ પણ આક્ષેપ કરે છે. મારી તો આપને ગંભીરતાથી વિનંતી છે કે, કે જે રીતે તપાસ કરાવવી હોય એ બધી જ રીતે આપ આપની સત્તાનો ઉપયોગ કરી જેના દ્વારા તપાસ કરાવવી હોય એના દ્વારા તપાસ કરાવો આ કૂંડા કોણે તોડયા છે અને માનનીય ઉપાધ્યક્ષશ્રીના કાર્યાલયમાં તોડફોડ કોણે કરી છે? તોડફોડ એમણે કરી છે અને આક્ષેપ અમારા ઉપર કરે છે આ કોઇ સંજોગોમાં ચાલે નહીં. આ તો મારે ના કહેવું જોઇએ પણ આ સન્માનનીય ગૃહના સભ્યોના ધ્યાન ઉપર રહે એટલા માટે હું કહુ છું કે આજ સવારે ભારતીય જનતા પક્ષના સરકારના અમારા મુખ્ય દંડકને એકબાજુ વિનંતી કરે છે કે આપણે પોલીસ કેસ પાછો ખેંચાઇ જાય, બધું સમાધાન થઇ જાય એ રીતે તમે સરકાને વિનંતી કરો અને એ અંગે અમે ચર્ચા વિચારણા કરી, આપની પાસે પણ અમે સવારે ચર્ચા કરી કે આ વિપક્ષ આવી જો દરખાસ્ત કરે તો અમે શું કરવા માગીએ છીએ. એક બાજુ વિનંતી કરાવવાની, પોલીસ કેસ ના થાય એના માટેની વાતો કરવાની અને એક બાજુ ફલોર ઉપર એમ કહે, રેકર્ડ ઉપર લાવીને એમ કહે કે અમે જેલમાં જતા ડરતા નથી, અમે તો આઝાદી વખતે જેલમાં ગયેલા, લોકશાહીની વાત કરે છે, મીસા, કટોકટી, એમની કોંગ્રેસ સરકાર લાવી હતી અને આખા દેશમાં લાખો લોકોને આ જ કોંગ્રેસીઓએ જેલમાં પૂરી દીધા હતા એ વખતે એમની સંસદીય પ્રણાલી, એમની લોકશાહીની ભાવના કયાં ગયેલી? આ જ બધા લોકો હતા એ વખતે, અને અત્યારે બધી ડાહી ડાહી વાતો કરવા નીકળ્યા છે એટલે મારી આપને વિનંતી છે કે માનનીય શકિતસિંહને આપે ફકત પોઇન્ટ ઓફ ઓર્ડર એલાઉ કર્યો હતો એ સિવાય એમણે જે લાંબી લાંબી વાત કરી, મારી વિનંતી છે કે એમનું તમામ પ્રવચન રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫ થી સતત આ ગૃહનો સભ્ય રહ્યો છું અને ૧૯૯૫ થી સતત મારી પાર્ટીએ પાંચમી વખત મને મિનિસ્ટર તરીકે અહીંયા બેસવાનો મોકો આપ્યો છે. ૧૯૯૫માં પહેલી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા પછી મિનિસ્ટર બન્યા પછી આજ વિધાનસભા ગૃહમાં બેસવાનું થયું, લોકાહીની ઉચ્ચ પરંપરાઓની ઘણી બધી વાતો મેં વાંચી હતી, સાંભળી હતી, અનુભવી પણ હતી. પરંતુ એ દિવસોમાં ભારતીય જનતા પાર્ટીની સરકારને તોડવાનું કામ કર્યુ હતું અને ભારતીય જનતા પાર્ટીની સરકારને તોડવાનું કામ કર્યુ ત્યારે આદરણીય નીતિનભાઇએ જે પ્રમાણે વાત કરી એ પ્રમાણે આજે જે માઇક અહીંયા છે એ કોંગ્રેસ પાર્ટીની અને રાજપા પાર્ટીની દેન છે. માઇકો એ વખતે સારા હતા, મોટા હતા, સ્ટીલના હતા, વજનદાર હતા, બધા પોતાની વાત શાંતિથી કરી શકે એવી સ્થિતિમાં હતા. બધાની પાસે ટાંકણીઓ માટેના કુશન હતા પરંતુ અમારી હાજરીમાં મેં કહ્યું એ પ્રમાણે હું પણ નવો મિનિસ્ટર, નવો ધારાસભ્ય અને એ વખતે વરિષ્ઠ આગેવાન અને ચેર ઉપર દોલતભાઇ દેસાઇ જયારે બેઠા ત્યારે સનસનાઇને આજ લોકો, આજે જે સુફિયાણી વાતો કરે છે એ જ લોકો, શકિતસિંહજી જે લોકશાહીની વાતો કરે છે, મેં એમને જોયેલા છે, સાંભળેલા છે, એ વખતે કદાચ સીસીટીવી કેમેરાની વ્યવસ્થા નહોતી પરંતુ આ જ માઇકો તોડીને એ એ સીટ ઉપર બેઠેલા વયોવૃદ્ધ દોલતભાઇ દેસાઇ પર સીધેસીધો હુમલો કરતા મેં મારી સગી આંખે જોયા છે, એ વખતે અમારા નેતા અને આદરણીય મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ પટેલ હતા. કેશુભાઇ પટેલ ઉપર જે રીતે માઇકનો પ્રહાર કરવામાં આવતો હતો, સાર્જન્ટોએ બે સ્ટૂલ રાખીને મુખ્યમંત્રીશ્રીને કોઇ ઇજા ના થાય એના માટેની અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી અને એ પ્રકારની વ્યવસ્થા અને એ વખતે જે લોકશાહીનું હનન થયું એની આજે જયારે મિત્રો વાતો કરે છે ત્યારે મને નવાઇ લાગે છે. આપે ખૂબ સાચી વાત કહી કે એક વખતે કોઇ પરંપરા બની, કોઇ વાત થઇ અને એના પછી માનનીય અધ્યક્ષશ્રી જે રૂલિંગ આપે એની પછી અહીંયા ચર્ચા હોતી નથી અને એનો પોઇન્ટ ઓફ ઓર્ડર હોતો નથી. એક વિદ્વાન તરીકે આપે જે રૂલિંગ આપ્યું છે અને એ દિવસની જે ઘટના હતી અને એ દિવસે જયારે વાત કરે છે ત્યારે હું આ ગૃહમાં હતો, હું સામેની પાટલી ઉપર હતો, હું ફલાણો હતો, હું ઢીંકણો હતો, એ વખતે અધ્યક્ષ તરીકે બિરાજમાન આ ગૃહના સદસ્ય મુરબ્બીશ્રી આત્મારામભાઇ, આત્મારામભાઇ છેલ્લી પાંચ ટર્મથી આ વિધાનસભા ગૃહના સળંગ સભ્ય રહ્યા છે. મુરબ્બી

તા.૩૦મી માર્ચ, ૨૦૧૫

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રીઆત્મારામભાઇ એક સારા ધારાશાસ્ત્રી તરીકે, એક સારા વકિલ તરીકે વર્ષો સુધી એમણે સુરત શહેરમાં કામ કર્યું છે. કાયદો શું છે એ તેઓશ્રી સારી રીતે જાણે છે. લોકશાહી પરંપરા છેલ્લી પાંચ પાંચ ટર્મથી ચૂંટાઇને આવવાના કારણે આ વિષય વસ્તુ એ જાણે છે. એટલા માટે એ વખતે જેમ કહેવાયું એ પ્રમાણે અમે અમારી ટ્રેઝરી બેન્ચે કોઇપણ પ્રકારનો વિવેક ચૂક્યા વગર માત્ર એમને સાંભળતા હતા, એમને જોઇ રહ્યા હતા. એમની અનેક વિનંતીઓ, નામ સાથે વિનંતી કરવા છતાં પણ એમની એકપણ વિનંતીને ધ્યાનમાં લેવામાં આવી ન હતી અને સરવાળે એમણે ગૃહને મુલતવી રાખ્યું. એ પછી પણ કદાચ આજ દિવસ સુધી એ વખતે ૧૯૯૭માં જ્યારે રા.જ.પા.ની સરકાર બની ત્યારે વિરોધ પક્ષના નેતાએ એ વખતે પણ એવું કહ્યું હતું કે જે સાર્જન્ટો આવ્યા છે એ સરકારી સાર્જન્ટો ન હતા. એ તો આર.એસ.એસ.ના સ્વયંસેવકો, આર.એસ.એસ.ના ગુંડાઓ હતા. એ વખતે પણ કહ્યું હતું. આજે ગૃહમાં અને ગૃહની બહાર પણ એમ કહેવામાં આવે છે કે અમે બધા તો ચૂપચાપ જતા રહ્યા હતા. શાસક પક્ષના લોકોએ જ આ બધી ભાંગફોડ કરી છે. જ્યારે અધ્યક્ષશ્રીએ ગૃહને મુલતવી રાખ્યું ત્યારે અમે અહીંયા જ હતા. એ પાંચ મિનિટની એમણે જે તોફાન મસ્તી કરી એથી આગળ વધીને સચિવશ્રીને ઘેરીને એમને જે ભાષામાં વાત કરી, મહિલા સાર્જન્ટો સાથે વિવેક ગુમાવીને, મહિલા સાર્જન્ટો પણ એની અંદર હતી એની સામે વિવેક ગુમાવીને જે વાણી અને વર્તન કર્યા અને એના કારણે એમણે ગૃહ મુલતવી રાખ્યું. સાચું થયું અને સારું થયું, એટલા માટે કે એ વખતે તેઓ અહીંની એન્ટી ચેમ્બરમાં હતા, પોતાની ચેમ્બરમાં ગયા ન હતા. મને એવું લાગે છે કે જો કદાચ પોતાની ચેમ્બરમાં ગયા હોત તો આજે ગૃહમાં હાજર ન હોત, કોઇ હોસ્પિટલના બિછાના ઉપર પડ્યા હોત. એ વખતે બધી જ કાર્યવાહી પૂરી થઇ ગયા પછી અમે તો સાગમટે નીકળ્યા હતા માનનીય અધ્યક્ષશ્રીને કહેવા માટે, અધ્યક્ષશ્રીને વાત કરીએ ત્યાં સુધી અમે જે દ્રશ્યો જોયાં, માત્ર ત્યાં સુધી અમે ગૃહની બહાર કોઇ શાસક પક્ષના માણસો ગયા ન હતા, કોઇ ધારાસભ્ય ગયા ન હતા. છતાં જ્યારે દ્રશ્ય જોયાં અને એટલા માટે એમણે પોઇન્ટ ઓફ ઓર્ડરના નામે વાત કરી છે ત્યારે આ ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસ કરતાં અનેકગણા બલિદાનો આ રાષ્ટ્ર માટે આપ્યા છે. પાર્ટી અમારા માટે પછી છે, રાષ્ટ્ર અમારા માટે પહેલું છે. અમે રાષ્ટ્રહિતની વાત કરતા હોઇએ ત્યારે અહીંયા બેઠેલા અધ્યક્ષ તરીકે આપ હો તો પણ અધ્યક્ષ છો, ઉપાધ્યક્ષશ્રી બેસતા હોય તો પણ એ અધ્યક્ષ છે, પેનલ પૈકી ત્યાં બેઠેલા કોઇપણ વ્યક્તિ, ત્યાં બેઠેલા વ્યક્તિ એ અધ્યક્ષ છે અને એમને અધ્યક્ષશ્રીના પાવર છે અને અધ્યક્ષશ્રીનો જે નિર્ણય હોય એ નિર્ણય બધા માનવાને જ્યારે બંધાયેલા છે ત્યારે મેં પહેલા કહ્યું એ પ્રમાણે આ સમગ્ર બનાવ અને આદરણીય નીતિનભાઇએ વાત કરી એ પ્રમાણે હું આપને પણ વિનંતી કરું છું કે આજે ગૃહના એ વખતના દ્રશ્યો સી.સી.ટી.વી. કેમેરામાં ફૂટેજમાં આપ પણ ધ્યાનથી જુઓ અને નિર્ણય કરો. અમારી સર્વ સભ્યશ્રીઓ તરફથી ખાતરીપૂર્વક વિનંતી કરું છું કે, શાસક પક્ષનો એક પણ ધારાસભ્ય અને એનું વાણી વર્તન ક્યાંય તમને ફેર લાગશે નહીં. બહાર શું થયું? ત્યાં સી.સી.ટી.વી. કેમેરા ન હોય પણ અનેક લોકો છે. આપણા કર્મચારીઓ, સાર્જન્ટો છે, ગૃહની વિધાનસભાની કાર્યવાહી જોવાવાળા લોકો પણ છે એ બધાની વાતની લાગણી અને માગણીને ધ્યાનમાં રાખીને અધ્યક્ષશ્રીએ નિર્ણય કર્યો અને જ્યારે અધ્યક્ષશ્રીએ નિર્ણય કર્યો ત્યારે એના ઉપર ફલાણા અધ્યક્ષશ્રીએ આમ કહ્યું હતું. દરેક અધ્યક્ષશ્રીની કામ કરવાની પોતાની આગવી શૈલી હોય છે. એમણે પણ નીતિ નિયમો પ્રમાણે ગૃહનું સંચાલન કરવાનું હોય છે. એ પોતાના વ્યક્તિગતપણે પોતાના પાવરથી નિર્ણય નથી કરતા. ભારતીય જનતા પાર્ટીના તમામ ધારાસભ્યો જ્યારે લોકશાહીમાં માને છે ત્યારે ડો. બાબાસાહેબ આંબેડકરે આપેલું બંધારણ એ નાનામાં નાના માણસથી માંડીને, અધ્યક્ષશ્રીથી માંડીને રાષ્ટ્રપતિશ્રી સુધી લાગે છે. આપે અધ્યક્ષ તરીકે જે નિર્ણય કર્યો છે અને એ નિર્ણયની વાત કર્યા પછીથી જો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવે તો મને લાગે છે કે આ વાત વાજબી નથી. ભવિષ્યમાં પણ ફરીથી આનું પુનરાવર્તન ન થાય અને એમણે જે પણ શબ્દો અહીંયા કહ્યા છે એ તમામ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર થાય એવી હું વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રીનો નિર્ણય

**પ્રવચન રેકર્ડ ઉપરથી દૂર કરવા અંગે.**

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી શક્તિસિંહજીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો, મારે ગૃહના સભ્યશ્રીઓને જણાવવાનું કે, ૨૬મી તારીખે ગૃહમાં અને ગૃહની બહાર જે બનાવો બન્યા એ ખૂબ જ ગંભીર હતા અને ત્યાર પછી પોલીસ ફરિયાદ પણ દાખલ કરવામાં આવી, નુકસાનીની વસૂલાતના ઓર્ડરો પણ કરવામાં આવ્યા અને ૨૭મી તારીખે એનો ઉંડો અભ્યાસ કરીને અધ્યક્ષ તરીકે મેં રૂલીંગ પણ આપી દીધું.

આજે સવારથી ગૃહના તમામ સભ્યશ્રીએ જોયું છે કે, વિપક્ષના મિત્રો કાળી પટ્ટી બાંધીને ગૃહમાં આવ્યા, પરંતુ ૨૬મી તારીખનો જે બનાવ અને એની ગંભીરતા જોતાં આપણે બધા જ વિધાનસભાના નિયમોથી વાકેફ છીએ કે, ગૃહમાં કોઇ પણ જાતનું પ્રદર્શન કરી શકાતું નથી. છતાં પણ ગૃહમાં એક સુમેળભર્યું સારું વાતાવરણ બને એના માટે અઢી કલાક સુધી કાળી પટ્ટી બાંધીને આવેલા હોવા છતાં પણ મેં સભ્યશ્રીઓને બેસવા દીધા. એક ગૃહમાં સારું વાતાવરણ બની શકે. વિરામ બાદ માનનીય શ્રી શક્તિસિંહજીએ ૨૬ તારીખના બનાવનો પોઇન્ટ ઓફ ઓર્ડર ૩૦મી તારીખના રોજ, આજે ઉપસ્થિત કર્યો અને એ વખતે અધ્યક્ષ તરીકે ઉપાધ્યક્ષ શ્રી આત્મારામભાઇ બેઠા હતા, એમના વિશેની વાતો કરી, ત્યારે આ ગૃહને મારે જણાવવું છે કે, આ ચર્ચામાં ભાગ લેતા માનનીય શ્રી નીતિનભાઇ અને માનનીય શ્રી રમણભાઇ મંત્રીશ્રીઓએ ધ્યાન દોર્યું કે, ઉપાધ્યક્ષશ્રી હોય કે પેનલના સભ્યો હોય જ્યારે આ ચેર ઉપર બેઠા હોય ત્યારે એને અધ્યક્ષના તમામ પ્રકારના અધિકારો મળતા હોય છે અને

નિયમોમાં સ્પષ્ટ જોગવાઇ છે કે, અધ્યક્ષના આદેશ, નિર્દેશ કે સુચન થયા બાદ એના ઉપર કોઇ પણ પ્રકારની ચર્ચા ઉપસ્થિત કરી શકાતી નથી. અધ્યક્ષથી કાંઇક બોલાયું હોય, કોઇક સભ્યનું મન દુ:ખ થયું હોય તો અધ્યક્ષની ચેમ્બરમાં જઇને રજૂઆત કરત તો એ વાજબી પણ હોત. પણ અહીંયા એની ટીકા કરી શકાતી નથી અથવા અધ્યક્ષની કે ઉપાધ્યક્ષની ટીકા કરવી હોય તો પણ યોગ્ય ભાષામાં લખેલો પ્રસ્તાવ જ્યારે ગૃહમાં આવે ત્યારબાદ તેની ટીકા પણ કરી શકતા હોય છે. જેથી માનનીય શ્રી શક્તિસિંહજીએ જે પોઇન્ટ ઓર્ડર ઉભો કર્યો છે એ વિધાનસભાના નિયમોને સુસંગત પણ નથી અને એમણે જે સાર્જન્ટ મિત્રોની અને અન્ય લોકોની વાતો કરી છે એ પણ આ ગૃહને શોભનીય નથી. જેથી કરીને એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર હું સ્વીકારી શકતો નથી અને એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરીને એમનું સમગ્ર પ્રવચન રેકર્ડ ઉપરથી હું દૂર કરું છું. નેકસ્ટ શ્રી દુષ્યંતભાઇ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક માનનીય મંત્રીશ્રી જે લઇને આવ્યા હતા, એમાં હું મારા વિચારો રજૂ કરતો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યત્વે જોઇએ તો તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખના હોદાની મુદત જે પાંચ વર્ષની હતી એ આ અઢી વર્ષ કરવામાં આવી છે અને બહુ જ ટૂંકમાં કહું તો જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની સમિતિ જે જુદી જુદી હતી, વિસંગતતા હતી તેને એક કરીને એની મુદત અઢી વર્ષની કરવામાં આવી છે. પંચાયતોની નાણાકીય સત્તામાં વધારો કરવામાં આવ્યો છે, જે સો રૂપિયાનો ખર્ચ હતો એની જગ્યાએ પાંચ હજાર રૂપિયાના ખર્ચની વાત છે. આમંત્રિત તરીકે સગા–વ્હાલા બોલાવી ના શકાય તેવી જોગવાઇ જે કરવામાં આવી છે, માનનીય નીતિનભાઇએ એની ખૂબ વિસ્તૃત ચર્ચા કરી છે.

**(ઉપાધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને )**

પંચાયતમાં ત્રણ વેરા ફરજીયાત કરવામાં આવ્યા છે. મિલકત વેરો, પાણી વેરો અને સફાઇ વેરો, તે પણ ખૂબ વાજબી છે. ગ્રામ પંચાયતની આ બેઠક બોલવવા બાબતની પણ જે મંત્રીશ્રીએ વાત કરી છે તેની પણ ખૂબ વિસ્તૃત ચર્ચા થઇ છે. પંચાયતના અધિનિયમમાં શરતચૂકથી થયેલ પ્રિન્ટીંગ ભૂલ પણ સુધારવી એની પણ ચર્ચા થઇ છે અને ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત સબંધિત પંચાયતની મુદત પુરી થવાના ચાર મહિનાની અંદરની જોગવાઇમાં ફેરફાર કરવા બાબતની આ બધી જ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એમાં હું સમર્થન આપું છું. વધારે કશું જ નથી કહેવું પણ હિન્દીની બહુ સરસ લાઇન છે.

કોંગ્રેસ ચલી થી હમેં રાજનીતિ સીખાને, હમેં કહેને દો પહેલે નીતિ પે ચલો રાજ કરના હમ સીખા દેંગે
જેથી કરીને માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ જે બિલ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી રાકેશ જ. શાહ(એલિસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક ક્રમાંક–૧૪ સન ૨૦૧૫નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા(સુધારા) વિધેયક લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારો સુર પુરાવું છું. પ્રસ્તુત વિધેયકથી ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ–૧૯૪૯, નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની જોગવાઇઓ સુધારવાનું વિધેયક માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે. આ વિધેયક મ્યુનિસિપલ કોર્પોરેશન માટે છે, નગરપાલિકાઓ માટે છે અને તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની મુદત અને એના સમયગાળા માટેનું છે. માનનીય મંત્રીશ્રીએ ખૂબ વિસ્તૃત અને લંબાણપૂર્વક એની માહિતી આપી છે. દુષ્યંતભાઇએ પણ એની વાતચીત કરી છે. હું મહાનગરમાંથી આવું છું એટલે આ વિધેયકમાં જે મહાનગરને અસરકર્તા છે એ બિલની કલમો ઉપર થોડી ચર્ચા કરવા માગું છું અને એના હાર્દ સાથે જવા માગું છું. વાત જે રીતે થઇ કે સ્થાયી સમિતિ એટલે મહાનગરમાં જે સ્ટેન્ડીંગ કમિટી હોય છે એની રાજ્યની જે મહાનગરપાલિકામાં ચૂંટણી થાય છે અને સામાન્ય ચૂંટણી બાદ સ્થાયી સમિતિની રચના થતી હોય છે જેમાંથી ૫૦ ટકા લોકો નિવૃત્ત થતા હોય છે અને એમાંથી પસંદગી થઇ હોય છે, શરૂઆતમાં એમાંથી કોઇને એક વર્ષની સ્થાયી સમિતિના અધ્યક્ષ તરીકેની જવાબદારી અપાય છે. ઉપરોકત જે જોગવાઇ હતી એમાં સુધારો લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એનું મુખ્ય કારણ તો હું વાત કરું છું પણ જે મુખ્ય સુધારો છે કે ચૂંટાયેલા સભ્યો પૈકી અધ્યક્ષની નિમણૂક કરે અને અધ્યક્ષની નિમણૂકનો સમયગાળો અઢી વર્ષનો હોય છે. એ અઢી વર્ષના સમયગાળાનો હાર્દ એટલા માટે માનનીય મંત્રીશ્રીએ પણ કીધું છે અને હું પણ મારી વાત કરીશ. એ જ રીતે મહાનગરની બધી જ કમિટી હોય એ સ્થાયી સમિતિના અધ્યક્ષ સિવાયની હોય, ટ્રાન્સપોર્ટ કમિટી હોય, એની કલમ–૨૧ હોય કે બાકીની જે કમિટી હોય એ બધાના સભ્યોની નિમણૂક અને એના અધ્યક્ષની અઢી વર્ષની નિમણૂક માટેની આ વાત લઇને લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે. આ વિધેયકનું હાર્દ એટલા માટે આપણને સ્પષ્ટ થાય છે કે સરકારની નીતિ આમાં પ્રતિબિંબિત થાય છે. મેં વાત કરી કે હું અમદાવાદ જેવા મહાનગરમાંથી આવું છું. અમદાવાદવનું મહાનગર, એનું બજેટ આ બજેટના સત્રમાં આપણે ચર્ચા કરીએ છીએ તો અમદાવાદ શહેરનું બજેટ જ એટલું મોટું હોય છે કે આ મંત્રીમંડળના કોઇ એક વિભાગ કરતા પણ વધારે બજેટ એ અમદાવાદ મહાનરગપાલિકાનું હોય છે. મહાનગર એટલું મોટું છે ૪૬૮ કિલોમિટરનો એનો ઘેરાવો છે, ૬૪ મંડળો છે. એ મહાનગરમાંથી ૧૬ સભ્યો અહીંયા પ્રતિનિધિત્વ કરે છે એનો અર્થ એ કે આ મહાનગર કેટલું મોટું છે. જયારે જયારે આ મહાનગરના નિર્ણયો લેવા હોય સાથે સાથે ગુજરાતમાં છેલ્લા દસ બાર વર્ષોથી આપણે જોયું છે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇનું નેતૃત્વ, એ જ નેતૃત્વ અને એ જ વિકાસની ગતિને હાલના મુખ્યમંત્રી આનંદીબહેન જે રીતે આગળ લઇ ગયા છે, સમગ્ર

ગુજરાતની ઓળખ બદલાઇ ગઇ છે. ગુજરાતની ઓળખ તો બદલાઇ ગઇ, સાથેસાથે ગુજરાતના શહેરની પણ ઓળખ બદલાઇ ગઇ આપણે પણ જાણીએ છીએ કે દુનિયાના વિકસિત દેશો જે રીતે પ્રગતિ કરી રહ્યા છે એ રીતે ગુજરાતના શહેરો પ્રગતિ કરી રહ્યા છે. ફોર્ચ્યુન ફાઇવ હન્ડ્રેડની કંપનીઓ અહીંયા છે. સમગ્ર દુનિયાના વિકસિત શહેરો પૈકીના પાંચ મુખ્ય શહેરમાંથી ત્રણ મુખ્ય શહેરો એ ગુજરાતના છે ત્યારે ગુજરાતના આ શહેરો એ વધુ વિકાસ પામે અને દેશના વિકાસની જાણે હરણફાળમાં સાથે જોડાય ત્યારે આ મહાનગરનો વિકાસ એ સંતુલિત થાય અને યોગ્ય રીતે થાય. ત્યારે એના સુબા હોય છે એના વડા હોય છે એ સ્થાયી સમિતિના અધ્યક્ષ જ એ મહાનગરના વહીવટકર્તા હોય છે ત્યારે એક વર્ષની મુદતમાં એની પાસે સમયગાળો ઓછો હોય છે. નિર્ણયો કઇ રીતે લેવા, નિર્ણયની અમલવારી કરવી. ભૂતકાળમાં આ જ સન્માનનીય ગૃહે સાંભળ્યું છે અને આ સભાગૃહના તત્કાલિન મુખ્યમંત્રી કહેતા હતા કે હું ખાતમુહૂર્ત કરું છું અને એના લોકાર્પણ એ જ કરતા હતા. અને નજર સમક્ષ આ ગુજરાતની જનતા એ જોયું છે. ભારતીય જનતા પાર્ટીની સરકારની કટિબદ્ધતા એવી છે કે જે કામ હાથમાં લે છે એના તરફ સો ટકા પરિણામ તરફ એ લોકો જતા હોય છે. ૬૪ વોર્ડ જેટલું મહાનગર હોય, ૫,૦૦૦ કરોડ જેટલું બજેટ હોય એના અમલીકરણમાં જેટલો સમયગાળો જોઇએ, એ સ્થાયી સમિતિના અધ્યક્ષને પૂરતો સમય આપી યોગ્ય રીતે અમલીકરણ થઇ શકે તેના માટે સમયગાળો અઢી વર્ષ કરવાનો છે. એ જ રીતે સ્થાયી સમિતિના સભ્ય અને આવનારા દિવસોમાં મેં કહ્યું, આપણે સૌ જાણીએ છીએ કે અહીં શહેરી વિકાસ વિભાગમાં ચર્ચામાં વાતચીત થઇ હતી કે ગુજરાતના મુખ્ય શહેરોમાં શહેરીકરણ વધી રહ્યું છે. આંકડાકીય માહિતી આવી રહી છે, ૪૨ ટકા કરતા વધારે લોકો મહાનગરોમાં રહે છે, તે મહાનગરોમાં રહેતા લોકોને પ્રાથમિક જરૂરિયાતો હોય, બીજી કોઇ જરૂરિયાતો હોય, સેવા પૂરી પાડવાની જવાબદારી એ મહાનગરોના સત્તાધીશોની છે. ૪૨ ટકા વર્ગ મહાનગર સાથે જોડાયેલો હોય એને સેવા પૂરી પાડવાની સ્ટેન્ડિંગ સમિતિના અધ્યક્ષની જવાબદારી હોય અને અઢી વર્ષ જેટલો સમયગાળો મળતો હોવાથી મહત્વના નિર્ણયો લઇ શકે અને કામને પરિપૂર્ણ કરી શકશે. એ માટે સન્માનનીય મંત્રીશ્રીએ જે મહાનગર સિવાય નગરપાલિકાની વાત કરી છે. અમારા બહેન પણ આગળ વાતચીત કરવાના છે, ત્યારે હું વિશેષ વાત નથી કરતો, પણ જે સુધારા વિધેયક માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે, એમાં હું અને મારા સાથીઓ સૂર પૂરાવીએ છીએ. ભારત માતાકી જય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે પંચાયત અને શહેરી વિસ્તાર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા માટે હું જે બિલ લઇને આવ્યો છું, તેમાં માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ અને માનનીય સભ્યશ્રી રાકેશભાઇ શાહે એમના વિચારો વ્યકત કરી અને બિલને સમર્થન આપ્યું છે, તે બદલ હું તેમનો આભાર માનું છું. ગુજરાતમાં ૧૪૦૦૨ ગ્રામ પંચાયતો, ૨૪૭ તાલુકા પંચાયતો, ૩૩ જિલ્લા પંચાયતો અને ૧૫૯ નગરપાલિકા અને ૮ મહાનગર પાલિકાઓ. મેં સવારે બિલ રજૂ કર્યુ ત્યારે જે વાત કરેલ ૬ કરોડ ગુજરાતીઓને આ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ જે અનેક પ્રકારની સેવાઓ આપે છે, એને વધુ સુદઢ કરવા માટે એનું વહીવટી માળખું એની ચૂંટાયેલી પાંખ વધુ સુદ્રઢ અને વધુ મજબૂત બને, અનુભવી હોદેદારોનો લાભ મળે એ માટે જે બિલ રજૂ કર્યુ એને માનનીય સભ્યશ્રીઓએ જે સમર્થન આપ્યું છે તે બદલ આભાર માનું છું અને આ બિલનું પહેલું વાચન કરવામાં આવે તેવી વિનંતી કરું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૧૫નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા(સુધારા)વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૧૧ વિધેયકનો ભાગ બની.**

**કલમ ૧૨ ઉપરનો સુધારો**

ઉપાધ્યક્ષશ્રી : કલમ ૧૨ સભાગૃહ સમક્ષ છે.

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ ૧૨ ઉપરનો નીચે પ્રમાણેનો સુધારો રજૂ કરુ છું.

"In clause 12, substitute sub-clause (1) as follows :-

"(1)(i) in proviso to sub-section (1), for the words "four months", the words "twelve months" shall be substituted;

(ii) after the existing proviso, the following proviso shall be inserted, namely :-

"Provided, however, that vacancy in the office of a member, if any, existing on the date of commencement of the Gujarat Local Authorities Laws (Amendment) Act, 2015, may not be filled till the general election is held for re-constituting the panchayat immediately after coming into force of the Gujarat Local Authorities Laws (Amendment) Act, 2015."

ઉપાધ્યક્ષશ્રી : સુધારો રજૂ થાય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇએ જે સુધારો રજૂ કર્યો છે તેનો મુખ્ય હેતુ નજીકના ભવિષ્યમાં તાલુકા, જિલ્લા પંચાયતોની સમગ્ર રાજ્યમાં ચૂંટણીઓ આવવાની છે. ત્યારે પંચાયત એકટમાં જે સુધારો કરીએ છીએ તે પ્રમાણે હવેથી એક વર્ષ સુધી ખાલી પડનારી જગ્યા હોય અને મુખ્ય ચૂંટણીને એક વર્ષ બાકી હોય તો

પેટા ચૂંટણી ન કરવી તેવો મુખ્ય દંડકશ્રીનો સુધારો છે. તેમાં બીજો ભાગ એ પણ છે કે તાજેતરમાં નજીકના ભવિષ્યમાં સમગ્ર રાજયમાં પંચાયતની ચૂંટણીઓ યોજાવાની છે અને અત્યારે જે ચૂંટણીઓ યોજાવાની છે તેને આવનારી ચૂંટણીઓના ભવિષ્યને અને નજીકના સમયને ધ્યાનમાં રાખી એ ચૂંટણીઓ લંબાવીએ તે પ્રમાણેના અર્થમાં માનનીય પંકજભાઇએ જે સુધારો રજૂ કર્યો છે. હું માનું છું કે સરકારને આ સુધારો સ્વીકારવામાં કોઇ પ્રશ્ન નથી એટલા માટે અમે આ સુધારો સ્વીકારીએ છીએ.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ ૧૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ ૧૨ વિધેયકનો ભાગ બની.**

**કલમ ૧૩ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**કલમ ૧૩ વિધેયકનો ભાગ બની.**

**કલમ ૧૪ ઉપરનો સુધારો**

ઉપાધ્યક્ષશ્રી : કલમ ૧૪ સભાગૃહ સમક્ષ છે.

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ ૧૪ ઉપરનો નીચે પ્રમાણેનો સુધારો રજૂ કરુ છું.

In clause 14, substitute sub-clause (1) as follows :-

"(1)(i) in proviso to sub-section (1), for the words "four months", the words "twelve months" shall be substituted;

(ii) after the existing proviso, the following proviso shall be inserted, namely:-

"Provided, however, that vacancy in the office of a member, if any, existing on the date of commencement of the Gujarat Local Authorities Laws (Amendment) Act, 2015, may not be filled till the general election is held for re-constituting the panchayat immediately after coming into force of the Gujarat Local Authorities Laws (Amendment) Act, 2015."

ઉપાધ્યક્ષશ્રી : સુધારો રજૂ થાય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ જે પ્રમાણે સ્વીકાર કર્યો છે તે પ્રમાણે આ સુધારાનો પણ સ્વીકાર કરીએ છીએ.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ ૧૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ–૧૪ વિધેયકનો ભાગ બની.**

**કલમ–૧૫ અને ૧૬ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**કલમ–૧૫ અને ૧૬ વિધેયકનો ભાગ બની.**

**કલમ–૧૭ ઉપરનો સુધારો**

ઉપાધ્યક્ષશ્રી : કલમ ૧૭ સભાગૃહ સમક્ષ છે.

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ ૧૭ ઉપરનો નીચે પ્રમાણેનો સુધારો રજૂ કરું છું. `

substitute Clause 17 as follows :-

"17. In the Panchayats Act, in section 89,-

(i) in proviso to sub-section (1), for the words "four months", the words "twelve months" shallbe substituted;

(ii) after the existing proviso, the following proviso shall be inserted, namely:-

"provided, however, that vacancy in the officeof a member, if any, existing on the date of commencement of the Gujarat Local Authorities Laws (Amendment) Act, 2015, may not be filled till the general election is held for re-constituting the panchayat immediately after coming into force of the Gujarat Local Authorities Laws (Amendment) Act, 2015."

ઉપાધ્યક્ષશ્રી : સુધારો રજૂ થાય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના સુધારની જેમ જ આ સુધારો પણ અમે સ્વીકારીએ છીએ.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ–૧૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ–૧૭ વિધેયકનો ભાગ બની.**

**કલમ–૧૮ થી ૨૫, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૫નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા)વિધેયકનું ત્રીજું વાચન કરવમાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૪–સન–૨૦૧૫નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૫.**

**ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક, ૨૦૧૫**

**ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી બાબુભાઇ બોખીરીયા(કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, •રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૫નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૫નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી બાબુભાઇ બોખીરીયા **(** કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સહકાર એટલે સમાનતા, હકારાત્મક વલણ, કાર્યશીલતા અને રચનાત્મક પ્રવૃત્તિ. સહકારી સંસ્થા એ એવા પ્રકારનું સંગઠન છે કે જેમાં લોકો પોતાના આર્થિક હિતોના ઉત્કર્ષ માટે સમાનતાના ધોરણે સ્વેચ્છાએ એકત્રિત થાય છે અને તેમના સાધનોને એકત્રિત કરી પરસ્પર સહાય દ્વારા પોતાના ધ્યેય સિદ્ધ કરે છે, આપણા દેશમાં સહકારની ભાવના આપણી સંસ્કૃતિ સાથે વણાયેલી છે, સહકારી પ્રવૃત્તિની શરૂઆત ભારતમાં વૈધાનિક રીતે સન ૧૯૦૪માં શરાફી મંડળીઓના કાયદા દ્વારા થયેલ. સમય જતા અન્ય પ્રકારની મંડળીઓની માંગ ઉભી થતાં સન ૧૯૧૨માં સહકારી મંડળીઓનો નવો કાયદો અમલમાં આવ્યો. સન ૧૯૧૯માં સહકારી પ્રવૃત્તિનો વિષય પ્રાંતીય સરકારના હસ્તક જતાં સન ૧૯૨૫માં સૌ પ્રથમ મુંબઇ સરકારે સહકારી કાયદો પસાર કર્યો અને આ જ ધોરણે સન ૧૯૬૧માં ગુજરાત રાજ્યમાં સહકારી મંડળીઓનો કાયદો અમલમાં આવ્યો. ગુજરાત રાજ્ય સહકારી પ્રવૃત્તિમાં સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. રાજ્યમાં જુદા જુદા પ્રકારની ૭૦૦૦૦ કરતાં વધારે મંડળીઓ કાર્યરત છે જે તમામ ક્ષેત્રે પોતાના અસ્તિત્વની નોંધ લેવડાવી રહેલ છે. આ તમામ સંસ્થાઓ સાથે જોડાયેલા સભ્યોના હક્કો, ફરજો અને અધિકારો વિધિવત રીતે સહકારી કાયદામાં નિહિત થયેલ છે. સહકારી સંસ્થાઓનો મહત્તમ વિકાસ થાય તેમજ સંસ્થાઓને તેમના વહીવટમાં સંપૂર્ણ સરળતા મળી રહે અને સભાસદોનું હિત પણ જળવાય તે માટે સહકારી કાયદામાં વખતોવખત સુધારા કરવામાં આવ્યા છે, વર્ષ ૨૦૦૨માં નાગરિક સહકારી બેન્કોને લગતું સમગ્ર પ્રકરણ દાખલ કરતો સુધારો રજૂ થયેલો તથા વર્ષ ૨૦૦૮માં કૃષિ ધિરાણ કરતી સંસ્થાઓના રિવાઇવલ પેકેજ સંબંધિત વૈદ્યનાથ સમિતિની ભલામણોને આધારિત સુધારા કરવામાં આવેલ છે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા ૧૯૯૭માં બંધારણીય સુધારો થતાં તેના અનુસંધાને રાજ્યનો સહકારી કાયદો વર્ષ ૨૦૧૩માં પણ સુધારવામાં આવેલ છે. સહકારી પ્રવૃત્તિની સાથે જ્યારે રાજ્યનો દર ચોથો ગુજરાતી સંકળાયેલો હોય ત્યારે અને રાજ્યની સહકારી પ્રવૃત્તિ જ્યારે સમગ્ર વિશ્વમાં જાણીતી હોય ત્યારે સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલ સભાસદો અને થાપણદારોના હિતને ધ્યાનમાં લઇને આ સંસ્થાનો વહીવટ થાય તે અપેક્ષિત છે સાથે સાથે સહકારી સંસ્થાઓનો વહીવટ, સ્વચ્છ, પારદર્શક અને પ્રમાણિત રીતે થાય તે પણ તેટલું જ જરૂરી છે. આ સમગ્ર બાબતોને ધ્યાનમાં લઇને સહકારી સંસ્થાઓના વહીવટમાં જરૂરી એવા સુધારા રજૂ કરવામાં આવ્યા છે. આમ હાલ પ્રવર્તમાન સહકારી કાયદાના અમલીકરણના સમયે ઉદભવતી વહીવટી મુશ્કેલીઓને દૂર કરવા તથા સહકારી પ્રવૃત્તિઓનો વધુમાં વધુ વિકાસ શક્ય બને તે માટે સહકારી કાયદામાં પુનઃ સુધારો કરવો જરૂરી બન્યો છે આથી સહકારી કાયદામાં સુધારો કરતું વિધેયક ક્રમાંક–૧૫ આ ગૃહ સમક્ષ મંજૂરી માટે હું રજૂ કરું છું.

શ્રી પરબતભાઇ સ. પટેલ**(**થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત સહકારી મંડળી સુધારા વિધેયક, ૨૦૧૫, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ વધુ સુધારવા બાબતનું જે વિધેયક લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે અને મંત્રીશ્રીને ધન્યવાદ આપવા માટે હું ઉભો થયો છું. આદરણીય અધ્યક્ષશ્રી આ સહકારી વિધેયક ૧૯૬૧માં જે સહકારી કાયદો અમલમાં આવ્યો, શાહુકારોની ચુંગાલમાંથી છોડાવવા માટે ગ્રામ કક્ષાએ જે નાની નાની સહકારી મંડળીઓ અનેક પ્રકારની જેમાં ખેતી વિષયક પ્રાથમિક સહકારી મંડળીઓ હોય, દૂધ મંડળી હોય, ગોપાલક મંડળી હોય, સિંચાઇ મંડળી હોય, ક્રેડિટ કો–ઓપરેટીવ સોસાયટી હોય, તાલુકા ખરીદ વેચાણ સંઘ, સહકારી સંઘો, જિલ્લા સહકારી મધ્યસ્થ બેન્કો, ફેડરેશનો, દૂધ ઉત્પાદક સંઘો અને સમગ્ર રાજ્યનું સહકારી માળખું જેના અન્ડરમાં ચાલે છે એવો સહકારી કાયદો જેમાં સમયાંતરે ઘણા બધા સુધારા પણ થયા છે, પણ આ સુધારા કરવા છતાં પણ ક્યાંક ક્યાંક કાયદાની થોડીઘણી છટકબારી રહેતી હતી, જેમ આદરણીય મંત્રીશ્રી એના ઉદ્દેશો અને કારણોમાં બતાવી રહ્યા હતા કે રાજ્યમાં ૭૦૦૦૦ કરતાં વધારે મંડળીઓના માધ્યમથી જ્યારે આ સહકારી ક્ષેત્ર ચાલે છે, અમારે ત્યાં ગામડામાં તો આજે પણ સહકારી કાયદા વિશે તો

• વિધેયક તા.૧૯મી માર્ચ ૨૦૧૫ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

એવું કહેવાય કે સહકાર ત્યારે જ ચાલે કે એક હાથે લેવું અને બીજા હાથે પરત આપવું, સહકારની ભાવના, સાચી સહકારીતા ત્યારે જ કહેવાય, ક્યારેક ક્યારેક જે આ કાયદામાં સુધારા કરવામાં આવ્યા અને એ સુધારાના અનુસંધાનમાં આજે પણ મંત્રીશ્રી જે કાયદો લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું. ખાસ કરીને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ–૧૯૬૧માં સમયાંતરે વિવિધ સુધારાઓ કરવામાં આવ્યા છે. આ તમામ સુધારાઓ વિવિધ પ્રકારની મંડળીઓનો વહીવટ વધુ સુદ્રઢ બને તે ધ્યાને લઇને કરવામાં આવ્યા છે. તેમ છતાં, સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને રાખી આ અધિનિયમમાં કેટલાંક ફેરફારો આવશ્યક અને અનિવાર્ય બન્યા છે, ત્યારે માનનીય મંત્રીશ્રી દ્વારા સુધારા વિધેયક રજૂ થયેલ છે, જે સર્વથા યોગ્ય છે.

આદરણીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો આ સહકારી સંસ્થાઓની મુદત જે ત્રણ વર્ષની હતી અને સમગ્ર વ્યવસ્થાપક સમિતિની મુદત પાંચ વર્ષની કરી છે અને જે સમવાયી મંડળીઓ અને શહેરોની જે મોટી મંડળીઓ છે તેના માટે હોદેદારોની મુદત અઢી વર્ષ, બાકી જે પ્રાથમિક સહકારી મંડળીઓ ગ્રામ લેવલની છે તે બધાની વ્યવસ્થાપક સમિતિ અને હોદેદારોની મુદત પણ સાહેબ પાંચ વર્ષની કરી છે જેને હું ખૂબ ખૂબ ધન્યવાદ અને અભિનંદન આપું છું.

આદરણીય અધ્યક્ષશ્રી, જે સહકારી સંસ્થાઓ છે તેના મારફત કલ્યાણકારી પ્રવૃત્તિ પણ થવી જોઇએ અને આ કલ્યાણકારી પ્રવૃત્તિ માટે સન ૧૯૬૨ના ગુજરાતના દસમા અધિનિયમમાં નવી કલમ–૭૦ (ક) દાખલ કરવાનું નક્કી કર્યુ છે અને એ જે કલમ છે તેમાં સાહેબ રાજયના નાગરિકો માટે સહકારી સંસ્થાઓ દ્વારા કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરાય તેમજ સભાસદોને આરોગ્ય, શિક્ષણ તથા અન્ય ક્ષેત્રોએ વધુ સવલતો સંસ્થાઓ મારફતે પ્રાપ્ત થાય તે હેતુથી સભાસદ કલ્યાણકારી ફંડ અંગેની જોગવાઇ આ સુધારા વિધેયક દ્વારા રજૂ થયેલ છે. આમ સહકારીતા મારફત તેના સભાસદો માટેની કલ્યાણકારી પ્રવૃત્તિઓને પણ વેગ આપતો સુધારો આવકારદાયક છે.

આદરણીય અધ્યક્ષશ્રી, સાથે સાથે સહકારી કાયદામાં ડૂબત લેણાં ફંડ, જે ડૂબત લેણાં ફંડનો ગમે ત્યારે ગમે તે રીતે ઉપયોગ થતો હતો પણ આ ડૂબત લેણાં ફંડને વાપરવાની જોગવાઇમાં પણ સરળતા કરતી જોગવાઇ કરવામાં આવી છે અને સાથે સાથે આ ફંડનો ઉપયોગ જે તે હેતુ માટે જ થાય તે સુનિશ્ચિત કરવા સરકારશ્રીની પૂર્વ મંજૂરીની જોગવાઇ કરી છે તેને પણ આવકારું છું.

આદરણીય અધ્યક્ષશ્રી, સહકારી સંસ્થાઓની રચના તેમાં જે કોઇ સભાસદ સભ્ય દાખલ થવા માટે ઇચ્છતો હોય તેને દાખલ કરવાવાળી વાત કયારેક સાહેબ મંડળીઓ દાખલ ન પણ કરે. અત્યારે એમાં એવી જોગવાઇ કરી છે કે જે કોઇ સભ્ય પ્રાથમિક સભ્યે દાખલ થવા માગતો હોય એને દાખલ કરવાનો અને દાખલ ના કરે તો રજિસ્ટ્રારમાં અપીલ કરીને એને દાખલ કરવા માટેની પણ જોગવાઇ કરી છે તેને પણ આદરણીય અધ્યક્ષશ્રી આવકારું છું.

આ ઉપરાંત કયાંક કયાંક વહીવટમાં ભૂલો થતી હોય અને વહીવટમાં જયારે ભૂલ થતી હોય ત્યારે જુદી જુદી કલમો વખતે જે તે વખતે અમલીકરણ માટે ૧૪૮માં જોગવાઇ કરી હતી. પણ કલમ ૧૪૮માં જે જોગવાઇ કરી છે તેમાં વધારે દંડની જોગવાઇ સમયાંતરે કરવી પડે અને તેના માટે સહકારી કાયદાની વિવિધ જોગવાઇ અન્વયે સહકારી સંસ્થાઓ પર અથવા સંસ્થા દ્વારા અધિકૃત કરેલા અધિકારી પર વિવિધ પ્રકારની જવાબદારી મૂકવામાં આવેલ. આ જોગવાઇઓ મુજબ સંસ્થા અથવા અધિકૃત વ્યકિત કે અધિકારી દ્વારા કામગીરી ના કરવામાં આવે ત્યારે તેને દંડ અથવા શિક્ષા અથવા બન્ને કરી શકાય તેવી જોગવાઇ સહકારી કાયદાની કલમ ૧૪૮માં કરેલ છે જેને આ સુધારા દ્વારા શુદ્ધિકરણ કરવાનો જે પ્રયાસ માનનીય મંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ છે જેને આદરણીય અધ્યક્ષશ્રી હું આવકારું છું.

આદરણીય અધ્યક્ષશ્રી, અત્યારે સહકારમાં કયાંય અવિશ્વાસની દરખાસ્ત હતી જ નહીં. અવિશ્વાસની દરખાસ્ત લાવવાનો જે પ્રસ્તાવ છે તેને આવકારું છું પણ તેમાં સૂચન પણ કરું છું. તેમાં ૧/૩ સભ્યો જો સહી કરીને રજૂ કરે, ૧/૩ સભ્યો જે આપવાની વાત છે તેમાં સાહેબ બહુમતિ સભ્યો હોવા જોઇએ અને પાસ કરવા માટે ૨/૩ સભ્યો જ છે પરંતુ ૧/૩ સભ્યોની દરખાસ્તવાળી વાત હશે તો રોજ આ પ્રકારે ચાલતું રહેશે એવુ મારું મંતવ્ય છે.

આદરણીય અધ્યક્ષશ્રી, સાથે સાથે એક ખૂબ અગત્યની જોગવાઇ ઇ–ટેન્ડરીંગની કરી છે. ઇ–ટેન્ડરીંગમાં નવી ૧૫૬–ક કલમ દાખલ કરી છે કે રાજય સરકાર રાજપત્રમાં પ્રસિદ્ધ કરવાના સામાન્ય અથવા ખાસ હુકમથી કોઇ મંડળી અથવા મંડળીના કોઇ વર્ગને ઇ–ટેન્ડરીંગની પ્રક્રિયાને અનુસર્યા સિવાય એવી મંડળી અથવા મંડળીના વર્ગને લગતી એવી બાબતોના સબંધમાં કોઇ કરાર ન કરવા એની તેટલી રકમ માટેની ખરીદીઓ ન કરવા આદેશ આપેલ છે. આને સાહેબ હું અનુમોદન આપું છું. પણ સાથે સાથે સૂચન કરવા માગું છું કે જયારે કયાંક તાત્કાલિક જરૂરિયાત પેદા થાય, નાની મંડળી હોય, કયાંક નાની મંડળી, તાલુકા સહકારી ખરીદ વેંચાણ સંઘો મારફત કયારેક પૂર આવ્યું, વાવાઝોડું આવ્યું, પાક નિષ્ફળ ગયો અને બિયારણની ખરીદી કરવાની જરૂરિયાત ઉભી થાય, અચાનક ખેતીવાડીમાં રોગચાળો પેદા થયો હોય, અને જે કંઇ જંતુનાશક દવાઓની માગણી કરવામાં આવે, કયારેક માવઠાને લીધે તાડપત્રીઓની ખરીદી કરવામાં આવે ત્યારે, આપણે આમાં ઇ ટેન્ડરીંગની પ્રક્રીયા ન રાખવી એવું નથી કહેતો, પણ તાત્કાલીક ખરીદવામાં ન આવે તો આપણો હેતુ સહકારીતાનો છે તે હેતુમાં ઓટ આવે, એટલે કયાંક અમૂક લીમીટ સુધી અથવા આવા સંજોગોમાં એમાં રાજય સરકારે નકકી કર્યું છે કે રાજય સરકાર આદેશ આપીને આ કરી શકે, તો એવા સમયે રાજય સરકાર આદેશ આપે પણ નાની સંસ્થાઓ માટે અમુક લીમીટ કરે કે આટલું ઇ ટેન્ડરીંગ વગર પણ ખરીદી શકશે. આ મારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું હતું. આ સિવાય ઘણા બધા સુધારા કર્યા છે તે બધા જે સુધારાઓની

જોગવાઇ કરી છે તેને સમગ્રતયા અનુમોદન આપું છું અને આ જે સુધારો લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે બધાને વિનંતી કરું છું.

શ્રી સતિષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આદરણીય બાબુભાઇ બોખીરીયા સાહેબ ગુજરાત સહકારી મંડળી સુધારા વિધેયક સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૫ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું અને તેને સમર્થન આપું છું. સમગ્ર ભારતમાં ગુજરાતની અંદર સહકારી માળખું સર્વ શ્રેષ્ઠ સ્થાને છે, અને હજુ પણ એના માટે માનનીય મંત્રીશ્રી જે સુધારા લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું. સહકારી સંસ્થાઓ લોકશાહી ઢબે ચાલતી સ્વાયત સંસ્થાઓ છે. તથા તેમના વહીવટની તમામ જવાબદારીઓ સંસ્થાની વ્યવસ્થાપક સમિતિમાં નકકી થતી હોય છે. આ વ્યવસ્થાપક સમિતિ તો ચૂંટાયેલા સભ્યોની બનેલી હોય છે. તથા સહકારી સંસ્થાના તમામ સભાસદોની બનેલી સાધારણ સભા પ્રત્યે ઉતરદાયી બને છે. પરંતુ કેટલાક સંજોગોમાં આવી વ્યવસ્થાપક સમિતિઓની અંદર ચૂંટણી શકય બનતી નથી. અથવા તો ચૂંટાયા પછી કેટલાક કારણોસર આવી વ્યવસ્થાપક સમિતિ કાર્યશીલ બની શકતી નથી. આવા સંજોગોમાં સહકારી સંસ્થાઓનો વહીવટ ખોરંભે પડતો હોય છે તથા વહીવટી શૂન્યાવકાશ ઉદભવે છે. ત્યારે સભાસદોને ખૂબ જ નુકસાન ભોગવવું પડતું હોય છે. આ ઉપરાંત કેટલીક વખત સહકરી સંસ્થાઓમાં વ્યવસ્થાપક સમિતિ સહકારી કાયદાના નિયમો તથા પેટા નિયમોની જોગવાઇનો ભંગ કરતા હોય છે. અથવા તો પોતાની સત્તાનો દૂર ઉપયોગ કરીને ગેરરીતિ આચરતા હોય છે. તેવા સંજોગોમાં સંસ્થા સાથે સંકળાયેલ સભાસદોનું હિત જોખમાતું હોય છે. આવી પરિસ્થિતિ ઉદભવે ત્યારે વહીવટી નિયંત્રણ માટે બાહ્ય હસ્તક્ષેપ જરૂરી બનતો હોય છે. માનનીય મંત્રીશ્રીને હું અભિનંદન પાઠવું છું કે આવા તમામ સંજોગોમાં સહકારી સંસ્થાઓનું હિત જળવાય તે માટેની જોગવાઇઓ તેઓ દ્વારા પ્રસ્તુત સહકારી કાયદામાં સુધારા વિધેયકમાં સમાવિષ્ટ કરેલા છે. સહકારી સંસ્થાઓમાં વહીવટી શૂન્યાવકાશ ઉદભવે ત્યારે સંસ્થા પુનઃ લોકશાહી ઢબે કાર્યરત બને તે માટે નવી વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી થાય તે જરૂરી હોય છે. આથી આ માટે કસ્ટોડીયનની નિમણૂક કરવાની જોગવાઇ આ વિધેયકમાં રજૂ કરેલ છે. આ જ રીતે જયારે સહકારી સંસ્થાઓમાં વ્યવસ્થાપક સમિતિ દ્વારા ગેર વહીવટ કરવામાં આવે કે ગેરરીતિ આચરવામાં આવે ત્યારે આવી ગેરલાયક સમિતિને દૂર કરી સંસ્થાઓમાં વહીવટી નિયંત્રણ પુનઃ પ્રાપ્ત કરી નવી યોગ્ય વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરી શકાય એ માટે અથવા વધુ સભ્યોની બનેલી સમિતિ વહીવટદાર તરીકે નિમણૂક કરવાની જોગવાઇ પણ આ વિધેયકમાં રજૂ કરવામાં આવી છે. આવા દૂર કરેલા સભ્યોને મંડળીના વહીવટથી દૂર રહે તથા પુનઃ ગેરવહીવટ કરતા અટકે તે હેતુથી છ વર્ષ સુધી ફરીથી ચૂંટણી ન લડી શકે તેવી જોગવાઇ પણ આ વિધેયકમાં કરેલ છે. આ ઉપરાંત સંસ્થાની અંદર ઓડિટ સમયે ગેરરીતિ ધ્યાનમાં આવે તો ઓડિટ અહેવાલના આધારે સહકારી કાયદામાં વિવિધ જોગવાઇઓ અનુસાર પગલાં ભરી શકાય પરંતુ ઇન્સ્પેકશન સમયે કોઇ ગેરરીતિ ધ્યાનમાં આવે ત્યારે કોઇ પગલાં ભરી શકતાં નહોતા પરંતુ આ વિધેયક આવવાથી કોઇ ઓડિટ અહેવાલ હોય કે ઇન્સ્પેકશન અહેવાલ હોય એના ધ્યાને આવેલ ખામીઓ સંસ્થા દૂરસ્ત ન કરે તો એની સામે કાર્યવાહી થઇ શકશે. પરંતુ આ સંસ્થાઓમાં આપેલ સૂચનાઓનો અમલ ગંભીરતાપૂર્વક થાય તથા ઓડિટ અહેવાલ જેટલું જ મહત્વ ઇન્સ્પેકશન અહેવાલમાં ધ્યાને આવેલ ગેરરીતિ સામે પણ યોગ્ય પગલાં ભરી શકાય તેવી જોગવાઇ આ સહકારી કાયદામાં દાખલ કરવામાં આવી છે. મને ગર્વ અનુભવાય છે કે માનનીય મંત્રીશ્રી દ્વારા રજૂ થયેલ વિધેયકમાં ઓડિટ અને ઇન્સ્પેકશનની મહત્વની કામગીરીમાં વધુ સુદ્રઢતા આપે એવી જોગવાઇઓ આની અંદર રજૂ કરેલ છે. આ સહકારી સંસ્થાઓની લોકશાહીને બાધ ન આવે તથા સભાસદોનું હિત જળવાય એ મુજબ સંસ્થાઓમાં થયેલ ગેરરીતિની ગંભીરતા જણાય તથા તે માટે યોગ્ય ત્વરિત પગલાં ભરવા સહકારી સંસ્થાઓ પ્રેરાય તેવા પ્રયત્ન આ વિધેયકની જોગવાઇઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા છે. ખરેખર માનનીય મંત્રીશ્રી જે આ સુધારા લાવ્યા છે તેનાથી સભાસદોને તો ફાયદો થવાનો છે પરંતુ સાથે સાથે સંસ્થાઓની અંદર જે ગેરરીતિ થતી હતી અને વહીવટની અંદર જે ખામીઓ આવતી હતી એ પણ આ સુધારાથી સંસ્થાઓને ફાયદો થવાનો હોય ત્યારે માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લાવ્યા છે તેને અનુમોદન આપું છું.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય સહકારી સુધારા બિલ ૧૫ લઇને રાજયના મંત્રીશ્રી આવ્યા છે એને સમર્થન આપવા માટે તથા મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

ગુજરાત એક એવું રાજ્ય છે કે વર્ષો પહેલા મહારાષ્ટ્ર અને ગુજરાતમાં સહકારીનો પાયો નખાયો હોય એમાનું આ એક રાજય છે. આ રાજયમાં વડોદરામાં ૧૦૫ વર્ષ જૂની બેન્ક, જેની અહીંથી સ્થાપના થઇ અને સહકારી પાયો નખાયો. આપણી સહકાર પ્રવૃતિ દેશમાં પહેલા નંબરે છે. પરતુ એમાં જે જે ત્રૂટિઓ છે તેને લીધે સરવાળે સભાસદોનું હિત જોખમાય નહિ એના માટે આ બિલ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરું છું. ભારત એક લોકશાહી ઢબે ચાલતો દેશ છે. એના બંધારણમાં લોકોના, લોકો માટે, લોકો વડે ચાલતા વહીવટ અર્થે પ્રગટ થાય છે તે જ રીતે સહકારના સાત સિદ્ધાંતોમાં સભાસદોના લોકશાહી અંકૂશ રૂપે લોકશાહી પદ્ધતિને સ્વીકારેલી છે. સહકારી સંસ્થાઓમાં તમામ સત્તા સાધારણ સભામાં નિયત થાય છે. આ સાધારણ સભા એટલે કે સંસ્થાના તમામ સભાસદો મળીને વ્યવસ્થાપક સમિતિના સ્વરૂપમાં પોતાના પ્રતિનિધિઓને સંસ્થાની તમામ કામગીરી સોંપે છે. આમ આ સહકારી સંસ્થાની વ્યવસ્થાપક સમિતિ સાધારણ સભા પ્રત્યે ઉત્તરદાયી બને એ હેતુથી હોદ્દેદારોની નિમણૂક કરે છે. આમ સહકારી સંસ્થાના લોકશાહીના વડા તરીકે આ હોદ્દેદારો ગણી શકાય. સહકારી સંસ્થાના હોદ્દેદારોના તમામ નિર્ણયો તથા પગલાની સીધી અસર સંસ્થા તથા સભાસદોના હિત સાથે સંકળાયેલી છે. જો તેઓ પોતાની ફરજ નિભાવવામાં ચૂક કરે અથવા તો સભ્યોની અપેક્ષાઓ પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય તો તે

સંદર્ભે યોગ્ય કાર્યવાહી કરવા અંગે કાર્યનીતિ નક્કી કરવી ખૂબ જરૂરી છે. પ્રવર્તમાન સહકારી કાયદામાં સભાસદોની અપેક્ષાઓ પૂર્ણ કરવામાં નિષ્ફળ થયેલ હોદ્દેદારો વિરૂદ્ધ કાર્યવાહી થઇ શકે તેવી કોઇ જોગવાઇ કડક નથી. પરંતુ સભાગૃહ સમક્ષ પ્રસ્તુત વિધેયકમાં સહકારી સંસ્થાઓની વ્યવસ્થાપક સમિતિ દ્વારા તેના હોદ્દેદારો સામે જે કંઇ ખોટું કરતા હોય તો એ દરખાસ્ત અવિશ્વાસની દરખાસ્ત લેવી હોય તો એક તૃતિયાસ સભ્યો આ દરખાસ્ત લઇ આવે અને આના માટે સહકારી કાયદામાં જે નવી કલમ ૭૪(ચ) ઉમેરવા માટેની દરખાસ્ત કરેલ છે. જે સહકારી સંસ્થાઓને વ્યવસ્થાપક સમિતિ દ્વારા તેના ચૂંટાયેલા હોદ્દેદારો વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત અંગેની કાર્યરીતિ સૂચવે છે. આમ લોકશાહી ઢબે ચાલતી સહકારી સંસ્થાઓમાં લોકશાહીના જ એક અન્ય પાસાનો સમાવેશ આ વિધેયક દ્વારા રજૂ કરવામાં આવ્યો છે, જે ખરેખર સરાહનીય છે. માટે આ સાથે આ જે વિધેયક લઇને રાજયના સહકાર મંત્રીશ્રી બાબુભાઇ આવ્યા છે અને સહકારના ઉદ્દેશમાં જે કંઇ ઘટતી કડીઓ છે એ ભવિષ્યમાં પણ સભાસદને ન્યાય મળે તેના માટે હું આવકારું છું અને મારું સમર્થન વ્યકત કરું છું.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં સહકારી ક્ષેત્રે કાર્યરત તમામ મંડળીઓ– સભાસદોનું આર્થિક હિત જળવાય તે માટે સહકારી કાયદામાં વહીવટ યોગ્ય રીતે ચાલે તે અંગે કરેલી વિવિધ જોગવાઇઓ વધુ મજબૂત કરતા સહકારી કાયદા વિધેયક ક્રમાંક–૧૫ અંગે મારા વિચારો સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું હૃદયપૂર્વક માનનીય સહકાર મંત્રી બાબુભાઇ બોખીરીયાજીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સાચા અર્થમાં અભિનંદન આપવા માટે એક મૂળ કારણ છે કે છેલ્લા કેટલાય વખતથી આ કાયદાનું અમલીકરણ ચાલે છે. આમાં નહીંવત સુધારો છે. તેની જે ખામીઓ છે એ ખામીઓ એવા પ્રકારની છે કે તેના કારણે સમગ્ર ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિને ખૂબ વેગ મળે અને કોઇ જગ્યાએ કોઇ હિતનું નુકસાન ન થાય એવા પ્રકારનું વિધેયક જેમાં ૪૦ સુધારા લઇને બાબુભાઇ બોખીરીયાજી આવેલા છે. આ ૪૦ સુધારામાં ૧૫ સુધારા તો એવા છે કે બાબુભાઇની દ્રષ્ટિ અને ભારતીય જનતા પાર્ટીની દ્રષ્ટિ આવકારદાયક છે. એટલા માટે કે માધુપુરા બેંક, નાગરિક બેંક, બીજી સહકારી સંસ્થાઓ તૂટી જતી હતી. આપખુદશાહીનું જતન થતું હતું ત્યારે ખરેખર આ સહકારી પ્રવૃત્તિમાં મને કહેતા આનંદ થશે કે કલમ–૨૯ સમવાયી મંડળી એટલે કે જે મંડળીમાં ઓછામાં ઓછા પાંચ સભ્યો મંડળીના હોય એ સુધારીને સમવાયી મંડળીના સભ્ય તરીકે ઓછામાં ઓછી દસ મંડળી હોય તો જ આવી સમવાયી મંડળી રજિસ્ટ્રેશન થશે. તેના કારણે હાલની જોગવાઇ ઘણાં સમયથી થઇ નહોતી તેને કરવામાં આવેલી છે. નવી જોગવાઇ કલમ–૨૨(ક) પેટા કલમ હેઠળ મંડળીના નિર્ણયથી નારાજ થયેલા હોય, ડિસ્ટ્રીકટ બેંકના નિર્ણયથી નારાજ થયેલા હોય, નાગરિક બેંકોના નિર્ણયથી નારાજ થયેલા હોય તો એવા વ્યક્તિ કોઇ પણ આપખુદશાહી ન કરે અને રજિસ્ટ્રાર પાસે જાય અને સાત દિવસમાં તેનું હિયરીંગ થાય અને સાચા અર્થમાં લોકશાહીનું જતન કરવા માટે આ જે કાર્ય કરવામાં આવેલું છે એ સુધારા આવકારદાયક છે. મંડળીમાં જયારે વ્યક્તિગત સભાસદ તરીકે દાખલ થવા ઇચ્છતા હોય ત્યારે તેને ન્યાય મળે અને ન્યાય મળે ત્યારે આ સહકારી પ્રવૃત્તિ સમગ્ર ગુજરાતમાં છેલ્લા ૨૦ વર્ષથી ખૂબ ફૂલીફાલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવી કલમની જોગવાઇની વાત કરું તો કોઇ વ્યક્તિ નાણાકીય વર્ષમાં સભ્ય તરીકે ચૂંટાઇ આવી હોય અને ૩૧મી તારીખે વર્ષ ગણાતું હોય એવા સંજોગોમાં પૂરા નાણાકીય વર્ષમાં મંડળી સભ્ય તરીકે રહી હોય તે સિવાય તે વ્યક્તિ નાણાકીય વર્ષ માટે સમિતિના સભ્યને મતાધિકાર આપવાનો આવતો નથી. ઘણી વખત એમ થતું હોય છે કે બનાવી બેઠેલી મંડળી હોય, સ્થાપિત હિતો આ કામ માટે સભ્ય બનાવી દેતા હોય છે. તો એક વર્ષ સુધી નાણાનો જો વ્યવહાર કરેલો ન હોય તો કયારેય પણ એ સભ્ય બની શકતા નથી. છેલ્લી ઘડીએ સભ્ય બનવાની મેલી મુરાદ હોય તે બર આવતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એક નવી જોગવાઇ કલમ–૭૦ (ક)માં સભાસદનું કલ્યાણ ફંડ કલમ–૪૭, ૪૭(ક), ૪૮, ૬૯માં જોગવાઇ કર્યા પ્રમાણેના એવા ફંડ અથવા કલમ–૭૦ હેઠળના ફાળવવાની જોગવાઇ કરવા પાત્ર હોય અથવા તેવી દરેક મંડળીની સભ્યની કલ્યાણ પ્રવૃતિ માટે પોતાના ચોખ્ખા નફામાંથી ફાળવણીનો આ રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે એ ખરેખર આવકારદાયક છે. સમાજનું કલ્યાણ કરવું હોય અને ઇન્કમ ટેક્ષ ભરવો ન હોય અને સમાજને મંડળીમાંથી ફાળવણી કરવી હોય, મંડળીની કાર્યક્ષમતા હોય, મંડળીની તાકાત હોય, તો ચોક્કસપણે આ કાયદાથી હું માનું છું ત્યાં સુધી સમગ્ર ગુજરાતમાં આ સહકારી પ્રવૃત્તિને ખૂબ તાકાતવાન બને તેવો આ કલમમાં સુધારો કરવામાં આવેલ છે. ૭૪–ગમાં વ્યવસ્થાપક સમિતિના સભ્યની અને હોદ્દેદારોની ચૂંટણી અને મુદત પાંચ વર્ષની કરવામાં આવેલ છે. પહેલાં ત્રણ વર્ષની હતી. પછી આજે પાંચ વર્ષની કરી અને આ પાંચ વર્ષની મુદત પછી પણ આ બાબુભાઇ બોખીરીયાની એક દ્રષ્ટીના કારણે જિલ્લા સહકારી બેંક હોય, નાગરિક બેંક હોય, એને અઢી વર્ષે– અઢી વર્ષે પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી થાય અને પાંચ વર્ષે વ્યવસ્થાપક કમિટિની ચૂંટણી થતી હોતી નથી. આને કહેવાય છે પારદર્શકતા, આને કહેવાય છે વિશ્વનિયતા અને જયારે કોઇ વ્યકતિને ડર ન હોય અને સાચું કામ કરતો હોય, પ્રામિણકતાથી કામ કરતો હોય તો અઢી વર્ષે શું વર્ષે વર્ષે આવે તો પણ એને વાંધો નથી. એટલે આ ૨.૫ વર્ષનો સુધારો કરવામાં આવેલ છે એ ખરેખર આવકારદાયક છે. આજના દિવસે જે સુધારા વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા અંતકરણપૂર્વકનો સૂર પૂરાવું છું. શ્રી બાબુભાઇ બોખીરીયા સાહેબને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બોખીરીયા સાહેબ જે વિધેયક લઇને આવ્યા છે તે વિધેયકને મારું સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું. કહેવાય છે કે, ''વિના સહકાર નહીં ઉદ્ધાર.'' ખરેખર જો ઉદ્ધાર કરવો હોય તો સહકાર વગર ઉદ્ધાર થઇ શકતો નથી. એવી જ રીતે માનનીય મંત્રીશ્રી અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ખેડૂત પુત્રી હોવાના નાતે એમણે જે હિંમત બતાવી છે એ આજ દિન સુધીના સહકારના ઇતિહાસમાં કોઇએ બતાવી નથી. આજ દિન

સુધી આવા પગલાં લેવા માટે કોઇ પ્રયત્ન કર્યા નથી. સહકારની અંદર જે કાંઇ અત્યાર સુધી ચાલતું હતું એ બંધ કરવા માટે બાબુભાઇ સાહેબને ખૂબ અભિનંદન આપું છું. મુખ્યમંત્રીશ્રીને ખૂબ અભિનંદન આપું છું પારદર્શકતા આપવા માટે, ગુજરાતના ખેડૂતોનું ભલું થાય તેના માટે સૌથી પ્રથમ જે ટેન્ડર પ્રક્રિયા આપ મેળે ચાલતી હતી એને બદલે ઇ–ટેન્ડરીંગની પદ્ધતિ માટેના પગલાં લીધા હોય તો એ ગુજરાત સરકારે લીધા છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને બાબુભાઇ સાહેબના વખતમાં આ બધું થયું છે. આજ સુધી સહકારી મંડળી હોય, સંઘો હોય, બેંકો હોય કે જે કોઇ સહકારથી ચાલતી તમામ સંસ્થાઓ હોય એમાં અવિશ્વાસની દરખાસ્ત ન લાવી શકાય એવી જોગવાઇ હતી. એ વર્ષોથી પરંપરાગત રીતે ચાલતી આવતી હતી. કોંગ્રેસના શાસનથી આ જોગવાઇ હતી. એ જોગવાઇ કોઇએ બંધ કરી હોય તો એ સૌ પ્રથમ મહિલા મુખ્યમંત્રી અને ખેડૂત પુત્રી અને બાબુભાઇ બોખીરીયા સાહેબે કરી છે. અવિશ્વાસની દરખાસ્તને માન્યતા આપવા માટે કાયદામાં કાયદેસરનો સુધારો કરવા હિંમતપૂર્વક પગલું ભર્યું છે. અત્યાર સુધી એવી વ્યવસ્થા હતી કે, દરેક સહકારી સંસ્થાઓમાં સરકારી ઓડિટ થાય અને સરકારના ઓડિટર ઓડિટ કરે, દૂધ સંઘમાં કોઇપણ ઓડિટર આવે અને બહારના સી.એ.નું ઓડિટ થતું હતું. એની પારદર્શકતા લાવવા માટેની વ્યવસ્થા આ સરકારે કરી છે. એટલે સરકારી ઓડીટરો દરેક જગ્યાએ રહેશે અને દરેક સંસ્થાનું ઓડીટ પણ સરકારી અધિકારીઓ કરશે તો એનાથી ખૂબ સારી પારદર્શિતા આવશે અને ખોટું થતું હશે તો અટકશે અને ગુજરાતના ખેડૂતોને મોટામાં મોટો ફાયદો થશે એવું મને આ બિલથી લાગી રહ્યું છે. સૌ પ્રથમ તો દૂધની અંદર પણ દરેક જગ્યાએ જોઇએ તો દરેક દૂધ મંડળીઓની અંદર આપણા ગુજરાતની એક અમૂલ બ્રાન્ડ જે બની છે, દેશની અંદર વિદેશોની અંદર દરેક જગ્યાએ આજે અમૂલના બ્રાન્ડથી આજે ગુજરાતની અંદર જબરજસ્ત ૨૫ હજાર કરોડનો વહીવટ ચાલી રહ્યો છે ત્યારે ગુજરાતની જીવાદોરી સમાન આ સંસ્થાને પણ સારી રીતે ફાયદો થાય અને એનો પણ ધંધો સારી રીતે ચાલે, અમૂલ બ્રાન્ડની ઇમેજ ના બગડે, એના માટે ભેળસેળ અટકાવવા માટેના પગલાની પણ જોગવાઇ આ બિલમાં કરવામાં આવેલી છે. ગરીબ ખેડૂત હોય, ગરીબ માણસના દીકરા સુધી આ દૂધ પહોંચે અને ભેળસેળવાળું ના પહોંચે, શુદ્ધ, અણીશુદ્ધ દૂધ બાળકોને મળે તો એના સ્વાસ્થ્યની સાથે પણ ચેડા ન થાય એના માટેની વ્યવસ્થા કરવાની આ બિલની અંદર જોગવાઇ કરેલી છે. સૌથી અગત્યના જે મુદ્દા છે એમાં ત્રણ વર્ષે ચૂંટણી થતી હતી. ત્રણ ત્રણ વર્ષે ચૂંટણી થતી હતી એનો આ સંસ્થાને ખર્ચ ભોગવવો પડતો હતો. આ ખર્ચ ના પડે એના માટે આ સરકારે પાંચ વર્ષની મુદત કરી છે અને પાંચ વર્ષની મુદતની અંદર ચૂંટણી કરી શકાય, સારી સંસ્થા બની શકે, એનો વહીવટ સારો થઇ શકે, અને પાંચ વર્ષની મુદત વધારવામાં આવી છે એના માટે પણ માનનીય મુખ્યમંત્રી અને માનનીય કૃષિ મંત્રી, સહકાર મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. મારી કહેવાની વાત એ છે કે આ જે બિલ લઇને આવ્યા છે એ બિલ ગુજરાતના ખેડૂતો માટે, ગુજરાતના તમામ ખેતઉત્પાદનો કરતા અને મિલ્ક ઉત્પાદન કરતી સહકારી સંસ્થાની અંદર આવતા તમામ લોકોને ખૂબ મોટો ફાયદો થવાનો છે એટલે આ બિલની અંદર મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આ જે સહકારી કાયદામાં સુધારાઓનું બિલ લઇને આવ્યો છું એમાં માનનીય સભ્યશ્રી પરબતભાઇ, માનનીય સભ્યશ્રી સતીષભાઇ, માનનીય સભ્યશ્રી બાવનજીભાઇ, માનનીય સભ્યશ્રી અરૂણભાઇ અને માનનીય સભ્યશ્રી જેઠાભાઇએ ચર્ચામાં ભાગ લીધો છે તે બદલ હું તેમનો ખૂબ ખૂબ આભાર માનુ છું. સહકારની અંદર જે સુધારા આવ્યા છે એને લીધે આવતા દિવસોમાં સહકારી માળખું છે એ વધારે પારદર્શક થશે. કલમ–૨(૯), કલમ–૬(૩), કલમ–૮ (૨) (ખ) આ કલમોમાં અત્યાર સુધી ઓછામાં ઓછા જે પાંચ સભ્યો હતા એના બદલે આપણી સમવાઇ મંડળીની અંદર પાંચને બદલે દસ મંડળીના સભ્યો થશે. આ સુધારો એટલા માટે આપણે કરવાની જરૂર ઉભી થઇ છે કે હાલમાં રાજયમાં અત્યારે ૭૦ હજાર કરતા વધારે મંડળીઓ છે, કારણ કે મંડળીઓની અંદર સંખ્યા વધી છે એટલે સમવાઇ મંડળીઓમાં સંખ્યા વધે એટલા માટે આ સુધારો લઇ આવ્યા છીએ. કલમ–૨૨(૨) (ક) જે નવી જોગવાઇ છે, મંડળીના સભાસદ તરીકે દાખલ કરવા અંગે ઇન્કાર કરવાના નિર્ણયથી નારાજ થયેલ કોઇપણ વ્યકિત આ નિર્ણય મળ્યાના ૬૦ દિવસમાં રજીસ્ટારને અપીલ કરી શકશે. રજીસ્ટારે ૬૦ દિવસની મુદતની અંદર અપીલનો નિર્ણય કરવો પડશે. દરેક વ્યકિતનો જે બંધારણીય અધિકાર છે એને કોઇપણ મંડળીની અંદર સભ્ય થવું હોય અને જો એ મંડળીની અંદર સભાસદ બનવા માટેની હોદ્દેદારો ના પાડે તો અત્યારે એને કોઇ અપીલની જોગવાઇ નહોતી, અત્યારે અપીલની જોગવાઇ કરેલી છે અને સાથેસાથે એમાં સમય પણ નિશ્ચિત કરેલો છે. બીજી એમાં કલમ ૨૭ (૩) પણ નવી જોગવાઇ છે. કોઇ વ્યકિત જે નાણાકીય વર્ષમાં ચૂંટણી યોજાઇ હોય એની અગાઉના સમગ્ર નાણાકીય વર્ષ માટે મંડળીના સભ્ય ના હોય એ વ્યકિત સમિતિના સભ્યની ચૂંટણીમાં મત આપવાનો અધિકાર વાપરી શકશે નહીં અને જે મંડળીનો છેલ્લો ઓડીટ વર્ગ અ, બ અથવા ક હોય એ જ વ્યવસ્થાપક કમિટીની ચૂંટણીમાં મત આપવાને પાત્ર ગણાશે. અત્યાર સુધીમાં છેલ્લા દિવસોની અંદર આ મંડળીઓ નવી બની જતી અને એની અંદર જે તાત્કાલિક સભાસદ બનીને જે ગેરરીતિઓ થતી એ ગેરરીતિઓ પણ અટકશે અને આખું વર્ષ જેણે નિયત થયેલા કામો કર્યા હશે એ જ મંડળી આની અંદર મતદાન કરી શકશે. કલમ–૨૮(ક) કે જેમાં પાંચ વર્ષની સળંગ મુદતની અંદર સામાન્ય સભાની ઓછામાં ઓછી બે બેઠકમાં હાજર રહેવું જોઇએ. આની અંદર રાજ્ય સરકાર રાજયપત્રમાં જાહેરનામાથી વખતોવખત ઠરાવે એવી મંડળી, સુધારો એટલા માટે કર્યો છે કે ઘણી મંડળીઓ છે, ધિરાણ મંડળીઓ છે, મજૂર સહકારી મંડળીઓ છે, હાઉસિંગ મંડળીઓ છે એની અંદર એની જે સેવાઓ છે એની વ્યાખ્યા થઇ શકતી નથી. જે વ્યાખ્યા થઇ શકતી નથી એમાંથી આને આપણે બાકાત કરી શકીએ એટલા માટે આ સુધારો લાવ્યા છીએ. કલમ–૩૩(૩)ની જોગવાઇ આ હેતુ માટેના કાર્યો બજાવવા માટે મંડળી તેને યોગ્ય લાગે તેવા કોઇ અધિકારી અથવા અધિકારીઓને અધિકૃત કરી શકશે. અત્યારે દરેક સભ્યનો અધિકાર

છે કે પોતે મંડળીના ચોપડા અને હિસાબો જોઇ શકે. અત્યાર સુધી મંડળીના ચોપડા કે હિસાબો કોઇ સભ્યને જોવા હોય તો કોણ બતાવશે એ નક્કી ન હતું. હવે આ દરેક મંડળીએ પોતાની કઇ વ્યક્તિ આ ચોપડા બતાવશે એ આપણે લાવ્યા છીએ. જો એ ચોપડા નહીં બતાવે તો જેને આ હોદ્દો આપેલો હશે એના ઉપર આપણે પગલાં લઇ શકીશું અને એને હોદ્દા ઉપરથી દૂર કરી શકીશું. એવી જ બીજી કલમ ૪૪(૧) આ પણ નવી જોગવાઇ છે. આ જોગવાઇ મુજબ ફરજ બજાવવા માટે મંડળી તેને યોગ્ય લાગે તેવા કોઇ અધિકારીને અધિકૃત કરી શકશે. રાજ્ય સરકારને જે ચોપડા બતાવવાના હોય તેના માટે કોઇ જોગવાઇ ન હતી. હવે આ જોગવાઇથી એણે અધિકારીની નિમણૂંક કરવી પડશે અને રાજ્ય સરકાર પાસે પણ એણે પોતાના ચોપડા રજૂ નહીં કરે તો એના ઉપર આપણે પગલાં ભરી શકીશું. કલમ ૫૧(૨) પેટા કલમ-૧ હેઠળ રાજ્ય સરકાર તરફથી ભરાયેલ શેર મૂડી સરકારની પૂર્વ મંજૂરી સિવાય મંડળીથી રાજ્ય સરકારને પરત કરી શકાય નહીં. આ કલમમાં એટલા માટે સુધારો કર્યો છે કે રાજ્ય સરકાર મંડળીઓને શેર મૂડી આપે છે. જ્યારે આ શેર મૂડી મંડળીઓએ પરત કરવાની હોય તો રાજ્ય સરકાર આ માટેના નિયત ધોરણો નક્કી કરશે. જેથી મંડળીઓની નાણાકીય પરિસ્થિતિ ઉપર વિપરિત અસર ન થાય. અત્યારે કચ્છ બેન્ક છે એની પોતાની જે શેર મૂડી છે એ રાજ્ય સરકારને ભરી દીધેલ છે. પણ હવે પરિસ્થિતિ એવી થઇ છે કે જો ૩૧ તારીખ સુધીમાં આપણે આવતીકાલ સુધીમાં એને શેર મૂડી ન આપીએ તો કચ્છ બેન્ક બંધ પડી જાય એમ છે. આવી પરિસ્થિતિ નિર્માણ ન થાય એટલા માટે આપણે આ સુધારો લઇ આવ્યા છીએ. કલમ ૬૭(ક) ધિરાણ અને વસુલાતની પ્રવૃત્તિમાંથી નફો કરતી દરેક મંડળીએ ડૂબત લેણા અનામત ફંડ રાખવું જોઇશે. સામાન્ય સભામાં મંડળીના હાજર રહેલા અને મત આપતા સભ્યોની ઓછામાં ઓછી ૨/૩ બહુમતિથી અને રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી સિવાય કોઇ ડૂબત લેણા અથવા ખોટ માંડવાળ કરી શકશે નહીં. પહેલાં આ ડૂબત લેણા માટેની કલમ હતી પણ એ ડૂબત લેણા માટેનું જે ફંડ ભેગું થયું હોય એમાં કુલ સભાસદોના ૨/૩ સભ્યો જ્યાં સુધી સંમત ન થાય ત્યાં સુધી આપી શકતા નહીં. આમાં આપણે ફેરફાર કરીએ છીએ અને હાજર સભ્યોના ૨/૩ સભ્યો કરી શકશે અને એમાં શરત એ છે કે રાજ્ય સરકારની મંજૂરી લેવાની છે. જેથી કરીને એમાં કોઇ ગેરરીતિઓ ન થાય. નવી જોગવાઇ કલમ-૭૦(ક) કોઇપણ મંડળ રાજ્ય સરકાર નક્કી કરે તેવા દરે તેના ચોખ્ખા નફાનો ભાગ સભાસદોની કલ્યાણ પ્રવૃત્તિઓ માટે અલગ કાઢવો જોઇએ. અત્યારે જે આ બધી મંડળીઓ નફો કરે છે એ મંડળીઓ પાસે એવા લાખો અને કરોડો રૂપિયા એમને એમ પડ્યા હોય છે. ક્યાંય નફો વાપરી શકતા નથી. હવે રાજ્ય સરકાર નક્કી કરશે કે જે કોઇ સભાસદો હોય એના કલ્યાણ માટે એણે કઇ રીતે વાપરવા. એના લીધે જેનો હક્ક થાય છે એ પોતાનો હક્ક પૂરી રીતે ભોગવી શકશે. કલમ-૭૪(૧)(ગ) વ્યવસ્થાપક સમિતિના ચૂંટાયેલા સભ્યો અને તેના હોદ્દેદારોની હોદ્દાની મુદ્દત પાંચ વર્ષની રહેશે. પરંતુ નાગરિક બેન્કો તથા સમવાય મંડળીઓના હોદ્દેદારોની મુદ્દત સમિતિની ચૂંટણીની તારીખથી અઢી વર્ષની રહેશે. અત્યાર સુધી આ મંડળીઓની મુદ્દત ત્રણ વર્ષની હતી એને જ્યારે આપણે પાંચ વર્ષની મુદ્દત કરીએ છીએ ત્યારે એના હોદ્દેદારોની મુદ્દત પણ આપણે અઢી વર્ષની કરીએ છીએ. આ જે ચૂંટાયેલા સભ્યો છે એ જે દિવસે ચૂંટાયા હશે એ પછી જે દિવસે પાંચ વર્ષ પૂરા કરશે ત્યારે એના હોદ્દાની મુદ્દત પણ પૂરી થશે. કલમ-૭૪(ગ)(૨) વ્યવસ્થાપક સમિતિના ચૂંટાયેલા સભ્યોની પાંચ વર્ષની અને હોદ્દેદારોની મુદ્દત અઢી વર્ષની રહેશે. આ સમિતિમાં કોઇપણ જગ્યા ખાલી પડવાના ૬૦ દિવસની મુદ્દતમાં ભરવી પડશે. અન્યથા મુદ્દત પૂરી થયેથી રાજ્ય સરકારને આવી જગ્યા નામ નિર્દેશથી ભરવાની સત્તા રહેશે. વ્યવસ્થાપક સમિતિના ચૂંટાયેલા સભ્યો તથા હોદ્દેદારો જે દિવસે તેની મુદ્દત પૂર્ણ થશે ત્યાર પછી હોદ્દો ધરાવતા બંધ થશે પણ તેઓ ફરીથી ચૂંટાવાપાત્ર થશે. અત્યારે પરિસ્થિતિ એવી હતી કે જ્યારે મંડળીની મુદ્દત પૂરી થવાની હોય ત્યારે કોઇ લીગલ મેટર ઉભી કરી કોર્ટની અંદર જઇ અને વર્ષો સુધી હોદા ઉપર અથવા તો ચૂંટાયેલા સભ્ય તરીકે એ ત્યાં રહી શકતા નથી. હવે જે પરિસ્થિતિ નિર્માણ થઇ છે એમાં એની જ્યારે પાંચ વર્ષની મુદત થશે, જે દિવસે એ ચૂંટાયેલા જાહેર થયા હશે તેના પાંચ વર્ષ થશે એટલે એ ચૂંટાયેલા છે એની મુદત પૂરી થશે અને એને ફરીથી ચૂંટાવું પડશે.

કલમ-૭૪ (ગ) નવી જોગવાઇ છે. વ્યવસ્થાપક સમિતિના સભ્યોના હોદાની મુદત પૂરી થયા પહેલાં કોઇ નવી વ્યવસ્થાપક સમિતિ ગમે તે કારણસર ચૂંટવામાં આવી ન હોય, અથવા ચૂંટવામાં આવ્યા પછી ત્રણ માસમાં કામ કરતી ન હોય ત્યાં રજીસ્ટ્રાર, કસ્ટોડિયન તરીકે કોઇ વ્યક્તિ અથવા વ્યક્તિની સમિતિને એક વર્ષ માટે નીમી શકશે. કસ્ટોડિયને આવી મંડળીની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી એક વર્ષની અંદર યોજવાની રહેશે. મંડળીમાં, મંડળીની રચના થઇ ગઇ હોય અને ચૂંટાઇ ગયા હોય પણ જો એ લોકો એના હોદેદારો ના ચૂંટી શકે તો હવે રાજ્ય સરકાર છે એમાં પોતે એના કસ્ટોડિયન તરીકે નીમી શકશે.

કલમ-૭૪ (ચ)ની નવી જોગવાઇ. મંડળીના કોઇ હોદેદાર સામે વ્યવસ્થાપક સમિતિના કુલ સભ્યો પૈકી ૧/૩ કરતાં ઓછા નહીં તેટલા સભ્યો દ્વારા અવિશ્વાસની દરખાસ્ત લાવી શકશે. આવી અને કુલ હાજર કમિટીના ૨/૩ સભ્યોની બહુમતિથી તેમની સામે અવિશ્વાસની દરખાસ્ત મિટિંગમાં પસાર કરવાની થશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરબતભાઇએ એવું કહ્યું હતું કે, આવી અવિશ્વાસની દરખાસ્ત ૧/૩ના લીધે અવારનવાર આવશે. પણ અત્યારે રાજ્યની બધી આપણી જે તાલુકા પંચાયતો છે, જિલ્લા પંચાયતો છે, એ પંચાયતોની અંદર આવી જોગવાઇ છે કે, ૧/૩ સભ્યો છે એ અવિશ્વાસની દરખાસ્ત લઇ આવે અને એના હાજર રહેલા છે ૧/૩ સભ્યો એ પાસ કરી શકે. એટલે એ બધા આખા રાજ્યના બધા જે ચૂંટાયેલા માળખા છે, એની અંદર એક જ સરખી આ વ્યવસ્થા થાય એટલા માટે આપણે આ ફેરફાર લઇ આવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૭૬ રાજ્યની તમામ નાગરિક સહકારી બેન્કો, સમવાય મંડળીઓ તથા કલમ–૭૪ (ગ)માં ઉલ્લેખ થયા પ્રમાણેની સહકારી ધિરાણ માળખામાં સમાવિષ્ટ થતી મંડળીઓ સિવાય નિર્દિષ્ટ મંડળીઓના મેનેજર, સેક્રેટરી, હિસાબનીશ અથવા બીજા કોઇ જ અધિકારીઓ અથવા કર્મચારીઓની નિમણૂંક માટે સ્ટાફ શિડયુલ, ભરતીની પદ્ધતિ, લાયકાતો અને આવા અધિકારીઓ અને કર્મચારીઓની નોકરીની શરતો વખતો વખત ઠરાવવામાં આવશે. જ્યાં આવી શરતો ન હતી એને લીધે ગમે તેવી, ગમે તે પ્રકારની ભરતી કરતા હતા. એટલે હવે એમાં એજ્યુકેટેડ, સારા માણસો અને લાયકાતવાળા માણસો હોદેદાર તરીકે આવી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૭૬ (ખ) (૨) દૂર કરાયેલા હોદેદારો, અધિકારી છ વર્ષ સુધી કોઇ હોદો ધરાવવાને અથવા તો તે માટેની ચૂંટણીમાં ભાગ લેવાને ગેરલાયક ઠરશે. પહેલાં આની અંદર ત્રણ વર્ષની જે મુદત હતી, પેલામાં ચાર વર્ષ હતા, હવે પાંચ વર્ષ આપણે કર્યા છે એટલે છ વર્ષ સુધી એ હોદા ઉપર નહીં આવી શકે. સાધારણ સભા ના બોલાવે તો દંડની મર્યાદા એક સો રૂપિયાથી વધારીને એક હજાર રૂપિયા કરેલી છે. આ ઉપરાંત સાધારણ સભા રજીસ્ટ્રાર અથવા તેના અધિકૃત કરેલી કોઇ વ્યક્તિને તેની સભા બોલાવવાની સત્તા રહેશે એવી જોગવાઇ કરવામાં આવી છે. જેથી મંડળીની વાર્ષિક સાધારણ સભાની કામગીરી થઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૭૮(૨) ખાસ સાધારણ સભા ના બોલાવે તો દંડની મર્યાદા એક સો રૂપિયાથી વધારીને એક હજાર કરવામાં આવી છે. આમાં પણ દંડની મર્યાદાઓ આપણે વધારેલી છે.

કલમ–૮૧, વહીવટદારની નિમણૂંક. સમિતિ વારંવાર કસૂર કરે અથવા સમિતિના અધિનિયમ, નિયમો અથવા ઉપનિયમોમાંથી અથવા તે હેઠળ તેના ઉપર મૂકેલી તેની ફરજો બજાવવામાં બેદરકાર રહે છે. અથવા સમિતિએ મંડળી અથવા તેના સભ્યોના હિતને બાધ આવે તેવું કૃત્ય કરે તો રજીસ્ટ્રાર, સમિતિની બાકીની મુદત અથવા વધુ માં વધુ બે વર્ષ, બેમાંથી જે ઓછું હોય એ મુદતે વહીવટદારની નિમણૂંક કરી શકશે. આવી રીતે દૂર કરવામાં આવી હોય તેવી મંડળીની સમિતિના સભ્યો છ વર્ષ માટે તે મંડળીની વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનવા માટે પાત્ર થશે નહીં. આ કલમ આપણે એટલા માટે લઇ આવ્યા છીએ કે, જે લોકો ગેરરીતિઓ કરતા હોય અથવા તો એ બરાબર એની આ મંડળીઓ ચલાવતા ના હોય તો અત્યાર સુધી એમાં આપણે વહીવટદાર નીમી શકતા નહોતા, હવે વહીવટદાર નીમી શકીશું જેથી એમાં વધારે પારદર્શકતા આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ ૮૧(ક)(૩) પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીની સમિતિના સભ્યો આવી રીતે દૂર કર્યાની તારીખથી છ વર્ષ માટે તે જ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનવા માટે પાત્ર થશે નહીં. આ એટલા માટે સુધારો લઇ આવ્યા છીએ કે, નહીંતર એનો એ જ સભ્ય જેને તમે ગેરલાયક ઠરાવ્યો હોય તે ફરીથી ચૂંટાઇને આવે અને ફરીથી ત્યાં હોદા ઉપર બેસીને એ પાછી ગેરરીતિઓ પોતાની ચાલુ રાખે, એ ન રાખી શકે એટલા માટે આવી જોગવાઇ લઇ આવ્યા છીએ.

કલમ–૮૨(૩) દરેક દિવસ, રજીસ્ટ્રારના હુકમનો અમલ ના કરે તો, દરેક દિવસે રજીસ્ટ્રારને યોગ્ય લાગે તે પ્રમાણે પંદર રૂપિયાને બદલે ઓછામાં ઓછા એક સો રૂપિયા જેટલી રકમ મંડળીની અસ્ક્યામતમાં ભરવાની રહેશે. એટલે જો રજીસ્ટ્રારનો હુકમ ના માને તો આમાં પંદર રૂપિયા જે દંડ હતો એના બદલે એક દિવસનો સો રૂપિયા કરેલો છે. કલમ–૮૪(૧) રજીસ્ટ્રારે જાતે અથવા પેનલ પરના ઓડિટર મારફતે મંડળીના હિસાબોનું ઓડિટ કરવું પડશે. રજીસ્ટ્રાર કોઇપણ મંડળીના ખાસ ઓડિટ માટે હુકમથી જોગવાઇ કરવી જોઇશે. રાજય સરકાર નિયમોથી નકકી કરે તે રીતે મંડળીઓએ હિસાબો ઓડિટ કરવા માટે ઓન લાઇન રજૂ કરવાના રહેશે. અત્યારે આપણી પાસે જે રાજય સરકારના ઓડિટરો છે એના સિવાય સી.એ.ની જે પેનલ છે એમાં પણ અત્યારે ૧૨૦૦ જેટલા ઓડિટરો છે એટલે હિસાબોમાં પણ કોઇ તકલીફ નહીં પડે એના કરતા ખાસ આપણે જે નવો ફેરફાર કરેલો છે, રાજય સરકારે નિયમોથી નકકી કરે તે રીતે મંડળીઓએ હિસાબો ઓડિટ માટે ઓન લાઇન રજૂ કરવા પડશે. આ હિસાબો જ ઓનલાઇન થશે એટલે આખી મંડળીનું કાર્ય છે એ એકદમ ઓપન થશે. એમાં કોઇપણ ગેરરીતિ થઇ હશે તો એ જોઇ શકશે અને એને લીધે આપણી જે મંડળીઓ છે એ સારી રીતે કોઇપણ જાતની ગેરરીતિ કર્યા સિવાય ચાલુ રહેશે. કલમ–૮૫ ઓડિટર કે રજીસ્ટ્રાર દ્વારા અનિયમિત જણાય તો તેનું ઇન્સ્પેકશન કરી શકશે. આ કલમ–૮૫–એ માં એ ઓડિટ પણ કરી શકશે પહેલા એની અંદર દૂરસ્તી કરવા માટેની જોગવાઇ નહોતી એટલે ઓડિટ પણ કરશે અને એમાં જો કોઇ ખામી જણાશે તો આ ઓડિટર એને દૂરસ્ત પણ કરી દેશે. લીકવીડેટરે કરેલ ઇન્સ્પેકશન રિપોર્ટના આધારે પણ મંડળીને નુકસાન પહોંચાડનાર પ્રયોજકો સામે નુકસાન આકારી શકશે. પહેલા આવી જોગવાઇ નહોતી. હવે ઇન્સ્પેકશનના રિપોર્ટના આધારે પણ મંડળી ઉપર જઇને ગેરરીતિ કરી હશે તો પગલાં ભરી શકશે. કલમ–૧૦૭ (૧) ફડચો, ઇન્સ્પેકશન રિપોર્ટના આધારે પણ મંડળીને ફડચામાં લઇ જઇ શકાશે. ૮૪(૮) અને ૮૮ કલમના આધારે પહેલા

**સભાગૃહનો સમય લંબાવવા બાબત.**

**શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિમાં નકકી થયા મુજબ પાંચ બિલો આજે પસાર કરવાના હોઇ પાંચમુ બિલ હજી બાકી છે તો પાંચમુ બિલ પતે અને વોટીંગ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા વિનંતી છે.

ઉપાધ્યક્ષશ્રી : સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૧૧૪ ફડચાની કાર્યવાહી પૂરી કરવાની મહત્તમ સમય મર્યાદા પહેલા સાત વર્ષ હતી. સાત વર્ષથી વધારીને હવે દશ વર્ષ કરવામાં આવેલી છે. કલમ–૧૧૫ (ચ)(૨) નાગરિક સહકારી

બેંકો માટે હોદ્દેદારોની મુદત અઢી વર્ષની રહેશે. પહેલા આ મુદત ત્રણ વર્ષની હતી. કલમ–૧૧૫(૪) આ કલમ આપણે રદ કરેલી છે કારણકે એની હવે અત્યારે કોઇ જરૂર નથી. આપણી જમીન વિકાસ બેંક છે એ ટૂંકી મુદતનું ધિરાણ ન આપી શકે માત્ર લાંબી મુદતનું ધિરાણ આપી શકે એને બદલે હવે એ ટૂંકી મુદતનું ધિરાણ આપી શકે એવી આપણે નવી કલમ–૧૧૬માં જોગવાઇ કરેલી છે. કલમ–૧૪૫(વ) નિર્દિષ્ટ સહકારી મંડળીઓમાં હોદ્દેદારોની મુદત અઢી વર્ષની રહેશે એટલે મેં અગાઉ જેમ કીધું એમ આપણે આ મુદત હવે કાયદાથી અઢી વર્ષની નક્કી કરી છે. કલમ–૧૪૭(૬) સૂચિત મંડળીઓએ હાલની જોગવાઇ ઉપરાંત રાજયની અંદર પોતાનું રજીસ્ટર્ડ થયેલું કાર્યાલય ધરાવતી અનુસૂચિત સહકારી બેંકો અથવા કોઇપણ રાષ્ટ્રીયકૃત બેંકમાં નાણા મૂકવા જોઇશે. નાગરિક સહકારી બેંકોને એમાંથી રદ કરેલ છે. અહીંયા ઘણીબધી બેંકો છે એ પોતે નાણા ન સ્વીકારે એટલે હવે રાષ્ટ્રીયકૃત બેંકમાં પણ એ પૈસા મૂકી શકશે. કલમ–૧૪૮, કલમ–૧૪૭ હેઠળના ગુનાઓમાં શિક્ષા– માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે પહેલા દંડની જોગવાઇ હતી અલગ અલગ કલમોમાં એની અંદર આપણે લગભગ દશ ગણો વધારો કરેલો છે. કલમ–૧૪૭(ક)(ક) કલમ–૩૩ નો જો કોઇ ભંગ કરે તો તેના માટે અધિકૃત અધિકારી અથવા અધિકારી આ કલમની જોગવાઇ પ્રમાણે ના વર્તે તો કલમ–૩૩ની કલમ પ્રમાણે ન વર્તે તો તેની ઉપર ભંગ બદલ આપણે પગલાં લઇ શકીશું. નવી જોગવાઇ કલમ–૪૮(ક)(ક) એમાં પણ કલમ–૪૮(ક)નો જે ભંગ કરશે તેને ૫૦૦૦ રૂપિયા સુધીનો દંડ થશે. નવી જોગવાઇ કલમ–૧૪૭ (ક)(ક)(ક) કલમ–૪૧ની પેટા કલમ–૨ મુજબ મંડળી છે એ રીતે ન વર્તે તો એને આપણે ૫૦૦૦ રૂપિયાનો દંડ કરી શકીશું. નવી જોગવાઇ કલમ–૧૫૬(ક) રાજય સરકાર તમામ મંડળીઓ માટે અથવા ખાસ રીતે મંડળીના કોઇ વર્ગ માટે રાજયપત્રમાં જાહેરનામાથી વખતોવખત ઠરાવે તે રીતે ઇન્ટેન્ડર બહાર પાડી ખરીદી તથા કોન્ટ્રાકટ કરવાના રહેશે. અત્યાર સુધી મંડળીઓ ઇ ટેન્ડર ન કરતા પોતાનછી ઇચ્છા પ્રમાણે બધે ખર્ચા કરતી એ આનાથી કન્ટ્રોલ આવશે. માનનીય સભ્યશ્રી પરબતભાઇએ ચિંતા કરી હતી કે ઇ ટેન્ડરમાંથી ખાસ સંજોગોમાં પણ, આપણે આ બાબતે નવા નિયમો બનાવીશું, ત્યારે એ બાબત વિચારી લઇશું. ભૂકંપ કે અન્ય કુદરતી આપત્તિ હોય ત્યારે ફેરફાર કરવા માટે. નવી જોગવાઇ કલમ–૧૬૦(ક). સરકારનું નાણાકીય હિતમાં સૂચનાઓ આપવાની સરકારી સત્તા. કોઇ વ્યક્તિ વાજબીપણા વગર પાલન કરવામાં નિષ્ફળ જાય તો રાજ્ય સરકાર જરૂરી પગલાં લઇ શકશે. રાજ્ય સરકારનું નાણાકીય હિત જ્યાં હશે તેવી મંડળીઓના ધંધાનો યોગ્ય રીતે વહીવટ થાય તે જોવા અથવા મંડળી દ્વારા સભાસદો, થાપણદારો કે લેણદારોના હિતમાં સૂચનાઓ આપવાની જોગવાઇ કરેલ છે, કારણ કે દરેક સંસ્થામાં સભાસદનું હિત જોખમાય તેવી પ્રવૃત્તિ સંસ્થાના હોદેદારો કરતા હોય છે. આ જે હું સુધારા લઇ આવ્યો છે. એને લીધે આવતા દિવસોમાં સહકારની અંદર વધારે પારદર્શિતા આવશે, એટલે હું માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરીશ કે સર્વસંમતિથી વિના વિરોધે આ બિલ પસાર કરે.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૫– સન ૨૦૧૫નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૧૪ વિધેયકનો ભાગ બની.**

**કલમ–૧૫ ઉપરનો સુધારો**

અધ્યક્ષશ્રી : કલમ–૧૫ સભાગૃહ સમક્ષ છે.

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ–૧૫ ઉપરનો નીચે પ્રમાણે સુધારો રજૂ કરું છું.

In clause 15, in sub-section (1) of section 74(D) proposed to be inserted, after the bracket "(not being a committee referred to in section 80A)", insert the following words – "Except for the reason of order of the competent court due to which such election could not be held or the Managing Committee could not start functioning."

અધ્યક્ષશ્રી : સુધારો રજૂ થાય છે.

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ સુધારવા માટેનું વિધેયક માનનીય સહકાર મંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યું છે, એને હું આવકારું છું. એમાં કલમ–૭૪ (ઘ) જે અમુક સંજોગોમાં કસ્ટોડિયનને નિમણૂક માટેની જોગવાઇઓ લાવવામાં આવી છે તે યોગ્ય છે, કારણ કે વ્યવસ્થાપક સમિતિના સભ્યોના હોદાની મુદત પૂરી થયા પહેલા કોઇ નવા વ્યવસ્થાપક સમિતિ ચૂંટવામાં આવી ન હોય, અથવા તો ચૂંટવામાં આવ્યા પછી ૩ માસમાં કાર્યરત કરતી ન હોય, ત્યારે રજિસ્ટ્રાર નવી વ્યવસ્થાપક સમિતિ ચૂંટવામાં ન આવે અથવા તે કાર્ય કરવાનું શરૂ ન કરે ત્યાં સુધી મંડળીના કસ્ટોડિયન તરીકે કોઇ વ્યક્તિ અથવા વ્યક્તિઓની સમિતિને એક વર્ષ માટે નીમી શકશે અને કસ્ટોડિયનને આવી મંડળીના વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી એક વર્ષની અંદર યોજવાની વ્યવસ્થા કરવી જોઇશે અને તે મુદત પૂરી થતા પહેલા સમિતિની રચના કરવી જોઇશે તેવી જોગવાઇઓ છે. આ જોગવાઇમાં એક સુધારો સૂચવું છું. પણ જ્યારે કોઇ ન્યાયાલયના હુકમના કારણે કોઇ વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી ન યોજાઇ શકી હોય અથવા વ્યવસ્થાપક સમિતિનું કામકાજ

શરૂ ન થઇ શકયું હોય ત્યારે કસ્ટોડિયનની નિમણૂક ન કરવી જોઇએ તેવી વિનંતી કરું છું અને આ સુધારો આ કલમમાં ઉમેરવા વિનંતી કરું છું.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ ૧૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ ૧૫ વિધેયકનો ભાગ બની.**

**કલમ ૧૬ થી ૩૫, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી બાબુભાઇ બોખીરીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૫નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**ઉપાધ્યક્ષશ્રી :** સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૧૫નું સુધારેલા રૂપમાં ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૬**

ગુજરાત પ્રાથમિક શિક્ષણ (સુધારા) વિધેયક, ૨૦૧૫

**ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ,૧૯૪૭ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા **(**શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૧૫ના ગુજરાત પ્રાથમિક શિક્ષણ(સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધયક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૧૫નું ગુજરાત પ્રાથમિક શિક્ષણ (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું એક શબ્દનો સુધારો લઇને આવ્યો છું. આજે જ મારા સાથી મંત્રી માનનીય નીતિનભાઇએ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં થોડાક સુધારા રજૂ કર્યા છે. તેમાં ખાસ કરીને ચૂંટાયેલા સભ્યોની મુદત તે ગ્રામ પંચાયતથી માંડીને, તાલુકા પંચાયતથી માંડીને જિલ્લા પંચાયત સુધીની પાંચ વર્ષની હતી તેના બદલે અઢી વર્ષની કરવામાં આવી છે. આ સન્માનનીય સભાગૃહે તેને મંજૂરી પણ આપી છે. તેમાં શિક્ષણ વિભાગને લાગે વળગે છે ત્યાં સુધીનો સુધારો હું અત્યારે રજૂ કરું છું. જિલ્લા પંચાયતમાં અને ગુજરાતની ૧૩ નગરપાલિકા સંચાલિત શિક્ષણ સમિતિઓમાં આ લાગુ પડે છે. તેના કારણે આ સુધારો લાવવાની જરૂર પડી છે. ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનયમ, ૧૯૪૭ની કલમ ૧૦ મુજબ દરેક સ્કૂલ બોર્ડના ચેરમેન અને વાઇસ ચેરમેનની મુદત ચૂંટાયેલા સભ્યો નકકી કરે છે અને જે અત્યારે પાંચ વર્ષની છે. ગુજરાત પ્રોવિઝનલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનયમ ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૪ અને ગુજરાત પંચાયત એકટ ૧૯૯૩ હેઠળ રચાયેલી જુદી જુદી સમિતિઓના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ, પ્રમુખ અને ઉપપ્રમુખ વગેરેના હોદાની મુદત જે હાલ પાંચ વર્ષની છે તેને બદલે અઢી વર્ષની કરવા માટેનો સુધારો રજૂ કરું છું. આ અઢી વર્ષનો સુધારો રજૂ કરવાથી જે જે પદાધિકારીઓ છે તેની એકાઉન્ટીબ્લીટી નકકી થશે. જયાએ એકાઉન્ટીબ્લીટી નકકી થાય છે ત્યારે તે કામનું પરિણામ આવે છે. તે જવાબદારી નકકી થાય છે એટલે પરિણામ આવે છે. પાંચ વર્ષ છે તેના બદલે અઢી વર્ષમાં મારે એબીલીટી બતાવવાની છે. ટૂંકા ગાળાના જે નિર્ધાર નકકી કરે છે તે પૂરા કરવા માટેના પ્રયાસ આ ચૂંટાયેલો મારો સભ્ય કરે છે. એ પદાધિકારીઓ સાથેની ટીમ પણ એના કારણે ઉભી થાય છે. મેં કહ્યું તેમ એની એબિલિટી એનું પરફોર્મન્સ પણ એના કારણે નક્કી થાય છે. વહીવટમાં રોટેશન જે થાય છે એમાં અસરકારકતા આવે છે અને સભ્યશ્રીઓનું વહીવટમાં યોગદાન અને ભાગીદારી પણ વધે છે. ટૂંકમાં દરેક સભ્યશ્રીને એમાં તક મળે છે. જિલ્લા પંચાયતમાં બે સમિતિઓ એવી છે કે, જેની મુદત પાંચ વર્ષની છે, એક શિક્ષણ સમિતિ અને એક સામાજિક ન્યાય સમિતિ. એજ રીતે ગુજરાતની નગરપાલિકાઓમાં ૧૩ નગરપાલિકાઓ એવી છે કે જ્યાં પણ આજ રીતે શિક્ષણ સમિતિ અને સામાજિક ન્યાય સમિતિ પાંચ પાંચ વર્ષની મુદતની છે. આ મુદતને અઢી વર્ષની કરવામાં આવે તો મારા બે સાથી સભ્યો જે હોય અનુસૂચિત જાતિમાંથી ચૂંટાઇને આવેલા એ બે સભ્યોને પોતાનું પરફોર્મન્સ બતાવવા માટેની તક મળે. એવી જ રીતે શિક્ષણ સમિતિમાં પણ બે સભ્યશ્રીઓને તક મળે અને એક ટર્મમાં આ બે સભ્યશ્રીઓને તક મળે અને એક કરતા વધારે સભ્યશ્રીઓ પોતાનું યોગદાન આપી શકે અને સરવાળે આ લાવવા પાછળનો આશય વહીવટમાં કાર્યદક્ષતા, કાર્યક્ષમતા વધારવાનો છે અને એને ધ્યાનમાં રાખીને હું આ સુધારો લાવું છું. હું સભાગૃહને વિનંતી કરું છું કે, સુધારા વિધેયક સર્વાનુમતે મંજૂર કરે.

* વિધેયક માર્ચ મહિનાની ૧૯ મી તારીખના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષી, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા જે ગુજરાત પ્રાથમિક શિક્ષણ (સુધારા) વિધેયક ૨૦૧૫ લઇને આવ્યા છે એમાં સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ વિસ્તૃત ચર્ચા કરી છે. હું બહુ ટૂંકમાં જ એમાં મારા વિચારો રજૂ કરું છું. જેમ જિલ્લા પંચાયત પ્રમુખો અને સાથે સાથે શિક્ષણ સમિતિના પણ ચેરમેનશ્રી અને વાઇસ ચેરમેનશ્રીની મુદત પાંચ વર્ષને બદલે અઢી વર્ષ કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે એ ખરેખર પ્રશંસાને પાત્ર છે તેથી હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. બાકી તો માનનીય મંત્રીશ્રીએ ખૂબ વિસ્તૃત રીતે આ આખી વાત જયારે મૂકી હોય ત્યારે વધુ ન કહેતા માનનીય મંત્રીશ્રી જે આ સરકારી બિલ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપુ છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ બધી જ જિલ્લા પંચાયતને લાગુ પડશે, બધી જ તાલુકા પંચાયતને લાગુ પડશે. રાજયની ૬ મહાનગરપાલિકાઓને પણ આ લાગુ પડશે. બે જગ્યાએ નથી, મેં તપાસ કરી છે. જૂનાગઢ અને ગાંધીનગરમાં શિક્ષણ સમિતિ નથી. એટલે ૬ મહાનગરપાલિકા અને ૧૩ નગરપાલિકા આ જ્યાં જ્યાં સ્કૂલ બોર્ડ છે અને સ્કૂલ બોર્ડ સંચાલિત અમારી વિભાગની પ્રાથમિક શાળાઓ જ્યાં ચાલે છે એ બધાને આ સુધારો લાગુ પડશે. મારા સાથી સભ્યશ્રી દુષ્યંતભાઇએ મને ટેકો આપ્યો છે એટલા માટે હું એમનો આભાર માનુ છું અને સર્વે સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, મારું સુધારા વિધેયક સર્વાનુમતે મંજૂર કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૬–સન–૨૦૧૫નું ગુજરાત પ્રાથમિક શિક્ષણ (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૧૬–સન–૨૦૧૫નું ગુજરાત પ્રાથમિક શિક્ષણ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૧૫નું ગુજરાત પ્રાથમિક શિક્ષણ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫–૧૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૧૫ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**
**ઉપાધ્યક્ષશ્રી આત્મારામ મ. પરમાર અધ્યક્ષસ્થાને**

સરકારી વિધેયકો
**સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૯**
ગુજરાત જિલ્લા આયોજન સમિતિ (સુધારા) વિધેયક, ૨૦૧૫
**ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી સૌરભભાઇ પટેલ(આયોજન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૧૫નું ગુજરાત જિલ્લા આયોજન સમિતિ (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી સૌરભભાઇ પટેલ ( આયોજન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૧૫નું ગુજરાત જિલ્લા આયોજન સમિતિ (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી સૌરભભાઇ પટેલ ( આયોજન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ઘણા વરસોથી આપણે ડી-સેન્ટ્રલાઇઝ પ્લાનિંગની અંદર વધારે બળ આપતા જતા રહ્યા છીએ. છેલ્લાં ઘણા વરસોથી બજેટની ફાળવણી પણ આપ જોશો તો વધારે સત્તા જિલ્લા આયોજનની અંદર આપવામાં આવે છે, તાલુકા આયોજનની અંદર આપવામાં આવે છે અને પહેલાં જે બજેટ આવતું હતું એનાથી ઘણું વધારે બજેટ આજની તારીખે સરકારી ગ્રાન્ટસથી માંડીને બધું જ જિલ્લા કક્ષાએ ફાળવવાનો સરકારે નિર્ણય કર્યો છે, એટલે ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ બોર્ડ દ્વારા તો આની મંજૂરી આપવામાં આવે છે, વધારાની એ.ટી.વી.ટી. ગ્રાન્ટસ પણ આપણે પહેલી વખત ઇન્ટ્રોડ્યુસ કરી છે, અને એમ.એલ.એ. ની ગ્રાન્ટમાં પણ આપણે વધારો કર્યો છે કે જેથી નાના મોટા કામો એમના વિસ્તારમાં વધારે સારી રીતે ફાળવી શકીએ. આ બિલની અંદર ૭૩ અને ૭૪ એમેન્ડમેન્ટ્સ ઓફ ધ સેન્ટ્રલ ગવર્નમેન્ટ. સેકશન ૨૪૩ ઝેડ-ડી ના કારણે એક ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ કમિટી દરેક ડિસ્ટ્રિક્ટની અંદર રચવાનો નિર્ણય કર્યો છે અને કેન્દ્ર સરકારે નેશનલ ઇન્સ્ટીટ્યૂટ ઓફ રૂરલ ડેવલપમેન્ટની ગાઇડ લાઇનના આધારે આપણને આ રચવા માટેનો આદેશ આપ્યો હતો, અને આપણે ૨૦૦૮ની અંદર આ ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ કમિટીનું બિલ આ હાઉસની અંદર લાવ્યા હતા. એ લાવ્યા પછી થોડી ટેકનીકાલીટીઝ આપણે જોઇ કે નાના નાના જિલ્લાઓની અંદર આપણે આ રચના કરી શકતા નહોતા. એટલે આપણે આ ગાઇડ લાઇન્સ સુધારવા માટે કેન્દ્ર સરકારને અનેક વખત રજૂઆત કરી. પરંતુ જોયું કે ફાઇનલી આપણે જ આનો સુધારો કરવો પડશે અને એટલે સાત નવા ડિસ્ટ્રિક્ટોનું ફોર્મેશન થયું અને એ થયા પછી આપણે નક્કી કર્યું કે બિલમાં સુધારા લાવી અને આ ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ કમિટી છે એ કમિટીને સંપૂર્ણપણે કાર્યરત કરીને આગળ ચાલુ કરીએ. એના માટેનું આ બિલ હાઉસની અંદર લાવ્યા છીએ. એટલે એમાં થોડાક સુધારા છે. હું એક પછી એક જે સુધારા છે એના વિશે થોડીક વાત કરી લઉં.

પહેલો સુધારો છે કે દરેક જિલ્લાની અંદર ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ કમિશનની રચના કરવાની છે, એની અંદર ઓરિજીનલ કાયદાની અંદર નોટ લેસ ધેન થર્ટી મેમ્બર્સ અને નોટ મોર ધેન ફોર્ટી આ પ્રમાણેનું લખાણ હતું. એટલે એનો અર્થ એ થાય કે કોઇપણ જિલ્લાની અંદર ૩૦ મેમ્બર્સ મિનિમમ હોવા જોઇએ. હવે આની અંદર વિષય એ હતો કે બંધારણની અંદર એવું લખ્યું છે કે, ફોર ફીફ્થ ઓફ ધ મેમ્બર્સ શુડ બી ફ્રોમ ધ ઇલેક્ટેડ વીંગ, ફ્રોમ પંચાયત અને નગરપાલિકા. એટલે એનો અર્થ એ થયો કે ૩૦ મેમ્બર્સના સભ્યો હોય તો ૩૦ મેમ્બર્સમાંથી ૨૪ મેમ્બર્સ પંચાયત અને નગરપાલિકાના સભ્યો હોવા જોઇએ. પરંતુ આપણે ત્યાં એવા જિલ્લા છે દા. ત. ડાંગ, હવે આ ડાંગ જિલ્લાની અંદર કુલ ૧૭ જ સભ્યો છે. હવે સત્તરે સત્તર સભ્યોને આપણે અંદર લઇએ તો પણ આ કમિટીનું નિયમ પ્રમાણે ફોર્મેશન થતું નહોતું. કારણ કે મિનિમમ ૩૦ જરૂરી હોય, એટલે એક બાજુ આપણે ૪/૫ની ક્રાઇટ એરિયામાં ફીટ નહોતું થતું, મિનિમમ ક્રાઇટ એરિયામાં ફીટ નહોતું થતું. એટલે હવે જે સુધારો કર્યો છે એ 'Not less than 30 and not more than 40' ની જગ્યાએ 'AS may be determined by the State Government for each of such Districts' - એટલે દરેક ડિસ્ટ્રીકટમાં કેટલા સભ્યો રાખવા એ રાજય સરકાર નક્કી કરશે. એટલે મોટો જિલ્લો હશે તો વધુ સભ્યો રાખશે અને નાનો જિલ્લો હોય તો ઓછા રાખશે. એટલે આની જે વ્યવસ્થા કરવામાં આવશે તે વસતિના આધાર ઉપર કરવામાં આવશે. Size of the district, કેટલો મોટો ડિસ્ટ્રીકટ છે તેના આધાર ઉપર નક્કી કરવામાં

---

• વિધેયક તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૫ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આવશે. એટલે આપણાં જે નાના ડિસ્ટ્રિકટ છે ડાંગ છે, તાપી છે, બોટાદ છે, નર્મદા છે, મહીસાગર છે તેની અંદર સફળતાપૂર્વક આપણે આની રચના કરી શકીશુ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો જે સુધારો છે તે section 3 (2) (v), આની અંદર 'District Planning Officer shall be Member Secretary' આ ઓરીજીનલ છે. તેમાં આપણે સુધારો લાવીએ છીએ કે it should be deleted અને હવે ડી.પી.ઓ.ને આપણે Secretary of the District Planning Board બનાવીએ છીએ. Secretary of the District Planning Committee બનાવીએ છીએ. આનું મૂળ કારણ શું હતું કે દા.ત. આપણે કોઇ નાનો જિલ્લો અને ૨૦ સભ્યો કર્યા તો ૨૦ સભ્યોમાં 4/5 of the members elected હોય એટલે 4/5 હોય એટલે ૧૬ સભ્યો તો આવી ગયા ફરજિયાત. હવે જે ચાર સભ્ય લેવાના આવ્યા એક સભ્ય to be nominated by the State Government as Chairman, બીજુ District Planning Officer, ત્રીજુ કલેકટર હોય અને ચોથો ડી.ડી.ઓ. હોય એટલે આ ચાર જગ્યા ભરાઇ ગઇ એટલે ૨૦ પૂરી થઇ ગઇ. એટલે District Planning Officer જેણે અગત્યની કામગીરી કરવાની હોય છે એ સભ્ય બનતા નથી એટલે આપણે તેને Secretary of the District Planning Committee અંદર મૂકી દીધા છે કે બધી જ તેણે કામગીરી કરવાની આવે અને એ સેક્રેટરી બને.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ જે સેકસન છે 3 (2) (vi) -special members - તેની અંદર જૂની પદ્ધતિ હતી એની અંદર economics, planning, finance, engineering, administration experts તે લોકોને આપણે મેમ્બર તરીકે લઇશું એવુ બહુ સ્પેસીફીક લખ્યુ હતું પરંતુ હવે એની જગ્યાએ 'as determined' ની જગ્યાએ 'as may be determined' એટલે આ બધા સભ્યોને આપણે જરૂરિયાત પ્રમાણે સભ્ય સંખ્યા કેટલી છે તે optional બનાવીને આપણે તેમને લેવાના છે. દા.ત.૪૦ ની હોય તો ફોર ફીફ્થમાં જગ્યા રહે છે તો જગ્યા રહેતી હોય તો એ જિલ્લાને એકસપર્ટ લોકોને આપણે આ કમિટીની અંદર લઇશું એટલે એ compulsory નહીં પણ as per requirement અને as per possible એટલે એક એ સૂચન છે.

બીજું, સેકસન 9 (2) ની અંદર કોરમ બનાવવા માટે મિનિમમ ૧૦ સભ્યોની requirement લખી હતી. હવે કોઇક જગ્યાએ ૪૦નું બોર્ડ હોય તો ૧૦ સભ્યો હોય, ૩૦નું સભ્ય હોય તો ૧૦ થાય એટલે એ પ્રમાણે કાઢી નાખવા માટે - minimum 10 members shall be deleted and 1/3 members નું કોરમ બનાવીએ છીએ. એટલે નાનું હોય તો પણ ૧/૩ હોય અને મોટું હોય તો પણ ૧/૩ હોય એટલે એ પ્રમાણે આપણે આની અંદર કોરમની અંદર સેકસન 9(2) ની અંદર સુધારા લાવીએ છીએ.

બીજું, જે 'Secretary to the Committee shall maintain record' એ પ્રમાણે હતું અને એની અંદર પણ એ સેક્રેટરી જે મેં પહેલાં કહ્યું કે Secretary અને DPO should be ex-officio Secretary and DPO shall look after complete proceedings and maintain અને એ રેકોર્ડ મેઇન્ટેન કરશે એ પ્રમાણે સેકસન 9(2) ની અંદર સુધારા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કમિટીનો હેતુ એ છે કે, પંચાયત હોય, તાલુકા હોય એ દરેક તાલુકાના માસ્ટર પ્લાન બનાવવામાં આવે. જે માસ્ટર પ્લાન બની રહ્યાં છે એ માસ્ટર પ્લાનના આધાર ઉપર એ આ કમિટીને મૂકે અને એ કમિટી માસ્ટર પ્લાન જુએ કે ભાઇ આ તાલુકાનો માસ્ટર પ્લાન આ છે, આ તાલુકાનો માસ્ટર પ્લાન આ છે એટલે આવતા પાંચ વર્ષ, દસ વર્ષનો એ લોકોનો જે આખો માસ્ટર પ્લાન આવે એ માસ્ટર પ્લાન બનાવીને સ્ટેટમાં આવે તો એ પ્રમાણે સ્ટેટ એમના બજેટમાં એની જોગવાઇ કરી શકે. એટલે કોઇ હાઇવે લોંગ ટર્મ કાઢવો હોય તો, આ હાઇવે કાઢીએ તો આ પ્રમાણેનું થાય તેનું આયોજન કરી શકે, કોઇ નગરપાલિકા હોય, ઔડા વિસ્તાર હોય, ગુડા વિસ્તાર હોય તો કેવી રીતે તેની ટી.પી. બનવી જોઇએ, આમ આખો માસ્ટર પ્લાન ઇલેકટેડ મેમ્બર્સ પોતાના વિઝન પ્રમાણે બનાવે અને આ કમિટીની અંદર મૂકે અને કમિટી આખું વિઝન સ્ટડી કરે અને રાજય સરકારને ભલામણ કરે. એટલે આ પ્રમાણે ડિસ્ટ્રીકટ પ્લાનિંગ કમિટી માટેનો આ બિલમાં આપણે સુધારો લાવીએ છીએ કે જેથી આવતા દિવસોમાં આપણે તાત્કાલિક આનું કામ ચાલુ કરી શકીએ. હાલમાં જે ડિસ્ટ્રીકટ પ્લાનિંગ બોર્ડ છે તે ચાલુ જ રહેશે, એના જે ફંકશન્સ છે તે બધા જ ચાલુ રહેશે. એમાં કોઇ જાતની રૂકાવટ આવવાની નથી અને આ કમિટી છે તે બંધારણની જોગવાઇ હોવાને કારણે આપણે ગામડાંમાં અને તાલુકા મથક ઉપર વધારે સારું પ્લાનિંગ થાય તે માટે ફોર્મેશન માટેની કેન્દ્ર સરકારની જે ગાઇડ લાઇન્સ છે તે ગાઇડ લાઇન્સ પ્રમાણે કરી રહ્યા છીએ. એટલે આ સુધારા સાથેનું આ બિલ હું આ સન્માનનીય ગૃહ સમક્ષ મૂકું છું અને બધા જ માનનીય સભ્યશ્રીઓ આને સર્વાનુમતીથી પસાર કરે તેવી વિનંતી કરું છું.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આયોજન મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ગુજરાત ડિસ્ટ્રીકટ પ્લાનિંગ કમિટી એમેન્ડમેન્ટ બિલ ૨૦૧૫ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું. ભારતના બંધારણમાં આર્ટીકલ ૨૪૬ નીચે લોકસભા અને વિધાનસભા વચ્ચે જે વૈધાનિક કામગીરી છે તેના માટેનું સળંગ શીડયુલ બનાવવામાં આવ્યું છે. એમાં શીડયુલ ૩, જેને આપણે કોન્ક્રીટ લીસ્ટ તરીકે ઓળખીએ છીએ, એમાં ૨૦ નંબરની એન્ટ્રીની અંદર ઇકોનોમીક એન્ડ સોશીયલ પ્લાનિંગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મતલબ કે ઇકોનોમીક અને સોશીયલ પ્લાનિંગ માટે ભારત સરકાર એટલે કે લોકસભા અને રાજય સરકારમાં આ વિધાનગૃહ, સન્માનનીય ગૃહ એના માટેના કાયદાઓ ઘડી શકે છે. આ વિધાનસભાએ પોતે ગુજરાત ડિસ્ટ્રીકટ પ્લાનિંગ કમિટી એકટ-૨૦૦૮ પસાર કરેલો છે. અને એમાં એમેન્ડમેન્ટ કરવા માટેનું બિલ અત્યારે રજૂ થયું છે. ભારતીય જનતા પાર્ટીની નીતિ છે કે આર્થિક બાબતોમાં મીનીમમ ગવર્નમેન્ટ અને મેકસીમમ

ગવર્નન્સ, એનો મતલબ એ થાય કે શાસન વ્યવસ્થાની અંદર સરકાર ઓછી, અને સુશાસન સૌથી વધારે હોય તે પ્રકારની નીતિ હોય છે. અને એટલા જ માટે આપણા લોકપ્રીય વડાપ્રધાનશ્રીએ ૨૯મી જાન્યુઆરીએ જાહેરાત કરેલી કે પ્લાનિંગ કમિશન જે છે તેને વિખેરીને નવી સંસ્થા અસ્તિત્વમાં આવશે. મને કહેતા આનંદ થાય છે કે થોડાક જ સમયની અંદર રાજય સરકારો સાથે, અન્ય આગેવાનો સાથે પરામર્શ કરીને ભારત સરકારે નીતિ આયોગની રચના કરી છે. અને નીતિ આયોગના કારણે હવે આખું જે સંઘીય માળખું, ફેડરલ સ્ટ્રકચરનું માળખું છે એની અંદર વ્યાપક પ્રમાણની અંદર મૂળભૂત ફેરફારો થયા છે. આપણે જયારે આઝાદ થયા ત્યારથી પ્લાનિંગ કમિશનની રચના કરી, પરંતુ એ પ્લાનિંગ કમિશન દ્વારા ૧૨-૧૨ જેટલી પંચવર્ષીય યોજના બન્યા પછી પણ આ દેશના જે મૂળભૂત પ્રશ્નો છે, ગરીબી છે, બેકારી છે, પછાત વિસ્તારોનો વિકાસ છે, એ બધી સમસ્યાઓ આપણે આયોજન પંચ હોવા છતાં પણ હલ કરી શકયા નથી. એના ઉત્તર રૂપે ભારત સરકારે હવે નીતિ આયોગની રચના કરી છે. જેની અંદર વધારે માં વધારે અધિકારો અને ફંકશન અને વધારે માં વધારે ફાઇનાન્સ રાજય સરકારોને ઉપલબ્ધ થાય છે. આજે ૧૪માં નાણા પંચની જે ભલામણો ઉપલબ્ધ કરવામાં આવી છે તેના કારણે રાજય સરકારોને અત્યાર સુધી જે નાણા મળતા હતા એમાં ખૂબ જ મોટો વધારો થયો છે. ભારત સરકારે જયારે ૧૨મો, ૭૨ મો અને ૭૩ મો બંધારણીય સુધારો કરીને પંચાયતી રાજ અને મ્યુનિસિપાલીટી માટેનો સુધારો કર્યો. અને એ માટે કાયદો કર્યો પરંતુ ગુજરાત વિઝનરી હોવાને કારણે આપણે ત્યાં પંચાયતી રાજની સ્થાપના ૧૯૬૫માં કરવામાં આવી એટલે કે રાજય બન્યા એના ત્રીજા જ વર્ષે પંચાયતી રાજની ત્રીસ્તરીય વ્યવસ્થા અમલમાં આવી. એમાં આપણી પાસે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત હોય આ દરેક પંચાયતો સ્વતંત્ર છે. ગુજરાતનો ટ્રેક રેકોર્ડ છે કે અત્યાર સુધી પંચાયતો અને નગરપાલિકાઓની ચૂંટણીઓ નિયમિત રીતે થઇ છે. જયારે ઘણા રાજયો એવા છે કે જયા નિયમિત રીતે ચૂંટણી કરવામાં આવતી નથી. પરંતુ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આ બાબતમાં ખૂબ કાળજી લીધી છે, નિયમિત ચૂંટણી કરવામાં આવે છે.

ગુજરાતમાં ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ દ્વારા આપણે પંચાયતી રાજમાં નગરપાલિકાની અંદર સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું માળખું ઉભું કર્યું. સન ૧૯૮૦માં રાજયમાં જિલ્લા આયોજન મંડળની પણ સ્થાપના કરવામાં આવી અને આ આયોજન મંડળ દ્વારા ન્યુનતમ જરૂરિયાતના કાર્યક્રમો અંતર્ગત પાયાની સુવિધાઓ ઉપલબ્ધ થાય એ માટે પ્રયત્નો કર્યા છે. દરેક ગામમાં પ્રાથમિક પાયાની સુવિધાઓ જેવી કે શાળાનો ઓરડો, સબ સેન્ટર, communication ની વ્યવસ્થા, પાણીની વ્યવસ્થા, રસ્તાની વ્યવસ્થા, વીજળીની વ્યવસ્થા આ તમામ પ્રકારની પાયાની સુવિધા દરેક નાગરિકને ઉપલબ્ધ થવી જોઇએ એ ઉપલબ્ધ કરાવવાની જવાબદારી રાજય સરકાર અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાની છે, એ તમામની યાદી તૈયાર કરવામાં આવે છે. Village Amenities Census કરવામાં આવ્યો અને દરેક ગામમાં શું ખૂટે છે, કઇ પાયાની સવલત ઉપલબ્ધ છે અને કઇ સવલત ઉપલબ્ધ નથી એના માટેની ચોક્કસ યાદી તૈયાર કરવામાં આવી અને એના થકી જિલ્લા આયોજન મંડળ મારફત વિકેન્દ્રિત આયોજન માટેના પ્રયાસો કર્યા. પ્લાનિંગ કમિશન આટલા વિશાળ દેશનું આયોજન કરી શકે નહિ એટલા માટે વિકેન્દ્રીકરણની આવશ્યકતા ઉભી થઇ છે અને રાજય સરકારે વિકેન્દ્રિત આયોજન માટે જિલ્લા આયોજન મંડળની સ્થાપના કરી અને આ જિલ્લા આયોજન મંડળ છે એના દ્વારા જિલ્લાનું ભાવિલક્ષી આયોજન પરસ્પેકટિવ પ્લાન, જિલ્લાનો પંચવર્ષીય યોજનાનો પ્લાન અથવા તો દર વર્ષે આપણે વાર્ષિક યોજના બનાવવી જોઇએ એ માટેની કામગીરી હાથ ઉપર લેવામાં આવી છે. આ ઉપરાંત જે કોઇ યોજનાઓ અમલમાં છે એની સમીક્ષા થાય એનું મૂલ્યાંકન થાય અને ખરેખર લોકો સુધી લાભ પહોંચી શકે કે કેમ એનું મૂલ્યાંકન આયોજન સમિતિ કરતી હોય છે આ જિલ્લા આયોજન મંડળના અધ્યક્ષ તરીકે પ્રભારી મંત્રી હોય છે, સહઅધ્યક્ષ તરીકે સહ પ્રભારી મંત્રી હોય છે, ઉપાધ્યક્ષ તરીકે જિલ્લા પંચાયતના પ્રમુખ હોય છે અને કલેકટર આના સહ ઉપાધ્યક્ષ છે. હવે આયોજન મંડળે પોતે એની બે સમિતિઓ રચી છે. એક કાર્યવાહક આયોજન સમિતિ એના અધ્યક્ષ કલેકટર છે, જિલ્લા પંચાયતના પ્રમુખ છે એ સહ અધ્યક્ષ છે, ડી.ડી.ઓ. જિલ્લા આયોજન અધિકારી અને સન્માનનીય સભાગૃહના તમામ ધારાસભ્યો પોતે કાર્યવાહક સમિતિના સભ્યો હોય છે. એવી રીતે આના અમલીકરણ માટે તાલુકા આયોજન સમિતિ બનાવવામાં આવી છે.એના અધ્યક્ષ તાલુકા પંચાયતના પ્રમુખ હોય છે, ઉપાધ્યક્ષ તરીકે પ્રાત અધિકારી અથવા ડેપ્યુટી ડાયરેકટરશ્રીને મૂકવામાં આવે છે. આ ગુજરાત સરકાર જેનું નેતૃત્વ ભારતીય જનતા પાર્ટી કરે છે એ વિકેન્દ્રકરણની અંદર પ્રમાણિક પણે માને છે એનો પૂરાવો એ છે કે પહેલી વખતે રાજયના ઇતિહાસની અંદર તાલુકાને ઘ્યાનમાં લઇને આયોજન કરવાનું વિચારવામાં આવ્યું અત્યાર સુધી પ્લાનિંગ કમિશન મારફત આખા દેશનું પ્લાનિંગ કરતા હતા. રાજય સરકાર પોતે ગાંધીનગરમાં બેસીને વિભાગો દ્વારા રાજયનું આયોજન કરતી હતી. આપણે જિલ્લા પ્લાનિંગની વ્યવસ્થા ૧૯૮૦થી શરૂ કરી પરંતુ તાલુકાનો એપ્રોચ લઇને તાલુકા સરકાર આપણા નરેન્દ્રભાઇ મોદી પૂર્વ મુખ્યમંત્રીશ્રીએ કન્સેપ્ટ આપ્યો એને ઘ્યાને લઇને દરેક તાલુકામાં જયાં ૫૦ ગામો હોય એના માટે એક કરોડ, ૫૧ થી ૧૦૦ ગામો હોય એના માટે ૧.૨૫ કરોડ રૂપિયા આપવાનું નક્કી કર્યું. અને ૧૦૦થી વધારે ગામો હોય એવા તાલુકાને દોઢ કરોડની ગ્રાન્ટ આપવાનું નક્કી કર્યું.

ઉપાધ્યક્ષશ્રી : સુધારા ઉપર આવો.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સુધારા પર જ આવું છું. આ આયોજન જે છે તેના સંબંધમાં બોલું છું. આયોજન બહાર નથી બોલતો. જિલ્લા કક્ષાની જે ગ્રાન્ટ છે, કારણ કે આપણે આયોજનની ચર્ચા કરી રહ્યા છીએ. આ બિલ ડિસ્ટ્રીકટ આયોજન કમિટી અંગેનું છે પણ શું કામગીરી થઇ રહી છે તેનો ઉલ્લેખ કરવો પણ ખૂબ જરૂરી છે. કારણ કે આટલી

સારી સરકાર ચાલતી હોય અને તેની હું વાત ન કરું તો મને લાગે છે કે હું અન્યાય કરી રહ્યો છું. જિલ્લા કક્ષાની જે ગ્રાન્ટ છે. જિલ્લા કક્ષાના જે કામો છે. તેના માટે પણ દોઢ કરોડ રૂપિયા આપણે આપીએ છીએ. જિલ્લા વહીવટી તંત્ર છે જેના વડા કલેકટરશ્રી છે. તેના હવાલે પણ ગ્રાન્ટ મૂકવામાં આવે છે. અગાઉ ૫૦ લાખ રૂપિયા આપતા હતા તેના બદલે હવે એક કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપણે ફાળવીએ છીએ. ગામડાંના વિકાસ માટે ઘણી બધી યોજનાઓ છે પણ ફરિયાદ એ કરવામાં આવતી કે નગરપાલિકાઓ માટે કોઇ વ્યવસ્થા નથી. નગરપાલિકાની અંદર જે ગરીબ માણસો રહે છે તેના માટે પાણી, રસ્તા, ગટર, વીજળી વગેરેના જે પ્રશ્નો છે, વિકાસના જે પ્રશ્નો છે તેના ઉપર પૂરતા પ્રમાણમાં ધ્યાન આપવામાં આવતું નહોતું. એટલા માટે વર્ષ ૨૦૧૨-૧૩થી નગરપાલિકાદીઠ રૂપિયા ૨૫ લાખની ગ્રાન્ટ ફાળવવાનું પણ નક્કી કર્યું છે. આયોજન મંડળ વિવેકાધિન ગ્રાન્ટ ઉપરાંત પ્રોત્સાહક ગ્રાન્ટની પણ જોગવાઇ કરવામાં આવી છે. તાલુકાના પછાતપણાને ધ્યાનમાં લઇને ૫૦ ટકાનો ફાળો, ૨૫ ટકાનો ફાળો અને જરૂરિયાત હોય તો ૧૦ ટકાના ફાળા માટેની વ્યવસ્થા કરી છે. આપણે એવું માનીએ છીએ કે ગુજરાત વિકસિત રાજ્ય છે. પણ એવા પોકેટ્સ પણ ગુજરાતની અંદર છે જ્યાં હજુ સુધી વિકાસ આપણે પૂરતા પ્રમાણમાં પહોંચાડી શક્યા નથી. રાજ્ય સરકારના પ્રયત્ન હોવા છતાં એમાં ભૌગોલિક પરિસ્થિતિના કારણે એ વિસ્તારો દા.ત. પાંચાલ વિસ્તાર છે, નળકાંઠા છે, ભાલ છે, ખાખરીચાટપ્પા છે, ખારોપાટ છે, ઘેડ છે, ઉકાઇના અસરગ્રસ્ત ભૌતિક વિસ્તાર છે. એ વિસ્તારોના વિકાસ માટે પણ રાજ્ય સરકારે ચિંતા કરી છે અને ૨૦૧૦-૧૧થી આપણે ૫ કરોડ અને ૨૯ લાખ રૂપિયાની ગ્રાન્ટ જે ભૌગોલિક રીતે ખાસ પછાત વિસ્તારો છે તેના માટે પણ ગ્રાન્ટની ફાળવણી કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે હમણાં એક નવો કન્સેપ્ટ ઉભો કર્યો છે. આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો. એટલે એ.ટી.વી.ટી. દ્વારા પણ તાલુકાની અંદર વિકેન્દ્રિત આયોજનના ભાગ રૂપે વિકાસના કામોનું અમલીકરણ થાય, તેનું આયોજન થાય તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તાલુકાદીઠ ૨૫ લાખ રૂપિયાની વિવેકાધિન ગ્રાન્ટ અને પ્રાંત ઓફિસર દીઠ ૨૫ લાખ રૂપિયાની ગ્રાન્ટ. આપણાં રાજ્યની અંદર ૧૧૫ જેટલા પ્રાંતો છે. એ પ્રાંતોની અંદર આપણે ગ્રાન્ટની ફાળવણી કરીએ છીએ. જે વિસ્તારો પછાત રહી ગયા છે એ વિસ્તારો આપણે વિકાસશીલ તાલુકા તરીકે ઘોષિત કરેલા છે. આ વિકાસશીલ તાલુકાઓની અંદર પણ આપણે પૂરતા પ્રમાણમાં ગ્રાન્ટ ઉપલબ્ધ કરીએ છીએ. દરેક સચિવ કક્ષાના અધિકારીને આપણે વિકાસશીલ તાલુકાની અંદર તેના અમલીકરણ માટે નીમેલા છે. એક કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપણે તેમના હવાલે મૂકેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિકેન્દ્રિત આયોજનની અંદર રાજ્ય સરકારે જે પ્રયત્નો કર્યા છે એ ઉપરાંત હવે બંધારણીય જોગવાઇ મુજબ જિલ્લા આયોજન સમિતિ બનાવવી ખૂબ જરૂરી છે. કારણકે કાયદાની અંદર જ આ સમિતિ માટે આપણને આદેશ આપવામાં આવ્યો છે. બંધારણના ભાગ રૂપે આપણે ૨૦૦૦નો જે કાયદો બનાવ્યો છે એ કાયદા મુજબ દરેક જિલ્લાની અંદર ડિસ્ટ્રીકટ પ્લાનીંગ કમિટી બનાવવામાં આવશે. આનો ઉદ્દેશ છે એ તમામ પંચાયતો અને મ્યુનિસિપાલિટીઓ દ્વારા જે કંઇ આયોજન નક્કી કરવામાં આવે તેને સુગઠિત કરીને રાજ્ય સરકારને આખા જિલ્લાનો પ્લાન બનાવીને રજૂ કરવાની કામગીરી ડિસ્ટ્રીકટ પ્લાનીંગ કમિટીની હોય છે. આર્ટિકલ-૨૪૩(૨) ઝેડ મુજબ દરેક ડિસ્ટ્રીકટની અંદર ડિસ્ટ્રીકટ પ્લાનીંગ કમિટી રચવી ખૂબ જરૂરી છે. આમાં મ્યુનિસિપાલિટીઓ અને પંચાયત વિસ્તાર આવતો હોય છે અને મ્યુનિસિપલ કોરપોરેશનનો જે વિસ્તાર છે. એના માટેની મેટ્રોપોલીટન કમિટિ એટલે કે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની પ્લાનીંગ કમિટિ અલગ બનતી હોય છે. આ કમિટિની અંદર ૩૦થી ઓછા નહીં અને ૪૦થી વધારે નહીં એવી જોગવાઇ કરવામાં આવી હતી. રાજ્ય સરકારે અનુભવ્યું છે કે, જે નવા જિલ્લાઓ બન્યા છે એની સભ્ય સંખ્યા ધ્યાને લેતાં આ જોગવાઇઓનો અમલ કરી શકાય નહીં અને એટલા માટે હવે માનનીય મંત્રીશ્રીએ અને રાજ્ય સરકાર નક્કી કરે એ પ્રકારની સભ્ય સંખ્યા માટે સૂચવ્યું છે. આ કમિટિના ચેર પર્સન તરીકે રાજ્ય સરકાર જેને નીમે તે વ્યક્તિ ચેર પર્સન તરીકે કામગીરી કરશે. વાઇસ ચેરમેન તરીકે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી રહેશે અને કો વાઇસ ચેરમેન તરીકે જિલ્લા કલેકટરશ્રી, ડી.ડી.ઓ., જિલ્લા આયોજન અધિકારી પણ એના સભ્ય સચિવ રહેશે. આ જે સુધારા લાવવામાં આવ્યા છે એના કારણે મને લાગે છે કે, આપણે જે આયોજન કમિટિઓ જિલ્લા કક્ષાએ બનાવીએ છીએ. આ કમિટિઓ કાર્યાન્વિત કરવામાં ખૂબ અનુકૂળતા ઉભી થશે. ભારતીય જનતા પાર્ટીની સરકાર માને છે કે, આ દેશના જે પાયાના પ્રશ્નો છે, ખાસ કરીને પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક આરોગ્ય, પોષણ અને આંતરમાળખાકીય સુવિધાઓ છે. મને કહેવા દો કે ગુજરાત એક એવું રાજ્ય છે કે, જેણે રસ્તા, પાણી અને વીજળીની મુળભૂત સમસ્યાઓનો નિકાલ કર્યો છે. છતાં પણ આપણે ત્યાં એવા પોકેટ છે, સમુદ્ર કિનારો હોય, આદિવાસી પટ્ટી હોય અથવા ભૌગોલિક રીતે પછાત વિસ્તારો છે એ વિસ્તારોની અંદર આપણા વિકાસના ફળ ઉપલબ્ધ કરાવવાના બાકી છે. આ સમાજની અંદર એવા પણ વર્ગો છે, ખાસ કરીને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને મહિલાઓના વિકાસ માટેની પણ એક મોટી જરૂરિયાત હોય છે. એટલા માટે આજે દેશમાં વિકાસની ભૂખ જાગવાના કારણે કોમવાદને બદલે, જ્ઞાતિવાદને બદલે વિકાસની વાતો આ દેશમાં થઇ રહી છે. વિકાસ અને સુશાસનનો મુદ્દો અત્યારે અગ્રસ્થાને છે. એટલે કે, સેન્ટર સ્ટેજે આવીને ઉભો છે. અત્યાર સુધી આપણી જે સરકારો હતી, ભારતને આઝાદ થયે ૬૩ વર્ષ થઇ ગયા. એ લોકોએ દેશનું વિભાજન થાય એના માટેના પ્રયત્નો કર્યા, એ પ્રયત્નો એવા કર્યા કે, કોમને કોમ સામે લડાવી, જ્ઞાતિને જ્ઞાતિ વચ્ચે લડાવવી, ભાષાના નામે હુલ્લડો કરાવવા. પ્રાંતના નામે હુલ્લડો કરાવવા. આ ભારતીય જનતા પાર્ટીની જે સરકાર છે એ પોતે પ્રાંતવાદ, જ્ઞાતિવાદ, ધર્મવાદ આ બધાથી ઉપર આવીને રાષ્ટ્રવાદનો નારો લઇને આ સરકારનું સંચાલન કરવામાં આવે છે.

તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫

ગુજરાત જિલ્લા આયોજન સમિતિ (સુધારા) વિધેયક, ૨૦૧૫

ઉપાધ્યક્ષશ્રી : સુધારા ઉપર આવી જાઓ. સુધારા બે જ છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ આયોજન છે એ નીતિથી થશે. ભારતીય જનતા પાર્ટીની જે નીતિ છે એનો ઉલ્લેખ કરવો ખૂબ જરૂરી છે. કારણ કે, આપણે દેશને આગળ લઇ જવાનો છે એને પાછળ નથી લઇ જવાનો અને એટલા માટે આ વિકેન્દ્રિત આયોજનના ભાગરૂપે તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં જે સૂચિઓ કરવામાં આવી છે. પહેલી વખત વિકાસ અને સુશાસનની વાતો થઇ રહી છે. એનો સૌથી વધારેમાં વધારે લાભ છે એ છેલ્લામાં છેલ્લા ગરીબ માણસને થવાનો છે. જે માણસ વિકાસના લાભથી વંચિત રહ્યો છે એને વિકાસના ફળ પહોંચાડવાના છે. અત્યાર સુધી વોટ બેંકની રાજનીતિ ચાલી, વોટ બેંકની રાજનીતિના કારણે ગરીબોના નામે ઘણી બધી વાતો થઇ. આ સરકારે પહેલી વખત ગરીબો માટે ગરીબ કલ્યાણ મેળા કર્યા અને ગરીબ કલ્યાણ મેળા થકી ૮૫ લાખ લોકોને લાભ આપવામાં આવ્યો છે. મને કહેતાં આનંદ થાય છે કે, આ રાજય સરકાર, ભારતીય જનતા પાર્ટીની સરકારે ગરીબીની રેખા નીચે જીવતા આવાસહીન ૨૦ લાખ જેટલા કુટુંબો હતા એમના માટે આવાસ ઉપલબ્ધ કરાવવાનું કામ કર્યું છે. કઇ સરકારો આ કામ કરે છે? ગરીબ માણસોને આવાસવિહિન હતા એમને આવાસ ઉપલબ્ધ કરાવવા એ પાયાની જરૂરિયાત હતી. ૧૦ લાખ લોકોના ઘરમાં વીજળી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ૧૫ લાખથી વધારે મહિલાઓને સહાય આપવામાં આવી છે. વિધવા સહાય, વૃદ્ધ સહાય, વિકલાંગ સહાય, આપણે બધા સામાજિક સુરક્ષાની વાતો કરીએ છીએ, આ સામાજિક સુરક્ષા ઉપલબ્ધ કરાવવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. ગરીબ કલ્યાણ મેળા એક ઇન્સ્ટ્રુમેન્ટ છે. આજે વિકેન્દ્રીત આયોજનના ભાગરૂપે છેલ્લામાં છેલ્લા માણસ સુધી લાભ મળે, વચેટીયાઓ નાબૂદ થાય, મોટામાં મોટું દુઃખ જે એમને છે એ વચેટીયાઓ નાબૂદ થયા એનું છે. કારણ કે જે કટકી કરનારા લોકો હતા એ બેકાર થઇ ગયા અને એના કારણે ગરીબ કલ્યાણ મેળામાં લોકો સુધી લાભો ઉપલબ્ધ કરાવી શકયા છીએ. મને કહેતા આનંદ થાય છે કે આ દેશની અંદર આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગરીબ માણસને અગ્ર સ્થાન આપ્યું છે. અત્યાર સુધી કહેવામાં આવતું હતું કે સરકાર છે એ થોડા મૂડીપતિઓનું જ ધ્યાન રાખે છે, પણ એવું નથી, આ વિકેન્દ્રીત આયોજનને કારણે, ગરીબ કલ્યાણ મેળાના કારણે આપણે ગરીબમાં ગરીબ, છેલ્લામાં છેલ્લો જેને ગાંધીજી કહેતા હતા દરીદ્ર નારાયણ, એના સુધી પહોંચવાના આપણે પ્રયત્નો કર્યા છે. ગામડાંની અંદર શું જોઇએ, ગામડાંમાં પ્રાથમિક શાળાનો ઓરડો જોઇએ, ગામડાંમાં પાણીની સગવડ જોઇએ, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે એ પાણીના બિલો ભરે છે, ગ્રામ પંચાયત બિલો ના ભરી શકે પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર એના બિલો ભરે છે. આ ઉપરાંત રસ્તાઓ ૯૮ ટકા ગામડાંઓની અંદર ઇવન આદિવાસી વિસ્તારોમાં ૯૯ ટકા, એક ટકો વધારે રસ્તાઓ ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. આ બધી સિદ્ધિઓ છે જે વિકેન્દ્રીત આયોજન મારફતે થઇ છે. એવી જ રીતે વીજળીકરણ, ભારત સરકાર એમ કહે છે કે ૨૦૧૯ સુધીમાં તમામ ઘરોમાં વીજળીકરણ ઉપલબ્ધ કરાવીશું. ગુજરાતની અંદર મોટા ભાગના ગરીબ ઘરોની અંદર ઝૂંપડપટ્ટીની અંદર આપણે વીજળી ઉપલબ્ધ કરાવી શકયા છીએ. આરોગ્યની સુવિધા આ પહેલું રાજય છે જેણે ૨૦૦૧ નહીં પણ ૨૦૧૧ના સેન્સેસના આધારે સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સબસેન્ટરોની વ્યવસ્થા ઉભી કરી છે. આ રાજયની અંદર આપણે જોઇએ તો વિકેન્દ્રીત આયોજનની જે વાતો કેન્દ્ર સરકારે કરેલી એનો અમલ અહીંયા થઇ ગયેલો હતો, આજે જે વાતો એ કરી રહ્યા છે અહીંયા જિલ્લા આયોજન મંડળ કાર્યરત હતા, તમે સમિતિ બનાવવા માટે બંધારણીય જોગવાઇ કરી એ પહેલા વ્યવસ્થા જી.આર.ની અંદર અમલમાં હતી, એના થકી ગુજરાતના લોકોને ખૂબ ફાયદો થયો છે. વનબંધુ યોજના દાખલ કરવામાં આવી કોને ફાયદો થયો? આજે સાગરકાંઠા વિકાસ યોજના અમલમાં મૂકવામાં આવી, કોને ફાયદો થયો? સમુદ્ર કિનારાના ગરીબ માણસોને ફાયદો થયો. ગરીબ સમૃદ્ધી યોજના દાખલ કરવામાં આવી તો કોને ફાયદો થયો? શહેરના ગરીબ માણસો કે જેનો કોંગ્રેસે ફકત વોટ બેંક તરીકે ઉપયોગ કર્યો છે, એના બદલે એ વિકાસના ભાગીદારો બને છે. ખૂબ જરૂરી છે કે આ દેશની અંદર આપણે તમામ લોકોનો વિકાસ સુશાસનમાં ઉપયોગ કરીએ. ભારતીય જનતા પાર્ટી માને છે કે દરેક નાગરિકને ઘર હોવું જોઇએ અને એટલા જ માટે માનનીય વડાપ્રધાનશ્રીએ કહ્યું છે કે આખા દેશની અંદર ૨૦૨૨ સુધીમાં તમામ લોકોને આવાસ ઉપલબ્ધ કરવામાં આવશે, તમામ વિસ્તારો એટલે શહેરી વિસ્તારો હોય કે ગ્રામીણ વિસ્તારો હોય અને રાજય સરકાર આ માટેના પ્રયત્નો કરી રહેલ છે. ગ્રામિણ વિસ્તારની અંદર ૦ થી ૧૬ના નહીં પણ ૧૭ થી ૨૦ના ગરીબ માણસો જે આવાસહીન હતા એને આવાસ ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. ગરીબ કલ્યાણ મેળામાં જે ૧૪ હજાર કરોડની સહાય આપવામાં આવી છે એમાંથી ૮ હજાર કરોડ તો ફકત આવાસ માટે આપવામાં આવ્યા છે. બજેટ હોય ૬૦૦ કરોડ અને રકમ આપવામાં આવે ૮ હજાર કરોડ, સાહેબ આ શું બતાવે છે આ આપણું સરકારનું કમીટમેન્ટ બતાવે છે કે આ સરકાર ગરીબોની છે. ગરીબો માટેની છે અને ગરીબોના થકી છે અને એટલા જ માટે ૧૯૯૫થી રાજય સરકારે વિકેન્દ્રીત આયોજનના ભાગરૂપે ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટ જે ૫૦ લાખ હતી એ પણ વધારીને એક કરોડ રૂપિયા કરી છે. હવે એના કામો છે એમાં કામ દીઠ ૩ લાખની મર્યાદા છે એ મર્યાદા હવે ૫ લાખની કરીએ એવું મારું નમ્ર સૂચન છે. આ દેશની અંદર આઝાદી મળી પણ એ રાજકીય આઝાદી મળી. સામાજિક અને આર્થિક આઝાદી હજુ બાકી છે. ડો. બાબા સાહેબ આંબેડકરે કહેલું કે ગરીબ માણસોને, પદ દલિતોને જો રાજકીય આઝાદી ઉપરાંત આર્થિક અને સામાજિક આઝાદી નહીં આપવામાં આવે તો રાજકીય આઝાદી નષ્ટ થઇ જશે. એને સરકાર બનાવવા માટે વોટનો અધિકાર આપીએ, એને ભાગીદાર બનાવીએ એ પૂરતું નથી. પરંતુ વિકાસની પ્રક્રિયામાં દરેક નાગરિક એ પછી કોઇપણ ધર્મનો હોય, કોઇપણ જ્ઞાતિનો હોય, કોઇપણ પ્રાંતનો હોય કે કોઇપણ ભાષા બોલતો હોય એ તમામ નાગરિકને આપણે આ વિકાસની જે પ્રક્રિયા છે એમાં ભાગીદાર બનાવીને વિકાસના ફળો છે એ આખરે

સરકાર કોના માટે? સરકાર જ્યારે ગરીબો માટે ચાલતી હોય ત્યારે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું વિઝન ખૂબ સ્પષ્ટ છે. એમણે કહ્યું છે કે મારા પ્રયત્નો છે કે દેશમાં આપણે આઝાદીની લડતમાં ભાગ ન લઇ શક્યા, આ ઘડી આવી છે કે આપણે રાષ્ટ્ર નિર્માણમાં તો ભાગ લઇ શકીએ. આઝાદીની લડતમાં બલિદાન ન આપી શક્યાં કારણ કે આપણો જન્મ આઝાદી પછી થયો છે. આઝાદી પછી જનમ્યા છીએ ત્યારે રાષ્ટ્ર નિર્માણમાં ધારાસભ્ય, સંસદસભ્ય, શિક્ષક, તલાટી હોય કે પટ્ટાવાળો હોય, જે પણ હોય, મુખ્યમંત્રીથી માંડીને પટ્ટાવાળા સુધી દરેકે રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું યોગદાન આપવાનું છે. એ યોગદાન આપવા માટે માનનીય વડાપ્રધાનશ્રીએ આહલેક કરી છે ત્યારે ખૂબ જરૂરી છે વિકેન્દ્રિત આયોજનની કામગીરી શું છે એ હાઉસના ધ્યાને મૂકું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા લોકો કહે છે કે ગુજરાતમાં વિકાસ થતો નથી. વિકાસ ઘણા લોકોને દેખાતો નથી, જોવામાં આવતો નથી. (અંતરાય) સામે એ લોકો આજે નથી. તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વિકેન્દ્રિત આયોજનના ભાગરૂપે ૩૧,૫૧૫ જેટલા શાળાના ઓરડાઓ બનાવવામાં આવ્યા. આ વિકેન્દ્રિત આયોજનના કારણે શક્ય બન્યું. ૫૨૩૫ ઓરડાઓની મરામત કરવામાં આવી. આ ઓરડાઓ ક્યાં મરામત થયા? ગામડાંમાં થયાં. એનો લાભ ગરીબ માણસોના છોકરાઓને મળવાનો છે. એ ગરીબ માણસનો છોકરો ભણી-ગણીને આઇ.એ.એસ. બનશે, ધારાસભ્ય બનશે અને વિકાસ કરશે. રાજ્યની અંદર આદિવાસી વિસ્તાર સિવાય પણ આદિવાસી વિસ્તાર સહિત પાણી પુરવઠાના કામોને અગ્રતા આપવામાં આવી છે. જિલ્લા આયોજન મંડળો દ્વારા વિકેન્દ્રિત આયોજનના ભાગરૂપે ૮૯,૬૫૨ જેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. આજે ઉંડાણના અને અંતરિયાળ ગામોમાં પણ પાણીની વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. વિકેન્દ્રિત આયોજનના ભાગરૂપે ૧૮૯૩ જેટલા કામો બંધ હતા એને ચાલુ કરવામાં આવ્યા છે. આજે ગામડું હોય પણ એમાં એક્સેસ ન હોય તો કેવી રીતે જવાય? નેશનલ હાઇ-વે હોય, જિલ્લા હાઇ-વે હોય, તાલુકાના રસ્તા હોય પણ ગામડાં સુધી પહોંચવાનો રસ્તો ન હોય તો કેવી રીતે વિકાસ કરી શકો? ૯૨,૯૭૮ જેટલા રસ્તાના કામો પૂરા કરવામાં આવ્યા છે. ૬૭૭૨ જેટલા ગામોની અંદર આપણે કડીરૂપ માર્ગો પણ ઉભા કર્યા છે. વિકેન્દ્રિત આયોજનના ભાગરૂપે ૧૫,૨૨૭ ગામોની અંદર આપણે સ્થાયી વીજળીની વ્યવસ્થાઓ કરી છે. અને એવી જ રીતે ૧૯૪૦ જગ્યાએ આપણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સબસેન્ટરોના કામો, મરામત અને નવા લેવાના કામો પૂરા કર્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિકેન્દ્રીત આયોજનનું અને ગુજરાત સરકારનું સરવૈયું છે. આજે મિત્રોને જો વિકાસ દેખાતો ના હોય તો એમાં સરકારનો વાંક નથી એમનો વાંક છે આ વાસ્તવિકતા સ્વીકારવી પડે. આ મારા ઘરના આંકડા નથી એન્યુઅલ ડેવલપમેન્ટ પ્લાનની અંદર આપેલા આંકડા છે અને સરકારી આંકડા છે. આજે રાજ્ય સરકારે પ્રાથમિક શિક્ષણ માટે, પ્રાથમિક આરોગ્ય માટે, પોષણ માટે, રસ્તા માટે, પાણી માટે અને વીજળીકરણ માટે પ્રયત્નો કર્યા છે. પહેલી વખતે આ રાજ્ય સરકારે મહિલા સશક્તિકરણની ચિંતા કરી અને પહેલી વખતે જેન્ડર બજેટ બહાર પાડ્યું. કેટલા રાજ્યોની અંદર જેન્ડર બજેટ છે? નાણા કમિશન તો ઘણી બધી ભલામણો કરે. સાહેબ, નોકરીઓની અંદર ૩૩% અનામત આપી અને સ્થાનિક સંસ્થાઓ જે છે એમાં ૫૦% નું આ બિલ સન્માનનીય ગૃહે બહાર પાડ્યું છે. સાહેબ, મહિલાઓ ૫૦% અને એનું પ્રતિનિધિત્વ પણ ૫૦% અને મહિલાઓને ફક્ત રાજકીય પ્રતિનિધિત્વ નહિ, પરંતુ વિકાસની પણ ભાગીદાર બને એટલા માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ જુદો કર્યો. આપણાં પહેલા મહિલ મુખ્યમંત્રી પોતે એટલા બધા સેન્સીટિવ છે. દરેક પ્રશ્નમાં સેન્સીટિવ છે પણ મહિલાઓના પ્રશ્ન માટે ખૂબ સેન્સીટિવ છે. એટલા માટે રાજ્ય સરકારે વિકેન્દ્રીત આયોજનના ભાગરૂપે જ્યારે મહિલા સશક્તિકરણના કાર્યક્રમો લીધા છે. એ માટે આપણે રાજ્ય સરકારને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ અંગે આખો દિવસ બોલી શકાય. વિકાસની વાતો કરવી હોય તો એક દિવસ નહિ અઠવાડિયું જોઇએ. એક અઠવાડિયા સુધી, એક મહિના સુધી આપણે વિકાસની વાતો કરીએ તો પણ આ વિકાસની વાત છે.

ઉપાધ્યક્ષશ્રી : આર. એમ. પટેલ, વિકાસની વાત બરાબર છે. આપણે સુધારા પર બોલવાનું છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : સાહેબ, હું સુધારાના સંદર્ભમાં જ વાત કરું છું.આ બિલ શેના માટે લાવ્યાં? નાના નાના જિલ્લામાં પોતે સમિતિ ના બનાવી શકે. સમિતિ ના બનાવી શકે એના કારણે આયોજન ના થઇ શકે, એના કારણે તાલુકાનો અને જિલ્લાનો વિકાસ અટકી જાય. એટલા જ માટે આ બિલ રજૂ કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની અંદર કરૂણતા એ છે કે કોંગ્રેસની સરકારોએ ૬૦ વર્ષ સુધી અહીંયા અને કેન્દ્રની અંદર શાસન કર્યું. આયોજન મંડળ દ્વારા બાર બાર પંચવર્ષિય યોજનાના પ્લાન બનાવ્યાં. સાહેબ, પરિણામ તો જુઓ. પહેલી વખત નરેન્દ્રભાઇ મોદીએ કહ્યું કે, અમે ઇન્ટરનેશનલ એજન્સીઓ પાસેથી લોન નહિ લઇએ. અમે વર્લ્ડ બેંકમાંથી લોન નહિ લઇએ. અમે ઇન્ટરનેશનલ મોનિટરિંગ ફંડમાંથી લોન નહિ લઇએ. આપણે સાહેબ, આપણી આજુબાજુના દેશો છે એને હવે આપણે લોન આપવા માંડ્યાં. આ દેશ છે એ લોન લેનાર દેશને બદલે લોન આપનાર દેશ બન્યો છે. સાહેબ, આ દેશની અંદર આપણે ગર્વ સાથે કહી શકીએ કે આપણા દેશનું રોકેટ મંગળ ગ્રહ સુધી પહોંચી ગયું છે. હજુ સુધી કોઇ પણ દેશ પહેલા પ્રયત્ને મંગળ સુધી ગયો નથી અને આ વિકાસની જે પ્રક્રિયા છે એનો લાભ છેલ્લા માણસને મળે એના માટે માનનીય મંત્રીશ્રી જે બિલ લાવ્યાં છે એ માટે એમને અભિનંદન આપું છું. ભારત માતા કી જય.

શ્રીરણજીતભાઇ મં. ગિલીટવાલા(સુરત-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, Honorable Minister શ્રી સૌરભભાઇ પટેલ, ધ ગુજરાત ડિસ્ટ્રીકટ પ્લાનીંગ કમિટિઝ એમેન્ડમેન્ડ બિલ ૨૦૧૫, ધ ગુજરાત બિલ ઓફ ૧૯ ઓફ ૨૦૧૫ લઇને

આવ્યા છે તેને મારું હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મૂળ કાયદો હતો કે, ધ ગુજરાત ડિસ્ટ્રીક્ટ પ્લાનીંગ કમિટિ એક્ટ– ૨૦૦૮માં આ કાયદો બનાવ્યો, પછી આ કાયદાના અમલીકરણના આધારે પડતી મુશ્કેલીઓને ધ્યાને લઇને, એ મુશ્કેલીઓ દૂર કરવા માટેના પ્રયત્નના ભાગરૂપે માનનીય મંત્રીશ્રી આ એમેન્ડમેન્ડ બિલ લઇને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બિલનો અભ્યાસ કરતાં એવું લાગે છે કે, એમેન્ડમેન્ડમાં સબ્સ્ટિટ્યૂશન વધારે છે, બધું સબ્સ્ટિટ્યૂટ જ છે. આ સેકશનની જગ્યાએ આ સેકશન એ પ્રમાણે સબ્સ્ટિટ્યૂટ કરવા માટેનું પ્રોવિઝન્સ આમાં છે. ૨૦૦૮ના કાયદાની અંદર સેકશન–૩માં ઇન સબ સેકશન–૧, મૂળ શબ્દ છે "Not less than thirty and not more than forty as may be determined." હવે એની જગ્યાએ સબ્સ્ટિટ્યૂટ કરવામાં આવે છે, શબ્દો કાઢીને બીજો શબ્દો સબ્સ્ટિટ્યૂટ કરવામાં આવે છે – "As may be determined by the State Government for each of such district" મંત્રીશ્રીએ વિગતવાર કહ્યું જ હતું કે, સાહેબ ડી–સેન્ટ્રલાઇઝેશન ઓફ પાવરની પ્રોસેસની અંદર આપણા રાજ્યની અંદર જે ખૂબ મોટા જિલ્લાઓ હતા એને જિલ્લાઓને થોડા વિભાજન કરીને નવા જિલ્લાઓ પણ બનાવવામાં આવ્યા છે. એટલે આ જે નવા જિલ્લાઓ છે એની જિલ્લા પંચાયતની સીટ મર્યાદિત હોવાના કારણે મૂળ જે કારણ, મૂળ જે પ્રોવિઝન છે, **"Not less than thirty and not more than forty"**, ઘણી વાર આ જિલ્લાની અંદર એટલા સભ્યો જ નથી હોતા સાહેબ. સભ્યોની સંખ્યા ૩૦ કરતાં ઓછી, પચ્ચીસ–વીસ ગમે તે હોઇ શકે તો આવા જે જિલ્લાઓ, પાંચ–છ જિલ્લાઓની અંદર આ પ્લાનીંગ કમિટિ બનાવવાનું, આ કાયદાના મૂળ કાયદાના સેકશન પ્રમાણે શક્ય નહતું બનતું અને એના કારણે આ જિલ્લાની અંદર આ કાયદાના અમલ દ્બારા જે લાભો આપણે પ્રજાને પહોંચાડવા માગતા હતા તે લાભો આ રીતે પહોંચાડી ન શકતા હોવાના કારણે સાહેબ આ એમેન્ડમેન્ડ બિલ લાવવામાં આવ્યું છે. એટલે હવે કોઇ પણ જિલ્લો હશે, "As may be determined by the State Government for each of such districts" દરેક સ્ટેટ માટે રાજ્ય સરકાર આ સંખ્યા નક્કી કરશે અને એ પ્રમાણે આ પ્લાનિંગ કમિટીની અંદર એટલા સભ્યોની નિમણૂંક કરવામાં આવશે. આના કારણે નાના જિલ્લામાં મેં કહ્યું તે પ્રમાણે એક ચોક્કસ વ્યવસ્થા તંત્ર ગોઠવાશે અને જે કામો છે એને સારી રીતે કરી શકાશે એટલા માટે આ સેકશનને હું સપોર્ટ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઇન સેકશન–૩, ઓલસો ઇન સેકશન–૯ સબ સેકશન–૨ "the words minimum of ten members, the words one-third of the total members" shall be substituted**.** એટલે કમિટીનું જે કોરમ બનતું હતું, ઓછામાં ઓછા દસ સભ્યોની સંખ્યા આવશ્યક હતી મૂળ, પણ એ કોરમ કરવામાં ઘણી વાર ઘણી બધી તકલીફો પડતી હોવાના કારણે રાજ્ય સરકારે પ્રપોર્શનેટલી ૧/૩ ઓફ ધ ટોટલ મેમ્બર્સ એમ મૂકી દીધું એટલે લગભગ બધે જ એક સરખી સંખ્યાની અંદર આ કોરમ બની શકે એટલા માટેનો આ સુધારો છે. સાથેસાથે એક સુધારો સબ સેકશન–૩, the following sub-section shall be substituted, namely, "The District Planning Officer shall be ex-officio Secretary of the Committee who shall maintain records and the proceedings of the Committee and shall take such actions as the Committee may decide." એટલે આ ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ ઓફિસરને કમિટીના એકસ ઓફીશ્યો મેમ્બર તરીકે નિમણૂક કરવામાં આવશે. કમિટીને બોલાવવાની, કમિટીની મિટીંગ એરેન્જ કરવાની, કમિટીમાં જે નિર્ણય લેવામાં આવે તેનું અમલીકરણ કરવાની તમામ જવાબદારી ડિસ્ટ્રિક્ટ પ્લાનીંગ ઓફિસરના માથે મુકવામાં આવી છે. The amendment is for detterment of the administration. જયાં જરૂર પડે ત્યાં સુધારાની આવશ્યકતા હોય છે એટલે આ સુધારો લઇને આવ્યા છે. Ultimate intention તો રાજયના, આપણા રાજયના છેવાડાના માણસની જે વ્યવસ્થા ગોઠવી છે તે વ્યવસ્થાનો લાભ છેવાડાના માનવીને પહોંચાડવા માટેના આપણા પ્રયત્નના ભાગરૂપે આ એમેડમેન્ટ લાવ્યા છે. આ એમેડમેન્ટને હું સપોર્ટ કરું છું. ધન્યવાદ.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા**(**જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આયોજન ગુજરાત જિલ્લા આયોજન સમિતિ સુધારા વિધેયક ૨૦૧૫ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા અને સમર્થન આપવા માટે ઉભો થયો છું. રાજયની અંદર ૨૦૦૮માં આયોજન સમિતિનું બિલ લાવવામાં આવ્યું હતું અને જે જોગવાઇ હતી એ જોગવાઇને કારણે રાજયની અંદર જે જિલ્લાઓના વિભાજન થયા અને એ વિભાજનના કારણે ત્યાંની સંખ્યા ઓછી હોવાને કારણે ચૂંટાયેલા પ્રતિનિધિની સંખ્યા ઓછી હોવાને કારણે આ કાયદાથી ત્યાં સમિતિની રચના કરવામાં કયાંકને કયાંક થોડી મુશ્કેલી પડતી હતી એને ધ્યાનમાં રાખીને આ સુધારા વિધેયક આયોજન મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે હું એને સમર્થન આપું છું. રાજયની અંદર જિલ્લા આયોજન સમિતિની રચના ૨૦૦૮થી કાયદો લાવીને આપણે અસ્તિત્વમાં લાવ્યા છીએ પણ રાજયની અંદર આયોજન મંડળની સ્થાપના કરીને, રાજયની સ્થાપના ૧૯૬૦માં થઇ. ૧૯૬૩ની અંદર પંચાયતી રાજયની સ્થાપના કરવામાં આવી છે. રાજયની અંદર આયોજન મંડળ દ્બારા રાજયના વિકેન્દ્રીકરણના કામો લઇને રાજયના સર્વાંગી વિકાસ માટે ખૂબ મોટું કામ થયું છે. અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાત રાજય પ્રથમ રાજય છે ત્યારે આગામી દિવસોની અંદર રાજયના સર્વાંગી વિકાસ માટે જે કાંઇ બજેટની ફાળવણી કરવામાં આવે છે એ ફાળવણી જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ સારી રીતે થઇ શકે એના માટે આ સુધારા બિલ લાવવામાં આવ્યું છે. આ સુધારા બિલની અંદર જેમ આયોજન મંત્રીએ વાત કરી તેમ કે જે નાના જિલ્લા હતા અને નાના જિલ્લાની અંદર સંખ્યાને ધ્યાનમાં રાખીને ડાંગ, તાપી, નર્મદા, બોટાદ અને મહીસાગર જેવા જિલ્લાની અંદર સભ્યસંખ્યા ઓછી હોવાને કારણે આ સુધારા બિલથી રાજય સરકાર ઇચ્છે એટલા સભ્યોની નિયુકતી કરી અને આયોજન સમિતિનું

અમલીકરણ કરવામાં આવશે. આ આયોજન સમિતિનું સંચાલન કરવા માટે ડી.પી.ઓ.ને સેક્રેટરી તરીકે પણ સત્તા આપવામાં આવી છે. આમ આયોજન મંત્રીએ ખૂબ વિગતથી વાત કરી છે. મારા પૂર્વના વક્તાઓએ ખૂબ વિગતથી વાત કરી છે, ત્યારે વિશેષ વાત નહિ કરતા આ બિલને સમર્થન આપી મારી વાતને વિરામ આપું છું. અસ્તુ.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા ઉપર સભ્યશ્રીએ ખૂબ વિગતવાર ચર્ચા કરી. મને ચોક્કસ વિશ્વાસ છે કે જે પ્રમાણે આર.એમ. પટેલે વિગતવાર ગરીબોના વિકાસની વાત કરી. જો આ દિલ્હીમાં બિલ લાવનારને જે વિચાર આવ્યો હશે આજે ચર્ચામાં અહીંયા હોત તો કેટલો આનંદ થયો હોત. એમને પણ થયું હોત કે મેં જે કામ કર્યું છે છેવાડાના માનવીને પહોંચાડવા માટે આ બધા સભ્યશ્રીઓએ આવકાર્યું છે અને આ સુધારાના કારણે ખૂબ લાભ આવતા દિવસોમાં તાલુકા લેવલ ઉપર, જિલ્લા લેવલ ઉપર આયોજન કરવા માટેનાં કામમાં આવવાનું છે. ઘણી ચર્ચા થઇ છે. હવે મારે કોઇ વિગત આપવાની રહેતી નથી તેથી આ બિલ પાસ કરવા માટે હું સભાગૃહને વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૧૫નું ગુજરાત જિલ્લા આયોજન સમિતિ(સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**કલમ–૨ અને ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૧૫નું ગુજરાત જિલ્લા આયોજન સમિતિ(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૧૫નું ગુજરાત જિલ્લા આયોજન સમિતિ(સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૧૮**

ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક, ૨૦૧૫

**આતંકવાદી કૃત્યોના નિવારણ અને અંકુશ માટે અને સંગઠિત ગુના સિન્ડીકેટની ગુનાહિત પવૃત્તિઓને પહોંચી વળવા માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે ખાસ જોગવાઇઓ કરવા બાબત વિધેયક**

શ્રી રજનીકાન્ત સો. પટેલ ( ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૧૫નું ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૧૫નું ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી રજનીકાન્ત સો. પટેલ ( ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આતંકવાદી કૃત્યોના નિવારણ અને અંકૂશ માટે તથા સંગઠિત ગુન્હા સીન્ડીકેટની ગુન્હાહિત પ્રવૃત્તિઓને પહોંચી વળવા, ઓર્ગેનાઇઝ ક્રાઇમને પહોંચી વળવા માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષાંગિક બાબતો માટે ખાસ જોગવાઇ કરવા હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૮ ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક ૨૦૧૫ લઇને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય વેપાર અને ઉદ્યોગની બાબતમાં સતત અગ્રેસર રહી આજે આર્થિક રીતે સમૃદ્ધ અને પ્રગતિશીલ રાજય બન્યું છે. દુનિયાભરના લોકો તથા દેશના અન્ય રાજયોના લોકો પણ વેપાર, ધંધા, ઉદ્યોગ અને રોજગાર અર્થે ગુજરાતમાં સ્થાયી થયા છે. સાથોસાથ આર્થિક સમૃદ્ધિને કારણે રાજયમાં ઓર્ગેનાઇઝ ક્રિમીનલ્સ સક્રિય બને તે સંભાવના હરહંમેશ રહેતી હોય છે. આ ઉપરાંત ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિને કારણે ગુજરાત ૧૬૦૦ કિલોમિટર જેટલો લાંબો દરિયા કિનારો ધરાવે છે. ૫૦૦ કિલોમિટર જેટલો જમીન વિસ્તાર પણ પાડોશી દેશ પાકિસ્તાનની સરહદને સ્પર્શે છે. આપણે સૌ જાણીએ છીએ કે પાકિસ્તાન અને ભારત, તેમાં પાકિસ્તાન તે ભારતને સીધી રીતે યુદ્ધમાં કયારેય પરાસ્ત કરી શકે તેમ નથી. આવી કોઇ ક્ષમતા તે ધરાવતું નથી અને એટલા માટે ક્રોસ બોર્ડર ટેરરીઝમથી ભારત દેશને ખોખલો કરવાનું કામ, ષડયંત્ર પાકિસ્તાન સતત કરતું રહેતું હોય છે. ભૂતકાળમાં આવા અનેક આતંકવાદી હુમલાઓ આ દેશ ઉપર થયા છે. અક્ષરધામ પરનો હુમલો હોય, ટ્રોમા સેન્ટરનો બોમ્બ બ્લાસ્ટ હોય, આ દેશના ગૌરવસમા સંસદભવન પરનો હુમલો હોય, મુંબઇમાં કરાયેલા હુમલાઓ હોય કે જમ્મુમાં રઘુનાથ મંદિર પર થયેલા હુમલાઓ હોય, આ દેશ પર અનેક આતંકવાદી હુમલાઓ થયા છે. એટલા માટે તત્કાલિન મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીએ પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિના આધાર પર આતંકવાદીઓ સામે

---

* વિધેયક તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રજાના રક્ષણ માટે ઘડેલો કાયદો ફરી એક વખત આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લઇને હું આવ્યો છું. પાકિસ્તાનના ભારત પ્રત્યેના ઈરાદાઓ કયારેય સારા રહ્યા નથી. તેમજ આખું વિશ્વ પાકિસ્તાનને આતંકવાદના એપી સેન્ટર તરીકે ઓળખે છે. આવી પરિસ્થિતમાં આતંકવાદી ઘટનાઓ બનતી અટકાવવા માટે પૂરતી સતર્કતા રાખવી તે ખૂબ જ જરૂરી છે. એટલા માટે ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારનું સક્ષમ નેતૃત્વ જેમના હાથમાં છે તેવા રાજયના કુશળ વહીવટકર્તા રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વવાળી આ સરકારની પ્રાયોરીટી જો કોઇ હોય તો તે ગુજરાતની શાંતિ છે, આ સરકારની જો કોઇ પ્રાયોરીટી હોય તો તે ગુજરાતની સલામતિ છે, આ સરકારની જો કોઇ પ્રાયોરીટી હોય તો ગુજરાતની જનતાની સુરક્ષાની છે. અમે રાષ્ટ્રભક્તિની વિચારધારાને વરેલા લોકો છીએ. રાષ્ટ્રની વિભાજનકારી તાકાતોને નશ્યત કરવી તે અમારા સંસ્કાર રહ્યા છે.

**અધ્યક્ષશ્રી, અધ્યક્ષ સ્થાને.**

અમે સ્પષ્ટપણે માનીએ છીએ કે વ્યક્તિ સે બડા દલ ઔર દલ સે બડા દેશ હોતા હૈ. દેશ જયારે અમારા માટે સર્વોપરી છે ત્યારે દેશભક્તોની બનેલી સરકાર, એન.ડી.એ.ની સરકાર માનનીય અટલજીના નેતૃત્વવાળી તે સરકારમાં લશ્કરના ત્રણેય પાંખના વડાઓએ જણાવ્યું કે ભારત પાકિસ્તાન વચ્ચે યુદ્ધ દરમ્યાન જેટલા લોકો ગોળીઓનો શિકાર બન્યા છે તેના કરતાં વધારે લોકો આ આતંકવાદીઓની ગોળીઓનો ભોગ બન્યા છે. આવા સંજોગોમાં એન.ડી.એ.ની. સરકારમાં આતંકવાદની સામે સક્ષમતાથી લડી શકાય એટલા માટે પોટોનો કાયદો લાવવામાં આવ્યો. પોટોની અસરકારકતાને કારણે આતંકવાદીને નાથવામાં આપણે સફળ પણ રહ્યા, પરંતુ આ દેશની કમનસીબી જુઓ, *(xxx)

અધ્યક્ષશ્રી : આપણે આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ :માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની ટીકા..

અધ્યક્ષશ્રી : આપણે કેન્દ્ર સરકારની ટીકામાં ન પડીએ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ના ના કેન્દ્ર સરકારની ટીકા નથી. એમનો ઉલ્લેખ એટલો જ છે કે *(xxx)છે.

અધ્યક્ષશ્રી : હું રેકર્ડ જોઇ લઇશ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હા જી. માનનીય અધ્યક્ષશ્રી, મારું ફકત કહેવાનું એટલું જ હતું કે એન.ડી.એ.ની સરકાર આતંકવાદ સામે લડવા માટે પોટોનો કાયદો લાવી હતી. યુ.પી.એ.ની સરકાર આવ્યા પછી કેવા સંજોગોમાં એવી એમને શું જરૂર પડી કે આતંકવાદ સામે લડવાવાળા આ કાયદાને તાત્કાલિક વટહુકમથી દૂર કરવો પડ્યો અને એ પ્રમાણે આ અસરકારક કાયદાને કેન્દ્રની તત્કાલિન યુ.પી.એ.ની સરકાર દ્વારા ૨૯-૯-૨૦૦૪ના રોજ વટહુકમથી રદ કરવામાં આવ્યો. માનનીય અધ્યક્ષશ્રી, મારું કહેવાનું એ હતું કે જો આ કાયદો હોત તો અમદાવાદ શહેર અને સુરત શહેરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટના કેસોમાં ગુનેગારોને આપણે સજા કરાવી શકયા હોત. આ રીતે જોઇએ તો આવા ખતરનાક અને દેશદ્રોહી ગુનેગારો સમક્ષ આવો કાયદો ન હોવાના કારણે એક રીતે આપણે નિઃસહાય હોઇએ એવી પરિસ્થિતિમાં મૂકાઇએ છીએ. આ સન્માનીય સભાગૃહના સર્વે માનનીય સદસ્યશ્રીઓને વિદિત છે એ પ્રમાણે આતંકવાદી પ્રવૃત્તિઓ અને આતંકવાદી કૃત્યોને અટકાવવા તથા સંગઠિત ગુનાના નિયંત્રણ માટે તથા તે પ્રકારના ગુનામાં સંડોવાયેલાઓને કડકમાં કડક તેમજ ઝડપી સજા કરવાના આશયથી આ અગાઉ તત્કાલિન માનનીય મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડા પ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીની પ્રબળ રાજકીય ઈચ્છાશક્તિના ફળસ્વરૂપ રાજય સરકાર સૌ પ્રથમ ૨૦૦૩ના વર્ષમાં ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણ ૨૦૦૩ આ વિધાનસભા ગૃહ સમક્ષ લઇને આવ્યા હતા અને ગૃહે એને પસાર પણ કર્યું હતું. ત્યાર બાદ આપણે સૌ જાણીએ છીએ એ મુજબ વિધેયક ફરીથી બે વખત વિધાનસભાના ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું અને આ સન્માનીય સભાગૃહે તેને પાસાર પણ કર્યું. પરંતુ આપણે જાણીએ છીએ તેમ ભૂતકાળમાં યુ.પી.એ.ની સરકારે ગુજરાતને જે પ્રકારે સતત અન્યાય કર્યો હતો એ જ પ્રકારે, મહારાષ્ટ્ર રાજયમાં પણ સેઇમ ગુજકોકના જેવો કાયદો મકોકાના રૂપે અસ્તિત્વમાં હતો ત્યાં આ કાયદો અસ્તિત્વમાં હોવા છતાં એક યા બીજા કારણોસર તત્કાલિન યુ.પી.એ. સરકારે આ ગુજરાતના આપણા કાયદાને મંજૂરી આપી નહીં અને પરિણામે આ વિધેયક કાયદો બની શક્યો નહીં. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, ફરી એક વખત દેશમાં માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી અને રાજયમાં માનનીય આનંદીબેન પટેલના નેતૃત્વવાળી સરકારમાં આપણે સૌ ગુજરાતમાં શાંતિ, સલામતિ અને સુરક્ષાને વધુ મજબૂત બનાવી ગુજરાતનો કોઇ નાગરિક આતંકવાદની ગોળીનો શિકાર ન બને તે માટે આ કાયદો ફરીવાર હું લઇને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં એન્ફોર્સમેન્ટ ડાયરેકટર દ્વારા ક્રિકેટ બેટિંગના સટ્ટાનું મોટું ષડયંત્ર કે જેમાં હજારો કરોડ રૂપિયાની હેરાફેરી થયેલી આવા ગંભીર ગુનામાં પણ અસરકારક કાયદો ન હોવાના કારણે આરોપીઓને ઝડપથી જામીન મળી ગયા એ આપણે સૌ જાણીએ છીએ. આ સંજોગોમાં આતંકવાદી પ્રવૃત્તિઓ તથા ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ સાથે સંકળાયેલ લોકો

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અને તેમને મદદગારી કરતા લોકો સામે સખત હાથે તથા ઝડપથી કાર્યવાહી થઇ શકે એવા આશયથી આપણા રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી માનનીય આનંદીબેન પટેલના માર્ગદર્શન હેઠળ નવી સુધારેલ જોગવાઇઓ સાથે હું આ ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક ૨૦૧૫ લઇને આવ્યો છું. સંગઠિત ગુનાઓ આતંકવાદ જેવી પ્રવૃત્તિઓએ દેશ અને રાજયની સલામતિ અને સુરક્ષા સામે ગંભીર ખતરો ઉભો કર્યો છે. આ પ્રકારની પ્રવૃત્તિઓને કોઇ રાષ્ટ્રીય સીમા લાગુ પડતી નથી. સંગઠિત અને આયોજનબધ્ધ રીતે દેશના અર્થતંત્રની સામે કાળા નાણા દ્વારા સમાંતર અર્થવ્યવસ્થા ઉભી કરી દેશના આર્થિક માળખાને અસર કરતા ગુનાઓ સામે પ્રવર્તમાન કાયદાઓમાં રહેલ છટકબારીઓનો લાભ ગુનેગારો લઇ ન જાય તે આશયથી પણ આ અંગે એક અસરકારક કાયદો બનાવવો ખૂબ આવશ્યક બની રહે છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા કેટલાક વર્ષથી સંગઠિત ગુનાઓ આપણા સમાજ માટે ગંભીર અને જોખમરૂપ બન્યા છે. સોપારી એટલે કે કોન્ટ્રાકટ કીલીંગ, ધાક–ધમકીથી પૈસા પડાવવા, દાણચોરીના માલની ગેરકાયદેસર આયાત નિકાસ કરવી કેફી દ્રવ્યોનો ગેરકાયદેસર વેપાર કરવો, ખંડણી માટે અપહરણ કરવું. રક્ષણ માટે નાણાં વસૂલ કરવા અને નાણાકીય લાભ મેળવવા માટે લોકોને છેતરવાના આશયથી પોન્ઝી સ્કીમ અથવા મલ્ટીલેવલ માર્કેટીંગની સ્કીમ ચલાવવી અથવા કોઇપણ સ્વરૂપે મોટાપાયે સંગઠિત બેટીંગ, સાયબર ક્રાઇમ વિગેરેમાંથી ઉભી થયેલી ગેરકાયદેસર સંપત્તિથી તેને વેગ મળ્યો છે. સંગઠિત ગુનાઓ દ્વારા ઉભી કરેલી ગેરકાયદેસર સંપત્તિ અને કાળા નાણાંનું પ્રમાણ ઘણું મોટું હોવાથી તેનાથી અર્થતંત્ર ઉપર પણ ગંભીર, પ્રતિકૂળ અસર થઇ છે. એવું ધ્યાન પર આવ્યું છે કે, આ સંગઠિત ગુનાખોરી, સિન્ડિકેટસ અને ત્રાસવાદી સંગઠનો એકસરખાં ઇરાદા, એકસરખાં હિતો ધરાવતા હોવાથી તેઓ ત્રાસવાદને પણ ઉત્તેજન આપે છે. જે રાષ્ટ્રીય સરહદોની પેલે પાર વિસ્તરે છે. સંગઠિત ગુના સિન્ડિકેટ રાજ્યમાં સક્રિય છે એવું માનવાનું કારણ છે અને આથી એવી એક પ્રવૃત્તિ ઉપર અંકૂશ મૂકવાની તાતી જરૂરિયાત છે. આપણે સૌ જાણીએ છીએ તે મુજબ સંગઠિત ગુનેગારો તેમની પ્રવૃત્તિ માટે તાર અને મૌખીક સંદેશા વ્યવહારનો ઉપયોગ એટલે કે બહોળો ઉપયોગ કરતા રહ્યા છે. ગુનાઓ થયાના પુરાવાઓ મેળવવા અથવા તે થતાં અટકાવવા માટે એવા સંદેશા વ્યવહારને આંતરવાની કામગીરી કાયદાના અમલ અને ન્યાયતંત્રના વહીવટ માટે અનિવાર્ય અને અત્યંત જરૂરી અને સહાયરૂપ બની રહેશે. વિદ્યમાન કાયદાકીય માળખું એટલે કે ફોજદારી કાર્યપદ્ધતિ વિષયક કાયદા અને ન્યાય નિર્ણય પદ્ધતિ સંગઠિત ગુનાઓના ખતરાઓને નાથવા માટે અથવા તેના ઉપર નિયંત્રણ રાખવા માટે પ્રમાણમાં અપૂરતા જણાય છે અને તેથી કેટલાક સંજોગોમાં સંગઠિત ગુનાના જોખમને નિયંત્રિત કરવા માટે તાર, ઇલેક્ટ્રોનિક અથવા મૌખિક સંદેશા વ્યવહારને આંતરવાની સત્તા સહિતની કડક અને પ્રતિબંધક જોગવાઇઓ વાળો એક ખાસ કાયદો અધિનિયમીત કરવાનું જરૂરી બન્યું છે. જ્યારે બે કે તેથી વધુ વ્યક્તિઓ દ્વારા ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ સિન્ડિકેટ દ્વારા અને તેના વતી ગુનો આચરવામાં આવે ત્યારે જ આ વિધેયકની જોગવાઇઓ લાગુ પડે છે. એટલે કે કોઇ ગેંગ દ્વારા ગુનો કરવામાં આવે તો જ આ વિધેયકની જોગવાઇ લાગુ પડશે અને તદ અન્વયે આને આપણે ગુનો ગણીશું. આઇ.પી.સી.ની જ્યારે રચના કરવામાં આવી ત્યારે આ પ્રકારની સમસ્યાઓ અસ્તિત્વમાં ન હતી અને જ્યારે સમસ્યાઓ જ અસ્તિત્વમાં ન હોય ત્યારે તેના નિવારણની જોગવાઇઓ એ કાયદાની અંદર ના હોય તે બહુ સ્વાભાવિક છે અને એટલે આઇ.પી.સી. ની અંદર એવી કોઇ જોગવાઇઓ નથી કે જે સાંપ્રત સમયના આ આતંકવાદી કૃત્યો સામે લડી શકે. ગુજરાત રાજયની સાડા છ કરોડની પ્રજાના રક્ષણ અને સલામતિની જવાબદારી આ રાજ્ય સરકારની છે અને તે માટે જે કોઇ પગલાં લેવા જરૂરી બને તે તમામ પગલાં ભરવા માટે અમારી સરકાર કટિબદ્ધ અને સક્ષમ છે. રાજ્યનું પોલીસ તંત્ર સતત સક્રિય રહીને લોકોના જાનમાલના રક્ષણની જવાબદારી અદા કરી રહ્યું છે અને લોકોની સલામતિ સામે ખતરો બનતા આતંકવાદી તત્વો અને ગુનેગારોને નશ્ચત કરવા માટે જ્યારે પોલીસના જવાનો પોતાના જાનના જોખમે પોતાની કામગીરી કરીને ગુનેગારોને પકડતા હોય, એમની સામે કામગીરી કરતા હોય ત્યારે આવા ગુનેગારો એ આસાનીથી કાયદાની પકડમાંથી છૂટી ન જાય એ પણ એટલું જ જરૂરી છે. પોલીસની કામગીરી નિરર્થક ના બને એના માટે તેમના હાથ કાયદાકીય રીતે મજબૂત કરવા એ આપણા સૌની જવાબદારી છે. આપણે જ્યારે આતંકવાદ અને ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ વિશે વાત કરીએ છીએ ત્યારે આપણે સ્પષ્ટ રીતે સમજવું જોઇએ કે આ એવા લોકો છે કે જેઓ પોતાના ઇરાદાઓ પાર પાડવા માટે કોઇપણ હદ સુધી જઇ શકે છે. એમની પાસે આધુનિક હથિયારો, ટેકનોલોજી અને હદ બહારના નાણાકીય સંસાધનો ઉપલબ્ધ હોય છે. આવા લોકોને જો કાયદાનો ડર ના હોય તો શું થઇ શકે તે આપણે જાણીએ છીએ અને અનુભવી ચૂકયા છીએ. એટલા માટે આ સરકાર એવો કાયદો લાવવા માગે છે જેથી ગુન્હેગાર ગુન્હો કરતા ભયનો અનુભવ કરે. સાથે ા સાથ સામાન્ય પ્રજાજનને બંધારણે તેને બક્ષેલ તમામ અધિકારો નિશ્ચિત બનીને ભોગવી શકે તે પ્રકારની વ્યવસ્થા ઉભી થાય એવો આ ગુન્હેગારોની સામે આપણે મજબૂતાઇથી લડી શકીએ તેના માટે આ કાયદાની જરૂરિયાત ઉભી થઇ.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો સામાન્ય માણસના હિતનો કાયદો છે. આ કાયદો રાજયની સુરક્ષાને લગતો કાયદો છે. આ કાયદો દેશની સુરક્ષાને લગતો કાયદો છે અને રાજયનું હિત હોય કે દેશની સુરક્ષા હોય, સામાન્ય માણસની સુરક્ષા હોય કે ઉદ્યોગોની સુરક્ષા હોય એવી બાબતમાં કોઇ વાદ વિવાદ ના હોઇ શકે આવી બાબતમાં એકમતિ હોવી જોઇએ. કોઇ પણ લોકશાહી દેશ હોય તેની અંદર આવા સુરક્ષાના મુદ્દાઓ ઉપર કાયદા માટે હંમેશા એકમતિ જોવા મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકની જોગવાઇઓ જોશો તો નિર્દોષોને દંડવાની આમાં કોઇ વાત નથી પરંતુ આતંકવાદી પ્રવૃત્તિઓ તથા ઓર્ગેનાઇઝ ક્રાઇમ સાથે સંકળાયેલા છે એવા ગંભીર પ્રકારના ગુન્હા આચરવાની વૃત્તિ ધરાવતા લોકોને આમાં કોઇ રીતે બક્ષવામાં નહીં આવે અને તેમને સખતમાં સખત સજા થાય એ આ વિધેયકનો મૂળભૂત હેતુ છે. એટલે

માનનીય અધ્યક્ષશ્રી, આમાં ક્યાંય કોઇ સામાન્ય માણસને રંજાડવાની વાત નથી પરંતુ જે લોકો આવી આતંકવાદી પ્રવૃત્તિઓ કે ઓર્ગેનાઇઝ ક્રાઇમ કરવાના મનસૂબા ધરાવે છે તેમની એક પણ ગતિવિધી સફળ ના થાય, એમનામાં ડર ઉભો થાય તેના માટે આ પ્રકારનો કાયદો આપણે લઇ આવીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જે મશીનગનો લઇને આવે છે એ.કે.૪૭ કે એ.કે.૫૬ લઇને આવે છે, જે બોમ્બ ધડાકાઓ કરે છે, જે વિસ્ફોટકો લઇને આવે છે અને દેશના બંધારણના લીરા ઉડાડે છે તે જોતાં કાયદાની રીતે જીવતા નાગરિકોના માનવ અધિકારોની ચિંતા ના કરીએ તો મને લાગે છે કે જે આશય માટે બંધારણના ઘડવૈયાઓએ આ વિધાન મંડળોની સ્થાપના કરી છે એ આશય આપણે પૂરો નહીં કરી શકીએ. આ વિધાન મંડળોની એ જવાબદારી છે કે બંધારણ પ્રમાણે જીવતા નાગરિકોને રક્ષણ આપવું, તેમને સુરક્ષા આપવી, તેમને સહારો આપવો અને કાયદાને તોડવાવાળાને સખતમાં સખત દંડ આપવો આ બંધારણની મૂળ ભાવના છે અને કાયદો એ બંધારણના મૂળ ભાવનાની પરિપૂર્તિ કરે છે. પોલીસ દ્વારા આ કાયદાનો દૂર ઉપયોગ ના થાય તેના માટેના પણ પૂરતા સેઇફગાર્ડ સાથે આ કાયદો હું લઇને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો સન્માનીય સભાગૃહ સમક્ષ હું લઇને આવ્યો છું ત્યારે આ ગૃહના તમામ સભ્યો પાસે હું અપેક્ષા રાખુ છું કે જયારે બિલના વાચનમાં આપ સૌ સભ્યો સમર્થન કરી અને હા પાડવાના છો કે આ કાયદો આપણે પસાર કરીએ છીએ ત્યારે મિત્રો આપ સમર્થન કરી જયારે હા પાડો ત્યારે ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષા માટે હા પાડો છો. આપ જયારે આ કાયદાના સમર્થનમાં હા પાડો છો ત્યારે ગુજરાતનો કોઇ લાલ એ આતંકવાદની ગોળીનો શિકાર ના બને તેના માટે હા પાડો છો. આપ જયારે આ કાયદાના સમર્થનમાં હા પાડો છો ત્યારે કોન્ટ્રાકટ કીલીંગ, ધાક–ધમકીથી પૈસા પડાવનાર, કેફી દ્રવ્યોનો ગેરકાયદેસર વેપાર કરનારાઓ સામે સમાજના રક્ષણ માટે હા પાડો છો. આપ જયારે આ કાયદાના સમર્થનમાં હા પાડો છો ત્યારે સંગઠિત ગુન્હાઓ દ્વારા ઉભી કરાયેલી ગેરકાયદેસર સંપત્તિ અને કાળા નાણાંમાંથી અર્થતંત્રને પ્રતિકૂળ અસરમાંથી બચાવવા માટે હા પાડો છો. આપ જયારે આ કાયદાના સમર્થનમાં હા પાડો છો ત્યારે ગુજરાતની પ્રગતિ જોઇને તેમાં વિક્ષેપ પાડવાવાળા વિકૃત તત્વોના ષડયંત્રોથી ગુજરાતને બચાવવા માટે હા પાડો છો. અને આપ જયારે આ કાયદાના સમર્થનમાં હા પાડો છો ત્યારે ગતિશીલ ગુજરાતના પ્રણેતા રાજયના માનનીય મુખ્ય મંત્રી, આદરણીય આનંદી બહેન પટેલના નેતૃત્વમાં ગુજરાતના વિકાસની ગતિમાં વધારો કરવા માટે હા પાડો છો. માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ હું લઇને આ સભાગૃહ સમક્ષ આવ્યો છું, અને આપ સૌની વિચારણા માટે લાવ્યો છું ત્યારે આશા રાખું છું કે પૂરતી પુખ્ત વિચારણાને અંતે આપણે સૌ સર્વાનુમતીથી એ મંજૂર કરીએ.

### અધ્યક્ષશ્રીની જાહેરાત

### વિધાનસભા પરિસરમાં થયેલ નુકસાન અંગેની પોલીસ ફરિયાદ પરત ખેંચવા અંગે

અધ્યક્ષશ્રી : મારે એક અગત્યની જાહેરાત કરવાની છે કે, છેલ્લા કેટલાક દિવસથી આ સભાગૃહમાં શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચેની સુમેળની સમતુલા ખોરાવાઇ હતી અને કેટલીક હિંસક ઘટનાઓ તેમજ વરવા દ્રશ્યોનું નિર્માણ થયું હતું. આ પરિસ્થિતિમાં ગૃહનું સંચાલન વ્યવસ્થિત રીતે ચાલે તે અંગે હું બન્ને પક્ષો સાથે સતત સંપર્કમાં રહ્યો હતો. અને બન્ને પક્ષે સુમેળ સંધાય તથા ગૃહની કાર્યવાહીનું સુચારુ રૂપે સંચાલન ચાલે તે અંગે મારી સતત કોશીશ રહી હતી. પરીણામ સ્વરૂપે મેં આજે વિપક્ષ તથા શાસક પક્ષના નેતાઓ સાથે મારી ચેમ્બરમાં બેઠક કરી હતી અને ઉપસ્થિત થયેલા તમામ મુદ્દાઓની છણાવટથી ચર્ચા કરી હતી. આમ સમગ્ર પ્રક્રિયા દરમિયાન એક સમાધાનના બીંદુ ઉપર બન્ને પક્ષોની સહમતી સાધવામાં મને સફળતા મળી છે. તદાનુસાર હું અત્રે, આ મિટીંગમાં જે મુદ્દાઓ ઉપર સહમતી થઇ તે આ સભાગૃહના રેકર્ડ ઉપર રહે તે માટે જાહેરાત કરું છું કે, વિધાનસભા પરિસરમાં જે કોઇ તોડફોડ કે મિલકતને નુકસાન થયું હતું તે ભરપાઇ કરવા માટે વિપક્ષના સભ્યશ્રીઓએ નમ્રતાથી સહમતી દર્શાવી છે, આથી આવી તોડફોડ તથા મિલકતને થયેલ નુકસાન અંગે જે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે તે હવે, વિપક્ષે જયારે નુકસાનની કિંમત ભરપાઇ કરવાની સહમતી દર્શાવી હોવાથી પોલીસ ફરિયાદ સંબંધમાં આગળ કોઇ કાર્યવાહી કરવી એ આ ગૃહની ઉજ્જ્વળ સંસદીય પરંપરા સાથે મને સુસંગત જણાતી ન હોઇ, તેમજ પરસ્પર સુમેળતાનું વાતાવરણ જળવાઇ રહે તેવી ભાવના સાથે તોડફોડ અને મિલકતને થયેલ નુકસાન અંગેની કરવામાં આવેલી પોલીસ ફરિયાદ પરત ખેંચવાના આદેશ કરું છું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ આતંકવાદી કૃત્ય અને સંગઠીત ગૃના નિયંત્રક વિધેયક ૨૦૧૫ નો વિરોધ કરવા માટે ઉભો થયો છું. આ પહેલા ત્રણેક વખત આ બિલ કાયદો બને તે પહેલા રાષ્ટ્રપતિ અને માનનીય રાજયપાલશ્રીએ પરત મોકલેલ છે. સરકારે એ મુદ્દાઓનો અભ્યાસ કર્યો હોત તો ફરી આ બિલ અહીં લાવવાની જરૂર ન રહેત. માનનીય અધ્યક્ષશ્રી, અસંસદીય શબ્દ પ્રયોગ માટે મને માફ કરજો કે •( xxx )એવું બંઇ બોલવાથી ભંગ થતો હોય તો મને બહુ એટલી બધી કલ્પના નથી.

અધ્યક્ષશ્રી : એ શબ્દો રદ કરવામાં આવે છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, જે હકીકત છે આ કાયદો બહુમતીએ પાસ થશે, બિલ કાયદો બનશે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાતની જનતા શાંતિથી, તમે એક દિવસ જાગજો અને હું પાંચ વર્ષ જાગીશ, એમ લોકો ઉંઘી જશે આરામથી એવું હું માનીને ચાલુ છું. એટલે રામ રાજયમાં પ્રજા સુખી. અને આ ૨૦ વર્ષે ગુજરાતની પબ્લિકની શાંતિ અને સલામતી એમને યાદ આવે છે. ૨૦ વર્ષે. તમારું રાજ દિલ્હીમાં ૭ વર્ષ નહોતું? તમે જો આતંકવાદી કૃત્ય માટે આટલા ગંભીર હોત તો તમે બાજપાઇ સાહેબના શાસનમાં આ કાયદાઓ કેમ નહીં લાવ્યા? તમારે તો જાણી જોઇને એક વખતે સંસદ ઉપર હુમલો થયો હતો, આરપારની લડાઇની બાજપાઇ સાહેબે વાત કરેલી, ન આર ન પાર, કયાં ગયું એ આરપાર? કયાં ગયું એ આરપાર અને આજે પણ ગુજરાતની પ્રજા ચિંતિત છે એવું તમે તમારા બિલના ઉદ્દેશો અને કારણોમાં બતાવો છો. આ બિલના કારણો અને ઉદ્દેશો જોશો તો અહીંયા ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા છે જ નહિ, અહીં સોપારી આપે છે, અહીંયા ગુનાહિત કૃત્યોનો ભરમાર અને ગુજરાત એનું હબ બની ગયું છે તેવું તમે આ બિલ દ્વારા પુરવાર કરો છો. દેશભકિતની વાત કરવાનો કોઇ અધિકાર કે એમની મોનોપોલી ન હોઇ શકે. કંધાર એનો વરવો દાખલો છે. કરોડો રૂપિયા લઇને ઘીનો ગાડવો લઇને કોઇ જાય એવું વરવું દ્રશ્ય હતું. માનનીય જશવંતસિંહ પોતે આતંકવાદીઓ સાથેનું સ્પેશ્યલ પ્લેન લઇને ગયા હતા. શું આ દેશભકિતની વાત છે? એટલું જ નહિ, જમ્મુ અને કશ્મીર કહાં હુએ બલિદાન? કયાં ગયા મુકરજી, આટલી શરમ અને સોરી મને માફ કરજો કે આ દેશ ભકિત વાળા નહીં સત્તા ભકિતવાળા લોકો છે, સિદ્ધાંત માટે તમામ પ્રકારનું ખોટું કરવું તેવી દેશભકિત હોય તો તેમને મુબારક. જમ્મુ અને કાશ્મીરની સરકાર બનાવવા માટે એમણે જે માણસે એવું કહ્યું કે એક હિન્દુસ્તાની સૈનિકનું મૃત્યુ થાય તો મને એનો આનંદ થાય છે એવા સજ્જાદ લોનને બી.જે.પી.ના કવોટમાં મંત્રી બનાવવાની શરમ હોવી જોઇએ. આ દેશભકિત હોય તો તમને મુબારક.

આ કાયદો બને એ પહેલા ગુજરાતમાં કેટલા કાયદાઓ અમલમાં છે. હું ઇચ્છુ કે ગુજરાતની પ્રજાની આપણને ચિંતા હોય તો આ કાયદાઓ અમલમાં છે કે નહિ, જો આ કાયદાઓ અમલમાં હોય તો સામાન્ય માણસની શાંતિ અને સલામતીની વાત કરી, સામાન્ય માનવી એટલે આપણો મતદાર કોમન મેન ઓફ ધ ગુજરાત એ સી.એમ., પી.એમ. નહિ. પ્રધાન સેવક નહિ, પ્રધાન સેવકનો કોટ મને પણ કોઇ લગ્નમાં ભેટ આપે તો હું અહીંયા પહેરીને આવીશ. પણ હવે એ પ્રધાન સેવક દેશના રહ્યા નથી. ગુજરાતમાં દારૂબંધી છે, ગાંધી સરદારનું ગુજરાત, રોજ કેટલો દારૂ પકડાય છે અને કેટલાય દારૂડીયા પીવાવાળા પકડાય છે. હું માનું છું ત્યાં સુધી સરેઆમ દારૂબંધીની એક મજાક મશ્કરી એનો વરવો દાખલો એ ગુજરાત રાજય છે. કાં તમે દારૂબંધી કાઢી નાખો અને રાખો તો કડક રાખો બોર્ડર ઉપર કન્ટેનરો ભરી ભરીને પકડાય છે. પહેલા નાની ગાડીઓ આવતી હવે કન્ટેનરોમાં દારૂ આવે છે એ દારૂ રોજ પોલીસ પકડે છે કેટલો દારૂ કયાં જતો હશે શું થતું હશે એ તંત્રને ખબર પણ દારૂબંધીનો કાયદો છે તો પણ દારૂ પીવાય છે કેમ, દારૂ પકડાય છે કેમ, જુગારનો કાયદો છે કે જુગાર નહિ રમવું. રોજ જુગારની કલબોનો રાફડો ફાટે છે. દારૂના પીઠા રોડ ઉપર ખોલીને વેચવાની હિંમત કરે છે. હું વચ્ચે જામનગર ગયો હતો ત્યાં ખુલ્લેઆમ કલબોમાં જેને જે રમવું હોય તે રમી શકે છે. જુગારનો કાયદો છે કે જુગાર નહિ રમવું તો પણ કરોડો રૂપિયાનો જુગાર ગુજરાતમાં અમદાવાદમાં કલબમાં જાહેરમાં રમાય છે તો કાયદો શું કામ રાખ્યો છે. ગૌમાંસ, ગૌહત્યા નહિ કરવી જોઇએ એવો કાયદો છે. બી.જે.પી.ના સીમ્બોલ ઉપર ગૌમાંસ પકડાયું છે કે નહિ એની ચિંતા કરો. જો ભાજપના સીમ્બોલ સાથેની ગાડીમાં ગૌ–માંસ પકડાયું હોય તેમ છતાં તમે એને કંઇ નહિ કરતા હોય તો તમારી મહેરબાની છે કે ભલે ગાયો કપાય ભલે ભાજપના સીમ્બોલ ઉપર ગૌમાંસ વેચાય તમને કાયદાની સાડાબારી નથી. કાયદો છે તો આ કાયદાની અમલવારી કેમ નથી એ સમજાવો તો સારું. ચોરી નહિ કરવી જોઇએ એવો કાયદો છે રોજ ચોરી થાય છે. લૂંટફાટ નહિ કરવી જોઇએ એવો કાયદો છે. ખૂન નહિ થાય તેના માટે ૩૦૨ ની કલમ અને કાયદો છે. ખૂનોની ભરમાર થાય છે, અછોડા બહેનોના તોડવા આમ વાત છે. મોટર સાઇકલ ઉપર લોકો આવ્યા કોઇ શહેર ગુજરાતનું સલામત નથી જયાં બહેનો અછોડાની ફરિયાદ નહિ કરતા હોય. અછોડો બહેનનું મંગળસૂત્ર એના સૌભાગ્યની નિશાની છે. આ બહેનો શહેરોમાં બહાર નીકળે છે ત્યારે દાગીનો લોકોને બતાવવા પહેરતા હોય કે સરસ મજાનો દાગીનો છે. આજે એ દાગીનો બહેનો પોતાની સાડીના પાલવમાં ઢાંકી રાખે છે કારણ કે ગૂંડો આવીને એ તોડી ન જાય, મંગળસૂત્ર તોડી ન જાય એના માટે સતત ચિંતા એને રહેતી હોય છે. આ કાયદો છે કે નહિ? ચીટીંગ, ચીટફંડ, ફ્રેબી, હેરાફેરી, ચલણી નોટો ગુજરાતમાં કયાંથી આવે છે. ગુજરાતમાં આવા કાયદા હોય તો તમે કયાં હો છો? એટલું જ નહીં, ભ્રષ્ટાચાર માટે માનનીય ભૂપેન્દ્રસિંહજી વચમાં પુરાવો માગતા હતા. કેટલા કેસ થયા છે? વિજીલન્સ કમિશન પકડે તો તલાટીને પકડે, માસ્તરને પકડે. રોજેરોજ કરપ્શનના કેસ પકડાય છે. અહીં ભ્રષ્ટાચાર કરતા, લાંચ આપતાં, લોકો પકડે છે એમને. વગર પૈસે કોઇ કામ થતું ન હોય. આના પુરાવા એ જાહેરમાં ન હોય. તમારી સરકાર એમને પકડે છે. એનો અર્થ કે ભ્રષ્ટાચારથી ખદબદે છે ગુજરાત. જો કાયદો હોય તો કાયદો અમલમાં કેમ નથી? લાંચ આપવી કે લેવી. ક્રિકેટનો સટ્ટો, ભાજપના કોર્પોરેટર ક્રિકેટના સટ્ટામાં વડોદરામાં પકડાય. કોના ફાર્મ હાઉસમાં પકડાય. જો કાયદો હોય તો આ કાયદાનો ખુલ્લેઆમ ભંગ કેમ થાય છે અને શેના માટે બી.જે.પી.ના મિત્રો એમાં ઇન્વોલ્વ હોય છે આ કાયદો ભંગ કરવામાં. જસદણમાં એક મ્યુનિસિપલ કોર્પોરેટરે બીજાં મ્યુનિસિપલ કોર્પોરેટરને મારી નાખ્યો. રાજકોટમાં પૂર્વ ડેપ્યુટી મેયર ઉપર attempt to murder નો કેસ ચાલે છે. બીજા અનેક આવા દાખલાઓ. જે કંઇ કાયદા છે, ગુજરાતમાં કમસેકમ આ કાયદો લાવતા પહેલાં ભૂતકાળના કાયદા માટે જો તમને ગુજરાતની પ્રજાની શાંતિ અને સલામતીની થોડી ય ચિંતા હોય, તો આટલા કાયદાનો તો કમસેકમ તમે કડક રીતે અમલ કરશો તો મને આનંદ થશે. જંગલ કાપી નાખવા, ખુલ્લેઆમ કપાય છે. હમણાં જુનાગઢમાં આંબા કાપવાનું ચાલે છે. જમીન હડપવી, સામાન્ય વસ્તુ છે. જમીન માટે તો એટલા બધા ઝઘડા ચાલે છે અને સરકારનું એટલું બધું પ્રોટેકશન હોય છે આવા લોકોમાં.

તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫

પોઇન્ટ ઓફ ઓર્ડર

જમીન માટે હું માનું છું ત્યાં સુધી આખા ગુજરાતમાં હમણાં જ કોઇક ઠેકાણે કયાંક બન્યું તેમાં જમીનનો મેઇન મુદ્દો હતો. સુરેન્દ્રનગરમાં ભા.જ.પ.ના પૂર્વ ધારાસભ્ય ઉપર ખૂની હુમલો થાય, તમારા રાજમાં તમારી પાર્ટીના મિનિસ્ટર ઉપર જમીન માટે, સુરેન્દ્રનગર બંધ રહે, જસદણ બંધ રહે, આપને બધાને આ કાયદાની વાત કરતા પહેલાં શરમ તો અહીં આવવી જોઇએ. છે કાયદા. એનાથી તો ગુજરાતને શાંતિ અને સલામતી બક્ષો. બી.જે.પી.ના લોકોને તો સલામતી આપો. અમારી વાત ભૂલી જાવ તમે. આવા અનેક ખનીજ રેતીના ટ્રેકટરો રોજ ચાલે છે. રેતીવાળા કરોડપતિ થઇ ગયા. ખનિજ ચોરી કરી કરીને. નર્મદાનું પાણી ચોરવું, પ્રદૂષણ, ભયંકર કરપ્શન પ્રદૂષણ માટે. આપો પૈસા અને પ્રદૂષણનું કલીયરન્સ. એના જ માટે અમદાવાદમાં ગટરમાં પાણી રેડવાનું, પ્રદૂષિત પાણી ગટરમાં રેડવાનું. નાગરિકો બૂમો પાડે, હડતાલ પાડે, રોડ ઉપર આવી જાય. કોઇક તો આને રોકો. પરીક્ષામાં ચોરી કરવી, પેપર ફૂટવા. ગઇ કાલે ૧૧૬ પેપર ફૂટવાની બાબતમાં હતી. યુનિવર્સિટીમાં પ્રોફેસર આપણી બહેનોની મશ્કરી કરે. એ પ્રોફેસરને સલામતી મળે. ગુટખા નહીં ખાવા જોઇએ આવો કાયદો છે. શાળાની આજુબાજુ ખુલેઆમ વેચાય છે. આવા આવા અનેક–દહેજ, ખંડણી, આર.ટી.ઓ.માં બસો રજિસ્ટ્રેશન ખોટી કરવી. હમણાં જ આ બધું પોલ પકડાયું છે. એન.એ., એન.ઓ.સી.ના કેસમાં ખોટું નામ ભૂલથી પેલાનું, બાનાખતમાં કોઇનામાં પાણી પત્રકમાં ખોટું નામ સ્પેલીંગ મિસ્ટેકની જવાબદારી એની હોય, પૈસા આપો તો એ સુધારે. ગઇ વખતે વાત થઇ હતી કે એની કોઇ જવાબદારી ખરી? આ કાયદો છે અને છતાંય કેમ આવી ભૂલો થાય છે? આર.ટીઆઇ. કેટલા બધા કેસ પેન્ડીંગ છે આર.ટી.આઇ.માટે. આર.ટી.ઇ. હાઇકોર્ટે કહેવું પડ્યું કે આર.ટી.ઇ. ગુજરાતમાં અમલમાં નથી. રાઇટ ઓફ એજ્યુકેશન. કાળા નાણાંની વાત કરી. આ દેશની જનતા ભારત સરકાર પાસેથી ૧૫ લાખ રૂપિયા એના ખાતામાં જમા થાય એની રાહ જોઇ રહી છે. કાળા નાણાંનો ઉપયોગ.. લોકોને ભાષણ કરી કરીને કહ્યું અને આ તો ગમ્મત–મશ્કરી હતી. તો દિલ્હીની પ્રજાએ મશ્કરીનો જવાબ આપ્યો એમને. આવા અનેક અંધા કાનૂનની વાત છે એ વાતમાં હું આટલા જ મુદ્દાનું એમને કહીશ કે આ કાયદા એક અને બીજાં રૂપે પણ અમલમાં છે જ. કાયદો મહત્વનો નથી. કયા હાથ કાયદાનો કડક અમલ કરે છે એ હાથની મજબૂતાઇનો સવાલ છે. તમે ગમે એટલા કાયદા કરો પણ જો કાયદાના લૂપહોલ્સ રાખવાના જ હોય, તમે અસરકારક રીતે તેનો અમલ ન કરવાના હોય, તો આ કાયદો હોય તો પણ શું અને ન હોય તો પણ શું. ગુજરાતની પબ્લિકને કોઇ ફેર પડવાનો નથી અને આ જ ગુજરાતની સરહદ ઉપર આ જ પોરબંદરના દરિયા કિનારે પાકિસ્તાનથી જે લોકો આવ્યા, કસાબને જે બિરિયાની ખવડાવી હતી, જે ગમ્મત, જે જુમલો હતો. એના વકીલે કહ્યું કે આ તો ગપ્પું હતું. તમે જેને કહેતા હો કે બિરિયાની ખવડાવી. એ કસાબ વાયા ગુજરાત મુંબઇ ગયો હતો. ગુજરાતની પોલીસ ક્યાં હતી? એ વખતે તમે દરિયા કિનારે ક્યાં હતા? હમણાં ગુજરાતમાં દરિયા કિનારે એક બોટ બાળી નાખી. એમાં નેવીવાળા એમ કહે છે કે અમે બાળી અને સંરક્ષણ ખાતું એમ કહે છે કે, અમે બાળી નાખી. મારે એટલું જ કહેવું છે કે, આ ગૃહ સમક્ષ જ્યારે પણ જવાબ આપવાનો મળે ત્યારે કમસેકમ આ બળેલી લાશો બતાવો. આ ગમ્મત નથી, આ મશ્કરી નથી, અમે આ લોકોને મારી નાખ્યા છે. આજ કાલ એવું વિજ્ઞાન નથી કે એના પૂરાવા ન મળે, એના પૂરાવા મળી શકે. સરકાર ગંભીર હોય તો આ કાયદા પહેલાં અનેક કાયદા છે. એ કાયદા હોવા છતાં સરકાર પોતે એનો ભંગ કરે. આતંકવાદી કૃત્ય કરવાનું આમાં છે. એમાં ગુજરાતમાં ૨૩ જેટલા આતંકવાદી કૃત્ય થયા છે. સુપ્રિમ કોર્ટે કહ્યું છે કે, •(xxx) ૨૩ એન્કાઉન્ટર બન્યા, એમાં લોકો પકડાયા અને *(xxx). એકદમ *(xxx). સુપ્રિમ કોર્ટે એમ કહ્યું છે કે, ગુજરાતમાં એવો કેવો ત્રાસવાદી અડ્ડો હતો કે તમારી સરકારમાં સત્તાના કલાઇમેક્સમાં રોજ ત્રાસવાદી આવે છે. અક્ષરધામમાં ત્રાસવાદી આવ્યા, તમારી છાતી ઉપર આવ્યા. એ તમને કેમ ખબર ન પડી? આપણે ક્યાં હતા?

અધ્યક્ષશ્રી : શ્રી શંકરસિંહજી, કેટલીક બાબતો કોર્ટને આધીન હોય તો એની ચર્ચા આપણે કરી શકતા નથી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : અક્ષરધામના લોકોને છોડી મૂક્યા છે. એટલે તમે નિર્દોષ લોકોને પકડ્યા હતા, એટલે તમારી પાસે પૂરાવા નહોતા. એટલે કોર્ટ મેટર નથી. કોર્ટે છોડી મૂક્યા છે. એનો અર્થ એ થયો કે તમે એમને ખોટા પકડ્યા હતા. તમે પૂરાવા આપી શક્યા નથી. અક્ષરધામનો એક દાખલો છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

કોર્ટમાં પેન્ડીંગ બાબતની ચર્ચા કરવા બાબત

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. વિરોધપક્ષના નેતા કહે છે એટલે વચ્ચે હું દરમિયાનગીરી કરવા માગતો નહોતો. પણ સુપ્રિમ કોર્ટે કહ્યું છે કે, તમે કેટલાક *(xxx). આવો સુપ્રિમ કોર્ટે ઇન્વર્ટેડ કોમામાં કે એના કોઇ ઓર્ડરની અંદર આ પ્રમાણેનો ઉલ્લેખ કરેલ નથી. એટલું મારું આપની પાસે ધ્યાન દોરવાનું છે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રિમ કોર્ટનું જજમેન્ટ માનનીય કાયદા મંત્રીશ્રીએ વાંચેલું હોવું જોઇએ, મેં વાંચેલું છે એટલે કહું છું. "Fake encounter is accepted by the Supreme Court and it is clearly narrated in the order that not for the name and fame we do not believe in the argument of the State." નામ અને આના માટે કરતા હતા. સુપ્રિમ કોર્ટના જજમેન્ટની નકલ ઇન્ટરનેટ ઉપર ઉપલબ્ધ છે. એમાં સ્પષ્ટ લખ્યું છે

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કે ફેક એન્કાઉન્ટર માન્યું છે એટલું જ છે કે, for name and fame રાજ્ય સરકારની દલીલ એમણે માની નથી. And while transferring the investigation to SIT and CBI, on both the occasions it is clearly mentioned that it is fake encounter.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો આશય એટલો જ છે કે, હજુ કોઇપણ કેસનો ફાઇનલ ઓર્ડર થયો નથી, પ્રાઇમરી ઓબ્ઝર્વેશન છે, પ્રાઇમરી ઓબ્ઝર્વેશન એ અંતિમ ચૂકાદો નથી હોતો. એટલે મારું આપને સબમિશન એટલું છે કે, માનનીય શક્તિસિંહ કહે છે એ અને હું જે કહું છું એ બન્નેની ખરાઇ કરીને જો યોગ્ય હોય તો જ રેકર્ડ ઉપર રહે અને અધરવાઇઝ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : જે બાબતો કોર્ટમાં આધિન હોય એની ચર્ચા આપણે કરી શકતા નથી. એટલે માનનીય વિપક્ષના નેતાશ્રીને વિનંતી છે કે, આપણે બિલ ઉપર જ ચર્ચા કરીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આ બધા પૂરાવા આપ્યા છે. આટલા વર્ષોથી ગુજરાતમાં આ સરકાર હોવા છતાં જે એન્કાઉન્ટરવાળા લોકો ગાંધીનગરની સરહદથી ૫૦ કિ.મી. દૂર હોય અને તંત્રને ખબર પડે તો ૨૫ મિટર દૂર અક્ષરધામના હુમલાની એમને ખબર કેમ ન પડી? એમનું તંત્ર ક્યાં હતું? કે પછી તંત્રની મીલીભગત હતી? તંત્ર એમ કહેતું હતું કે, તમે આમ કરો, તેમ કરો. હજુ પોલીસવાળા જેલમાં છે. હું વ્યક્તિગત વાતમાં નહીં જાઉં. જે રીતે ગુજરાતમાં આ કાયદા માટેનો આગ્રહ છે એની વાત છે. હવે દિલ્હી સુધી પ્રયત્ન કરીને કદાચ પાસ કરાવો. આનાથી એટલું એસ્યોરન્સ મળે કે એનો દુરુપયોગ નહીં થાય. સુપ્રિમ કોર્ટે 66A ઇન્ટરનેટ વગેરે માટેની કાઢી નાખી. આવા તમે વિરોધ પક્ષના કે બાકીના લોકોનું જે કંઇ ટેપીંગ ચાલે છે અત્યારે હાલ ટેલિફોન, બીજું, ત્રીજું આવો પોલીટીકલ દુરુપયોગ ના થાય એટલી અપેક્ષા રાખીએ અને આ બિલ છે એ ખાલી એક દેખાડા પૂરતું છે. ખરેખર ગુજરાતની જનતાને શાંતિ સલામતી મળે એમાં એમને કોઇ રસ નથી. ગુજરાતની જનતા કાયમ ઉજાગરા કરે અને હાશ એમને થાય એ માટે આ બિલ લાવ્યા છે માટે હું આનો મારા તરફથી વિરોધ કરું છું અને મારી પાર્ટી તરફથી પણ વિરોધ કરું છું.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં રાજયકક્ષાના ગૃહ મંત્રી ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક લઇને આવ્યા છે એને અનુમોદન આપવા માટે મારા વિચારો રજૂ કરું છું. કેટલાક કાયદાઓ અમલમાં છે પણ હું વકીલાતના વ્યવસાયમાંથી આવુ છું. જે જૂના કાયદાઓ છે એમાં કેટલાક કાયદાઓમાં કેટલીક છટકબારીઓ છે જેના કારણે ગુનેગારો છૂટી જતા હોય છે. અત્યારે હાલ અહીંયા કેટલાક કેસોની વાતો કરવામાં આવી પણ એ કેસોમાં કેટલીક કલમો ના હોવાથી કેમ કે આપણા ત્યાં જે આઇ.પી.સી. ચાલે છે એ બહુ જ જૂનું આઇપીસી ચાલે છે. એમાં ૧૯૭૩માં એમેન્ડમેન્ટ કરવામાં આવ્યા. એવીડન્સ એકટ અને સી.આર.પી.સી.માં જે જોગવાઇઓ છે એના કારણે અસરકારક રીતે ગુનેગારોની સામે કેસ પુરવાર કરવામાં મુશ્કેલી પડે છે. ઘણા કેસોમાં સજા પણ થઇ છે પણ જયાં આવા આતંકવાદી કેસો થયા હોય ત્યાં આપણને મુશ્કેલી પડે છે. જુદા જુદા કાયદાઓમાં જુદી જુદી જોગવાઇઓ છે પણ સંગઠિત ગુનાઓ અને આતંકવાદી કૃત્ય માટે કોઇપણ કાયદો અમલમાં નથી. એક પોટાનો કાયદો કેન્દ્ર સરકારે બનાવ્યો હતો જેના માટે ગૃહમંત્રીશ્રીએ વાત કરી પણ કયા સંજોગોમાં એ કાયદો રદ કરવામાં આવ્યો માત્ર તૃષ્ટિકરણની નીતિના કારણે એ કાયદો રદ કરવામાં આવ્યો.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, એક વખત આપે ના પાડયા પછી વારંવાર આ થાય એ સારું નથી લાગતું આપના માટે.

અધ્યક્ષશ્રી : આપ બિલ ઉપર આવો.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : શકિતસિંહજી આપ પણ વકીલ છો, મેં કોઇનું નામ નથી લીધું, કેમ રદ કરવામાં આવ્યો એનો પ્રશ્નાર્થ પણ ના કરી શકું? શું તૃષ્ટિકરણને કારણે કાયદો રદ કરવામાં આવ્યો એવો પ્રશ્નાર્થ પણ ના કરી શકું? મેં માત્ર પ્રશ્નાર્થ ઉભો કર્યો છે અને પ્રશ્નાર્થ ઉભો કરી શકાય. એ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. સીમી ઉપર બાન મૂકવામાં આવેલો, સીમી ઉપર બાન ચાલુ છે પણ એ સીમી સંસ્થાએ સુરતના રાજશ્રી હોલમાં આખા હિન્દુસ્તાનના જેટલા પણ આતંકવાદીઓ હતા એમની મીટીંગ કરી ૧૨૬ લોકોને પોલીસે પકડયા એ કેસ હાલમાં પણ ચાલુ છે અને આખા હિન્દુસ્તાનની અંદર જે બોમ્બ ધડાકા થયા છે એ બોમ્ધ ધડાકા જે સુરતમાં ૧૨૬ લોકો પકડાયા હતા એમના મારફતે કરવામાં આવેલા અને આખા હિન્દુસ્તાનમાં એ લોકો ઉપર કેસ ચાલે છે પણ અન લો ફુલ એકટીવીટીઝ એકટ કેસ કરી શકયા કે જેમાં માત્ર પાંચ વર્ષની સજાની જોગવાઇ છે અને સંગઠિત ગુનાઓ માટેની કોઇ જોગવાઇ ન હોવાને કારણે એ કેસ અત્યારે ચાલુ છે એની વિગતવાર ચર્ચામાં હું નથી પડતો. અમદાવાદમાં ઘણી બધી જગ્યાએ બોમ્બ ધડાકા થયા એ પણ કેસ કોર્ટમાં ચાલે છે એમાં હું જે વાત કરવા માગુ છું એ દિવસ મને આજ પણ યાદ છે કે શનિવારનો દિવસ હતો અને હું કેમ્પ હનુમાન મંદિરેથી દર્શન કરીને આવતો હતો ત્યારે મારા એક મિત્ર ભીખાભાઇ પટેલે મને જાણ કરી કે જગરૂપભાઇ, મણીનગરમાં બોમ્બ ધડાકો થયો છે અને એ લોકોને લઇને સિવિલ હોસ્પિટલમાં આવે છે. અમારા કાર્યકર્તાઓ પ્રદિપ પરમાર, રમણ માલી અને ભીખાભાઇ પટેલ સેવા કરવા માટે ત્યાં પહોંચ્યા અને ટ્રોમા સેન્ટરમાં જે ધડાકો થયો એમાં મારા મિત્ર ભીખાભાઇ પટેલે જાન ગુમાવી અને પ્રદિપ પરમાર અને રમણ માલી ઘાયલ થયા. પ્રદિપસિંહ અંદર જતા રહ્યા હતા એટલે પ્રદિપસિંહ એ દિવસે બચી ગયા એ ટ્રોમા સેન્ટરમાં દર્દીને લઇ અંદર જતા રહેલા અને ટ્રોમા સેન્ટરની બહાર જ એ ધડાકો થયેલો એ નજર સામેની જે વાતો જોયેલી છે અને એ કેસ ચાલે છે

એટલે એની મેરીટસ ઉપર હું નહીં જઇ શકું. રેલવેની અંદર બોમ્બ ધડાકો થયો એમાં કર્ણાવતી એકસપ્રેસમાં ટાઇમર બોમ્બ મૂકવામાં આવ્યો પણ એ ટાઇમર બોમ્બમાં ટાઇમ પી.એમ.ની જગ્ય એ એ.એમ. થઇ જવાથી અમદાવાદ રેલવે સ્ટેશન ઉપર જ્યારે ગાડી યાર્ડમાં પડેલ હતી ત્યારે બોંબ ધડાકો થયો એના કારણે એમાં જાનહાનિ થઇ ન હતી. આ બધા કૃત્યો ગુજરાતની જનતાએ નજર સમક્ષ જોયા છે. એટલા માટે ગુજકોકનો કાયદો સરકાર ૨૦૦૩માં લાવી એ આખા ઇતિહાસની વાત કરું તો માત્ર •(xxx)૨૦૦૩ પછી આજે ૨૦૧૫ છે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**રાષ્ટ્રપતિશ્રી અને રાજ્યપાલશ્રીના નિર્ણય વિશે ઉચ્ચારણ કરવા બાબત**

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ(અબડાસા) :** માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. રાષ્ટ્રપતિશ્રી અબ્દુલ કલામજી અને ત્યાર પછીના રાષ્ટ્રપતિશ્રી બન્નેએ આ કલમો રદ કરવા સૂચવ્યું છે.

**શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત :** માનનીય શક્તિસિંહ કલમો યાદ કરી લો.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ :** હું પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર ઉભો છું. સાહેબ એમને સમજાવો તો ખરા. નિયમોથી જોગવાઇ છે કે સભ્યશ્રીએ એમનું સ્થાન લેવું જોઇએ. આપણા નિયમોથી જોગવાઇ છે અને એટલા માટે બન્ને રાષ્ટ્રપતિશ્રીઓએ અને ગવર્નર સાહેબે પણ જે કલમો રદ કરવા સૂચવ્યું હોય એના વિશે ટીકા, આપ શબ્દો જુઓ, ટીકાત્મક શબ્દો છે. અબ્દુલ કલામ સાહેબ અને પ્રતિભાદેવીસિંહ પાટીલ હોય બન્નેએ પરત મોકલ્યું હતું. આ સંજોગોમાં માનનીય સભ્યશ્રીના શબ્દો રેકોર્ડ ઉપર રહેશે તો એ નિયમોથી અને પરંપરાઓથી વિપરિત છે અને એ ચેરના ગૌરવ અને સન્માનથી પણ એ શબ્દો વિપરિત છે એટલે આપના નિર્ણયની અપેક્ષા છે.

**શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત :** તા. ૬-૨-૨૦૧૨ના રોજ જે પત્ર લખ્યો હતો કેન્દ્ર સરકારે, રાષ્ટ્રપતિએ પત્ર લખ્યો નથી. તા. ૨૪-૭-૨૦૦૯ના દિવસે વિધાનસભામાં કાયદો પસાર કર્યો હતો એટલે એ ચર્ચામાં પડવા માગતો નથી. હવે આ કાયદો આવ્યો છે એની અંદર જો આખો કાયદો વાંચવામાં આવે તો આ જૂનો કાયદો અને નવા કાયદામાં, આ કાયદામાં જે વિશેષતાઓ છે એ જોઇએ તો કાયદામાં કુલ ૫ પ્રકરણ છે. કુલ ૨૭ કલમો છે. વિશિષ્ટ અદાલતની જોગવાઇ છે અને કઇ રીતે આરોપીઓ સામે કામ લેવું અને કોને ખાસ પબ્લિક પ્રોસિક્યુટર નિમવામાં આવશે એ તમામ જોગવાઇ આમાં કરવામાં આવી છે. મૂળ વાત એ છે કે જે વધારે ઉમેરવામાં આવ્યું છે એમાં સોપારી આપવી, કોન્ટ્રાક્ટ કીલર માટે આઇ.પી.સી.ની ૧૨૦-બી ની જોગવાઇ છે પણ કોન્ટ્રાક્ટ કીલીંગ માટેના પુરાવા મળતા નથી. આ કાયદો કરવાથી ધાક-ધમકીથી પૈસા પડાવવા, સેક્સ રેકેટમાં મોટા ભાગે બાળાઓ લાવવામાં આવે છે એ બાંગ્લાદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ વગેરેથી લાવવામાં આવે છે. જે લોકો ઉપર કેસ થાય છે એમાં જે બહેનોને લાવવામાં આવે છે એ જે તે વિસ્તારમાં જતી રહેતી હોવાથી કેસ કોર્ટમાં સાબિત થતો નથી. જુગારના અડ્ડાઓની વાત કરીએ તો એના માટેની હાલની જોગવાઇઓ છે એ બેલેબલ ઓફેન્સ છે એના કારણે આ કાયદો બનશે તો આની અંદર જુગારના અડ્ડાઓ, કોઇપણ કાયદો હોય તો દંડની પીનલ જોગવાઇ ભારે ન હોય તો ધંધો કરનારા લોકોમાં ડર પેદા થતો નથી. એના કારણે આ કાયદામાં સજાની જોગવાઇ કરવામાં આવી છે એ ખૂબ સારી રીતે કરવામાં આવી છે. સાથે સાથે કોઇ ગુનો જે વિરોધ પક્ષના નેતાશ્રીએ ભય દર્શાવ્યો છે, એમાં ચેક એન્ડ બેલેન્સની નીતિ અખત્યાર કરવામાં આવી છે. આ કાયદામાં એ.સી.પી. કક્ષાના ડી.વાય.એસ.પી. કક્ષાના અધિકારી તપાસ કરશે અને કબૂલાતનામું લેવામાં આવે અને જે દિવસે કબૂલાતનામું લેવામાં આવે એના ૪૮ કલાકમાં એને ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ અથવા ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની સામે રજૂ કરવામાં આવશે અને એ તબક્કે એ આરોપીને કંઇ કહેવું હોય તો કહી શકશે. આ કેસની તપાસ ડી.એસ.પી. અને ડી.સી.પી. કક્ષાના અધિકારી કરશે અને કોગ્નીજન્સ કોર્ટમાં લેવાનું હોય ત્યારે પણ રાજ્ય સરકારની મંજૂરી લેવી પડે, સેંકશન સિવાય કોર્ટ કોગ્નીજન્સ લઇ શકશે નહીં. એટલે આ કાયદામાં ચેક એન્ડ બેલેન્સ છે એટલે કોઇ આક્ષેપ કરતું હોય કે એનો દુરુપયોગ થશે એ ખોટી વાત છે. દરેક સ્ટેજ ઉપર કોર્ટમાં ગુનો દાખલ થાય ત્યારે અને ગુનો દાખલ કરવા માટે પોલીસ કમિશનરશ્રી અને ડી.એસ.પી.ની મંજૂરી લેવી પડે. એટલે જે રીતે આ કાયદો બનાવવામાં આવ્યો છે. હું માનું છું કે, અત્યાર સુધીના જેટલા કાયદા બન્યાં છે એમાં સૌથી સારો કાયદો આ સંગઠિત લોકોને દૂર કરવા માટે બનાવવામાં આવ્યો છે. કેમ કે હું એમાંથી આવું છું એટલે મને ખબર છે. કેટલીક ત્રૂટીઓના કારણે લોકો છૂટી જતાં હોય છે. એટલે આ કાયદાને હું સમર્થન કરું છું અને મારા મિત્રોને પણ કહું છું કે આ કાયદો વ્યવસ્થિત વાંચી લે અને સમર્થન આપે જેનાથી ગુજરાતનું હિત થાય. ભારત માતા કી જય.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યાં છે એના વિષે મારા મંતવ્યો રજૂ કરું છું. We are legislators and legislation business is very important for us. આની અસરો દૂરોગામી હોય છે અને બનેલો કાયદો એક રાજકીય પક્ષ કે બીજો રાજકીય પક્ષ નહિ, એક વ્યકિત કે બીજી વ્યકિત નહિ, બધાના ઉપયોગમાં પણ આવે અને ખામીવાળો કાયદો હોય તો ન્યાય અપાવવાના બદલે અન્યાયનો અહેસાસ પણ એ જ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બનાવેલો કાયદો બનેએટલા માટે legislation ના businessમાં સભ્યોને પણ કેટલીક છૂટ વિશાળ ચર્ચાઓ. આપણે તો બ્રિટનની democracyને અનુસરીએ છીએ અને ત્યાં તો એવું છે કે દિવસો ના દિવસો સુધી બિલ પર બ્રિટનની પાર્લામેન્ટમાં બહેઝ ચાલે છે. સુધારા વિધેયક કે નવો કાયદો લાવતાં પહેલા કોઇ મર્યાદાઓ હોતી નથી. આપણી પાસે બાબા સાહેબ આંબેડકરનું આપેલું ઉત્તમ બંધારણ છે. રાજ્યોની સત્તાઓ, કેન્દ્રની સત્તાઓ concurrent jurisdiction ખૂબ સ્પષ્ટ રીતે એની ભેદ રેખાઓ દોરવામાં આવી છે અને એટલા જ માટે હું જે વાત કરવાનો છું એ પહેલી વાત મારી એ છે કે આ વિધેયક એ કોઇ સંજોગોમાં આપ •(**xxx**) (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. • (**xxx**) બહુમતિ એ બહુમતિ છે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, અસંસદીય નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નહિ સાહેબ છે જ. *(**xxx**) એ **insult** છે સાહેબ. સભ્યોની બહુમતિ છે જ.

અધ્યક્ષશ્રી : *(**xxx**) એ શબ્દો આપણે કાઢી નાખીએ છીએ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપની બહુમતિ હોવાના કારણે આપની બહુમતિથી આપ આ કાયદો પસાર કરો અને એ **majority** એની લોકશાહીમાં જોગવાઇ છે ત્યારે આપણી માનસ શકિત લોકશાહીમાં અપાયેલા **mandate**ને બંધારણથી દૂર આપણને ખેંચી જાય એવું નહિ હોવું જોઇએ. સ્પષ્ટ રીતે બંધારણીય જોગવાઇ **"if there is a conflict between the Central law and State law then it is the duly on the shoulders of the State to make sure''** કે સેન્ટ્રલના કાયદાથી વિપરિત તમારો કાયદો ના હોઇ શકે. આ જોવાની જવાબદારી રાજ્યોની છે અને આ હું કહું એમ નહિ આ બંધારણ દેશનું કહે છે અને જેના માટેની જવાબદારી આપના ઉપર છે. ક્યારેક આપણે આપણાં કારણો આપણને લાગે. આપણે નિવેદનો કરીએ, ચૂંટણી સભાઓમાં વાતો કરીએ. નિવેદનો કરીએ ત્યાં સુધી બરાબર. પરંતુ આ પહેલી વખત કદાચ ઇતિહાસમાં બનતું હશે કે જ્યાં વિધેયક **political mileage** સાથે ચલાવવામાં આવતું હોય એ રીતે વિધેયક આવ્યું છે અને આ શા માટે છે એના હું કેટલાક દાખલા સાથે વાત કરવા માગુ છું. ઇતિહાસ ગુજકોકનો ર૬મી ડીસેમ્બર, ૨૦૦૧ નાં રોજ **Gujarat Control of Organized Crime Bill, 2001** એનો આપે ડ્રાફ્ટ તૈયાર કર્યો. આ ડ્રાફ્ટ બન્યો ત્યારે અહીં આપની સરકાર હતી. *(**xxx**). કેન્દ્રમાં સરકાર આપની હતી. જે પક્ષ બહુમતીમાં હતો એમણે જેમને ટેકો આપેલો હતો એ રાષ્ટ્રપતિશ્રી હતા અને માનનીય અધ્યક્ષશ્રી, આ જ્યારે ડ્રાફ્ટ ગયો ને, ત્યારે એને પરત મોકલવામાં આવ્યો કે, આપના આટલી આટલી જોગવાઇઓ એ સુસંગત નથી, એને દૂર કરો. જ્યારે અમે ક્યાંય હતા નહીં પિકચરમાં. એ પછી ૧૭મી માર્ચ, ૨૦૦૩ના રોજ ગુજકોકને આ વિધાનસભામાંથી આજે જે **Party in power** છે એજ **Party in power** હતી અને એમણે પસાર કર્યો, ૧૭ માર્ચ, ૨૦૦૩ના રોજ. એ વખતે ગવર્નર સાહેબ હતા, માનનીય *(**xxx**) (અંતરાય) અમારા નહીં, થોડુંક જ્ઞાન રાખે મંત્રી મંડળની બેન્ચમાં તો ખબર પડે કે, ૧૭ માર્ચ, ૨૦૦૩ના રોજ કોણ હતા ? અને એ માનનીય *(**xxx**) પાસે, માનનીય ગવર્નર સાહેબ પાસે પૂરા અધિકાર હતા કે, ૧૭ માર્ચ, ૨૦૦૩ના રોજ ગુજકોકનું બિલ પસાર કર્યું છે એને મંજૂરી આપી દે, કોઇ રોકી શકે નહીં, કાયદો અસ્તિત્વમાં આવી જાય. પણ એ માનનીય • (**xxx**) એ મંજૂરી નહીં આપી.

પોઇન્ટ ઓફ ઓર્ડર

**(નામજોગ ઉલ્લેખ કરવા અંગે )**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગવર્નરશ્રી દ્વારા લીધેલા નિર્ણયો આ સન્માનીય સભાગૃહની અંદર એના સંદર્ભમાં અવલોકનો, એના સંદર્ભમાં ટિકા–ટિપ્પણી કે, માનનીય અધ્યક્ષશ્રી, આ સન્નમાનીય સભાગૃહની પરંપરાઓ રહેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય સભાગૃહની પરંપરાઓ એક વખત તોડવાની જો આપણે શરૂ કરીશું તો યોગ્ય નહીં રહે.

અધ્યક્ષશ્રીનો નિર્ણય

**(નામજોગ ઉલ્લેખ કરવા અંગે)**

અધ્યક્ષશ્રી : આપણા નિયમોમાં પણ જોગવાઇ છે અને પ્રણાલિકા પણ છે આપણી કે, નામજોગ ઉલ્લેખ કરવામાં નથી આવતો, કોઇ રાષ્ટ્રપતિજી હોય કે ગવર્નર હોય. આપણે કોઇના નામનો ઉલ્લેખ ન કરીએ.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : એમના દ્વારા ઉલ્લેખ થયો હતો અને આજ સુધી થયો છે. મારી મજબૂરી એટલી જ છે કે, માનનીય કાયદા મંત્રીશ્રી આ મુદો ઉપસ્થિત કરે છે. ભૂતકાળની ચર્ચાઓ જુએ. એ લોકો અહીંયા બેઠા હતા, અને કેટલી વખત નામ ઉલ્લેખ થયા છે છતાં આપનો આદેશ શિરોમાન્ય. એ વખતના માનનીય ગવર્નરશ્રી જેની એપોઇન્ટમેન્ટ કરનારી ગવર્નમેન્ટ આપની આગેવાનીવાળી હતી. આમાં તો ના નહીં પાડી શકો ને ? એનો અર્થ એ થયો કે, એ ગવર્નર સાહેબ જે ટ્રેઝરી બેન્ચમાંથી કહ્યું કે, ***(xxx)**અને એ ગવર્નર સાહેબ પાસે બે વિકલ્પો હતા. એક હતો, On behalf of The President of India એ બિલને મંજૂરી આપે. In His own wisdom he decided કે હું આ બિલને assent નહીં આપું, હું આ બિલને મંજૂર નહીં કરું. સાહેબ, સહેજ તો આપણો આત્માને ઢંઢોળિયે ? કે, આવું એમને શું કામ લાગ્યું હશે ? અને છતાં આપણે એ સુધારો નહીં કર્યો. એ માનનીય ગવર્નર સાહેબે, જયારે એમને લાગ્યું હશે, જો બિલ બધું બરાબર લાગ્યું હોત તો Article-200 અને Article-254(2) Both the articles એ જે સત્તાઓ આપે છે કે, કોઇ પણ વિધાનસભાએ પાસ કરેલું વિધેયક માનનીય રાષ્ટ્રપતિશ્રીના પ્રતિનિધિ તરીકે as a constitutional head of the State Governor મંજૂર કરે પણ જ્યારે ગવર્નરને એવું લાગે કે, મારા wisdom માં મને એવું લાગે છે કે, આ બિલને મારે અહીંથી મંજૂર નથી કરવું There are some provisions which are not proper, there are some provisions which are not right. એમને ક્યાંક લાગ્યું હોય કે, Central law થી conflict છે, ક્યાંય લાગે constitution થી conflict છે, ત્યારે ગવર્નર સાહેબ મંજૂરી આપવાના બદલે રાષ્ટ્રપતિશ્રીને મોકલી આપે કે, આ બિલને તમે ચકાસો અને તમને વાજબી લાગે તો આને મંજૂર અથવા પુન:વિચારણા માટે પાછું મોકલજો. મારા wisdom માં મને આ કરવું લાગતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ પછી ગવર્નર સાહેબે મોકલી આપ્યું.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. સભાગૃહ ૧૧.૦૦ કલાકે ફરી મળશે, આપનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ સવારના ૧૦.૩૦ થી ૧૧.૦૦ )**

**અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને**

**શ્રી શકિતસિંહ ગોહિલ (ક્રમશ:)** માનનીય અધ્યક્ષશ્રી, વિરામના સમય પહેલા હું વાત કરતો હતો કે એ સમયે માનનીય રાજયપાલશ્રીએ બિલને મંજૂરી નહીં આપી. રીસેસના સમય દરમિયાન માનનીય કાયદા મંત્રીશ્રીએ મને કહ્યું કે તમે જે રાજયપાલશ્રીએ મોકલ્યું એની કઇ કલમની વાત કરતા હતા? કલમ બતાવો. કોન્સ્ટીટયુશનમાં આર્ટીકલ્સ હોય છે, કલમો હોતી નથી અને આર્ટીકલ ૨૦૦ નીચે (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, બંધારણની અંદર(અંતરાય)

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : ઇઝ હી ઓન પોઇન્ટ ઓફ ઓર્ડર?

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે કલેરીફીકેશન છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : કલેરીફીકેશન છે. એમાં સ્પષ્ટ આમુખ કલમ એવું લખેલું છે. આ મારી પાસે બંધારણ છે. બંધારણમાં આમુખ કલમ એવું લખેલું છે. મારી પાસે બંધારણ છે અને એ બંધારણની અંદર આમુખ કલમ અને આમુખ કલમના ભાગ–૧, ૨, ૩ એ પ્રમાણે છે એના કારણે જયારે માનનીય શકિતસિંહભાઇ પોતાના પ્રવચનની અંદર બંધારણના અનુચ્છેદના ઉલ્લેખ કરતા હતા ત્યારે મારી પાસેના બંધારણમાં આમુખ કલમ એ પ્રમાણેનું લખેલું છે એટલે મેં એના એ પ્રમાણેના ઉલ્લેખો કરેલા.

અધ્યક્ષશ્રી : બંને લોકો પાસે રેકર્ડ મંગાવીને કલેરીફાઇ કરી લઇશ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, બંધારણના આર્ટીકલ જેને ગુજરાતીમાં અનુચ્છેદ કહી એ કયા લેખકની બૂક છે એના વિવાદમાં હું નથી પડવા માગતો. હું માત્ર એટલી વાત કરવા માગું છું કે, આર્ટીકલ–૨૦૦ જે ખૂબ રીલેવન્ટ આ બિલની બાબતમાં એટલા માટે છે કે એ વખતે માનનીય ગવર્નર સાહેબ પાસે શું ઓપ્શન્સ હતા? આર્ટીકલ–૨૦૦ રાજયની વિધાનસભાએ અથવા વિધાન પરિષદવાળા રાજયમાં રાજયના વિધાન મંડળના બંને ગૃહોએ કોઇ વિધેયક પસાર કર્યું હોય ત્યારે, I will pause here for a moment. આપણે વિધાન પરિષદ નથી એટલે આપણું એક જ ગૃહ છે. એક ગૃહે, આપણે પસાર કર્યું ત્યારે તેને રાજયપાલ સમક્ષ રજૂ કરવું જોઇએ અને રાજયપાલે એવું જાહેર કરવું જોઇએ કે પોતે વિધેયકને અનુમતિ આપે છે. ધીસ ઇઝ ફર્સ્ટ સ્ટેજ, આ બંધારણના અનુચ્છેદ–૨૦૦ મુજબ આપે પસાર કરેલું બિલ, કેન્દ્રમાં આપની સરકાર, રાજયમાં આપની સરકાર અહીંના ગવર્નર સાહેબ જેમની નિયુકિત રાષ્ટ્રપતિશ્રીએ એ વખતની ભારતીય જનતા પક્ષની કેન્દ્ર સરકારની ભલામણ મુજબ કરેલી એ ગવર્નર સાહેબ હતા એમણે મંજૂરી નહીં આપી, એમની પાસે એક વિકલ્પ હતો મંજૂરી આપી દેવાનો, એ જ વખતે આ કાયદો બની ગયો હોત. બીજો વિકલ્પ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : પોઇન્ટ ઓફ કલેરીફીકેશન એ છે(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આજે સમય એ સમસ્યા નથી.

અધ્યક્ષશ્રી : આપણે સમય છે તમે ચિંતા ના કરો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ કલેરીફીકેશન એ છે કે આ બિલની અંદર કેટલાક એવા મુસદ્દાઓ છે જે રાજયપાલના અધિકારમાં નથી આવતા એ કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રપતિ સમક્ષ એની મંજૂરી લેવી આવશ્યક છે એના માટે રાજયપાલે આ બિલ ફરજિયાત રાષ્ટ્રપતિશ્રીને મોકલવું જ પડે એટલા માટે મોકલ્યું હતું.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રીએ જો અનુચ્છેદ–૨૦૦ વાંચી લીધો હોત તો આ કલેરીફીકેશનની જરૂર ન પડેત, કંઇ કરવાની જરૂરત નહોતી માત્ર સાત લીટી કે આઠ લીટી છે આટલી ધ્યાનથી વાંચી લો તો આ કલેરીફીકેશનની જરૂર ન રહે, હું સામાન્ય લે મેન છું એટલે હવે હું આપના કલેરીફીકેશનમાં થોડું વધારે કલીયર કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એક વિકલ્પ મંજૂરી આપવાનો, ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, બીજો વિકલ્પ ગૃહે કોઇ વિધેયક પસાર કર્યુ હોય ત્યારે રાજયપાલશ્રી સમક્ષ રજૂ કરવું જોઇએ, રાજયપાલે જાહેર કરવું જોઇએ કે પોતે અનુમતિ આપે છે અથવા અનુમતિ આપવાનું રોકી રાખે છે. સેકન્ડ ઓપ્શન પોતાની પાસે જ રોકી રાખે, અનુમતિ ના આપે ધેન થર્ડ ઓપ્શન પોતે રાષ્ટ્રપતિની વિચારણા માટે વિધેયકને અનામત રાખે છે. Now, proviso which is very important and proviso part-2. વધુમાં, this is very important and it should be noted. રાજયપાલનો એવો અભિપ્રાય થાય કે કોઇ વિધેયક કાયદો બને તો ઉચ્ચ ન્યાયાલયની સત્તા એટલે સુધી ઘટી જશે કે ન્યાયાલયને આ સંવિધાનથી અથવા ધારેલા સ્થાન જોખમાશે તો એવા વિધેયકને અનુમતિ આપશે નહીં. I will again pause here. આ પ્રોવિઝો મુજબ ગવર્નર સાહેબે તે સમયે આ જ વિધેકયને મંજૂરી નહિ આપી, પણ રાષ્ટ્રપતિશ્રીની વિચારણા માટે અનામત રાખી. અને એમણે રાષ્ટ્રપતિશ્રીને આ પ્રોવિઝો મુજબ મોકલ્યા. આઇ થીંક આટલું બધુ કિલયર થયા પછી કલેરિફિકેશન થઇ જવું જોઇએ. આર્ટીકલ્સ ૨૦૧. રાષ્ટ્રપતિશ્રી પાસે ગયા પછી શું થાય? જો આપ કહેતા હતા એમ જે અહીંયા નથી, પણ માનનીય કાયદા મંત્રીશ્રી કહે છે એમ કેટલાક પ્રોવિઝનમાં ગવર્નરશ્રીને સત્તા નથી, માટે રાષ્ટ્રપતિશ્રીને મોકલવું પડે, એટલા માટે મોકલેલ હતું એવું નથી, છતાં for the sake of argument, માનનીય કાયદામંત્રીશ્રીની વાતને સ્વીકારી લઇએ તો પણ રાષ્ટ્રપતિશ્રી તો મંજૂરી આપી દે ને. કેમ કે એમની સત્તામાં આવે, પણ રાષ્ટ્રપતિશ્રીએ મંજૂરી નહિ આપી.(અંતરાય) એ વખતે અડવાણીજી ગૃહ વિભાગના વડા હતા. આ વિષય ઉપર એ આવશે. અને ગૃહમંત્રી તરીકે અડવાણીજી હતા. હવે તમારે એ કહેવું હોય કે ગૃહમંત્રીશ્રી *(xxx) તો આપનો વિષય છે. હું નહિ પડું. (અંતરાય) તમે બોલ્યા છો. અને સાહેબે માન્ય કર્યું છે.

અધ્યક્ષશ્રી : ચાલો એ રેકોર્ડ ઉપરથી *(xxx) બધાનું દૂર કર્યુ છે તો આ શબ્દને દૂર કરીએ છીએ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : બધાનું દૂર કરો તો મારું પણ થાય. આમનો વારો આવ્યો ત્યારે આપે નહિ કર્યું. એટલે મેં કહ્યું કે ચાલતું હશે અહીયા.

અધ્યક્ષશ્રી : બધાનું દૂર કર્યુ. બધાનું.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : મારું આવે ત્યારે બંનેનું દૂર થાય તો એ બહાને દૂર તો થયું. આર્ટીકલ્સ ૨૦૧. હવે માનનીય કાયદામંત્રીશ્રીના કહેવા મુજબ કેટલીક બાબતોમાં ગવર્નર સાહેબ ના મંજૂરી આપે, પણ રાષ્ટ્રપતિશ્રી પાસે મોકલવું જ પડે. મોકલાવી દીધું. એમના કહેવા મુજબ ગૃહ વિભાગ હા, ના કરી શકે. એ વખતે ગૃહ વિભાગમાં અડવાણીજી હતા અને સરકાર આપની હતી. રાષ્ટ્રપતિશ્રીની વિચારણા માટે રાજ્યપાલે કોઇ વિધેયક અનામત રાખ્યું હોય, ત્યારે રાષ્ટ્રપતિશ્રીએ એવું જાહેર કરવું જોઇએ કે પોતે વિધેયકને અનુમતિ આપે છે. જો એમણે એ વખતે જાહેર કરી દીધું હોત અને અનુમતિ આપી દીધી હોત તો તે વિધેયક ત્યારે જ કાયદો બની ગયું હોત. પરંતુ રાષ્ટ્રપતિશ્રીએ નામંજૂરી આપી અને પ્રોવિઝોનો ઉપયોગ કર્યો. અથવા અનુમતિ આપવાનું રોકી રાખે છે અને ગવર્નર સાહેબને જે આમાં ત્રીજો પ્રોવિઝો કે ફેર વિચારણા માટે કેટલાંક સૂચનો સાથે પરત મોકલે. હું રિસેસમાં નિયમો વાંચી ગયો. કેમ કે અહીયા તો મારી મુશ્કેલી ઘણી બધી વધે છે, પણ આપણી સંસદીય પ્રણાલિકાઓ એટલી મજાની છે. તમે સાચા હો તો કોઇને કોઇ રસ્તો વાત મુકવા માટેનો મળી જાય. મેં આખા નિયમો વાંચી લીધા. ૩૪ ને પણ જોઇ લીધો. પ્રભાવ પાડવા, કે ટીકા કરવા માટે નામનો ઉલ્લેખ ન થાય, પરંતુ છતા માનનીય અધ્યક્ષશ્રી કહે એટલે નામ ઉલ્લેખ ના જ કરી શકાય. This is provision and I always respect the Chair.

અધ્યક્ષશ્રી : એમાં આપે પણ કેટલાક વાંધા ભૂતકાળમાં લીધા હતા. અને માનનીય અશોકભાઇ ભટે રદ કર્યો હતો.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : જી. માનનીય અશોકભાઇ ભટે રદ કર્યો હતો. નામ ઉલ્લેખ કરી શકાય. પણ આજે આપે ના પાડી. મારે તો છેલ્લો નિર્ણય એ માથા ઉપર. એટલે હું નામ નહિ લઉં. પરંતુ આ વિધાનસભા ગૃહમાં વંચાયેલા શબ્દોમાં જે નામ છે, એનું જ રેકોર્ડ વાંચીશ તેમાં નામ આવતું હશે તો મને કોઇ રોકી શકશે નહિ કેમ કે વિધાનસભામાં રેકોર્ડ થયેલ રેકોર્ડ વાંચવું એ મારો અધિકાર છે અને એટલા માટે જ્યેષ્ઠ ૧૧, ૧૯૨૬ ના રોજ જે મેસેજ આ બિલમાં વંચાયો હતો. એ મેસેજ હું વાંચું છું. વર્ડ ટુ વર્ડ. નામ નથી બોલતો. આમાં બોલાયું છે એ સમયે 'I, APJ Abdul Kalam, President of India, having considered the Gujarat Control of Organized Crime Bill, 2003..". I will pause here. રાષ્ટ્રપતિશ્રી કોણ હતા એ અહીયા બેઠેલા માનનીય મંત્રીશ્રી કોમેન્ટ કરતા હતા એટલે એમના માટે. I continue …. "which was reserved for my consideration under provision of Article 200 of the Constitution of India, do hereby direct in pursuance of proviso of Article 201 of the Constitution that the Bill be returned to the legislature of the State of Gujarat together with message to reconsider it and delete clause 14 to 16 of the Bill." માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ તે વખતે ૧૪ થી ૧૬ ડીલીટ કરો. આખું બિલ રીકન્સીડર કરો તે સંદેશા સાથે તે વખતના રાષ્ટ્રપતિશ્રી જયારે યુ.પી.એ.ની. સરકાર ન હતી, યુ.પી.એ. એ ઉમેદવાર

* આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બનાવેલા રાષ્ટ્રપતિશ્રી ન હતા. યુ.પી.એ.ની. ભલામણથી રાષ્ટ્રપતિએ નિયુકત કરેલા કોઇ ગવર્નર સાહેબ ન હતા. હા, એ રાષ્ટ્રપતિ હોય, તમને લાગુ પડે ત્યારે નથી હોતા. ત્યારે યુ.પી.એ.ના હોય તમારી માથે આવે ત્યારે રાષ્ટ્રપતિ એ રાષ્ટ્રપતિ હોય.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રપતિ આ દેશના સર્વોચ્ચ સ્થાને બિરાજેલા હોય છે અને રાષ્ટ્રપતિ એ રાષ્ટ્રપતિ જ હોય. તે યુ.પી.એ., એન.ડી.એ. કોઇના રાષ્ટ્રપતિ ના કહેવાય.

અધ્યક્ષશ્રી : આપણે ગવર્નરશ્રીઓ અને રાષ્ટ્રપતિની જયારે નિમણૂક થઇ જાય પછી તે કોઇ પાર્ટીના રહેતા નથી.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : રહેતા જ નથી. હું પણ માનું છું.

અધ્યક્ષશ્રી : આપણે બને ત્યાં સુધી તેમના નામના ઉલ્લેખમાં ન પડીએ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, એટલા જ માટે મેં કહ્યું કે તે બંધારણીય વડા હોય છે. તે બંધારણીય વડાઓની કેવી રીતે નિયુકિત થાય છે. ધેર ઇઝ એ ફેકટ. હું કોઇ ટીકા નથી કરતો. તે પણ ટ્રેઝરી બેંચમાંથી જો એવું ન કહેવાયું હોત તો મારે આટલી સ્પષ્ટતા કરવી પડી ન હોત. એક મંત્રીશ્રી બેઠા બેઠા કહે કે તમારા ગવર્નર હતા..

અધ્યક્ષશ્રી : આપણે બેઠા બેઠા કોઇ ટિપ્પણ થઇ હોય તો તે ચર્ચાનો ભાગ બનતી નથી અને રેકર્ડમાં આવતી નથી એટલે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે તેમને રોકવા તો પડે ને?

અધ્યક્ષશ્રી : આપણે તેમાં ન પડીએ. આ બિલમાં ઘણા બધા સુધારા છે અને ઘણી બધી કલમો છે એટલે તેના ઉપર વાત કરો.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, એટલી જ અપેક્ષા ટ્રેઝરી બેંચ પાસેથી હોય છે. તે અપેક્ષાથી વિપરીત વર્તન થાય ત્યારે મારા જેવા એક સામાન્ય સભ્યએ પોતાના પાસે જે તૂટીફૂટી માહિતી હોય તે આપવાનો પ્રયત્ન કરવો જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રીએ ઉભા થઇને કલેરીફીકેશન વખતે કહ્યું કે ગૃહ મંત્રાલય. આ બિલ જયારે પરત કરવામાં આવ્યું ત્યારે, આ બિલના ડ્રાફટને પરત કરવામાં આવ્યો ત્યારે બંને વખતે ગૃહ મંત્રાલય તેમાં મારી પાર્ટીની કોઇ સરકાર કે મારી પાર્ટીના ગૃહમંત્રી ન હતા. તે વખતે માનનીય શ્રી અડવાણીજી ગૃહમંત્રીશ્રી હતા અને તેમણે આ સંદેશા સાથે, ડેપ્યુટી પ્રાઇમ મિનીસ્ટરશ્રી પણ હતા. તે રીતે એમણે આ બિલને પરત કર્યું. આ બિલમાં કેટલીક ત્રુટિઓ છે અને શા માટે આ બિલ ત્યાંથી પરત આવ્યું. તેનો પહેલો મુદો જોઇએ તો સેકશન-૧૬ ઓફ ધી બિલ. આ વિધેયકની કલમ-૧૬ બહુ જ કલીયર કોન્સ્ટીટયુશનલ પ્રોવીઝન ધેર આર નંબર ઓફ જજમેન્ટસ ઓનરેબલ સુપ્રિમ કોર્ટ એન્ડ ધી હાઇકોર્ટ. કોઇપણ વિધાનસભા એવો કાયદો ન બનાવી શકે જે કેન્દ્રના કાયદાથી કોન્ટ્રારરી હોય. ધીસ ઇઝ સેટલ લો. અનડીસ્પ્યુટેડ પોઝીશન. આપ કલમ-૧૬ થી જે વસ્તુ લાવવા જઇ રહ્યા છો તે ઇન્ડીયન એવીડન્સ એકટ છે તેનાથી કોન્ટ્રરરી છે અને એટલા માટે સેકશન-૧૬ મેં હમણાં સંદેશો વાંચ્યો તે માનનીય રાષ્ટ્રપતિશ્રીએ કહ્યું કે ડીલીટ સેકશન ૧૪ ટુ ૧૬. કલમ-૧૬ની જે પ્રોવીઝન છે તે ભારતના પુરાવાઓના કાયદા, ઇન્ડીયન એવીડન્સ એકટની પ્રોવીઝનથી એ રીતે જુદી પડે છે કે, સાહેબ કેટલી ઉંચી બુદ્ધિમત્તા હશે તે વખતના આ દેશના કાયદા ઘડનારાની. તેમણે કહ્યું કે એક ઇન્વેસ્ટીગેશન એજન્સી છે અને એક ન્યાય કરતી ન્યાયપાલિકા છે. જો તમે ઇન્વેસ્ટીગેશન એજન્સીને બધા જ પાવર્સ આપશો તો અન્યાયનો અહેસાસ થવાની પૂરતી શકયતાઓ છે. અને એટલા માટે ભારતના પૂરાવાઓના કાયદામાં સ્પષ્ટ પ્રોવિઝન કર્યું, આપ કોઇ તહોમતદારને પકડીને લાવો છો એ પોલીસની કસ્ટડીમાં છે એને તમે કાયદાની નિગેબાની નીચે નથી રાખી શકતા એ તો પોલીસના હાથમાં છે અને એ પોલીસ એને કઇ રીતે ટ્રીટ કરે છે એ અહીં બેઠેલા કે ત્યાં બેઠેલા આપણે બધા જ જાણીએ છીએ અને એક વખત ધોકાવીને બીજી વખત ધોકા નહીં મારવા માટે હુ કહું એમ લખાવ. પોલીસની કસ્ટડીમાં રહેલો એક્યુઝ ક્યારેય ના નહીં પાડી શકે. એટલા માટે ભારતના પૂરાવાના કાયદામાં જોગવાઇ કરી 'Deposition of the accused in police custody cannot be taken as an evidence against him.'. પોલીસની કસ્ટડીમાં માણસે બોલેલા પોતાની વિરુધ્ધના શબ્દો એની સામે પૂરાવા તરીકે ગ્રાહ્ય ન રાખી શકાય પરંતુ જરૂર પડી ઇન્વેસ્ટીગેશન એજન્સીને અને એને લાગ્યું કે આ માણસ તટસ્થતાથી સત્ય બોલે છે અને ગુનામાં એનું નિવેદન જરૂરી છે કે જે એવિડન્સ તરીકે ભવિષ્યમાં વાપરવું પડે તો એ માટે આપણા ઇન્ડિયન એવિડન્સ એકટમાં પ્રોવિઝન કરી that, take him to the judge. એમને ન્યાયધિશ પાસે લઇ જાવ, ન્યાયધિશ સાહેબ એને ઇન્ડિપેન્ડેન્ટલી ચકાસે અને ન્યાયધિશ સાહેબની રૂબરૂમાં થયેલું એનું નિવેદન એ પૂરાવાના કાયદા મુજબ પૂરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાય. કેટલી ઉંચી વિચારશકિતથી આ કાયદો બન્યો છે. આપણે શું કરવા માગીએ છીએ? (અંતરાય)

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક ઇન્ફોર્મેશન આપવી છે. માનનીય સભ્યશ્રીએ વાત કરી પૂરાવાના કાયદાની પણ જે મેજીસ્ટ્રેટ પાસે નિવેદન લેવામાં આવે છે એ સી.આર.પી.સી. ૧૬૪ નીચે લેવામાં આવે છે, એવિડન્સ એકટ નીચે નહીં.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : To save time of this Hon'ble House, એવિડન્સ એકટની સેકશન મેં કહી પણ કોઇ પણ કાર્યવાહી ક્રિમિનલ લો માં એ હંમેશા સી.આર.પી.સી. નીચે જ થાય અને સિવિલ કાયદાની કોઇ પણ સી.પી.સી. નીચેથી થાય આટલી સામાન્ય જ્ઞાનની બાબત હતી એટલા માટે હું ઉંડો નહોતો ઉતર્યો પણ હું માનનીય સભ્યશ્રી જગરૂપસિંહભાઇનો આભાર માનુ છું કે, સી.આર.પી.સી. નીચે એવિડન્સ એકટના પ્રોવિઝન માટેનું લેવાયેલું નિવેદન એ પૂરવા તરીકે ગ્રાહ્ય રાખી શકાય. હું આભાર માનીશ માનનીય સભ્યશ્રીનો. ૧૬૯, આપને એજ સેકશન યાદ આવશે.(અંતરાય)

ક્યારેક બીજું બધું કરવા કરતા વકીલોની વાત પણ સાંભળો તો એમાં નુકસાન નથી. (અંતરાય) કારણ કે આમાં અમારી કોઇ સ્વાર્થની લડાઇ નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું તો ઓન લેગ્સ આપની પરમીશનથી બોલનારો માણસ છું. પણ જેને પરમીશન નથીને બેઠા બેઠા બોલે છે તો પછી શું થાય? માનનીય અધ્યક્ષશ્રી, આપણે આ કલમ–૧૬માંથી આ એવી પ્રોવિઝન કરવા જઇ રહ્યા છીએ કે પોલીસ કસ્ટડીમાં જે એક્યુઝ હશે એનું પોલીસ જ નિવેદન નોંધશે, ડી.વાય.એસ.પી. કક્ષાનો અધિકારી એ નિવેદન નોંધશે એ ઇચ્છા પડે તેવું રેકોર્ડીંગ કરાવશે એ એ વ્યક્તિની સામે પૂરાવા તરીકે ગ્રાહ્ય રહેશે. ક્યારેક આપ વિચારો તો ખરા? આપના ગૃહ મંત્રીશ્રી રાષ્ટ્રપતિશ્રી, રાજયપાલશ્રી એક વખત નહીં આપને એક કરતા વધારે વખત આ બિલ પાછું મોકલે છે અને આપને કાયદામાં રસ જ હતો. આપ કહો છોને કે આમાં કોઇનો સ્વાર્થ નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ વારંવાર સૂચનાઓ છતાં એના એ જ સ્વરૂપે લાવવા પાછળની મુરાદ, કાયદો બને એ નહોતો, નોઇંગ વેરી વેલ, કે કાયદાનું અસ્તિત્વ નહિ આવે, પણ આના નામે એક રાજનીતિ થશે અને એટલા જ માટે, આ બિલ જ્યારે પરત આવ્યા પછી, જે પ્રકારનું પોલિટીક્સ ચાલુ થયું, ઓરિજીનલ બિલ આવ્યું એમાં અને અત્યારમાં, હું વાંચી ગયો, કોઇ ફરક નહિ, ફરક માત્ર એક કર્યો કે એ જ્યારે અમે ચેલેન્જ કર્યું, એ વખતના મુખ્યમંત્રીશ્રીએ સેકન્ડ ટાઇમ બિલ પરત આવ્યું એટલે ચાલુ કર્યું, પહેલી વખતનો સમય કોઇને કહ્યા વગર કે મારે આતંકવાદ સામે લડવું છે અને આતંકવાદ સામે લડવા માટે ગુજકોકને મંજૂરી મળતી નથી અને અમે ચેલેન્જ કરી કે આવો આપણે આખું બિલ લઇને બેસો, આખા બિલમાં આતંકવાદ માટેનો એક શબ્દ પણ છે ખરો? અને ઓરિજીનલ બિલમાં આતંકવાદ માટેનો એક શબ્દ નહિ, આઇ હેવ ધ કોપી ઓફ ધ બિલ, ૨૦૦૩ એક પણ શબ્દ નહિ અને છતાંય સભાઓ ગજવી, આ મારી પાસે ૨૦૦૩ ના બિલની કોપી છે, ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક, ૨૦૦૩ આમાં સંગઠિત ગુનાઓ માટે જ હતું, આતંકવાદ ક્યાંય શબ્દ જ નહોતો, આતંકવાદ સામે લડવાની વાત જ નહોતી, એની નેમ જ નહોતી પણ પેલું ચેલેન્જ થયું એટલે ફરી વખત આ બિલ લાવ્યા ૨૦૦૯માં ત્યારે એમાં સંગઠિત ગુનાઓની સાથે સાથે એક શબ્દ ઉમેરી દીધો આતંકવાદનો, આ સિવાય કોઇ ફેરફાર ન કર્યો, માત્ર આટલો જ ફેરફાર કે સંગઠિત ગુનાઓની સાથે એક શબ્દનો ઉમેરો કર્યો એનો અર્થ શું કે આપ સિરિયસ નહોતા, જો આપ ગંભીર હતા તો પહેલાં જ એ શબ્દ ઉમેરીને એના માટેની જોગવાઇ કરવી જોઇતી હતી, પરંતુ આપને આના ઉપર રાજનીતિ કરવાની હતી અને પછી ખ્યાલ આવ્યો કે હું તો આતંકવાદની વાત કરું છું અને આમાં તો આતંકવાદ છે જ નહિ એટલા માટે માત્ર આટલા નાના સુધારા સાથે એ જ સ્વરૂપનું બિલ લઇને તમે આવ્યા છો, પરત થયા પછી, મેં વારંવાર કહ્યું હતું આ ગૃહમાં કે સંગઠિત ગુનાઓ ક્યાંય થતા હોય તો ગુનેગારો સામે કડક હાથે કામ લેવાય, આવો સર્વસંમતિથી બિલ પસાર કરીએ, પણ તમારી જે ત્રણ પ્રોવિઝન્સ છે જે નિર્દોષને દંડે એવી છે જેને તમારા ગૃહમંત્રીએ પણ વાજબી નહોતી માની, જ્યારે તમે ડ્રાફ્ટ બનાવ્યો ત્યારે યોગ્ય નહોતી ઠેરવી, એટલી કલમો દૂર કરીને લાવો, ગુનેગારો સામે લડવાનું છે તો અમારી તૈયારી છે ગુનેગારો સામે લડવા માટે તમારા હાથ મજબૂત થાય તે માટે, કોઇપણ સરકાર હોય, ગુનેગાર એ જનતાનો દુશ્મન છે, પરંતુ આ તો ફિક્સ કરવાની વાત હોય અને એ પણ કાયદાથી મળેલી રાજ્યની સત્તાઓ કરતાં વધારે, મકોકાની વાત થઇ, હાઇકોર્ટે મકોકાની પણ કેટલીક કલમો અલ્ટ્રાવાયરસ કરી અને સરકારે અહમ નહિ રાખ્યો, સ્વીકારી કે અમુક વસ્તુઓ ન થાય તે ન જ થાય. આ પ્રકારની પ્રવૃત્તિથી આઇ એમ સ્યોર કે હજી જે સ્વરૂપે તમે આ બિલને લાવો છો આ બિલને મંજૂરી નહિ મળે અને ધારો કે કોઇક કારણોસર મંજૂરી મળી અને કોઇ કોર્ટમાં આના વાયરસ ચેલેન્જ કરશે તો એક મિનિટ માટે આ બિલ ટકી નહિ શકે. એ અપમાન આ સરકારનું નહિ, સમગ્ર વિધાનસભા ગૃહનું છે કે વિધાનસભાએ કાયદો બનાવ્યો અને એને સ્ટક ડાઉન કરવો પડ્યો. આપણે લડ્યા છીએ લડાઇઓ અને પરિણામો પણ આપણે જોયા છે, સરકારના નાણાં વ્યય થાય છે એ સરકારના નથી એ આ દેશની, આ રાજ્યની જનતાના પૈસા છે. આપણી અહંકારની લડાઇ હોય તો પોકેટમાંથી આપણે વકીલો રાખીને ખર્ચા કરીને લડીએ તો વાંધો નહિ. પ્રજાના પૈસાની આ લડતો થાય છે એનુ નુકસાન આ પ્રકારના બિલો લાવવાથી આપણને થવાનું છે. માનનીય રજનીભાઇની, માનનીય મંત્રીશ્રીની એક વાત સાથે હું સહમત છું કે કેટલાક પ્રકારના શબ્દો અને નિવેદનો અશાંતિ પેદા કરતા હોય છે. હું બિલકૂલ એ વાત સાથે સહમત છું અને એ માટે રાજય સરકારે લાવવો પડે તો એવો કાયદો લાવે઼ા કે આપણા બંધારણમાં કહ્યું છે કે, આ દેશ એ તમામ જ્ઞાતિ, જાતિ, ધર્મનો બનેલો દેશ હશે અને શબ્દોથી તેને તોડવાની વાત કરનાર માટે સજા કડક કરવા માટેનો કાયદો લઇને આવો. એ બોલે છે ને અહીંયા તે માત્ર ત્રણ વ્યકિતઓ માનનીય નીતિનભાઇ, માનની સૌરભભાઇ અને માનનીય પ્રદિપસિંહ. આ ત્રણ જણાંના શબ્દો કન્ટ્રોલમાં રાખે તો આ ગૃહમાં પણ અજંપો થાય તેમ નથી અને માનનીય વજુભાઇએ કરાવીને આ આપણે બધાએ જોયુ છે જાણ્યું છે.

અધ્યક્ષશ્રી : શકિતસિંહજી, તમારું ધ્યાન પાછું નીતિનભાઇ અને પ્રદિપસિંહજી તરફ જતું રહ્યું છે તેમાંથી તમે બહાર નીકળી જાવ અને બિલમાં આવો.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : આવી જાઉં સાહેબ, આપની તરફ આવી જાઉં. પણ આ તો જે માનનીય મંત્રીશ્રીએ કહ્યું હતું.

અધ્યક્ષશ્રી : ઘણાં બધા સભ્યશ્રીઓ ચર્ચા કરવાના છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારું નામ દીધું છે એટલે મારે કહેવું છે કે, શકિતસિંહજીને મારા સિવાય કંઇ દેખાતું જ નથી. એમને એમ છે કે મારી બધી જ અક્કલ, બુદ્ધિ, હોંશિયારી, અનુભવ એ નીતિનભાઇ struck કરી રહ્યાં છે, શટડાઉન કરી રહ્યાં છે એટલે નીતિનભાઇ ના હોય તો હું જે ચલાવવા માગું, હું જે બોલું તે બધુ ચાલ્યા જ કરે એટલે હું

એમને થોડો એ લાગુ છું. માનનીય સૌરભભાઇનો ઉલ્લેખ કર્યો તો સૌરભભાઇ ગુજરાતના વિકાસમાં નાણાંમંત્રી તરીકે, ઉર્જા મંત્રી તરીકે ખૂબ કામ કરે છે. ભૂતકાળમાં ભાવનગરના પ્રભારી તરીકે જે ત્યાં પરિણામ આપ્યું છે તે શકિતસિંહજી જાણે છે એટલે એમને કચ્છ જવું પડયુ એવું તો હું નહીં કહું સાહેબ. એટલે આ બધુ સ્વભાવિક છે કે અમારા ઉપર આવે પણ શકિતસિંહજીની ખેલદિલીને હું ખેલદિલી તરીકે સ્વીકારું છું.

અધ્યક્ષશ્રી : શકિતસિંહજી, હવે આપ બિલ ઉપર જ આવી જાવ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : બિલકૂલ, સાહેબ માનનીય ત્રણેય મંત્રીશ્રીઓને સાંભળો પછી મને આપે સાંભળવો પડશે because you are permitting them. એટલે મારે જવાબ આપવો પડશે. મને પરમિટ કરવો પડશે પછી હું બિલ ઉપર આવી જઇશ.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીનું એટલુ જ ધ્યાન દોરવું છે કે, ચાર દિવસ નાણાં વિભાગનું પ્રવચન બધું જ ચાલતુ હતુ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : અમને નાણાં વિભાગમાં સસ્પેન્ડ કર્યા હતા.

શ્રી સૌરભ પટેલ : અરે, ભાઇ સાંભળોને યાર. તમારી નીચે કંઇ પડયું છે? તે ઉંચા નીચા થાવ છો. એક મિનિટ શાંતિથી નથી બેસી શકતા.

અધ્યક્ષશ્રી : ભાઇ સૌરભભાઇ તો કયારેય ટીકા-ટીપ્પણમાં પડતા નથી એટલે આપણે ના પડવું જોઇએ.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કયારેય નથી પડતો.

અધ્યક્ષશ્રી : એ સૌરભભાઇની વાત સાથે હું સંમત છું.

શ્રી સૌરભ પટેલ : જયારે એમનાથી રહેવાયું નહોતું એટલે મહેરબાની કરીને તમે જુદા છો અને હું જુદો છું.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : પણ તેનો જવાબ સાહેબ મને આપવા દેવો પડે. ત્રણેયને બોલવા દીધા છે તો મારો રાઇટ છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહભાઇએ મારા નામનો ઉલ્લેખ કર્યો. માનનીય શકિતસિંહભાઇ પોતે એવું માને છે કે, સંસદીય પ્રણાલિકાના તેઓ જાણકાર છે. ગત વિધાનસભામાં એ હારી ગયા અને પછી *(xxx). (અંતરાય)

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : આ બધું ચાલવા દેવાનું હોય તો હું પણ બોલીશ. આ બધું હું બોલીશ, ચાલવા દેવાનું હોય તો મને વાંધો નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વચ્ચેનો જે સમય થયો.

અધ્યક્ષશ્રી : ચાલો પ્રદિપસિંહજી જે કહેવું હોય તે ટૂંકમાં કહો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : એટલો સમય એમની આ હાઉસમાં ગેરહાજરી રહી. મારો કહેવાનો આશય એટલો છે કે એમના દરેક મુદ્દાની અંદર કયાંક અને કયાંક સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટના ચૂકાદાઓ ટાંકે છે. મને હતું કે એ પોતે પ્રેકટીસ કરતા હશે એટલે આ બધા ચૂકાદાઓથી એ વાકેફ હશે. એમણે ઉલ્લેખ કર્યો કે મકોકાના કાયદાને મુંબઇ હાઇકોર્ટે એના અલ્ટ્રાવાયરસ રદ કર્યા પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજીને એ ખબર નથી કે જે મુંબઇ હાઇકોર્ટે રદ કર્યો હતો એને સુપ્રિમ કોર્ટે માન્યતા આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવા અપૂરતા જ્ઞાનના કારણે આ સન્માનીય સભાગૃહમાં ખોટી હકીકતો રેકોર્ડ ઉપર મૂકવામાં આવે તો ભવિષ્યની અંદર કોઇ રેકોર્ડ વાંચે અને એમાં વાંચે કે માનનીય શકિતસિંહજીએ આ પ્રમાણેના ઉલ્લેખો કર્યા હતા. શું શકિતસિંહજી જેવા વ્યકિત સુપ્રિમ કોર્ટના એ ચૂકાદાથી વાકેફ નથી? માનનીય અધ્યક્ષશ્રી, સભ્ય તરીકે તેમનુ પોતાનુ અત્યંત ખરાબ લાગે એટલા માટે આવા મુદ્દાઓ મારે ઉપસ્થિત કરીને આ સભાગૃહના રેકોર્ડમાંથી રદ કરવા જોઇએ. બીજું, શક્તિસિંહભાઇ વર્ષોથી સંસદીય પ્રણાલીના જાણકાર છે, આ વખતના બજેટ સત્રમાં માનનીય અધ્યક્ષશ્રી દ્વારા બે વખત ચેતવણી અને ઠપકો એમને આપવામાં આવ્યો, તેઓ જો જાણતા હોત તો આ પરિસ્થિતિનું સર્જન ન થયું હોત. હું એટલા માટે એમની પાસે અપેક્ષા રાખું છું કે એક મંત્રી તરીકે, સંસદીય મંત્રી તરીકે અને વૈધાનિક મંત્રી તરીકે જે યોગ્ય વસ્તુ હોય તે ઉપસ્થિત કરવાનો અને સભાગૃહનો રેકર્ડ સ્ટ્રેટ જળવાઇ રહે એટલા માટેનો જ અમારો આ પ્રયાસ છે. એમની સામેનો વ્યકિતગત અમારો કોઇ વાંધો નથી.

અધ્યક્ષશ્રી : આ સભાગૃહના માનનીય સભ્યશ્રીઓ હોય કે મંત્રીશ્રીઓ હોય, ગૃહને જે કોઇ બાબતથી આપ માહિતગાર કરો છો તેની સંપૂર્ણ જવાબદારી જે તે સભ્યની જ હોય છે. એટલે આપણી પાસે પરફેક્ટ માહિતી હોય તો જ આપણે બોલવું જોઇએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આ *(xxx)શબ્દનો વિરોધી છું. એ ભાષા કોઇ પણ મેમ્બર માટે સારી નથી. આપને રાઇટ છે કોઇને કહેવાનો. પણ આવી ભાષામાં વાત બરાબર નથી.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : એ શબ્દો આપણે રેકર્ડમાંથી દૂર કરીએ છીએ. માનનીય શકિતસિંહ, હવે તમારું ધ્યાન મારા તરફ હોવું જોઇએ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, બિલકૂલ આપના તરફ ધ્યાન રાખીને માત્ર ત્રણ મુદ્દાઓની સ્પષ્ટતા જરૂરી છે એટલી જ કરીશ. બીજી વાત નહીં કરું. માનનીય અધ્યક્ષશ્રી, હું બિલકૂલ એવું માનતો નથી કે મારી જાણકારીને કે મારી વાતને કરતા નીતિનભાઇ રોકે છે. આ પહેલી સ્પષ્ટતા. હું જાણું છું કે નીતિનભાઇની, સૌરભભાઇની કે પ્રદીપસિંહની આનંદી બહેનને ડીસ્ટર્બ કરવાની જરૂરીયાત છે અને એટલા માટે મને ડીસ્ટર્બ કરે છે કે તેથી ત્યાં ડીસ્ટર્બ થાય....

અધ્યક્ષશ્રી : ભાઇ, આ બધી ચર્ચા હવે ટૂંકાવો શકિતસિંહજી.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : એ શું કામ બોલે છે તો પછી? એમણે નહીં બોલવું જોઇએ.

અધ્યક્ષશ્રી : નહીં, આ બધી ચર્ચા ટૂંકાવો અને આપ સીધા બિલ ઉપર આવી જાઓ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : આવું માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર આવું. કચ્છની જનતાએ મને ચૂંટીને મોકલ્યો, (xxx) નથી આવ્યો. લોકોએ મને મત આપ્યા છે, આપે તો ખૂબ મહેનત કરી હતી તો પણ હું ચૂંટાઇને આવ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, અમારા બળદેવજી ઠાકોરે નીતિનભાઇને વેવમાં હરાવ્યા હતા. હાર જીતની વાત કરતા હોય તો વેવમાં હરાવ્યા હતા. સૌરભ ભાઇ બરોડા ગયા હતા. અને હું સંસદીય બાબતોનો નિષ્ણાત નથી, હું વિદ્યાર્થી છું. અને હું અહંકારમાં નથી.

અધ્યક્ષશ્રી : માનનીય શકિતસિંહજી, આ બધી ચર્ચા ટૂંકાવો, અને બિલ ઉપર આવો.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, એ બોલ્યા છે તેનો તો મારે જવાબ આપવો ને. એમની આંતરીક લડાઇઓમાં.

અધ્યક્ષશ્રી : હવે આપ બિલ ઉપર આવી જાઓ, આ બધી ચર્ચામાં ન પડો.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : આવી જાઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, એમણે કેટલી મિનીટ લીધી અને મેં કેટલી લીધી? આપ સેકંડો ગણો. કાં તો એમના શબ્દો દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : મારે કંઇ ગણવું નથી, આપ બિલ ઉપર આવી જાઓ.

શ્રીશકિતસિંહ હ. ગોહિલ : હવે હું આવું છું બિલ ઉપર. માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એ છે કે, તકલીફ કયાં પડે છે કોંગ્રેસ પાર્ટી આ બિલને પસાર કરવા દેતી નથી, અને એટલા જ માટે (અંતરાય) નિયમ છે અધ્યક્ષને સંબોધીને બોલવાનો, ત્યાં જોઇને બોલવાનો નથી. માનનીય અધ્યક્ષશ્રીને સંબોધીને બોલવાનો નિયમ છે અને એ નિયમનું હું બરાબર પાલન કરું છું.

અધ્યક્ષશ્રી : પણ તમારું ધ્યાન પ્રદીપસિંહ બાજુ છે, તમે પ્રદીપસિંહ બાજુથી ધ્યાન આ બાજુ ફેરવી દો એટલે બધું બિલ ઉપર આવી જશે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : એટલે માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) લાલ કલરનો શોખ નથી મને, માનનીય અધ્યક્ષશ્રી, સવાલ આ વિધેયકનો છે ત્યારે મેં જે વાત કરી એ, ઇતિહાસ આપવાની આવશ્યકતા એટલા માટે ઉભી થઇ છે કે એક વ્યવસ્થિત પ્રચાર હતો આતંકવાદ સામે લડવા માટેનો કાયદો કોંગ્રેસ પાર્ટી લાવવા દેતી નથી. અને એ હકીકત નહોતી. હકીકત જુદી હતી. એનું નિરૂપણ મેં કર્યું છે. મારે આ વિધેયકની ત્રીજી બાબત એ તરફ ધ્યાન દોરવું છે. કલમ ૨૦ (૨) (ખ). એ કલમમાં જે પ્રોવિઝન કરવામાં આવ્યું છે તે કેન્દ્રીય કાયદાથી વિપરીતનું છે. ૨(ખ) પરંતુક પછી નીચેનો પરંતુક દાખલ કરવો. વધુમાં, નેવું દિવસની સદરહુ મુદતની અંદર તપાસ પૂરી કરવાનું શકય ન હોય, તો વિશેષ કોર્ટ તપાસની પ્રગતિ અને નેવું દિવસની સદરહું મુદત ઉપરાંત આરોપીની અટકાયત માટેના વિશિષ્ટ કારણો દર્શાવતા પબ્લિક પ્રોસિકયુટરના રિપોટર ઉપરથી સદરહું મુદત ૧૮૦ દિવસ સુધી લંબાવી શકશે. ધીસ ઇઝ કોન્ટરરી ટુ ધી નેશનલ લો. આપણો રાષ્ટ્રીય કાયદો જયારે સ્પષ્ટ હોય, ૬૦ દિવસ અને ૯૦ દિવસ કોઇપણ માણસને પકડો છો એની તપાસ પૂર્ણ કરીને એની ચાર્જશીટ ફાઇલ કરવા માટેના નિર્ધારીત દિવસ જે આખા દેશને લાગુ પડે છે. જયારે આ કાયદામાં આપણે કેન્દ્રીય કાયદાથી વિપરીત જોગવાઇ લઇને આવવાની જરૂરિયાત શું પડી? તમારે એવી કઇ જરૂરિયાત ઉભી થઇ ગઇ? (અંતરાય) માનનીય સભ્યશ્રીએ પોટાના કાયદાની વાત કરી. તમારે ૧૨૦ દિવસ નહિ, ૧૮૦ દિવસ નહિ, ૫૦૦ દિવસ રાખવા છે તો કેન્દ્રમાં કાયદો લાવો. પોટા એ કેન્દ્રોનો કાયદો હતો, રાજયને કેન્દ્રના કાયદાથી વિપરીત જવાનો બંધારણીય અધિકાર નથી. કેન્દ્રમાં તમારી સરકાર છે તમે ૫૦૦ દિવસ કરી શકો છો, જે પરિસ્થિતિ અહીંયા નથી, જે અધિકાર રાજયને નથી. મારો વિરોધ રીઅલી ઓબ્લાઇઝ લર્નેડ ફ્રેન્ડ કે એમણે તો મુદ્દાથી વધારે સ્પષ્ટતા કરવાની તક આપી છે. એ પરિસ્થિતિ હોય ત્યારે એકબાજુ કેન્દ્રનો કાયદો કહે છે કે ચોક્કસ ગુનાઓ માટે ૬૦ દિવસ, ચોક્કસ ગુના માટે ૯૦ દિવસ અને એ પછી એક મિનિટ પણ, જેમણે કાયદો બનાવ્યો એમણે ખૂબ બુદ્ધિમતાથી કર્યું છે. ડેમોક્રસીમાં સૌથી પહેલો અધિકાર એ છે કે નિર્દોષ ન દંડાય અને સિસ્ટમ ઉપરથી વિશ્વાસ ન ઉઠે, કાયદો કાયદાનું કામ કરે છે. અદાલત સમક્ષ તમારે એનો ચાર્જ લઇ જવાનું, તપાસ પૂર્ણ કરીને ચાર્જશીટ ફાઇલ કરવાની, કેન્દ્રીય કાયદાથી વિપરીત આ જોગવાઇ લાવ્યા છો જેને રાષ્ટ્રપતિશ્રીએ ના પાડી છે, જેને

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યા.

રાજયપાલશ્રીએ ના પડી છે, જેને કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ ના પાડી કે આ જોગવાઇ ન કરો તેમ છતાં આ જોગવાઇ લઇને આવ્યો છો.

ત્રીજી જોગવાઇ જે કલમ ૨૦(૪)ની છે. એમાં અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતા, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુનાનો આરોપી હોય તેવી કોઇપણ વ્યકિત, કસ્ટડીમાં હોય તો, તેને જામીન પર અથવા જાતમુચરકા પર મુકત કરી શકાશે નહિ, આપણે કઇ દિશામાં જઇએ છીએ. આપને શું કહ્યું કે ઘેરી ઇઝ એ સેન્ટ્રલ લો. આપ કહો છો કે પોટા નાબૂદ કર્યો અને પછી કંઇ લાવ્યા નહિ. કેન્દ્ર સરકાર એક કાયદો લાવી ગેરકાયદેસર પ્રવૃતિ નિવારણ સુધારા અધિનિયમ ૨૦૦૮, જે કાયદો આ કાયદા કરતાં અનેક ગણો પાવરફૂલ છે. આજની તારીખમાં આ કાયદો અસ્તિવત્વમાં છે અને કદાચ તમને એમ લાગતું હોય કે આ કાયદાની પ્રોવિઝન કર્તા એ કાયદામાં કોઇ ઉણપ છે તો આપ કેન્દ્રમાં સંશોધન લાવો પણ કેન્દ્રના કાયદાની જે જોગવાઇઓ છે એને વિપરીત આપ કેવી જોગવાઇ લાવો છો, શું આપણે ઇન્વેસ્ટીગેશન એજન્સીને કયારેય એવું નહિ માનવાનું કે આપણે ત્યાં છીએ અહીંયાવાળા કાયમી અહીંયા જ છે. કામ લાગતું હોય છે. આવું જયારે કરતાં હોય છે ત્યારે મેં માનનીય શ્રી દિલીપભાઇ સંઘાણીનો ઉલ્લેખ કરીને કહ્યું, એ તે દિવસે અહીંયા હતા. એમને ખબર નહોતી ભવિષ્યમાં મિનિસ્ટરો માટેનું આ જજમેન્ટ ત્યાં શું આવે. એ પરિસ્થિતિ પલટાતી રહેતી હોય છે. Change is the only permanent phenomena અને એ સંદર્ભમાં આ જોગવાઇ છે એ કેન્દ્રિય કાયદાથી વિપરિત છે અને એટલા જ માટે આ વિધેયકમાં આ જોગવાઇ ટકી શકે નહીં. અહીં જે પ્રવચનો થયા એ પ્રમાણે જો કાયદાથી જ ગુનાઓને રોકી શકાતા હોય, અહીંથી ઉલ્લેખ થયો પોટાનો કે પોટાને કાઢી નાખીને આતંકવાદને તમે આમંત્રણ આપ્યું. આતંકવાદીઓ માટે તમે નરમ થયા. મારે કહેવું છે, એ જ પોટાનો કાયદો અસ્તિત્વમાં હતો. શા માટે અક્ષરધામ ઉપર હુમલો થયો, જો કાયદાથી હુમલાઓ રોકી શકાતા હોત, એ જ પોટાનો કાયદો અમલમાં હતો, શા માટે હરેનભાઇ પંડ્યાની હત્યા થઇ અને આજ સુધી તેના તહોમતદારોને આપણે પકડી શક્યા નથી. હતો ને પોટાનો કાયદો? રઘુનાથ મંદિર પર હુમલો થયો, લાલ કિલ્લા પર હુમલો થયો. અહીંના આતંકવાદીઓને કંદહાર સુધી છોડવા ગયા. તમારી સરકાર હતી. તમારા હાથમાં કાયદો હતો. કાયદાથી ગુનાઓને રોકવા માટે ખૂબ જોગવાઇઓ છે. એ જ કાયદાઓનું જો વ્યવસ્થિત પાલન કરીએ તો ગુનેગારોને રોકી શકાય તેમ છે. પરંતુ કાયદાના માધ્યમથી ગુનેગારોને રોકવાના નથી પરંતુ તેના નામે જયારે વોટબેંકનું પોલિટીક્સ થાય ત્યારે આ દેશની સલામતી જોખમાતી હોય છે. એક તરફ આપણે કહીએ, થોડીક શાંતિ થઇ જાય એટલે થાય કે હવે વોટ બેંકનું શું થાય? એટલે ચેલેન્જ કરીએ, કોઇ માઇ કા લાલ ઇસ ગુજરાત કી ધરતી પે પાંવ રખકે દિખા દે અને થોડી જ કલાકોમાં અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં બોંબ ધડાકા થયા, નિર્દોષ માણસો મર્યા. આમંત્રણ આપનારાની આજુબાજુ તો લોખંડી કવચ હોય. સામાન્ય માણસ મરે છે તેની આપણને ચિંતા હોવી જોઇએ. આપણી સુરક્ષા જડબેસલાક હોય અને આપણી સામેનું અક્ષરધામ મંદિર એ આતંકવાદીઓના હવાલે થાય અને તેમાં પકડાયેલાને જયારે સુપ્રિમ કોર્ટ છોડે છે ત્યારે ટીકા કરે, investigation was not proper. એની ચિંતા આપણે નહીં કરવાની? શું આ રીતે આપણે દેશની સુરક્ષા કરીશું? એક તરફ માનનીય મંત્રીશ્રી કહે છે, હું સંમત છું એમની સાથે. માનનીય મંત્રીશ્રી સાથે સંમત છું કે પાકિસ્તાન ઉપર વિશ્વાસ ન મૂકી શકાય. પડોશી તરીકે તેમણે તેમનો ધર્મ બરાબર નિભાવ્યો નથી અને કોઇ દિવસ ઇતિહાસમાં નહોતું, એમ છતાં વડાપ્રધાનની સોગંદવિધિમાં બોલાવીને અહીં બોલાવવાના? અને એ પછી સૌથી વધારે સીઝફાયરનું ઉલ્લંઘન થાય તો એ સમયમાં થાય અને છતાં આપણે કશું જ કરી શકીએ નહીં. આપણે જેની સાથે વાત કરતા હોઇએ, આપણે જે કશ્મીરની વાત કરતા હોઇએ, આપણે અલગતાવાદીની વાત કરતા હોઇએ કે અલગાવવાદીઓ સાથે કોઇ ત્રાહિત વ્યક્તિઓ ડાયલોગ કરે એ મારા દેશમાં મને મંજૂર નથી. કહું છું, પોલીસી છે આપણી અને છતાં પાકિસ્તાનની એક એમ્બેસી અલગાવવાદી લોકોની મિજબાનીમાં બોલાવે અને તેમાં ભારત સરકારના મંત્રીશ્રી જઇને બેસે?

માનનીય અધ્યક્ષશ્રી, કાયદાની સાથે એક વીલ હોવું જોઇશે. આ દેશના મુસ્લિમ બિરાદરોને હું સલામ કરીશ. આતંકવાદની આપણે વાત કરીએ છીએ. મુંબઇમાં એ આતંકવાદી ઠાર મરાયા. એ પછી જયારે તેને દફનાવવા જતા હતા ત્યારે એ કબ્રસ્તાનમાં મુસ્લિમ બિરાદરો અડીખમ ઉભા રહી ગયા કે ખબરદાર, અમારા કબ્રસ્તાનમાં આ લોકો માટેની કોઇ જગ્યા નથી. ઇસ્લામ ધર્મ પાળનારો માણસ હોય તો પણ અમે વતનને વફાદાર છીએ. આ લોકોને અમે અહીં દફનાવવા નહીં દઇએ. આ વાત આપણે કરીને રાષ્ટ્રીય એકતાની વાત ઉભી કરીને આતંકવાદ સામે લડવું પડશે. કાયદો આના માટે હોવો જોઇએ. કાયદાનું તત્વ આપ આ જે લઇને આવ્યા છો, એ તત્વ નિષ્ઠા અને પ્રમાણિકતાથી કાયદા સામે લડવાનું જો લઇને આવીએ આપણે તો આજે પણ ગુજરાતમાં જે પરિસ્થિતિ છે, ગુજરાતની આપણે કયારેય કોઇ સાથે સરખામણી નહીં કરી શકીએ. મને ઘણી વખત દુઃખ થાય છે. થાય, ચોક્કસ થાય, કારણ કે મારો આત્મા છે. મને સૌરભભાઇ કહેતા હતા કે કેમ ઉભા થાવ છો, નીચે છે? હા, મારો આત્મા છે એટલે ઉભો થાઉં છું અને એટલા માટે થાય કે મારું ગુજરાત જેમ કહેવાય છે, The Moon, The Sun, The Earth. એની સરખામણી ન હોય, એમ જ્યાં મહાત્મા ગાંધીજીની, સરદાર વલ્લભભાઇ પટેલની જન્મ ભૂમિ હોય અને બાબા સાહેબ આંબેડકરનું મુળ ગુજરાતમાં હોય એવા ગુજરાતની અન્ય રાજ્યો સાથે સરખામણી ન થાય, આ ગુજરાત અનેરું હતું, ગુજરાત નંબર એક નહીં સુપર નંબર એક હતું. ક્યાં એને તોડવાનો આપણે પ્રયત્ન કર્યો છે? એનું સંશોધન આપણે નહીં કરીએ તો કોણ કરશે? પહેલા આપણી સરકાર હતી અને હું તો હજુ આપને કહું છું કે, આપણને એમ જ લાગતું હોય કે, આપણી નિષ્ઠા અને પ્રમાણિકતાથી આપણા હાથ ચોખ્ખા છે તો માત્ર ગુજરાત રાજ્યમાં શું કામ આખા દેશમાં કાયદો લાવો. જેના માટે સેન્ટ્રલ ગવર્નમેન્ટ એમ્પાવર્ડ છે, તેમે એના માટે એમ્પાવર્ડ નથી. તમારી જ્યાં સત્તા નથી એવા કાયદા રાજ્યમાં

પસાર કરીને જેને મંજૂરી ન મળે અને વિવાદ થાય એટલે વોટ બેંક ઉભી થાય. આ કરવાના બદલે, હમણાં કોઇ કહેતું હતું કે, સંયુક્ત સત્ર બોલાવીશું, સંયુકત સત્ર બોલાવજોને, તમે તો ઓર્ડિનન્સથી ટેવાયેલા છો. ઓર્ડિનન્સ લાવજોને. રાજ્યને રાજ્યની પોલીસી નક્કી કરવાની કે ગુજરાત રાજ્યમાં આપણને શું અનુકૂળ છે અને કશ્મિરમાં શું અનુકૂળ છે! રાજ્યને માટે રાજ્યની પોલીસી માટેના કાયદા લાવવાના પ્રયત્ન કરીએ એ દેશના હિતમાં નથી, રાષ્ટ્રના હિતમાં નથી. એટલા શબ્દો કહી, આ વિધેયકના મુખ્ય ત્રણ સેક્શન છે જેના માટે આ સરકારને અધિકાર નથી, જેના માટે આ સરકારને વારંવાર જુદા જુદા પક્ષની કેન્દ્રમાં સરકાર હોય ત્યારે ના પાડી છે અને વિધેયક પાછું મોકલવામાં આવ્યું છે, એને મૂળ સ્વરૂપે લાવવાનો પ્રયત્ન કર્યો છે એને સમર્થન આપી શકાય નહીં. બન્ને રાષ્ટ્રપતિશ્રીઓ જુદા જુદા સમયના હતા. એ બન્નેની વાતના સુધારા સાથે વિધેયક લાવો તો સત્તા સાથેનું વિધેયક છે. ખરા અર્થમાં સંગઠિત ગુનેગારો સામે લડવા માટેની નીતિમત્તા માટેનું આ વિધેયક નથી એટલા માટે આ વિધેયકનો વિરોધ કરીને વિરમું છું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૮ સન ૨૦૧૫નું ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક આ સરકારશ્રી લઇને આવી છે ત્યારે આ કાયદાના સમર્થનમાં મારા કેટલાક વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઇશ્વરને માથે રાખીને અને રાષ્ટ્રને હ્રદયમાં રાખીને વાત કરવા માગું છું. આતંકવાદ અને ઓર્ગેનાઇઝ ક્રાઇમ આ બન્ને એક બીજાના પૂરક છે. એ બન્ને એક બીજાના પૂરક છે ત્યારે રાજ્યની સરકાર હોય કે કેન્દ્રની સરકાર હોય, અને એમાંય જ્યારે ગતિશીલ ગુજરાત હોય, સમૃદ્ધ ગુજરાત હોય ત્યારે આતંકવાદીઓનો તેમજ કેટલાક ઓર્ગેનાઇઝેશન ક્રાઇમવાળા, સંગઠિત ગુનાહિત લોકોનો ડોળો ગુજરાત ઉપર રહે છે. એવા તત્વોને નાથવા માટે કોઇપણ રાજ્ય સરકાર જડ રહી શકે નહીં, કોઇ વ્યક્તિ વધારે જડ રહી શકે નહીં અને કોઇ કાયદો પણ જડ રહી શકે નહીં અને માટે જ રાજ્ય સરકારે જ્યારે જરૂર પડે ત્યારે સરકાર આ પક્ષની કે તે પક્ષની એ મુદ્દો નથી. પણ લોકોના હિતની વાત કરવાની વાત છે. જેને આપણે રાજનીતિ ગણાવીશું, તે રાજનીતિમાં તમે પણ જોડાઇ જાઓને! તમને પણ ફાયદો થશે. પરંતુ એ રાજનીતિમાં જોડાવું નથી. રાજનીતિ કહીને ખાલી કાયદાની વાતને લઇને કોઇ એક *(xxx) એવો ભાવ ઉભો થાય છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા બાબત

શ્રી શકિતસિંહ હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી વાત કરતા હોય કે, *(xxx) એવું કહેવું એ ભૂતકાળમાં માનનીય અધ્યક્ષશ્રીઓએ એના વિરુદ્ધમાં નિર્ણયો આપેલા છે, એટલે કોઇપણ સભ્ય બોલતા હોય, આ પ્રકારના શબ્દો કોઇ રેકર્ડ ઉપર રહેવા જોઇએ નહીં.

અધ્યક્ષશ્રી : હું રેકર્ડ જોઇ લઇશ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, એવો ભાવ ઉભો થાય છે એવું કહ્યું છે. એક વાત યાદ આવે છે. એક વકીલના ઘરમાં વકીલ સાહેબ નિંદ્રાધીન હતા અને મધરાતે ચોર પેઠો, કંઇક ખડખડાટ થયો તિજોરી તોડવાનો અવાજ સંભળાયો. (અંતરાય) માનનીય શકિતસિંહજી આ વાતને ખૂબ સારી રીતે સમજશે. ખળભળાટથી એ વ્યકિત જાગી ગયા. વ્યવસાયે વકીલ હોય એ કંઇ ગુનો નથી. એ જાગી ગયા અને અંધારામાં એમણે જોયું કે ઘરમાં કોઇ વ્યકિત સળવળાટ કરી રહ્યું છે એટલે એમણે નાઇટ લેમ્પ ચાલુ કર્યો અને સામે ચોર દેખાયો, એટલે વકીલ સાહેબે થોડી બૂમો પાડી અને કીધું કે જો આ જપરનો ગુનો બને આ તું ઘરમાં પેઠો, ઘર તોડીને પેઠો ૩૮૦નો ગુનો બને. એટલે પેલા સમજી ગયા કે આ તો હવે કાયદાની જ વાતો કરશે, આપણે વાંધો જ નથી એટલે એમણે તો ધમકી આપવાની શરૂ કરી કે જાનથી મારી નાખીશ તો કહે કે જો આ આઇપીસી કલમ ૫૦૬(૨) થાય. અને ચોર ચોરી કરીને લૂંટીને જતો રહ્યો. માત્ર કાયદાની વાતોથી લોકોને પડતી તકલીફો, સમાજને ઉભી થતી મજબૂરીઓને રક્ષણ નહીં આપી શકીએ અને એટલા જ માટે મને એક પિકચર યાદ આવે છે વેડનેસ ડે, વેડનેસ ડે પિકચર ઘણા બધા લોકોએ જોયું હશે. એક મજબૂર આદમીની વ્યથા એની અંદર રજૂ થાય છે.

અધ્યક્ષશ્રી : પછી આખું ગૃહ આખો દિવસ વાર્તાઓમાં જ ચાલશે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : નહીં ચાલવા દઉ સાહેબ, આટલેથી જ પૂરું કરું છું.

અધ્યક્ષશ્રી : ના, પછી એકેય સભ્યને વાર્તા કહેવા દઇશ નહીં. મારે સમયમર્યાદામાં કામ પૂરું કરવાનું છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : આખું પિકચર કહીશ નહીં ખાલી ટૂંકી વાર્તાનો આધાર લેવા માગુ છું.

અધ્યક્ષશ્રી : ના એવું હોય તો આખું પિકચર બતાવવા લઇ જજો એમને બધાને.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, બોમ્બ બ્લાસ્ટ થાય, એક મા રડતી હોય, હાથ ઉડીને કયાંક ગયો હોય,પગ ઉડીને કયાંક ગયો હોય, એ લાશ ઓળખી શકાય એવી ના હોય. એવી કરૂણ પરિસ્થિતિ ઉભી થઇ હોય એ યાદ કરો એ બધા જે સંજોગો ઉભા થાય છે તેને અને કરનારો આરામથી ગોળીઓ મારી ફાયરીંગ કરી, બોમ્બ બ્લાસ્ટ કરીને નાસી જતો હોય છે. માનનીય શકિતસિંહજીએ કીધું કે ઘણા કાયદા છે. મારું એમ કહેવું છે કે કાયદો લાવવાથી એ અક્ષરધામ પરનો હુમલો

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અટકે નહીં માન્યું, પરંતુ અક્ષરધામ કે અન્ય કોઇ જગ્યાએ થયેલા હુમલાને સજા સુધી લઇ જવાનું આ કાયદાથી થઇ શકે એમ છે. એ સજા માટેની આ વાત છે, કાયદો લાવવાની વાત છે કારણ કે એ ગમે તે જે દુશ્મન છે, જે સમાજનો દુશ્મન છે, જે દેશનો દુશ્મન છે એને કોઇપણ રીતિ નીતિ અજમાવવા માટે છૂટછાટ છે એને મનમાં આવે એવી રીતે આવી શકે છે એ કંઇ જાણ કરીને આવતો નથી, સામી છાતીએ આવતો નથી અને તેવે વખતે કાયદો વધુ કડક હોવો જોઇએ એ વાત સાથે હું માનુ છું તમામ સંમત થશે. આ કસાબ કે અફઝલ ગુરૂ એ ગુજરી જનારના આંસુ લૂંછવા આવતાં નથી અને જયારે આવો કાયદો લાવતા હોઇએ જે ઇતિહાસની અંદર ગુજરાતને અને તમે સાથ આપો તો તમને પણ લોકો વધાવશે, પરંતુ કાયદાના બહાના હેઠળ અથવા તો કાયદાની કોઇ વાત હેઠળ મારું એમ કહેવું છે કે કાયદો આટલો કડક લાવી રહ્યા છીએ એના અભિનંદન તમારે આપવા જોઇએ, એનો વિચાર કોઇ કરતા નથી. માનનીય શકિતસિંહજીએ એક વાત કરી કે, રાજ્ય સરકાર દ્વારા કોઇ કાયદો ઘડવામાં આવે ત્યારે એ કાયદાની જોગવાઇઓ કેન્દ્ર સરકારની વિરુદ્ધમાં હોય અને વિસંગતતા હોય તો રાષ્ટ્રપતિની મંજૂરી મેળવવી આર્ટીકલ ૨૫૪(૨) મુજબ આવશ્યક બને છે. આનો અર્થ એ થાય છે કે રાજ્ય સરકારન સ્ટેટ લિસ્ટમાં સમાવેલ વિષય પરત્વે કાયદો ઘડવાની સત્તા છે એ વાત તો સ્વીકારે છે. સવાલ મંજૂરીનો છે. મકોકા અને કર્ણાટકમાં કકોકા આ કાયદાઓ પાસ થયા છે અને એનો ઉપયોગ થઇ રહ્યો છે. જ્યારે પોટાનો કાયદો હતો ત્યારે ૧૪-૧૪ જણાને ફાંસીના માચડા સુધી આ કાયદા હેઠળ લઇ જવાઇ શકાયા. ૧૨૦ દિવસની એમણે વાત કરી. કોંગ્રેસ પક્ષને ૧૨૦ દિવસના કાયદાનો વાંધો છે તો હું યાદ દેવડાવું કે બરોડા ડાઇનામાઇટનો કેસ થયેલો. એ કેસમાં *(xxx) અને અનેકને આરોપીઓ તરીકે દર્શાવવામાં આવેલા. તેમને જ્યારે છૂટી જાય એમ લાગ્યું એટલે એ ૯૦ દિવસની જે અવધિ હતી ચાર્જશીટ ફાઇલ કરવાની એ ૧૮૦ દિવસની વટહૂકમ દ્વારા તે દિવસે *(xxx). એટલે ૧૨૦ દિવસની વાત ન કરશો. ૧૨૦ દિવસ જરૂરી હોય તો આપે જેમ કહ્યું ૫૦૦ દિવસ એવું પણ હોઇ શકે.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, આપના અનેક નિર્ણયો છે. કોઇ સત્યથી વેગળી વાત, એમણે આક્ષેપ કરવો હોય તો એના માટેનું પ્રોવિજન છે. ઇન્દિરાજી વટહૂકમ લાવીને સી.આર.પી.સી. ને ચેન્જ ન કરી શકે. આ પરિસ્થિતિ સદંતર કોઇએ કહેલી વાત જો માનનીય સભ્યશ્રી કહે એ બરાબર નથી. એમની પાસે વટહૂકમની કોપી હોય તો એ મૂકીને કહેવું જોઇએ. જે વ્યક્તિ આ ગૃહમાં હાજર પણ નથી અને *(xxx) કે જેને કોઇ રિલેવન્સ નથી આજના બિલ સાથે એ રીતની વાત છે.

**અધ્યક્ષશ્રી :** માનનીય શક્તિસિંહજી, મેં હાલમાં જ કહ્યું કે કોઇ મંત્રીશ્રી હોય કે ગૃહના કોઇ સભ્ય હોય, જે કોઇ વાત કરતા હોય એ પોતાની સંપૂર્ણ જવાબદારી ઉપર કરવાની હોય છે. એણે પુરાવા આપવાના હોય છે એટલે માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે આપની પાસે ઉપલબ્ધ માહિતી હોય એ જ આપવી જોઇએ.

**શ્રી રાજેન્દ્ર ત્રિવેદી :** માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતમાં ચોક્કસપણે હું માહિતી આપીશ. કારણ કે આ વડોદરાનો કેસ હતો અને એ કેસમાં તે વર્ષથી જ મેં વકિલાત શરૂ કરી હતી એટલે મને ખ્યાલ છે. એ કેસમાં મારા સિનિયર વકિલ રીપ્રેઝન્ટ કરતા હતા એ પ્રભુદાસ પટવારી અને વડોદરાના એક કિરીટભાઇ ભટ્ટ પત્રકાર પણ હતા. સવાલ ૧૨૦ દિવસ કર્યા એનો છે. તમારો વિરોધ જો ૧૨૦ દિવસનો હોય તો એ ૧૨૦ દિવસની મંજૂરી તે વખતે જરૂરી નહોતી લાગી અને વટહૂકમ લાવવો પડ્યો હતો. હું બિલ ઉપર આવું છું. આ એક વિશેષ કાયદો જ્યારે આપણે ઘડી રહ્યા છીએ ત્યારે સંવેદના અને ખાતાની કાળજી જુઓ કે વિશેષ કોર્ટનું પ્રાવધાન કર્યું છે. વિશેષ પ્રોસિક્યુટરનું પણ એમાં પ્રાવધાન કર્યું. વિશેષ સંજોગોને સમજીને એ દા.ત. હમણાં છેલ્લો બનાવ જે વિશાલ  વાળો બન્યો. ખંડણીખોર, હવે આ ખંડણીખોરોને નશ્યત કરવા માટે પુરાવાના કાયદાનું પણ સંશોધન તો કરવું જ પડશે. એને એ જ જરી પુરાણા કાયદાથી આપણે નવા વિકસતા ગુનાહિત તત્વોને આપણે જેર કરવા છે તો આ તો એવી વાત છે કે મારા પરદાદા અને એના પણ પરદાદા આ રીતે ચાલતા હતા એટલે નવી રીત આપણે અપનાવવી નથી. સાયન્ટિફિક વિજ્ઞાન એટલું બધું આગળ વધ્યું છે કે એ જે ગુનેગારની ચિંતા આપને થઇ રહી છે એ જો નિર્દોષ હશે અને ગુનેગાર તરીકે પકડ્યો હશે તો પુરાવાના કાયદા અન્વયે એને પોતાનો પણ પુરાવો આપવાનો અધિકાર છે. બ્રેઇન મેપીંગ ટેસ્ટ તો પોતાનો અધિકાર છે, પોતાના શરીર પરથી પુરાવો આપવાનો, આપણી નામદાર ગુજરાત હાઇકોર્ટનો ચૂકાદો છે કે એવો પુરાવો વાજબી છે અને એ પુરાવા તરીકે આરોપી પોતે ઇચ્છે તો આપી શકશે. જો એ નિર્દોષ હશે તો એ નિર્દોષ તરીકે છૂટશે એટલે એની ચિંતા કરવાની જરૂર નથી. આપણી ચિંતા એ છે કે જે ગુનેગારો છે, જે લોકો સંગઠિત થઇને ગુનો કરે છે એના માટે આપણે સંગઠિત થઇને આ બિલને મંજૂર કરીએ. અગાઉનું બિલ કે જેને રાષ્ટ્રપતિશ્રીની મંજૂરી મળેલ નથી એ અંગે નામદાર રાષ્ટ્રપતિશ્રી દ્વારા એવું કારણ આપવામાં આવેલ નથી કે આ પ્રકારનો કાયદો ઘડવાની સત્તા રાજ્ય સરકારને નથી. એવું કોઇ કારણ આપવામાં આવેલ નથી. આથી જે વિપક્ષ તરફથી રજૂઆત થઇ કે આ માટે પણ આ બિલ પાછું પડશે. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારને આ પ્રકારનો કાયદો ઘડવાની બંધારણ હેઠળ સત્તા છે જ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શું છે પોઇન્ટ ઓફ કલેરિફિકેશન?

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પોઇન્ટ ઓફ કલેરિફિકેશન

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : રાષ્ટ્રપતિશ્રીના સંદેશમાં જ લખાયું છે કે કલમ-૨૦(૪)ને ગેરકાયદેસર પ્રવૃત્તિ નિવારણ સુધારા અધિનિયમની ૨૦૦૮ની કલમ-૩ સાથે સુસંગત ના હોય. તે પ્રમાણે સુધારવી એ રાષ્ટ્રપતિશ્રીના સંદેશાનો પાર્ટ છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મકોકાને પણ માનનીય રાષ્ટ્રપતિશ્રીએ જે તે વખતે મંજૂરી આપી હતી જે રાજ્ય સરકારે પાસ કરેલું બિલ હતું. કોઇ પણ કાયદો આવે ત્યારે એની એક વ્યવસ્થા ઊભી થાય કે નિર્દોષ માણસ ના દંડાય. એના માટે ચેક અને બેલેન્સની એક સિસ્ટમ હોય છે અને આપણી સરકારે પોલીસના એક ઉચ્ચ કક્ષાના અમલદારને તપાસની સત્તા અને તેની કબૂલાત એ કરે તો એ કબૂલાત લેવાની સત્તાનું નિરૂપણ કરેલું છે અને એવા સંજોગોની અંદર આપણે વિશ્વાસ મૂકવો પડશે. કારણ કે, પુરાવો કેવી રીતે ભેગો કરવો? સામાન્ય પુરાવો તો મળી આવે પણ જે ગેંગસ્ટર્સ હોય, આતંકવાદીઓ હોય જેના સ્લીપર સેલ્સ એક્ટિવ હોય એમની વિરુદ્ધમાં એમને પકડવા માટે મતબૂત કાયદા જોઇશે. એમાં પ્રાવધાન સરળતાથી જામીન મળી જતાં હોય તો આતંકવાદી પ્રવૃત્તિઓ વધશે અને આપણે જ્યારે એક સમય હતો કે ભૂખમરાને કારણે એક આતંકવાદ ઊભો થતો હતો. એક નકસલવાદ ઊભો થતો હતો. એવી કોઇ સ્થિતિ આ દુનિયામાં રહી નથી. હવે માત્ર અને માત્ર સ્થિતિ રહી છે તો હું કહું કે આતંકવાદને કોઇ ધર્મ હોતો નથી અને ગુનેગારને પણ કોઇ ધર્મ હોતો નથી અને એમાં જે ગુનેગાર હોય, જે કોમનો હોય, જે રાજ્યનો હોય એ તમામ દંડાય એવી જોગવાઇ થાય એનાથી બીજું સારું હોઇ શકે નહિ. માનનીય અધ્યક્ષશ્રી, માટે એમને આશ્રય આપનારા માણસોને માટે પણ આ બિલની અંદર કડક જોગવાઇ કરવામાં આવી છે. ૫ વર્ષથી માંડીને જન્મટીપ સુધીની એમાં સજા થઇ શકે એવું પ્રાવધાન હોવાના કારણે આતંકવાદીઓ અને ગેંગસ્ટર ફફડશે અને જે ગુના માટેની તમે ચિંતા કરતા હતા. મને યાદ છે કે, એક બિનસરકારી વિધેયક પણ આપના તરફથી રજૂ કરવામાં આવેલું તેમાં આ બધી ચિંતા તમે વ્યક્ત કરેલી હતી જેમાં મેં પ્રવચન પણ કરેલું તો જો એજ વાસ્તવિકતા તમારે કહેવાની હોય તો આવો કાયદો જરૂરી છે અને આવો કાયદો જ્યારે જરૂરી હોય ત્યારે આપણે કોઇ વિશેષ ટીકા-ટિપ્પણી સિવાય, આવા કાયદાની અંદર એવી પણ જોગવાઇ કરી છે કે સંગઠિત ગુના સિન્ડીકેટના સભ્યો વતી બિનહસાબી સંપત્તિનો કબજો ધરાવવા માટેની કલમ-૪ માં દર્શાવવામાં આવેલ છે. એટલે આપણે ચારેય બાજુથી આમાં ભીંસમાં મૂકીએ છીએ. સવાલ છે કે આપ કાયદાના વાયરસની વાત કરતા હતા તો એ વિષય ભવિષ્યનો છે એની ચિંતા સરકારે કરેલી જ છે. આવા કાયદા જ્યારે જરૂરી છે ત્યારે એ કાયદાઓ મજબૂત રીતે ઘડવામાં આવેલા છે. આ બિલની અંદર એની વિશેષ જોગવાઇ કરેલી છે. આમાં વિશેષ કોર્ટનું પ્રાવધાન પણ એટલા માટે કરવામાં આવ્યું છે. સુરત અને અમદાવાદમાં સિરિયલ બ્લાસ્ટના કેસો થયા. આરોપીઓ પકડાયા. કેસો ચાલે છે. ચૂકાદા આવ્યાં નથી. ચૂકાદા જલ્દી આવતા નથી એટલા માટે એવા તત્વોને ડામવા માટે, એનો ન્યાય, નિકાલ ઝડપી થાય એ માટે આપણે સ્પેશ્યલ કોર્ટની પણ વ્યવસ્થા કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ અધિકારી સમક્ષ કરેલી કબૂલાતની જે ચિંતા છે એના માટે ચેક અને બેલેન્સ બેય મૂકેલા છે કે ૪૮ કલાકની અંદર અસલ કબૂલાત નામું ત્યાં રજૂ કરવાનું છે. એટલું જ નહિ પરંતુ રાજ્ય સરકાર પણ એના ઉપર કાળજી રાખવાની છે. એટલે આવી કબૂલાતમાં એવા પોલીસ અધિકારીએ આવી કબૂલાત નોંધવી જોઇશે નહિ આ બીજું એક પ્રાવધાન મૂક્યું. સાહેબ, સિવાય કે કબૂલાત કરતી વ્યકિતને પ્રશ્નો પૂછેથી તેને એવી ખાતરી થાય કે આવી કબૂલાત સ્વૈચ્છિક રીતે થઇ રહી છે ડબલ ચેક આની અંદર આપણે મૂક્યો છે માટે પણ આ સારામાં સારું પ્રાવધાન મૂક્યું છે. તે ઉપરાંત અન્ય કાયદાઓ છે. દા.ત. પહેલા એક ઓપીએમ એક્ટ હતો. ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટ હતો. પરંતુ એ કેસોથી જે નાર્કોટિકનું પ્રમાણ સમગ્ર દેશમાં વધ્યું છે. એ ભૂતકાળથી વધતું ને વધતું ચાલ્યું છે એને ડામવા માટે આવા કાયદામાં એની અંદર પ્રાવધાન મૂક્યું છે કે આગોતરા જામીનની કોઇ વ્યવસ્થા નહિ હોય, એને પ્રોહીબિટ કર્યો છે. તેવી રીતે સરકારે આ કાયદાના બિલની અંદર આગોતરા જામીન ના મળી શકે એવી વ્યવસ્થા કરી છે.
અને આવી વ્યવસ્થાવાળું સારું બિલ હોય ત્યારે આને ટેકો કરવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, એક અતિ મહત્વના આ બિલના પ્રાવધાન પર હું ધ્યાન આકર્ષિત કરવા માગુ છું. કોઇ પોલીસ અધિકારી જાણીબૂઝીને આવા કાયદાની અંદર આરોપીને મદદરૂપ થાય, ગુનેગારને મદદરૂપ થવાનો પ્રયાસ કરે અગર તો એ નિષ્કાળજી સેવે કોઇ રીતની, તો એના માટે ત્રણ વર્ષની સજાનું પ્રાવધાન છે. આનાથી પણ નાર્કોટિક્સનો જે કાયદો છે એની અંદર અધિકારીની ચૂકને બે વર્ષની સજાનું પ્રાવધાન છે, આમાં ત્રણ વર્ષનું પ્રાવધાન કર્યું છે. જેથી પણ કોઇ અધિકારી ખોટું કરવાનો પ્રયાસ કરશે નહીં એવી કાળજી પણ સરકારે સેવેલી છે.

**(ઉપાધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને )**

માનનીય અધ્યક્ષશ્રી, આ સંજોગોની અંદર હું સૌ મિત્રોને પણ વિનંતી કરું છું કે, આ બિલ લોકો માટે છે, ગુનેગારોની વિરુદ્ધમાં છે, આતંકવાદીઓની વિરુદ્ધમાં છે. સૌ સાથે મળીને મંજૂર કરાવીએ જેથી આપ પણ યજ્ઞમાં ભાગીદાર બનો. ધન્યવાદ.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બિલનું નામ ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રક વિધેયક. છેલ્લા ૨૦૦૭થી આ રાજ્યમાં કોઇ આતંકવાદી આવ્યા નથી. પોલીસ ખાતાના આઇ.બી. રિપોર્ટમાં જે ઇન-પુટ થયા હોય એ ઇન-પુટ પણ

છેલ્લા ૨૦૦૭ પછી આ રાજ્યમાં કોઇ ઇન–પુટ પણ મળ્યા નથી. રાજ્યની ૧,૬૦૦ કિલો મિટરની આપણી દરિયા પટ્ટી અને દરિયાઇ પટ્ટી પર પણ એવી કોઇ આતંકવાદી ઘટના જ્યારે બની નથી ત્યારે આતંકવાદની ચિંતા આ ભારતીય જનતા પાર્ટીની ગતિશીલ ગુજરાતની સરકાર કયા કારણોસર કરે છે એ મને સમજાતું નથી. કારણ કે, ઓલ–રેડી નેશનલ સિક્યુરિટી એકટ આ દેશમાં જ્યારે મોજુદ છે ત્યારે અહીંયા પોટાની વાતો થઇ, પોટાના કાયદાની વાતો થઇ કે પોટાનો કાયદો હટાવી દીધો. પોટાનો જ્યારે આ દેશમાં કાયદો હતો ત્યારે પણ આ દેશની અંદર આતંકવાદીઓ આવતા હતા. આ રાજ્યમાં પણ આવ્યા હતા. પણ મને જે હું આ કાયદો વાંચી રહ્યો હતો ત્યારે, બિલ જ્યારે હું વાંચી રહ્યો હતો ત્યારે મને થયું કે, આ રાજ્યમાં ઓલ–રેડી આઇ.પી.સી.ની કલમો જ્યારે મોજુદી છે ત્યારે સરકારને આ બિલ લાવવાની કેમ જરૂર પડી? તમારે સોપારીની વાત હોય, ધાકધમકીના પૈસાની વાત છે, દાણચોરી આયાત–નિકાસની વાત છે, કેફી દ્રવ્યોના ગેરકાયદેસર વેપારની વાત છે, ખંડણી, અપહરણ, બેટિંગ જે રીતની આમાં વાત લઇને આવ્યા છે. આ રાજ્યની અંદર કેફી દ્રવ્યોની વાત છે તો કેફી દ્રવ્ય એટલે શું ? એમાં ડ્રગ્સ આવતી હશે? ચરસ આવતી હશે? ગાંજો આવતો હશે? દારૂ પણ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યમાં ઓલ–રેડી મહાત્મા ગાંધીજીનું આ ગુજરાત, અને એમ કહેવાય કે, દારૂબંધી છે. દારૂબંધીની વાત થાય, કાયદો છે પણ આજે પરિસ્થિતિ કાંઇક જુદી છે. છેલ્લા પાંચ વર્ષની અંદર આ રાજ્ય સરકારની અંદર ૫૦૦ કરોડ કરતા પણ વધારે દારુ પકડાયો અને સામે છેલ્લા પાંચ વર્ષમાં ૨૦૬ કરોડનો દારુનો નાશ કર્યો વચ્ચેનો માલ કયાં ગયો એ પ્રશ્ન થાય છે. મારો કહેવાનો અર્થ એ છે કે તમે કેફી દ્રવ્યનું આની અંદર પ્રોવિઝન કર્યું છે તો આટલો બધો દારુ લવાય છે તો સરકાર એની ચોખવટ કરે કે આ દારુ છે એ કેફી દ્રવ્યની અંદર આવે છે કે નહીં? કારણકે કાયદામાં કેફી તત્વની જયારે વાત કરવામાં આવી છે કાયદાઓ, આઇ.પી.સી.એલ.ની કલમો ખૂબ મજબૂત છે. પોલીસ અધિકારીઓ પણ મજબૂત છે પણ પોલીસ અધિકારીઓની મજબૂતાઇ માટે પોલીસ તંત્રને પણ જે કલમો છે એના માટે એ લોકોને ઉપયોગી થઇ શકે એવું પોલીસ બળ મળવું જોઇએ, પોલીસ બળ મળતું નથી અને એની પરિસ્થિતિના ભાગરૂપે રાજયની અંદર આજે જે પરિસ્થિતિ છે, જે પોલીસ રક્ષણની વાત છે, આજે પોલીસની જે ખાલી જગ્યાઓ છે પી.આઇ.થી માંડી અને પોલીસ કોન્સ્ટેબલ સુધીની એ લગભગ ૨૩૦૦૦ કરતા પણ વધારે જગ્યાઓ ખાલી છે અને ૨૩૦૦૦ કરતા પણ વધારે જગ્યાઓ ખાલી હોવાને કારણે રાજયોનું હું કાલે રાત્રે નેશનલ રેકોર્ડ ક્રાઇમ બ્યુરો જોઇ રહ્યો હતો ત્યારે આ રાજયમાં ૬૫૬ વ્યકિતદીઠ એક પોલીસ છે. ભૂતકાળમાં એવું હતું એક વ્યકિતની પાછળ ૬૫૬ પોલીસ હતી આજે ૬૫૬ વ્યકિતની પાછળ એક જ પોલીસ છે. આ રાજયની પરિસ્થિતિ છે. ૫૨ લાખ પોપ્યુલેશનના આધારે મેં જોયું કે ગઇકાલે રાત્રે તો ઓલ ઇન્ડીયામાં ૧૪૧ છે એટલે ૫૪.૭ટકા થયા. એની સામે ગુજરાતમાં ૧૨૨ એટલે ૩૭.૮, મહારાષ્ટ્રમાં ૧૭૦ એટલે ૬૪.૩,ઝરાખંડમાં ૧૭૪ એટલે ૭૦.૮, હરીયાણામાં ૧૫૯, એટલે ૯૫, પંજાબમાં ૨૬૮ એટલે ૧૫૧.૧ ટકા પોલીસનું બળ ઓછું હોવાને કારણે આ ગુનાઓનું પ્રમાણ વધતું જાય છે. સરકાર આતંકવાદના નામે, સંગઠીત ગુનાઓના નામે બિલ લઇને આવ્યા છે પણ જયારે પોલીસ જ નહીં હોય તો આનો અમલ કોણ કરશે? મને યાદ છે આપણા તત્કાલીન મુખ્યપ્રધાન સન્માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જયારે વડાપ્રધાન પદના ઉમેદવાર હતા ત્યારે દેશમાં એમણે ખૂબ પ્રચાર કરીને જે ચર્ચા વિચારણા કરી હતી. એમણે એક વાત ખાસ કીધી હતી કે યુ.પી.એ. સરકાર આવ્યા પછી એટલા બધા કાયદા બનાવ્યા. કાયદા બનાવવાનું એમની દ્રષ્ટિએ એવું લાગતું હતું કે યોગ્ય નથી અને એના લીધે પરિસ્થિતિ એવી થઇ કે હું જો આ દેશમાં સત્તા સંભાળીશ તો હું કાયદા નહીં બનાવું એમણે શરૂઆત ગુજરાતથી કરી અને એમણે એક ખૂબ સારી વાત કરી હતી કે કાયદો બનાવવાની જરૂર નથી. નો એકટ, ઓન્લી એકશન. એમનું એક વાકય હતું. નો એકટ, ઓન્લી એકશન તો એકશનની આમાં વાત આવે છે. પોલીસ બળની મેં વાત કરી કાયદાકીય બિલ લાવીને, આતંકવાદનું નામ લઇને, આ બિલની સાથે જોડીને, સંગઠીત ગુનાની વાત કરીને રાજય સરકાર આતંકવાદી કૃત્યના નામે, સંગઠીત ગુનાના નામે કે આ કાયદો વ્યવસ્થાની બાબતમાં શું સિરિયસ છે એવું લાગે છે? મેં પોલીસના બળની વાત કરી જયાં બળ ન હોય ત્યાં બળદીયા શું કરવાના? એ પરિસ્થિતિ આજે છે ત્યારે નાણાકીય જોગવાઇમાં નાણાની ચર્ચા નથી, પણ ગૃહની વાત છે, ત્યારે ગૃહ વિભાગમાં ૨૦૧૧–૧૨ થી ૨૦૧૩–૧૪ સુધીમાં ૯,૮૧૨ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. તો સરકાર કેટલી કાયદો વ્યવસ્થાની બાબતમાં ચિંતિત છે. ૯,૮૧૨ કરોડની જોગવાઇ કરવામાં આવી અને તે જોગવાઇની સામે છેલ્લાં ૩ વર્ષમાં ૩૭૫ કરોડ રૂપિયા વણવપરાયેલ હોમ વિભાગમાં પડ્યા રહ્યા. આ સરકાર કાયદા માટે કેટલી ચિંતિત છે, એના ઉપરથી ફલિત થાય છે. એ જ રીતે ખાસ કરીને ઘણા બધા ઉપર એક બીજા ઉપર આક્ષેપો થયા. એમાં હું કંઇ કહેવા માગું છું. કોઇને વ્યક્તિગત નથી કહેતો. માણસ સુખી થવા માટે મકાન બદલે છે. માણસ સુખી થવા માટે પોતાના વસ્ત્રો બદલે છે,

ઉપાધ્યક્ષશ્રી : વાર્તા તો નથી ને?

શ્રી શૈલેષ મ. પરમાર : ના નથી. માણસ સુખી થવા માટે પોતાની ગાડી બદલે છે. તેમ છતા દુઃખી હોય છે, કારણ કે માણસ પોતાનો સ્વભાવ બદલતો નથી, એટલા માટે દુઃખી હોય છે. એવું લાગી રહ્યું છે. રાજ્યની અંદર જે કલમો છે, એની અંદર પોલીસ એકટ નથી કરતી અને એના કારણો છેલ્લાં ૧૩ વર્ષની અંદર આ રાજ્યની અંદર જે બનાવો બન્યા છે એ ખૂનની વાત હોય એ બળાત્કારની વાત હોય, એ અપહરણની વાત હોય, એ લૂંટની વાત હોય, એ ઘરફોડ ચોરીની વાત હોય, એ રાયોટિંગની વાત હોય કે અન્ય ગુનાઓ હોય. ૨૦૦૧ થી ૨૦૧૩ સુધીમાં આંકડા નેશનલ રેકોર્ડ ક્રાઇમ બ્યુરોના છે. એના આધારે ૧૩ વર્ષમાં ૧૪૮૯૩ ખૂન થયા. બળાત્કારના ૪૯૭૯ કેસ બન્યા. અપહરણના ૧૭૯૧૨, ધાડના ૩૬૩૦, લૂંટના ૧૫૮૧૨, ઘરફોડ ચોરીના ૬૫૬૬૯, ચોરીના ૨,૨૮,૫૬૦ એમાં મારા ભાઇના ઘરે ચોરી થઇ હતી એ પણ આવી ગઇ અને માનનીય

મુખ્યમંત્રીશ્રીને ત્યાં ચોરી થઇ હતી એ પણ આવી ગઇ. જ્યારે મુખ્યમંત્રીશ્રીનું ઘર સલામત ન હોય અને આપણે આ બિલ લઇને કાયદાનું સ્વરૂપ આપવા જઇ રહ્યા છીએ ત્યારે આ પરિસ્થિતિ છે. ત્યારે એના આધારે છેલ્લાં ૧૩ વર્ષમાં ૧૫,૪૩,૧૧૦ ગુનાઓ એ વિવિધ કલમો હેઠળ આઇ.પી.સી. થી અલગ અલગ કલમો હેઠળ આ રાજ્યમાં બન્યા છે. પરિસ્થિતિ એ છે કે બળાત્કાર ૨૦૧૧ માં ૪૩૯ થયા હતા. એની સામે ૨૦૧૩ માં ૭૩૨ થયા એમાં વધારો થયો. અપહરણ ૨૦૧૧ માં ૧૬૧૪ થયા હતા એની સામે ૨૦૧૩ મા ૨૬૬૬ થયા એમાં પણ વધારો થયો. લૂંટ ૨૦૧૧ માં ૧૩૬૮ થયા હતા. જે ૨૦૧૩ માં ૧૪૨૯ થયા એમાં પણ વધારો થયો. ઘરફોડ ચોરી એમાં ૨૦૧૧ માં ૪૫૦૯ થઇ જે ૨૦૧૩ માં ૪૯૮૦ થઇ, એમાં પણ વધારો થયો. રાયોટિંગ ૨૦૧૧ માં ૧૬૧૫ હતા એ ૨૦૧૩ માં ૧૭૧૫ થયા. એમાં પણ વધારો થયો. અન્ય આઇ.પી.સી. કલમો (અંતરાય) બિલ જ છે, કાયદો લઇને આવ્યા છે. એમાં થોડું અંદર જશો તો ખ્યાલ આવી જશે. તે રીતે અન્ય ક્રાઇમમાં ૧,૨૩,૩૭૧ ગુનાઓ બન્યા. ૨૦૧૩ માં ૧,૫૭,૪૩૫ ગુના બન્યા. એમ ૨૦૧૧ ની સરખામણીએ ૨૦૧૩ માં ગુનાઓ વધ્યા છે. ગુના વધવાનું કારણ શું? કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : અંદરો અંદર ડિસ્ટર્બ ન કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : આજે પરિસ્થિતિ થઇ એના કારણે નેશનલ રેકોર્ડ ક્રાઇમ બ્યુરોના આંકડા મુજબ ભારત દેશમાં ક્રાઇમ રેશિયો ૪૮.૫૦ ટકા છે. તેની સામે ગુજરાનો રેશીયો ૩૩.૨૪ ટકા છે. સામે યુ.પી. જેને આપણે યુ.પી.એટલે એવું રાજય કહીએ છીએ તેનો ૨૩.૬૯ ટકાનો રેશીયો રહેલો છે. આ જ પ્રમાણે મહિલા બળાત્કારની વાત હોય, બાળકોના બનાવોની વાત હોય, આઇ.પી.સી. ક્રાઇમ રેટની વાત હોય આ તમામમાં યુ.પી., બિહાર, ઝારખંડ, રાજસ્થાન કે એમ.પી. હોય તેના કરતાં ગુજરાતનો રેશીયો વધારે છે. તેનું કારણ છે, જે પરિસ્થિતિ છે અને અહીં વાત થઇ કે આંતકવાદી ગુનો ન બને, આંતકવાદીઓ પકડાશે અને તેને કયાં લઇ જશે? તો સાબરમતી જેલમાં કે જયાં સુરંગકાંડ થયો હતો. પોલીસના આધુનિકરણ માટે રાજય સરકાર કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપે છે. કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપ્યા પછી આજે પરિસ્થિતિ શું છે કે રાજયમાં આવેલી તમામ જેલો તે તમામ જેલોમાં આજે અમદાવાદ અને સુરત આ બંને મધ્યસ્થ જેલની અંદર સીસીટીવી કેમેરાના રેકર્ડ આજે મોજુદ છે. બીજી જેલોમાં આ કેમેરા મોજુદ નથી. અહીં વાત થાય આતંકવાદની અને સંગઠિત ગુનેગારોની, આજે પણ રાજયમાં આવેલ તમામ જેલોની અંદર આતંકવાદી પ્રવૃત્તિના નામે કોઇ પકડાયેલી વ્યક્તિ હશે, સંગઠિત ગુનામાં તમે ખંડણી કહો છો, ધામધમકી કહો, ખોટી રીતે સહી કરાવીને મિલકત પચાવી પાડવાની વાત હોય આવા ગુનેગારો આજની તારીખમાં જેલમાં છે. તેમ છતાં આ રાજયમાં છેલ્લા પાંચ વર્ષમાં આ રાજયતંત્ર, પોલીસ કેટલી સજાગ છે કે ગુનેગારોને પણ જો ફોન કરવો હોય તો જેલમાં ફોનની સુવિધા આપે છે, તેના ભાગરૂપે ૪૭૪ મોબાઇલ ફોન આ રાજયની વિવિધ જેલોમાંથી છેલ્લા પાંચ વર્ષમાં પકડવામાં આવ્યા છે. બીજી વાત કરું કે આ કાયદો બનશે તો લોકો ડરશે. ગુનેગારોને સજા થશે અને તેના લીધે રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સારી બનશે. મારે પાંચ વર્ષની થોડીક વાત કરવી છે. બળાત્કારના જે કિસ્સા થયા તે કિસ્સાના ૧૦૬ આરોપીઓને આ રાજય સરકાર છેલ્લા પાંચ વર્ષમાં પકડી શકી નથી. સામૂહિક બળાત્કારની વાત હોય તો પાંચ વર્ષમાં જે ૭૬ કિસ્સા બન્યા તેમાં આજે પણ ૧૧ આરોપીઓ ભાગેડુ છે. જે ૧૧ આરોપીઓને આ રાજય સરકાર પકડી શકી નથી. ટોટલી અલગ અલગ ગુનાઓમાં જોડાયેલા લોકો, અલગ અલગ કલમો હેઠળ જેની પર પોલીસ સ્ટેશનની અંદર ગુનો નોંધાયેલો તેવા ૬૦૭૬ વ્યક્તિઓ આજે રાજય સરકારના ચોપડા ઉપર ભાગેડુ છે. ત્યારે આમાં એક કોર્ટનું પ્રોવિઝન કરવામાં આવેલ છે. વિશેષ અદાલત થશે. દિલ્હીમાં થયેલો બળાત્કાર અને તે થયા પછી કોર્ટની રચના થઇ. આજે પણ રેકર્ડ સાથે કહેવા માગું છું કે મહેસાણા જિલ્લામાં જયાં મુખ્યમંત્રી જે જિલ્લામાંથી આવે છે, જયાં હોમ મિનીસ્ટર જે જિલ્લામાંથી આવે છે તે જિલ્લાની એક વિદ્યાલય છે, ગણપત વિદ્યાલય છે તેની અંદર મારા વિધાનસભા વિસ્તારની એક દીકરી ભણતી હતી, જે નાબાલિક છે, ૧૬–૧૭ વર્ષની છે તેની ઉપર બળાત્કાર થયો. આ બળાત્કાર થયો એટલું જ નહીં આ બળાત્કાર થયા પછી તે દીકરીના મા–બાપને બીજા દિવસે જાણ કરવામાં આવી. આજની તારીખ સુધીમાં આ રાજય સરકારે તે ગણપત વિદ્યાલયના ટ્રસ્ટીઓ સામે આજની તારીખમાં કોઇ કાર્યવાહી કરી નથી તે આ સરકાર છે. વિશેષ અદાલતની વાત કરી. ડેપ્યુટી ડી.એસ.પી. કે ડેપ્યુટી પોલીસ કમિશ્નરના હાથે તપાસ કરાવીશું, હું શીડયુલ કાસ્ટનો છું, અનુસૂચિત જાતિમાંથી આવું છું. એસ.સી. એસ.ટી. એકટમાં ટોટલી પ્રોવિઝન કલીયર છે. એટ્રોસીટી એકટનો જયારે કેસ થતો હોય ત્યારે તેની તપાસ તે ડેપ્યુટી સુપ્રીટેન્ડન્ટ ઓફ પોલીસ કરી શકે છે. આજે પણ આ રાજયની અંદર ડેપ્યુટી સુપ્રીટેન્ડન્ટ ઓફ પોલીસ એટ્રોસીટી એકટની તપાસ કરતા નથી. અને એના લીધે મોટા ભાગના ગુનેગારો નિર્દોષ છૂટી જાય છે એવી પરિસ્થિતિ પેદા થઇ છે ત્યારે મારે એટલું જ કહેવું છે કે, સરકારે કોઇ કાયદો લાવતા પહેલા જ્યારે આ સભાગૃહની અંદર, કોઇ ટીકાના સ્વરૂપમાં નથી કહેતો આપણે વાત કરીએ છીએ આમ પ્રજાની કે આ કાયદો આવશે તો આતંકવાદી પ્રવૃત્તિઓ અટકશે, સંવઠિત ગુનેગારો દબાશે અને એવા ગુનાઓ બને છે એ અટકશે અને પ્રજાને એનાથી શાંતિ થશે. આજે પણ આ વિધાનસભા ગૃહમાં બેસતા ૫૦ ટકા ધારાસભ્ય મિત્રો એવા છે કે જેને પોતાને પોલીસ રક્ષણ પૂરું પાડાવામાં આવ્યું છે ત્યારે આ સભાગૃહનો ધારાસભ્ય જો પોલીસ રક્ષણ સાથે ફરતો હોય તો આમ પ્રજાની શું દશા હશે એ મારે આપના માધ્યમથી કહેવું છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, કદાચ ગુજકોકનો કાયદો લઇને આવ્યા અને એ કદાચ રીજેકટ થયો એટલે કંઇક અહમ ઘવાયું હોય આપણું કે નહીં આ કાયદો જોઇએ જ. પણ આજે દેશની અંદર નેશનલ સિક્યોરીટી એકટ છે જ અને એને આધારે આજે રાજયમાં કોઇ આતંકવાદી પ્રવૃત્તિ ન થઇ શકતી હોય તો મારે એમને વિનંતી છે કે પોલીસ બળનો ઉપયોગ વધારે કરે, પોલીસોમાં ભરતી કરે અને એમને સત્તા આપવામાં આવે. બીજું આ

ફિક્સ પગારમાંથી સરકારે બહાર આવવું પડશે, સારી ભરતી કરવી પડશે અને પોલીસના પગાર સારા વધારવા પડશે તો જ આ ચૌરેને ચૌટે આપણે વોટસએપ પર ફોટા જોઇએ છીએ પોલીસવાળાના કે ઉંધા હાથે કાંઇક લીધું એ ગુનાઓ અટકી શકશે એમ હું ચોક્કસપણે માનુ છું. ત્યારે માનનીય મંત્રીશ્રીને મારે એટલું જ કહેવું છે કે, સ્વામિ વિવેકાનંદે ખૂબ સારી વાત કરી હતી કે, જબ તક આપ ખુદ પે વિશ્વાસ નહીં કરતે તબ તક આપ ભગવાન પે ભી વિશ્વાસ નહીં કર શકતે. આ શબ્દો સાથે મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, આ બિલ પાછું ખેંચી લે અને વિધાનસભાગૃહમાં એને અટકાવી દે એવી વિનંતી કરું છું.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય જોષીયારા, આપ પ્રવચન શરૂ કરો એ પહેલા મારે એક વાત કહેવી છે. હજુ ચાર સભ્યો બોલવાના બાકી છે, મંત્રીશ્રીનો જવાબ બાકી છે ત્યાર પછી વિધેયક પસાર કરવાના પાના ૧૮ છે અને સુધારા અને આ બધું ગણતા આપણો સમય ૧–૦૦ વાગ્યાનો છે. ૩૦ મિનિટ બચી છે સભ્યો ખુદ સંયમ જાળવે. બીજું કશું નથી કહેવું.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક ૨૦૧૫ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જ્યારે નિવેદન કર્યું ત્યારે મેં ધ્યાનથી સાંભળ્યું છે. મંત્રીશ્રીની જે ચિંતા હતી, એમણે જે વાત કરી એ વાત સાથે હું બિલકૂલ સંમત છું. એમણે જે વાત કરી કે છેલ્લા ઘણાં સમયથી સંગઠિત ગુનાઓનું પ્રમાણ ખૂબ વધી ગયું છે અને એમાંય કોન્ટ્રાક્ટ કીલીંગ, ધાક–ધમકીથી પૈસા પડાવવા, દાણચોરીના માલની ગેરકાયદેસર આયાત નિકાસ કરવી, કેફી દ્રવ્યોનો ગેરકાયદેસર વેપાર, ખંડણી અને અપહરણ, રક્ષણ માટે નાણા વસૂલ કરવા, નાણાકીય લાભ એવા ઘણાં ગુનાઓને આવું જે કાળું નાણું છે અને એ કાળા નાણાથી આર્થિક લાભ જે એમને થાય છે એનો ઉપયોગ આપણા ગુજરાત, આપણી જનતા સામે થાય છે ત્યારે આપણા માટે પણ એક ચિંતાનો જરૂર વિષય છે. પરંતુ સાથે સાથે મારે એ પણ કહેવું છે કે, હમણા રાજુભાઇએ વાત કરી એ પોતે તો વિધ્વાન વકીલ છે અને એમણે સાચી વાત કરી કે કાયદાઓ અને કલમોથી ગુનાઓ અટકતા નથી. કાયદાઓ તો અત્યારે ઘણાં છે પરંતુ કાયદાઓ હોવા છતાં એનો અમલ ન થવાના કારણે, ઇચ્છાશક્તિ ન હોવાના કારણે ખાસકરીને સરકારની ઇચ્છાશક્તિ, એની પ્રતિબદ્ધતા ન હોવાના કારણે આ ગુનાઓ થયા કરે છે. ગયા વખતે પણ મેં દાખલો આપ્યો હતો કે અમારો વિસ્તાર છે એ રાજસ્થાનની બોર્ડરનો વિસ્તાર છે અને દારૂનું પ્રમાણ ખૂબ છે, રાજસ્થાનથી દારૂ આવે છે અને ખૂબ પ્રમાણમાં દારૂ આવે છે. પહેલા ઓછો દારૂ આવતો હતો કદાચ બોટલ લાવતા હતા પણ હવે તો આખા કન્ટેનરો ભરી ભરીને દારૂ આવે છે. સાહેબ, એટલે સુધી કે કન્ટેનરોને પાયલોટીંગ કરીને મૂકવા જવામાં આવે છે ત્યાં દારૂનું પ્રમાણ વધી ગયું છે. પરંતુ એને અટકાવવું જ હોય તો ઇચ્છાશક્તિ જરૂરી છે એના માટે મેં ગયા વખતે વાત કરી તેમ અમારા ભીલોડા તાલુકામાં અત્યારે જે પી.એસ.આઇ. આવ્યા છે એનાથી ઘણા બધા ગુનાઓ અટક્યા છે એ હું સ્વીકારું છું, અત્યારે દારૂ બંધ થઇ ગયો છે ભીલોડામાં, અમારો તાલુકો બોર્ડરનો હોવા છતાં તમને કોઇ માણસ પીધેલો નહિ જોવા મળે, પણ સાથે સાથે બીજી બાજુ અમારી બોર્ડર, જ્યાંથી શામળાજી હાઇવે પડે છે, ત્યાં સાહેબ જોઇએ તેટલો દારૂ મળે છે, હું ઇચ્છું કે આમાં પણ જોવામાં આવે. એમાં ખાસ બાબત એ છે કે, આવું કેમ થાય છે, આ કેમ આટલો બધો દારૂ વેચાય છે, આના મૂળમાં ભ્રષ્ટાચાર છે, જ્યારે ભ્રષ્ટાચાર અટકશે, કાયદાઓ છે તો ઓટોમેટિક આ બધું અટકી જશે, પરંતુ જ્યાં સુધી આ ભ્રષ્ટાચાર નહિ અટકશે, ભ્રષ્ટાચારની વાત આવે છે ત્યારે માનનીય ચુડાસમા સાહેબ ઘણી વખત ઉભાં થતાં હોય છે, એમની વાત સાથે ઘણી વખત હું સહમત થાઉં છું કારણકે એ ખૂબ પ્રમાણિક માણસ મને લાગે છે એટલા માટે, પણ આ સરકારમાં જે રીતે આ ત્યાંથી જે દારૂ આવે છે એના મૂળમાં ભ્રષ્ટાચાર છે એમ હું માનું છું અને આ જો દૂર કરવામાં ન આવે તો ગુનાઓ થતાં જ રહેવાના છે, કાયદાઓ તો આવવાના, કલમો પણ લગાવવાની, પણ આ બધું હોવા છતાં પણ આપણે એને નહિ રોકી શકીએ, મારે બીજી વાત કરવાની છે કે મંત્રીશ્રીએ બહુ સારી વાત કરી કે આપણા દેશની સુરક્ષા, આપણા રાજ્યની સુરક્ષા, આપણી જનતાની સુરક્ષા એ આપણો ધર્મ હોવો જોઇએ, તો એના માટે આ કાયદો લાવીએ છીએ અને ખુબ સારી રીતે વાત કરી. સાથે સાથે પ્રાયોરિટી પણ કહી એમણે. શાંતિ, સલામતિ અને સુરક્ષા આપણી પ્રાયોરિટી હોવી જોઇએ. પણ આ પ્રાયોરિટી માટે આપણે શું કરીએ છીએ, ગુજરાતમાં ગુનાઓનું પ્રમાણ કેમ વધી ગયું છે. અહીંયા ગાંધીનગરમાં એક દિવસ મકાન બંધ કરીને જાઓ એટલે બીજા દિવસે એ મકાનનું તાળું તૂટ્યું હોય, કેમ આવું થાય છે? કારણ કે આપણે ત્યાં કાયદાઓ હોવા છતાં એના માટે પ્રતિબદ્ધતા નથી, ક્યાંક ને ક્યાંક એના માટે મુશ્કેલી છે તો મારી વિનંતી છે મંત્રીશ્રીને કે આપણે નવા કાયદાઓ ઘડવા કરતાં જે હયાત કાયદાઓ છે એ કાયદાઓનો તમે કડક અમલ કરો, અને એમણે જે ગુજકોકની વાત કરી હતી પહેલાં, પણ ગુજકોકનું જ્યારે વિધેયક લઇને આવ્યા હતા એ સમયે, એ પર્ટીક્યુલર સમય દરમિયાન ગુજરાતમાં આતંકવાદીઓનું પ્રમાણ ખૂબ વધી ગયું હતું અને કોઇ સંજોગોમાં એ બિલ નહિ પસાર થયું અને ૨૦૦૭થી અધિકારીઓ પણ જેલમાં ગયા અને તે પછી આતંકવાદીઓ પણ આવવાના બંધ થઇ ગયા. એટલે ખબર પડતી નથી કે આ કાયદા સાથે શું સંબંધ હતો એમને, કેમ આતંકવાદીઓ બંધ થઇ ગયા? અને બીજી બાબત આ આતંકવાદીઓ, કારણ કે મેં તો તે વખતે જોયું હતું કે સુરતમાં તો ઝાડ ઉપર બોમ્બ લટકેલા હોય અને ઝાડ ઉપરથી બોમ્બ ઉતાર્યા, એમ લાગે છે કે આતંકવાદીઓ ઝાડ ઉપર બોમ્બ મૂકે? આ બધું કૃત્ય કેમ કરવામાં આવે છે એ જ સમજાતું નથી, જે કોઇ હોય તે, આપણે તો એની સામે કડકમાં કડક પગલાં ભરવા જોઇએ એમ મને લાગે છે, આતંકવાદ સામે લડવા માટે પોટાનો કાયદો હતો, સ્વીકારું છું કે પોટાનો કાયદો સારામાં સારો કાયદો હતો તો પછી આપણે કેમ એ કાયદાનો ઉપયોગ કરીને આતંકવાદ રોકી ન શક્યા? જેમ શક્તિસિંહ બાપુએ હમણાં કહ્યું કે ઘણા બધા એવા જે બનાવો બન્યા જે સંસદ

પર બનાવો બન્યા અને જે કંદહારના બનાવો બન્યા, ઘણા બધા બનાવો બન્યા, આપણે ન રોકી શક્યા, આવો કાયદો હોવા છતાં એટલે મારે તો એટલું જ કહેવું છે કે હમણાં જે વિધેયક લઇને આવ્યા છે એમાં મૂળ જે બંધારણની ભાવના છે એમાંથી તમે વિચલિત ન થાઓ એટલું જ કહેવાનું છે અને જે સોળમી કલમ છે એ કલમમાં તમે જે પોલીસને સત્તા આપી છે, એ સત્તામાં સાહેબ, આમાં હંમેશા પોલીસનું કામ ઇન્વેસ્ટીગેશનનું છે અને ન્યાય આપવાનું કામ ન્યાયતંત્રનું છે. એમાં થોડું ડિવિઝન રાખો, એ ન્યાયતંત્રનું કામ આપણા હાથમાં ન લઇએ, આ ન્યાયતંત્રને જ અપાય, કારણકે ભૂતકાળમાં એવું બન્યું છે અમારે ત્યાં આંતરસૂબામાં જંગલની જમીનના જે હક્કદારો હતા તો એમને તે વખતની પોલીસ પકડી લાવી, પકડી કોણ લાવ્યુ? ડી.વાય.એસ.પી. કક્ષાના અધિકારી પકડી લાવે, એ ભાઇ હતા તેમને અને એના દીકરા બન્નેને, દીકરાને રસ્તામાં ઉતારી દે છે પોલીસ અને એ ડી.વાય.એસ.પી. સ્વીકારે છે કે મેં એમને રસ્તામાં ઉતારી દીધા હતા, રાત્રે ચાર વાગ્યે પકડી લાવે છે, અને એનું બીજા દિવસે સવારે એન્કાઉન્ટર થઇ જાય છે, કહેવામાં આવે છે કે ફાયરિંગ થયું અને એમાં, પણ જે માણસને પોલીસ રાત્રે ચાર વાગ્યે પકડી લાવે છે અને એનું મરણ થઇ જાય છે, હું ડોકટર છું એટલે કહું છું અને મેં ભૂતકાળમાં પણ અહીંયા વિધાનસભામાં કહ્યું છે કે, ફાયરીંગ દૂરથી કરવામાં આવે તો એનુ છેદ કેટલું હોય અને તેની છાતીમાં બંધૂક રાખીને જયારે ફાયરીંગ થતું હોય ત્યારનું તેનુ છિદ્ર કેટલું હોય છે. આ પકડી લાવેલો માણસ પોલીસની કસ્ટડીમાં હોય અને પોલીસની કસ્ટડીમાં આવેલા માણસને આ સરકાર વખતે તે વખતના સમયમાં તેનું કસ્ટડીમાં જ મોત થયેલું. હવે આવુ બને ત્યારે તમે પોલીસ ઉપર કેટલો ભરોસો મૂકી શકો. એટલે સવાલ ત્યાં મારો એટલો જ છે કે જે કલમ છે ૧૬ની તેમાં જે મેં વાત કરી એટલો તમે જો ફેરફાર કરશો તો મને એમ લાગે છે આપણે આ કાયદાને સ્વરૂપ આપી શકીએ. પણ જો ના કરી શકશો તો હતુ એવુ અને એવુ પાછું જશે અને પાછું આવશે એટલે મહેરબાની કરીને પ્રજાના હિતમાં જરૂર પડે એટલું કરો એવી વિનંતી સાથે વિરમું છું.

શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક જે લઇને આવ્યા છે તેને સમર્થન સાથે હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો દરિયા કિનારો ૧૬૦૦ કિલોમિટર અને જમીન સરહદ આ બન્નેને ભેગાં કરીને ગુજરાતની વાત કરીએ તો સામે છેડે પાકિસ્તાન હોય તો શત્રુ રાષ્ટ્રની આંતરરાષ્ટ્રીય સરહદ ગુજરાત ધરાવે છે. ભૂતકાળથી આપણે જોતાં આવ્યા છીએ કે, શત્રુ રાષ્ટ્રએ ગુજરાત ઉપર કયારેય કંઇ કસર છોડી નથી અને કસર છોડવા માગતા નથી. એવા સંજોગોની અંદર જયારે આજે આ સભાગૃહની અંદર માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેમાં સંગઠિત ગુન્હાઓ આતંકવાદી જેવી પ્રવૃત્તિઓએ દેશ અને રાજયની સલામતી અને સુરક્ષા સામે ગંભીર ખતરો ઉભો કરેલ છે. આ પ્રકારની પ્રવૃત્તિઓને કોઇ સીમા નથી હોતી, કોઇ સમાજ નથી હોતો. આ પ્રકારની પ્રવૃત્તિ કરવાવાળા દાણચોરી કરે, ધાક-ધમકી આપે, ખંડણી આપે, અપહરણ કરે, ખૂન કરે, દેશની આર્થિક નીતિને છિન્ન ભિન્ન કરી નાખવા માટે બનાવટી ચલણી નોટો પણ આ દેશની અંદર કે આ રાજયમાં આવે. દેશની અંદર આવા સરહદપાર વિરોધી આવી પ્રવૃત્તિઓ ફૂલે ફાલે છે. આ પ્રકારની સંગઠિત ગુન્હાખોરી અને આતંકવાદની પ્રવૃત્તિઓ ઉપર અંકૂશ મૂકવાની આજે જયારે તાતી જરૂરિયાત છે ત્યારે આટલી ગંભીર સમસ્યાઓમાંથી દેશ કે રાજય પસાર થતો હોય અને આટલી મોટી કડક કાયદાની જોગવાઇ જયારે લાવવામાં આવતી હોય આ સભાગૃહની અંદર ત્યારે કેટલાક સાથી સભ્યો એમ કહે કે, નવાઝ શરીફને તમે સોગંદવિધિમાં બોલાવ્યા, દુઃખ થાય પણ એ જ નવાઝ શરીફ જયારે પાકિસ્તાનની અંદર ચૂંટણી લડે અને જીતે ત્યારે આ દેશમાંથી પહેલો અભિનંદનનો ફોન કોણ આપે. કોણ આપે ? આ દેશના વડાપ્રધાનશ્રી પહેલો ફોન તેમને કરે.

ઉપાધ્યક્ષશ્રી : ભાઇ, નવાઝ શરીફને પાકિસ્તાનમાં જ રહેવા દો, હમણાં આપણે અહીંયા ચાલુ રાખો.

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આ તો જે વાત કરી તેના અનુસંધાનમાં વાત કરતો હતો. આ કાયદાની જયારે વાત કરતા હતા ત્યારે હમણાં જ આ ક્રિકેટ બેટિંગની વાત હતી હમણાં જ વર્લ્ડ કપની મેચ ગઇ. કાયદો નહીં હોવાના કારણે વડોદરાની અંદર જે ક્રિકેટનું સટ્ટા બેટીંગ પકડાયું અને ચાર હજાર કરોડ રૂપિયા જેટલી માતબર રકમનો સટ્ટો રમાયો અને તેના આરોપીઓ પકડાયા. પકડાયા પછી કાયદાની છટકબારીઓએ માત્ર ગણતરીના કલાકોની અંદર તેને જામીન મળી ગયા. એ જામીન કોઇ પાર્ટીના આધારે નહીં, કોઇ વ્યકિતના આધારે નહીં પણ બનાવેલા કાયદાના આધારે મળે, અને એ કાયદો આજનો બનાવેલ નથી. એ કાયદાની જો વાત કરીએ તો એ કાયદો આ દેશ કે આ રાજયમાં એ ભૂતકાળનો કાયદો એવો હતો કે આખા ને આખા જંગલો વેંચાઇ ગયા, તમારી ભૂતકાળની વાત કરીએ તો લાકડા વેંચાઇ ગયા, જંગલોના જંગલો સાફ થઇ ગયા, તેના આરોપનામાં વર્ષો સુધી ચાલ્યા, એટલેથી નહીં અટકયા પણ વધારામાં વાત કરવા જઇએ તો ૨૨મી એપ્રીલ ૧૯૮૫ ની વાત કરીએ તો આ રાજયના શાસનકર્તાઓએ અખબારી આલમ ઉપર, મીડીયાને સળગાવવાનો પ્રયત્ન પણ કર્યો. અને આ રાજયમાં ગુજરાત સમાચાર જેવા પ્રેસને સળગાવવામાં કોઇએ બાકી ન રાખ્યું, કોઇ કસર ન છોડી. તે વખતે પોલીસ અને કાનુન એ તમારું કામ કરતા હતા. આજે પોલીસ અને કાનુન એ સમાજનું કામ કરે છે. કોઇ વ્યકિતનું કામ નથી કરતા. મને જણાવતા એ બાબતનો આનંદ થાય છે કે (અંતરાય) માત્ર ગૃહ મંત્રી નહીં, તમારું તો અડધું મંત્રી મંડળ જેલમાં હતું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, બેઠા બેઠા ન બોલો.

શ્રી ભૂષણ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિપક્ષના સભ્યો બે દિવસ પહેલા કહેતા હતા કે વડા પ્રધાન બન્યા પછી શું થયું દસ મહિનામાં, તો અધિકારીઓ છૂટયા, પણ તમે તો ચાલુ વડાપ્રધાન હતા, તમારી સરકાર ચાલુ હતી. અડધું પ્રધાન મંડળ જેલમાં હતું. એમને જેલમાંથી તમે બહાર લઇ આવ્યા અને બહાર લઇ આવ્યા પછી તમે એમને ધર્મના નામે ફરીથી પછા

સોગંધ લેવડાવ્યા તે દિવસો પણ આ દેશની અને આ રાજયની જનતાએ જોયા છે. આ શાસનમાં એવું જોવા મળ્યું નથી. મારે કહેવું પડે છે કે આતંકવાદના કાયદાની વાત કરે છે ત્યારે અક્ષરધામ ઉપર હુમલો થયો, દિલ્હીમાં હુમલો થયો, બેંગલોરમાં હુમલો થયો, મદ્રાસમાં હુમલો થયો, મુંબઇમાં હુમલો થયો, રાજસ્થાનમાં હુમલો થયો, આટલા બધા હુમલા થયા આતંકવાદી હુમલા આટલા બધા દેશમાં થયા પણ મને બરાબર યાદ છે કે ૨૬-૮-૨૦૦૮ને શનિવારે સાંજે ૫-૪૫ કલાકે અમદાવાદમાં એકી સાથે બાર થી ચૌદ જગ્યાએ બોમ્બ ધડાકા થયા. અને અનેક લોકો એમાં મૃત્યુ પામ્યા હતા. પણ મારે કહેવું જોઇએ કે એના માટેનો કાયદો કાચો હોવા છતાં પણ રાજયના મુખ્ય મંત્રીશ્રી અને ગૃહ મંત્રીશ્રી કશું બોલ્યા વગર દેશના ઇતિહાસમાં પહેલી વખત બનેલી ઘટના તમને કહું, કે દેશના ઇતિહાસમાં માત્ર બાર થી ચૌદ દિવસના ગાળામાં એ આતંકવાદીઓને, બોમ્બ બ્લાસ્ટ કરનારાઓને પાતાળમાંથી શોધી કાઢ્યા, તેઓ કયાં રહ્યા હતાં, કોના ઘરે રહ્યા હતા, કયાંથી આવ્યા હતા, ટ્રાન્ઝીસ્ટર કયાંથી લીધા, સાયકલો કયાંથી લીધી હતી. કેવી રીતે ષડયંત્ર બનાવ્યું હતું તે શોધી કાઢયું હતું. આપણું માથું શરમથી ઝૂકી જાય, તમારી સરકાર દસ દસ વર્ષથી દેશમાં હોય, આખા દેશમાં બોમ્બ ધડાકા થાય તો તે ન પકડાય, અને ગુજરાતમાં પોટાનો કાયદો કાઢી નાખ્યો હોવા છતાં એકે એક આતંકવાદીઓને જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા. આપણે સાથે મળીને એ કામ કરવું જોઇએ કે આતંકવાદીઓને જેલમાં પૂરી દેવા જોઇએ. વાત એવી આવે, તમે જોવા જાઓ તો આતંકવાદ સામે લડતા લડતા કોઇ જવાન મૃત્યુ પામેલ હોય તો એ જવાનને એક કરોડ રૂપિયા જેવી રકમ એમના પરિવારને આપવામાં આવે. સામાન્ય માણસ કોઇ મૃત્યુ પામ્યો હોય તો આ રાજયસરકાર બે કે પાંચ લાખ રૂપિયા તેમના પરિવારને આપે. પણ જે આતંકવાદીઓ છે, બ્લાસ્ટ કરનારા છે તેમને સાંચવવા માટે ભૂતકાળની સરકારે આ દેશમાં ૪૦-૪૦ કરોડ રૂપિયા એક એક વ્યકિતને સાંચવવા માટે મુંબઇની જેલમાં ખર્ચ થયો છે. અહીંયા વાત કરવાનું મન થાય. માનનીય નટવરસિંહબાપુ, આતંકવાદની વાત છે. હમણાં વિરોધપક્ષના નેતાએ કહ્યું કે ગાડી પકડાય તો એની પાછળ કમળના નિશાન હોય. મને દુઃખ થાય કે પંચમહાલની સરહદ ઉપરથી આવતી ટ્રકની અંદર દારૂ પકડાય તો એ દારૂની ટ્રક ઉપર પંજાના નિશાન હોય અને તે જિલ્લા પંચાયતના પ્રમુખ એ લેબલ ઉખાડે. કમળ એ તો માતાજીના પ્રતિકનું નિશાન છે.

એમણે કીધેલી વાત કહું, માનનીય નેતાશ્રી શકિતસિંહભાઇ તો મારા કરતાં ઘણા વિદ્વાન છે અને જયારે વાત કરતા હતા ત્યારે હું ક્રિકેટની પરિભાષામાં વાત કરું, એક બોલ નાખીને ત્રણ વિકેટ લેવાની વાત કરતા હતા. નીતિનભાઇની વિકટ લઉ, સૌરભભાઇની વિકેટ લઉ, પ્રદીપસિંહની વિકટ લઉં, એ કેરમની રમત રમતા હતા કાળી કાઢવા માટે ધોળીને મારતા હતા, પાછળથી આગળ આવ્યા અને હજી આગળ જવા માટેની એ રમત રમતા હતા. આ દેશની અંદર કે આ રાજયની અંદર આતંકવાદને નાબૂદ કરવો હશે તો કોઇ વ્યકિતએ નહિ કોઇ સમાજે નહિ તમે આ બિલ ઉપર સૂચનો કર્યા તમે કોને બચાવવા માટે આ કાયદાનો વિરોધ કરી રહ્યા છો. આવો સાથે મળીને આ દેશમાં કાયદો અને કાનૂની વ્યવસ્થા સાથે મળીને એક ઇતિહાસ રચીએ અને આપણે સૌ સાથે મળીને આને સમર્થન કરીએ એજ અભ્યાર્થના સાથે વિરમું છું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠીત ગુના નિયંત્રણ વિધેયક, ૨૦૧૫ લઇને આવ્યા છે.

અહીંયા આ બિલ ઉપર ઘણા બધા નિષ્ણાંતોએ બહુ જ ઉંડાણથી વાત કરી છે. હું સૌથી પહેલા તો જે આતંકવાદી કૃત્ય અને સંગઠીત ગુના નિયંત્રણ વિધેયક લઇને આવ્યા છે એના ઉપર થોડી વાત કરું તો ભારત દેશની અંદર આતંકવાદનું અસ્તિત્વ હતું જ નહિ પરંતુ જયારથી રાજકારણની અંદર ધર્મનું મિશ્રણ કરવામાં આવ્યું ત્યાર પછી જ અહીંયા આતંકવાદી પ્રવૃત્તિ ઘુસી છે. આપણો પાડોશી દેશ જે આપણો દુશ્મન છે, જે પ્રોકસી વોર આપણી સામે કરે છે. એ નાપાક દેશ હંમેશા ટાંપીને બેઠો હોય છે કે ભારત દેશમાં એવી કોઇ ઘટના કે દુર્ઘટના બને તો એના એજન્ટોને કામ ઉપર લગાડી અહીંના ભલા ભોળા લોકોને ઉશ્કેરીને એમને હાથા બનાવવાનું કામ કરે છે. પણ બહુ ગૌરવ સાથે કહું છું કે અપવાદની ઘટના જૂઓ તો ભારતના મુસ્લિમો ઓછા પ્રમાણમાં સંડોવાયેલા છે, જયારે પાકિસ્તાના વધુ પડતા હુમલા થયા છે એ એમણે જ કર્યા છે. જયારે આપણે ધર્મની સાથે રાજકરાણનું મિશ્રણ કરીએ છીએ એનું પરિણામ એ થાય છે કે જે ટાંપીને બેઠેલા દેશો છે એ ઉશ્કેરણીઓ કરે છે. ત્યાં ખોટી ઉશ્કેરણી થાય છે,આતંકવાદીઓનું બ્રેઇનવોશ કરવામાં આવે છે એવો પ્રચાર કરવામાં આવે છે અને ઘણીવાર જાણે અજાણે આપણે સપોર્ટ કરતા હોઇએ છીએ. ૨૦૦૨ની ઘટના કે બાબરી મસ્જીદની ઘટના હોય એને લઇને એનો અપપ્રચાર, એનો અતિરેક જેને કહેવાય અને ખોટી બનાવની સીડીઓ બનાવીને બ્રેઇનવોશ કરતા હોય છે. આ સભાગૃહમાં વિનંતી કરું છું કે આપણે બધા બંધારણથી બંધાયેલા છીએ. આપણે જવાબદાર લોકો છીએ, આપણે એવું કોઇ વાણી કે વર્તન ન કરવું જોઇએ કે જેના લીધે રાષ્ટ્ર કે રાજયની સુરક્ષાને ખતરો થાય અને ટાંપીને બેઠેલો દેશ ફાયદો ન લઇ શકે.

આગળ વાત કરું તો છેલ્લા નવ મહિનાની અંદર જયારથી કેન્દ્રની સરકાર બની પ્રધાનમંત્રી પોતે કહે કે મારા માટે બંધારણ મહત્વનું છે મારે માટે દેશનું સંવિધાન મહત્વનું છે ત્યારપછી પણ કેટલાય કટ્ટરવાદીઓ માનતા નથી અને દેશમાં ઝેર ઘોળવાનું કામ કરી રહ્યા છે એનું પરિણામ એ આવે છે કે ખોટા નિવેદનો કરવાથી, ખોટી વાતો કરવાથી એના પ્રત્યાઘાતો છે, જે રીતે અહીંયા ઘટના બને એના પ્રત્યાઘાત પાકિસ્તામાં બેઠેલા બદમાશો ઉપાડી લે. નવ ચર્ચ તોડવાની ઘટના બની, નન પર હત્યાની ઘટના બની. આજે પરિસ્થિતિ એવી થઇ કે ગુજરાતી એન.આર.આઇ. વિદેશમાં બેઠો છે એની પ્રતિક્રિયા રૂપે આજે તેમને પણ નુકસાન થાય છે. ત્રણ-ત્રણ ગુજરાતીઓની હત્યા થઇ. ત્રણ-ત્રણ મંદિરો તોડવામાં આવ્યા. તો આપણી

વાણી અને આપણું વર્તન, આપણાં પોતાના હિત માટે કે સહેલાઇથી ચૂંટણીઓ જીતી શકાય. સહેલાઇથી લોકોની લાગણી મેળવી શકાય અને આપણે આવા નિવેદનો કરીએ એ નિવેદનોથી આપણે દૂર રહેવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે કલમ–૧૬ ઉમેરી છે એ બાબતે હું કહું કે આ કલમ ઉમેરવાથી પ્રોબ્લેમ એ થશે કે પોલીસ ખાતાના જે અધિકારીઓ છે, પોલીસ ખાતાના અધિકારીઓ પોતાની વેરવૃત્તિ વાળવા માટે, કેટલાક રાજકીય માથાઓ પોતાની વેરવૃત્તિ વાળવા માટે આનો દુરુપયોગ કરશે. સીધું જ એ.સી.પી. જે નિવેદન લે એ નિવેદનના આધારે એને ૧૮૦ દિવસ અંદર રાખી શકશે. આ બિલકૂલ જેને કહેવાય કે લોકશાહી માટે બહુ ખતરનાક વસ્તુ છે અને આ જ બાબતે બે–બે વખત આપણું આ બિલ મોકલ્યું હતું એ પાછું આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા માગું કે જયારે આ બિલ લઇને આવ્યા ત્યારે તેની અંદર એ પણ ઉલ્લેખ કરવો જોઇતો હતો કે આની અંદર કોઇ રાજકીય કાવતરાનો ભોગ બને અથવા કોઇ નિર્દોષોને દંડ્યા હોય તો એવા લોકોને વળતર પણ આપવામાં આવશે. કેમ કે આની અંદર શક્યતાઓ વધારે એ રહેલી છે કે આનો દુરુપયોગ થવાના ચાન્સીસ રહેશે. આપણે જોયું કે અક્ષરધામની ઘટનાની અંદર પાકિસ્તાની કૃત્ય હતું પરંતુ અમદાવાદના જ કેટલાક લોકોને આમાં ફસાવવામાં આવ્યા હતા અને એ લોકો સુપ્રિમ કોર્ટમાં છૂટ્યા. એમનું તો જીવન બરબાદ થઇ ગયું. એ આતંકવાદી ગણાયા. એવા લોકોને વળતર આપવું જોઇએ. મુફતી કયૂમ જેવા જે ધાર્મિક સંસ્થા ચલાવતા હતા એની ઉપર આ પગલાં લેવામાં આવ્યા. તો મારી એ વિનંતી છે કે આપણે આ જે કાયદો લઇને આવ્યા છીએ, આપણી પાસે પૂરતા કાયદા છે પરંતુ આપણે જો ખાલી પ્રેમની ભાષા બોલીએ, આપણે સમાન તક આપીએ, આપણે લોકોની સાથે ન્યાય કરીએ તો હું માનું છું કે આ કાયદાની કોઇ જરૂર નથી. દેશના મુસ્લિમો સમજુ છે. દેશનો હિંદુ સમાજ છે એ પણ બહુ જ સહિષ્ણુ છે. દેશનો હિંદુ સમાજ બહુ જ સમજદાર છે. એટલે આટલા બધા ઝેર ઓકવા છતાં, આટલી બધી બબાલો કરવા છતાં ૨૦૧૫માં વારો ત્યાં આવ્યો. ભારતની પ્રજા કોઇ દિવસ કટ્ટરતાવાદને સ્વીકારતી નથી. ભારતીય પ્રજાની, ભારતીય હિંદુ સમાજની પણ એ સંસ્કૃતિ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી થોડી છેલ્લી વાત કરી દઉં છું. સંગઠિત ગુનાખોરી બાબતે જે વાત કરવામાં આવી છે. આપણી પાસે ઘણાં કાયદા છે. એની ઉપર તો કરવું જ જોઇએ. પણ સંગઠિત ગુનાખોરીનો જન્મ કયાંથી થાય છે? એનો જન્મ થાય છે દારૂ–જુગારના અડ્ડામાંથી. એનો જન્મ થાય છે ડ્રગ્ઝની કમાણીમાંથી. આ લોકો પાછું કમાય આમાંથી. કમાયા પછી એ લોકો સંગઠિત ક્રાઇમ કરતા હોય છે. હું એવું કહેવા માગું છું કે બે–બે વખત ૧૧૬ની નોટિસ આપી કે MD drugs બાબતે ચર્ચા કરો. મેં મુખ્યમંત્રીશ્રીને પત્ર લખ્યો. ચર્ચા આપવામાં ન આવી. આજે હું કહેવા માગું છું કે જે MD drugs વેચાઇ રહ્યો છે અમદાવાદમાં..

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

શ્રી પંકજ દેસાઇ ( દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક પરની ચર્ચા પૂરી થાય અને મતદાન પૂરું થાય ત્યાં સુધી હું સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : સભાગૃહ સંમત છે**?** **(**થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ વિધેયક પરની ચર્ચા પૂરી થાય અને મતદાન પૂરું થાય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આજે મને બહુ સારું લાગી રહ્યું છે કે આજે આ વિધાનસભાની કાર્યવાહી બહુ સારા વાતાવરણમાં ચાલી રહી છે. જો આવી રીતે પહેલાં ચાલી હોત આખો મહિનો, તો ઘણો બધો આનંદ થાત.

ઉપાધ્યક્ષશ્રી : આખો મહિનો આવું જ ચાલ્યું હતું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : હું ઇચ્છું કે આવનારી વિધાનસભા આવી રીતે ચાલે અને અમને લોકોને આવી રીતે રક્ષણ મળે અને સારી વાતો થાય. હું એ કહેવા માગું છું કે MD drugs બાબતે જયારે કેન્દ્ર સરકારે અત્યારે ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર સરકાર છે તેમણે anti-drugs act માં આનો સમાવેશ કરી દીધો છે ૫ ફેબ્રુઆરીએ, એટલે આપણે અહીં પણ અમલ કરીએ અને બહુ ગંભીર બાબત છે કે DM drugs જે સપ્લાય કરે છે એ કોઇ પાકિસ્તાન મૂળની બાઇ છે એટલે MD drugs પર કડક કાર્યવાહી કરવામાં આવે. NDPS ની અંદર ૧૮ જ લોકોનો સ્ટાફ છે. પોલીસને પણ આની સૂચના આપવામાં આવે અને બીજું, જે દારુ–જુગારના અડ્ડાઓની વાત થઇ એના માટે એટલું જ કહેવું છે કે કોઇ એવી સિસ્ટમ બનાવો કે જે લોકો ગાંધીનગર સુધી ફરિયાદ કરે અને એના ઉપર સીધું હોમ મિનિસ્ટરનું મોનીટરીંગ થાય અને મોનીટરીંગ થયા પછી કેટલી ફરિયાદો મળી અને તેમનું નામ ગુપ્ત રાખવામાં આવે એવું કોઇ આયોજન કરો, જેનાથી આ ગુનાખોરી અને આ બદી અટકે. છેલ્લે એટલી જ વિનંતી કરું છું કે પ્રેમ, ભાઇચારો, અમન, સારી વાણી રાખો, થોડો પ્રેમ આપો, સમાન તક આપો. હું માનું છું ગુજરાતની અંદર કે હિંદુસ્તાનમાં કોઇ દિવસ કોઇ વસ્તુ, આતંકવાદી ઘટના બનશે નહીં. કેમ કે ભારતનો મુસ્લિમ સમાજ પણ બધું સમજે છે અને •(xxx)

ઉપાધ્યક્ષશ્રી : તમે પૂરું કરો. ચર્ચા એક બાજુ મૂકો. (અંતરાય)

શ્રી ગ્યાસુદીન હ. શેખ : મારી એક જ વાત છે કે આ જે કાયદો છે આનો દુરુપયોગ ન થાય અને જે એની કલમો છે એ રીતે તેને સમર્થન આપી શકાય તેમ નથી અને સંગઠિત ક્રાઇમ બાબતે જે વાત છે..

ઉપાધ્યક્ષશ્રી : *(xxx)નો ઉલ્લેખ કર્યો છે એ રેકર્ડ ઉપરથી દૂર કરીએ.

---

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : તેની અંદર કોઇ ચોક્કસ નીતિ બનાવીને તેનો અમલ કરવામાં આવે, આટલી વાત કરીને મારી વાત પૂરી કરું છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક ૨૦૧૫ લઇને આવ્યા છે તેનો વિરોધ કરવા માટે અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં અહીંયા ભૂષણભાઇ બિલ ઉપર બોલતા હતા ત્યારે અમુક બાબતોનો એમણે ઉલ્લેખ કર્યો. મારે એ નથી કહેવું કે *(xxx)એ મારે કહેવાની જરૂર નથી.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી પુંજાભાઇ, જે સભ્ય ગૃહમાં હાજર નથી એનો આપણે ઉલ્લેખ કરવાનું ટાળીએ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઇએ અમદાવાદમાં આવીને કહ્યું હતું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોણે કેવી હાલત કરી એનો ઇતિહાસ જોશે તો ખબર પડશે. આ બધા શબ્દો કાઢી નાંખવા જોઇએ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને ખબર હોવી જોઇએ કે, કોઇપણ તહોમતદારનું નામ લઇ શકાય છે, એવા માનનીય અધ્યક્ષશ્રીઓના રૂલિંગો છે. તહોમતદાર કોઇપણ હોય એનું નામ લઇ શકાય છે. એટલે ભૂતકાળમાં તહોમતદારના લીધેલા નામ રેકર્ડ ઉપર છે.

ઉપાધ્યક્ષશ્રી : રેકર્ડ ઉપરથી શબ્દો દૂર કર્યા છે. શ્રી શકિતસિંહ, બેસી જાઓ. હવે જ્યારે શબ્દો રેકર્ડ ઉપર નથી પછી? શ્રી પુંજાભાઇ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિના અનુસંધાને વાત કરી રહ્યો છું. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ રાજ્યમાં કેવા પ્રકારની છે એ સમગ્ર ગુજરાત અને સમગ્ર દેશ જાણે છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ રાજ્યમાં અસરકારક રહી જ નથી, સંપૂર્ણપણે કથળી ગઇ છે એ રેકર્ડ ઉપર છે. અહીંયાં જે વાતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો. ભૂતકાળને યાદ કરવા માગતો નથી. ભૂતકાળની અંદર તો ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઇએ અમદાવાદમાં આવીને રાજધર્મ બજાવવાની વાત કરીને વહ્યા ગયા હતા. મારે અક્ષરધામ ઉપર હુમલો થયો એની વાત કરવી છે. શ્રી જેઠાભાઇ, અક્ષરધામ ઉપર હુમલો થયો હતો એની ચિંતા તમને, મને અને બધાને છે. પરંતુ આજ દિન સુધી એના સાચા ગુનેગારોને આપણે શોધી શક્યા નથી, ચિંતાનો વિષય એ છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ આ રાજ્યની અંદર અસરકારક હોત તો *(xxx)એનાથી આગળ વધીને કહું તો

ઉપાધ્યક્ષશ્રી : કોર્ટનો આદેશ છે, એને હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : ભૂતકાળમાં આ ભાજપની સરકાર આવી છે ત્યારથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી છે. આ *(xxx)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. *(xxx) વાત કરે છે. એમને નામદાર કોર્ટ દ્વારા ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. એ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ છે. આ પ્રમાણેની બિનજરૂરી વાત કરે છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય પ્રદિપસિંહ, એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા છે. શ્રી પુંજાભાઇ, ગ્યાસુદ્દીનભાઇએ સલાહ આપી એવું બોલો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, એના તહોમતદારોને પકડવામાં આવ્યા, સમય જતાં એ કોર્ટમાં નિર્દોષ છૂટી જાય છે. તો આજે સવાલ હું એ સરકારને પૂછવા માગું છું કે, હરેન પંડ્યાના સાચા હત્યારાઓ કોણ છે? આજ સુધી તમે કેમ શોધી શક્યા નથી. બિલ લઇ આવ્યા છો. બિલ કદાચ એવું લાગે કે, એકવાર, બીજીવાર, ત્રીજીવાર આવ્યું છે એટલે આપ ક્યાંક *(xxx)આ ગૃહ સમક્ષ લઇને આવ્યા છો. ગૃહની અંદર આ બિલની અંદર પ્રકરણ– કલમ–ર એમાં જમીન પચાવી પાડવી, સોપારી આપવી, આર્થિક ગુના, સાયબર ગુના, જુગારના કૌભાંડોની વાત કરવામાં આવી છે. આજે રાજ્યની અંદર ખુલ્લમખુલ્લા આ વાત થાય છે. આ સત્ર દરમિયાન આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓએ દારૂ અંગે વિશેષ ચિંતા વ્યક્ત કરી છે. જુગાર અંગે ચિંતા વ્યક્ત કરી છે. ધારાસભ્યશ્રીઓએ આ ગૃહમાં ખુદ રજૂઆતો કરે છે કે, કે મારા વિસ્તારમાં બેફામ ચાલે છે. હું મારા વિસ્તારની વાત કરું, એક બાજુ ગુજરાતમાં શામળાજી પોસ્ટ, એક બાજુ દમણ, વાપી, એક બાજુ દીવ. આ ત્રણેય પોસ્ટ ઉપરથી બેફામ રીતે વિદેશી દારૂ ગુજરાતમાં ઠલવાય છે અને ગુજરાતનું યુવાધન બરબાદ થાય છે. આ દારૂના કારણે આપણી બહેનો વિધવા બને છે. ઘણી બધી ચર્ચાઓ આ ગૃહની અંદર થઇ છે. એનો કડક અમલ કરવા માટેની આપણી માનસિકતા છે ખરી? માનસિકતા નથી. અસામાજિક પ્રવૃત્તિઓ રાજ્યમાં બેફામ ફૂલીફાલી છે એના કારણોમાં જો કાંઇ હોય તો આ અસામાજિક પ્રવૃત્તિઓ કરનારા લોકોની સાથે ગુજરાત રાજયની પોલીસની સાંઠગાંઠથી બેફામ આ અસામાજિક પ્રવૃત્તિઓ ફૂલીફાલી છે. આ હકીકત આપણે સ્વીકારવી પડશે. આ બિલ આવ્યું છે, આ બિલથી આપણે આ પ્રવૃત્તિને રોકવાની વાત

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા છે.

કરીએ છીએ, અગાઉ આપણી પાસે કાયદાઓ છે એ કાયદાનો આપણે કડક રીતે અમલ કરી શકતા નથી એ હકીકત છે. ધોળે દિવસે ખૂન થાય, એના પૂરાવાઓ હોય છતાં મારનાર વ્યકિત નિર્દોષ રીતે છૂટી જાય. આ છૂટી જાય છે એના માટે આપણે ગંભીર ચિંતા કરવાની આવશ્યકતા છે. અનુભવે એવું કહેવાય છે કોઈપણ પ્રકારનો બનાવ બને અને કોઈપણ પ્રકારની મુશ્કેલી વિના એ સરળતાથી છૂટી જાય તો છૂટી જાય છે શા માટે? જે એફ.આઇ.આર. નોંધવામાં આવે છે એ એફ.આઇ.આર. નોંધવામાં કયાંક ને કયાંક પોલીસ ખાતાની બેદરકારી અથવા કયાંક રોકડાનો વહેવાર અથવા કયાંક ટેકનિકલ મુદ્દાઓને કારણે ફરિયાદ નોંધવામાં જ કયાંક કચાશ રાખે એના કારણે આવા અસામાજિક પ્રવૃત્તિઓ કરનારા લોકો બિનદાસ્ત રીતે છૂટી જાય છે. ચિંતા તો આની કરવાની છે. પ્રકરણ–૩ની અંદર વિશેષ કોર્ટની વાત કરવામાં આવી છે. બજેટમાં જોગવાઇ કરીએ છીએ, નવી કોર્ટો કરીએ છીએ, નવી કોર્ટો કર્યા પછી રાજયની અંદર લોકોને સરળતાથી અને ઝડપી ન્યાય મળે એના માટેની વાત આપણે કરીએ છીએ. દુઃખ સાથે કહેવું પડે કે કોર્ટોની રચના નવી કરીએ છીએ અને નવી રચના થયા પછી એમાં •(xxx)અને એના કારણે કેસોનો ભરાવો થાય છે. એક દાખલો મારે માનનીય કાયદા મંત્રીશ્રીને આપવો છે કે બાળકોની જાતીય સતામણીના કાયદાના અનુસંધાને ૨૦૧૨ની અંદર આપણે કડક રીતે અમલ થાય તેના માટે ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ ૨૦૧૨ એટલે કે પોસકો એ કાયદો આપણે ૨૦૧૨માં અમલમાં લઇ આવ્યા, આ કાયદો લઇ આવ્યા પછી નવી કોર્ટ પણ ખોલવાની કાયદામાં જોગવાઇ કરી. સરકારી વકીલની નિમણૂક કરવા માટેની પણ જોગવાઇ કરવામાં આવી પણ આ કાયદો લઇ આવ્યા પછી રાજયમાં બાળકોની જે જાતિય સતામણીના જે કેસો છે એ બાળકોને આપણે ન્યાય અપાવી શકયા છીએ ખરા? મારે દુઃખ સાથે કહેવું પડે કે આજેય પણ રાજયોની કોર્ટોની અંદર ૨૯૧ જેટલા બાળજાતીય સતામણીના કેસો પેન્ડીંગ છે. સરકારી વકીલની એમાં નિમણૂક નથી થઇ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એટલો જ છે, ટૂંકો જ છે કે આ કોર્ટોની વ્યવસ્થા, જજોની નિમણૂક, એનું ઇન્ફ્રાસ્ટ્રકચર, રાજય સરકાર નામદાર હાઇકોર્ટ જેટલું આપણને કહે છે એટલું પૂર્ણ કરીએ છીએ. નામદાર હાઇકોર્ટ ઉપર આપણો કોઇ વહીવટી અંકૂશ હોતો નથી. એટલે પુંજાભાઇના આખા પ્રવચનની અંદર એ પ્રમાણેના જે ઉલ્લેખો છે એ પ્રમાણેના ઉલ્લેખો જયાં નામદાર હાઇકોર્ટની હકુમત હોય છે ૨૩૫ પ્રમાણે એમાં આપણે કશું નથી કરી શકતા એટલે મને લાગે છે એ પ્રમાણેના મુદ્દા એમાંથી રદ કરવા જોઇએ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઇનું આખું વકતવ્ય ધ્યાનથી કોઇપણ સાંભળે તો કયાંય ન્યાયતંત્રની ટીકા નથી અને ભૂતકાળમાં ભારતીય જનતા પાર્ટી અહીંયા બેસીને બોલી હતી એના પ્રોસીડીંગ્સ હું આપને આપીશ કે આ પ્રકારની પ્રક્રિયામાં જે સભ્યોનો એક અધિકાર છે અને સામાજિક જે પરિસ્થિતિ છે, તહોમતદારો છૂટી જાય છે એના કારણો દર્શાવવા, એની વાસ્તવિકતા આપવી, એ પણ સાંભળવાનું ન હોય અને આવા બિલ લાવવાના હોય તો મને લાગે છે કે માનનીય અધ્યક્ષશ્રી, આમાં પોઇન્ટ ઓફ ઓર્ડર કોઇ રહેતો નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : મેં ટીકા કરી જ નથી સાહેબ.

અધ્યક્ષશ્રી : ન્યાયતંત્ર અંગે જે વાંધાજનક શબ્દો હશે એ દૂર થશે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : ૨૦૧૨માં જે પોસ્કોનો કાયદો લઇ આવ્યા એ કાયદો લાવ્યા પછી જેને આપણે ન્યાય અપાવવાનો છે એને ન્યાય અપાવી શક્યા નથી. જે કાયદો આપણી પાસે છે એ કાયદાનો કડક રીતે આપણે અમલ કરી શકતા નથી. રાજ્યમાં હમણાં તાજેતરમાં નર્મદાની કેનાલમાંથી પાણીની બેફામ રીતે ચોરી કરે છે એવા સમાચારની સંદેશ અખબારે ૪–૫ દિવસ ઝૂંબેશ ચલાવી અને આ ઝૂંબેશ ચલાવ્યા પછી પણ આ પાણી માફિયાઓ સામે રાજ્ય સરકારે કેવા પ્રકારના કડક પગલાં ભર્યા છે એ મારે સરકારને પૂછવું છે. કાયદો છે પણ કાયદાનો અમલ કરવા માટે આપણી રાજકીય ઇચ્છાશક્તિ આપણે ધરાવતા નથી. જો નૈતિકતાના આધાર ઉપર ચલાવીએ અને કાયદાઓનો કડક અમલ કરીએ તો ગમે તેટલી અસામાજિક પ્રવૃત્તિ હોય તે આપણે ડામી શકીએ છીએ. આતંકવાદી શબ્દપ્રયોગ ગૃહમાં વારંવાર થાય છે. અહીંયા એમ કહેવામાં આવે છે કે છેલ્લા ૭–૮ વર્ષથી ગુજરાતમાં ક્યાંય આતંકવાદી આવ્યા નથી. ભૂતકાળમાં જવું નથી, ૨૦૦૬માં સુપ્રિમ કોર્ટમાં જાહેર હિતની અરજી થઇ ત્યાર પછી રાજ્યમાં એક પણ નકલી એકાઉન્ટર થયું નથી, મારે એમાં વિશેષ જવું નથી. પણ સુપ્રિમ કોર્ટમાં અરજી થયા પછી નકલી એકાન્ટરો બંધ થઇ ગયા, આતંકવાદીઓ આવતા બંધ થઇ ગયા અને બધું બંધ થઇ ગયું. શાંતિ અને સલામતિની આ ગૃહમાં અવાર–નવાર વાતો કરે છે. અમારી બેન–દીકરીઓ સલામત છે એવી વાતો કરે છે તો આ બિલ અને કાયદો લાવવાની જરૂર શું છે એ સમજાતું નથી. સલામતિ અને શાંતિનું ગુજરાત છે, નંબર વન ગુજરાત છે, ગતિશીલ ગુજરાત છે એ વાત કરો છો તો આ કાયદો લાવવાની જરૂરિયાત ક્યાં છે? મારે રાજ્ય સરકારને સ્પષ્ટપણે અને નમ્રતાપૂર્વક કહેવું પડે કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા અસરકારક રીતે જળવાય, આ બાજુએ હોય કે પેલી બાજુએ હોય, આતંકવાદી હોય કે અસામાજિક પ્રવૃત્તિ કરનારા લોકોને કોઇ ધર્મ હોતો નથી. એ કોઇ પણ હોઇ શકે છે અને આવા લોકો સામે કડક હાથે કામ લેવા માટે રાજ્ય સરકારે કોઇપણ જાતની શેહ શરમ રાખ્યા સિવાય કડક હાથે કામ લે અને રાજ્યના પોલીસને છૂટો દોર આપવામાં આવે. એવી કામગીરી ન કરે કે એ પોલીસ અધિકારીને જેલમાં જવું પડે. ભૂતકાળમાં એ પણ બન્યું છે ત્યારે રાજ્ય સરકાર

---

•આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

*(xxx)બહાર નીકળે અને લોકોને સલામતિ આપવા માટે....(અંતરાય)

**ઉપાધ્યક્ષશ્રી :** *(xxx)શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

**શ્રી પુંજાભાઇ ભી. વંશ :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં દારૂબંધી છે. એનો કડક હાથે અમલ કરવામાં આવે એવી રાજ્ય સરકાર પાસે અપેક્ષા રાખું છું અને આ બિલનો વિરોધ કરું છું.

**ઉપાધ્યક્ષશ્રી :** માનનીય મંત્રીશ્રી...આ રીતે દંડકશ્રી, આપે નામ આપ્યા નથી. (અંતરાય) એ તો છે મને ખબર છે પણ પછી આ પરંપરા ચાલુ રાખવાની હોય તો એનો કોઇ મતલબ નથી, શક્તિસિંહ. મને કોઇ વાંધો નથી. It is your right, I can't restrain you.

**શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૧૫નું ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક લઇને આવ્યા છે એમાં મારા બે-ચાર વિચારો રજૂ કરવા માટે અને આ ગૃહનું ધ્યાન દોરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્ર બોલતા હતા ત્યારે હું શાંતિથી સાંભળતો હતો. મારે બે જ વાત કરવી છે કે સમગ્ર ગુજરાત રાજ્યમાંથી સંચાલન કરવા માટે આપણે ૧૮૨ ધારાસભ્યો આ ગૃહમાં બેસતા હોય છે. આપણે બધા છાતી ઉપર હાથ મૂકીને વિચારીએ કે કોના વિસ્તારમાં દારૂ, જુગારના અડ્ડા ચાલતા નથી? ખાલી એટલું કહો. કેમ ચાલે છે એટલું જ તમે વિચારો. આ કોઇના ઉપર આક્ષેપ કે પ્રતિ આક્ષેપ નથી કરતો. મારો વાંધો એટલો જ છે કે આતંકવાદી સામે આપણે બધાએ ભેગા થઇને લડવું જોઇએ. આતંકવાદ બિલકૂલ ઉભો થવો ન જોઇએ. *(xxx) સામાન્ય માણસને શું તકલીફ પડવાની છે એનો ખ્યાલ છે?

**ઉપાધ્યક્ષશ્રી :** *(xxx)એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

**શ્રી બળદેવજી ચં. ઠાકોર :** અમદાવાદની આજુબાજુના વિસ્તારમાં જમીનોની જે લેતી દેતી થાય છે,

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

ક્યાંક નાનો મોટો પ્રોબ્લેમ હશે અને કોઇ પોલીસ અધિકારી દ્વારા એને જ્યાં પુરવા હશેને તો આતંકવાદીના નામે એને પૂરી નાખશે. એથી વાત અટકશે નહિ, આજે પણ અમદાવાદના આજુબાજુના વિસ્તારોની અંદર ભોળા ખેડૂતોની જમીન હડપ કરવા માટે પોલીસ અધિકારીઓ દ્વારા એની ઓફિસમાં બોલાવી, એને મન ગમતાં નિવેદનો લખાવી જમીન હડપ કરવાની કામગીરી થઇ રહી છે એ આજે કોણ જાણતું નથી? મારે આ વાત કરવી છે. સાથે સાથે આ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા ઘણાં બધા મિત્રોએ ચર્ચા કરી કે કાયદો અને વ્યવસ્થા જેવું કાંઇ છે નહિ, નથી જ. આ રાજ્યના ગૃહમંત્રી પણ જેલમાં ગયેલા છે. આ રાજ્યના ગૃહમંત્રીનું ખૂન પણ થયેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રાસવાદની સામે જ્યારે લડવાની વાત કરતા હોય ત્યારે, દારૂ, જુગારના અડ્ડાની વાત કરતા હોય ત્યારે, આ ગૃહની અંદર દારૂની પોટલી ફેંકવામાં આવે એથી આપણે થોડા ચિંતિત નથી. આ તબક્કે મારે આપ સૌની વિનંતી કરવી છે કે, કાયદાની પાછલી બારીએથી સામાન્ય નાનો માણસ, કોઇ નિર્દોષ માણસ ના દંડાય એની ચિંતા આ ગૃહના તમામ સભ્યોએ કરવી પડશે અને એ કરવા માટે જ્યારે આ કાયદો બનવા માટે જઇ રહ્યો છે ત્યારે ધાક-ધમકી હોય, દાણચોરીની વાત હોય, સોપારી આપવાની વાત હોય આમાંથી મોટાભાગના ગુનાઓ એવા હશે કે જે સામાન્ય માણસને લાગતા-વળગતા હશે, કોઇને ફસાવવા માટે વાત કરતા હશે, કોઇને ઇરાદાપૂર્વક અંદર લાવવાની વાત કરતા હશે, કયાંક એવું ના બને કે અંદરોઅંદર રાજકીય વેર વાળવા માટે એકબીજા ઉપર આ કાયદાનો ઉપયોગ કરીને એ આતંકવાદી કોઇને ના બનાવી દે એની પણ આપણે બધાએ ચિંતા કરવી પડશે. આ વાત હું એટલા માટે કરું છું કે તમામે તમામ અત્યારે હાલ જે કાયદા થયા, ગુજરાતની અંદર કાયદા અમલમાં છે એ કાયદા દ્વારા તમામે તમામ પ્રકારના નિયંત્રણો મૂકી શકતા હોઇએ છીએ. પરંતુ આ બિલના કારણે સમગ્ર ગુજરાત રાજ્યની અંદર હું માનું છું ત્યાં સુધી એનો ૯૦% ઉપયોગ એ જ્યારે ખોટો થવાનો છે ત્યારે આપ સૌએ વિચાર કરી આ કાયદાનો ઉપયોગ બીજી રીતે ના થાય, નિર્દોષ લોકો ના દંડાય એવી અપેક્ષા સાથે હું મારી વાત પૂરી કરું છું.

શ્રી રજનીકાન્ત સો. પટેલ ( ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક ૨૦૧૫ પર અમારાં સાથી સભ્યોએ અને કોંગ્રેસના સાથી સદસ્યોએ પણ પોત-પોતાના મંતવ્યો રજૂ કર્યા છે એ તમામનો હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતા માનનીય શંકરસિંહજી, માનનીય શૈલેષભાઇ, માનનીય ડો. જોષીયારાજી આ બધા માનનીય સભ્યશ્રીઓએ મોટા ભાગે બિલ પરના સુધારા કે બિલના સંદર્ભે વાત કરવા કરતા અન્ય બાબતો ઉપર વધારે ફોકસિંગ કર્યુ છે અને એટલે મારી ઇચ્છા હતી કે કોઇ પણ પ્રકારનું રાજકીય અવલોકન જ્યારે આવું સુંદર બિલ આ રાજ્યની જનતા માટે આપણે લઇને આવતાં હોઇએ ત્યારે એનો લાભ જે રાજ્યની પ્રજાને થવાનો છે, આતંકવાદ અને એના સામે આપણે મજબૂતાઇથી લડી શકીએ એ પ્રકારનું જ્યારે બિલ લઇને આવતાં હોય ત્યારે અન્ય ટીકા-ટિપ્પણી ના કરવી એવું બહુ

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

સ્પષ્ટપણે નક્કી કર્યુ હતું. પરંતુ જે પ્રકારે બાબતો સામેથી કાયદો અને વ્યવસ્થાની ચર્ચામાં આવી. હું બહુ સ્પષ્ટપણે કહેવા માગુ છું. એક સમય હતો, ગામડાંઓમાંથી કોઇને અમદાવાદ જવું હોય તો અમદાવાદમાં રહેતાં સગા–વ્હાલાંને પૂછવું પડે કે, અમદાવાદ આવી શકાય એવી પરિસ્થિતિ છે કે કેમ ? અને મેં, તમે અનુભવેલી બાબત છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ કોઇ પણ સભ્ય બેઠા બેઠા કોમેન્ટ ના કરે પ્લીઝ.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અષાઢી બીજની ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળવાની હોય, અમદાવાદ સહિત આખું રાજ્ય ઉચાટમાં હોય, શાંતિપૂર્ણ ભગવાનની યાત્રા સંપન્ન થઇને આવશે કે કેમ ? આ પ્રશ્ન દરેકના મનમાં રહેતો. આજે પાછલા દસ–બાર વર્ષનો ઇતિહાસ જોઇએ, જે દસ–બાર વર્ષની લો એન્ડ ઓર્ડરની વિરોધપક્ષના મિત્રો વાત કરે છે એમને મારે કહેવું છે કે, એક પણ યાત્રામાં ક્યાંય નાનુ મોટુ છમકલું થયું નથી. સામાજીક સદભાવનાના આધાર ઉપર આ યાત્રાઓ સંપન્ન થઇ છે. ઇદે– મિલાદ જેવા તહેવારો હોય ખૂબ શાંતિથી આખા રાજ્યમાં ઉજવણી થઇ છે.(આ તકે વિપક્ષ સભ્યશ્રી બળદેવજી ઠાકોર બેઠા બેઠા કાંઇક બોલતાં)

અધ્યક્ષશ્રી : ભાઇ બળદેવજીભાઇ, મહેરબાની કરીને શાંતિ રાખો, તમારું પ્રવચન પૂરું થયું એટલે મંત્રીશ્રીનું પ્રવચન સાંભળવું પડે આપણે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, પાછલા દસ–બાર વર્ષમાં કર્ફ્યૂ શબ્દ સાંભળવા મળ્યો નથી. દસ–બાર વર્ષના બાળકને પૂછીએ તો કર્ફ્યૂ શું એને ખબર નથી, એવા પ્રકારની શાંતિ ગુજરાતમાં પ્રવર્તે છે. એક પણ શહેર ગુજરાતનું આજે કોઇ માથાભારે માણસ સાથે જોડાયેલું નથી અને ભૂતકાળ જોઇએ આપણે પ્રત્યેક શહેરમાં કોઇને કોઇ ગુંડાઓ, કોઇ માથાભારે માણસો એ શહેરની નિર્દોષ પ્રજાને રંજાડવાનું કામ કરતા હોય અને આવા તત્વો સામે કાયદારીય એકશન લેવાનું તો ઠીક એમના આશરાઓ કોને ત્યાં હતા એ પણ ગુજરાતની જનતા જાણે છે. પોરબંદર સૌરાષ્ટ્રની વાત છે ત્યારે હું કહીશ કે, ભૂતકાળમાં પોરબંદરમાં જેલને બંધ કરવી પડી હોય એવા પ્રકારની સ્થિતિ નિર્માણ થઇ હતી એટલું જ નહીં પોરબંદરની હદમાં પ્રવેશતા હોઇએ અને ત્યાં બોર્ડ મારેલું હોય કે, અહીંયા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પૂરી થાય છે એવા પ્રકારની સ્થિતિ ભૂતકાળની સરકારોમાં તમે અને મેં કાયદો અને વ્યવસ્થાની જોઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એન.સી.આર.બી.ના ફિગર્સ અહીંયા આપી અને વાત કરવામાં આવી. એન.સી.આર.બી.ના ફિગર્સ આપણે ડિટેઇલમાં જોઇએ, મેં પણ જોયા છે, અનેક બાબતોમાં ગુજરાતનો ક્રમ એ ૧૫, ૧૮ , ૨૦, ૨૫ એટલે કે ગુજરાત આજે પણ એક સુરક્ષિત રાજ્ય તરીકે એ આંકડાઓ પ્રમાણે બહુ સ્પષ્ટપણે આપણે પ્રતિપાદિત કરી શકીએ એવા આંકડાઓ એમાંથી આપણને જોવા મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મોટાભાગે દારૂ, જુગાર, ચોરી આના સંદર્ભમાં વાત કરવામાં આવી. હું બહુ સ્પષ્ટપણે કહીશ કે, અમારા નેતાઓનું વાણી અને વર્તનમાં ઐક્ય હોય છે અને એટલા માટે રાજ્યના મહિલા મુખ્યમંત્રી માનનીય આનંદીબેન પણ આ બધી જ બાબતોમાં ખૂબ કડકાઇથી વર્તી રહ્યા છે. દારૂ , જુગાર, ચોરી આ બધી જ બાબતો સામે પોલીસ પણ ખૂબ કડકાઇથી વર્તી અને પૂરતા એકશન લઇ રહ્યા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : મેરામણભાઇ તમારી જગ્યા ઉપર જાઓ, પરેશભાઇ, આપ પણ આપની જગ્યા ઉપર જાઓ, પ્લીઝ. રાઘવજીભાઇ.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : અને માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે અહીંયાથી વાત થઇ રહી હતી દારૂ, જુગાર, ચોરી(અંતરાય)

અધ્યક્ષશ્રી : બળદેવજીભાઇ તમને બીજીવાર ટકોર કરીએ છીએ.પ્લીઝ.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : ભૂતકાળમાં ગુજરાતની સ્થાપના થઇ અને લાંબા સમય સુધી કોંગ્રેસનું શાસન રહ્યું. ભા.જ.પ.ના શાસન સાથે આ બધાની શરુઆત થઇ હોય એવા પ્રકારની વાત મોટાભાગે એમના વકતવ્યમાં ધ્યાનમાં આવી પણ મેં કહ્યું તેમ રાજયની સરકાર આના ઉપર બિલકૂલ મજબૂતાઇથી જઇ રહી છે, જવા માગે છે. માનનીય શકિતસિંહજીએ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવાના સંદર્ભમાં મુદત જે ૯૦ દિવસની હોય છે એને ૧૮૦ દિવસની કરવાની જોગવાઇની આમાં વાત કરી. ઘણીવાર આવા ગંભીર પ્રકારના ગુનાઓમાં સમયસર કોર્ટમાં ચાર્જશીટ રજૂ ન થવાને કારણે ગુનેગારો સહેલાઇથી છૂટી જતા હોય છે અને આપણું કામ ગુનેગારોને કડકમાં કડક સજા કરવાનું છે એટલા માટે આ પ્રકારની જોગવાઇ આપણે એમાં કરી છે. કન્કરન્ટ લીસ્ટ હેઠળના કાયદાઓમાં રાજ્ય સરકાર એ એમેડમેન્ટ સુધારાઓ કરી શકે છે અને ઘણી રાજ્ય સરકારો દ્વારા આવા સુધારાઓ કરવામાં પણ આવ્યા છે. આપણે જે જોગવાઇઓ આમાં કરીએ છીએ એ વિપરીત નહીં પરંતુ કાયદાને વધુ મજબૂત બનાવવા માટે કરીએ છીએ અને આથી આવી જોગવાઇઓ એ છેવટે રાજયના હિતમાં આપણે કરતા હોઇએ છીએ અને મહારાષ્ટ્રમાં પણ જે મકોકા પસાર કરવામાં આવ્યો એમાં પણ આ જ પ્રકારની જોગવાઇઓ છે અને કાયદો અત્યારે અસ્તિત્વમાં પણ છે. હું દ્રઢપણે માનું છું કે આ કાયદાથી પોલીસનું મનોબળ વધશે અને પ્રજાની સલામતી માટે ગુજરાત સરકાર જે કામ કરી રહી છે અને ગુજરાત જે પ્રગતિ કરી રહ્યું છે તે પ્રમાણે આપણે હજી વધુ શકિતશાળી, સુરક્ષિત અને પ્રગતિશીલ ગુજરાત બનાવી શકીશું. આ કાયદાના માધ્યમથી આતંકવાદ, મેં અગાઉ કહ્યું એ પ્રકારે આતંકવાદીઓ જે નિર્દોષ લોકોની હત્યા કરતા હોય છે એમને આપણે રોકવા છે, દેશભકતોની આપણે રક્ષા કરવી છે અને દેશદ્રોહીઓને મહત્તમ સજા થાય એ પ્રકારની દિશામાં જવું છે એટલા માટે આ કાયદો આપણે લઇને આવ્યા છીએ. આઇ.પી.સી.ની કલમો મોજુદ છે એવી વાત થઇ. આઇ.પી.સી.ની

કલમો મોજુદ છે, આપણે કડકાઇથી એના તરફ જઇ રહ્યા છીએ પરંતુ મેં કહ્યું તેમ કાયદાના અભાવને કારણે ક્યાંક આવા તત્વો જે દેશદ્રોહી તત્વો છે એમને આપણે સમયસર મજબૂતાઇથી સજા આપી ન શકીએ એવી પરિસ્થિતિનું નિર્માણ ન થાય એટલા માટે આપણે આ કાયદો લાવી રહ્યા છીએ. અહીં કોઇનો સ્વાર્થ નથી વાત થઇ હમણા, કોઇનો સ્વાર્થ નથી. કોઇ જગ્યાએ લોકશાહી મૂલ્યોનું હનન થાય એવી કાર્યવાહી કરવાનો આ બિલ પાછળનો અમારો આશય પણ નથી કે કોઇ નિર્દોષ માણસને હેરાન પરેશાન કરવાની પણ વાત એમાં નથી આ બિલ પાછળનો આશય કેવળ અને કેવળ ગુજરાતમાં આતંકવાદી પ્રવૃત્તિઓ ફૂલેફાલે નહીં, સંગઠીત ગુનાખોરી ઉત્પન્ન થાય નહીં, પોષાય નહીં, એનો વિકાસ થાય નહીં અને સંગઠીત ગુનાખોરીથી ગુજરાતની પ્રજાનું રક્ષણ થાય એ એક માત્ર ઉદ્દેશથી આપણે આ કાયદો લઇ આવ્યા છીએ અને હું આશા રાખું છું કે આ વિધેયક સાથે આપ સૌ સંમત થઇ અને સર્વાનુમતે એને પસાર કરશો.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી કારણકે આતંકવાદ સામે લડવાની બાબતમાં કોઇ સહેજપણ શંકા નથી અને લડીએ પરંતુ મેં જે ભૂમિકા આપી એ માટે માત્ર નાના સુધારા છે જેના કારણે આ બિલ અલ્ટ્રાવાયરસ ઠરે એવું છે. રાષ્ટ્રપતિશ્રીએ બે બે વખત ખાલી એ ખુરશીની પણ ગરિમા માટે થઇને આ ત્રણ સુધારાઓ પરત ખેંચવા માગે છે કે કેમ? જે આ બિલમાં રાષ્ટ્રપતિશ્રીની સલાહથી વિરુદ્ધના છે. અને જો એ ન જ ખેંચવા માગતા હોય તો સરકારની મરજી છે. બહુમતિથી પસાર કરે, પણ એ બિલના મતદાનમાં અમે ભાગ ન લઇ શકીએ.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું તે પ્રકારે આ બિલ ફરજિયાત રાષ્ટ્રપતિશ્રી પાસે મોકલવું પડતું હોય છે અને જે પ્રકારની વ્યવસ્થા આ બિલમાં કરવામાં આવી છે એના માટે હું ચોક્કસ કહીશ કે રાજ્યના સામાન્ય નાગરિકનું એમાં પ્રોટેક્શન છે અને દેશદ્રોહી તત્વો સામે મજબૂતાઇથી લડવાની એમાં વાત છે, એટલે ચોક્કસ પસાર કરશે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : ચર્ચામાં ભાગ લીધા પછી?

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : અમે એક ભૂમિકા મૂકીએ છીએ.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછવો છે?

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : હા, જી. આ બિલમાં, જે પ્રજાની સલામતી માટેનું આ બિલ ન હોય. આ બીજેપીની સલામતી માટેનું બિલ છે. પ્રજાના ભલા માટેની રાજકીય રીતે કેમ લાભ લેવો એની વાત કરીને ભલે ફરી પાછું આવે આવા કોઇ નિર્ણયમાં, મતદાનમાં અમે ભાગ લઇ શકીએ નહિ, પ્રજા હિતની વાત નથી, પાર્ટી હિતની વાત છે. ગુજરાતની પ્રજાનો સવાલ હોત તો અમે જરૂર સહકાર આપત. માટે અમે વોકઆઉટ કરીએ છીએ. થેંક્યુ.

( આ તબક્કે સભાગૃહમાં હાજર રહેલા વિરોધ પક્ષના તમામ સભ્યશ્રીઓએ વોક આઉટ કર્યો )

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫ ના વિધેયક ક્રમાંક–૧૮– સન ૨૦૧૫નું ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ ઉપરનો સુધારો**

અધ્યક્ષશ્રી : કલમ–૨ સભાગૃહ સમક્ષ છે.

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ–૨ ઉપરનો નીચે પ્રમાણેનો સુધારો રજૂ કરું છું.

In Clause 2, in sub-clause (1), --

(i) in para (a), in item (iii), add the words at the end "for committing an offence under this Act";

(ii) in para (d), after the words "defraud the people", insert the words "at large";

(iii) in para (e), -

(a) after the words "human trafficking", insert the word "racket";

(b) delete the words "or engaging any individual or any member of such a syndicate by any person for pecuniary consideration with the object of gaining pecuniary benefits or gaining undue economic or other advantage for himself or for the organized syndicate";

(iv) in para (h), --

(a) in line 2, delete the words "law and order or";

(b) in line 12, for the words "detains any person and threatens", substitute the words "an act of detaining any person and threatening."

અધ્યક્ષશ્રી : સુધારો રજૂ થાય છે.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ-૨ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૩ પરનો સુધારો**

અધ્યક્ષશ્રી : કલમ-૩ સભાગૃહ સમક્ષ છે.

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ.૩ ઉપરનો નીચે પ્રમાણેનો સુધારો રજૂ કરું છું.

In Clause 3, in sub-clause (3), after the word "whoever", add the word "intentionally."

અધ્યક્ષશ્રી : સુધારો રજૂ થાય છે.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૩ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ-૩ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૪ થી ૧૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**કલમ-૪ થી ૧૪ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૧૫ પરનો સુધારો**

અધ્યક્ષશ્રી : કલમ-૧૫ સભાગૃહ સમક્ષ છે.

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ-૧૫ ઉપરનો નીચે પ્રમાણેનો સુધારો રજૂ કરું છું.

In Clause 15, in sub-clause (1), for paras (a), (b) and (c), substitute the following"-

"(a) detained and where such detention has been confirmed by the competent authority under any law relating to preventive detention subject to the order, if any, of any competent court; or

(b) on any previous occasion prosecuted under the provisions of this Act."

અધ્યક્ષશ્રી : સુધારો રજૂ થાય છે.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૧૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ-૧૫ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૧૬ અને ૧૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**કલમ-૧૬ અને ૧૭ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૧૮ પરનો સુધારો**

અધ્યક્ષશ્રી : કલમ-૧૮ સભાગૃહ સમક્ષ છે.

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ-૧૮ ઉપરનો નીચે પ્રમાણેનો સુધારો રજૂ કરું છું.

In Clause 18, in sub-clause (2), -

(i) in line 1, delete the words "not below the rank of Superintendent of Police";

(ii) in line 5, for the words "Director General of Police", substitute the words "State Government".

અધ્યક્ષશ્રી : સુધારો રજૂ થાય છે.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૧૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ-૧૮ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૧૯ અને ૨૦ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**કલમ-૧૯ અને ૨૦ વિધેયકનો ભાગ બની.**

**કલમ- ૨૧ ઉપરનો સુધારો**

અધ્યક્ષશ્રી : કલમ-૨૧ સભાગૃહ સમક્ષ છે.

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી : ) માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ-૨૧ ઉપરનો નીચે પ્રમાણેનો સુધારો રજૂ કરું છું.

In Clause 21, in sub-clause (1), -

(i) in para (a),-

(a) in line 1, after the words "material including", insert the word "relevant"

(b) in line 4, after the words "material including", insert the word "such",

(ii) in para (b), in line 3, after the words "material like", insert the word "relevant".

અધ્યક્ષશ્રી : સુધારો રજૂ થાય છે.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ–૨૧ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ–૨૧ વિધેયકનો ભાગ બની.**

**કલમ–૨૨ ઉપરનો સુધારો**

અધ્યક્ષશ્રી : કલમ–૨૨ સભાગૃહ સમક્ષ છે.

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી : ) માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ–૨૨ ઉપરનો નીચે પ્રમાણેનો સુધારો રજૂ કરું છું.

In Clause 22,--

(i) in sub-clause (1), in para (b), in line 4, delete the word "not";

(ii) for sub-clause (2), substitute the following:-

"(2) No Special Court shall take cognizance of anyoffence under this Act without the previous sanction of the State Government".

અધ્યક્ષશ્રી : સુધારો રજૂ થાય છે.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ–૨૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ–૨૨ વિધેયકનો ભાગ બની.**

**કલમ–૨૩ ઉપરનો સુધારો**

અધ્યક્ષશ્રી : કલમ–૨૩ સભાગૃહ સમક્ષ છે.

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી : ) માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ–૨૩ ઉપરનો નીચે પ્રમાણેનો સુધારો રજૂ કરું છું.

In Clause 23, in line 3, for the words and brackets "clause (d)", substitute "clause (e) and clause (h)."

અધ્યક્ષશ્રી : સુધારો રજૂ થાય છે.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ–૨૩ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ–૨૩ વિધેયકનો ભાગ બની.**

**કલમ–૨૪ થી ૨૬ વિધેયકનો ભાગ બની.**

**કલમ–૨૭ ઉપરનો સુધારો**

અધ્યક્ષશ્રી : કલમ–૨૭ સભાગૃહ સમક્ષ છે.

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી : ) માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ–૨૭ ઉપરનો નીચે પ્રમાણેનો સુધારો રજૂ કરું છું.

In Clause 27, in sub clause 3, after the words "shall be published", insert the word "immediately".

અધ્યક્ષશ્રી : સુધારો રજૂ થાય છે.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ–૨૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ–૨૭ વિધેયકનો ભાગ બની.**

**કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી રજનીકાન્ત સો. પટેલ ( ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૧૮, સન ૨૦૧૫નું ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયકનું સુધારેલા સ્વરૂપમાં ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૧૫ના સુધારેલા વિધેયક ક્રમાંક–૧૮, સન ૨૦૧૫નું ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક સુધારેલા સ્વરૂપમાં પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૧–૪૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બીજી બેઠક માટે બપોરના ૩–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૩૧મી માર્ચ, ૨૦૧૫**
**ચૈત્ર ૧૦, ૨૦૩૭ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૩–૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી, ગણપતસિંહ વે.વસાવા અધ્યક્ષ સ્થાને**
**તારાંકિત પ્રશ્નો**
**રાજ્યમાં ફ્લોરાઈડયુક્ત પીવાનું પાણી**

* ૧૮૬૧૨ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નેશનલ હ્યુમન રાઈટસ કમીશને જાન્યુઆરી–૨૦૧૫માં રાજ્યમાં જોવા મળતા ફ્લોરાઈડયુક્ત પીવાના પાણીના ગંભીર પ્રમાણ અંગે નોટિસ આપી છે તે હકીકત સાચી છે, | (૧) જાન્યુ–૧૫માં નહી પણ માર્ચ–૨૦૧૫માં મળેલ છે. |
| (૨) જો હા, તો આ નોટિસની શી વિગતો છે, અને | (૨) રાષ્ટ્રમાં પીવાના પાણીમાં ફ્લોરાઈડ બાબતે રાજ્યે લીધેલા પગલાં અંગે અહેવાલ મંગાવેલ છે. |
| (૩) ફ્લોરાઈડયુક્ત પાણીની ગંભીર ફરિયાદ અંગે રાજ્યકક્ષા દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા છે ? | (૩) રાજ્ય સરકાર દ્વારા ફ્લોરાઈડથી અસર પામેલ ગામોમાં સરફેસ અથવા ભુગર્ભ જળ આધારિત યોજનાઓ મારફતે ફ્લોરાઈડમુક્ત પાણીની વ્યવસ્થા કરેલ છે. |

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માંગુ છું. એક તો ફલોરાઇડ અને ક્લોરાઇડ આના મિશ્રણવાળુ પાણી મળે એટલે માણસ માટે અતિ ગંભીર સમસ્યાઓ પેદા થાય. સાંધા પકડાવા, દાંત ખરી જવા, આયુષ્યના અનેક પ્રશ્નો માણસ સૂતો હોય ત્યાંથી બેઠો પણ ના થઇ શકે. ત્યારે આ સંજોગોમાં આવા કેટલા ગામો હતા કે જેના માટે એન.એચ.આર.સી.એ આપણને નોટિસ આપવી પડી. બીજુ આમાં પેટા પ્રશ્ન ત્રણમાં કહેવાયું છે કે, રાજય સરકાર દ્વારા ફ્લોરાઇડથી અસર પામેલ ગામોમાં સરફેસ અથવા ભૂગર્ભ જળ, હવે ત્યાંનુ જે ભૂગર્ભ જળ છે તે તો ફ્લોરાઇડવાળુ જ નીકળવાનું, તો એ સંજોગોમાં લોકોની મુશ્કેલી એ હોય છે કે આપણે જૂથ પાણી પુરવઠા યોજનાના ગામોમાં રકમ જ એટલી વધારે લઇએ છીએ કે ગ્રામ પંચાયત પાસે બીજુ ઓપ્શન નથી રહેતું નાના ગામોમા. ત્યારે ફ્લોરાઇડવાળા ગામો જૂથ પાણી પુરવઠા યોજનામાં આવતા હોય તો પણ તેને સંપૂર્ણ માફીથી પૂરતું પાણી પીવાલાયક સરખું મળે તેના માટેની શું કાર્યવાહી કરવામાં આવી છે ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો તે પૈકી ૬૨ વસાહતો ગુજરાતમાં ફ્લોરાઇડયુકત માલુમ પડી. આ ૬૨ વસાહતમાં અમરેલી જિલ્લામાં એક, આણંદમાં આઠ.

અધ્યક્ષશ્રી : જિલ્લાવાઇઝ તેમને માહિતી નથી જોઇતી.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ટોટલ ૬૨ વસાહતો માલુમ પડી અને આ વર્ષના અંત સુધીમાં એટલે માર્ચ સુધીમાં ૨૪ વસાહતોને જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લીધેલ છે. ૨૪ વસાહતોને વૈકલ્પિક સોર્ષ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે અને ૧૪ વસાહતોને વ્યકિતગત યોજના હેઠળ આવરી લીધેલ છે અને આમાં ફ્લોરાઇડયુકત પાણી માટે ભૂગર્ભ જળમાં જે ફેરફારો થતાં હોય તેના હિસાબે દર વર્ષે આવા પ્રશ્નો ઉદભવતા હોય છે, પણ રાજય સરકારના પ્રયત્નોથી સમગ્ર દેશમાં ગુજરાત એક એવું રાજય છે કે જેને સમગ્ર દેશના બીજા રાજયો કરતા આપણે તેમાં સો ટકા સફળતા હાંસલ કરી છે અને આ જે કંઇ ફ્લોરાઇયુકત વસાહતો માલુમ પડે વર્ષના અંતે તેમાં ચાલુ વર્ષમાં તે પ્રમાણેની કામગીરી કરી અને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે રાજય સરકાર અને અમારા વિભાગ દ્વારા પ્રયત્નો ચાલુ રાખવામાં આવે છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માદયમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ૨૦૦૩થી અત્યાર સુધીમાં ગુજરાત રાજયએ અન્ય રાજયોની સરખામણીમાં ફ્લોરાઇડથી પ્રભાવિત ગામોની સંખ્યામાં કેટલો ઘટાડો કર્યો છે ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય દ્વારા ફ્લોરાઇડની માત્રા ધરાવતા ગામો પૈકી ૯૮.૫૨ ટકા ગામોને શુદ્ધ પાણીની સુવિધાથી આવરી લેવામાં આવ્યા છે. જેમાં વર્ષ ૨૦૦૪માં રાજસ્થાનમાં ૮૯૯૨ ગામ હતા, કર્ણાટકમાં ૫૮૩૮ હતા તેની સામે ગુજરાતમાં ૪૧૮૭ હતા. વર્ષ ૨૦૧૪ના અંત સુધીમાં રાજસ્થાનમાં ૭૬૭૦ ગામ રહ્યા, કર્ણાટકમાં ૧૧૨૨ ગામ રહ્યા અને ગુજરાતની અંદર માત્ર ૬૨ ગામો રહ્યા છે અને એ ૬૨ ગામોને આપણે અલગ અલગ યોજના મારફત શુદ્ધ પીવાનું પાણી મળે તે માટે આવરી લીધેલાં છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવા માગુ છું કે, ફલોરાઇડવાળું પાણી અમારા ઉત્તર ગુજરાતમાં વધારે છે. ખાસ કરીને હજાર ફૂટથી વધારે અમારે બોર કરવો પડે છે. જયાં યોજનાઓથી પાણી આવે છે અને પૂરતું મળતું નથી તો બોરમાંથી પણ સરકાર આપે છે અને અમે બોર કરીએ છીએ પણ જયાં બીજી કોઇ વૈકલ્પિક વ્યવસ્થા નથી અને બોરથી પાણી લેવું પડે છે ત્યાં આ ફલોરાઇડવાળુ પાણી શુદ્ધ કરવા માટે આપ શું વ્યવસ્થા કરવા માગો છો ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા અગાઉના જવાબમાં પણ જણાવ્યું કે, ૬૨ ગામો કે જે ફ્લોરાઇડયુકત પાણી માટેની આ ૬૨ એવી વસાહતો હતી અને સમયાંતરે એમાં પ્રયોગો કરી અને આ માર્ચ અંત સુધીમાં લગભગ તમામ ગામોને આપણે શુદ્ધ પાણીની આવરી લેવામાં આવ્યા છે. મેં અગાઉ પણ કહ્યું તેમ વર્ષના અંતે એવી ભૂગર્ભ જળની અંદર પરિસ્થિતિ ઉભી થતી હોય એટલે ફલોરાઇડની માત્રામાં પણ ઘણો ફેરફાર થતો હોય પણ સ્થાનિક શોર્ષ અને જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત આવા કામો કરી અને ૬૨ વસાહતોનો સમાવેશ કરી દઇએ એટલે લગભગ ગુજરાતમાં આ પરિસ્થિતિ નહિવત છે અને જયાં પણ જરૂર પડે ત્યાં આવનારા વર્ષની અંદર આ રીતે આયોજન કરી અને ગુજરાતના દરેક વિસ્તારની અંદર શુદ્ધ પીવાનું પાણી મળે તે માટે પણ સરકાર દ્વારા પ્રયત્નો ચાલુ છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વર્ષ ૨૦૦૩માં ફલોરાઇડયુકત પાણીનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું તે દરમિયાન પીવાનું શુદ્ધ પાણીની અપુરતી સુવિધાઓ વાળા જે વિસ્તારો હતા એમાં વર્ષવાઇઝ શું શું કામગીરી કરવામાં આવી અને તે પૈકી કેટલી વસાહતોને પાણી આપવામાં આવે છે?

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૩ના સર્વેક્ષણ મુજબ જે પૂર્ણ થયેલી વસાહતો છે એમાં ૨૦૦૪-૦૫ માં અગાઉ જયાં સગવડ ન હોય તેવી ૫૬ વસાહતો હતી, અંશતઃ સગવડતા વાળી ૮૭૪ વસાહતો હતી, અને નબળી ગુણવતાનો સ્ત્રોત ધરાવતી વસાહતો ૨૭૪૫ હતી. અને ૨૦૦૯-૧૦ના અંતે સગવડતા ન હોય તેવી વસાહતો શૂન્ય છે. અંશતઃ સગવડ ધરાવતી વસાહતો ૯૦૭ છે અને નબળી ગુણવત્તા વાળા સ્ત્રોત ધરાવતી વસાહતો ૭૯૦ છે. વર્ષ ૨૦૦૩ના સર્વેક્ષણ દરમિયાન પીવાના પાણીની અપુરતી સુવિધા ધરાવતી તમામ વસાહતોમાં માર્ચ ૨૦૧૦ સુધીમાં ભારત નિર્માણ કાર્યક્રમ હેઠળ પૂરતી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ તાજેતરમાં પાર્લામેન્ટમાં જે ઇકોનોમીક રીવ્યુ રજૂ થયો છે એમાં શુદ્ધ પાણી આપી શકતા રાજયોમાં આપણો નંબર પાછળ છે. તો એ અંગેનો અભ્યાસ કરીને અન્ય રાજયો આપણા કરતા ગરીબ કહેવાય તેવા રાજયો શુદ્ધ પાણી પૂરું પાડવાની બાબતમાં આગળ છે. તો તેનો અભ્યાસ કરાવીને રાજય સરકાર શુદ્ધ પીવાનું પાણી મળે તેના માટે કોઇ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષના અંતે માત્ર ૬૨ વસાહતો જ એવી જોવા મળી છે. અને આ જે કંઇ આંકડા છે તેમાં થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન પણ થતું હોય છે અને એનો રિપોર્ટ એ ડાયરેકટ ભારત સરકારને મોકલતા હોય છે એટલે તેની વેબસાઇટ ઉપરથી લઇ અને એના આંકડા બતાવવામાં આવ્યા છે. પરંતુ વર્ષના અંતે માત્ર ૬૨ વસાહતો જ બાકી છે. અને જેમ જેમ જરૂર પડતી જાય તેમ વ્યવસ્થા કરવામાં આવે છે, કારણ કે ભૂગર્ભ જળની અંદર ફલોરાઇડના પ્રમાણમાં દર વખતે વધ ઘટ થતું હોય છે, એટલે જયાં જરૂર પડે ત્યાં સરકાર દ્વારા અને વિભાગ દ્વારા પ્રયત્ન કરવામાં આવે છે અને ગુજરાતના એક પણ વિસ્તારની અંદર કયાંય આવું પાણી ન મળે અને આપણે શુદ્ધ પાણી આપી શકીએ તે માટે સરકારની પ્રથમ પ્રાયોરીટી રહેલી છે.

## સુરત આર.ટી.ઓ. કચેરીમાં આવક

* ૧૯૦૭૨ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ સુરત આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઇ, | (૧) રૂ.૨૭૯.૨૩ કરોડની આવક થઇ. |
| (૨) વર્ષ ૨૦૧૩ ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ ઘટાડો થયો, અને | (૨) રૂ.૩૩.૭૮ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શું છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરત આર.ટી.ઓ. કચેરીમાં વર્ષ ૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં થયેલ વધારામાં કઇ કઇ આવક છે અને તેનો ટોટલ કેટલો છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સુરત એ દેશના સૌથી વિકસીત થતા શહેરમાં આવે છે. એમાં આર.ટી.ઓ.ની આવકમાં પણ ખાસ્સા મોટા પ્રમાણમાં વધારો થયો છે. કઇ કઇ આવકમાં વધારો થયો છે તે પૂછયું છે તો પેસેન્જર કરમાં ગત વર્ષે ૪ લાખ રૂપિયાની આવક હતી તેમાં એક લાખનો વધારો થયો છે અને આ વખતે પાંચ લાખ થયા છે. વ્હીકલની અંદર દંડ થતો હોય છે જેને માંડવાળ કર કહેતા હોઇએ છીએ, ચેકીંગ કરતા જે પકડાય ખાસ કરીને તે, એમાં ગત વર્ષે

૯.૫૯ કરોડની આવક હતી તેમાં વધારો થયો છે અને ૨૨.૯૮ કરોડની આવક થઇ છે, એટલે ૧૩.૩૯ કરોડનો વધારો થયો છે. રીકરીંગ કરની અંદર ૩ લાખનો વધારો થયો છે અને ઉચ્ચક કરની અંદર જે ૨૦૯.૭૫ કરોડ રૂપિયા હતા તે આ વખતે વધીને ૨૩૦.૧૦ કરોડ થયા છે. એટલે એમાં પણ ૨૦.૩૫ કરોડનો વધારો થયો છે. એટલે કુલ ગત વર્ષની તુલનામાં સુરતમાં ૩૩.૭૮ કરોડનો આવકમાં વધારો થયો છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરત આર.ટી.ઓ. કચેરી દ્વારા છેલ્લા એક વર્ષમાં તપાસણીની કામગીરી થઇ છે કે કેમ અને તપાસણી માટેના કોઇ કેમ્પ કરવામાં આવ્યા છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હા. અલગ અલગ કેમ્પ પણ કરવામાં આવે છે. ખાસ કરીને ૭૨ જેટલા કેમ્પ સુરતમાં કરવામાં આવ્યા છે અને એની અંદર જુના જે વ્હીકલ હોય તે ચલાવવા લાયક છે કે કેમ તેના માટેનું ફીટનેસ સર્ટીફીકેટ અપાતું હોય છે તેના ૩૦૩૫ જેટલા વ્હીકલ ચેક કરવામાં આવ્યા છે. એ પૈકી ટોટલ કેમ્પ કર્યા અને ચેકીંગ કર્યું એમાં દંડની વસુલાત માનનીય સભ્યશ્રીએ કહ્યું એમ ૨૨.૯૮ કરોડની થઇ છે. આ સ્થળ ઉપર કેમ્પો કર્યા એના ઉપરથી થયેલ છે.

શ્રી હર્ષ ર. સંઘવી : સુરત શહેર અને જિલ્લાની જે પ્રમાણે વસતિ વધતી જાય છે એ પ્રમાણે આ આર.ટી.ઓ.ની સુવિધા વધે અને લોકોને સરળતા મળી શકે એ માટે સુરત શહેર અને જિલ્લામાં નવી આર.ટી.ઓ. કચેરી આપવાનું વિચારી રહ્યા છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : સન ૧૯૫૭થી મજૂરા ખાતે આર.ટી.ઓ. કચેરી કાર્યરત છે. કામનું ભારણ જોતાં પાલ ખાતે એ.આર.ટી.ઓ. કચેરી ચાલુ કરવા માટે રાજય સરકારે સન ૨૦૧૩-૧૪માં ૧૪૮૭ લાખ રૂપિયાના ખર્ચે આધુનિક સુવિધા સાથેની ઓફિસ ચાલુ કરી છે. અત્યારે મજૂરાની અંદર ઓફિસ ચાલે છે એ મજૂરા ઓફિસની અંદર રીનોવેશનનું કામ થઇ રહ્યું છે જેની પાછળ ૩૬ લાખનો ખર્ચ થશે. પાલની કચેરી છે એ એ.આર.ટી.ઓ. કચેરી ચાલુ છે અને મજૂરા ખાતે કચેરી છે એ પ્રમાણે ચાલશે. આ સિવાય સુરતમાં કેટલાક તાલુકા પણ આવેલ છે. એમાં ઓલપાડ તાલુકો મજૂરા ખાતેની ઓફિસ છે ત્યાંથી ચાલશે. એ સિવાય બારડોલી, માંગરોળ, ઉંમરપાડા, મહુવા અને પલસાણા છે એમાં બારડોલી ખાતે એ.આર.ટી.ઓ. કચેરી છે ત્યાંથી કામગીરી થશે. એટલે હવે સુરત જિલ્લામાં જયાં આગળ બે કચેરી હતી ત્યાં હવે ત્રણ કચેરી, ખાસ કરીને કામ વધુ થયું એના કારણે કરવામાં આવશે અને એ કાર્યરત પણ થશે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ સુરત આર.ટી.ઓ.એ રજિસ્ટ્રેશન, લાઇસન્સ, હાઇ સિકયોરિટી નંબર પ્લેટ વગેરે સંબંધી શું શું કાર્યવાહી કરી?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય સભ્યશ્રીએ સન ૨૦૧૪ની સ્થિતિએ વાત કરી તો એમાં ૩,૭૦,૧૨૯ જેટલા સ્માર્ટકાર્ડ ઇસ્યુ કરવામાં આવ્યા. ડ્રાઇવીંગ લાઇસન્સ જોઇએ તો ૨,૬૧,૦૯૯ ઇસ્યુ કરવામાં આવ્યા. ફીટ કરેલ હાઇ સિકયોરિટી નંબર પ્લેટ ૨,૦૭,૧૭૮ જેટલી આપવામાં આવી છે.

**ગાંધીનગર જિલ્લામાં સાત ફેરા સમૂહ લગ્ન સહાય**

* ૧૯૧૫૮ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જાતિના લોકોને સાત ફેરા સમુહલગ્ન યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) યુગલ સંસ્થા.<br>૯૬ ૦૬. |
| (૨) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) યુગલ સંસ્થા.<br>૯૧ ૦૬. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) યુગલ સંસ્થા.<br>રૂ. ૯.૧૦ (લાખ) રૂ. ૨.૫૦ (લાખ). |

શ્રી શંભુજી ચે. ઠાકોર : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સાત ફેરા સમૂહ લગ્ન યોજનામાં કેટલી સહાય ચૂકવવામાં આવી છે, ગાંધીનગર તાલુકામાં કેટલી અરજીઓ મળી એમાંથી કેટલી મંજૂર કરી અને કેટલી નામંજૂર કરવામાં આવી છે અને યુગલ દીઠ કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : શ્રીમતી માય રમાબાઇ આંબેડકર સાત ફેરા સમૂહ લગ્ન યોજના અંતર્ગત યુગલ દીઠ દસ હજાર રૂપિયાની સહાય કરવામાં આવે છે. જે સંસ્થા કામ કરવાની હોય એ સંસ્થા યુગલ દીઠ બે હજાર રૂપિયા અને ૫૦ હજાર રૂપિયાની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવે છે. જયાં સુધી ગાંધીનગર તાલુકાનો સવાલ છે ત્યાં સુધી ૩૮ અરજીઓ પૈકી ૩૫ અરજીઓ મંજૂર કરવામાં આવી જેમાં ૩ લાખ ૫૦ હજારની સહાય ચૂકવવામાં આવી છે. ત્રણ અરજીઓ વધારે આવક હોવાને કારણે નામંજૂર કરવામાં આવી છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી અશોકકુમાર ર. પટેલ : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સાતફેરા સમૂહ લગ્ન યોજનામાં સહાય મેળવવા માટેના માપદંડ શું છે અને અરજી કરવા માટે શું શું આધાર પૂરાવા જોઇએ અને એમાં આવક મર્યાદા શું છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના પૈકી ગ્રામ્ય વિસ્તાર માટે આવકની મર્યાદા ૪૭,૦૦૦ રૂપિયા છે. શહેરી વિસ્તાર માટે આવક મર્યાદા ૬૮,૦૦૦ રૂપિયા છે. આ સાતફેરા સમુહ લગ્ન યોજનામાં લગ્ન કરનાર દીકરીની ઉંમર ૧૮ વર્ષ અને દીકરાની ઉંમર ૨૧ વર્ષ હોવી જોઇએ. લગ્ન કર્યા પછી સમયમર્યાદામાં તેમણે અરજી કરવી જોઇએ. લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર આપવું પડે અને સાથે સાથે જાતિ અને આવકનો દાખલો પણ તેમણે જોડવો પડે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સાત ફેરા સમુહલગ્ન યોજનામાં ૫ અરજીઓ નામંજૂર કરી છે. તો અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : જે મંજૂર કરવાના કારણો છે એ પૂરતા ન હોય તો એ અરજીઓ નામંજૂર થાય છે. મેં પહેલાં કહ્યું તે પ્રમાણે ઉંમરનો પુરાવો તેમણે રજૂ ન કર્યો હોય તો પણ અરજી નામંજૂર થાય, લગ્ન રજિસ્ટ્રેશન ન કરાવ્યું હોય, તેમની આવક વધુ હોય, સમયમર્યાદામાં અરજી ન કરી હોય, જાતિ અને આવકનું પ્રમાણપત્ર ન જોડેલું હોય તો આ અરજીઓ નામંજૂર કરવામાં આવે છે. જે ૫ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે એ આવક વધુ હોવાને કારણે નામંજૂર કરવામાં આવી છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે યુગલોને સાતફેરા સમુહ લગ્નની સહાય આપવામાં આવી છે તેમાંથી કોઇ યુગલના છૂટાછેડા થયેલ છે કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : ના, જી.

## પંચમહાલ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ સહાય

*૧૯૧૫૩ **શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસુચિત જાતિના લોકોની કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૮૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૮૦. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૮.૦૦ લાખ. |

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કુંવરબાઇનું મામેરૂં યોજનામાં આ પહેલાં કેટલી દીકરીઓને લાભ આપવામાં આવતો હતો અને હવે કેટલી દીકરીઓને લાભ આપવામાં આવે છે અને મારો બીજો પ્રશ્ન છે કે આ યોજનામાં કયારથી, કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : આ યોજના શરૂ થઇ હતી ત્યાં સુધી એક દીકરીને ૫,૦૦૦ રૂપિયાની સહાય કરવામાં આવતી હતી. પરંતુ તા. ૭–૮–૧૪ના દિવસથી એક દીકરીના બદલે બે દીકરીઓને આ યોજનાનો લાભ આપવાનું રાજય સરકારે નક્કી કર્યું છે અને એ દીકરીને ૧૦,૦૦૦ રૂપિયાની સહાય કરવામાં આવે છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કેટલી આવકવાળાને આ યોજનાનો લાભ આપવામાં આવે છે અને જોડા દીઠ કેટલી રકમ ચૂકવવામાં આવે છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : મેં અગાઉ કહ્યું તે પ્રમાણે ગ્રામ્ય વિસ્તારની આવક ૪૭,૦૦૦ રૂપિયા અને શહેરી વિસ્તારની આવક ૬૮,૦૦૦ રૂપિયાનું ધોરણ રાખવામાં આવ્યું છે. એક યુગલ દીઠ ૧૦,૦૦૦ રૂપિયા આપવામાં આવે છે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કુંવરબાઇનું મામેરૂં યોજનામાં સહાય મેળવવા માટે પાત્રતાના ધોરણો શું છે અને અરજી સાથે કયા પુરાવા રજૂ કરવાના હોય છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, માપદંડો અને યોજનાની સહાય લગભગ એક જ છે. મેં પહેલાં કહ્યું છે તે પ્રમાણે દીકરીની ઉંમર ૧૮ વર્ષ હોવી જોઇએ અને દીકરાની ઉંમર ૨૧ વર્ષ હોવી જોઇએ. આવક અને જાતિનું પ્રમાણપત્ર જોડવું પડે. તેનું રજિસ્ટ્રેશન થવું જોઇએ અને આ અરજી બે વર્ષની સમયમર્યાદામાં કરેલી હોવી જોઇએ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે માનનીય નિમિષાબેને જે પ્રશ્ન પૂછ્યો તેમાં આ યોજના હેઠળ ૮૦ અરજીઓ આવી અને ૮૦ અરજીઓ મંજૂર કરી, તો પ્રશ્ન પૂછાયા પહેલાં કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને પ્રશ્ન પૂછાયા પછી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, જયારે પ્રશ્ન પૂછાયો તે પહેલાંથી તમામ અરજીઓ જે મંજૂર થયેલી હતી, તમામને સહાય ચૂકવી આપવામાં આવી હતી.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે કુંવરબાઇનું મામેરૂં યોજના હેઠળ મોરવા હડફ તાલુકામાં કેટલી અરજીઓ મળી, તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી અરજીઓને સહાય ચૂકવવામાં આવી?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મોરવા હડફમાં પાંચ અરજીઓ મળી અને પાંચે પાંચ મંજૂર કરવામાં આવી અને એમને રૂ.૫૦/– હજારનું ચૂકવણું કરવામાં આવ્યું છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, સમુહ લગ્ન સાત ફેર યોજના હેઠળ જે સામાજિક સંસ્થાઓ રજિસ્ટર્ડ સંસ્થાઓ છે તેઓ લગ્ન મેળા યોજે છે, સમુહ લગ્ન કરે છે એ સંસ્થાઓને સરકાર કોઇ સહાય આપે છે અને કેટલી સહાય આપવા માગે છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સમુહ લગ્ન સાત ફેરા યોજનાની અંદર જે સંસ્થાઓ કામ કરતી હોય એ સંસ્થાઓને યુગલ દીઠ રૂ.૨૦૦૦/– અને વધુમાં વધુ રૂ.૫૦,૦૦૦/–ની મર્યાદામાં આ રકમ ચૂકવવામાં આવે છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરું યોજનામાં જે રૂ.૧૦,૦૦૦/–ની સહાય આપવામાં આવે છે એ આજની મોંઘવારીની દ્રષ્ટિએ ઘણી ઓછી છે. તો એવા સંજોગોમાં અનુસૂચિત જાતિના લોકો માટે જે કુંવરબાઇનું મામેરું માટે રૂ.૧૦,૦૦૦/–ની સહાય છે એમાં વધારો કરવા માટે કોઇ આયોજન કરેલ છે કે કેમ?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ યોજના શરૂ કરવામાં આવી હતી ત્યારે યોજનામાં રૂ.૫,૦૦૦/–ની સહાય હતી અને એક દીકરીને આ સહાય આપવામાં આવતી હતી. રાજ્ય સરકારે નક્કી કર્યું છે એ પ્રમાણે હવે એકના બદલે બે દીકરીઓને સહાય આપીએ છીએ. તા.૭–૮–૨૦૧૪ના દિવસથી રૂ.૫,૦૦૦/– થી વધારીને રૂ.૧૦,૦૦૦/– ડબલ વધારો કરવામાં આવેલ છે. એટલે હવે આવો વધારો કરવાની કોઇ આવશ્યકતા નથી.

**ભાભર ખાતે ન્યાયિક સ્ટાફના રહેણાંકનું બાંધકામ**

* ૧૯૦૯૭ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના ભાભર ખાતે ન્યાયિક સ્ટાફના રહેણાંકના ક્વાટર્સના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૩,૮૩,૫૦,૦૦૦/-. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો અત્યાર સુધી ભાભરને લીંક કોર્ટ આપી હતી. માનનીય મંત્રીશ્રીને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને ધન્યવાદ આપું છું કે તેમણે તાલુકે તાલુકે કોર્ટો કરવાનું નક્કી કર્યું છે. ભાભરને ઘર આંગણે ન્યાય મળે એ માટે તાલુકા કોર્ટ આપવા બદલ ધન્યવાદ આપું છું. જ્યારે સ્ટાફ ક્વાર્ટર માટે આ રાજ્યની સરકારે રૂ. ૩,૮૩,૫૦,૦૦૦/– ની રકમ મંજૂર કરી છે ત્યારે આ ક્વાર્ટર ન્યાયધિશ અને કર્મચારીઓ માટે બનાવવામાં આવશે ત્યારે એ કઇ કેટેગરીના છે એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે લોકોને સસ્તો, ઝડપી અને ઘર આંગણે ન્યાય મળે એના માટે ગતિશીલ ગુજરાતનો એકપણ તાલુકો કોર્ટ વગર બાકી ન રહે એ પ્રમાણેનું આયોજન કર્યું છે. ભાભરના લોકોને દિયોદર જવું પડતું હતું અને એના કારણે ન્યાય મેળવવામાં એમને મુશ્કેલી પડતી હતી. એટલા માટે આ રાજ્ય સરકારે ભાભરમાં કોર્ટ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. નામદાર હાઇકોર્ટ દ્વારા ચોથી એપ્રિલે ભાભરમાં તાલુકા કક્ષાની ભાભરની પોતાની કોર્ટ શરૂ કરવામાં આવનાર છે. ત્યાં ધારાસભ્ય તરીકે શ્રી શંકરભાઇ હતા ત્યારે તેઓ અવારનવાર રજૂઆત કરતા હતા કે અમારા ભાભરની અંદર ક્વાર્ટર નહીં આપો તો સમસ્યા થશે. એટલે બી–૧ ટાઇપના ગ્રાઉન્ડ ફ્લોર+ બે માળના ૧૨ યુનિટ અને ગ્રાઉન્ડ ફ્લોર + બે માળના ચાર યુનિટ એટલે કુલ ૧૬ યુનિટ વર્ગ–૩ કક્ષાના સ્ટાફ માટે હશે. ડી–૧ ટાઇપનું એક યુનિટ– સિવિલ જજ કક્ષાના ન્યાયિક અધિકારીના કર્વાર્ટર બનાવવાનો નિર્ણય કર્યો છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં રાજ્ય સરકારે છેલ્લા બે–ત્રણ વર્ષમાં કેટલા ન્યાય તંત્રના કામ કરેલ છે અને કેટલી મંજૂરી આપેલી છે તેની વિગતો માનનીય મંત્રીશ્રી જણાવશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ભાભરનો છે પણ બનાસકાંઠા જિલ્લાનો એમણે ઉલ્લેખ કર્યો છે એની માહિતી મારી પાસે ઉપલબ્ધ છે. એમાં બનાસકાંઠા જિલ્લાની અંદર છેલ્લા બે વર્ષમાં ન્યાયિક સ્ટાફ માટે ભાભર, અમીરગઢ, દાંતીવાડા, વડગામ અને ધાનેરામાં રૂ.૧૬.૫૮ કરોડના કામોની મંજૂરીઓ આપી છે. નવીન કોર્ટ બિલ્ડીંગ માટે બનાસકાંઠા જિલ્લામાં જોઇએ તો ભાભર, વાવ, વડગામ, ધાનેરા, પાલનપુર અને દાંતીવાડા માટે ૨૭ કરોડ અને ૧૭ લાખની મંજૂરી આપી છે એટલે આમ એકલા બનાસકાંઠા જિલ્લામાં ન્યાયીક ભવન અને કવાર્ટર્સ માટે ગણીએ તો બે વર્ષમાં ૪૪ કરોડ જેટલી વિશાળ રકમની ફાળવણી આ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું એ પ્રમાણે રાજયમાં એક પણ તાલુકો ન્યાયિક સ્ટાફના રહેણાકના મકાનો બનાવ્યા વગર રહેવા દેવાના નથી. મારે મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે બનાસકાંઠા જિલ્લાની અંદર કેટલા તાલુકાઓમાં ન્યાયિક સ્ટાફના રહેણાંકના મકાનો બાંધવાના બાકી છે અને એ મકાનો

કેટલા સમયમાં બાંધવામાં આવશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ બનાસકાંઠામાં ભાભર ખાતે ૪.૫૪ કરોડની વહીવટી મંજૂરી આપી દીધી છે, હવે આગળની પ્રક્રિયા થશે, અમીરગઢ ખાતે ૩.૮૮ કરોડની વહીવટી મંજૂરી આપી દીધી છે. વડગામ ખાતે ૩.૩૭ કરોડની વહીવટી મંજૂરી આપી છે. ધાનેરામાં પણ ૩૨ લાખના ક્વાર્ટર્સની મંજૂરી આપી દીધી છે. દાંતીવાડા ખાતે પણ ૪.૪૫ કરોડની વહીવટી મંજૂરી આપી દીધી છે અને આ વહીવટી મંજૂરી આપ્યા પછીની આગળની પ્રક્રિયા થોડી લાંબી છે આપ કહો તો શું શું પ્રક્રિયા થઇ એ આપને જણાવું.

અધ્યક્ષશ્રી : મંજૂરી સિવાયના બાકી તાલુકાનો પ્રશ્ન છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : જેટલાની મંજૂરી આપી એના સિવાયના બાકી છે.

અધ્યક્ષશ્રી : મંજૂરી સિવાયના તાલુકા બાકી છે એમ મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે.

**અમદાવાદ જિલ્લામાં સાયકલ સહાય**

* ૧૯૨૯૮ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિની કેટલી વિદ્યાર્થીનીઓને કેટલા ખર્ચે સાયકલ આપવામાં આવી, અને | (૧) ૪૦૫૭ વિદ્યાર્થીનીઓને સાયકલ આપવામાં આવેલ છે. સાયકલ ગ્રીમકો દ્વારા આપવામાં આવે છે. |
| (૨) ઉક્ત બાબતે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી અરજીઓ કયા કારણોસર પડતર છે ? | (૨) કોઈ અરજી પડતર નથી. |

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે અનુસૂચિત જનજાતિની કન્યાઓને આપણે સાયકલ આપીએ છીએ તો એ જ રીતે અનુસૂચિત જાતિના જે યુવકો છે એમને પણ આપણે સાયકલ આપવા માગીએ છીએ કે કેમ? અને આ સાયકલો બાબતે કોઇ અત્યારે ફરિયાદ મળી છે કે કેમ? અને બીજો જે આપણો સંસ્કૃત સમાજ છે દલિત હોય, આદિવાસી હોય, એની ઉપર થોડું વિશેષ ધ્યાન આપીએ, એ વંચિત સમાજ છે પરંતુ એની સાથે રાજયમાં રહેતા જે ગરીબ લોકો છે એ ગરીબ લોકો ગમે તે જ્ઞાતિના હોય એ ગરીબ લોકોની કન્યાઓને પણ આપણે સાયકલની સુવિધા આપવા માગીએ છીએ કે કેમ?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના જે પ્રશ્ન પૂછયો છે એમાં અનુસૂચિત જાતિની વિદ્યાર્થીઓને જ આપવાની યોજના છે. હાલ પૂરતું વિદ્યાર્થીઓને આપવાની કોઇ યોજના અમલમાં નથી.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે અનુસૂચિત દીકરીઓને જે સાયકલ ફાળવવામાં આવે છે એની કોઇ અરજી પડતર નથી, પણ આ ૧૯૯૯થી ધોરણ ૮ની વિદ્યાર્થીનીઓને સાયકલ આપવામાં આવતી હતી એમાં કોઇ સૂધારો કર્યો છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા પ્રાયમરીની અંદર ધોરણ ૧ થી ૭ હતું હવે એમાં સુધારો થઇને ૧ થી ૮ એ પ્રાયમરી ધોરણમાં જવાને કારણે પહેલા અમે ધોરણ ૮માં અભ્યાસ કરતી દીકરીઓને સાયકલ આપતા હતા પરંતુ હવે ધોરણ ૯માં અભ્યાસ કરવાવાળી દીકરીઓને અમે સાયકલો આપીએ છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સાયકલની જે યોજના છે એ યોજનાના ભાગરૂપે જે પણ સાયકલ આપવામાં આવે છે એનો કલર કેસરી આપવામાં આવે છે. દલિત સમાજમાં જન્મ લેવો કોઇ ગુનો નથી પણ એની જાતિ જુદી પાડવી એ ગુનો છે. તો માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એટલું જ જાણવું છે, સરકારની સારી યોજના છે, સારી સહાય છે, કેસરી કલર આપીને દલિત સમાજ હોય, આદિવાસી સમાજની દીકરીઓને જે સાયકલ આપવામાં આવે છે એનો કલર જુદો રાખવામાં આવે છે એના લીધે સમાજને જ્યારે જોડવાની વાત હોય, સમાજને એક રાખવાની વાત હોય તો માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ જે કેસરી કલર રાખવામાં આવ્યો છે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ આજે કેસરી કલરની સાડી પહેરી છે, તો મારી વિનંતી છે, બહેનશ્રી આપને વિનંતી છે કે આપની યોજના સારી છે અને એના વખાણ કરું છું પણ કલરનો ભેદભાવ છે એના લીધે એટ્રોસિટીના કેસો થતા હોય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** શૈલેષભાઇ, સાઇકલ પરથી એટ્રોસિટી ઉપર અને કેસરી સાડી ઉપર જાઓ છો.

**શ્રી શૈલેષ મ. પરમાર :** એટ્રોસિટી એક્ટના કેસો એટલે જ બને છે. ભેદભાવની નીતિ છે એટલે આ સાઇકલનો કલર બદલવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ ઇ. વોરા :** અગાઉની ટર્મમાં શિક્ષણ મંત્રી તરીકેની મારી જવાબદારી હતી અને દિલ્હી ખાતે નેશનલ એડવાઇઝરી બોર્ડની જ્યારે મિટીંગ થઇ અને એ મિટીંગમાં ચર્ચાઓ થઇ અને એ ચર્ચાઓમાં લગભગ આપણે બધા જાણીએ છીએ તેમ સામાન્યતઃ સાઇકલનો કલર કાળો હોય છે. રસ્તામાં ફરતા સામાન્ય રીતે આપણે ક્યાંય કાળા કલરના વાહનો જોતા

નથી. આની પાછળનો આશય એવો હોય છે કે રાત્રે કોઈપણ વાહન પાર્ક કરેલ હોય, ઉભું હોય અને કાળો કલર હોય તો દેખાય નહીં અને એક્સિડન્ટની સંભાવના ઉભી થાય. આવું ન થાય એટલા માટે (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** જવાબ સાંભળો, આપ બેસી જાઓ, (અંતરાય) ટયુશન રાત્રે જાય ને?

**શ્રી રમણલાલ ઈ. વોરા :** હું જે વાત કરી રહ્યો છું એ નેશનલ એડવાઈઝરી બોર્ડની દિલ્હીની મિટીંગની ચર્ચાની વાત કરી રહ્યો છું. એમાં નક્કી થયું કે કાળા કલરના બદલે રાત્રે પણ બાળક ઘરનું કામકાજ કરવા ક્યાંક બહાર જતું હોય અને આ બાળકને એક્સિડન્ટ ન થાય એટલા માટે દેખાય એવો કલર રાખવો જોઈએ. એટલા માટે આ કલર રાખવામાં આવ્યો છે. જેના કારણે એક્સિડન્ટની સંભાવના ન થાય. આથી આગળ વધીને દલિત, આદિવાસી કે બક્ષીપંચ હોય, આજે જે સાઇકલ આપણને આપે છે એ કંપનીને આ કલરના કારણે લોકોની ડિમાન્ડ વધવાના કારણે વધારાની સાઇકલ પણ માગવામાં આવે છે. માત્ર આ સાઇકલ એકલી દલિત સમાજની, બક્ષીપંચ અને આદિવાસી સમાજની દીકરીઓ જ વાપરે છે એવો પ્રશ્ન આ તબક્કે હવે રહેતો નથી.

**ડૉ. નિર્મલાબેન સુ. વાધવાણી :** માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સરસ્વતિ સાધના યોજનામાં આવકની મર્યાદા શું હતી અને તેમાં કોઈ સુધારો કરવામાં આવેલ છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા :** આવકની મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ૪૭ હજાર અને શહેરી વિસ્તાર માટે ૬૮ હજારની છે.

**દાહોદ જિલ્લામાં સારકામ કરવાના બાકી હેન્ડપંપો**

* ૧૯૦૮૪ **શ્રી રમેશભાઈ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આંગણવાડીઓમાં કેટલા બોર હેન્ડપંપ મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૯૨૧ બોર હેન્ડ પંપ. |
| (૨) એ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા બોર હેન્ડપંપ શારવામાં આવ્યા તથા કેટલા બોર હેન્ડપંપ શારવામાં બાકી છે, અને | (૨) ૫૩૭ –સારેલ બોર હેન્ડપંપ<br>૩૮૪–શારકામ બાકી બોર હેન્ડંપપ. |
| (૩) બાકી રહેલ કામો કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) તા.૩૧–૦૫–૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

**શ્રી રમેશભાઈ ભુ. કટારા :** માનનીય અધ્યક્ષશ્રી, આપની અનુમતિથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દાહોદ જિલ્લામાં તાલુકાવાર ચાલુ વર્ષમાં કેટલા બોરનું સારકામ કરવામાં આવ્યું અને તાલુકાવાર હેન્ડપંપ રીપેરીંગની કેટલી ટીમો કાર્યરત છે?

**શ્રી જયેશભાઈ વિ. રાદડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં તાલુકાવાર હેન્ડપંપ સારવામાં આવ્યા છે એમાં દાહોદ જિલ્લામાં ૬૨૦, ગરબાડામાં ૧૪૦, લિમખેડામાં ૪૨૨, ધાનપુરમાં ૩૩૫, દેવગઢ બારિયામાં ૪૦૪, ફતેપુરામાં ૪૯૬, ઝાલોદમાં ૪૬૦ અને સંજેલીમાં ૨૦૫ એમ કુલ સમગ્ર દાહોદ જિલ્લામાં ૩૦૮૨ બોરની સંખ્યા છે અને હેન્ડપંપ રીપેરીંગ માટે દાહોદ જિલ્લામાં ૪ ટીમ, ગરબાડામાં ૨ ટીમ, લિમખેડામાં ૨ ટીમ, ધાનપુરમાં ૨ ટીમ, દેવગઢ બારિયામાં ૨ ટીમ, ફતેપુરામાં ૨ ટીમ, ઝાલોદમાં ૪ ટીમ એમ કુલ સમગ્ર જિલ્લામાં ૧૮ ટીમો કાર્યરત છે.

શ્રી વીંછીયાભાઈ જો. ભૂરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે દાહોદ જિલ્લામાં કેટલા હેન્ડપંપનું સારકામ કરવામાં આવ્યું અને કેટલા હેન્ડપંપ બાકી છે? બીજું, દાહોદ જિલ્લાની અંદર તાલુકાવાર પીવાના પાણીની શું સુવિધા કરવામાં આવી છે?

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં મેં અગાઉ પ્રશ્નના જવાબમાં બતાવ્યું એ પ્રમાણે હેન્ડપંપની સંખ્યા છે.

અધ્યક્ષશ્રી : જવાબ આવી ગયો છે.

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, બીજો પ્રશ્ન, તાલુકાવાર પીવાના પાણીની સુવિધામાં દાહોદ જિલ્લાના ૮૫ ગામોમાં વ્યક્તિગત પાઈપ યોજનામાં ૪૪ ગામ, મીની પાઈપ યોજનામાં ૨૨ અને હેન્ડપંપ દ્વારા ૧૯ ગામો પાણી મેળવે છે. ગરબાડા તાલુકામાં ૩૪ ગામમાંથી વ્યક્તિગત પાઈપ યોજનામાં ૨૩ ગામ, મીની પાઈપ યોજનામાં ૧૧ ગામો પાણી મેળવે છે. લીમખેડાના ૧૫૧ ગામોમાં વ્યક્તિગત પાઈપ યોજનામાં ૫૪ ગામ, મીની પાઈપ યોજનામાં ૪૬ અને હેન્ડપંપ દ્વારા ૫૧ ગામો પાણી મેળવે છે. ધાનપુરના ૯૦ ગામમાંથી વ્યક્તિગત પાઈપ યોજનામાં ૨૮ ગામ, મીની પાઈપ યોજનામાં ૪૨ અને હેન્ડપંપ દ્વારા ૨૦ ગામડાં પાણી મેળવે છે. દેવગઢબારીયામાં ૮૬ ગામમાંથી જૂથ યોજના દ્વારા ૩૫, વ્યક્તિગત પાઈપ યોજનામાં ૨૨ ગામ, મીની પાઈપ યોજનામાં ૨૩ અને હેન્ડપંપ દ્વારા ૬ ગામો પાણી મેળવે છે. ઝાલોદ તાલુકાના ૯૪ ગામમાંથી જૂથ યોજના દ્વારા ૯, વ્યક્તિગત પાઈપ યોજનામાં ૩૯ ગામ, મીની પાઈપ યોજનામાં ૩૬ અને હેન્ડપંપ દ્વારા ૧૦ ગામો પાણી મેળવે છે. ફતેહપુરા તાલુકામાં ૯૬ ગામમાંથી જૂથ યોજના દ્વારા ૬૬, વ્યક્તિગત પાઈપ યોજનામાં ૬ ગામ, મીની પાઈપ યોજનામાં ૧૫ અને હેન્ડપંપ દ્વારા ૯ ગામો પાણી મેળવે છે. સંજેલીના ૫૫ ગામડાંમાંથી જૂથ યોજના દ્વારા ૧૨,

વ્યક્તિગત પાઇપ યોજનામાં ૨ ગામ, મીની પાઇપ યોજનામાં ૨૮ અને હેન્ડપંપ દ્વારા ૧૩ ગામો ટોટલ સમગ્ર જિલ્લામાં ૬૯૧ ગામમાંથી ૧૨૨ જૂથ યોજનામાં, ૨૧૮ વ્યક્તિગત પાઇપ યોજનામાં, ૨૨૩ મીની પાઇપ યોજનામાં અને ૧૨૮ હેન્ડપંપ આધારિત પાણી મેળવે છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે, આ આંગણવાડીના હેન્ડપંપો છે અને આંગણવાડીમાં ખૂબ નાના બાળકો હોય છે અને આ હેન્ડપંપ હલાવીને પાણી પી શકતા નથી. કારણ કે એમની ઉંમરના પ્રમાણે અને પાણીના તળ ખૂબ નીચા ગયેલા હોય છે એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે ત્યાં સિંગલ ફેઇઝની મોટર મૂકીને નળથી એમને પાણી આપવા માગો છો કે કેમ? (૧) અને (૨) ૩૮૪ હેન્ડપંપો સમારકામ કરવાના હજી બાકી છે આ જે હેન્ડપંપ બાકી છે તો એ આંગણવાડીમાં શું તમે વૈકલ્પિક વ્યવસ્થા કરી છે?

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે ૩૮૪ હેન્ડપંપો બાકી હતા એ તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ બાકી હતા. આજની તારીખે દાહોદ જિલ્લાની અંદર ૧૯૬ હેન્ડપંપના કામ કરવાના બાકી છે અને તા.૩૧-૫-૨૦૧૫ સુધીમાં તમામ આંગણવાડીઓમાં આ કામ પૂર્ણ કરી દેવામાં આવશે. એક પણ આંગણવાડીમાં પીવાના પાણીનો પ્રશ્ન ના રહે અને વિદ્યાર્થીઓ માટે કોઇ પ્રશ્ન ઉદ્ભવે નહિ એ માટે વિભાગ દ્વારા તૈયારી કરવામાં આવી છે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ચાલુ સાલે નવા હેન્ડપંપ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આંગણવાડીઓમાં ચાલુ વર્ષે નવા હેન્ડપંપ કરવા માગો છો કે કેમ?

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષમાં નવા ૧૨૦૦ હેન્ડપંપ સમગ્ર જિલ્લામાં કરવાનું આયોજન છે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, પાણી પુરવઠા વિભાગ દ્વારા હેન્ડપંપોની મરામત કરવામાં આવે છે પણ અન્ય વિભાગ દ્વારા બનાવવામાં આવેલ હેન્ડપંપોને મરામત કરવા અંગે સરકારશ્રીનું કોઇ આયોજન છે કે કેમ?

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા વિભાગ સિવાય રાજ્યમાં બીજા વિભાગ હોય જેમ કે, પંચાયત વિભાગ, ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, જિલ્લા આયોજન મંડળ કે ધારાસભ્ય-સંસદસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી જે હેન્ડપંપ કે મીની યોજના કરવામાં આવી હતી. આ સન્માનનીય સભાગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે, અત્યાર સુધી રિપેરીંગમાં મુશ્કેલી થતી હતી. સરકારે તા.૪/૩/૨૦૧૫ના ઠરાવથી હેન્ડપંપની મરામત અને નિભાવની કામગીરીમાં સરળતા જળવાય એ માટે અન્ય વિભાગ દ્વારા જે કોઇ હેન્ડપંપો બનાવ્યાં હોય એ સમગ્ર બધી યોજનાના કામો પાણી પુરવઠા વિભાગના તંત્ર મારફત રિપેર કરવાનો એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે આ આંગણવાડી કેન્દ્રોમાં ૬ વર્ષથી નાની ઉંમરના બાળકો હોય છે એ હેન્ડપંપ હલાવીને પાણી પીવાનું શક્ય હોતું નથી. વત્તા એમાં પૌષ્ટિક આહાર અને જમવાનું બનાવવાનું હોય છે તેમાં પણ પાણીની ખૂબ જરૂરિયાત હોય છે. ડો.સાહેબ જોષીયારાજીએ જે કીધું ત્યાં આગળ બોરની ઉપર સિંગલ ફેઇઝની મોટર મૂકવામાં આવે અને ટાંકી કે પાઇપલાઇનથી કાયમી જોડાણ આપવા માગો છો કે કેમ?

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

## અમદાવાદ આર.ટી.ઓ. કચેરીમાં આવક

* ૧૯૦૬૮ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર-ખાડિયા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪-૧૫ના વર્ષમાં અમદાવાદ આર.ટી.ઓ. કચેરીને તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઇ, | (૧) રૂ.૨૩૪.૨૯ કરોડની આવક થઇ. |
| (૨) વર્ષ ૨૦૧૩-૧૪ ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ ઘટાડો થયો, અને | (૨) રૂ.૧૦.૮૪ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શું છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, અમદાવાદ આર.ટી.ઓ.કચેરીની આવકમાં જે વધારો થયો છે તેમાં કઇ આવકનો સમાવેશ થાય છે, અને છેલ્લા એક વર્ષમાં વાહનોની તપાસણીમાં શું આવક થઇ છે ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જે આવકમાં ખાસ કરીને વધારો થયો છે એમાં આજીવનકર, પેસેન્જર તેમજ માર્ગ વાહન હેરાફેરી કરતા વાહનો માટેનો વાર્ષિક, અર્ધવાર્ષિક ભરવાનો રિકરીંગ કર, સમાધાન માટે મેજીસ્ટ્રેરીયલ સત્તાના આધારે દંડની વસૂલી કરવા માટે માંડવાળ ફીની આવક.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા એક વર્ષની અંદર તપાસણીની જે માનનીય સભ્યશ્રીએ વાત કરી તો તપાસણી કરતા ૨૫,૩૬૧ જેટલા વાહોનોની તપાસણીમાં ઓવર લોડ, ઓવર ડાયમેન્સન અને પૂરતા દસ્તાવેજો ના હોય અથવા તો વ્હિકલનું ફીટનેશ માટેનું સર્ટિફિકેટ ના હોય આ ટાઇપના જે ગુનાઓ હોય અને એ ગુનાઓ પૈકી અમદાવાદની અંદર ૨.૯૯ કરોડનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે એટલે મેઇન જે જવાબમાં આપ્યો છે તેના સિવાય માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમાં આટલો દંડ થાય છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, વિરમગામ જે અમદાવાદ જિલ્લાનો ભાગ છે, અને વિરમગામ, માંડલ, દેત્રોજ અને આ બાજુ બગોદરા, નળસરોવર અને રાણપુર એ બધાને આ અમદાવાદ આર.ટી.ઓ.કચેરી ૭૦ થી ૮૦ કિલો મિટર દૂર પડે છે. તો વિરમગામને આપ પેટા કેન્દ્ર બનાવવા માગો છો કે કેમ ? અને જો જોગવાઇ ન હોય તો ત્યાં વારંવાર કેમ્પ કરી અને લોકોને રાહત આપવા માગો છો કે કેમ ? પહેલાં ખૂબ કેમ્પ થતા હતા હમણાંથી નથી થતા એટલે ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, અમે અત્યારે હાલ આર.ટી.ઓ.ની કચેરી પહેલા જે સુભાષબ્રીજ હતી, હવે વસ્ત્રાલમાં પણ આપણે ચાલુ કરી છે. વસ્ત્રાલમાં દસ્ક્રોઇ તાલુકાનો કેટલોક ભાગ આવે છે અને બાકી મહાનગરનો. એ સિવાય અમે હવે બાવળાની અંદર એક નવી એ.આર.ટી.ઓ.ની કચેરી કાર્યરત કરવા માટે આગળ વધી રહ્યા છીએ. એટલે કામનું જેમ ભારણ વધે એ પ્રમાણે કચેરીઓનું પણ વિભાજન કરવામાં આવી રહ્યું છે.

બીજી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે, કેમ્પ કરવાની, તો કેમ્પની પ્રક્રિયા બિલકૂલ સતત ચાલી રહી છે.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, અમદાવાદ આર.ટી.ઓ. કચેરીમાં નવા વાહનોની નોંધણી અને ડ્રાઇવીંગ લાઇસન્સ માટે કેટલી ફી ચૂકવવી પડે છે ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સ્માર્ટ કાર્ડ માટે, સ્માર્ટ કાર્ડ પ્રતિ કાર્ડ દીઠ ૮૬ રૂપિયા ૯૦ પૈસા અને લાઇસન્સ માટેનું સ્માર્ટ કાર્ડ ડ્રાઇવીંગ લાઇસન્સ એના માટે ૬૩ રૂપિયા, આ પ્રમાણે લેવામાં આવે છે. એટલે બાકી જે ફી હોય એનો વિષય નહીં પણ કાર્ડ પૈકી આટલા નાણા લેવામાં આવે છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, અમદાવાદમાં કયા અને કેટલા વાહનો નોંધાયા છેલ્લા બે વર્ષમાં?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં ત્રણેય, આ બે કચેરીઓની અંદર એનો આંકડો જોઇશે તો હું અલગથી આપીશ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીને અલગથી આપી દેજો.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદમાં બે કચેરી આવેલી છે. એક સુભાષબ્રીજ અને એક વસ્ત્રાલ, તો આ જે આવક બતાવી છે એ બન્નેની છે કે એક છે? બન્નેની જુદી જુદી આવક કઇ? અને જુદા જુદા હેડ નીચે કેટલી આવક થઇ ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે જવાબમાં પ્રશ્નમાં આપી છે એ ટોટલ છે. જે ખાસ કરીને ગત વર્ષની ૨૨૩.૪૫ કરોડ અને ૨૦૧૪-૧૫ની ૨૩૪.૨૯ કરોડ એ બંને કચેરીઓની ભેગી આવક છે. અને માનનીય સભ્યશ્રીને આર.ટી.ઓ.ની અલગથી પૂર્વની કચેરીનું હું અહીંયા આપું તો પાછળથી વસ્ત્રાલની અંદર જે કચેરી કાર્યરત છે, એની આવક વર્ષ ૨૦૧૨-૧૩ની ૪૩.૭૬ કરોડ અને વર્ષ ૨૦૧૩-૧૪ની ૪૯.૨૦ કરોડ એમાંથી બાદ કરીએ તો બાકીની આવક સુભાષબ્રીજ કચેરીની આવક ગણાય.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નવા પસંદગીના નંબર મનગમતા નંબરમાં કેટલી આવક ઉભી કરી?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન યોગ્ય છે કે પહેલા નંબર આવતા એમાં પસંદગીના નંબર લેવા હોય એમાં લાગવગના આધારે લેવાતા હોય એમાં પણ ક્રેઝ હોય છે. અમે કેટલાક નંબરોને આઇડેન્ટીફાઇ કર્યા જે પસંદગીના નંબરો છે એમાં ઓકશન રાખીએ છીએ અને ઓકશનની અંદર જે લોકો વધારે રકમ બોલે એ લે છે. કેટલાક નંબરોની આવક તો હજારોમાં નહીં, લાખોમાં થતી હોય છે એટલે ચોક્કસ કોઇ વર્ષનો સ્પેસીફીક સમય કહેશે તો હું એમને એ પ્રમાણે આંકડો આપીશ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીને માહિતી આપી દેજો.

**શામળાજી ચેકપોસ્ટમાં આવક**

* ૧૯૨૦૧ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં આવેલ શામળાજી ચેકપોસ્ટની તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષની વાહન-વ્યવહાર ખાતાને કુલ કેટલી આવક થઇ, | (૧) રૂ. ૧૧૧.૨૮ કરોડની આવક થઈ. |
| (૨) આ આવકમાં વર્ષવાર વધારો થાય છે કે ઘટાડો, | (૨) આવકમાં વર્ષવાર વધારો થાય છે. |

અને

| | |
|---|---|
| (૩) વધારો કે ઘટાડો થવાના મુખ્યત્વે શાં કારણો છે ? | (૩) વધારો થવાના મુખ્યત્વે કારણોમાં સઘન વાહન ચેકીંગ. |

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે શામળાજી ચેકપોસ્ટ ખાતે છેલ્લા બે વર્ષમાં કેટલા ઓવરલોડ સાધનો પકડવામાં આવ્યા અને છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી દંડની રકમ વસૂલ કરવામાં આવી? મારો બીજો પ્રશ્ન છે કે શામળાજી ચેકપોસ્ટ પર ફરજ બજાવતા કોઇ અધિકારી સામે નાણાકીય ગેરરીતિ અંગે તપાસ ચાલે છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ચેકપોસ્ટની આવકની વાત કહી તો વર્ષ ૨૦૧૩–૧૪ની અંદર ૫૨.૩૭ કરોડ અને આ ફેબ્રુઆરીના અંત સુધીની ૨૦૧૪–૧૫ની આવક કહીએ તો ૫૪.૬૬ કરોડની આવક છે. ત્યાં આગળ સભ્યશ્રીએ બીજી વાત કરી કે કોઇ કર્મચારી ઉપર તપાસ ચાલે છે કે કેમ એની માહિતી મારી પાસે નથી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે શામળાજી ચેકપોસ્ટ એ ગુજરાત અને રાજસ્થાનની બોર્ડર ઉપર આવેલી ચેકપોસ્ટ છે અહીંયા વારંવાર ટેક્સ ચોરીના મોટા બનાવો બનતા હોય છે. મેં માનનીય વિજયભાઇ રૂપાણીની પરામર્શ સમિતિમાં આ પ્રશ્ન ઉઠાવેલો અને એના બીજા દિવસે લગભગ મોટા પ્રમાણમાં ચોરી પકડાયેલી તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે કેટલી રકમની ચોરી પકડાયેલી અને એમાં કોઇ અધિકારી સામે ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે કે કેમ? કેટલી રકમની ચોરી પકડાયેલી એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સ્પેસીફીક કયા દિવસની ઘટના છે એ માનનીય સભ્યશ્રી પાસેથી મને મળશે તો હું ચોકકસ એમને વિગત આપીશ. કોઇપણ ફોન કરે તો રસ્તામાં એક તો ચેકપોસ્ટ ઉપર ચેક કરવાની પદ્ધતિ, બીજા બે રસ્તા પૅરેલલ બીજા રાજયમાંથી આવતા હોય છે ત્યાંથી કોઇ ટ્રક પસાર થતી હોય અને કોઇ ધારાસભ્યશ્રી કોઇ માહિતી આપે અથવા તો ત્યાં સરપ્રાઇઝ ચેકીંગમાં ગયા હોય તો ત્યાં પણ આ ઘટના ઘટતી હોય છે તો આવી દંડ આપવાની ઘટના રોજેરોજની હોય છે એટલે એમાંથી માનનીય સભ્યશ્રીએ જે કહી એ દિવસની માહિતી મને આપશે તો હું ચોકકસ એની માહિતી માનનીય સભ્યશ્રીને આપીશ.

અધ્યક્ષશ્રી : ચોકકસ દિવસની માહિતી મંત્રીશ્રીને આપજો કયા દિવસનો બનાવ છે એ.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે શામળાજી ચેકપોસ્ટ કયારથી કાર્યરત થઇ અને આ ચેકપોસ્ટ ઉપર વાહનોના સઘન ચેકીંગ માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે અને આ કામગીરી કઇ રીતના થાય છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ચેકપોસ્ટ શરૂઆતથી જ છે ઘણો સમય થયો. લગભગ ૧૯૯૭થી આ ચેકપોસ્ટની શરૂઆત થઇ છે. બીજો પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ કહ્યો કે એમાં કાર્યવાહી શું કરવામાં આવે છે તો બીજા રાજયમાંથી આવતા વાહન ઉપર વેરો જે રાજય સરકારનો હોય છે એ ભરાય છે કે કેમ તેને ચેક કરવાનું. બીજું, જે સરકારે નિયમ કર્યા છે એ નિયમ પ્રમાણે લોડ છે કે કેમ? ઓવરલોડ તો નથીને? અને બીજું રાજય સરકારે નકકી કરેલા નિયમ પ્રમાણે ઓવરડાઇમેન્શન્સ છે કે કેમ? અને ત્રીજું, એ જે વાહન ત્યાંથી પસાર થતું હોય એ ચલાવવા લાયક છે કે કેમ? એની ફીટનેસ યોગ્ય છે કે નહીં?આ પ્રમાણેની કામગીરી ત્યાં આગળ ચેકપોસ્ટ ઉપર કરવામાં આવતી હોય છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ શામળાજી ચેકપોસ્ટ ઉપર જે ટેકસ કલેક્શન થાય છે. ત્યાં મોટા ભાગે ફોલ્ડરિયા દ્વારા થાય છે. લગભગ ૬૦ જેટલાં ફોલ્ડરિયા કામ કરી રહ્યાં છે. એના લીધે સરકાર પોતાની રેવન્યુ ગુમાવી રહી છે. મેં ઘણી વખત સરકારની ચિંતા કરી છે. સરકાર પોતાના માણસો મૂકીને આ કલેક્શન કરે તો સરકારને ઘણી આવક થાય તેમ છે. ભીલાડ પછીની સૌથી મોટી ચેકપોસ્ટ શામળાજીની છે. ત્યાં વારેઘડીએ ડુપ્લીકેટ રસીદો આપીને ટેકસ કલેક્શન કરવામાં આવે છે. તેથી ટેકસ બહાર જતો રહે છે. એવી ફરિયાદ મળી હશે? મળી હોય તો શું કાર્યવાહી કરવામાં આવી? તા. ૨૩–૧–૨૦૧૫ હમણા ટેકસ કલેક્શન બાબતે આમ તો વારાઘડીએ મારામારીના કેસ બને છે. હમણા તા. ૨૩–૧–૨૦૧૫ એ મારામારીનો કેસ થયો. ઇન્સ્પેક્ટરની ગાડી તોડી નાખવામાં આવી, છતા આનો કેસ ન થયો, કોઇએ ફરિયાદ ન કરી. અને બધુ સમી ગયું. મે રજૂઆત કરી. આટલું બધું નુકસાન સરકારને થાય છે તો કમસે કમ પોલીસને, ડી.એસ.પી.ને મેં વાત કરી, પણ કેસ પણ ન થયો. એમણે કહ્યું જાણવા જોગ ફરિયાદ થઇ હતી. એટલે પતી ગયું. એવું પણ થાય છે કે ત્યાથી એક પોલીસ માણસ ત્યાં એડવાન્સમાં કહેવા જાય છે, પોલીસ આવે છે અને પેલા લોકો જતા રહે છે. આવું વારંવાર બને છે. ચિંતા એ છે કે રેવન્યુ સરકારની વધવાની છે, આવક થવાની છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછો.

ડો. અનિલ જોષીયારા : આ પાટલી કે પેલી પાટલીનો સવાલ નથી. વિનંતી છે કે એક તો તમે તયાં કાયમી કોઇ સરકારી માણસ મૂકવા માગો છો કે કેમ? આ ડુપ્લીકેટ રસીદોની ફરિયાદ મળેલ છે કે કેમ? છેલ્લાં બે વર્ષમાં વર્ષવાઇઝ કેટલા વાહનો પસાર થયા? એમાં આવકમાં શું વધારો ઘટાડો થયો? વાહનો કેટલા વધ્યા? કેટલી આવક વધી?

તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫

તારાંકિત પ્રશ્નો

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લો પ્રશ્ન કહ્યો તે અંગે અગાઉના જવાબમાં આવકની વિગત આપી છે. બીજું સભ્યશ્રીની ચિંતા છે. અમારી પણ છે. જે વાત ફોલ્ડરિયાની કરી છે. કેટલાક ઓપરેટરનું કામ કરવાનું અને માપણી કરવાનું કામ જે હોય, એમાં એના ડેટા નાખવા માટે આઉટ સોર્સથી કેટલાક કર્મચારીઓને લેવામાં આવે છે.(અંતરાય) મારો પૂરો જવાબ સાંભળો. મેં શાંતિથી પ્રશ્ન સાંભળ્યો છે. આપ સાંભળશો તો આનંદ થશે. પછી જો લાગે તો પૂરક પ્રશ્ન કરશો જે તમે કરી શકો છો. છતા પણ માનનીય સભ્યશ્રીની કોઇ ચિંતા આ પ્રકારની હશે તો ચોક્કસ રાજ્ય સરકાર કોઇપણ બાબતે ચલાવી લેવા માગતી નથી. ૧૦૦ ટકા કમ્પ્લેટ સારું છે એવો દાવો હું નથી કરતો. પરંતુ ઘણો બધો સુધારો કર્યો છે. ૧૯૯૭ માં આવક ૬ કરોડ ૫૩ લાખ હતી. તે વધારીને અત્યારે ૫૪.૬૬ કરોડ જેટલી આ વર્ષમાં ફેબ્રુઆરી અંત સુધીમાં કરી છે, પરંતુ હજુ પણ વધારે સારુ કરવા માટે રાજય સરકારે આ વખતે બજેટમાં જોગવાઇ કરીને જ્યાં આગળ માણસ આવે અથવા માણસ નિર્ણય કરી શકે છે, ત્યાં આગળ નાની મોટી ત્રૂટી રહેતી હોય છે. આને બિલકૂલ ઓન લાઇન કરવા માટે અમે સિસ્ટમ કરી છે કે ૨૦-૨૫ વર્ષ પહેલા સિસ્ટમ હતી તે સિસ્ટમ કેમેરાની હોય એમાં કયાંક ત્રૂટી ઘણા સમયથી આવી, એટલે આ વખતે રાજય સરકારે ઓટોમેટિક કોમ્પ્યુટરાઇઝ્ડ વે બ્રીજ અને લેન સિસ્ટમ ત્યાં આગળ ટોટલી, એટલે સર્વર ઓફિસની અંદર ગાંધીનગરમાં પણ ગોઠવવું, ડેટા માટે એન્ટ્રીમાં કોઇ ઓપરેટરની જરૂર ન હોય, બહારથી આવતી ટ્રકનું ડાયમેન્શન પણ નક્કી થઇ જાય. એના નંબર આવે અને વજન કેટલું છે તે ઓટોમેટિક બ્રીજ ઉપરથી નક્કી કરી શકીએ. આનું કલેક્ટિવ વિચારીને અમે ટેન્ડર કરી દીધું છે તે કામ આપણે ચાલુ કરીશું, એટલે મેન પાવરની જરૂરીયાત ઓછી પડશે. આ ટેકનોલોજીના કારણે કાયમી નિકાલ આવી શકશે.

**મહેસાણા જિલ્લામાં પાલક માતા-પિતા યોજના હેઠળ સહાય**

* ૧૯૧૪૨ **શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં પાલક માતા-પિતા યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને કેટલી અરજીઓ નામંજૂર કરી, અને | (૨) મંજૂર -૬. નામંજૂર - શૂન્ય. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૨૬,૦૦૦/-. |

---------

શ્રી નારાયણભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પાલક માતા પિતાની યોજના કઇ તારીખથી શરૂ થઇ અને કેટલી ઉંમરના પાલક માતા-પિતાને સહાય આપવામાં આવે છે અને મહેસાણા જિલ્લામાં આજસુધી કેટલી સહાય આપવામાં આવી?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ બાળક અનાથ હોય અને આ અનાથ બાળકને તેના સગા વ્હાલા, સ્નેહી, તેના વાલીઓ તે બાળકને પોતાની પાસે રાખતા હોય અને તેની સારસંભાળ લેતા હોય તેવા વાલી વારસોને દર મહિને એક હજાર રૂપિયા રાજય સરકાર તરફથી આપવામાં આવે છે. અત્યાર સુધીમાં મહેસાણા જિલ્લાની અંદર કુલ ૩૧ લાભાર્થીઓને ૨.૬૪ હજાર રૂપિયાની આર્થિક સહાય કરવામાં આવી છે. આ યોજના ૧૯૭૮માં ૭૫ રૂપિયાથી શરૂ કરી હતી અને આજે એક હજાર રૂપિયા સહાય આપવામાં આવે છે.

શ્રી રૂ.ષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ યોજનાની પાત્રતાના માપદંડો જણાવે.

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, બાળક શાળામાં અભ્યાસ કરતો હોવો જોઇએ. તેની ઉંમર ૦ થી ૧૮ વર્ષની હોવી જોઇએ. તેના માતા પિતાની આવક ગ્રામ્ય વિસ્તાર હોય તો ૨૭ હજાર અને શહેરી વિસ્તાર હોય તો ૩૬ હજાર કરતાં વધારે આવક ન હોય તે જ લોકોને આ સહાયનો લાભ આપતા હોઇએ છીએ.

**વડાલી ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ**

* ૧૯૦૯૧ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં વડાલી ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી કયારે આપવામાં આવી છે, અને | (૨) તા.૬-૦૮-૨૦૧૩ના રોજ રૂ.૪,૦૯,૧૦,૦૦૦/- ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ? | (૩) કામ પુર્ણ થયેલ છે. |

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વડાલી ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગ બનાવવાની શી આવશ્યકતા ઉભી થઇ અને આ નવીન કોર્ટ બનવાથી શું લાભ થશે**?**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં વડાલી ખાતે પ્રિન્સીપલ સિવિલ જજ અને જે.એમ.એફ.સી. કક્ષાના ન્યાયિક અધિકારીની આ કોર્ટ છે. ૨૦૧૨થી આ કોર્ટ કાર્યરત છે. આ કોર્ટને પોતાનું મકાન નહીં હોવાથી તે ભાડાના મકાનમાં બેસતી હતી. એટલા માટે આ કોર્ટ માટે નવી બિલ્ડીંગ બનાવવા માટેની આવશ્યકતા ઉભી થઇ છે. આ રાજય સરકારનો અભિગમ છે કે ગુજરાતના તમામે તમામ તાલુકે તાલુકે કોર્ટ આપીએ અને જયાં કોર્ટ આપીએ ત્યાં કોર્ટના બિલ્ડીંગ બનાવીએ તેના ભાગ સ્વરૂપે આ નવી કોર્ટ બિલ્ડીંગ બનાવવા માટેનો નિર્ણય કર્યો છે. કોઇપણ જગ્યાએ ભાડાના મકાનની અંદર કોર્ટ ચાલે તો એક કોર્ટની અંદર ૨૦ થી ૨૧ લોકોનો સ્ટાફ કાર્યરત હોય છે. તેની અંદર આરોપીઓનું પ્રોડકશન, આસપાસમાં રહેતા લોકો અને જજ હોય તેને તથા લીટીગન્ટસ હોય આ બધાને બહુ સમસ્યાઓ થતી હોય છે. એટલા માટે આ બધી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને વડાલી ખાતે ૪ કરોડ ૦૯ લાખ રૂપિયાના ખર્ચે નવી કોર્ટ બનાવવા માટેનું કામ રાજય સરકારે હાથ ઉપર લીધું છે.

શ્રી શંભુજી ચે. ઠાકોર : : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ કામે ટેન્ડર પ્રક્રિયા થયેલ છે કે કેમ અને આ કામ કોને કેટલી કિંમતે આપવામાં આવેલ છે અને હાલ તે કયા તબકકે છે**?**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : : માનનીય અધ્યક્ષશ્રી, કાયદા વિભાગ દ્વારા ૬–૮–૨૦૧૩ના રોજ આ કામની વહીવટી મંજૂરી આપી હતી. તેની ટેકનિકલ મંજૂરી ૨૦૧૩ના ૧૦મા મહિનામાં આપી છે. કુલ નવ જેટલી પાર્ટીઓએ ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લીધો હતો. તેમાં ૩.૩૧ કરોડની રકમ ભરનાર હિરલ કન્સ્ટ્રકશન અમદાવાદના કામનું ટેન્ડર કોસ્ટ ટુ ટેન્ડર ગણીએ તો ૧૬ ટકા નીચું આવ્યું છે અને બીડરને તા.૩–૨–૨૦૧૪ના રોજ વર્ક ઓર્ડર આપી દીધો છે. અત્યારે આપણી વન વિભાગની એજન્સી વનીલને ફર્નિચરનું કામ આપ્યું છે. એપ્રિલ ૨૦૧૫ના અંત સુધીમાં આ કોર્ટનું ભવન તૈયાર થવાનો અંદાજ છે.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સાબરકાંઠાની અંદર છેલ્લા ત્રણ વર્ષની અંદર કોર્ટના મકાનો, ન્યાયધિશના રહેઠાણના મકાનો અને સ્ટાફના રહેઠાણના મકાનો માટે કોઇ મંજૂરી આપવામાં આવી છે કે કેમ અને જો આપવામાં આવી હોય તો તેની વિગતો આપે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારે છેલ્લા ત્રણ વર્ષની અંદર સાબરકાંઠા જિલ્લાની અંદર ૫૮ કરોડ ૧૪ લાખ જેટલા નવીન કોર્ટના મકાનો અને ન્યાયિક અધિકારીના..

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

**રાજ્ય પારિતોષીક વિજેતા શિક્ષકોને એસ.ટી.બસમાં મફત મુસાફરી**

* ૧૯૬૩૭ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧મી ડીસેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી બનાસકાંઠા જિલ્લામાં રાજ્ય પારિતોષીક વિજેતા શિક્ષકોની રાજ્ય સરકારની એસ.ટી.બસમાં ૨૫૦૦ કી.મી.ની મર્યાદામાં મફત મુસાફરી કરવાની યોજનાનો લાભ ૩૨ જેટલા એવોર્ડ વિજેતા શિક્ષકોને મળતો નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) બનાસકાંઠા જિલ્લામાં રાજ્ય પારિતોષીક વિજેતા તમામ શિક્ષકોને રાજ્ય સરકારની એસ.ટી.બસમાં ૨૫૦૦ કી.મી.ની મર્યાદામાં મફત મુસાફરી કરવાની યોજનાનો લાભ આપવામાં આવે છે. |
| (૨) જો હા, તો તેના શા કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) એવોર્ડ વિજેતા તમામ શિક્ષકોને આ સવલત કયાં સુધીમાં પુરી પાડવામાં આવનાર છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**આણંદ જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

* ૧૯૧૫૦ **શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧૯૮૮૫૬. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૧૯૮૮૫૬ વિદ્યાર્થીઓને રૂ. ૫,૯૬,૫૬,૮૦૦/– રકમની સહાય ચૂકવવામાં આવી. |

તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

---------

**વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં મરણોત્તર સહાય**

* ૧૯૫૮૪ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં અનુસૂચિત જાતિ માટેની મરણોત્તર સહાયની યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ સહાય મેળવવા મળી,

(૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી, અને

(૪) જો અરજીઓ પડતર હોય તો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | વર્ષ–૨૦૧૩ | વર્ષ–૨૦૧૪ | કુલ |
|---|---|---|---|
| વડોદરા | ૮૨ | ૯૪ | ૧૭૬ |
| છોટાઉદેપુર | ૨૨ | ૧૨ | ૩૪ |
| **કુલ** | **૧૦૪** | **૧૦૬** | **૨૧૦** |

(૨) ૨૧૦.

(૩)

| જિલ્લો | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ |
|---|---|---|---|
| વડોદરા | રૂ.૨૦૫૦૦૦ | રૂ.૨૮૫૦૦૦ | રૂ.૪૯૦૦૦૦ |
| છોટાઉદેપુર | રૂ.૫૫૦૦૦ | રૂ.૩૫૦૦૦ | રૂ.૯૦૦૦૦ |
| **કુલ** | **રૂ.૨૬૦૦૦૦** | **રૂ.૩૨૦૦૦૦** | **રૂ.૫૮૦૦૦૦** |

(૪) એક પણ અરજી પડતર નથી.

**રાજ્યના બિલ્ડરો પાસેથી વસૂલ થતી સેસની રકમમાંથી ખર્ચ**

* ૧૯૧૮૪ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યના બાંધકામ ક્ષેત્રના કામદારોના કલ્યાણ કરવા અને બિલ્ડરો કોન્ટ્રાકટરો અને ડેવલપરો પાસેથી વસૂલ થતી સેસની કેટલી રકમ જમા છે, અને

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ રકમમાંથી મજુરોના કલ્યાણ માટે કેટલી રકમ ખર્ચ કરવામાં આવી?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ સેસ એકટ પ્રમાણે રૂ.૯૦૯,૨૨,૧૫,૬૬૮/– ની રકમ જમા છે.

(૨) વર્ષ ૨૦૧૩માં કુલ રૂ. ૯૯,૭૩,૬૨૬/ – તેમજ વર્ષ ૨૦૧૪માં કુલ ૩,૩૬,૧૨,૯૧૮/– જેટલી રકમ ખર્ચ કરવામાં આવી.

---------

**લુણાવાડા તાલુકામાં મંજૂર ગામની આંતરિક પેયજળ યોજનાઓ**

* ૧૯૦૮૭ **શ્રી સુરેશભાઇ ધ. પટેલ (મણિનગર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર કરેલ ઉકત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે?

**જવાબ**

(૧) ૭ યોજનાઓ.

(૨) રૂ. ૧૦૭.૯૨ લાખ.

---------

**આણંદ, ખેડા અને વડોદરા જિલ્લામાં ખાનગી બસ સર્વિસ**

* ૧૯૬૫૦ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ આણંદ, ખેડા અને વડોદરા જિલ્લામાં કઈ ખાનગી કંપનીઓને બસ સર્વિસ ચલાવવાની મંજુરી છેલ્લા બે વર્ષમાં ક્યારે આપવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ કયા બસ રૂટો અને કેટલા ભાડાની મંજુરી આપવામાં આવેલ છે.

(૩) ખાનગી બસ સર્વિસ શરૂ થવાથી એસ.ટી. નિગમને આર્થિક નુકસાની થાય છે કે કેમ, અને

(૪) જો હા, તો ઉકત આર્થિક નુકસાન નિવારવા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) આણંદ, ખેડા, અને વડોદરા જિલ્લા પૈકી છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના નડીયાદ ખાતે ખાનગી કંપની બંસી ટ્રાવેલ્સને બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, ગાંધીનગરના તા.૪-૯-૨૦૧૩ના જાહેરનામા ક્રમાંકઃપીટી-૨૦૧૩-૩૧-એમટીએ-૧૮૨૦૧૦-૯૪-ખ-થી બસ સર્વિસ ચલાવવાની મંજુરી આપવામાં આવેલ છે.

(૨) ઉકત સ્થિતિએ કુલ-૮(આઠ) રૂટો અને ભાડા માટેની મંજૂરી આપવામાં આવેલ છે.જેમાં પ્રથમ સ્ટેજ કે તેના ભાગ માટે રૂ. ૪.૦૦ દરેક મુસાફર માટે ત્યારબાદ બીજા સ્ટેજ કે તેના ભાગ માટે રૂ.૩.૦૦, તે પછીના દરેક સ્ટેજ કે તેના ભાગ માટે રૂ. ૨.૦૦ ના ભાડાની મંજૂરી આપવામાં આવેલ છે.

| અ.નં. | રૂટનું નામ | અ.નં. | રૂટનું નામ |
|---|---|---|---|
| ૧ | સ્ટેશનથી હાથજ | ૨ | સ્ટેશનથી ભુમેલ ચોકડી |
| ૩ | સ્ટેશનથી ભવાનીપુર | ૪ | સ્ટેશનથી સુલુણ અનુપમ ફેકટરી |
| ૫ | સ્ટેશનથી નરસંડા | ૬ | સ્ટેશનથી ગોકળપુરા |
| ૭ | સ્ટેશનથી પીજ | ૮ | સ્ટેશનથી ઉત્તરસંડા ચોકડી |

(૩) નગરપાલિકા/મહાનગરપાલિકાએ માંગણી કરેલ રૂટો પૈકી જે રૂટો નિગમના સંચાલનને અસર કરતા ન હોય તેવા રૂટો માટે એસ.ટી.નિગમ તરફથી ''ના વાંધા પ્રમાણપત્ર'' આપવામાં આવે છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## જામનગર આર.ટી.ઓ. કચેરીમાં આવક

* ૧૯૧૧૫ **શ્રી મેઘજીભાઈ અ. ચાવડા(કાલાવડ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર આર.ટી.ઓ. કચેરીને તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ,

(૨) વર્ષ ૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને

(૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧) જામનગર આર.ટી.ઓ. કચેરીને તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રૂપિયા ૮૭.૧૫ કરોડની આવક થઈ.

(૨) વર્ષ ૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં રૂપિયા ૧૬.૮૫ કરોડનો વધારો થયો છે.

(૩) આવકમાં ઘટાડો થયેલ નથી.

---------

## જામનગરજિલ્લામાં ટ્રિબ્યુનલ સમક્ષ પડતર અરજીઓ

* ૧૯૬૧૬ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધી મેઈન્ટેનન્સ એન્ડ વેલફેર ઓફ પૅરેન્ટસ એન્ડ સીનીયર સીટીઝન એકટ-૨૦૦૭ અન્વયે વરિષ્ઠ નાગરિકો અને માતાપિતાના ભરણપોષણની કેટલી

**જવાબ**

(૧) શૂન્ય.

અરજીઓ પ્રાંત અધિકારીની બનેલી ટ્રીબ્યુનલ સમક્ષ અને કેટલી અરજીઓ એપેલેટ ટ્રીબ્યુનલ સમક્ષ પડતર છે,

(૨) અરજીઓ પડતર રહેવાના શા કારણો છે, અને

(૩) તમામ પડતર અરજીઓનો નિકાલ કયાં સુધીમાં કરવામાં આવનાર છે?

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**અમરેલી જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન સહાય**

* ૧૯૧૪૬ **શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(લાઠી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના અરજદારોની કેટલી અરજીઓ મળી, | (૧) ૦૩. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૦૨. |
| (૩) કુલ કેટલી રકમની લોન ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૭.૫૦ લાખ. |

---------

**મહીસાગર જિલ્લામાં વૃધ્ધ પેન્શન યોજના હેઠળ અરજીઓ**

* ૧૯૨૪૪ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ વર્ષવાર તાલુકાદીઠ કેટલી અરજીઓ આવી, | (૧) અને (૨) : પત્રક મુજબ |
| (૨) તે પૈકી ઉપરોકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી, | |
| (૩) મંજૂર કરેલ અરજી અન્વયે વૃધ્ધ પેન્શનરોને સમયસર નાણાં નથી મળતા તે હકીકત સાચી છે, અને | (૩) ના, જી. |
| (૪) જો હા, તો ક્યા કારણોસર સમયસર નાણાં ચૂકવવામાં આવતા નથી ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક**

| તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ વર્ષવાર તાલુકાવાર મળેલ અરજીઓ, મંજૂર અરજીઓ અને નામંજૂર અરજીઓ નીચે મુજબ છે. | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** | | | **મંજૂર અરજીઓ** | | | **નામંજૂર અરજીઓ** | | |
| | | **તા.૧–૨–૨૦૧૩ થી તા.૩૧–૧–૨૦૧૪** | **તા.૧–૨–૨૦૧૪ થી તા.૩૧–૧–૨૦૧૫** | **તા.૧–૨–૨૦૧૩ થી તા.૩૧–૧–૨૦૧૫** | **તા.૧–૨–૨૦૧૩ થી તા.૩૧–૧–૨૦૧૪** | **તા.૧–૨–૨૦૧૪ થી તા.૩૧–૧–૨૦૧૫** | **તા.૧–૨–૨૦૧૩ થી તા.૩૧–૧–૨૦૧૫** | **તા.૧–૨–૨૦૧૩ થી તા.૩૧–૧–૨૦૧૪** | **તા.૧–૨–૨૦૧૪ થી તા.૩૧–૧–૨૦૧૫** | **તા.૧–૨–૨૦૧૩ થી તા.૩૧–૧–૨૦૧૫** |

| | | | | સુધીની કુલ | | | સુધીની કુલ | | | સુધીની કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | લુણાવાડા | ૬૨૮ | ૭૯૩ | ૧૪૨૧ | ૫૨૭ | ૫૭૨ | ૧૦૯૯ | ૧૦૧ | ૨૨૧ | ૩૨૨ |
| ૨ | ખાનપુર | ૩૦૭ | ૧૧૦ | ૪૧૭ | ૨૯૮ | ૧૧૦ | ૪૦૮ | ૯ | ૦ | ૯ |
| ૩ | સંતરામપુર | ૧૦૯૭ | ૧૫૮૨ | ૨૬૭૯ | ૧૦૧૫ | ૧૪૭૭ | ૨૪૯૨ | ૮૨ | ૧૦૫ | ૧૮૭ |
| ૪ | કડાણા | ૪૭૯ | ૮૨૧ | ૧૩૦૦ | ૨૦૯ | ૫૦૭ | ૭૧૬ | ૨૭૦ | ૩૧૪ | ૫૮૪ |
| ૫ | બાલાસિનોર | ૩૮૬ | ૫૦૩ | ૮૮૯ | ૩૬૮ | ૪૬૯ | ૮૩૭ | ૧૮ | ૩૪ | ૫૨ |
| ૬ | વિરપુર | ૭૫ | ૪૧૧ | ૪૮૬ | ૭૩ | ૩૭૯ | ૪૫૨ | ૨ | ૩૨ | ૩૪ |
| | **કુલ** | **૨૯૭૨** | **૪૨૨૦** | **૭૧૯૨** | **૨૪૯૦** | **૩૫૧૪** | **૬૦૦૪** | **૪૮૨** | **૭૦૬** | **૧૧૮૮** |

---------

**સાબરકાંઠા જિલ્લામાં આવાસ યોજના હેઠળ અરજીઓ**

* ૧૯૬૫૪ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પંડીત દીનદયાળ આવાસ યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ પડતર છે, અને

**જવાબ**

(૧) અને (૨) :

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૭૭૬ | ૭૭૬ | ૦ |
| ૨ | પ્રાંતિજ | ૪૩૦ | ૪૩૦ | ૦ |
| ૩ | તલોદ | ૯૧૬ | ૯૧૬ | ૦ |
| ૪ | ઈડર | ૧૦૭૯ | ૧૦૭૯ | ૦ |
| ૫ | વડાલી | ૪૯૧ | ૪૯૧ | ૦ |
| ૬ | ખેડબ્રહ્મા | ૩૨૯ | ૩૨૯ | ૦ |
| ૭ | વિજયનગર | ૨૩ | ૨૩ | ૦ |
| ૮ | મેઘરજ | ૨૧૯ | ૨૧૯ | ૦ |
| ૯ | ધનસુરા | ૧૭૫ | ૧૭૫ | ૦ |
| ૧૦ | બાયડ | ૩૭૪ | ૩૭૪ | ૦ |
| ૧૧ | ભિલોડા | ૪૫૩ | ૪૫૩ | ૦ |
| ૧૨ | મોડાસા | ૩૮૯ | ૩૮૯ | ૦ |
| ૧૩ | માલપુર | ૧૬૫ | ૧૬૫ | ૦ |
| | **કુલ** | **૫૮૧૯** | **૫૮૧૯** | **૦** |

(૩) અરજીઓ પડતર રહેવાના કારણો કયા છે ?

(૩) એક પણ અરજી પડતર ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુરત જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા થકી રોજગારી**

* ૧૯૦૭૪ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ?

**જવાબ**

(૧) ૭૨.

(૨) ૨૭૫૮૯.

---------

**નેત્રંગ તાલુકામાં મંજૂર ગામની આંતરિક પેયજળ યોજનાઓ**

તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

* ૧૯૦૮૯ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૮ યોજનાઓ. |
| (૨) મંજૂર કરેલ ઉકત યોજનાઓની કુલ અંદાજીત કિંમત કેટલી છે ? | (૨) રૂ.૨૦૭.૫૭ લાખ. |

---------

**નર્મદા આધારિત હાફેશ્વર પાણી પુરવઠા યોજના**

* ૧૯૫૯૯ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૨૮–૨–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં નર્મદા આધારિત હાફેશ્વર પાણી પુરવઠા યોજનાની કેટલી રકમના અંદાજ સાથે છેલ્લા બે વર્ષમાં ક્યારે મંજૂરી આપવામાં આવી,

(૨) આ યોજનામાં તાલુકાવાર કેટલા ગામોને લાભ મળનાર છે,

(૩) તા.૨૮–૨–૨૦૧૫ની સ્થિતિએ આ યોજના પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૪) આ યોજના પૂરી કરવાની મુદતમાં ક્યારે વધારો કરવામાં આવ્યો, ઉકત સ્થિતિએ યોજના પૂરી કરવાની છેલ્લી મુદત કઈ છે ?

**જવાબ**

(૧) તા.૨૮–૨–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં નર્મદા આધારીત હાફેશ્વર પાણી પુરવઠા યોજનાની છેલ્લા ૨ વર્ષમાં કોઈ મંજૂરી આપવામાં આવેલ નથી. પરંતુ તા.૨૦–૬–૨૦૧૧ થી કામ સોંપવામાં આવેલ.

(૨) તાલુકાવાર ગામોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | ગામો |
|---|---|---|
| ૧ | કવાંટ | ૯૬ |
| ૨ | બોડેલી | ૧૫ |
| ૩ | પાવી જેતપુર | ૨૭ |
| | **કુલ** | **૧૩૮ ગામો** |

(૩) રૂ.૬૪૨૬.૨૭ લાખ.

(૪) આ યોજના અંતર્ગત કામગીરી પૂર્ણ કરવાની મુદતમાં કોઈ વધારો કરવામાં આવેલ નથી. પરંતુ આ કામની એજન્સી દ્વારા કામો પૂર્ણ ન કરતાં ટર્મીનેટ કરવામાં આવેલ છે. બાકીના કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**પંચમહાલ જિલ્લામાં ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો**

* ૧૯૧૪૮ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે કેટલા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો છે, અને | (૧) ૪૦. |
| (૨) આ જિલ્લામાં બીજા નવા છાત્રાલયો શરૂ કરવા માટે સરકારે કોઈ આયોજન કરેલ છે ? | (૨) સમગ્ર રાજ્યમાં ૨૫ નવીન બક્ષીપંચના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો શરૂ કરવાની જોગવાઈ થયેલ છે. |

---------

**મહીસાગર જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના**

અતારાંકિત પ્રશ્નો

* ૧૯૧૩૧ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહીસાગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૬. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૩.૦૦ લાખ. |

---------

**ભાવનગર જિલ્લામાં આવેલ આદર્શ નિવાસી શાળાઓ**

* ૧૯૧૩૨ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ભાવનગર જિલ્લામાં વિકસતી જાતિના બાળકો માટે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલી આદર્શનિવાસી શાળાઓ આવેલી છે ? | ૦૧ (એક). |

---------

**ખેડબ્રહ્મા ખાતે નવિન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ**

* ૧૯૦૯૩ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા ખાતે નવિન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ.૬,૬૩,૮૦,૦૦૦/–. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

**જૂનાગઢ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ મંજૂર યોજનાઓ**

* ૧૮૦૯૪ **શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામિણ પેયજળ કાર્યક્રમ હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, | (૧) ૮૨ યોજનાઓ. |
| (૨) તે પૈકી કેટલી યોજનાઓ પૂર્ણ કરી, | (૨) ૧૯ યોજનાઓ. |
| (૩) કેટલી બાકી રહી છે તથા તે ક્યારે પૂરી થનાર છે, અને | (૩) ૫૭ યોજનાઓ પ્રગતિ હેઠળ છે જે વહેલી તકે સંબંધિત પાણી સમિતિ મારફત પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે ૦૬ યોજનાઓ બાકી રહે છે. જે ગામ લોકો દ્વારા જરૂરી લોકફાળો ભર્યેથી પાણી સમિતિ મારફત એક વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૪) બાકી રહેવાનાં શાં કારણો છે ? | (૪) પાણી સમિતિ તથા ગામલોકોની પુરતી સક્રિયતા ન હોવાને કારણે જરૂરી લોકફાળો થયેલ નથી જેને કારણે બાકી ૦૬ યોજનાના કામો શરૂ થઈ શકેલ નથી. |

---------

**વડોદરા તાલુકામાં મંજૂર ગામની આંતરીક પેયજળ યોજનાઓ**

અતારાંકિત પ્રશ્નો

* ૧૯૦૮૨ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે વડોદરા જિલ્લાના વડોદરા તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૦ યોજનાઓ. |
| (૨) મંજૂર કરેલ ઉકત યોજનાઓની કુલ અંદાજીત કિંમત કેટલી છે ? | (૨) રૂ.૧૩૭.૯૮ લાખ. |

---------

**ભાવનગર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મંજૂર અરજીઓ**

* ૧૯૧૨૮ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) ૫૩૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૩૦૧. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ ? | (૩) ૨૦૭. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ચૂકવેલ મરણોત્તર સહાય**

* ૧૯૧૫૪ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૨૫૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૩૭. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૭,૨૨,૫૦૦/–. |

---------

**પાટણ જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

* ૧૯૨૫૯ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કુલ કેટલા શિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૧૨૪૨૪. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી મળી હતી ? | (૨) ૪૨૬૯. |

---------

**બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વકર્સ વેલફેર સેસ પેટે જમા રકમ**

* ૧૯૨૩૦ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩–૧–૨૦૦૫ના જાહેરનામા મુજબ જુદી–જુદી એજન્સીઓ દ્વારા તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ રાજ્યમાં બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વકર્સ વેલ્ફેર સેસ પેટે કેટલી રકમ જમા | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વકર્સ સેસ એકટ પ્રમાણે રૂ.૯૦૯,૨૨,૧૫,૬૬૮/– ની રકમ જમા છે. |

થયેલ છે,

(૨) જમા થયેલ રકમ કેવા હેતુઓ માટે વાપરવાની હોય છે, અને

(૨) ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં બાંધકામ શ્રમિક તરીકે નોંધાયેલ શ્રમિકોના કલ્યાણ માટેની કલ્યાણકારી યોજનાઓ માટે વાપરવાની હોય છે.

(૩) જમા થયેલ રકમ પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમ ક્યા હેતુ માટે વાપરવામાં આવી ?

(૩) તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં શિક્ષણ સહાય પેટે રૂ.૨૨,૬૩,૨૫૦/- તેમજ અંત્યેષ્ઠિ સહાય પેટે રૂ.૨૦૦૦/- ની રકમ મળી કુલ રૂ.૨૨,૬૫,૨૫૦/- તેમજ જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૩ની સ્થિતિએ શિક્ષણ સહાય, રૂ.૨,૦૫,૦૦૦ આપવામાં આવેલ છે. જ્યારે તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ શિક્ષણ સહાય રૂ.૩૭,૦૯,૫૧૮ પ્રસુતિ સહાય રૂ.૬૦૦૦/- તેમજ અંત્યેષ્ઠિ સહાય પેટે રૂ.૬૦૦૦/- ની રકમ મળી કુલ રૂ.૩૯,૨૦,૫૧૮/- ની રકમ વાપરવામાં આવેલ છે.

---------

**ઝઘડીયા તાલુકામાં મંજૂર ગામની આંતરિક પેયજળ યોજનાઓ**

* ૧૯૦૯૦ **શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામિણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૩૯ યોજનાઓ. |
| (૨) મંજૂર કરેલ ઉકત યોજનાઓની કુલ અંદાજીત કિંમત કેટલી છે ? | (૨) રૂ.૫૩૭.૪૪ લાખ. |

---------

**રાજ્યના કૌશલ્ય વર્ધન કેન્દ્રોમાં મશીનરી આપવા બાબત**

* ૧૯૬૫૮ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૨૮-૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રોજગાર અને તાલીમ નિયામક હસ્તક ચાલતાં આઈ.ટી.આઈ. માં શરૂ કરેલા ૧૬૫ કૌશલ્ય વર્ધન કેન્દ્રોમાં વડી કચેરી દ્વારા ખરીદીને આપવાની થતી મશીનરી આપવામાં આવી નથી તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ મહેસાણા અને ગાંધીનગર જિલ્લાની આઈ.ટી.આઈ. ના કૌશલ્ય વર્ધન કેન્દ્રોને ક્યાં સુધીમાં મશીનરી આપવામાં આવશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો તેનાં શાં કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જૂનાગઢ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના**

* ૧૯૧૬૪ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૮. |
| (૨) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર | (૨) ૭. |

કરી, અને

| | |
|---|---|
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૩.૫૦ લાખ. |

---------

**બીડી ઉદ્યોગ કામદારોને વેચાણ માટે સીધું લાયસન્સ આપવા બાબત**

* ૧૮૯૫૭ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ બોરસદ તાલુકામાં બીડી ઉદ્યોગના કામદારોનું શોષણ અટકાવવા કામદારોને વેચાણ માટેનું સીધું લાયસન્સ આપવા અંગે સરકારે શી વિચારણા કરી અને કેટલા સમયમાં તેનો અમલ થશે ? | બીડી અને સિગાર કામદાર (રોજગારીની શરતો) અધિનિયમ, ૧૯૬૬ કે તે હેઠળનાં નિયમોમાં બીડી ઉદ્યોગનાં કામદારોને વેચાણ માટે સીધું લાયસન્સ આપવાની જોગવાઈ નથી.આથી વિચારણા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**નવસારી જિલ્લામાં રેડ થકી મુકત થયેલ બાળમજૂરો**

* ૧૯૦૭૮ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં ચાઈલ્ડ લેબર (નિયમન અને નાબૂદી)–૧૯૮૬ એકટ હેઠળ સને–૨૦૧૪ માં કેટલી રેડ પાડવામાં આવી, અને | (૧) ૧૦. |
| (૨) તે રેડ દરમ્યાન કેટલા બાળકોને મુકત કરાવવામાં આવ્યાં ? | (૨) કોઈ બાળમજૂર મળી આવેલ નથી. |

---------

**જૂનાગઢ આર.ટી.ઓ. કચેરીમાં આવક**

* ૧૯૦૬૯ **શ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ(જૂનાગઢ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪–૧૫ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ જુનાગઢ આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઇ, | (૧) રૂપિયા ૪૩.૯૨ કરોડની આવક થઇ. |
| (૨) વર્ષ ૨૦૧૩–૧૪ ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) રૂપિયા ૬.૪૪ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શું છે? | (૩) આવકમાં ઘટાડો થયેલ નથી. |

---------

**સોનગઢ તાલુકાના ગામોનો જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવેશ**

* ૧૯૦૮૫ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૨૮–૨–૨૦૧૫ ની સ્થિતિએ તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં પીવાના પાણી માટે વર્ષ–૨૦૧૪–૧૫ માં કેટલી અને કઈ જૂથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે, અને | (૧) ૧ (એક)<br>મલંગદેવઓટ્ટા જુથ પાણી પુરવઠા યોજના. |
| (૨) ઉક્ત યોજનાઓમાં કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે ? | (૨) ૧૧ ગામો. |

---------

**પાટણ જિલ્લા ખાતે કોર્ટ બિલ્ડીંગમાં વધારાના માળનું બાંધકામ**

* ૧૯૦૯૪ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લા ખાતે કોર્ટ બિલ્ડીંગમાં વધારાના માળના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ | (૧) હા, જી. |

| | |
|---|---|
| છે તે હકીકત સાચી છે, | |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૫,૭૨,૭૩,૦૦૦/–. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં બોર બ્લાસ્ટીંગ માટેની યોજના**

* ૧૯૦૮૦ **શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા બોર બ્લાસ્ટીંગ કરી રીચાર્જ કરવા માટેની યોજના હતી, અને | (૧) ૧૨ ગામોના કુલ ૧૫ તળાવ/નદીના તળમાં ૪૫૦ બોર શારીને તેમાં બ્લાસ્ટીંગ કરી રીચાર્જ કરવા માટેની યોજના હતી. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા કામો પૂર્ણ કરેલ છે ? | (૨) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ તે પૈકી ૧ ગામ ૨ તળાવમાં કુલ ૬૦ બોર શારીને તેમાં બ્લાસ્ટીંગ કરવાના કામો પુર્ણ કરવામાં આવેલ છે. હાલ તમામ કામો પુર્ણ કરેલ છે. |

---------

**ગાંધીનગર જિલ્લામાં ચૂકવેલ મરણોત્તર સહાય**

*૧૯૧૫૭ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) :** માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૨૫૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૫૦. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૯,૧૦,૦૦૦/-. |

---------

**રાજકોટ જિલ્લામાં પાલક માતા–પિતા યોજના હેઠળ સહાય**

* ૧૯૧૪૧ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં પાલક માતા–પિતા યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૧૩. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી અરજીઓ નામંજૂર કરી, અને | (૨) મંજૂર – ૧૩<br>નામંજૂર – ૦. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૮૦,૦૦૦/-. |

---------

**સાણંદ અને બાવળા તાલુકાની આઇ.ટી.આઇ. માં ખાલી જગ્યાઓ**

* ૧૯૧૭૮ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાણંદ અને બાવળા તાલુકામાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં સંવર્ગવાર કેટલુ મહેકમ મંજુર થયેલ છે, | (૧) પત્રક–૧ મુજબ. |
| (૨) તે અન્વયે કેટલી જગ્યાઓ ભરેલ છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, | (૨) પત્રક–૧ મુજબ. |
| (૩) ભરાયેલ જગ્યાઓ ફીક્સ પગારથી કે રોજમદારથી ભરાયેલ હોય તો સંવર્ગવાર કેટલો પગાર | (૩) ઉક્ત સ્થિતિએ પાંચ વર્ષના કરારથી નિમણૂંક પામેલ નીચે મુજબના સંવર્ગની જગ્યા પરના કર્મચારીઓને |

આપવામાં આવે છે, અને

જે તે સંવર્ગ સામે દર્શાવેલ માસિક ફીક્સ પગાર આપવામાં આવે છે.

(૧) ફોરમે ઈન્સ્ટ્રકટર – રૂ. ૧૩,૭૦૦/–
(૨) સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર – રૂ. ૧૩,૫૦૦/–
(૩) જુનિયર કલાર્ક– રૂ. ૭,૮૦૦/–
– રોજમદારથી કોઈ જગ્યા ભરાયેલ નથી.

(૪) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) વહીવટી અનુકૂળતા ધ્યાને લઈ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

**પત્રક–૧**

| ક્રમ | તાલુકો | ઓદ્યોગિક તાલીમ સંસ્થાનું નામ | સંવર્ગનું નામ | મંજુર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યાઓ | જગ્યા ખાલી પડ્યા તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | બાવળા | આઈ.ટી.આઈ. બાવળા | આચાર્ય વર્ગ–૨ | ૧ | ૧ | ૦ | – |
| | | | ફોરમેન ઈન્સ્ટ્રકટર | ૧ | ૧ | ૦ | – |
| | | | સિનિયર કલાર્ક | ૧ | ૧ | ૦ | – |
| | | | આસી. સ્ટોરકિપર | ૧ | ૦ | ૧ | ૦૩–૧૨–૨૦૧૦ |
| | | | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૬ | ૫ | ૧ | ૨૯–૦૬–૨૦૧૩ |
| | | | જુનિયર કલાર્ક | ૧ | ૧ | ૦ | – |
| | | | વર્કશોપ એટેન્ડન્ટ | ૧ | ૦ | ૧ | ૦૩–૧૨–૨૦૧૦ |
| | | | ચોકીદાર (આઉટસોર્સ) | ૩ | ૦ | ૩ | ૦૧–૦૧–૨૦૧૫ |
| | | | પટાવાળા (આઉટસોર્સ) | ૨ | ૦ | ૨ | ૦૧–૦૧–૨૦૧૫ |
| | | | સફાઈ કામદાર (આઉટ સોર્સ) | ૧ | ૦ | ૧ | ૦૧–૦૧–૨૦૧૫ |
| | | | બાવળા કુલ | ૧૮ | ૯ | ૯ | |
| ૨ | સાણંદ | આઈ.ટી.આઈ. સાણંદ | આચાર્ય વર્ગ–૨ | ૧ | ૧ | ૦ | – |
| | | | ફોરમેન ઈન્સ્ટ્રકટર | ૨ | ૨ | ૦ | – |
| | | | સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર | ૧૮ | ૧૫ | ૩ | ૧૫–૦૫–૨૦૧૩<br>૨૧–૦૪–૨૦૧૨<br>૨૯–૦૮–૨૦૧૨ |
| | | | આસી. સ્ટોરકીપર | ૧ | ૦ | ૧ | ૨૪–૧૧–૨૦૧૦ |
| | | | સીનીયર કલાર્ક | ૧ | ૦ | ૧ | ૨૦–૧૦–૨૦૧૪ |
| | | | કલાર્ક કમ ટાઈપીસ્ટ | ૧ | ૦ | ૧ | ૧૮–૦૩–૨૦૧૩ |
| | | | પટાવાળા | ૧ | ૦ | ૧ | ૩૦–૦૬–૨૦૧૩ |
| | | | સાણંદ કુલ | ૨૫ | ૧૮ | ૭ | |
| | | **બાવળા અને સાણંદ કુલ** | | **૪૩** | **૨૭** | **૧૬** | |

–––––––––

**મહેસાણા જિલ્લામાં આવેલ બેચરાજીના વિકાસ માટેની કાર્યવાહી**

* ૧૮૫૮૩ **શ્રી રૂ.ષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં આવેલ બેચરાજીના વિકાસ માટે શી કાર્યવાહી હાથ ધરેલ છે,

(૨) આ સ્થળે પ્રવાસીઓ માટે કઈ સવલતો ઉભી કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) બહુચરાજીના વિકાસ માટે મંદિર પરિસરના બહારના ભાગે એરાઈવલ પ્લાઝા અને યાંત્રિક ભવનની કામગીરી કરવામાં આવેલ છે.

(૨) આ સ્થળે પ્રવાસીઓ માટે મંદિર પરીસરની બહારનું ફ્લોરીંગ કામ, પ્રદક્ષિણા પથ, એરાઈવલ પ્લાઝા, નવિન પૂર્વાભિમુખ દરવાજો, બે ફૂડ કોર્ટ, મંદિર પરિસરની કિલ્લાની દિવાલનું નવીનીકરણ, ત્રણ સેન્ટ્રલ પેવલિયન, વીસ સ્ટોન છત્રી, બે ટોઈલેટ બ્લોક, ઓવર હેડ ટાંકી, વોટર હટ, બેઠક વ્યવસ્થા, ચાલીસ મીની દુકાનો, વીજળીકરણ જેવી સવલતો ઉભી કરવામાં આવેલ છે.

(૩) રૂપિયા ૫૬૯.૬૭ લાખ

---------

**જુનાગઢ જિલ્લામાં કન્યા છાત્રાલયો**

* ૧૯૨૯૩ **શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જાતિની કન્યાઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કેટલી આદર્શ નિવાસી કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓમાં કેટલી કન્યાઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૩) આ કન્યાઓને સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓમાં શી સવલતો આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) જુનાગઢ જિલ્લામાં જુનાગઢ તાલુકામાં એક કન્યા છાત્રાલય અને એક આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે.

(૨)

| | **છાત્રાલય પ્રવેશ** | **આદર્શ નિવાસી શાળા પ્રવેશ** |
|---|---|---|
| તા. ૧–૨–૨૦૧૩ થી તા. ૩૧–૧–૨૦૧૪ | ૨૦૦ | ૮૪ |
| તા. ૧–૨–૨૦૧૪ થી તા. ૩૧–૧–૨૦૧૫ | ૨૨૦ | ૧૦૨ |

(૩) છાત્રાલયોમાં કન્યાઓને રહેવાની, જમવાની તથા રમત–ગમતના સાધનો, તથા લાયબ્રેરીની સવલત અને આદર્શ નિવાસી શાળાની કન્યાઓને અભ્યાસ, રહેવાની જમવાની, બે જોડી ગણવેશ, બુટ મોજા, પુસ્તકો અને સ્ટેશનરીની સવલતો વિના મૂલ્યે આપવામાં આવે છે.

---------

**તાપી જિલ્લામાં રેડ થકી મુકત થયેલ બાળમજુરો**

* ૧૯૦૭૭ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં ચાઈલ્ડ લેબર (નિયમન અને નાબુદી)–૧૯૮૬ એકટ હેઠળ સને–૨૦૧૪માં કેટલી રેડ પાડવામાં આવી, અને

(૨) તે રેડ દરમ્યાન કેટલા બાળકોને મુકત કરાવવામાં આવ્યા?

**જવાબ**

(૧) ૧૮.

(૨) ૦૨.

---------

**નવસારી જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય**

* ૧૯૧૬૫ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૭. |
| (૨) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૭. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૩.૫૦ લાખ. |

---------

**ખેડા જિલ્લામાં અંધ બેરોજગારો**

* ૧૯૨૭૯ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા અંધજનો બેરોજગાર છે, અને | (૧) તા.૩૧–૧૨–૧૩ની સ્થિતિએ **૧૯**<br>તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ **૧૬**. |
| (૨) તેઓને રોજગારી આપવા શી વ્યવસ્થા થઈ છે ? | (૨) રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગારોને ઈન્ટરવ્યુ કે રોજગારીની તકો અપાવવા નોકરીદાતાઓની માંગણી મુજબ ભલામણ કરવામાં આવે છે. ઉપરાંત ઔદ્યોગિક ભરતી મેળાઓના આયોજનથી રોજગારી તથા સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો, દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે. |

---------

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં નોંધાયેલા શ્રમિકોને આવાસ બનાવવા માટેની યોજના**

* ૧૯૩૬૭ **શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નોંધાયેલા શ્રમિકોને આવાસ બનાવવા માટેની કોઈ યોજના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમલમાં છે, | (૧) હા, જી. |
| (૨) જો હા તો કઈ યોજનાઓ અમલમાં છે અને યોજનાવાર કેટલી સહાય આપવામાં આવે છે, અને | (૨) શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના અમલમાં છે. બાંધકામ શ્રમિકને આવાસદીઠ રૂ.૧.૬૦/– લાખની સહાય આપવામાં આવે છે. |
| (૩) આ યોજનાઓ અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા આવાસો બનાવવામાં આવ્યા ? | (૩) આ યોજના અન્વયે ઉકત સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કોઈ આવાસો બનાવવામાં આવેલ નથી. |

---------

**ભુજ આર.ટી.ઓ. કચેરીમાં આવક**

* ૧૯૧૧૭ **ડાૅ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભુજ આર.ટી.ઓ. કચેરીને તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) રૂ.૧૫૯.૦૦ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ ૨૦૧૩ ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) રૂ.૨૧.૧૭ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે ? | (૩) આવકમાં ઘટાડો થવા પામેલ નથી. |

---------

**જામનગર જિલ્લામાં વિકલાંગોને સાધન સહાય**

* ૧૯૧૪૫ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૨૦૬ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૦૩ |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૭,૨૫,૩૫૦ (અંકે રૂપિયા સાત લાખ પચ્ચીસ હજાર ત્રણસો પચાસ પુરા). |

---------

## જ્યોતિલીંગ સોમનાથ ચાત્રાધામનો વિકાસ

* ૧૯૧૦૫ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠકકરબાપાનગર) : માનનીય ચાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર સોમનાથ જિલ્લામાં આવેલ જ્યોતિર્લીંગ સોમનાથના વિકાસ અર્થે તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ કોઈ કામગીરી કરવામાં આવી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) ગીર સોમનાથ જિલ્લામાં આવેલ જ્યોતિર્લીંગ સોમનાથના વિકાસ અર્થે નીચે મુજબ કામગીરી કરવામાં આવી છે.<br>• મુખ્ય પ્રવેશદ્વાર<br>• રોડ બ્યુટીફિકેશન તથા ઈલેકટ્રીક અને સોલાર બેઈઝ સ્ટ્રીટ લાઈટીંગની કામગીરી.<br>• શંખ સર્કલ પાસે રીટેઈનીંગ વોલની કામગીરી<br>• વિશ્રામ કુટીરની કામગીરી<br>• સી.સી.ટી.વી. કેમેરાની કામગીરી<br>• સોમનાથ ખાતે કેવ મ્યુઝીયમ<br>કેવ મ્યુઝીયમની કામગીરી માટે આર્કિટેકટ, પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટ અને કોન્ટ્રાકટરની નિમણૂંક કરવામાં આવી. આ કામગીરીમાં પાર્કિંગ એરીયાનો વિકાસ, ટીકીટ રૂમ, પ્રવેશ દ્વાર, કમ્પાઉન્ડ વોલ, એમ્ફી થીયેટર, કાફેટેરીયા, પ્રદર્શન ગેલેરી, ગુફાનું સંગ્રહાલયમાં રૂપાંતર, ગુફાની આજુ–બાજુમાં ફલોરીંગ કામ, પીવાના પાણીની વ્યવસ્થા તથા ટોયલેટ બ્લોકની કામગીરીનો સમાવેશ થાય છે. આ કામગીરી પ્રગતિમાં છે.<br>• સોમનાથ ખાતે લાઈટ એન્ડ સાઉન્ડ શો લાઈટ એન્ડ સાઉન્ડ શોની કામગીરી માટે આર્કિટેકટ અને કોન્ટ્રાકટરની પસંદગી કરી છે. લાઈટ એન્ડ સાઉન્ડ શોની સ્ક્રીપ્ટ આખરી કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.<br>• ભાલકા તિર્થનો વિકાસ<br>આ કામગીરી માટે આર્કિટેકટ, પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટ તથા કોન્ટ્રાકટરની પસંદગી કરવામાં આવી છે. આ કામગીરીમાં મંદિરના પુનઃ વિકાસની કામગીરી, પ્રવેશ દ્વાર, ભોજન શાળા, |

કીર્તનખંડ (મલ્ટીપર્પસ હોલ), દુકાનો, પાર્કિંગ એરીયાનો વિકાસ, હાર્ડ લેન્ડસ્કેપીંગ, પાથ–વે, બેઠક વ્યવસ્થા તથા સોલર લાઇટની કામગીરીનો સમાવેશ થાય છે. આ કામગીરી પ્રગતિમાં છે.

---------

**જામનગર આર.ટી.ઓ. કચેરીમાં આવક**

* ૧૯૦૭૧ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઈ, | (૧) રૂ.૮૭.૧૫ કરોડની આવક થઈ. |
| (૨) વર્ષ ૨૦૧૩ ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) રૂ.૧૬.૮૫ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શું છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વડોદરા જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ**

* ૧૯૧૩૭ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧,૧૫૪. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧,૧૦૦. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૧૩,૦૭,૦૦૦ (અંકે રૂપિયા તેર લાખ સાત હજાર પુરા). |

---------

**ઝાલોદ ખાતે નવિન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ**

* ૧૯૦૬૬ **શ્રી વીછીયાભાઇ જો. ભુરીયા (લીમખેડા) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના ઝાલોદ ખાતે નવિન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ.૨,૧૯,૨૦,૦૦૦/– |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

**ગણદેવી તાલુકામાં મંજૂર ગામની આંતરિક પેયજળ યોજનાઓ**

* ૧૯૦૮૯ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૦૮ યોજનાઓ. |
| (૨) મંજૂર કરેલ ઉકત યોજનાઓની કુલ અંદાજીત | (૨) રૂ.૪૯.૯૮ લાખ. |

કિંમત કેટલી છે ?

---------

**ભાવનગર જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય**

* ૧૯૧૩૪ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતીની કન્યાઓની સાયકલો મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૭૦૮૬. |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓને સાયકલ મંજૂર કરી, અને | (૨) ૭૦૪૨. |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી? | (૩) ૭૦૪૨. |

---------

**મહેમદાવાદ અને ખેડા તાલુકાના ગામોને પીવાનું શુધ્ધ પાણી**

* ૧૯૫૭૬ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના ગામો તથા ખેડા તાલુકાના ગામોને નર્મદા કે અન્ય સિંચાઈ યોજના હેઠળ પીવાનું પાણી આપવા માટે કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) મહેમદાવાદ તાલુકામાં પીવાના પાણીમાં ૧૫૦૦થી વધુ ટીડીએસ આવે છે તે વાત સાચી છે, જો હા, તો શુધ્ધ પીવાનું પાણી આપવા માટે સરકારનું શું આયોજન છે? | (૨) હા<br>છ ગામોમાં પુરૂ પાડવામાં આવતાં પાણીની ટીડીએસની માત્રા ૧૫૨૮ થી ૧૮૫૪ મી.લી.ગ્રામ/લીટરની મર્યાદામાં છે. સદર ગામો માટે કોઈ વૈકલ્પિક સોર્સ હાલ નથી. આવા સંજોગોમાં ભારતીય માનાક સંસ્થાની જોગવાઈ મુજબ વૈકલ્પિક સોર્સ ન હોય તો ૨૦૦૦ મી.લી.ગ્રામ/લીટર ટી.ડી.એસ. સુધીનું પાણી સ્વીકાર્ય ગણાય છે. |

---------

**જ્યોતિર્લીંગ સોમનાથ યાત્રાધામનો વિકાસ**

* ૧૯૧૦૩ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર સોમનાથ જિલ્લામાં આવેલ જ્યોતિર્લીંગ સોમનાથના વિકાસ અર્થે તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કોઈ કામગીરી કરવામાં આવી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) ગીર સોમનાથ જિલ્લામાં આવેલ જ્યોતિર્લીંગ સોમનાથના વિકાસ અર્થે નાચે મુજબ કામગીરી કરવામાં આવી છે.<br>• મુખ્ય પ્રવેશદ્વાર<br>• રોડ બ્યુટીફિકેશન તથા ઈલેક્ટ્રીક અને સોલાર બેઈઝ સ્ટ્રીટ લાઈટીંગની કામગીરી<br>• શંખ સર્કલ પાસે રીટેઈનીંગ વોલની કામગીરી<br>• વિશ્રામ કુટીરની કામગીરી<br>• સી.સી.ટી.વી. કેમેરાની કામગીરી<br>• સોમનાથ ખાતે કેવ મ્યુઝીમ<br>કેવ મ્યુઝીમની કામગીરી માટે આર્કિટેકટ, પ્રોજેકટ કન્સલટન્ટ અને કોન્ટ્રાકટરની નિમણુંક કરવામાં આવી. આ |

કામગીરીમાં પાર્કિંગ એરીયાનો વિકાસ, ટીકીટરૂમ, પ્રવેશ દ્ધાર, કમ્પાઉન્ડ વોલ, એમ્ફી થીયેટર, કાફેટેરીયા, પ્રદર્શન ગેલેરી, ગુફાનું સંગ્રહાલયમાં રૂપાંતર, ગુફાની આજુ–બાજુમાં ફ્લોરીંગ કામ, પીવાના પીણીની વ્યવસ્થા, તથા ટોયલેટ બ્લોકની કામગીરીનો સમાવેશ થાય છે. આ કામગીરી પ્રગતિમાં છે.

- સોમનાથ ખાતે લાઇટ એન્ડ સાઉન્ડ શો

લાઇટ એન્ડ સાઉન્ડ શોની કામગીરી માટે આર્કિટેકટ અને કોન્ટ્રાકટરની પસંદગી કરી છે. લાઇટ એન્ડ સાઉન્ડ શો ની સ્ક્રીપ્ટ આખરી કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

- ભાલકા તિર્થનો વિકાસ

આ કામગીરી માટે આર્કિટેકટ, પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટ તથા કોન્ટ્રાકટરની પસંદગી કરવામાં આવી છે. આ કામગીરીમાં મંદિરના પુનઃ વિકાસની કામગીરી, પ્રવેશ દ્ધાર, ભોજન શાળા, કીર્તનખંડ (મલ્ટીપર્પસ હોલ), દુકાનો, પાર્કિંગ એરીયોનો વિકાસ, હાર્ડ લેન્ડસ્કેપીંગ, પાથ–વે, બેઠક વ્યવસ્થા તથા સોલર લાઇટની કામગીરીનો સમાવેશ થાય છે. આ કામગીરી પ્રગતિમાં છે.

---------

**વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા થકી રોજગારી**

* ૧૯૦૭૫ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લા રોજગાર વિનિમય કચેરી ધ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યુ, અને | (૧) ૯૦. |
| (૨) આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી? | (૨) ૧૦૯૮૫. |

---------

**અમરેલી આર.ટી.ઓ. કચેરીમાં આવક**

* ૧૯૦૭૦ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪–૧૫ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમરેલી આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઈ, | (૧) રૂપિયા ૪૧.૫૭ કરોડની આવક થઈ. |
| ૧૮ | સાબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૧૯ | સુરત | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | આણંદ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૨૨ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | દાહોદ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૨૪ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | પાટણ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૨૬ | નવસારી | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૭ | તાપી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૮ | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૯ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૦ | ગીર–સોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૧ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૩ | છોટા ઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૪ | મહીસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**રાજયમાં મફત પુસ્તકો આપવાની યોજના**

અતારાંકિતઃ ૩૯૫૨ (૦૯–૦૧–૨૦૧૫) **શ્રી** બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર) **:** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧ જુલાઈ–૨૦૧૪ ની સ્થિતિએ રાજયમાં અનુસુચિત જાતિ અને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓને ધોરણ–૧૨ માં મફત પુસ્તકો આપવા માટેની યોજના અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને મફત પુસ્તકો આપવામાં આવ્યા,

(૨) આ પુસ્તકોના વિતરણ પાછળ ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉકત સ્થિતિએ આ યોજના અંતર્ગત કેટલા વિદ્યાર્થીઓને કયા કારણોસર પુસ્તકો આપવાના બાકી છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૩–૦૩–૨૦૧૫)

(૧) અનુસુચિત જાતિના ૨૦૦૪૬ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ૪૪૪૧૩ વિદ્યાર્થીઓને મફત પુસ્તકો આપવામાં આવ્યા.

(૨) રૂ. ૬,૨૭,૮૩,૦૬૬ (અંકે છ કરોડ સત્તાવીસ લાખ ત્યાંસી હજાર છાંસઠ રૂપિયા પુરા)

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનું સંવર્ગવાર મહેકમ**

અતારાંકિતઃ ૪૧૭૪ (૦૯–૦૧–૨૦૧૫) **શ્રી** ગેંદાલભાઈ મો. ડામોર (સંતરામપુર) **:** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે.

(૨) તે અન્વયે સંવર્ગવાર અને વિષયવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલું છે, અને

(૩) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૦–૦૩–૨૦૧૫)

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની વિગત.

**પંચમહાલ જિલ્લોઃ**

| તાલુકો | માધ્યમિક શાળા | ઉચ્ચત્તર માધ્યમિક શાળા |
|---|---|---|
| ગોધરા | ૦૨ | ૦૧ |
| મોરવા | ૦૦ | ૦૧ |
| ઘોઘંબા | ૦૦ | ૦૧ |
| જાંબુઘોડા | ૦૦ | ૦૧ |
| હાલોલ | ૦૧ | ૦૦ |
| **કુલ** | **૦૩** | **૦૪** |

**મહિસાગર જિલ્લોઃ**

| તાલુકો | માધ્યમિક શાળા | ઉચ્ચત્તર માધ્યમિક શાળા |
|---|---|---|
| સંતરામપુર | ૦૩ | ૦૦ |
| કડાણા | ૦૧ | ૦૨ |
| ખાનપુર | ૦૦ | ૦૧ |
| વિરપુર | ૦૧ | ૦૦ |
| **કુલ** | **૦૫** | **૦૩** |

(૨) સંવર્ગવાર મંજુર મહેકમની વિગતો.

**પંચમહાલ જિલ્લોઃ**

| સંવર્ગ | મંજૂર મહેકમ | | |
|---|---|---|---|
| | **માધ્યમિક** | **ઉચ્ચત્તર માધ્યમિક** | **કુલ** |
| આચાર્ય | ૦૩ | ૦૦ | ૦૩ |
| મદદનીશ શિક્ષક | ૦૯ | ૨૯ | ૩૮ |
| જુનિયર કારકુન | ૦૧ | ૦૦ | ૦૧ |
| પટાવાળા | ૦૩ | ૦૦ | ૦૩ |
| ચોકીદાર | ૦૧ | ૦૦ | ૦૧ |
| સ્વીપર | ૦૧ | ૦૦ | ૦૧ |
| **કુલ** | **૧૮** | **૨૯** | **૪૭** |

**મહિસાગર જિલ્લોઃ**

| સંવર્ગ | મંજૂર મહેકમ | | |
|---|---|---|---|
| | **માધ્યમિક** | **ઉચ્ચત્તર માધ્યમિક** | **કુલ** |
| આચાર્ય | ૦૫ | ૦૦ | ૦૫ |
| મદદનીશ શિક્ષક | ૧૭ | ૩૦ | ૪૭ |
| સીનિયર કારકુન | ૦૧ | ૦૦ | ૦૧ |
| જુનિયર કારકુન | ૦૧ | ૦૦ | ૦૧ |
| પટાવાળા | ૦૩ | ૦૦ | ૦૩ |

| | | | |
|---|---|---|---|
| **કુલ** | **૨૭** | **૩૦** | **૫૭** |

* વિષયવાર મંજુર મહેકમની માહિતી દર્શાવતું *પત્રક–૧ સામેલ છે.

(૩) ખાલી જગ્યાઓની વિગતો

**પંચમહાલ જિલ્લોઃ**

| સંવર્ગ | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક |
|---|---|---|
| આચાર્ય | ૦૩ | ૦૦ |
| મદદનીશ શિક્ષક | ૦૮ | ૧૨ |
| જુનિયર કારકુન | ૦૦ | ૦૦ |
| પટાવાળા | ૦૦ | ૦૦ |
| ચોકીદાર | ૦૦ | ૦૦ |
| સ્વીપર | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૧૧** | **૧૨** |

**મહિસાગર જિલ્લોઃ**

| સંવર્ગ | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક |
|---|---|---|
| આચાર્ય | ૦૫ | ૦૦ |
| મદદનીશ શિક્ષક | ૧૧ | ૧૨ |
| સીનિયર કારકુન | ૦૦ | ૦૦ |
| જુનિયર કારકુન | ૦૦ | ૦૦ |
| પટાવાળા | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૧૬** | **૧૨** |

* ખાલી જગ્યાઓ જેમ બને તેમ જલ્દી ભરવામાં આવશે.

**પત્રક–૧**

| ક્રમ નં. | વિષય | જીલ્લાનું નામ | |
|---|---|---|---|
| | | પંચમહાલ | મહિસાગર |
| ૧ | તત્વજ્ઞાન | ૦૦ | ૦૨ |
| ૨ | મનોવિજ્ઞાન | ૦૧ | ૦૨ |
| ૩ | સમાજશાસ્ત્ર | ૦૦ | ૦૨ |
| ૪ | સામાજીક વિજ્ઞાન | ૦૦ | ૦૨ |
| ૫ | ગુજરાતી | ૦૪ | ૦૬ |
| ૬ | હિન્દી | ૦૧ | ૦૧ |
| ૭ | અંગ્રજી | ૦૬ | ૦૭ |
| ૮ | સંસ્કૃત | ૦૧ | ૦૧ |
| ૯ | ભૂગોળ | ૦૦ | ૦૧ |
| ૧૦ | ઉદ્યોગ | ૦૧ | ૦૨ |
| ૧૧ | અર્થશાસ્ત્ર | ૦૦ | ૦૧ |
| ૧૨ | શારીરિક શિક્ષણ | ૦૦ | ૦૧ |
| ૧૩ | રસાયણ વિજ્ઞાન | ૦૫ | ૦૪ |
| ૧૪ | ગણિત | ૦૬ | ૦૮ |
| ૧૫ | જીવવિજ્ઞાન | ૦૩ | ૦૩ |
| ૧૬ | ભૌતિક વિજ્ઞાન | ૦૫ | ૦૩ |
| ૧૭ | લેબ આસીસ્ટન્ટ | ૦૫ | ૦૧ |

| | | |
|---|---|---|
| કુલ | ૩૮ | ૪૭ |

**શામળાજી નજીકની વેચાણ વેરા ચેકપોસ્ટ પર વેટ ચોરી પકડી પાડવા બાબત**

અતારાંકિતઃ ૪૬૩૧ (૩૦–૦૧–૨૦૧૫) **શ્રી** રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) **:** માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) શામળાજી નજીકની વેચાણવેરા ચેકપોસ્ટ પર નવેમ્બર–૨૦૧૪ માં એ.સી.બી.એ. ૨૦ અધિકારીઓની જુદી–જુદી ટીમો બનાવી મોટી રેડ પાડી દલાલો તથા વેટ કચેરીના અધિકારીઓ સાથે ગુનાહિત સાંઠગાંઠ થી રૂ. ૭,૦૦,૦૦૦ ની વેટ ચોરી પકડી પાડી હતી તે ગંભીર ઘટના સાચી છે.

(૨) જો હા, તો આ ગુનાહિત ઘટનામાં સંડોવાયેલા વેટ કચેરીના કયા અધિકારીઓ/કર્મચારીઓ દલાલો/વચેટીયાઓ/ટ્રક ડ્રાઈવરો સામે શી કાનૂની ફરિયાદ કરી તેની ધરપકડ કરાઈ છે.

(૩) વેટ કચેરીના ગુનાહિત પ્રકરણમાં સંડોવાયેલા અધિકારી/કર્મચારી પૈકી કોને કોને સસ્પેન્ડ કરાયા છે અને કોને કોને ફરજમાં ચાલુ રખાયા છે.

(૪) શામળાજી વેટની ચેકપોસ્ટમાં વેટ ચોરીના ષડયંત્રો/ગુનાહિત ઘટનાઓ સંપૂર્ણ ડામી દેવા ઉચ્ચકક્ષાએ શું વિશેષ આયોજન થયું છે અને તેની જવાબદારી કોને સોંપાઈ છે ?

**નાણા મંત્રીશ્રી :** (૧૫–૦૩–૨૦૧૫)

(૧) તા. ૨૧–૧૧–૧૪ ના રોજ એ.સી.બી. અધિકારીઓ દ્વારા જુદી–જુદી ટીમો બનાવી રેડ પાડી, શામળાજી ચેકપોસ્ટ પહેલા આવતી ટ્રકો તેમજ, શામળાજી ચેકપોસ્ટ બાદ હિમાચલ પંજાબ ઢાબા તરફની ટ્રકોનું વેરીફીકેશન કરી અટકાવવામાં આવેલ ટ્રકો દ્વારા રૂ. ૬,૯૧,૭૯૩/- ની વેટ ચોરી પકડી પાડેલ હતી.

(૨) ૧. શ્રી ડી. બી. કામદાર, સહાયક વાણિજ્યિક વેરા કમિશ્નરશ્રી, શામળાજી ચેકપોસ્ટ તથા ૨. શ્રી સુભાષચંદ્ર જીવાજી ડામોર, વાણિજ્યિક વેરા અધિકારી, શામળાજી ચેકપોસ્ટ સામે ગેરકાયદેસર સેલ્સટેક્ષની ચોરી કરી, ફોર્મ જમા ન કરાવી ચેકપોસ્ટ ઉપરના અધિકારી તેમજ સીક્યોરીટી ગાર્ડે લાંચ સ્વીકારી, ભ્રષ્ટાચાર કરી, ગાડીઓ પસાર કરી, સત્તાનો દુરુપયોગ કરી, ગુનાનું દુષ્પ્રેરણ કરી, એકબીજાની મદદગારી કરી, ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ–૧૯૮૮ ની કલમ–૮, ૧૦, ૧૨ તથા ૧૩(૧)(ડી) તથા ૧૩(૨) મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે. શ્રી સુભાષચંદ્ર જીવાજી ડામોર, વાણિજ્યિક વેરા અધિકારી, શામળાજીની ધરપકડ કરાઈ છે.

(૩) શ્રી સુભાષચંદ્ર જીવાજી ડામોર, વાણિજ્યિક વેરા અધિકારી (૨) શામળાજી ચેકપોસ્ટને સસ્પેન્ડ કરાયા છે. જયારે શ્રી ડી. બી. કામદાર, સહાયક વાણિજ્યિક વેરા કમિશ્નરશ્રીએ ગુના રજીસ્ટર નં. ૧૦/૨૦૧૪ સામે એડીશનલ સેશન્સ કોર્ટ, હિંમતનગર, જી. સાબરકાંઠામાંથી તા. ૦૪–૧૨–૧૪ ના રોજ આગોતરા જામીન મેળવેલ છે.

(૪) શામળાજી વેટની ચેકપોસ્ટમાં વેટચોરીના ષડયંત્રો/ગુનાહીત ઘટનાઓ સંપૂર્ણ ડામી દેવા માટે લેવાયેલ પગલાંની વિગત નીચે મુજબ છે.

(૧) વેટચોરી કરી સરકારી આવકને નુકસાન પહોંચાડી શકે તેવી ગુનાહીત પ્રવૃત્તિ હાથ ધરનાર ઈસમો ચેકપોસ્ટ વિસ્તારમાં પ્રવેશી શકે નહિ તે માટે શામળાજી ચેકપોસ્ટ ખાતે ૨૪ S.R.P. ની નિમણૂંક કરવામાં આવેલ છે.

(૨) કરપાત્ર તમામ ચીજ–વસ્તુઓ માટે ફોર્મ ૪૦૨/૪૦૩ Online રજૂ કરવાની પ્રથા તા. ૨૨–૧૨–૨૦૧૪ થી અમલી કરેલ છે.

(૩) જેમાં માલવાહકે ચેકપોસ્ટ ખાતે ચેકપોસ્ટ અધિકારી સમક્ષ ફોર્મ રજૂ કરવાનું રહે છે. તથા તેની ઓનલાઈન ચકાસણી ચેકપોસ્ટ અધિકારી દ્વારા અચૂક કરવામાં આવે છે.

(૪) શામળાજી ચેકપોસ્ટ ખાતે મોબઈલ ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૫) રેન્ડમ ફીઝીકલ વેરીફીકેશન ની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

–––––––

## કુડ કોર્પોરેશનમાંથી રેશનીંગનો અનાજનો જથ્થો ઓછો ઉપાડવા બાબત

અતારાંકિતઃ ૪૦૪૩ (૦૯–૦૧–૨૦૧૫) **શ્રી** પરેશ ધાનાણી (અમરેલી) **:** માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્ય સરકારે રેશનીંગ અનાજનો જથ્થો નિયત સમયમાં કુડ કોર્પોરેશનમાંથી ઉપાડવાનો હોય છે તે હકીકત સાચી છે.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં આ અનાજનો જથ્થો નિયત સમયમાં ઓછો ઉપાડ થવાના કારણે સબસિડીનું રૂ. ૨૬૫૧.૭૯ કરોડનું નુકસાન થયેલ છે તે હકીકત ખરી છે,

(૩) જો હા, તો તેની વિગત શી છે,

(૪) નિયત સમયમાં પુરતો જથ્થો ન ઉપાડવાના શાં કારણો છે, અને

(૫) જવાબદારો સામે શાં પગલા ભર્યા ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :** (૧૦–૦૩–૨૦૧૫)

(૧) હા જી.

(૨) ના જી,

કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને લક્ષિત જાહેર વિતરણ યોજના અંતર્ગત ઘઉં–ચોખાનો જથ્થો નિયત કેન્દ્રિય વેચાણ ભાવે ઉપલબ્ધ કરાવવામાં આવે છે અને રાજ્ય સરકાર દ્વારા નિયત કરેલ ભાવે તે લાભાર્થીને ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ જથ્થા ઉપર કોઈ સીધી સબસિડી આપવામાં આવતી નથી તેથી રાજ્ય સરકારને સબસિડીનું કોઈ નુકસાન થવાનો પ્રશ્ન નથી.

(૩) ખંડ ૨ ની વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) રાજ્ય સરકાર દ્વારા જે તે માસની ફાળવણીનો જથ્થો રાજ્યની જરૂરીયાત તથા સંગ્રહશક્તિને ધ્યાને લઈને નિયત સમય મર્યાદામાં ઉપાડવામાં આવે છે. આમ છતાં સમય મર્યાદામાં જથ્થો ન ઉપડે તેવી નીચે મુજબના કિસ્સા ઉપસ્થિત થાય છે.

* ભારતિય ખાદ્ય નિગમ પાસે પુરતો જથ્થો ઉપલબ્ધ ન હોય,
* મજુરોના પ્રશ્નો
* અન્ય વહિવટી પ્રશ્નો
* નિગમની મર્યાદિત સંગ્રહશક્તિ,
* પરિવહન ઈજારદારનાં પ્રશ્નો

આવા પ્રસંગે નિગમ દ્વારા ભારતીય ખાદ્ય નિગમ/કેન્દ્ર સરકાર પાસેથી જથ્થો ઉપાડવાની મુદતમાં વધારો મેળવી જથ્થો જે તે સમય મર્યાદામાં ઉપાડી લેવામાં આવે છે.

(૫) ગુ. રા. ના. પુ. નિ. લી. દ્વારા ભારતીય ખાદ્ય નિગમમાંથી જથ્થો ઉપાડવા માટે પરિવહન ઈજારદારની કરારના ધોરણે નિમણૂંક કરવામાં આવે છે. ઈજારદાર દ્વારા મોડો જથ્થો ઉપાડવામાં આવે તેવા કિસ્સામાં તેઓ સામે કરારની શરતો અનુસાર દંડકીય કાર્યવાહી કરવામાં આવે છે.

–––––––

## મુંદ્રા ખાતે પર્યાવરણીય જોગવાઈઓનો ભંગ કરી દરિયાઈ જીવ સૃષ્ટિ અને મેંગ્રુવ્સનાં વૃક્ષોને ભારે નુકસાન

અતારાંકિતઃ ૪૧૮૪ (૨૩–૦૧–૨૦૧૫) **શ્રી** પરેશ ધાનાણી (અમરેલી) **:** માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૪ ની સ્થિતિએ અદાણી પોર્ટ અને સેઝ દ્વારા મુંદ્રા ખાતે પર્યાવરણીય જોગવાઈઓનો ભંગ કરી દરીયાઈ જીવ સૃષ્ટી અને મેંગ્રુવ્સનાં વૃક્ષને ભારે નુકસાન થઈ રહ્યું છે તે હકીકત થી સરકાર વાકેફ છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ અંગે સરકાર દ્વારા શી કાર્યવાહી કરી અને તેની વિગતો શી છે ?

**વન મંત્રીશ્રી :** (૦૯–૦૩–૨૦૧૫)

(૧) અદાણી પોર્ટ અને સેઝ દ્વારા મુંદ્રા ખાતે પર્યાવરણીય જોગવાઈઓનો ભંગ કરી દરીયાઈ જીવ સૃષ્ટી અને મેંગ્રુવ્સના વૃક્ષોને ભારે નુકસાન થઈ રહ્યા અંગે ગુજરાત સરકાર તેમજ ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલયને વિવીધ રજૂઆતો મળેલ.

(૨) પર્યાવરણ અને વન મંત્રાલય ભારત સરકારશ્રીને મળેલ રજૂઆતો તેમજ નામદાર અદાલત દ્વારા આપવામાં આવેલ આદેશ અનુસાર પર્યાવરણ અને વન મંત્રાલય ભારત સરકારશ્રી દ્વારા અદાણી પોર્ટ અને સેઝ દ્વારા મુંદ્રા ખાતે પર્યાવરણીય જોગવાઈઓનો ભંગ કરી દરીયાઈ જીવ સૃષ્ટી અને મેંગ્રુવ્સના વૃક્ષોને ભારે નુકસાન થવા બાબતે સુનીતા નારાયણ, નિયામક સી.ઓ.ઈ. દિલ્હીના અધ્યક્ષ પણાં હેઠળ પાંચ સભ્યોની એક સમીતીની રચના કરવામાં આવેલ. આ સમીતી દ્વારા તા. ૨૧–૨૩ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ અદાણી પોર્ટ અને એસ.સી.ઝેડની મુલાકાત લઈને તેમનો અહેવાલ ભારત સરકારશ્રીને તા. ૧૮–૦૪–૨૦૧૩ના રોજ વિવિધ ભલામણો સાથે માટે સુપ્રત કરેલ, જેનો ભારત સરકારશ્રીએ સ્વિકાર કરીને તેમના તા. ૩૦–૦૯–૨૦૧૩ના રોજ ગુજરાત સરકાર, વન અને પર્યાવરણ વિભાગને કેટલીક કાર્યવાહી કરવા માટે જણાવેલ. જે અન્વયે ગુજરાત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરીટીની મિટીંગોમાં લેવાયેલા નિર્ણયો તેમજ સરકારશ્રીની મંજૂરી બાદ નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

* રૂ. ૨૦૦ કરોડના પર્યાવરણીય પુનઃસ્થાપન ફંડના ઉપયોગ કરવા માટે ભારત સરકારશ્રી દ્વારા સુચવ્યા મુજબની સમીતીની રચના તા. ૭–૧–૨૦૧૪ના રોજ કરવામાં આવેલ છે.
* કલેકટરશ્રી કચ્છ તેમજ સી.ઈ.ઓ. ગુજરાત ડીજાસ્ટર મેનેજમેંટ ઓથોરીટી અને અદાણી પોર્ટ અને એસ.સી.ઝેડ ડીજાસ્ટર મેનેજમેંટ પ્લાન ને જીલ્લા ડીજાસ્ટર પ્લાન સાથે એકત્રીત કરવા માટે તા. ૦૭–૦૧–૨૦૧૪ના રોજ જણાવેલ છે.
* ફિશરીજ કમીશ્નર, ગુજરાત રાજ્ય તથા ગુજરાત મેરી ટાઇમ બોર્ડને ભદેશ્વર ખાતે ફિશીંગ હાર્બર બનાવવા માટે
તા. ૭–૧–૨૦૧૪ના રોજ જણાવેલ છે.
* મહેસુલ વિભાગને ગૌચર જમીન તેમજ સામૂહીક ગ્રામ્ય જમીનનાં હસ્તાંતરણ કરવા અંગેની નીતિને પર્યાવરણીય અસરો તેમજ સબંધીત લોકોના જીવન નિર્વાહને ધ્યાને લઈને હયાત નિતીની સમીક્ષા કરવા માટે ૨–૦૧–૨૦૧૪ના રોજ જણાવેલ છે.
* અદાણી પોર્ટ અને એસ.સી.ઝેડ લિમીટેડના બે વર્ષ સુધી મોનીટરીંગ કરવા માટેની કમિટીની રચના કરવા માટે કાર્યવાહી કરવામાં આવેલ છે.
* સમુંદ્ર ટાઉન શીપ તેમજ સ્ટર્લીંગ હોસ્પીટલ અંગેનો વિગત વાર અહેવાલ ભારત સરકારશ્રીના પર્યાવરણ અને વન મંત્રાલય ને તા. ૧૩–૦૨–૨૦૧૪ના રોજ મોકલી આપેલ છે.
* APSEZL ને Cumulative Impact Assessment studies કરવા માટે ના TORs તા. ૯–૧૨–૨૦૧૪ના રોજ આપવામાં આવેલ છે.

**પાણીયા અભયારણ્યમાં વન્યપ્રાણી–પક્ષીના ગેરકાયદે શિકાર**

અતારાંકિતઃ ૪૭૬૧ (૦૫–૦૨–૨૦૧૫) **શ્રી** ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) **:** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) પાણીયા અભયારણ્યમાં (અમરેલી જિલ્લા) સને ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ માં કેટલા વન્યપ્રાણી–પક્ષીના ગેરકાયદે શિકાર નોંધાયા,

(૨) ગુનાહીત શિકારના આરોપીઓ સામે તા. ૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ શી કાનૂની કાર્યવાહી થઈ,

(૩) આરોપીઓને શી શિક્ષા કરવામાં આવી અને કેટલા કિસ્સામાં કેટલી રકમની માંડવાળ કરવામાં આવી, અને

(૪) આ અભ્યારણ્યમાં વન્યપ્રાણી–પક્ષીને પુરેપુરી સુરક્ષા પૂરી પાડવા શી પાકી વ્યવસ્થા થઈ છે અને તેની જવાબદારી કોને સોંપાઈ છે?

**વન મંત્રીશ્રી :** (૧૦–૦૩–૧૫)

(૧) શૂન્ય (૦)

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)
- o વન્યપ્રાણી બાબતની માહિતી આપલે થઈ શકે અને ગુનાહિત પ્રવૃત્તિ બાબતમાં સમયસર માહિતી ઉપલબ્ધ થઈ શકે તે હેતુથી વાયરલેસ નેટવર્ક કાર્યરત છે.
- o જયાં શક્ય હોય ત્યાં મોબાઈલ ફોન કોન્ટેકથી સ્ટાફ એકબીજા સાથે સંપર્કમાં રહે છે.
- o વન્યપ્રાણી રહેણાંક સુરક્ષિત રહે અને તેને નુકસાન ન થાય તે હેતુથી સમસ્ત વન્યપ્રાણી વિસ્તારમાં દવ નિયંત્રણ માટે ફાયર લાઈન બનાવવામાં આવે છે. અને ઓચિંતા કોઈ દવનો બનાવ બને ત્યારે તાત્કાલિક દવને નિયંત્રણ કરી શકાય તે માટે ફાયરગાર્ડ રાખવામાં આવે છે.
- o સ્ટાફ વધારે વિશ્વાસ સાથે પેટ્રોલીંગ અને વન્યપ્રાણી સંરક્ષણની કામગીરી કરી શકે તે માટે સ્ટાફના સ્વબચાવ માટે સ્ટાફને બંદુક ફાળવવામાં આવેલ છે.
- o કોઈ સંજોગોના કારણે વન્યપ્રાણીને ઈજા થાય તો તે માટે વન્યપ્રાણીને સમયસર સારવાર પુરી પાડી શકાય તે હેતુથી વન્યપ્રાણી વિસ્તારોમાં સારવાર અને રેસ્કયુ કેન્દ્ર કાર્યરત કરવામાં આવેલ છે.
- o વન્યપ્રાણી વિસ્તારોની અંદર કોઈપણ ઘટનાના સમયે સમયસર પહોંચી શકાય તે માટે રોડ નેટવર્કને વ્યવસ્થીત રાખવા દર વર્ષે જાળવણી કરવામાં આવે છે.
- o ઉનાળાના દિવસોમાં વન્યપ્રાણીનું વ્યવસ્થિત વિતરણ રહે તે હેતુથી પાણીની વ્યવસ્થાનુ પણ આયોજન કરેલ છે.
- o સ્ટાફને વન્યપ્રાણીઓ સાથે સાથે કેવુ વલણ રાખવુ જોઈએ તે બાબતે જરૂરી ટ્રેનીંગ આપવામાં આવે છે.
- o વન્યપ્રાણીની સુરક્ષામાં કોઈ ચેડા ન થાય તે માટે વન્યપ્રાણી મિત્રની નિમણૂંક કરવામાં આવેલ છે.
- o લોકો વન્યપ્રાણીને નુકસાન ન કરે તે માટે માનવ મૂત્યુ, માનવઈજા, પશુ મારણના કિસ્સાઓમાં વળતર ચુકવવાની યોજના સરકારશ્રી તરફથી અમલમાં છે.
- o વન્યપ્રાણીઓ બાબતે લોક જગૃતિ કેળવવા અર્થે શિબિર અને મીટીંગો, ગ્રામસભાનું આયોજન અને સદર વિસ્તાર તેમજ વિસ્તારના આજુબાજુ આવતી સ્કુલો અને કોલેજના વિદ્યાર્થિઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરના આયોજન કરવામાં આવે છે.

**રાજયમાં સરકારી મેડીકલ કોલેજોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ**

અતારાંકિતઃ ૩૫૫૩ (૧૭–૦૯–૨૦૧૪) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) **:** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૭–૨૦૧૪ની સ્થિતિએ રાજયમાં જિલ્લાવાર મેડીકલ અભ્યાસક્રમ માટે સરકારી કોલેજો કેટલી છે,

(૨) ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ સીધી ભરતી/ફીકસ પગારથી ભરાયેલ છે, અને

(૪) સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને રાજય સરકાર ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવા માંગે છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૦૭–૦૩–૧૫)

તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧–૦૭–૧૪ ની સ્થિતિએ રાજયમાં જિલ્લાવાર મેડીકલ અભ્યાસક્રમ માટે કુલ–૬ સરકારી મેડીકલ કોલેજો છે. જે નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧ | બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ |
| ૨ | સરકારી મેડીકલ કોલેજ, વડોદરા |
| ૩ | સરકારી મેડીકલ કોલેજ, સુરત |
| ૪ | શ્રી એમ.પી. શાહ સરકારી મેડીકલ કોલેજ, જામનગર |
| ૫ | પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ |
| ૬ | સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર |

(૨) ઉકત સ્થિતિએ સંવર્ગવાર અને કોલેજવાર મંજુર મહેકમની વિગતો નીચે મુજબ છે.

| કોલેજનું નામ | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | કુલ |
|---|---|---|---|---|---|
| બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ | ૩૨૭ | ૧૦૪ | ૨૩૮ | ૧૬૬ | ૮૩૫ |
| સરકારી મેડીકલ કોલેજ, વડોદરા | ૨૮૨ | ૧૦૩ | ૨૨૯ | ૧૨૬ | ૭૪૦ |
| સરકારી મેડીકલ કોલેજ, સુરત | ૨૨૪ | ૭૬ | ૧૬૯ | ૧૩૬ | ૬૦૫ |
| શ્રી એમ.પી. શાહ સરકારી મેડીકલ કોલેજ, જામનગર | ૨૬૨ | ૧૦૧ | ૨૦૭ | ૨૨૩ | ૭૯૩ |
| પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ | ૨૧૧ | ૭૯ | ૨૪૦ | ૧૨૨ | ૬૫૨ |
| સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર | ૨૦૮ | ૮૧ | ૨૪૦ | ૧૨૪ | ૬૫૩ |
| કુલ | ૧૫૧ | ૫૪૪ | ૧૩૨૩ | ૮૯૭ | ૪૨૭૮ |

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી કોલેજવાર સીધી ભરતી/ફિકસ પગારથી ભરાયેલ જગ્યાની વિગતો નીચે મુજબ છે.

| કોલેજનું નામ | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | કુલ |
|---|---|---|---|---|---|
| બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ | ૧૭૯ | ૭૬ | ૯૮ | ૧૬૬ | ૫૧૯ |
| મેડીકલ કોલેજ, વડોદરા | ૧૧૩ | ૩૫ | ૮૭ | ૧૨૬ | ૩૬૧ |
| સરકારી મેડીકલ કોલેજ, સુરત | ૯૦ | ૨૨ | ૭૯ | ૧૩૬ | ૩૨૭ |
| શ્રી એમ.પી. શાહ સરકારી મેડીકલ કોલેજ, જામનગર | ૫૪ | ૨૩ | ૬૩ | ૨૨૩ | ૩૬૩ |
| પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ | ૬૨ | ૩૦ | ૧૩૨ | ૧૨૨ | ૩૪૬ |
| સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર | ૪૪ | ૨૩ | ૧૫૮ | ૧૨૪ | ૩૪૯ |
| કુલ | ૫૪૨ | ૨૦૯ | ૬૧૭ | ૮૯૭ | ૨૨૬૫ |

(૪) સંવર્ગવાર ખાલી જગ્યાની વિગતો નીચે મુજબ છે. યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

| કોલેજનું નામ | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | કુલ |
|---|---|---|---|---|
| બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ | ૫૫ | ૨૫ | ૯૧ | ૧૭૧ |
| મેડીકલ કોલેજ, વડોદરા | ૬૫ | ૪૦ | ૯૫ | ૨૦૦ |
| સરકારી મેડીકલ કોલેજ, સુરત | ૫૦ | ૩૩ | ૪૫ | ૧૨૮ |
| શ્રી એમ.પી. શાહ સરકારી મેડીકલ કોલેજ, જામનગર | ૧૦૯ | ૪૩ | ૧૨૧ | ૨૭૩ |
| પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ | ૫૨ | ૨૬ | ૮૩ | ૧૬૧ |
| સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર | ૭૯ | ૩૮ | ૫૬ | ૧૭૩ |
| કુલ | ૪૧૦ | ૨૦૫ | ૪૯૧ | ૧૧૦૬ |

**અમદાવાદ સિવિલ હોસ્પિટલમાંથી ખાનગી દવાખાનાઓમાં સરકારી દવાઓ પહોંચાડવા સબંધમાં પાડેલ દરોડો**

અતારાંકિતઃ ૪૦૨૪ (૦૯–૦૧–૨૦૧૫) **શ્રી** રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) **:** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ગંભીર રોગોમાં વપરાતા મોંઘી કિંમતના આલ્બ્યુમીન ઈન્જેકશનો બારોબાર વેચાઈ રહયાની ફરીયાદ મળતા માનનીય આરોગ્ય મંત્રીની સીધી સૂચનાથી તા. ૦૮–૧૧–૨૦૧૪ના રોજ દરોડો પાડવામાં આવતા મોટા જથ્થામાં આ સરકારી દવા ખાનગી દવાખાનામાં પહોંચાડવામાં આવ્યાનું ષડયંત્ર પકડાયુ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેની વિગત શી છે અને તેમાં કોણ સંડોવાયા છે,

(૩) આ દવાનો કેટલો જથ્થો ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં હોસ્પિટલ બહાર લઈ જવાયો હતો, અને

(૪) ગુનાહીતો સામે શી કાનૂની પગલા લેવાયા છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૧૨–૦૩–૧૫)

(૧) હા, જી.

(૨) અને (૩)

અમદાવાદ સિવિલ હોસ્પિટલ અમદાવાદના મેડીકલ સ્ટોરમાંથી ઈન્જેકશન આલ્બ્યુમીન દવાની ૨૩૩ બોટલ બહાર લઈ જતા ધ્યાને આવેલ છે અને તેમાં શ્રી મહેન્દ્ર એમ. પટેલ, મેલ સ્ટાફ નર્સ, વર્ગ–૩ અને શ્રી અરવિંદભાઈ શ્રીમાળી, વર્ગ–૪ ના કર્મચારીની સંડોવણી જણાયેલ છે.

(૪) ગુનાહિતો સામે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં તા. ૭–૧૧–૨૦૧૪ ના રોજ એફ.આઈ.આર. દાખલ કરવામાં આવેલ છે, અને આરોપીઓની પોલીસે ધરપકડ કરેલ છે.

**પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી હોસ્પિટલોમાં મંજૂર થયેલ મહેકમ**

અતારાંકિતઃ ૪૦૯૬ (૦૯–૦૨–૨૦૧૫) **શ્રી** ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) **:** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં કેટલા સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને સરકારી હોસ્પિટલો આવેલી છે,

(૨) તે અન્વયે જિલ્લાવાર સંર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૩) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ કયારથી ખાલી છે, અને

(૪) ઉકત સ્થિતિએ ખાલી જગ્યાઓ કયાં સુધી ભરવાનું આયોજન છે?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૬–૦૨–૧૫)

(૧) પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તા. ૩૦–૧૧–૧૪ ની સ્થિતિએ નીચે જણાવ્યા મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી હોસ્પિટલો આવેલી છે.

| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંખ્યા** | **સામુહિક આરોગ્ય કેન્દ્રોની સંખ્યા** | **હોસ્પિટલની સંખ્યા** |
|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ૪૩ | ૦૯ | ૦૧ |
| ૨ | મહીસાગર | ૩૦ | ૦૫ | ૦૨ |

(૨) અને (૩)

(૧)પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વિગત દર્શાવતું *પત્રક–૧ સામેલ છે.

(૨) મહીસાગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વિગત દર્શાવતું *પત્રક–૨ સામેલ છે.

(૩) પંચમહાલ જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોની વિગત દર્શાવતું *પત્રક–૩ સામેલ છે.

(૪) મહીસાગર જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોની વિગત દર્શાવતું *પત્રક–૪ સામેલ છે.

(૫) પંચમહાલ જિલ્લામાં જનરલ હોસ્પિટલ, ગોધરાની વિગત દર્શાવતું *પત્રક–૫ સામેલ છે.

(૬) મહીસાગર જિલ્લામાં જિલ્લામાં કોટેજ હોસ્પિટલ લુણાવાડા તથા સરકારી હોસ્પિટલની વિગત દર્શાવતું *પત્રક–૬ સામેલ છે.

(૪) સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ–૧ અને તબીબી અધિકારી વર્ગ–૨ની જગ્યાઓ વોક ઈન ઈન્ટરવ્યુ દ્વારા ભરવાનું આયોજન કરવામાં આવે છે. જેમાં ઉમેદવારો પસંદ થયેથી નિમણૂંક આપી આ જગ્યાઓ ભરવામાં આવશે. પેરા મેડીકલ સંવર્ગની જગ્યાઓને ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવામાં આવશે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ–૨ ની જગ્યાઓ ભરવા માટે દર અઠવાડિયે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. વર્ગ–૩ અને વર્ગ–૪ સંવર્ગની જગ્યાઓ પંચાયત સંવર્ગની હોઈ પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઈ ભરવાની કાર્યવાહી કરવાની થાય છે. ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ જરૂર જણાય ત્યાં આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

**પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં મેડીકલની ખાનગી કોલેજોમાં એન.આર.આઈ. કવોટાની ફીમાંથી શિષ્યવૃતિ અંગે**

અતારાંકિતઃ ૪૧૭૭ (૦૯–૦૨–૨૦૧૫) **શ્રી** ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) **:** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં મેડીકલ અભ્યાસક્રમની ખાનગી કોલેજોમાં એન.આર.આઈ. કવોટા મારફતે લેવામાં આવતી ફીમાંથી વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવાની હોય છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવામાં આવી, અને

(૩) જો ખાનગી કોલેજો એનઆરઆઈ કવોટા પેટે લીધેલી ફીમાંથી શિષ્યવૃતિ ન ચુકવતી હોય તો આ કોલેજો સામે શી કાર્યવાહી કરી ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૧૨–૦૩–૧૫)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યની મેડીકલ કોલેજોમાં ફીકસ પગારથી ભરતી**

અતારાંકિતઃ ૪૨૫૯ (૨૧–૦૧–૨૦૧૫) **શ્રી** શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) **:** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૦૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની મેડીકલ કોલેજોમાં પ્રોફેસર, આસી. પ્રોફેસરની ફીકસ પગારથી ભરતી કરવામાં આવે છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો પગારના ધોરણો શા છે અને સરકારના કયા કયા લાભો ઉકત કર્મચારીઓને મળે છે?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૧૧–૦૩–૧૫)

(૧) હા, જી.

(૨) કરારીય ધોરણે પૂર્ણ સમયના અને ખંડ સમયના પ્રોફેસર, આસી. પ્રોફેસરના પગાર ધોરણો અને લાભો નીચે મુજબ છે.

| સંવર્ગ | પૂર્ણ સમય કરારીય | ખંડ સમય કરારીય |
|---|---|---|
| પ્રોફેસર | રૂ. ૨૩૦૦૦/- | રૂ. ૬૦૦૦/- |
| આસી. પ્રોફેસર | રૂ. ૧૭૦૦૦/- | રૂ. ૪૦૦૦/- |

૧. ખંડ સમયના કરારીય ધોરણે નિમણૂંક મેળવતા ઉમેદવારને ખાનગી પ્રેકટીસ કરવાની છુટ રહે છે.

૨. એક વર્ષમાં ૧૨ (બાર) પરચૂરણ રજા મળવાપાત્ર રહે છે.

**રાજ્યની મેડીકલ કોલેજોમાં ફીકસ પગારથી ભરતી**

અતારાંકિતઃ ૪૪૬૬ (૨૧–૦૧–૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) **:** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની મેડીકલ કોલેજોમાં પ્રોફેસર, આસી. પ્રોફેસરની ફીકસ પગારથી ભરતી કરવામાં આવે છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો પગારના ધોરણો શા છે અને સરકારના કયા કયા લાભો ઉકત કર્મચારીઓને મળે છે?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૧૧–૦૩–૧૫)

(૧) હા, જી.

(૨) કરારીય ધોરણે પૂર્ણ સમયના અને ખંડ સમયના પ્રોફેસર, આસી. પ્રોફેસરના પગાર ધોરણો અને લાભો નીચે મુજબ છે.

| સંવર્ગ | પૂર્ણ સમય કરારીય | ખંડ સમય કરારીય |
|---|---|---|
| પ્રોફેસર | રૂ. ૨૩૦૦૦/- | રૂ. ૬૦૦૦/- |
| આસી. પ્રોફેસર | રૂ. ૧૭૦૦૦/- | રૂ. ૪૦૦૦/- |

૧. ખંડ સમયના કરારીય ધોરણે નિમણૂંક મેળવતા ઉમેદવારને ખાનગી પ્રેકટીસ કરવાની છુટ રહે છે.

૨. એક વર્ષમાં ૧૨ (બાર) પરચૂરણ રજા મળવાપાત્ર રહે છે.

**ખોરાક અને ઔષધ નિયમન તંત્ર અને તેના તાબામાં આવેલ કર્મચારીઓમાં મંજૂર થયેલ મહેકમ**

અતારાંકિતઃ ૪૫૧૯ (૨૩–૦૧–૨૦૧૫) **શ્રી** રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) **:** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કમિશ્નરશ્રી ખોરાક અને ઔષધ નિયમ તંત્રની કચેરી અને તેના તાબામાં આવતી કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ કયારથી ખાલી છે,

(૩) લાંબા સમયથી જગ્યાઓ ખાલી રહેવાના શાં કારણો છે, અને

(૪) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૦૭–૦૩–૧૫)

(૧) સંવર્ગવાર મંજુર થયેલ મહેકમની વિગતો.

| વર્ગ | મંજુર થયેલ મહેકમ |
|---|---|
| વર્ગ–૧ | ૯૩ |
| વર્ગ–૨ | ૨૧૬ |
| વર્ગ–૩ | ૮૦૩ |
| વર્ગ–૪ | ૨૩૯ |
| મંજુર થયેલ કુલ મહેકમ | ૧૩૫૧ |
| (વિગતવાર માહિતીનું પત્રક * એનેક્ષર 'એ' મુજબ | |

(૨) સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગતો

| વર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|

તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

| | | |
|---|---|---|
| વર્ગ–૧ | ૩૩ | ૬૦ |
| વર્ગ–૨ | ૧૩૭ | ૭૯ |
| વર્ગ–૩ | ૫૧૦ | ૨૯૩ |
| વર્ગ–૪ | ૧૮૫ | ૫૪ |
| કુલ | ૮૬૫ | ૪૮૬ |
| (ખાલી રહેલ જગ્યાઓની માહિતીનુ પત્રક * એનેક્ષર ‘બી’ મુજબ) | | |

(૩) બઢતી, નિવૃત્તિ સ્વૈચ્છિક નિવૃત્તિ તેમજ જગ્યાઓ નવી મંજુર થયેલ હોય, તેવા કારણોસર ખાલી રહેવા પામેલ છે.

(૪) ભરતીની પ્રક્રિયા પૂરી થયેથી જગ્યાઓ ભરવામાં આવશે.

| ક્રમ | જગ્યાનું નામ | ટેકનિકલ/નોન ટેકનિકલ | મંજૂર | ભરેલી | ખાલી | ક્રમ | જગ્યાનું નામ | ટેકનિકલ/નોન ટેકનિકલ | મંજૂર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | વર્ગ–૧ | | | | | | | | | | |
| 1 | કમિશ્નર | ટેકનિકલ | 1 | 1 | 0 | 42 | અધિક્ષક | નોન ટેકનિકલ | 16 | 16 | 0 |
| 2 | પ્રિસાઈડીંગ ઓફિસર | ટેકનિકલ | 1 | 0 | 1 | 43 | મુખ્ય કારકુન | નોન ટેકનિકલ | 27 | 22 | 5 |
| 3 | સંયુકત કમિશનર | ટેકનિકલ | 3 | 2 | 1 | 44 | પ્રવર કારકુન | નોન ટેકનિકલ | 94 | 84 | 10 |
| 4 | સંયુકત કમિશનર (ચકાસણી) | ટેકનિકલ | 1 | 0 | 1 | 45 | કારકુન | નોન ટેકનિકલ | 161 | 58 | 103 |
| 5 | સંયુકત કમિશનર (આયુર્વેદ) | ટેકનિકલ | 1 | 1 | 0 | 46 | આંકડાશાસ્ત્રી | નોન ટેકનિકલ | 1 | 1 | 0 |
| 6 | નાયબ કમિશનર | ટેકનિકલ | 6 | 5 | 1 | 47 | મદદનીશ આંકડાશાસ્ત્રી | નોન ટેકનિકલ | 2 | 0 | 2 |
| 7 | મદદનીશ કમિશનર | ટેકનિકલ | 26 | 11 | 15 | 48 | આંકડા મદદનીશ | નોન ટેકનિકલ | 7 | 1 | 6 |
| 8 | ટેક. અધિ. (આયુ) | ટેકનિકલ | 2 | 0 | 2 | 49 | નિમ્ન વૈજ્ઞાનિક મદદનીશ (ઔષધ) | ટેકનિકલ | 113 | 83 | 30 |
| 9 | ડેઝીગ્નેટેડ ઓફિસર | ટેકનિકલ | 25 | 1 | 24 | 50 | નિમ્ન વૈજ્ઞાનિક મદદનીશ(ખોરાક) | ટેકનિકલ | 53 | 35 | 18 |
| 10 | જનસંપર્ક અધિકારી | નોન ટેકનિકલ | 1 | 0 | 1 | 51 | ફુડ સેફટી ઓફિસર | ટેકનિકલ | 158 | 99 | 59 |
| 11 | વહીવટી અધિકારી | નોન ટેકનિકલ | 1 | 1 | 0 | 52 | ગ્રંથપાલ | નોન ટેકનિકલ | 1 | 1 | 0 |
| 12 | કાયદા સલાહકાર | નોન ટેકનિકલ | 1 | 0 | 1 | 53 | સ્ટેનો. ગ્રેડ–2 | નોન ટેકનિકલ | 5 | 4 | 1 |
| 13 | મદદનીશ કમિશનર (આંકડા અને કોમ્પ્યુટર) | નોન ટેકનિકલ | 1 | 0 | 1 | 54 | સ્ટેનો. ગ્રેડ–3/સ્ટેનો ટાઈપીસ્ટ | નોન ટેકનિકલ | 7 | 1 | 6 |
| 14 | પ્રવર વૈજ્ઞાનિક અધિકારી (ઔષધ) | ટેકનિકલ | 5 | 2 | 3 | 55 | સ્ટોરકિપર | નોન ટેકનિકલ | 3 | 1 | 2 |
| 15 | નિમ્ન વૈજ્ઞાનિક અધિકારી | ટેકનિકલ | 8 | 4 | 4 | 56 | મુખ્ય પશુ | નોન ટેકનિકલ | 1 | 1 | 0 |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | (ઔષધ) | | | | | | | સુપરવાઈઝર | | | | |
| **16** | પ્રવર વૈજ્ઞાનિક અધિકારી (ખોરાક) | ટેકનિકલ | 4 | 1 | 3 | | 57 | પ્રવર પશુ સુપરવાઈઝર | નોન ટેકનિકલ | 1 | 0 | 1 |
| **17** | નિમ્ન વૈજ્ઞાનિક અધિકારી (ખોરાક) | ટેકનિકલ | 6 | 4 | 2 | | 58 | જુનીયર પશુ સુપરવાઈઝર | નોન ટેકનિકલ | 1 | 0 | 1 |
| | કુલ (વર્ગ–૧) | | 93 | 33 | 60 | | 59 | કેર ટેકર | નોન ટેકનિકલ | 4 | 4 | 0 |
| વર્ગ–૨ | | | | | | | 60 | સેમ્પલ વોર્ડન/પ્રવર પ્રયોગશાળા | નોન ટેકનિકલ | 23 | 23 | 0 |
| 18 | પ્રવર ઔષધ નિરીક્ષક | ટેકનિકલ | 42 | 27 | 15 | | 61 | પ્રયોગશાળા મદદનીશ | નોન ટેકનિકલ | 49 | 17 | 32 |
| 19 | ઔષધ નિરીક્ષક | ટેકનિકલ | 84 | 75 | 9 | | 62 | ઈલે. મિકેનિક | ટેકનિકલ | 2 | 0 | 2 |
| 20 | સીનીયર ફુડ સેફટી ઓફિસર | ટેકનિકલ | 25 | 15 | 10 | | 63 | ઓપરેટર | ટેકનિકલ | 3 | 2 | 1 |
| 21 | મહેકમ અધિકારી/અંગત મદદનીશ | નોન ટેકનિકલ | 6 | 2 | 4 | | 64 | મશીન ઓપરેટર | ટેકનિકલ | 1 | 0 | 1 |
| 22 | આંકડા અને આયોજન અધિ./ | નોન ટેકનિકલ | 3 | 2 | 1 | | 65 | સુથાર | નોન ટેકનિકલ | 1 | 1 | 0 |
| 23 | કાયદા અધિ13કારી | નોન ટેકનિકલ | 4 | 3 | 1 | | 66 | મિકે. સુપરવાઈઝર | ટેકનિકલ | 1 | 1 | 0 |
| 24 | હિસાબી અધિકારી | નોન ટેકનિકલ | 2 | 0 | 2 | | 67 | ડેટા એન્ટ્રી ઓપરેટર/કોમ્પ્યુટર | નોન ટેકનિકલ | 25 | 25 | 0 |
| 25 | પ્રવર વૈજ્ઞાનીક મદદનીશ (ઔષધ) | ટેકનિકલ | 24 | 11 | 13 | | 68 | વોચર | નોન ટેકનિકલ | 2 | 1 | 1 |
| 26 | પ્રવર વૈજ્ઞાનીક મદદનીશ (ખોરાક) | ટેકનિકલ | 21 | 1 | 20 | | 69 | ડ્રાઈવર | ટેકનિકલ | 25 | 25 | 0 |
| 27 | આયુ. ફાર્માસીસ્ટ | ટેકનિકલ | 1 | 1 | 0 | | 70 | પ્રવર પ્લમ્બર | ટેકનિકલ | 1 | 0 | 1 |
| 28 | સ્ટોર ઓફિસર | નોન ટેકનિકલ | 1 | 0 | 1 | | | કુલ (વર્ગ–3) | | 803 | 510 | 293 |
| 29 | ઈન્સ્ટ્રુમેન્ટ એન્જીનિયર | ટેકનિકલ | 1 | 0 | 1 | | વર્ગ–4 | | | | | |
| 30 | એકઝીબીશન ઓફિસર | ટેકનિકલ | 1 | 0 | 1 | | 71 | હવાલદાર | નોન ટેકનિકલ | 1 | 1 | 0 |
| 31 | રજીસ્ટ્રાર | ટેકનિકલ | 1 | 0 | 1 | | 72 | નાયક | નોન ટેકનિકલ | 10 | 8 | 2 |
| | કુલ (વર્ગ–2) | | 216 | 137 | 79 | | 73 | હેડ વોચમેન | નોન ટેકનિકલ | 1 | 0 | 1 |
| વર્ગ–3 | | | | | | | 74 | પટાવાળા | નોન ટેકનિકલ | 76 | 60 | 16 |
| 32 | સુપરવાઈઝર | નોન ટેકનિકલ | 1 | 0 | 1 | | 75 | મદદગાર | નોન ટેકનિકલ | 48 | 36 | 12 |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 33 | જુનીયર એકઝામીનર | નોન ટેકનિકલ | 1 | 1 | 0 | | 76 | સફાઈ કામદાર | નોન ટેકનિકલ | 8 | 4 | 4 |
| 34 | ટેકનિકલ સુપરવાઈઝર | ટેકનિકલ | 2 | 2 | 0 | | 77 | માળી | નોન ટેકનિકલ | 3 | 2 | 1 |
| 35 | ટેક. આસીસ્ટન્ટ | ટેકનિકલ | 3 | 1 | 2 | | 78 | પ્રયોગશાળા પરિચારક | નોન ટેકનિકલ | 65 | 48 | 17 |
| 36 | એ.સી. પ્લાન્ટ અધિક્ષક | ટેકનિકલ | 1 | 0 | 1 | | 79 | પશુ પરિચારક | નોન ટેકનિકલ | 5 | 4 | 1 |
| 37 | રેફ્રિ. મિકેનીક | ટેકનિકલ | 1 | 0 | 1 | | 80 | કાર્યશાળા પરિચારક | નોન ટેકનિકલ | 4 | 4 | 0 |
| 38 | ટેક. આસી. વૈદ્ય | ટેકનિકલ | 1 | 0 | 1 | | 81 | મશીન પરિચારક | નોન ટેકનિકલ | 5 | 5 | 0 |
| 39 | વર્કશોપ સુપ્રિ. | ટેકનિકલ | 2 | 0 | 2 | | 82 | વોચમેન | નોન ટેકનિકલ | 10 | 10 | 0 |
| 40 | આયુર્વેદિક આસીસ્ટન્ટ | ટેકનિકલ | 1 | 0 | 1 | | 83 | ફાર્મસી સર્વન્ટ | નોન ટેકનિકલ | 1 | 1 | 0 |
| 41 | કાયદા મદદનીશ | નોન ટેકનિકલ | 2 | 0 | 2 | | 84 | હમાલ કમ સ્વીપર | નોન ટેકનિકલ | 2 | 2 | 0 |
| | | | | | | | | કુલ (વર્ગ–4) | | 239 | 185 | 54 |
| | | | | | | | | કુલ (વર્ગ–1 થી વર્ગ–4) | | 1351 | 865 | 486 |

**એનેક્ષર–બી**

| ક્રમ | જગ્યાનું નામ | ટેકનિકલ/નોન | મંજૂર | ભરેલી | ખાલી | કયા વર્ષથી જગ્યા ખાલી છે. |
|---|---|---|---|---|---|---|
| (વર્ગ– ૧) | | | | | | |
| ૧ | કમિશ્નર | ટેકનિકલ | 1 | 1 | 0 | – |
| ૨ | પ્રિસાઈડીંગ ઓફિસર | ટેકનિકલ | 1 | 0 | 1 | 2012 |
| ૩ | સંયુકત કમિશનર | ટેકનિકલ | 3 | 2 | 1 | 2011 |
| ૪ | સંયુકત કમિશનર (ચકાસણી) | ટેકનિકલ | 1 | 0 | 1 | 2012 |
| ૫ | સંયુકત કમિશનર (આયુર્વેદ) | ટેકનિકલ | 1 | 1 | 0 | – |
| ૬ | નાયબ કમિશનર | ટેકનિકલ | 6 | 5 | 1 | 2014 |
| ૭ | મદદનીશ કમિશનર | ટેકનિકલ | 26 | 11 | 15 | 2009 થી 2012 |
| ૮ | ટેક. અધિ. (આયુ) | ટેકનિકલ | 2 | 0 | 2 | 1998 અને 2014 |
| ૯ | ડેઝીગ્નેટેડ ઓફિસર | ટેકનિકલ | 25 | 1 | 24 | 2012 |
| ૧૦ | જનસંપર્ક અધિકારી | નોન ટેકનિકલ | 1 | 0 | 1 | 2014 |
| ૧૧ | વહીવટી અધિકારી | નોન ટેકનિકલ | 1 | 1 | 0 | – |
| ૧૨ | કાયદા સલાહકાર | નોન ટેકનિકલ | 1 | 0 | 1 | 2014 |
| ૧૩ | મદદનીશ કમિશનર (આંકડા અને કોમ્પ્યુટર) | નોન ટેકનિકલ | 1 | 0 | 1 | 2011 |
| ૧૪ | પ્રવર વૈજ્ઞાનિક અધિકારી(ઔષધ) | ટેકનિકલ | 5 | 2 | 3 | 2011 અને પહેલાથી |
| ૧૫ | નિમ્ન વૈજ્ઞાનિક અધિકારી (ઔષધ) | ટેકનિકલ | 8 | 4 | 4 | 2011 અને પહેલાથી |
| ૧૬ | પ્રવર વૈજ્ઞાનિક અધિકારી (ખોરાક) | ટેકનિકલ | 4 | 1 | 3 | 2011 અને 2014 |
| ૧૭ | નિમ્ન વૈજ્ઞાનિક અધિકારી | ટેકનિકલ | 6 | 4 | 2 | 2014 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | (ખોરાક) | | | | | |
| | કુલ (વર્ગ–1) | | 93 | 33 | 60 | |
| વર્ગ– | | | | | | |
| 18 | પ્રવર ઔષધ નિરીક્ષક | ટેકનિકલ | 42 | 27 | 15 | 2010 થી 2012 |
| 19 | ઔષધ નિરીક્ષક | ટેકનિકલ | 84 | 75 | 9 | 2012 |
| 20 | સીનીયર ફુડ સેફટી ઓફિસર | ટેકનિકલ | 25 | 15 | 10 | 2012 થી 2014 |
| 21 | મહેકમ અધિકારી/અંગત મદદનીશ | નોન ટેકનિકલ | 6 | 2 | 4 | 2012 |
| 22 | આંકડા અને આયોજન અધિ./સંશોધન અધિકારી | નોન ટેકનિકલ | 3 | 2 | 1 | 2010 |
| 23 | કાયદા અધિકારી | નોન ટેકનિકલ | 4 | 3 | 1 | 2012 |
| 24 | હિસાબી અધિકારી | નોન ટેકનિકલ | 2 | 0 | 2 | 2012 |
| 25 | પ્રવર વૈજ્ઞાનીક મદદનીશ (ઔષધ) | ટેકનિકલ | 24 | 11 | 13 | 2009 થી 2012 |
| 26 | પ્રવર વૈજ્ઞાનીક મદદનીશ (ખોરાક) | ટેકનિકલ | 21 | 1 | 20 | 2009 થી 2014 |
| 27 | આયુ. ફાર્માસીસ્ટ | ટેકનિકલ | 1 | 1 | 0 | |
| 28 | સ્ટોર ઓફિસર | નોન ટેકનિકલ | 1 | 0 | 1 | 2008 |
| 29 | ઈન્સ્ટ્રુમેન્ટ એન્જીનિયર | ટેકનિકલ | 1 | 0 | 1 | 2008 |
| 30 | એકઝીબીશન ઓફિસર | ટેકનિકલ | 1 | 0 | 1 | 2012 |
| 31 | રજીસ્ટ્રાર | ટેકનિકલ | 1 | 0 | 1 | 2012 |
| | કુલ (વર્ગ–2) | | 216 | 137 | 79 | |
| | વર્ગ–3 | | | | | |
| 32 | સુપરવાઈઝર | નોન ટેકનિકલ | 1 | 0 | 1 | 1995 |
| 33 | જુનીયર એકઝામીનર | નોન ટેકનિકલ | 1 | 1 | 0 | |
| 34 | ટેકનિકલ સુપરવાઈઝર | ટેકનિકલ | 2 | 2 | 0 | |
| 35 | ટેક. આસીસ્ટન્ટ | ટેકનિકલ | 3 | 1 | 2 | 2010 |
| 36 | એ.સી. પ્લાન્ટ અધિક્ષક | ટેકનિકલ | 1 | 0 | 1 | 2009 |
| 37 | રેફ્રિ. મિકેનીક | ટેકનિકલ | 1 | 0 | 1 | 2009 |
| 38 | ટેક. આસી. વૈદ્ય | ટેકનિકલ | 1 | 0 | 1 | 2012 |
| 39 | વર્કશોપ સુપ્રિ. | ટેકનિકલ | 2 | 0 | 2 | 2011 અને 2013 |
| 40 | આયુર્વેદિક આસીસ્ટન્ટ | ટેકનિકલ | 1 | 0 | 1 | 2007 |
| 41 | કાયદા મદદનીશ | નોન ટેકનિકલ | 2 | 0 | 2 | 2010 |
| 42 | અધિક્ષક | નોન ટેકનિકલ | 16 | 16 | o | |
| 43 | મુખ્ય કારકુન | નોન ટેકનિકલ | 27 | 22 | 5 | 2014 |
| 44 | પ્રવર કારકુન | નોન ટેકનિકલ | 94 | 84 | 10 | 2014 |
| 45 | કારકુન | નોન ટેકનિકલ | 161 | 58 | 103 | 2008 થી 2014 |
| 46 | આંકડાશાસ્ત્રી | નોન ટેકનિકલ | 1 | 1 | 0 | – |
| 47 | મદદનીશ આંકડાશાસ્ત્રી | નોન ટેકનિકલ | 2 | 0 | 2 | 2010 |
| 48 | આંકડા મદદનીશ | નોન ટેકનિકલ | 7 | 1 | 6 | 2008 થી 2014 |
| 49 | નિમ્ન વૈજ્ઞાનિક મદદનીશ (ઔષધ) | ટેકનિકલ | 113 | 83 | 30 | 2011 થી 2014 |
| 50 | નિમ્ન વૈજ્ઞાનિક મદદનીશ(ખોરાક) | ટેકનિકલ | 53 | 35 | 18 | 2011 થી 2014 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 51 | ફુડ સેફટી ઓફિસર | ટેકનિકલ | 158 | 99 | 59 | 2012 થી 2014 |
| 52 | ગ્રંથપાલ | નોન ટેકનિકલ | 1 | 1 | 0 | – |
| 53 | સ્ટેનો. ગ્રેડ–2 | નોન ટેકનિકલ | 5 | 4 | 1 | 2012 |
| 54 | સ્ટેનો. ગ્રેડ–3/સ્ટેનો ટાઈપીસ્ટ | નોન ટેકનિકલ | 7 | 1 | 6 | 2008 |
| 55 | સ્ટોરકિપર | નોન ટેકનિકલ | 3 | 1 | 2 | 2011 અને 2014 |
| 56 | મુખ્ય પશુ સુપરવાઈઝર | નોન ટેકનિકલ | 1 | 1 | 0 | – |
| 57 | પ્રવર પશુ સુપરવાઈઝર | નોન ટેકનિકલ | 1 | 0 | 1 | 2011 |
| 58 | જુનીયર પશુ સુપરવાઈઝર | નોન ટેકનિકલ | 1 | 0 | 1 | 2009 |
| 59 | કેર ટેકર | નોન ટેકનિકલ | 4 | 4 | 0 | – |
| 60 | સેમ્પલ વોર્ડન/પ્રવર પ્રયોગશાળા મદદનીશ | નોન ટેકનિકલ | 23 | 23 | 0 | – |
| 61 | પ્રયોગશાળા મદદનીશ | નોન ટેકનિકલ | 49 | 17 | 32 | 2008 થી 2014 |
| 62 | ઈલે. મિકેનિક | ટેકનિકલ | 2 | 0 | 2 | 2009 |
| 63 | ઓપરેટર | ટેકનિકલ | 3 | 2 | 1 | 2014 |
| 64 | મશીન ઓપરેટર | ટેકનિકલ | 1 | 0 | 1 | 2008 |
| 65 | સુથાર | નોન ટેકનિકલ | 1 | 1 | 0 | – |
| 66 | મિકે. સુપરવાઈઝર | ટેકનિકલ | 1 | 1 | 0 | – |
| 67 | ડેટા એન્ટ્રી ઓપરેટર/કોમ્પ્યુટરઓપરેટર | નોન ટેકનિકલ | 25 | 25 | 0 | – |
| 68 | વોચર | નોન ટેકનિકલ | 2 | 1 | 1 | 2000 |
| 69 | ડ્રાઈવર | ટેકનિકલ | 25 | 25 | 0 | – |
| 70 | પ્રવર પ્લમ્બર | ટેકનિકલ | 1 | 0 | 1 | 2010 |
| | કુલ (વર્ગ–3) | | 803 | 510 | 293 | |
| | વર્ગ–4 | | | | | |
| 71 | હવાલદાર | નોન ટેકનિકલ | 1 | 1 | 0 | |
| 72 | નાયક | નોન ટેકનિકલ | 10 | 8 | 2 | 2011 અને તે પહેલા |
| 73 | હેડ વોચમેન | નોન ટેકનિકલ | 1 | 0 | 1 | 2011 અને તે પહેલા |
| 74 | પટાવાળા | નોન ટેકનિકલ | 76 | 60 | 16 | 2011 અને તે પહેલા |
| 75 | મદદગાર | નોન ટેકનિકલ | 48 | 36 | 12 | 2011 અને તે પહેલા |
| 76 | સફાઈ કામદાર | નોન ટેકનિકલ | 8 | 4 | 4 | 2011 અને તે પહેલા |
| 77 | માળી | નોન ટેકનિકલ | 3 | 2 | 1 | 2011 અને તે પહેલા |
| 78 | પ્રયોગશાળા પરિચારક | નોન ટેકનિકલ | 65 | 48 | 17 | 2011 અને તે પહેલા |
| 79 | પશુ પરિચારક | નોન ટેકનિકલ | 5 | 4 | 1 | 2011 અને તે પહેલા |
| 80 | કાર્યશાળા પરિચારક | નોન ટેકનિકલ | 4 | 4 | 0 | – |
| 81 | મશીન પરિચારક | નોન ટેકનિકલ | 5 | 5 | 0 | – |
| 82 | વોચમેન | નોન ટેકનિકલ | 10 | 10 | 0 | – |
| 83 | ફાર્મસી સર્વન્ટ | નોન ટેકનિકલ | 1 | 1 | 0 | – |
| 84 | હમાલ કમ સ્વીપર | નોન ટેકનિકલ | 2 | 2 | 0 | – |
| | કુલ (વર્ગ–4) | | 239 | 185 | 54 | |
| | કુલ (વર્ગ–1 થી વર્ગ–4) | | 1351 | 865 | 486 | |

**નોંધઃ** સામાન્ય વહીવટ વિભાગના તા. 1–4–2010 ના ઠરાવની જોગવાઈ મુજબ વર્ગ–4 ની સેવાઓ આઉટસોર્સની લેવાનું નક્કી કરવામાં આવેલ છે. જેથી સદર જગ્યા ભરવા માટે કાર્યવાહી કરવાની રહેતી નથી.

**રાજ્યમાં ગરીબ દર્દીઓને ડોકટરો દ્વારા ફરજિયાત જેનરિક દવાઓ લખવા કરેલ કાર્યવાહી**

અતારાંકિતઃ ૪૫૨૦ (૨૧–૦૧–૨૦૧૫) **શ્રી** રાઘવજીભાઈ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) **:** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ગરીબ દર્દીઓને સસ્તી દવાઓ મળી રહે તે હેતુથી ડોકટરો દ્વારા ફરજિયાત જેનરિક દવા લખવા એમ.સી.આઈ.નો રાજ્ય સરકારને આદેશ આવેલ તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્યમાં ડોકટરો દ્વારા ફરજિયાત જેનરિક દવા લખે તે માટે શી કાર્યવાહી કરવામાં આવે છે, અને

(૩) રાજ્યમાં ડોકટરો દ્વારા ફરજિયાત જેનરિક દવા લખવામાં આવે તે માટે સરકારે શી કાર્યવાહી કરવાનું આયોજન કરેલ છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૭–૦૨–૨૦૧૫)

(૧) મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના તા. ૨૧–૦૧–૨૦૧૩ ના પત્રથી ધ ઈન્ડીયન મેડીકલ કાઉન્સીલ (પ્રોફેશનલ કન્ડક્ટ એટીકેટ એન્ડ એથીક્સ) રેગ્યુલેશન ૨૦૦૨ ની કલમ ૧.૫ ની જોગવાઈ તરફ ધ્યાન દોરી તમામ ફીઝીશીયનો તથા મેડીકલ પ્રેક્ટીશનરો દ્વારા જેનરીક નામે દવાઓ પ્રિસ્ક્રાઈબ કરવામાં આવે તેવી સૂચનાઓ આપેલ છે.

(૨) અને (૩) રાજ્યમાં સરકારી આરોગ્ય સંસ્થાઓમાં ફરજ બજાવતા તમામ તબીબો દ્વારા ખાસ કિસ્સા સિવાય ફરજીયાત રીતે જેનરીક દવાઓ પ્રિસ્ક્રાઈબ કરવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૦૧–૦૭–૨૦૧૩ ના ઠરાવ તથા ૨૪–૦૧–૨૦૧૪ના પરિપત્રથી સૂચનાઓ આપેલ છે.

**રાજ્યમાં વિવિધ શહેરોમાં મેડીકલ સ્ટોર્સમાં પ્રતિબંધિત દવાઓ વેચવા બાબત**

અતારાંકિતઃ ૪૬૭૫ (૩૦–૦૧–૨૦૧૫) **શ્રી** રાઘવજીભાઈ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) **:** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ભારત સરકારે પ્રતિબંધ મૂક્યો હોય તેવી દવાઓ ડીસેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યના મેડીકલ સ્ટોર્સમાં વેચાઈ રહી છે તેનાં શાં કારણો છે, અને

(૨) આ અંગે જવાબદારો સામે શાં કાનૂની પગલાં લેવાયાં છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૧૦–૦૩–૨૦૧૫)

(૧) આ પ્રકારનો કોઈ કેસ ધ્યાને આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પોલીસદળના આધુનિકીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ રકમની માંગણી**

અતારાંકિતઃ ૩૩૫૧ (૦૯–૧૦–૨૦૧૪) **શ્રી** બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર) **:** માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) પોલીસદળના આધુનિકરણ માટે તા. ૩૦–૬–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમની વર્ષવાર દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) આ દરખાસ્ત પૈકી કેટલી રકમ કેન્દ્ર સરકારે મંજૂર કરી ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૧–૦૩–૨૦૧૫)

(૧) આ અંગે કેન્દ્ર સરકાર સમક્ષ નીચે જણાવ્યા મુજબની રકમની દરખાસ્ત કરવામાં આવેલ.

| વર્ષ | કરવામાં આવેલ દરખાસ્તની રકમ |
|---|---|
| ૨૦૧૧–૧૨ | રૂ. ૧૧૬.૭૭ કરોડ |
| ૨૦૧૨–૧૩ | રૂ. ૧૬૧.૯૯ કરોડ |
| ૨૦૧૩–૧૪ | રૂ. ૧૪૨.૬૮ કરોડ |

(૨) આ દરખાસ્ત પૈકી કેન્દ્ર સરકારે મંજૂર કરેલ એકશન પ્લાનની રકમ નીચે મુજબ છે.

| વર્ષ | મંજુર એકશન પ્લાનની રકમ |
|---|---|

| | |
|---|---|
| ૨૦૧૧–૧૨ | રૂ. ૫૬.૭૬ કરોડ |
| ૨૦૧૨–૧૩ | રૂ. ૧૩૪.૧૭ કરોડ |
| ૨૦૧૩–૧૪ | રૂ. ૧૩૦.૭૨ કરોડ |

**મહીસાગર અને પંચમહાલ જિલ્લાની જેલોમાંથી મોબાઈલ તથા સીમકાર્ડ મળવા બાબત**

અતારાંકિતઃ ૪૩૯૨ (૨૧–૦૧–૨૦૧૫) **શ્રી** ગેંદાલભાઈ મો. ડામોર (સંતરામપુર) **:** માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લાની કઈ જેલોમાંથી કેટલા મોબાઈલ અને સીમકાર્ડ મળી આવ્યા, અને

(૨) ગેરકાયદેસર મોબાઈલ અને સીમકાર્ડ રાખવા બદલ સંબંધિત ઈસમો સામે શા પગલાં લીધા ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૦–૦૩–૨૦૧૫)

(૧) ગોધરા સબ જેલમાંથી ૧ મોબાઈલ તથા ૧ સીમકાર્ડ મળી આવેલ છે.

(૨) આ અંગે કેદી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાયેલ છે તથા આ બાબતે ખાતા રાહે પ્રાથમિક તપાસ સોંપવામાં આવેલ છે.

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં પોલીસ દળની સંખ્યા**

અતારાંકિતઃ ૪૩૯૭ (૨૧–૦૧–૨૦૧૫) **શ્રી** ગેંદાલભાઈ મો. ડામોર (સંતરામપુર) **:** માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલા પોલીસ દળની સંખ્યા છે, અને

(૨) તે અન્વયે મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કેટલા વ્યકિત દીઠ એક પોલીસ છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૦–૦૩–૨૦૧૫)

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં કુલ ૫૯૭ અને પંચમહાલ જિલ્લામાં કુલ ૧૨૫૫ જગ્યાઓનું પોલીસ દળનું મંજુર મહેકમ છે.

(૨) તે અન્વયે મહીસાગર જિલ્લામાં ૯૭૦ વ્યકિત દીઠ એક અને પંચમહાલ જિલ્લામાં ૧૧૯૨ વ્યકિત દીઠ એક પોલીસ છે.

**અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા શહેરમાં પોલીસ મહેકમ**

અતારાંકિતઃ ૪૪૪૮ (૨૧–૦૧–૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) **:** માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા શહેરમાં પી.આઈ., પી.એસ.આઈ., હેડ કોન્સ્ટેબલ અને પોલીસ કોન્સ્ટેબલનું કુલ કેટલું મહેકમ મંજુર થયેલ છે.

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત સ્થિતિએ ખાલી જગ્યા રહેવાના શા કારણો છે અને આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૧–૦૩–૨૦૧૫)

(૧) અને (૨)

| અ. નં. | સંવર્ગ | અમદાવાદ શહેર | | | વડોદરા શહેર | | | રાજકોટ શહેર | | | સુરત શહેર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | હાજર | ખાલી | મંજૂર | હાજર | ખાલી | મંજૂર | હાજર | ખાલી | મંજૂર | હાજર | ખાલી |
| ૧ | પો. | ૧૨૦ | ૧૧૨ | ૦૮ | ૩૭ | ૩૬ | ૦૧ | ૧૯ | ૧૩ | ૦૬ | ૪૩ | ૪૦ | ૦૩ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઈ. | | | | | | | | | | | | |
| ૨ | પો. સ. ઈ. | ૬૭૮ | ૨૭૧ | ૪૦૭ | ૨૬૨ | ૧૦૬ | ૧૫૬ | ૧૦૭ | ૭૨ | ૩૫ | ૨૯૮ | ૧૧૪ | ૧૮૪ |
| ૩ | હે. કો. | ૨૫૧૩ | ૨૨૮૧ | ૨૩૨ | ૭૬૩ | ૬૨૩ | ૧૪૦ | ૩૩૯ | ૨૮૨ | ૫૭ | ૧૦૭૨ | ૮૦૦ | ૨૭૨ |
| ૪ | પો. કો. | ૧૦૦૧૧ | ૬૪૪૨ | ૩૫૬૯ | ૨૩૦૨ | ૧૩૮૬ | ૯૧૬ | ૧૨૪૪ | ૯૪૮ | ૨૯૬ | ૩૭૫૨ | ૨૨૩૯ | ૧૫૧૩ |

(૩) બઢતી, બદલી, વયનિવૃત્તિ, સ્વૈ. નિવૃત્તિ, અવસાન વગેરે કારણોસર જગ્યાઓ ખાલી પડતી હોય છે. ભરતી કેલેન્ડર મુજબ કોન્સ્ટેબ્યુલરીમાં સીધી ભરતીની પ્રક્રિયા હાલ ચાલુ છે. વહીવટી જરૂરીયાત મુજબ અને અનુકૂળતા અનુસાર વહીવટી પ્રક્રિયા અનુસરીને સમયાંતરે ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે. હાલમાં પોલીસ દળમાં પી.એસ.આઈ. (અનાર્મ)ની ૫૦૦, એ.એસ.આઈ. (અનાર્મ)ની ૮૦૦, કોન્સ્ટેબલ (અનાર્મ)ની ૫૬૫૦ તથા કોન્સ્ટેબલ (આર્મ)ની ૧૫૦૦ જગ્યાઓ માટેની સીધી ભરતીની પ્રક્રિયા ચાલુ છે.

## પોરબંદરમાં ગેરકાયદે ડબ્બા ટ્રેડીંગ

અતારાંકિતઃ ૪૬૩૩ (૨૮–૦૧–૨૦૧૫) **શ્રી** રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) **:** માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) પોરબંદરમાં ડીસેમ્બર–૨૦૧૪માં રૂ. ૧૬,૦૦,૦૦,૦૦૦ (રૂપિયા સોળ કરોડ)નું ગેરકાયદે ડબ્બા ટ્રેડીંગ પોલીસ દ્વારા પકડાયું હતું તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ગુનાહીત પ્રવૃત્તિઓના સૂત્રાધારો સામે શી કાનૂની કાર્યવાહી હાથ ધરાઈ છે, અને

(૩) આ વિસ્તારમાં થતા ગેરકાયદેસર ડબ્બા ટ્રેડીંગને રોકવા શી કાર્યવાહી થઈ છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૧–૦૩–૨૦૧૫)

(૧) હા, જી.

(૨) આ અંગે કિર્તીમંદિર પો. સ્ટે. ફર્સ્ટ ગુ. ર. નં. ૧૪૭/૧૪ અન્વયે, ધી સિક્યુરીટી કોન્ટ્રાકટ એન્ડ રેગ્યુલેશન એકટ–૧૯૫૬ની કલમ–૧૯, ૨૩(૧), A,B,C,D,E,F,G,H,I, તથા ઈન્ડિયન પીનલ કોડની કલમ–૪૦૬, ૪૨૦ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે અને કુલ–૦૮ આરોપીઓને અટક કરવામાં આવે છે.

(૩) આ વિસ્તારમાં આવી પ્રવૃત્તિઓ કરવાની ટેવવાળા ઈસમો ઉપર ખાનગી વોચ રાખી હકીકત મળ્યેથી કાયદેસરની જરુરી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

## હિંમતનગર એલ. સી. બી. પોલીસ સ્ટેશનમાં ચુવાનનું મોત

અતારાંકિતઃ ૪૬૩૬ (૨૮–૦૧–૨૦૧૫) **શ્રી** રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) **:** માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ઓકટોબર–૨૦૧૪માં હિંમતનગર એલ.સી.બી. પોલીસ સ્ટેશનમાં પોલીસ કસ્ટડીમાં રાખવામાં આવેલ આરોપી યુવાનનું મોત થયું હતું તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો પોલીસ કસ્ટડીમાં આ મોત બદલ કોને જવાબદાર ગણી તેની સામે શા કાનૂની તથા ખાતાકીય પગલાં લેવાયા છે, અને

(૩) આ કસ્ટોડીયન ડેથના કિસ્સામાં ચોવીસ કલાકમાં રાષ્ટ્રીય માનવ અધિકાર પંચને જાણ કરાઈ હતી કે કેમ ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૩–૦૩–૨૦૧૫)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્યમાં જિલ્લાવાર ગુનાહિત પ્રવૃત્તિઓ

અતારાંકિતઃ ૪૭૨૬ (૦૨–૦૨–૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) **:** માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ચોરી, લુંટ, ધાડ, બળાત્કાર, અપહરણ, ધાક–ધમકી, હત્યા–ખૂન, બાળકોના અપહરણના, મારામારી અને સળગાવી દેવાના કેટલા બનાવો નોંધાયા,

(૨) તે પૈકી જિલ્લાવાર અને વર્ષવાર કેટકેટલા બનાવો ઉકેલાયા અને કેટકેટલા બનાવો ઉકેલવાના બાકી છે, અને

(૩) આવા બનાવો ન બને તે માટે રાજ્ય સરકારે શાં પગલાંઓ લીધા ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૦૭–૦૩–૨૦૧૫)

(૧) *પત્રક–૧ મુજબ

(૨) *પત્રક–૨ મુજબ

(૩) આવા ગુનાઓ ન બને તે માટે પોલીસ સ્ટેશનોમાં આવતી અરજી, ફરિયાદની તપાસ કરી પગલાં લેવામાં આવે છે. આવા ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓને તાત્કાલિક અટક કરી કોર્ટમાં મોકલી આપવામાં આવે છે. આ આરોપીઓ કોર્ટમાંથી જામીન ઉપર મુકત થયા બાદ અન્ય ગુન્હો આચરે નહીં તે માટે તેમના વિરૂદ્ધ પણ અટકાયતી પગલાં લેવામાં આવે છે. આ ઉપરાંત નાઈટ રાઉન્ડ, વિલેજ વિઝીટ સઘન કરી ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૧૦૯, ૪૧(૧)ડી, ગુજરાત પોલીસ એકટ કલમ–૧૨૨, ૧૨૪ ના કેસો કરવામાં આવે છે અને શહેર યુનિટોમાં સી.સી.ટી.વી. કેમેરા દ્વારા સર્વેલન્સ કરવામાં આવે છે. ઉપરાંત આવા બનાવો બનતી જગ્યાઓના હોટસ્પોટ નક્કી કરી રેડ એલર્ટ સ્કીમ મુજબ ડેમોસ્ટ્રેશન કરવામાં આવે છે. તેમજ જેલ ઉપર અવાર–નવાર વિઝીટ કરી આવા ગુન્હેગારો ઉપર ચાંપતી નજર રાખવામાં આવે છે. અપહરણ અને બળાત્કારના ગુન્હાઓ બનતા અટકાવવા માટે સીટી પેટ્રોલીંગ ટીમ દ્વારા શાળા/કોલેજ ઉપર પેટ્રોલીંગ કરી રોમીયોગીરી કરતા ઈસમો વિરૂધ્ધ ગુજરાત પોલીસ એકટ કલમ–૧૧૦, ૧૧૭ ની કાર્યવાહી કરવામાં આવે છે.

(* પત્રકો સાહેબશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પશુચોરોનો 'પાસા' લાગુ પડવા બાબત**

અતારાંકિતઃ ૪૭૩૪ (૦૨–૦૨–૨૦૧૫) **શ્રી** ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) **:** માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ૩ (ત્રણ) પશુચોરોને ઓક્ટોબર–૨૦૧૪માં 'પાસા' લાગુ પાડવામાં આવેલ હતા તે હકિકત સાચી છે,

(૨) આ પશુચોરોએ ઉપરોક્ત સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં કઈ કઈ જગ્યાએ કેટલા પ્રાણીની ચોરી કરી હતી તથા તેને ક્યા ગેરકાનુની કતલખાનામાં મોકલ્યા હતા,

(૩) સંડોવાયેલા ગેરકાનૂની કતલખાના સામે શાં પગલાં લાવાયા છે અને

(૪) આ બન્ને જિલ્લામાં પશુચોરી અટકાવવા શા પગલાં લેવાયા છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૦–૦૩–૨૦૧૫)

(૧) સાબરકાંઠા જિલ્લામાં ૩ (ત્રણ) પશુચોરો સામે પાસા લગાવેલ હતાં.

(૨)

| તાલુકો | ભેંસોની સંખ્યા | પાડીની સંખ્યા | બળદની સંખ્યા |
|---|---|---|---|
| ઈડર | ૧૧ | ૦૦ | ૦૦ |
| હિંમતનગર | ૦૩ | ૦૦ | ૦૩ |
| પ્રાંતિજ | ૦૪ | ૦૧ | ૦૦ |
| તલોદ | ૦૧ | ૦૦ | ૦૨ |
| ખેડબ્રહમા | ૦૦ | ૦૦ | ૦૨ |
| **કુલ** | **૧૯** | **૦૧** | **૦૭** |
| ચોરી કરેલ આ પ્રાણીઓને રાજસ્થાન રાજ્યના મંડીના શ્રી હસન અલ્લારખા શેખને તથા ગુજરાત રાજ્યના ખેરાલુ તાલુકાના મહેકુબપુરા ગામમાં વેચાણ કરેલ છે. | | | |

(૩) પશુચોરોએ ગેરકાયદેસર કતલ કરેલ નહિં હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પોલિસતંત્ર દ્વારા અસરકારક વાહન ચેકિંગ અને કોમ્બીંગનું આયોજન કરવામાં આવે છે, તેમજ અટકાયતી પગલાં લેવામાં આવે છે.

ચૈત્ર ૧૦, ૧૯૩૭ શાકે
અતારાંકિત પ્રશ્નો

**મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં લોન સહાયની અરજીઓ**

અતારાંકિતઃ ૪૩૯૧ (૨૧-૦૧-૨૦૧૫) **શ્રી** ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) **:** માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં લોન સહાય મેળવવા માટે કુલ કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરી કેટલી રકમની સહાય આપવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે અને પડતર રહેવાના શા કારણો છે ?

**કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી :** (૧૫-૦૩-૨૦૧૫)

(૧) જિલ્લાવાર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં લોન સહાય મેળવવા માટેની અરજીઓ સામેલ *પત્રક-૧ મુજબ છે.

(૨) આવેલ અરજીઓ પૈકી મંજુર કરેલ અરજીઓ અને સહાયની રકમની માહિતી સામેલ *પત્રક-૨ મુજબ છે.

(૩) આવેલ અરજીઓ પૈકી પડતર અરજીઓ અને પડતર રહેવાના કારણોની માહિતી *પત્રક-૩ મુજબ છે.

**પત્રક-૧**

| અ.નં. | જિલ્લાનું નામ | ૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ | ૧-૧-૧૧ થી ૩૧-૧૨-૧૧ | ૧-૧-૧૨ થી ૩૧-૧૨-૧૨ | ૧-૧-૧૩ થી ૩૧-૧૨-૧૩ | ૧-૧-૧૪ થી ૩૧-૧૨-૧૪ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મહીસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૧૬૮૫ | ૧૬૮૫ |
| ૨ | પંચમહાલ | ૫૬૦૫ | ૩૮૨૪ | ૩૮૮૫ | ૩૪૭૮ | ૩૦૮૯ | ૧૯૮૮૧ |
| | **કુલ** | **૫૬૦૫** | **૩૮૨૪** | **૩૮૮૫** | **૩૪૭૮** | **૪૭૭૪** | **૨૧૫૬૬** |

**મહીસાગર-જિલ્લો**

| અ.નં. | તાલુકાનું નામ | મંજુર કરેલ અરજીઓ | ચૂકવેલ સહાય (રકમ રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | લુણાવાડા | ૫૧ | ૮.૦૨ |
| ૨ | ખાનપુર | ૨૭ | ૫.૪૭ |
| ૩ | સંતરામપુર | ૯૮ | ૨૦.૭૩ |
| ૪ | કડાણા | ૧૭ | ૫.૫૪ |
| ૫ | વિરપુર | ૦૬ | ૮.૮૭ |
| ૬ | બાલાસિનોર | ૧૩ | ૦.૩૮ |
| | **કુલ** | **૨૧૨** | **૪૯.૦૧** |

**પંચમહાલ-જિલ્લો**

| અ. નં. | તાલુકાનું નામ | મંજુર કરેલ અરજીઓ | ચુકવેલ સહાય (રકમ રૂ. લાખમાં) |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | ગોધરા | ૧૦૬૯ | ૧૩૭.૩૨ |
| ૨ | શહેરા | ૧૦૪૩ | ૧૦૧.૦૪ |
| ૩ | કાલોલ | ૬૬૨ | ૭૧.૬૩ |
| ૪ | હાલોલ | ૫૭૮ | ૫૨.૯૩ |
| ૫ | જાંબુઘોડા | ૫૭ | ૭.૧૩ |
| ૬ | ઘોઘંબા | ૨૮૯ | ૩૯.૪૪ |
| ૭ | મોરવા (હ) | ૨૦૫ | ૨૭.૬૬ |
| ૮ | લુણાવાડા | ૯૩૩ | ૧૧૪.૯૩ |
| ૯ | ખાનપુર | ૪૧૯ | ૩૫.૮૮ |
| ૧૦ | સંતરામપુર | ૭૮૮ | ૯૪.૨૦ |
| ૧૧ | કડાણા | ૧૮૩ | ૧૯.૬૨ |
| | **કુલ** | **૬૨૨૬** | **૭૦૧.૭૮** |

**પત્રક–૩**

**મહીસાગર–જિલ્લો**

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ પડતર અરજીઓ** | **બેંક કક્ષાએ પડતર અરજીઓ** |
|---|---|---|---|
| ૧ | લુણાવાડા | ૨૦૦ | ૨૦૩ |
| ૨ | ખાનપુર | ૨૫ | ૬૬ |
| ૩ | સંતરામપુર | ૨૫૦ | ૨૮૧ |
| ૪ | કડાણા | ૧૦૦ | ૧૩ |
| ૫ | વિરપુર | ૫૦ | ૪૧ |
| ૬ | બાલાસિનોર | ૪૯ | ૫૮ |
| | **કુલ** | **૬૭૪** | **૬૨૨** |

**પંચમહાલ–જિલ્લો**

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ પડતર અરજીઓ** | **બેંક કક્ષાએ પડતર અરજીઓ** |
|---|---|---|---|
| ૧ | ગોધરા | ૨૪૨ | ૨૦૬ |
| ૨ | શહેરા | ૧૦૩ | ૫૨ |
| ૩ | કાલોલ | ૧૫૦ | ૭૦ |
| ૪ | હાલોલ | ૯૦ | ૪૧ |
| ૫ | જાંબુઘોડા | ૧૦ | ૧૫ |
| ૬ | ઘોઘંબા | ૫૦ | ૩૩ |
| ૭ | મોરવા (હ) | ૭૦ | ૮૭ |
| | **કુલ** | **૭૧૫** | **૫૦૪** |

પડતર રહેલ અરજીઓના કારણો નીચે મુજબ છે.

**(૧) ઉક્ત સ્થિતિએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.**

(૧) અરજદાર કચેરીમાં સાધનીક પુરાવા સાથે ચકાસણી અર્થે હાજર ન રહેવાથી.

(૨) ધંધાના સ્થળનો આધાર રજુ કરેલ ન હોવાથી.

(૩) અરજદારે અરજી સાથે સાધનિક કાગળો સામેલ ન કરેલ હોવાથી.

**(૨) ઉક્ત સ્થિતિએ બેંક કક્ષાએ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.**

(૧) અરજદાર બેંકમાં હાજર ન રહેવાથી.

(૨) લાભાર્થી બાકીદાર હોય–કુટુંબ બાકીદાર હોવાથી.

(૩) બેંકનો લક્ષ્યાંક પુર્ણ થવાથી.

(૪) અરજદારે અગાઉ લાભ લીધેલ હોવાથી.

(૫) ધંધો અર્થક્ષમ ન હોવાના કારણે.

(૬) એકજ પ્રકારના ધંધા વારંવાર આવતા હોવાથી.

**કચ્છ જિલ્લામાં આવેલ અલ્ટ્રાટેક સીમેન્ટ કંપની દ્વારા ખનીજ ચોરીઓ**

અતારાંકિતઃ ૪૬૦૦ (૨૧–૦૧–૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) **:** માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં આવેલ અલ્ટ્રાટેક સીમેન્ટ કંપની દ્વારા ગેરકાયદેસર રીતે વ્યાપક ખનીજ ચોરીઓ થાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો છેલ્લાં બે વર્ષમાં સરકારે કેટલી રકમની ખનીજ ચોરી પકડી અને જવાબદારો સામે સરકારે કેવા કાયદા હેઠળ શા પગલાં લઈ કઈ કલમો હેઠળ કાર્યવાહી કરી ?

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ–ગાંધીનગર વચ્ચે મેટ્રો ટેન માટે છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) ઉકત સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૩) મેટ્રો રેલ પાછળ થનાર ખર્ચ પેટે રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને વિદેશની કઈ કંપનીઓ (વિદેશ સરકારો) કેટલી રકમનું મૂડી રોકાણ કરનાર છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ): (૨૩–૩–૨૦૧૫)

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ–ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન માટે વર્ષ ૨૦૧૦ માં કોઈ ખર્ચ થયેલ નથી. વર્ષ ૨૦૧૧ માં રૂ.૪.૭૬ કરોડ, વર્ષ ૨૦૧૨ માં રૂ.૧૨૪.૪ કરોડ, વર્ષ ૨૦૧૩ માં રૂ.૩૭૨.૫૫ કરોડ અને વર્ષ ૨૦૧૪ માં રૂ.૯૯.૭૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો.

(૨) ઉકત સ્થિતિએ અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેકટને કેન્દ્ર સરકારની મંજૂરી મળી ચૂકી છે. પ્રોજેકટ મંજૂર થયા બાદ અમદાવાદ મેટ્રો પ્રોજેકટ ફેઝ–૧ ના પ્લાનીંગ, ડીઝાઈનીંગ તથા ટેન્ડરીંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી જે પ્રગતિમાં છે. ઈસ્ટ–વેસ્ટ કોરીડોરમાં વસ્ત્રાલથી એપેરલ પાર્ક સુધીના છ કિ.મી.ના રૂટ માટે સિવિલ કામનું ટેન્ડર આખરી તબક્કામાં છે.

(૩) અમદાવાદ–ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેકટમાં કુલ શેર ફાળો રૂ.૩૯૮૦ કરોડનો છે, જેમાં ભારત સરકાર અને ગુજરાત સરકાર ૫૦ : ૫૦ ટકાના સરખે ભાગે, એટલે કે રૂ.૧૯૯૦–૧૯૯૦ કરોડનું મૂડી રોકાણ કરશે. વિદેશી કંપની કે વિદેશી સરકાર પ્રોજેકટમાં મૂડી રોકાણ કરનાર નથી.

**રાજ્યમાં વીજ ઉત્પાદન ક્ષમતા**

અતારાંકિતઃ ૪૫૯૬ (૨૨–૧–૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) **:**માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની વીજ કંપનીઓ દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં કેટલી વીજ ઉત્પાદન ક્ષમતા સામે કેટલું વીજ ઉત્પાદન થયું, અને

(૨) તે અન્વયે વીજ ઉત્પાદનનો પ્રતિ એક યુનિટદીઠ ઉત્પાદન ખર્ચ ઉકત વર્ષવાર સરેરાશ કેટલો થાય છે ?

**ઉર્જા મંત્રીશ્રી** : (૧૯–૩–૨૦૧૫)

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં સરકાર હસ્તકની વીજ કંપની જીએસઈસીએલ તથા રાજ્ય સરકાર હસ્તકના આઈપીપીના વીજમથકો દ્વારા વીજ ઉત્પાદન ક્ષમતા સામે કરવામાં આવેલ વીજ ઉત્પાદનની વિગતો પરિશિષ્ટ–અ મુજબ છે.

**પરિશિષ્ટ–અ**

| અ. નં. | વીજ ઉત્પાદન | વર્ષ ૨૦૧૦ | વર્ષ ૨૦૧૧ | વર્ષ ૨૦૧૨ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ |
|---|---|---|---|---|---|---|

| | કરનાર ક્ષેત્રે | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | **વીજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) ૩૧/ ૧૨/ ૨૦૧૦ ના રોજ** | **વીજ ઉત્પાદન (મીલીયન યુનીટસ) (તા.૧/ ૧/ ૨૦૧૦ થી તા. ૩૧/ ૧૨/ ૨૦૧૦ સુધી)** | **વીજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) ૩૧/૧૨/ ૨૦૧૧ ના રોજ** | **વીજ ઉત્પાદન (મીલીયન યુનીટસ) (તા.૧/ ૧/ ૨૦૧૧ થી તા. ૩૧/ ૧૨/ ૨૦૧૧ સુધી)** | **વીજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) ૩૧/ ૧૨/ ૨૦૧૨ ના રોજ** | **વીજ ઉત્પાદન (મીલીયન યુનીટસ) (તા. ૧/ ૧/ ૨૦૧૨ થી તા. ૩૧/ ૧૨/ ૨૦૧૨ સુધી)** | **વીજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) ૩૧/ ૧૨/ ૨૦૧૩ ના રોજ** | **વીજ ઉત્પાદન (મીલીયન યુનીટસ) (તા. ૧/ ૧/ ૨૦૧૩ થી તા. ૩૧/ ૧૨/ ૨૦૧૩ સુધી)** | **વીજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) ૩૧/ ૧૨/ ૨૦૧૪ ના રોજ** | **વીજ ઉત્પાદન (મીલીયન યુનીટસ) (તા. ૧/ ૧/ ૨૦૧૪ થી તા. ૩૧/ ૧૨/ ૨૦૧૪ સુધી)** |
| ૧ | રાજ્ય સરકાર હસ્તકની સરકારી વીજ કંપની જી. એસ. ઈ. સી. એલ. | ૫૨૧૬ | ૨૭૮૯૦ | ૪૯૯૬ | ૨૮૮૪૯ | ૪૯૯૬ | ૨૫૬૬૯ | ૫૪૯૬ | ૧૭૨૮૧ | ૫૪૯૬ | ૨૦૨૬૦ |
| ૨ | રાજ્ય હસ્તકના આઈ. પી. પી. | ૧૨૧૬ | ૬૮૪૪ | ૧૨૧૬ | ૬૩૫૬ | ૧૫૬૭ | ૬૪૭૫ | ૧૫૬૭ | ૫૧૦૪ | ૨૨૬૯ | ૫૮૬૨ |
| | **ટોટલ** | **૬૪૩૨** | **૩૪૭૩૪** | **૬૨૧૨** | **૩૫૨૦૫** | **૬૫૬૩** | **૩૨૧૪૪** | **૭૦૬૩** | **૨૨૩૮૫** | **૭૭૬૫** | **૨૬૧૨૨** |

(૨) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર હસ્તકની વીજ કંપનીઓનો યુનિટ દીઠ સરેરાશ ઉત્પાદન ખર્ચ નીચે મુજબ છે.

**(પ્રતિ યુનિટ રૂ.)**

| **સરકારી ક્ષેત્રના આઈપીપી** | **૨૦૧૦** | **૨૦૧૧** | **૨૦૧૨** | **૨૦૧૩** | **૨૦૧૪ (પ્રોવિઝનલ)** |
|---|---|---|---|---|---|
| ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી લી., | ૨.૯૪. | ૩.૧૩ | ૩.૬૦ | ૩.૯૯ | ૪.૧૧ |
| રાજ્ય સરકાર હસ્તકની સ્વતંત્ર વીજ કંપનીઓ | ૨.૫૬ | ૩.૦૯ | ૩.૧૩ | ૩.૧૭ | ૩.૫૬ |

**રાજ્યમાં સરકારી અને ખાનગી વીજ મથકોની વીજ ઉત્પાદન ક્ષમતા**

અતારાંકિતઃ ૪૫૯૮ (૨૨-૧-૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) **:** માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા
કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં સરકારી અને ખાનગી વીજ મથકોમાં છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર વીજ મથકોની ક્ષમતા કેટલી છે અને તેની સામે કેટલું વીજ ઉત્પાદન થયું,

(૨) આ વીજ મથકોમાં વીજ ઉત્પાદન વધારવા સરકારે શા પગલાંઓ લીધાં, અને તે અન્વયે વર્ષવાર ખાનગી અને સરકારી વીજ ઉત્પાદન કેટલું વધ્યું, અને

(૩) વર્ષવાર કેટલી વધારે વીજ ઉત્પાદન થયું ?

**ઉર્જા મંત્રીશ્રી** : (૧૯-૩-૨૦૧૫)

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં સરકાર હસ્તકની વીજ કંપની જીએસઈસીએલ તથા રાજ્ય સરકાર હસ્તકના આઈપીપીના વીજમથકો તેમજ ખાનગી વીજ મથકો દ્વારા વીજ ઉત્પાદન ક્ષમતા સામે કરવામાં આવેલ વીજ ઉત્પાદનની વિગત પરિશિષ્ટ-અ મુજબ છે.

**પરિશિષ્ટ–અ**

| અ. નં. | વીજ ઉત્પાદન કરનાર ક્ષેત્રે | વર્ષ ૨૦૧૦ | | વર્ષ ૨૦૧૧ | | વર્ષ ૨૦૧૨ | | વર્ષ ૨૦૧૩ | | વર્ષ ૨૦૧૪ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | જી.યુ. વી.એન. એલ. ને મળતા હિસ્સા પ્રમાણે વીજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) ૩૧/ ૧૨/ ૨૦૧૦ ના રોજ | વીજ ઉત્પાદન (મીલીયન યુનીટસ) (તા.૧/ ૧/ ૨૦૧૦ થી તા. ૩૧/ ૧૨/ ૨૦૧૦ સુધી) | જી.યુ. વી.એન. એલ. ને મળતા હિસ્સા પ્રમાણે વીજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) ૩૧/ ૧૨/ ૨૦૧૧ ના રોજ | વીજ ઉત્પાદન (મીલીયન યુનીટસ) (તા.૧/ ૧/ ૨૦૧૧ થી તા. ૩૧/ ૧૨/ ૨૦૧૧ સુધી) | જી.યુ. વી.એન. એલ. ને મળતા હિસ્સા પ્રમાણે વીજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) ૩૧/ ૧૨/ ૨૦૧૨ ના રોજ | વીજ ઉત્પાદન (મીલીયન યુનીટસ) (તા.૧/ ૧/ ૨૦૧૨ થી તા. ૩૧/ ૧૨/ ૨૦૧૨ સુધી) | જી.યુ. વી.એન. એલ. ને મળતા હિસ્સા પ્રમાણે વીજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) ૩૧/ ૧૨/ ૨૦૧૩ ના રોજ | વીજ ઉત્પાદન (મીલીયન યુનીટસ) (તા.૧/ ૧/ ૨૦૧૦ થી તા. ૩૧/ ૧૨/ ૨૦૧૩ સુધી) | જી.યુ. વી.એન. એલ. ને મળતા હિસ્સા પ્રમાણે વીજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) ૩૧/ ૧૨/ ૨૦૧૪ ના રોજ | વીજ ઉત્પાદન (મીલીયન યુનીટસ) (તા.૧/ ૧/ ૨૦૧૪ થી તા. ૩૧/ ૧૨/ ૨૦૧૪ સુધી) |
| ૧ | રાજ્ય સરકાર હસ્તકની સરકારી વીજ કંપની જી.એસ. ઈ. સી. એલ. | ૫૨૧૬ | ૨૭૮૯૦ | ૪૯૯૬ | ૨૮૮૪૯ | ૪૯૯૬ | ૨૫૬૬૯ | ૫૪૯૬ | ૧૭૨૮૧ | ૫૪૯૬ | ૨૦૨૬૦ |
| ૨ | રાજ્ય હસ્તકના આઈ. પી. પી. | ૧૨૧૬ | ૬૮૪૪ | ૧૨૧૬ | ૬૩૫૬ | ૧૫૬૭ | ૬૪૭૫ | ૧૫૬૭ | ૫૧૦૪ | ૨૨૬૯ | ૫૮૬૨ |
| **ટોટલ(૧+૨)** | | **૬૪૩૨** | **૩૪૭૩૪** | **૬૨૧૨** | **૩૫૨૦૫** | **૬૫૬૩** | **૩૨૧૪૪** | **૭૦૬૩** | **૨૨૩૮૫** | **૭૭૬૫** | **૨૬૧૨૨** |
| ૩ | ખાનગી વીજ મથકો | **૩૬૦૩** | **૨૪૨૫૭** | **૩૬૦૩** | **૩૦૪૪૯** | **૫૬૦૩** | **૩૪૦૫૧** | **૬૦૦૭** | **૩૯૭૮૬** | **૬૦૦૭** | **૪૩૨૯૮** |

(૨) હાલમાં, રાજ્ય સરકાર હસ્તકની કંપનીના કોલ આધારિત વીજ મથકો માટે દૂરના અંતરેથી કોલસો ઉપલબ્ધ થઈ રહ્યો છે. પરિણામે, પરિવહન ખર્ચમાં વધારો થતાં આ એકમોનો ઉત્પાદન ખર્ચ ઘણો વધી જાય છે. પરિણામે, ઓફ પીક પીરીયડમાં નામ, વિદ્યુત નિયંત્રણ આયોગના મેરીટ ઓડર્સ રેગ્યુલેશનમાં ન આવવાના કારણે કેટલાક સમયે આ એકમો બેકડાઉન કરવા પડે છે. આ સંજોગોમાં, આ એકમોને સસ્તા દરે કોલ ઉપલબ્ધ થઈ શકે તે માટે નજીકના અંતરેથી કોલ ફાળવવાની દરખાસ્ત કેન્દ્ર સરકારની વિચારણા હેઠળ છે. જે, અંતર્ગત, આ એકમોને નજીકના અંતરેથી પ્રતિ વર્ષ ૧૨ લાખ મેટ્રીક ટન કોલસો ફાળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

આ ઉપરાંત, આ એકમો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા કોલના ખર્ચમાં ઘટાડો થઈ શકે તે સારૂં એનટીપીસી સાથે swapping of coal ના કરારો કરવામાં આવ્યા છે. જે અંતર્ગત, આ એકમોના બળતણ ખર્ચમાં પ્રતિ વર્ષ અંદાજે રૂ.૧૬૦ કરોડનો ઘટાડો થશે. આ ઉપરાંત રાજ્ય હસ્તકના જૂના કોલ આધારિત વીજ મથકોની કાર્યક્ષમતા વધારવા સારૂં આ એકમોના રેટ્રોફીટીંગ અંગેની કાર્યવાહી હાથ ધરવાનું આયોજન પણ કરવામાં આવેલ છે.

વર્ષવાર ખાનગી અને સરકારી વીજ ઉત્પાદન કેટલું વધ્યું તેની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | રાજ્ય સરકાર હસ્તકની સરકારી વીજ કંપની જીએસઈસીએલ તથા રાજ્ય સરકાર હસ્તકના આઈપીપીના વીજ ઉત્પાદનમાં થયેલ વધારો (મીલીયન યુનીટસ) | ખાનગી વીજ મથકોના વીજ ઉત્પાદનમાં થયેલ વધારો (મીલીયન યુનીટસ) |
|---|---|---|
| ૨૦૧૦ | -- | ૭૧૮૦ |
| ૨૦૧૧ | ૪૭૧ | ૬૧૯૨ |
| ૨૦૧૨ | -- | ૩૬૦૨ |
| ૨૦૧૩ | -- | ૫૭૩૫ |
| ૨૦૧૪ | ૩૭૩૭ | ૩૫૧૨ |

(૩) વર્ષવાર કુલ વીજ ઉત્પાદનમાં થયેલ વીજ વધારો નીચે મુજબ છે.

| વર્ષ | કુલ વીજ ઉત્પાદનમાં વધારો (મીલીયન યુનીટસ) |
|---|---|
| ૨૦૧૦ | -- |
| ૨૦૧૧ | ૭૭૮૮ |
| ૨૦૧૨ | ૭૯૭૦ |
| ૨૦૧૩ | ૬૬૨ |
| ૨૦૧૪ | ૮૮૯૩ |

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૪૨૩૫, ૪૪૬૨, ૪૬૫૪, ૪૬૫૬, ૪૬૫૮ | ૫ |
| ૨ | નાણા વિભાગ | ૪૦૨૯ | ૧ |
| ૩ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૪૦૪૧, ૪૩૩૧, ૪૬૧૦, ૪૬૮૪ | ૪ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૪૭૦૫, ૪૭૩૨, ૪૭૫૨, ૪૭૬૯ | ૪ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૪૦૧૦, ૪૧૮૯, ૪૫૯૨ | ૩ |
| ૬ | ગૃહ વિભાગ | ૩૮૦૦, ૩૯૦૭, ૩૯૨૮, ૪૦૧૬, ૪૧૧૪, ૪૨૪૧, ૪૨૫૦, ૪૩૯૪, ૪૪૩૧, ૪૪૫૫, ૪૫૦૭, ૪૫૦૯, ૪૬૧૫, ૪૬૩૫, ૪૭૩૫ | ૧૫ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૪૬૦૧, ૪૬૦૩, ૪૬૧૬ | ૩ |
| ૮ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૪૪૩૨ | ૧ |
| ૯ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૪૨૫૮, ૪૪૦૭, ૪૭૯૮ | ૩ |
| ૧૦ | મહેસૂલ વિભાગ | ૪૦૫૩, ૪૨૦૫, ૪૬૪૨, ૪૮૦૫ | ૪ |
| ૧૧ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૪૧૦૮, ૪૧૮૨, ૪૨૫૪, ૪૩૦૬, ૪૫૫૭ | ૫ |
| ૧૨ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૪૫૯૬, ૪૫૯૮ | ૨ |
| | | **કુલ** | **૫૦** |

**અતારાંકિત પ્રશ્નોતરીની યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

શોકદર્શક ઉલ્લેખ

**સ્વ.શ્રી મનુભાઇ મોતીભાઇ પટેલના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ**

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાત રાજયના પૂર્વ નાયબ મંત્રીશ્રી મનુભાઇ મોતીભાઇ પટેલનું તારીખ ૨૭મી માર્ચ, ૨૦૧૫ના રોજ ૯૪ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી પટેલનો જન્મ ૧૧મી ઓકટોબર, ૧૯૨૦ના રોજ વડોદરા મુકામે થયો હતો. તેઓશ્રીએ

એમ.એ.સુધીનો અભ્યાસ કરેલ હતો, તેઓશ્રી સમાજ સેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. સ્વ.શ્રી પટેલે દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સક્રીય ભાગ લીધો હતો અને સને ૧૯૪૦ના વ્યક્તિગત સત્યાગ્રહ વખતે ખેડા જિલ્લાના ઉતરસંડા ગામે વ્યક્તિગત સત્યાગ્રહ કર્યો હતો તેમજ સને ૧૯૪૨માં હિન્દ છોડો ચડવળ વખતે ભૂગર્ભ પ્રવૃત્તિમાં જોડાયા હતા. સ્વ.શ્રી પટેલે બીજી ગુજરાત વિધાનસભામાં સાવલી મત વિસ્તારના ધારાસભ્ય તરીકે, ચોથી લોકસભામાં ૧૯૬૭ થી ૧૯૭૦ સુધી ડભોઇ સંસદીય મત મતવિસ્તારના સભ્ય તરીકે તેમજ ૧૦-૪-૧૯૭૮થી ૯-૪-૧૯૮૪ સુધી રાજયસભાના સભ્ય તરીકે ચૂંટાઇ આવી લોકહિતના કાર્યો કર્યા હતા. તેઓશ્રીએ ગુજરાત સરકારમાં ૮-૩-૧૯૬૨થી ૧૨-૯-૧૯૬૩ સુધી શિક્ષણ, સમાજકલ્યાણ, નશાબંધી અને પુનઃવસવાટ ખાતાના નાયબ મંત્રી તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી.
તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતનાં આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલશોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (વિરોધ પક્ષના તેનાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી સ્વર્ગસ્થ મનુભાઇ મોતીભાઇ પટેલના અવસાન નીમીતે જે શોકદર્શક પ્રસ્તાવ લાવ્યા છે એમાં મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મનુભાઇ મોતીભાઇ પટેલ, એમને મનુભાઇ ચડ્ડી કહીને લોકો સંબોધતા, સેવાદળના આજીવન કાર્યકર્તા, આજીવન સેવાદળના સૈનિક કહી શકાય, મોટી ઉંમરે પણ ચડ્ડી પહેરીને ઘરમાં ફરવું, બાકીનું ખેતીનું કામકાજ કરવું વગેરે વગેરે, એવા મનુભાઇ મોતીભાઇ પટેલ બહુ સારી ૯૫ વર્ષની પાકટ ઉંમરે સ્વર્ગવાસી થયા છે. તંત્રને અભિનંદન આપું છું કે બહુ જલદી આપણને ત્રણ જ દિવસમાં હાઉસ પૂરું થાય એ પહેલા એમનો શોક પ્રસ્તાવ ગૃહમાં આવે તો સારું, એ અંગેની જે માહિતીથી આપણને વાકેફ કર્યા એ સારું કર્યું છે. જાહેર જીવનમાં બહુ ઓછા લોકો સાદગીને વરાયેલા હોય છે, બહુ ઓછા લોકોને ત્રણેય ગૃહોનો લાભ વિધાનસભા, લોકસભા અને રાજયસભા આ ત્રણેય ગૃહોનો લાભ મળતો હોય છે એમાંના સ્વ.મનુભાઇ એક હતા. સાદગીનો પર્યાય, નેચરોપેથી, કુદરતી ઉપચારવાળા એના માટે પણ જે કાંઇ વડોદરામાં થાય એ કરી શકતા હતા. બહુ આદર્શવાદી, સિદ્ધાંતવાદી, જાહેર જીવનમાં કોઇ આંગળી ન ચીંધે એવું જીવન, પારદર્શી જીવન મનુભાઇ જીવ્યા. આપણા વચ્ચે નથી રહ્યાં એમના આત્માને મોક્ષ મળે અને એમના પરિવારજનોને આ દુઃખ સહન કરવાની પ્રભુ શક્તિ આપે એવી પ્રાર્થના કરું છું અને મુખ્યમંત્રીશ્રીએ મુકેલા શોક પ્રસ્તાવમાં હું મારો સૂર પૂરાવું છું.

અધ્યક્ષશ્રી : ગુજરાતના પૂર્વ નાયબ મંત્રીશ્રી સ્વર્ગસ્થ મનુભાઇ મોતીભાઇ પટેલના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ લઇને આવ્યા છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સૂર પૂરાવ્યો છે એમાં હું પણ મારો સૂર પૂરાવીને સદગતના આત્માને ભાવાંજલિ અર્પુ છું. આ ગૃહના સભ્ય અને પૂર્વ નાયબ મંત્રીશ્રી મનુભાઇ મોતીભાઇ પટેલનું ૯૪ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે, તેઓશ્રીએ દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સક્રીય ભાગ લીધો હતો અને સને ૧૯૪૦ના વ્યક્તિગત સત્યાગ્રહ વખતે ખેડા જિલ્લાના ઉતરસંડા ગામે વ્યક્તિગત સત્યાગ્રહ કર્યો હતો તેમજ સને ૧૯૪૨માં હિન્દ છોડો ચળવળ વખતે ભૂગર્ભ પ્રવૃત્તિમાં જોડાયા હતા એવા દેશપ્રેમીને સદાય વંદન કરવાનું મન થાય તેવા સમાજસેવીની વિદાયથી રાજયે એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે તેનું દુઃખ આપણને સૌને છે. બીજી ગુજરાત વિધાનસભામાં સાવલી મત વિસ્તારના ધારાસભ્ય તરીકે તેઓ ચૂંટાયા અને ચોથી લોકસભામાં ૧૯૬૭ થી ૧૯૭૦ સુધી ડભોઇ સંસદીય મત વિસ્તારના સંસદ સભ્ય તરીકે તેમજ તારીખ ૧૦-૪-૧૯૭૮ થી તારીખ ૯-૪-૧૯૮૪ સુધી રાજયસભાના સભ્ય તરીકે ચૂંટાઇ આવી તેઓએ લોકહિતના કાર્યો કર્યા હતા. તેઓશ્રીએ ગુજરાત સરકારમાં ૮-૩-૧૯૬૨ થી ૧૨-૯-૧૯૬૩ સુધી શિક્ષણ, સમાજ કલ્યાણ, નશાબંધી અને પુનઃ વસવાટ જેવા અગત્યના ખાતા સંભાળી તેમજ બહુમૂલ્ય સેવાઓ આપીને સાચા અર્થમાં સમાજસેવી બન્યા હતા. પરમકૃપાળુ પરમાત્મા સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેમજ તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના. સદગતના માનમાં આપણે સૌ સ્થાન ઉપર ઉભાં થઇને બે મિનિટ મૌન પાળીશું.

**(બે મિનિટ મૌન બાદ)**

ઓમ શાંતિ, શાંતિ, સભાગૃહની આ લાગણીનો સંદેશો તેમના કુટુંબીજનોને પાઠવવામાં આવશે.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ - ૧૧૬)

મહી કેનાલમાં ગાબડું પડતા ખેડૂતોને અને પાકને થયેલ નુકસાન અંગે

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલ તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય જળસંપત્તિશ્રીનું ધ્યાન દોરું છું અને તેમને તે સંબંધે નિવેદન કરવાની વિનંતી કરું છું.

"તાજેતરમાં મહી વિભાગની સિંચાઇ શાખાના નડિયાદ મહી કેનાલમાં હમીદપુરા મહી કેનાલમાં ગાબડું પડતાં ૩૦૦ વિઘા જમીનમાં પાણી ફરી વળતા ઉભા પાકને ભારે નુકસાન થયેલ છે. આ શાખામાં મરામત કામગીરી યોગ્ય રીતે ન થવાથી કેનાલમાં વારંવાર ગાબડાઓ પડે છે, જેના લીધે ખેડૂતોને અને પાકને થયેલ નુકસાનને પહોંચી વળવા સહાય આપવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં

તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬)

શ્રી બાબુભાઇ બોખીરીયા ( જળસંપત્તિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૧૩–૩–૨૦૧૫ની વહેલી સવારે આશરે ૨.૦૦ થી ૩.૦૦ વાગ્યાના અરસામાં આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના રતનપુરા– હમીદપુરા ગામ પાસેથી પસાર થતી મહી સિંચાઇ યોજનાની નડિયાદ શાખા નહેરના જમણા પાળામાં ભંગાણ થયેલ જેથી રતનપુરા અને હમીદપુરાની જમીનોના ઉભા પાકમાં નહેરનું પાણી ભરાયેલ. સિંચાઇ વિભાગના અધિકારીશ્રીઓ દ્વારા તાકીદે સ્થળ પર પહોંચી ઉપરવાસમાંથી આવતા નહેરના પાણીનું નિયમન કરવામાં આવેલ અને ભંગાણમાં મશીન દ્વારા ઉંડો કટ પાડી ખેતરોમાં ભરાયેલ પાણીનો નહેર મારફતે નિકાલ કરવામાં આવેલ. આ ભંગાણની જગ્યાએ માટીકામ કરી નહેરને પુનઃસ્થાપન કરવામાં આવેલ છે.

નડિયાદ શાખા નહેર તથા મુખ્ય નહેરમાં જુદી જુદી જગ્યાએ અસ્તરકામને થયેલ નુકસાનને મરામત કરવા માટેના રૂ.૩૨૫.૦૦ લાખના અંદાજિત રકમના ટૂંકાગાળાની નિવિદા દ્વારા ટેન્ડરો મંગાવવામાં આવેલ છે જે કામગીરી આગામી ખરીફ મોસમ પહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે તેમજ નડિયાદ શાખા ઉપર આવેલ ક્રોસ રેગ્યુલેટર તથા ફોલ સ્ટ્રક્ચરને થયેલ નુકસાનની મરામતના કામો પણ આગામી ખરીફ મોસમ પહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે.

ઉક્ત બન્ને ગામોના ઉભા પાકને થયેલ નુકશાનીનો અંદાજ મેળવવા તાકીદે ખેતીવાડી ખાતાના અધિકારીશ્રીઓના પરામર્શમાં રહી સિંચાઇ વિભાગ દ્વારા સ્થાનિક અસરકર્તાને સાથે રાખી પ્રાથમિક મોજણીની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, જે મુજબ અંદાજે ૩૩.૦૦ હેક્ટર વિસ્તારમાં તમાકુ, મરચી, ટામેટી, રાજગરો વિગેરે પાકોને અંશતઃ નુકસાન થયાનું જણાય છે. આ અંગેની વળતર ચૂકવવા અંગેની વિગતવાર દરખાસ્ત તૈયાર કરવામાં આવી રહેલ છે. જે મળ્યેથી નિયમોનુસાર વળતર ચૂકવવામાં આવશે.

મહી જમણા કાંઠા નહેર યોજના દ્વારા સિંચાઇ ઉપરાંત ઔદ્યોગિક હેતુ અને વિવિધ પાણી પુરવઠા યોજનાઓ જેવી કે અમદાવાદ શહેર, સૌરાષ્ટ્ર વિસ્તારની પરિએજ કનેવાલ પાણી પુરવઠા યોજના, આણંદ – ખેડા જિલ્લાની જુદી જુદી જૂથ પાણી પુરવઠા યોજનાઓ, ધુવારણ થર્મલ પાવર સ્ટેશન વિગેરેને પણ મુખ્ય નહેર અને શાખા નહેરો મારફતે સતત પાણી વહેવડાવીને પાણી પૂરું પાડવામાં આવે છે. જેથી આ નહેરોની મરામતની કામગીરી નિયમીત હાથ ધરવી મુશ્કેલ બને છે તેમ છતાં નહેરના બંધગાળા સમયમાં જરૂરિયાત મુજબનું મરામતનું કામ હાથ ધરવામાં આવે છે.

મહી સિંચાઇ યોજનાની જુદી જુદી નહેરોની મરામત અને અસ્તર કામની કામગીરી માટે છેલ્લાં બે વરસમાં રૂપિયા ૧૬૪.૧૦ કરોડના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે અને હાલમાં આશરે રૂપિયા ૪૯ કરોડના કામો પ્રગતિ હેઠળ છે.

આમ રાજ્ય સરકાર દ્વારા નહેરની પ્રાથમિક તબક્કાની મરામત તેમજ ઉભા પાકને થયેલ નુકસાનીનો અંદાજ મેળવવા જરૂરી પગલાઓ તાકીદના ધોરણે લીધેલ છે.

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : અમારા આણંદ જિલ્લામાં આ મહી સિંચાઇની કેનાલમાં ગત ૧૫ તારીખના રોજ લગભગ પચાસ ફૂટ જેટલું ગાબડું રાત્રે ૨.૦૦ થી ૩.૦૦ વાગ્યાના સુમારે પડવાના કારણે ત્યાં બાજુમાં આવેલા ખેતરોમાં લગભગ ૪૦૦ વિઘા જેટલી જમીનમાં પાણી ફરી વળ્યા, સવારે ખેડૂતોને જ્યારે ખ્યાલ આવ્યો, ત્યારે તમાકુ વિગેરેનો જે ઉભો પાક તૈયાર હતો એવા ખેતરોમાં આ પાણી ફરી વળવાના કારણે ખૂબ મોટું નુકસાન થયું છે, ત્યારે નિવેદનમાં માનનીય મંત્રીશ્રીએ સરવેની કામગીરી કરવામાં આવેલ છે એમ જણાવેલ છે. મારે માનનીય મંત્રીશ્રીને એ પૂછવૂં છે કે, સરવેની કામગીરી ક્યારે પૂરી કરવામાં આવી, આ અંગેના સહાયના ધોરણો શું છે, સરવેમાં કેટલી રકમની નુકશાનીનો પ્રાથમિક અંદાજ આપણને મળ્યો છે, અને કેટલા સમયમાં સહાય ચૂકવવામાં આવશે?

શ્રી બાબુભાઇ બોખીરીયા ( જળસંપત્તિ મંત્રીશ્રી ) : ૧૩–૩–૧૫ના રોજ રાત્રીના ૨.૦૦ થી ૩.૦૦ વાગ્યાના સુમારે આ કેનાલ તૂટી ગયેલી અને ૩ થી ૪ ની વચ્ચે અમારા વિભાગને એની જાણ થઇ અને સવારે ૬.૩૦ સુધીમાં સ્ટાફના બધા લોકો ત્યાં પહોંચી ગયા હતા. ત્યાં એક કટ પાડીને દોઢ દિવસની અંદર પાણીનો ત્યાંથી નિકાલ કરેલો અને બાકીના દોઢ દિવસમાં એનું કેનાલનું કામ બે લાખ રૂપિયાના ખર્ચે પૂર્ણ કરેલ, આમાં કુલ જે નુકસાની ગઇ હતી એમાં હમીદપુરા ગામના ૫૩ ખેડૂતોની ૧૮.૮૪ હેકટર જમીનમાં અને રતનપુરા ગામના ૪૬ ખેડૂતોની ૧૪.૧૭ હેકટરમાં આમ કુલ ૩૩ હેકટર જમીન હતી અને ૯૯ ખેડૂતોને નુકસાની થયેલ. એના સરવેની કામગીરી ખેતીવાડી ખાતાએ અને ઈરીગેશન વિભાગે લગભગ પૂર્ણ કરી દીધેલી છે, એમાં જે નુકસાનીના આંકડા અંદાજિત છે એમાં તમાકુમાં પ્રતિ હેકટરે જે ઉત્પાદન છે એ ૧.૯૦ ગણીને પ્રતિ ટને ૬૦૦૦૦ રૂપિયા જેવી સહાય ચૂકવવામાં આવશે, આ જે માહિતી અમે લીધેલી છે, એના ભાવ અને બધું એ બીડી, તમાકુ સંશોધન કેન્દ્ર, કૃષિ યુનિવર્સિટી આણંદ તરફથી અમને શું ભાવ છે તે મળેલા છે, બીજું ટમેટીની અંદર ૮.૪૦ મે.ટન એક હેકટરે ઉત્પાદન થાય છે અને એનો એક ટનનો ભાવ છે રૂપિયા ૧૩,૦૫૦–૦૦ અને એના આધારે એને ચૂકવણું કરવામાં આવશે. મરચીની અંદર પ્રતિ હેકટરે ઉત્પાદન છે ૫.૯૮ મે.ટન અને તેનો પ્રતિ ટનનો ભાવ જે અમે ચૂકવીશું તે ૨૪ હજાર રૂપિયા લેખે. રીંગણી છે તેમાં ઉત્પાદન છે ૬ મે.ટન પર હેકટરે અને તેને પણ ૨૪ હજાર રૂપિયા. આ જે અમને ભાવના આંકડા અને ઉત્પાદનના આંકડા મળેલા છે તે નાયબ બાગાયતશ્રી, આણંદ દ્વારા મળેલા છે. ઘઉંનું જે ઉત્પાદન છે તે એક એકરે ૩.૧ મે.ટન અને ૧૫ હજાર રૂપિયા તેનો ભાવ એક ટનનો. આ ભાવ અમને મળેલા છે એ.પી.એમ.સી.ઉમરેઠ દ્વારા અને આ બધી એમાં જે કુલ નુકસાનીનું વળતર છે તે ૨૯.૩૬ લાખ એ અંદાજે થવા જાય છે અને ટૂંક સમયની અંદર કલેકટરના હેડે મૂકી અને ખેડૂતોને ચૂકવી દેવામાં આવશે.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, જેમ રેલ્વેની અંદરના

ટ્રેક માટેનું ચેકીંગ થતું હોય છે અને કોઇ પ્રોબ્લેમ હોય તો તાત્કાલિક તેને રિપેર કરે છે એને માનવહાનિ થતી નથી. એવી રીતે આ મહી કેનાલની નહેરો જે કાચી છે તેની ઉપર ચેકીંગ રાખવામાં આવે તો ખેડૂતોને આવુ નુકસાન ના થાય અને સરકારને પૈસા ના ચૂકવવા પડે તો એવુ તંત્ર ગોઠવવા માગે છે કે કેમ ? એમાં એવુ બને છે કે જે માણસો પહેલા હતા ચેકીંગ માટેના તેની જગ્યા હાલમાં ખાલી છે અને તેના કારણે આ પ્રોબ્લેમ ઉભા થાય છે. બીજુ,જે અસરગ્રસ્ત લોકોને ત્વરિત ગતિએ તેને બીજા પાકનું રોપણ કરવાનું હોય તો તાત્કાલિક સહાય આપવા માગે છે કે કેમ ? કારણ કે ગતિશીલ સરકારમાં ત્વરિત રીતે ગતિથી પૈસા ચૂકવાય તો ઘણું સારું છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને મારે જણાવવું છે કે, આ સરકાર ગતિશીલ જ છે કારણ કે બનાવ જે બન્યો હતો એ ૧૩ તારીખે બન્યો હતો અને ૨૪ તારીખે તેની ૧૧૬ની નોટિસ મળી એટલે એક તો આ નોટિસ જ મોડી મળી હતી. એટલે મને એમ છે કે તેના કરતા વધારે ગતિથી સરકાર કામ કરે છે અને તેના આંકડાઓ પણ કાઢી લીધેલાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું મારે જે જણાવવાનું છે કે, મહી યોજનાની કેનાલની કુલ લંબાઇ છે ૨૬૫૯ કિલોમીટર અને તેનો જે કુલ પીયત વિસ્તાર છે તે ૨ લાખ ૧૨ હજાર ૬૯૪ હેકટર છે અને આની અંદર રીપેરીંગની કામગીરી પણ સતત ચાલુ રહે છે. અહીંયા છેલ્લા બે વર્ષમાં ૧૬૪ કરોડના ખર્ચે ૫૩૯ કિલોમીટર જેવી કેનાલ છે તે રીપેર પણ કરેલી છે. અત્યારે ૪૯ કરોડના કામો પ્રગતિમાં છે અને આ જે અત્યારે નુકસાની થઇ છે તેના માટે પણ ૩ કરોડ અને ૨૫ લાખને ખર્ચે અમે ખરીફ જે પાકની ઋતુ આવશે એની પહેલાં ભંગાણ પડયું છે તે રીપેર કરવામાં આવશે.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ નહેરમાં સતત પાણી વહેતું હોય છે કારણ કે કનેવાલ તળાવમાં પાણી જાય છે તો ભવિષ્યમાં આવી દુર્ઘટના ના બને તેના માટે કોઇ આયોજન કર્યુ છે કે કેમ ? અને બીજુ જે ગેઇટ છે તે જૂના છે અને જૂની પદ્ધતિથી તેને ખોલવામાં આવે છે તો તેના માટે પણ કોઇ આયોજન કર્યુ છે કે કેમ ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું એ રીતે આની અંદર પીવાનું પાણી જે ખેડા જિલ્લાની અંદર જાય છે ધૂવારણ થર્મલ પાવરમાં જાય છે જે પીવાનું પાણી જાય છે તે બાલાસિનોર નગરપાલિકા, વનોડા જૂથ પાણી પુરવઠા, કપડવંજ, પાલીગ્રામ, નામનગર, પરિએજ, પરિએજ દ્વારા સૌરાષ્ટ્ર સુધી પાણી આવે છે. એટલે આ પીવાના પાણીનો મોટો જથ્થો જતો હોય છે તેને લીધે કેનાલ છે તેને સતત અને સતત ચાલુ રાખવી પડે છે. હું વાત કરું છું તે આખી મહી કેનાલની વાત કરું છું(અંતરાય) ત્યાં આવતું હોય કે ના આવતું હોય પણ આમાં સતત પાણી વહેતું રહે છે અને છતાં પણ જયાં જયાં રીપેરીંગની જરૂર પડે ત્યારે ખેડૂતોને વિશ્વાસમાં લઇને જે ગામોની અંદર અથવા જે વિસ્તારમાં પીવાનું પાણી જે જતું હોય છે તેનો બીજો સોર્ષ કરીને અમે તે રીપેરીંગ કામ સતત ચાલુ જ રાખીએ છીએ.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે મોડી નોટિસ આપી પણ મારી જાણકારી મુજબ મેં જ આપી છે એટલે બીજા જ દિવસે નોટિસ આપી હતી પણ એમણે જે જવાબમાં કહ્યું છે કે પાણી ભરાયું અને ઉંડો કટ પાડીને પાણીનો નિકાલ કર્યો પણ ખરેખર ત્યાં હકીકત જુદી હતી. ખેડૂતોએ જાતે પોતાના ખેતરના પાળા તોડયા એટલે એના લીધે એક ખેતરનું પાણી બીજા ખેતરમાં ગયુ અને તેના લીધે ત્યાં ઝઘડાઓ થયા. લગભગ દોઢ દિવસ સુધી પાણી ભરાઇ રહ્યું એટલે જે નુકસાનીનો સર્વે થયો છે એમાં ઘણી બધી તમાકુ તો કાપેલી હતી, ખેતરમાં સૂકાતી હતી અને તેની ઉપર પાણી ફરી વળ્યું છે. એટલે જે નુકસાની થઇ છે તેનું પૂરેપૂરું વળતર ખૂબ ઝડપથી અપાય એવી કોઇ ચોક્કસ ટાઇમ લિમિટ આપ જણાવો એવી વિનંતી. શ્રી બાબુભાઇ બોખીરીયા : મેં બન્ને વાત કરી કે દોઢ દિવસ પાણી કાઢતા સમય ગયો અને દોઢ દિવસમાં કેનાલમાં પાણી વહી શકે તેના માટેનું રિપેરીંગ કરવામાં ગયો, એટલે કુલ ૩ દિવસમાં કામગીરી પૂર્ણ થઇ, બીજું નુકસાનીના અંદાજ તો મેં પહેલા કહ્યું તેમ હેકટર દીઠ ૧.૯ ટન તમાકુનું ઉત્પાદન અને મેટ્રીક ટનનો ભાવ ૬૦ હજાર રૂપિયા તે રીતે અંદાજની ગણતરી થઇ ગઇ છે. અને કુલ ૨૯.૩૬ લાખ રૂપિયા બધા ખેડૂતોને ચૂકવી આપવાના છે.આ અંદાજીત રાહત નથી. જેટલું નુકસાન થયું છે તેનું સો એ સો ટકા વળતર ખેડૂતોને મળશે.

## મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

### વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળ માનનીય નાણામંત્રીશ્રીનું નિવેદન

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રીય વેચાણવેરા કાયદા, ૧૯૫૬ની જોગવાઇ અનુસાર રાજય સરકાર દ્વારા કેન્દ્રીય વેચાણવેરો વસૂલ કરવામાં આવે છે અને પોતાની આવક તરીકે રાખવામાં આવે છે. ગુજરાત રાજય ઔદ્યોગિક ક્ષેત્રે એક અગ્રણી રાજય હોઇ, રાજયમાં ઉત્પાદિત થતો માલ મોટા પ્રમાણમાં દેશના અન્ય રાજયોમાં વેચાણ થાય છે, જેના પરિણામે રાજયને કેન્દ્રીય વેચાણવેરાની ખૂબ મોટા પ્રમાણમાં આવક થાય છે. આમ, કેન્દ્રીય વેચાણવેરાની આવક રાજય સરકારની અગત્યની આવક છે. ભારત સરકાર દ્વારા તારીખ ૧-૪-૨૦૦૭ થી કેન્દ્રીય વેચાણવેરાનો દર ૪ ટકાથી ઘટાડી ૩ ટકા તથા તા. ૧-૬-૨૦૦૮ થી ૩ ટકાથી ઘટાડી ૨ ટકા કરવામાં આવેલ. કેન્દ્રીય વેચાણવેરાના દરમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ ઘટાડાના પરિણામે રાજયની વેરાકીય આવકને નોંધપાત્ર નુકસાનને ધ્યાને લઇને રાજયોને વેરાકીય આવકમાં થનાર નુકસાનની પૂરેપૂરી રકમ કેન્દ્ર સરકાર દ્વારા ચૂકવવામાં આવશે તેવો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા જે તે સમયે કરવામાં આવ્યો હતો.

તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫
મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના વર્ષો દરમ્યાન કેન્દ્રીય વેચાણવેરાના ઘટાડાને કારણે થયેલ નુકસાન પેટે વળતર ચૂકવવામાં આવેલ, પરંતુ ત્યારબાદ રાજય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને વળતર અંગેના દાવાઓ રજૂ કરવામાં આવેલ હોવા છતાં કોઇ ચૂકવણી કરવામાં આવેલ ન હતી. આ અંગે ગુજરાત સહિત સંબંધિત તમામ રાજયોએ અવાર નવાર રાજયોના નાણા મંત્રીશ્રીઓની બનેલી એમ્પાવર્ડ કમીટીમાં રજૂઆત કરી હતી. રાજયોની રજૂઆતો ધ્યાને લઇ કેન્દ્રીય નાણા મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને તારીખ ૮-૧૧-૨૦૧૨ના રોજ મળેલ બેઠકમાં આ બાબતે વિચારણા કરવા એક સમિતિની રચના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ સમિતિ દ્વારા તારીખ ૨૧-૧-૨૦૧૩ના રોજ સુપ્રત કરેલ અહેવાલ ધ્યાને લઇને, એમ્પાવર્ડ કમિટીની તારીખ ૨૮ અને ૨૯ જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ મળેલ બેઠકમાં તત્કાલિન કેન્દ્રીય નાણા મંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૧૦-૧૧ માટે ૧૦૦ ટકા, ૨૦૧૧-૧૨ માટે ૭૫ ટકા અને ૨૦૧૨-૧૩ માટે ૫૦ ટકાના પ્રમાણમાં રાજયોને કેન્દ્રીય વેચાણવેરા પેટે થયેલ નુકસાનના વળતરની ચૂકવણી કરવા સ્વીકાર કરવામાં આવ્યો હતો. તેમ છતાં કેન્દ્ર સરકાર દ્વારા રાજયને પડતર દાવાઓની ચૂકવણી કરવામાં આવી ન હતી. પરિણામે રાજય સરકારને ૨૦૧૦-૧૧ના વર્ષ અને ત્યારબાદના વર્ષોમાં થયેલ વેરાકીય આવકના નુકસાનના પેટે કોઇ વળતર કેન્દ્ર સરકાર તરફથી મળેલ નથી.

ગુજરાત રાજય દ્વારા વર્ષ ૨૦૧૦-૧૧ માટે એકાઉન્ટન્ટ જનરલ દ્વારા પ્રમાણિત કરેલ કેન્દ્રીય વેચાણવેરા વળતરનો દાવો ભારત સરકારને મોકલી આપવામાં આવેલ અને આ દાવો તારીખ ૯-૮-૨૦૧૧થી કેન્દ્ર સરકાર સમક્ષ પડતર હતો. હવે, કેન્દ્ર સરકાર દ્વારા રાજયના આ પડતર દાવા સામે તા. ૨૭-૩-૨૦૧૫ ના રોજ કુલ રૂ. ૧૧૫૪.૯૫ કરોડ રાજય સરકારને ફાળવી આપેલ છે. આમ, રાજય સરકારનો કેન્દ્ર સમક્ષ ખૂબ લાંબા સમયથી જે પ્રશ્ન પડતર હતો તેનું હકારાત્મક નિરાકરણ આવેલ છે.

આમ છેલ્લા દિવસે, ૩૧ તારીખે, વર્ષના અંતે એક સારા સમાચાર જે વર્ષોથી પડતર પ્રશ્ન હતો એમાંથી ૧૧૫૪.૯૫ કરોડ રૂપિયા મળ્યા છે તે આ હાઉસને જણાવતા મને આનંદ થાય છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય મંત્રીશ્રી ૧૧૫૪ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારમાંથી લાવ્યા છે એ સારી વાત છે. કેન્દ્રમાંથી આટલા બધા પૈસા આવ્યા છે ત્યારે ગુજરાત સરકાર જે એક ટકો વધારાનો ટેકસ લે છે એ રદ કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : આની જોડે આ પ્રશ્ન આવતો નથી. મને આનંદ થાય છે કે સભ્યશ્રીએ આવકાર્યું. વર્ષોથી અનેક વખત મિટિંગોમાં ગયો ત્યારે બધા પાર્ટીના સભ્યશ્રીઓ માનનીય નાણામંત્રીશ્રી ચીદમ્બરમજીને કહેતા કે આપે વચન આપ્યું હતું એ વચન પૂરું કરો. અનેક વખત કહ્યું પરંતુ ચીદમ્બરમજી હા પાડે, બજેટમાં જોગવાઇ કરે તો પણ ૩૧મી માર્ચે ન મળે. પરંતુ માનનીય જેટલીજી અને પ્રધાનમંત્રીશ્રીનો આભાર માનો કે પહેલા દિવસે જેટલીજીએ કહ્યું કે હું આગલી સરકારના નાણામંત્રીશ્રીએ વચન આપ્યું હતું એ પૂરું કરીશ. એમણે ગઇ સાલ અને આ સાલ બજેટમાં પૈસા મૂકેલા છે. એટલે આવતા વર્ષે પણ આપણને જે ૧૧૦૦ કરોડ રૂપિયા બાકી છે એ મળશે. એટલે સંપૂર્ણપણે યુ.પી.એ.ની સરકારના નાણામંત્રીશ્રીએ ગુજરાત સરકારને જે વચનો આપ્યા હતા એ એન.ડી.એ. ની સરકારના નાણામંત્રીશ્રીએ પૂરા કર્યા છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇએ સારું કામ કર્યું છે એ બદલ અભિનંદન આપું છું. આનાથી માનનીય નીતિનભાઇ ખુશ થતા હોય તો મને વાંધો નથી. સન ૨૦૧૦-૧૧માં જે સ્ટેટમેન્ટ લખેલ છે કે ૧૦૦ ટકા વળતર મળ્યું. જયારે સન ૨૦૧૧-૧૨માં ૭૫ ટકા અને સન ૨૦૧૨-૧૩માં ૫૦ ટકા વળતર મળશે. આ રીતે દર વર્ષે ઘટાડવાના કારણો શું અને સન ૨૦૧૦-૧૧ના કેટલા લેવાના હતા, સન ૨૦૧૧-૧૨માં કેટલા લેવાના છે અને સન ૨૦૧૨-૧૩માં કેટલા લેવાના છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય સભ્યશ્રીનો આભાર માનું કે એમણે મનથી, આત્મામાંથી અભિનંદન આપ્યા છે. જી.એસ.ટી.નો કાયદો લાવવા માટે આ ૪ ટકા થી ૩ ટકા નક્કી કર્યું. ખરેખર જો જી.એસ.ટી. કાયદો ૨૦૧૦માં લાવવાનો હતો ૨૦૦૭માં નકકી કર્યું કે ૪ ના ૩ કરીશું, ૩ ના ૨ કરીશું અને ૨ ના ઝીરો કરીશું, એમ કરીને આ સિસ્ટમ મૂકવાની હતી. પછી જોયું તો સન ૨૦૧૦માં કાયદો આવતો નથી એટલે એ વખતના નાણામંત્રીશ્રીએ બ્રેક મારી હું ૪ ના ૩ કરું હું તમને સી.એસ.ટી. કોમ્પનસેસન્સ આપવાનો નથી એટલે રાજયોએ કહ્યું કે સી.એસ.ટી. વધારી દો જો એ ન આપવાના હોય તો, પણ એમણે કોમ્પનસેસન્સ ન આપવાનું નક્કી કર્યું. એ પછી એક બેઠક થઇ એમાં પહેલા વર્ષે સન ૨૦૧૦-૧૧માં કહ્યું કે ત્રણ વર્ષના આપીશું એમાં ૨૦૧૦ -૧૧ ના સો ટકા આપવાના, ૨૦૧૧-૧૨ માં ૭૫ ટકા અને ૨૦૧૨-૧૩ના ૫૦ ટકા અને બાકીનું રાજયોએ ભૂલી જવાનું એવી બેઠકમાં વ્યવસ્થા ગોઠવાઇ. આ પછી પણ આપ્યું નહિ. એટલે આજે જે મળે છે એ ૨૦૧૦-૧૧ના સો ટકા મળે છે. ૨૦૧૧-૧૨ના ૭૫ અને ૨૦૧૨-૧૩ના ૫૦ ટકા લેવાના બાકી છે અને એ આવતા વર્ષે એટલે કરન્ટ યર ૨૦૧૫-૧૬માં ચાલુ થશે એમાં મળશે. એટલે હજી એમાં બાકી છે પણ જે વચન પહેલા આપેલ હતું એ વચન જેટલીજીએ પૂરું કર્યું.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સન ૨૦૧૩-૧૪ના ગુજરાત સરકારના નાણાકીય હિસાબો**

**શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું

(ક) ગુજરાત સરકારના સન ૨૦૧૩-૨૦૧૪ના વર્ષના નાણાકીય હિસાબો ભાગ-૧ અને ભાગ-૨ (અંગ્રેજી તથા ગુજરાતી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૧૩-૨૦૧૪ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

(ગ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૩-૨૦૧૪ના વર્ષનો ઓડિટ અહેવાલ (રાજયની નાણાકીય પરિસ્થિતિ)(અંગ્રેજી તથા ગુજરાતી)

(ઘ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૩-૨૦૧૪ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસૂલ ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ચ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૩-૨૦૧૪ના વર્ષનો ઓડિટ અહેવાલ (જાહેર સાહસો)(અંગ્રેજી તથા ગુજરાતી)

(છ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૩-૨૦૧૪ના વર્ષનો ઓડિટ અહેવાલ (રાજયનીઆર્થિક ક્ષેત્ર)(અંગ્રેજી તથા ગુજરાતી)

(જ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૩-૨૦૧૪ના વર્ષનો ઓડિટ અહેવાલ (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર)(અંગ્રેજી તથા ગુજરાતી) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**હિસાબો, ઓડિટ અહેવાલો, સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૩-૧૪નો સરદાર સરોવર નર્મદા નિગમ લિ.નો વાર્ષિક અહેવાલ**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( નર્મદા પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**સન ૨૦૧૩-૨૦૧૪નો ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૩-૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૩-૨૦૧૪નો આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૩-૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૩-૨૦૧૪નો ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રકચર કંપની લિમિટેડ(ગુજસેલ) નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભભાઇ પટેલ ( નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રકચર કંપની લિમિટેડ(ગુજસેલ) નો સન ૨૦૧૩-૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૩-૨૦૧૪નો ગુજરાત ઈન્ફર્મેટિકસ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી ગોવિંદભાઇ પટેલ ( વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ફર્મેટિકસ લિમિટેડનો સન ૨૦૧૩-૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૩-૨૦૧૪નો ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો વાર્ષિક અહેવાલ.**

**શ્રી મંગુભાઇ પટેલ ( આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૩-૨૦૧૪નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૧૩-૨૦૧૪નો ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તા મંડળનો વાર્ષિક અહેવા**

**શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તા મંડળનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ અને હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ અને હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૨–૨૦૧૩નો ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી વિજયકુમાર ર. રૂપાણી ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૪ના ઉદ્યોગ અને ખાણ વિભાગના જાહેરનામા**

**શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગના સન ૨૦૧૪ના ગુજરાત ઇન્ફર્મેશન ટેકનોલોજી (ઇલેકટ્રોનિકસ સર્વિસ ડિલિવરી) અન્વયેના તા.૧૬–૨–૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–જીએચયુ/૨૦૧૫/(૩)/ઇએસડી/૧૦ ૨૦૧૪/૫૫૦૬૪૦/કોમ્પ્યુટર સેલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**પંચાયત વિભાગની અધિસૂચના**

**શ્રી જયંતીભાઇ રા. કવાડીયા ( પંચાયત મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત વિભાગની સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની

(૧) તા.૬–૬–૬૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/૨૦૧૪નો ૧૯/પીઆરઆર/૧૦૨૦૧૩/૨૯૭૩૨૨/જ
(૨) તા.૬–૬–૬૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/૨૦૧૪નો૨૦/પીઆરઆર/૧૦૨૦૧૩/૩૪૯૧૭૧/જ
(૩) તા.૬–૬–૬૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/૨૦૧૪નો ૨૧/પીઆરઆર/૧૦૨૦૧૩/૩૪૯૫૧૬/ જ
(૪) તા.૬–૬–૬૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/૨૦૧૪નો ૨૨/પીઆરઆર/૧૦૨૦૧૩/૩૪૯૮૦૬/ જ
(૫) તા.૬–૬–૬૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/૨૦૧૪નો ૨૩/પીઆરઆર/૧૦૨૦૧૩/૨૯૭૬૯૬/ જ

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના બીજા અહેવાલની રજૂઆત**

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો બીજો રહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**સરકારી વિધેયક**

**સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંક–૨૦**

**મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૫.**

**મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટીઅ અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૧૫ના મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટી (સુધારા) વિધેયક આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૧૫ના મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૪૯ની ૩૦મી એપ્રિલે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સ્થાપના થઇ. જે તે વખતે મુંબઇ રાજ્યમાં મહારાજાના પદ તરીકે મહારાજા શ્રી ફતેસિંહરાવ પ્રતાપસિંહરાવ ગાયકવાડની યુનિવર્સિટીના ચાન્સેલર તરીકે મહારાજા સયાજીરાવ ગાયકવાડ વડોદરા યુનિવર્સિટી, ૧૯૪૯ની કલમ–૯(૧) મુજબ નિમણૂંક કરવામાં આવી. ત્યારબાદ સપ્ટેમ્બર ૧૯૭૦માં જે તે વખતે કેન્દ્ર સરકારે આખા દેશના રાજવીઓનું જે રાજા પદ હતું એ રદ કર્યું, સાલીયાણા પણ રદ કર્યા. એક રાજા તરીકે અને ચાન્સેલર તરીકેની નિમણૂંક કરી હતી અને એ રાજા તરીકેનું એમનું પદ રદ

• વિધેયક તા. ૨૫મી માર્ચ, ૨૦૧૫ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કરવામાં આવતા ચાન્સેલર તરીકે રહી શકે નહીં. પરંતુ જે તે વખતની સેનેટે નામ સાથે એમની ચાન્સેલર તરીકે નિમણૂંક કરી અને ત્યારથી આજ સુધી નામથી, નામજોગ અને રાજવી પરિવારના જ સભ્યની નિમણૂંકની પરંપરા ચાલે છે. શ્રી ફતેસિંહરાવનું ૧૯૮૮માં અવસાન થયું એ વખતે પણ આ જ રીતે અધિનિયમની કલમ-૯(૧) મુજબ આ જ પરંપરાને જાળવી રાખીને રાજવી પરિવારના, રાજવી કુટુંબના શ્રીમતી મૃણાલિનીદેવી પુવારની નિમણૂક કરી હતી. એમનું ૨ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ નિધન થયું. આ ખાલી પડેલી જગ્યા ભરવા માટે પણ આ જ પદ્ધતિ પ્રમાણે રાજવી પરિવારની પરંપરા અને નામ સાથે હું નાનકડો સુધારો લઇને આ ગૃહ સમક્ષ આવ્યો છું.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારને શ્રી પ્રતાપસિંહ સંગ્રામસિંહ રાવની અને શ્રીમતી શુભાંગિની રાજે ગાયકવાડની એમ બે અલગ અલગ પ્રપોઝલ મળી છે અને એ બે પ્રપોઝલ પૈકી આજે હું વડોદરા એમ.એસ. યુનિવર્સિટીના ચાન્સેલર તરીકે શ્રીમતી શુભાંગિનીબેન રાજે ગાયકવાડની દરખાસ્ત આ ગૃહ સમક્ષ મૂકું છું. પોતે ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને અંગ્રેજીના વિષય સાથે લખનૌથી ગ્રેજ્યુએટ થયેલ છે. વર્ષોથી સામાજિક જીવનની અંદર, જાહેર જીવનની અંદર, વડોદરામાં અને જિલ્લામાં તથા આખા રાજ્યમાં એમનું ખૂબ મોટું શૈક્ષણિક અને સામાજિક યોગદાન રહ્યું છે. એવા શ્રીમતી શુભાંગિનીબેન રાજે ગાયકવાડની ચાન્સેલર તરીકેની મારી દરખાસ્ત છે. હું સૌ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આ મારી દરખાસ્તનો સર્વાનુમતે સ્વીકાર કરી લે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જ્યારે આ બિલ લઇને આવ્યા છે, બિલનો હેતુ સારો છે પણ આપણી એક પરંપરા છે. આપણે કોઇપણ બિલ લાવતા હોઇએ તો કદાચ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં આવ્યું હોત તો વધારે સારું હોત. તો આપણી એ પરંપરા જળવાત અને ખાસ કરીને માનનીય મંત્રીશ્રીને મારે એ પણ કહેવું છે કે કામકાજ સલાહકારની જયારે મિટીંગ હતી ત્યારે પણ મને ખ્યાલ છે ત્યાં સુધી આ પ્રકારનું બિલ મેં જોયું નહોતું પણ એક બિલ આવવાનું હતું એવી વાત થઇ હતી પણ છતાંય કંઇ વાંધો નહીં આજે બિલ લઇને આવ્યા છે, ગાયકવાડ મહારાજા, આજે સમગ્ર ગુજરાતમાં એક આદર્શ કહી શકાય, એમ કહેવાય કે સમગ્ર ગુજરાતનું યોગદાન છે એમાં સૌથી મોટું યોગદાન હોય તો ગાયકવાડ મહારાજાનું રહ્યું છે. ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રે એ જમાનામાં હું લોકો પાસેથી વાતો સાંભળુ છું કે ગાયકવાડ મહારાજા હતા એના કારણે અમે બધા ભણ્યા અને છેક ગામડાંઓ સુધી સ્કૂલો સુધી એ વખતે ફરજિયાત શિક્ષણ હોવું જોઇએ એવા પ્રકારના અનેક વિચારો કરીને એમણે સમાજની ઉત્તમ સેવા કરી છે. આ બિલ ઉપર માત્ર ૯-(૧) ઉપર એક જ સુધારો છે પણ જયારે માનનીય મંત્રીશ્રીએ એમ કીધું છે કે બે આપણી પાસે નામ આવ્યા છે એમાંથી આપણે એક નામ પસંદ કરીએ છીએ. અમે આ બિલમાં કોઇ ટીકા ટિપ્પણીમાં નહીં પડીએ પણ માનનીય મંત્રીશ્રીને એટલી વિનંતી કરું કે આપણે બે નામ આવ્યા છે એમાંથી એક નામ પસંદ કરીએ છીએ કદાચ એમના પ્રવચનની અંદર ચોકકસપણે કહે, અમને આનંદ થશે કે આપણે એક જ નામ શ્રીમતી શુભાંગીબેન ગાયકવાડનું જે નામ મૂકીએ છીએ તો કદાચ એમ લાગે કે અમને પણ એમ થાય કે ખુલાસો થયો અને જે ખુલાસો લઇને આવ્યા છે એમાં અમારું સમર્થન છે.

શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંકઃ ૨૦- સન ૨૦૧૫નું મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટી (સુધારા) વિધેયક લઇને આવ્યા છે એને હું આવકારું છું. મને જણાવતા ખૂબ આનંદ થાય છે કે વડોદરા સ્ટેટના સમયથી ઈવન મહારાજા સયાજીરાવ ગાયકવાડે વડોદરા સ્ટેટની ધુરા સંભાળી ત્યારથી લઇને એમને જે પ્રકારની તાલીમ મળી હતી એક ગામડાંનો અબૂધ બાળક એને દત્તક લઇને વડોદરા સ્ટેટના રખવાળા તરીકે લાવવામાં આવ્યા અને તેમનો રાજ્યાભિષેક થયો. દુનિયામાં જે કંઇ શ્રેષ્ઠ છે એ બધુંજ મારા વડોદરામાં હોવું જોઇએ એ રીતના સંસ્કાર એમને પ્રાપ્ત થયા હતા અને એ રીતેના એમણે પ્રયત્નો પણ કર્યા. શ્રીમતં મહારાજા સયાજીરાવ ગાયકવાડે વડોદરા સ્ટેટમાં તે વખતે અમરેલી જિલ્લો પણ આવી જાય અને અમદાવાદ જિલ્લાના પાછળના કેટલાક ભાગો પણ આવી જાય. આપણા દક્ષિણ ગુજરાતના નવસારી વિસ્તાર પણ આવી જાય આટલો એનો વ્યાપ હતો પણ આ સમગ્ર વડોદરા સ્ટેટની હકુમતમાં સાંસ્કૃતિક સુવાસ હતી. સર સયાજીરાવે પોતાના સ્ટેટમાં પ્રાથમિક શિક્ષાણ ફરજીયાત બનાવ્યું એટલું જ નહીં પરંતુ પ્રાથમિક શિક્ષણની શાળામાં જઇને આકર્ષક એવા શાળાના મકાનો પણ બનાવ્યા, જે એન્ટીક પીસ તરીકે મજબૂત હાલતમાં આજે પણ નગર પ્રાથમિક શિક્ષક સમિતિની શાળાઓ એમાં કામ કરી રહી છે. એ દરજજાના બિલ્ડીંગ એમને આપ્યા છે. વડોદરા સ્ટેટના તમામ ગામોમાં એમણે લાયબ્રેરીની સ્થાપના કરી અને લોકોની વાંચન પ્રવૃત્તિ વધે એની રૂચિ કેળવાય તે માટેના સઘળા પ્રયત્નો પણ એમણે કર્યા હતા. ૧૯૮૧ના વર્ષમાં ઉચ્ચ શિક્ષણ અને તાલીમ માટે તેમણે કલા ભવનની સ્થાપના કરી. એ પણ એક સ્થાપત્યનો ઉત્કૃષ્ટ નમૂનો છે. કલા ભવન બનાવ્યા બાદ વડોદરા કોલેજની સ્થાપના થઇ. એનું પણ જે બિલ્ડીંગ બનાવ્યું છે એ આજે પણ મોન્યુમેન્ટ તરીકે જોઇ રહ્યા છીએ, જ્યાં આજે આર્ટસ ફેકલ્ટી ચાલી રહી છે. શિક્ષણ, કલા અને સાંસ્કૃતિક વિષયમાં વડોદરા શહેર હંમેશા અગ્રેસર રહ્યું હતું. સર સયાજીરાવની જે પ્રમાણે દંડકશ્રી બલવંતસિંહજીએ વાત કરી, મેં એમને સાંભળ્યા એના જ અનુસંધાનમાં હું કહું છું કે શિક્ષણ, કલા અને સાંસ્કૃતિક વિષયમાં વડોદરા શહેર હંમેશા અગ્રેસર રહ્યું હતું. આ વડોદરા કોલેજને તા. ૩૦મી એપ્રિલ, ૧૯૪૯ના રોજ મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટીમાં પરિવર્તિત થઇ. આ એમ.એસ. યુનિવર્સિટી ઓફ વડોદરા રાજ્યના શૈક્ષણિક ક્ષેત્રની શ્રેષ્ઠ યુનિવર્સિટી બનીને રહી છે. આ મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટીના પ્રથમ કુલાધિપતિ પદે શ્રીમાન પ્રતાપસિંહ રાવ ગાયકવાડ હતા. ત્યારબાદ શ્રીમાન ફતેસિંહ રાવ ગાયકવાડ અને ત્યાર બાદ એમના બહેન શ્રીમતી મૃણાલિનીબેન એના કુલાધિપતિ પદે રહ્યા

છે. હવે માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ખૂબ જ સરસ રીતે અમને બધા વડોદરાવાસીઓને આનંદ થાય તે રીતે શ્રીમતી શુભાંગી રાજે ગાયકવાડની જગપ્રસિદ્ધ એમ.એસ. યુનિવર્સિટીના કુલાધિપતિ પદે નિમણૂંક કરવાની દરખાસ્ત લઇને આવ્યા છે તેને હું સહર્ષ આવકારું છું. મારે એક વાત કરવાની છે કે આ વરણી યોગ્ય છે. શ્રીમતી શુભાંગીની રાજે ગાયકવાડ લખનૌ યુનિવર્સિટીના હિસ્ટ્રી ઓફ લિટરેચર અને ઇકોનોમિક્સમાં ગ્રેજ્યુએટ છે. તેઓશ્રી પર્યાવરણવીદ છે. વડોદરા શહેર નહીં, વડોદરા જિલ્લો નહીં પરંતુ સમગ્ર ગુજરાતના પર્યાવરણની રક્ષાના પ્રશ્નો માટે કામ કરવા માટે હંમેશા તેઓ અગ્રેસર રહ્યા છે. શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે પણ તેમની સેવાઓ અવિરત વડોદરા શહેરને અને ગુજરાત પ્રદેશને મળતી રહી છે. તેઓશ્રીની મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટીના કુલાધિપતિ પદે થયેલ નિમણૂંક અને એની દરખાસ્તને સહર્ષ આવકારું છું અને ટેકો આપું છું.

**શ્રી નિરંજન પટેલ(પેટલાદ) :** માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે, જેને અમારા દંડકશ્રીએ ટેકો આપ્યો છે એને મારો સંપૂર્ણ ટેકો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાતના એ વિસ્તારનો ધારાસભ્ય છું કે જે વિસ્તારમાં સયાજીરાવ ગાયકવાડની સરકાર ચાલતી હતી. એ અમારા વિસ્તારના તે વખતના રાજા હતા. આજથી ૧૦૦ વર્ષ પહેલાં મહિલા પુસ્તકાલયની કલ્પના ન હતી ત્યારે એમણે મહિલા પુસ્તકાલયની સ્થાપના કરી હતી. ૧૨૫ વર્ષ પહેલાં જેને સામાન્ય પુરુષો માટેના પુસ્તકાલયની સ્થાપના કરેલ હતી. એમણે કોર્ટો બનાવી હતી એ આબેહૂબ અત્યાર સુધી ચાલી. સુંદર પ્રાથમિક શાળાઓનું બાંધકામ કરેલ કે હવા ઉજાશવાળા વાતાવરણમાં બાળકો સારી રીતે શિક્ષણ મેળવી શકે, સારા શિક્ષકો, આ બધું એમણે અમારા વિસ્તારને બહુ સારું આપ્યું હતું. એના કારણે અમારું ચરોતર શિક્ષણમાં અને સંસ્કારમાં બહુ આગળ રહ્યું. અમારા પેટલાદની જૂની કોલેજ હતી એ તે સમયે સ્થપાયેલી હતી. હાઇસ્કૂલ પણ એ વખતે સ્થપાયેલી હતી. એ સમયે વિદ્યાનગરમાં કોઇ સ્કૂલ કોલેજો ન હતી. કરમસદથી સરદાર પટેલ ૧૪ કિલોમિટર ચાલીને આવતા અને પેટલાદની એન.કે. હાઇસ્કૂલમાં ભણતા હતા. એ યાદગીરી તરીકે તે વખતના ૧૯૯૦માં શ્રી ચીમનભાઇ પટેલની સરકારને રજૂઆત કરી હતી અને એમણે એક કરોડ રૂપિયા હાઇસ્કૂલને આપ્યા. એ સ્કૂલને નળિયામાંથી અમે પાકી બનાવી શક્યા હતા. મારો કહેવાનો ભાવાર્થ એ છે કે જનરલ વાત કરું છું. આપણે બધી જે યુનિવર્સિટીઓની દોટ છે એ સારી છે. ઘણી ઉત્તમ છે અને હોવી જોઇએ. કારણ કે, શિક્ષણ એ તો સમાજને સુધારવા માટેનો પાયો છે. અમેરિકાની અંદર એક યુનિવર્સિટીનું બજેટ ગુજરાતની સરકાર જેટલું હોય છે એટલો શિક્ષણ પાછળ ખર્ચો કરતા હોય છે અને એટલી કાળજી લેતાં હોય છે. એવા સંજોગોની અંદર આમની જે નિમણૂક થઇ છે એ આવકારદાયક છે અને અમે આવકારીએ છીએ. આ તકે અમે એન સંપૂર્ણ ટેકો આપીએ છીએ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા **(** શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા બિલને ટેકો આપવા બદલ માનનીય બલવંતસિંહ, માનનીય જીતુભાઇ અને માનનીય નિરંજનભાઇનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

માનનીય બલવંતસિંહજીએ વાત કરી કે, કામકાજ સલાહકાર સમિતિમાં પણ એમને જરા યાદ કરાવું કે, કામકાજ સલાહકાર સમિતિમાં બધા બિલની વાત કરી હતી એમાં આ બિલની પણ આપણે વાત ત્યાં કરી જ હતી. એટલે અમે પછીથી નથી લાવ્યાં અને બીજી વાત કરી કે, બે નામ આવ્યાં હતાં. મેં કહ્યું કે, પ્રતાપસિંહ સંગ્રામસિંહ ગાયકવાડ અને બીજું મેં જે પ્રપોઝલ કર્યુ છે તે. પ્રતાપસિંહ સંગ્રામસિંહ એ મુંબઇ રહે છે. અહીંયા આવવાનું ભાગ્યેજ, જવલ્લેજ બનતું હોય છે અને આદરણીય શુભાંગિની દેવી એ વડોદરામાં જ રહે છે. ૨૪ કલાક ૩૬૫ દિવસ રહેતાં હોય છે. એમનું આખા વડોદરાના લોકો સાથેનું સીધું સામાજિક અને શૈક્ષણિક મોટું યોગદાન છે. ક્વોલીફાઇડ છે અને રાજવી પરિવારના છે. આ બધું જોતાં રાજ્ય સરકારે આ નામ પસંદ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બધા સભ્યોએ ગાયકવાડના શાસનની, શિક્ષણની વાત કરી. મહેસાણા જિલ્લો એટલે અમરેલી જિલ્લો હોય તો એ આજે પણ એમને યાદ કરે છે પરેશભાઇ. કારણ કે, જે તે વખતે એમના શાસન દરમ્યાન ફાઇનલ પાસ એટલે કે ધોરણ–૭ પાસ એ ફરજિયાત હતું. એટલે શિક્ષણ મંત્રી તરીકે પ્રવેશ મહોત્સવમાં જ્યારે હું જાઉં છું ત્યારે હું એમ ઓફએન્ડ કોઇ પણ ગામમાં ૧૮૦૦૦ ગામડાંમાં જઉં અને કહું કે અહીંયા મહેસાણા જિલ્લાના તલાટી, ગ્રામ સેવક કે અમરેલી જિલ્લાના અન્ય કોઇ જવાબદારીમાં હશેજ તે અને હું ઓફએન્ડ કહું ને તો પણ એ સાચું પડે છે એનું એકજ કારણ છે કે ગાયકવાડ પરિવારે આ રાજ્યને એમના તાબાના જેટલા પણ જિલ્લાઓમાં એમનું શાસન હતું એમાં એમણે ફાયનલ પાસ ધોરણ–૭ અને એ જ પરંપરા આજદિન સુધી ચાલુ છે જેનો લાભ આ યુવા પેઢીને પણ મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું ફરીવાર સર્વે સભ્યોનો અને સમગ્ર સભાગૃહનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. ધન્યવાદ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૨૦– સન ૨૦૧૫નું મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની**

ચૈત્ર ૧૦, ૧૯૩૭ શાકે

સરકારી સંકલ્પ (નિયમ–૧૨૦)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૧૫નું મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટી (સુધારા) વિધેયક ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૧૫નું મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટી (સુધારા) વિધેયક ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

સરકારી સંકલ્પ (નિયમ–૧૨૦)

**(શૌચાલયની સુવિધા અંગે)**

શ્રી નીતિનભાઇ ર. પટેલ **(** શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ સન્માનીય ગૃહમાં નિયમ–૧૨૦ હેઠળ રાજ્ય સરકારનો સંકલ્પ રજૂ કરવામાં આવે છે. હું કામકાજ સલાહકાર સમિતિના સરવે સભ્યોનો પણ આભાર માનું છું કે, જેઓએ કામકાજ સલાહકાર સમિતિમાં સરકારી સંકલ્પને માન્ય કર્યો અને આજે આખા દેશને અનુરૂપ જરૂરિયાતવાળો એવો સંકલ્પ હું રાજ્ય સરકાર તરફથી રજૂ કરું છું.

રજી ઓકટોબર, ૨૦૧૯ સુધીમાં દેશમાં સ્વચ્છતા લાવવાના હેતુથી સ્વચ્છ ભારત અભિયાન શરૂ કરવામાં આવેલ છે. સ્વચ્છતા બાબતમાં દરેક ઘરમાં શૌચાલય હોવું એ અનિવાર્ય છે. ખાસ કરીને મહિલાઓની ગરીમા અને સલામતી વિરુદ્ધની આ બાબત છે. સ્વચ્છતાના અભિગમને વ્યક્તિગત શૌચાલય, સામૂહિક શૌચાલય અને જાહેર શૌચાલયના માધ્યમથી આ રાજ્ય સરકારે અપનાવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા સઘન જાનજાગૃતિ અભિયાન સાથે શહેરોમાં વ્યક્તિગત શૌચાલય માટે લાભાર્થી દીઠ રાજ્ય સરકારના રૂપિયા ૮,૦૦૦/– અને કેન્દ્ર સરકારના રૂપિયા ૪,૦૦૦/– મળીને કુલ રૂપિયા ૧૨,૦૦૦/– , સામૂહિક શૌચાલયો માટે રાજ્ય સરકારના રૂપિયા ૧૮,૦૦૦/– અને કેન્દ્ર સરકારના રૂપિયા ૧૨,૦૦૦/– નળીને સીટ દીઠ રૂપિયા ૩,૦૦૦/– તેમજ જાહેર શૌચાલયો માટે સીટ દીઠ રૂપિયા ૫૦,૦૦૦/– હજારની સહાય જાહેર કરવામાં આવે છે. આ સાથે જૂના શૌચાલયોને અપગ્રેડ કરવા માટે પણ સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રીશ્રી સ્વચ્છતા નિધિની રચના કરવામાં આવેલ છે. જેના અનુદાન માટે ઇન્કમ ટેક્સની કલમ ૮૦–જી અંતર્ગત આવકવેરામાં છૂટછાટ મળે છે. આ રાજ્ય સરકાર જ્યાં જગ્યા ઉપલબ્ધ થાય ત્યાં, વ્યક્તિગત શૌચાલયો, સામૂહિક શૌચાલયો, પે એન્ડ યુઝ શૌચાલયો અને શાળાઓ તથા આંગણવાડીઓમાં પણ શૌચાલયો બનાવી ગુજરાતને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત રાજ્ય બનાવવા કટિબદ્ધ છે. આ યોજના હેઠળ વ્યક્તિગત શૌચાલય બાંધવા કેન્દ્ર અને રાજ્ય સરકાર ફાળો આપે છે. એ.પી.એલ. લાભાર્થીઓને શૌચાલય બાંધવા માટે રાજ્ય સરકાર પોતાના નાણાકીય સંશાધનોમાંથી જોગવાઇ કરી પ્રોત્સાહન આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. જેની સહાય રૂપિયા ૨,૦૦૦/–થી વધારી રૂપિયા ૪,૦૦૦/– કરવામાં આવેલ છે. જનરલ લાભાર્થીઓ માટે રૂપિયા ૪,૦૦૦/– જોગવાઇમાં વધારો કરીને રૂપિયા ૮,૦૦૦/– મળી રહે તેવું આયોજન કરવામાં આવેલ છે. આવા લાભાર્થીઓને સંપૂર્ણપણે રાજ્ય સરકારની યોજના હેઠળ શૌચાલયના બાંધકામ અને અપગ્રેડેશન માટે શૌચાલયની યુનિટ કોસ્ટ રૂપિયા ૧૨,૦૦૦/–માંથી લાભાર્થીઓને ચૂકવાયેલ રકમ બાદ કરી બાકીની રકમ સહાયરૂપે ચૂકવવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. શૌચક્રિયાને કારણે કલ્પી ન શકાય તેવી બિમારીઓનો ફેલાવો થાય છે. એક અંદાજ મુજબ ગરીબ કુટુંબની આવકના ૪૦% જેટલી રકમ પરિવારના સભ્યોની સારવાર પાછળ ખર્ચાય છે. આમ આ યોજના મહિલાઓની ગરીમા સાચવવાની, અબાલ વૃદ્ધ, વિકલાંગને પડતી મુશ્કેલી નિવારવાની સાથે ખુલ્લામાં શૌચાલયથી થતી બિમારીઓની સારવારનો ખર્ચ નિવારી ગરીબ કુટુંબની આર્થિક પરિસ્થિતિ સુધારવાની યોજના છે માટે રાજ્યનું એક પણ ઘર શૌચાલયની સુવિધાથી વંચિત ન રહે તે માટેના તમામ પ્રયત્નો કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.ત્યારે રાજ્ય સરકાર પોતે જયારે આ સંકલ્પ લઇને આવી છે ત્યારે આ સન્માનનીય ગૃહના બધા સભ્યો આ સંકલ્પ સ્વીકારે અને પોતાના વિસ્તારની અંદર તાલુકામાં, જિલ્લામાં સામાજિક જયાં સબંધો હોય ત્યાં, વ્યાવસાયિક સબંધો હોય ત્યાં બધી જ જગ્યાએ ગરીબોને જેમને જરૂરિયાત છે, જેમના ઘરે શૌચાલય નથી એવા તમામને સરકારી ગ્રાન્ટની સબસિડીનો લાભ અપાવી, સરકારની અન્ય યોજનાઓનો લાભ અપાવી અને દાતાઓ, સખાવતી સંસ્થાઓ, માર્કેટ યાર્ડો કે અન્ય જે સામાજિક સહકારી સંસ્થાઓ છે અને બધા જ ઘરે ગુજરાતના આપણા મુખ્યમંત્રી માનનીય આનંદીબહેનની લાગણી અને ભારતના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીની જે ઇચ્છા છે કે ગુજરાત દેશમાં પ્રથમ નંબરનું એવું રાજ્ય બને કે જેના એક પણ ઘરમાં શૌચાલય ન હોય એવો સંકલ્પ કરી આપણે સૌ કોઇપણ જાતના રાજકીય ભેદભાવ રાખ્યા સિવાય બધી જ ગુજરાતની પ્રજાની સુખાકારી માટે આ સંકલ્પ સ્વીકારી એને અનુરૂપ કામગીરી કરો એવી આપ સૌને વિનંતી છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૧૨૦ નીચે સંકલ્પ લઇને આવ્યા છે, સંકલ્પનું હાર્દ જોતાં એમ થાય કે ખરેખર ભગવાન કરે અને આ બધું સાચું થઇ જાય. ઘણી વખત જીવનની અંદર જેને વીતે એને ખ્યાલ આવે. મારા જીવનમાં ૨૦–૨૨ વર્ષની ઉંમર સુધી કયાં જવું પડતું અને કેવી રીતે જવું પડતું એનો મને પોતાને અનુભવ છે. ભૂતકાળમાં પણ કોંગ્રેસની સરકારે અનેક પ્રયત્નો કર્યા. આ દેશની અંદર કશી વ્યવસ્થા નહોતી ત્યારે શરૂઆત થઇ અને આજ દિન સુધી જે આમાંથી થઇ શકે એ ભારત નિર્માણના નામે અનેક યોજનાઓ લાવીને એણે કામ કર્યું છે. માનનીય નીતિનભાઇ

સાહેબને ખાસ મારે એ કહેવું છે કે કડવું પણ સત્ય હોયને તો આપણે એ સ્વીકારીને ચાલવું જોઇએ. આ સંકલ્પ એવો છે કે અહીં બેઠેલો કોઇપણ માણસ એમ નહીં કહે કે ખરેખર આપણે આ નથી કરવું. આજે પણ ગુજરાતની અંદર પ્રશ્નોત્તરીના જવાબની અંદર હમણા જ જે પ્રશ્નોત્તરીનો જવાબ આવ્યો એની અંદર આજે પણ ગુજરાતમાં ૩૨ લાખ શૌચાલયો નથી. મારા પાટણ જિલ્લાની અંદર વાત કરું તો ૧૨૦૦૦૦ કે એનાથી પણ વધારે શૌચાલયન ન હોય ત્યારે આપણને એમ થાય કે આજે જો ૩૨ લાખ ગુજરાતમાં ન હોય, નિતિનભાઇ, આ સરકારે જવાબ આપ્યો છે એટલે મારી જે વિનંતી છે તે એ છે કે આપણો સંકલ્પ એવો હોવો જોઇએ કે આપણે કંઇક કરવા માગીએ છીએ તો માગીએ છીએ એ પરિપૂર્ણ થાય એ આપણા માટે એટલું જ જરૂરી છે. આજે ઘણી વખત એવું થાય કે આપણા પૂર્વ મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન ચોકકસપણે આપણને આનંદ થાય કે સમગ્ર ભારતની અંદર ગુજરાતનું કોઇ મોડલ દેખે અને વિચારે કે ચોકકસપણે ગુજરાતમાં થયું હશે માટે સમગ્ર રાજયોની અંદર થાય એના માટેની વિચારણા કરે પણ રિયાલીટીમાં હું નથી કહેતો કેગનો રિપોર્ટ કહે છે. આ કેગના રિપોર્ટે એમ કીધેલું છે કે ૨૦૦૮ થી ૨૦૧૩ સુધી સરેરાશ આપણને જે ખર્ચ મળતો હતો કેન્દ્રનો કે રાજયનો એની અંદર ૫૦ ટકા પૈસા જ આપણા વપરાયા છે. આપણે કેટલાય વર્ષોથી આ સરકારમાં છીએ અને એની અંદર આપણું એક મન બનતું હોય છે કે આપણે કરીએ જયારે કેન્દ્ર સરકાર પૈસા આપતી હોય, રાજય સરકાર પૈસા આપતી હોય અને આપણે ચોકકસપણે જે કામ કરીએ, પૂરેપૂરા પૈસા વાપરીએ તો સંકલ્પ લાવાવાનું નિતિનભાઇ સાહેબે એક સારું કામ કર્યું કે સંકલ્પ લાવો કદાચ આ કામ આપણે પહેલા પૈસા વપારીને કર્યું હોત,

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. સભાગૃહ ૫-૩૦ કલાકે ફરી મળશે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ ૫-૦૦ થી ૫-૩૦)**

( ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીએ તો આપણે મનથી સંકલ્પમાં નક્કી કરીએ તો મંત્રીશ્રી સાથે છીએ. સમગ્ર ગુજરાતની અંદર એક દિવસ એવો આવે અને કોઇ કહે કે, એક પણ ઘર શૌચાલય વગરનું ન હોય તેવું ગુજરાત છે, તો સૌથી વધારે આનંદ મને થશે. આજે પણ જે સ્થિતિમાં એમ કહી શકાય સેન્ટ્રલના રિપોર્ટમાં જ્યાં આંગણવાડી છે, ત્યાં આગળ ૫૦૦૦ થી વધારે શૌચાલયો નથી, તો ત્યાં આગળ માનનીય મંત્રીશ્રી એ બાબતમાં ચિંતા કરે. પરિસ્થિતિનું નિર્માણ એવું થાય કે સુપ્રિમ કોર્ટે હુકમ કર્યો છે ૨૦૧૨ ની અંદર, અને કહ્યું છે કે આપણે જ્યાં બહેનો હોય ત્યાં ફરજિયાતપણે શૌચાલય થવું જોઇએ. એવી સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન છે. માટે આ બાબતે સરકાર ચિંતા કરે. ખાસ કરીને માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે આ બાબતની અંદર કદાચ બજેટમાં ગ્રાટ ફાળવી હશે, એ સિવાય પણ પૂરક માગણીની અંદર કદાચ ગ્રાન્ટ લઇને આવશે તો અમારી પાર્ટી ચોક્કસ પણે ટેકો કરશે તેવી હું ખાતરી આપું છું. આમાં પૈસા વપરાય એ આપણા માટે બહુ જરૂરી છે. ખાસ કરીને મારે કહેવું છે કે ગુજરાતમાં જ્યારે કોઇ લક્ષ્યાંક અપાય મારી પાસે ૨૦૧૨ ના આંકડા છે. જે ૪૦૪૩૯ બાંધવાનો લક્ષ્યાંક હતો, ત્યારે ૩૬૪૦૦ જ બંધાયા. આપણે કોઇપણ સંજોગોમાં જે લક્ષ્યાંક હોય તે પૂર્ણ થાય તે જોવું જોઇએ. પૈસા બાબતમાં હું ફિગર નહિ બોલતા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે ખરેખર જો ફિગર બોલું તો ઘણા બધા ફિગર છે. આપણી ગ્રાન્ટ પડી ન રહેવી જોઇએ. પૈસા જેટલા બજેટમાં હોય એ ૧૦૦ ટકા આમાં વપરાય તે જરૂરી છે. માનનીય મંત્રીશ્રી નિતીનભાઇ સાહેબે ખરેખર મન બનાવ્યું છે, નક્કી કર્યુ છે કે મારે આ બાબતમાં કામ કરવું છે. તો ગતિથી સરકાર કામ કરશે તો મારી પાર્ટી ચોક્કસપણે ટેકો કરશે. આ બધા આંકડા, રિપોર્ટ આપ્યા એનું ફરીથી પુનરાવર્તન ન થાય અને ધ્યાન રાખવામાં આવે અને એની પાછળ વધારેમાં વધારે દેખરેખ રાખવામાં આવે. તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ જે અધિકારીશ્રીઓ જોડાય એનું નિર્માણ થાય તો એનો ચોક્કસપણે આનંદ થશે. એટલે માનનીય મંત્રીશ્રી ખાતરી આપશે તો અમે ચોક્કસપણે એમને ટેકો આપીશું.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નીતિનભાઇ પટેલ શૌચાલય માટેનો એક સંવેદનશીલ સંકલ્પ લઇને આવ્યા છે, ત્યારે મને ખબર નથી કે એને મારે વધાવવું છે અને દુઃખ પણ વ્યક્ત કરવું છે. એટલા માટે હું એને વધાવું છું કે આઝાદીના ૭૦ વર્ષ પછી પણ વિપક્ષના લોકો નથી કરી શક્યા એ ભારતીય જનતા પાર્ટીના નરેન્દ્રભાઇ મોદી અને આનંદીબેનની સરકારે શરૂ કર્યુ છે. આ દેશમાં ગરીબ લોકોની વાત કરનાર ગરીબી હટાવો, દેશ બચાવો. એમણે છેવાડાના ગરીબ માણસ જેમના ઘરે આજસુધી શૌચાલય ન હોય એનાથી મોટી શરમજનક ઘટના શું હોઇ શકે? ગ્રામ સ્વરાજ્યની વાતો કરનારાને પણ ક્યારેક ગામડાંમાં બેઠેલ ગરીબ માણસ, અહીંયાથી બલવંતસિંહે વાત કરી છે કે હું પણ ખેડૂત પુત્ર છું. માનનીય અધ્યક્ષશ્રી, હું પણ ખેડૂતપુત્ર છું. હું પણ ગામડાંમાં રહેલો છું. એટલે આ બધી પ્રક્રિયામાંથી હું પણ પસાર થયો છું. ગામડાંની ગરીબ લોકોની જે સ્થિતિ હોય છે, તેમણે કયારેય ગરીબ લોકોને યાદ ન કર્યા, માત્ર ગરીબી હટાવોની વાતો કરી ત્યારે મારે અભિનંદન આપવા છે આ ગતિશીલ ગુજરાતના પ્રણેતા આદરણીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલને કે સત્તાના સૂત્રો સંભાળતાની સાથે જ સો દિવસના એજન્ડામાં ઘેર ઘેર શૌચાલયના એજન્ડાને તેમણે પ્રાથમિકતા આપી, અગ્રતા આપી અને જિલ્લા જિલ્લા, ગામ ગામ સુધી આખા સરકારી તંત્રને, સૌ પ્રતિનિધિઓને, ભારતીય જનતા પાર્ટીના લોકોને શૌચાલય બનાવો તેના માટે વાત કરી. એક સમય એવો હતો કે ટોઇલેટની વાત કરીએ ત્યારે લોકો હસતા હતા કે ટોઇલેટની વાત કરે છે. દેશના વડાપ્રધાને જયારે ચૂંટણીઓ હતી ત્યારે ટોઇલેટની વાત કરી ત્યારે તેની ટીકાઓ થઇ, છાપામાં ટીકાઓ થઇ કે વડાપ્રધાનના દાવેદાર ટોઇલેટની વાત કરી રહ્યા છે. આ જ વસ્તુ આજે ઘેર ઘેર લોકોએ સ્વીકારી છે, લોકો સમજયા છે. તેમને

કેટલી કેટલી મુશ્કેલીઓ હતી. કુદરતી હાજતે જવા માટે કોઇ સમય નક્કી નથી હોતો. એ તો કુદરતી પ્રક્રિયા છે. ગામડાંમાં બહેન દીકરી હોય તેમને સાંજની રાતની રાહ જોવી પડે. આ દિવસો બધાએ જોયા છે. તે રાત સિવાય ખુલ્લામાં શૌચાલય માટે જઇ ન શકે. તેવા વખતે આ દબાવવાથી અનેક રોગોનો ભોગ આ સામાન્ય લોકો બનતા હોય છે અને વધારે ગરીબાઇમાં ફસાતા હોય છે . તેના રોગો નિવારવા માટે થઇને અને માનનીય મંત્રીશ્રી નીતિનભાઇએ વાત કરી કે ૪૦ ટકા જેટલો ખર્ચ તેની પાછળ કરવો પડે છે. આ ગરીબ માણસને પોષાય તેવું નથી. ફરી વખત તત્કાલીન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન તથા આજના મુખ્યમંત્રી આનંદીબેનને હું અભિનંદન આપું છું. તેમણે સંકલ્પ સાથે આ ગાંધીના ગુજરાતમાં ૧૫૦મી જયંતિ ૨૦૧૯માં ઉજવી રહ્યા છે ત્યારે સંકલ્પ કર્યો છે કે ઘેર ઘેર શૌચાલય બનાવવા છે અને સ્વસ્થ ભારતના નિર્માણમાં સહભાગી થવું છે. ગાંધીજીની વાતો અહીં ખૂબ થાય છે ત્યારે મારે એક વાત કરવી છે. ગાંધીના ગુજરાતમાં આપણા ગાંધીના પોરબંદરની અંદર કોઇ પાર્ટીના કાર્યક્રમો હોય ત્યારે મિજબાનીઓ થતી હોય અને આ દેશના વડાપ્રધાન અને મુખ્યમંત્રી આનંદીબેને આ ગાંધીના વિચારો શૌચાલય અને સ્વચ્છતાને ઘેર ઘેર લઇ જઇ રહ્યા છે ત્યારે, ગાંધીનું એક નવું મોડલ આનંદીબેને અને નરેન્દ્રભાઇએ આપ્યું છે. પોતાની ગુડવીલ, પોતનું પદ તેનો ઉપયોગ સામાજિક સેવામાં કેવી રીતે થઇ શકે, કોર્પોરેટ જગતને આહવાન આપ્યું. કોર્પોરેટ જગત એક-એક, બે-બે ગામ દત્તક લઇ લે, અમારે પણ સમાજના કામમાં, સમાજમાં જોડાવવું છે. જન આંદોલન તરીકે ઘેર ઘેર શૌચાલય બનાવવાની સામાજિક જવાબદારી ઉપાડી છે ત્યારે, અને આ ન કરીએ તો કંઇ સત્તા નહોતી જતી રહેવાની. સંવેદનશીલ સરકાર, ગતિશીલ સરકાર, અમારા મંત્રીશ્રીઓ, માનનીય નીતિનભાઇએ નક્કી કર્યુ કે અમારી જવાબદારી છે અને સમાજમાં આ વસ્તુ ખૂટે છે તે આપવાની ફરજ અમારી છે. કોઇએ આપ્યું કે ન આપ્યું તેની અમારે ચિંતા કરવી નથી. અમે ઘેર ઘેર શૌચાલય આપીશું એટલે માનનીય નીતિનભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે તેને વધાવું છું, તેમને અભિનંદન આપું છું. હું ગૃહને કહું છું કે આવો સૌ સાથે મળીને આ સોનેરો સંકલ્પ લઇને આવ્યા છે તેને વધાવીએ. તેમને અભિનંદન આપીએ અને આપણે પણ પ્રયાસો કરીએ છેવાડાના માણસ સુધી, ગરીબ માણસ સુધી જઇ તેમને મદદ કરવાનું કામ કરીએ. અસ્તુ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ મંત્રીશ્રી જે સરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું. બીજી ઓકટોબર ૨૦૧૯ સુધીમાં દેશમાં સ્વચ્છતા લાવવાના હેતુથી સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું. આ રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા દેવાલય સે પહલે શૌચાલયની વાત કરવામાં આવેલી. માનનીય અધ્યક્ષશ્રી, દેવાલય સે પહેલે શૌચાલયની ચિંતા કરી જાહેરમાં દિલ્હીમાં એક જગ્યાએ કહ્યું પણ ત્યાર બાદ સ્વચ્છતા અભિયાન સમગ્ર ભારતમાં લાગુ કરવામાં આવ્યું સારી વાત છે, આ સંકલ્પ સારો છે, એના હાર્દ સાથે સંમત છીએ. પણ મારે માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રીને પૂછવું છે કે, રાજયના મુખ્ય મંત્રી નરેન્દ્રભાઇ મોદી હતા ત્યારે આ રાજયની અંદર સ્વચ્છતા મિશન અંતર્ગત નિર્મળ ભારત અંતર્ગત સ્વચ્છતા અભિયાન અનુસંધાને હું કોઇ આંકડાકીય માહિતી આપવાના બદલે ૨૦૧૩ વિધાનસભાના માર્ચ મહિનાના છેલ્લા દિવસે કેગનો જે રિપોર્ટ આવ્યો છે એ રિપોર્ટ સરકાર જોઇ જાય તો આ સ્વચ્છતા અભિયાનની વાસ્તવિક પરિસ્થિતિનો આપણને ખ્યાલ આવે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયના શહેરી વિકાસ વિભાગે ગુજરાતના શહેરી વિસ્તારમાં ૩ લાખ નવા શૌચાલયો બનાવવા માટેની માનનીય મંત્રીશ્રીએ નિર્ણય કર્યો છે. શહેરી વિસ્તારમાં કોઇ ઘર શૌચાલય વિનાનું ન રહે આ જાહેરાત આપણે કરી, બજેટમાં જોગવાઇ કરી. પણ રીયાલીટી છે એ તરફ માનનીય મંત્રીશ્રીનું ઘ્યાન દોરવા માગુ છું. વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૧, ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ દેશભરમાં સરેરાશ ૭.૭ ટકા નવા શૌચાલયો બનાવવામાં આવ્યા હતા તેની સરખામણીમાં ગુજરાત માત્ર ૫.૨ ટકા શૌચાલયો બનાવી શક્યું છે. જે આપણે શૌચાલયો બનાવ્યા છે એ શૌચાલયો બનાવવામાં અમદાવાદ જિલ્લામાં ૧૨૫૭ શૌચાલયો રૂપિયા ૨૮.૩ લાખના ખર્ચે બંધાયા હતા તે નબળી ગુણવત્તાને કારણે ઉપયોગમાં લઇ શકાયા ન હતા. એનાથી આગળ વધીને નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં ૧.૭૯ કરોડના ખર્ચે ૧૯૯૨૫ શૌચાલયો બાંધવામાં આવ્યા હતા તેમાં લાકડાંના થાંભલાનો અને કંતાનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકામાં ૨૬૧ શૌચાલયો બનાવવામાં આવ્યા અને એમા પણ માત્ર લાકડાંના થાંભલા અને કંતાનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જયારે આ શૌચાલય માટે અહીંયા જે બજેટ મંજૂર કરીએ છીએ અને એ બજેટ મંજૂર થયા પછી વાસ્તવિક રીતે ખરેખર ગરીબના ઘરે કેન્દ્ર સરકારની ગ્રાન્ટ અને રાજય સરકારની બંને સંયુક્ત ઉપક્રમની ગ્રાન્ટ જે આપણે ફાળવીએ છીએ એ ફાળવેલી ગ્રાન્ટનો ખરેખર સદ્દુપયોગ થાય છે કે નથી થતો એ જોવાની જવાબદારી રાજય સરકારની છે. આ આંકડા રેકોર્ડ ઉપર આવ્યા પછી રાજય સરકારે શું કર્યું? એનાથી આગળ વધીને નિર્મળ ભારત યોજના અંતર્ગત મારા વિસ્તારના કૂલકા ગામે ૩૫ અરજદારોને નામે ગ્રામ પંચાયતના વી.સી.એ ફોર્મ ભરી દીધા જેની અરજદારોને ખબર પણ નહીં, નીતિનભાઇ, આજની તારીખે ૩.૫૦ લાખ રુપિયાના ચેકો ૩ મહિના પહેલા ઉપાડી લીધા છે એક પણ શૌચાલય બન્યું નથી અને ગ્રામ પંચાયતે રિપોર્ટ કર્યો કે શૌચાલય બની ગયા છે. માનનીય અધ્યક્ષશ્રી, જો આજ પ્રકારે ચાલવાનું હોય અને રેકોર્ડ ઉપર આવ્યા પછી રાજય સરકાર એના ઉપર જો કડક અમલવારી કરીને પગલાં ન લેવાની હોય તો અહીંયા આપણે એક પણ ઘર શૌચાલય વિનાનું ન રહે એની ચર્ચા કરીએ એનો કોઇ અર્થ કે કોઇ હેતુ સરતો નથી. અગાઉ જે શૌચાલયો બનાવ્યા છે, જે શૌચાલયો બન્યા છે એ શૌચાલયનો ઉપયોગ થાય છે ખરો? જ્યાં બનાવ્યા છે ત્યાં પૂરતી પાણીની વ્યવસ્થા થાય છે ખરી? પૂરૂં પાણી જાય છે, જાય છે તો એની બરાબર સફાઇ થાય છે કે કેમ? અગાઉ શૌચાલયો જે બનાવ્યા છે એનો પૂરો ઉપયોગ બરાબર વ્યવસ્થિત રીતે થતો નથી અને ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં આજે શૌચાલય બનાવવાની અંદર મારા વિસ્તારને ઘ્યાનમાં રાખીને જે વાત કરી છે એમ મોટે ભાગે દાખલા તરીકે

હમણા ગેંદાલભાઇ પણ મને કહેતા હતા રીશેષમાં કે, પંચમહાલ અને દાહોદ જિલ્લાની અંદર અને બીજા જિલ્લાઓમાં પણ શૌચાલય બનાવવાની અંદર મોટા પાયે નાણાકીય ગેરરીતિ આચરવામાં આવે છે, પૈસા લઇ લેવામાં આવે છે, શૌચાલયો બનાવવામાં આવતા નથી. આ બહુ ગંભીર બાબત છે અને ત્યારે રાજય સરકારે, હું રાજય સરકારને વિનંતી કરું છું કે, આ વિધાનસભા ગૃહના સભ્યોની એક સર્વ પક્ષીય કમિટી બનાવવામાં આવે, અને અત્યારસુધી જ્યાં આ ખર્ચ કરવામાં આવ્યો છે એ ખર્ચની સ્થળ ઉપર તપાસણી કરવામાં આવે અને વાસ્તવિકતા શું છે એ જાણવાની કોશિષ થાય તો મને લાગે છે કે, આપણે જે અહીંયા ચર્ચા કરીએ છીએ, લોકોના માટે કરીએ છીએ, લોકો માટે ચિંતા કરીએ છીએ, ગરીબો માટે ચિંતા કરીએ છીએ એ ગરીબોને ખરેખર ફાયદો થઇ શકે. શૌચાલયની સાથોસાથ આપણી જે ગંભીર સમસ્યા છે એ વસતિ વધારો, વસતિ વધારાની સાથે સાથે બેકારી થાય, બેકારીની સાથોસાથ ગંદકી વધે, ગંદકી અને બેકારીને સીધો સંબંધ છે. પણ આ વ્યવસ્થા સાથે જે લોકો જોડાયેલા છે, એનું ગણિત સાવ જુદું છે. નિષ્ણાતોનું તારણ એના કરતા જુદું છે. ગામડાંઓમાં મોટાભાગે અહીંયા કહેવાયું એ પ્રમાણે આજે પણ ખુલ્લામાં કુદરતી હાજતે જાય છે ત્યારે ગંદકી એ રોજીંદા વ્યવહારનો એક ભાગ થઇ ગયો છે ત્યારે વ્યક્તિગત, વ્યક્તિ પોતે ગંદકી પેદા કરે અને અન્ય લોકો તેનો નિકાલ કરે એ પ્રકારની જે સ્થિતિ છે ત્યારે આપણે સૌએ ચિંતા કરવી પડશે કે જે ગંદકી આપણે પોતે કરીએ છીએ એ ગંદકીની સફાઇ કરવાનું કામ પણ આપણે પોતાએ કરવું પડશે અને જો એ દિશામાં ચાલીશું તો આપણે સારી રીતે લોકોને ઉપયોગી થઇ શકીશું. અગાઉ આ વિધાનસભાની અંદર એક કાયદો બનાવવામાં આવ્યો. સરકારે કાયદો બનાવ્યો, મતનો અધિકાર છે, બંધારણની જોગવાઇ પ્રમાણે મતનો અધિકાર આપ્યો છે, એ મતના અધિકાર પ્રમાણે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવાનો એને અધિકાર છે પણ રાજ્ય સરકારે નક્કી કર્યું કે જેના ઘરની અંદર શૌચાલય નહિ હોય એ ચૂંટણી લડી શકશે નહિ. એને મત આપવાનો અધિકાર, એનો મત લઇને આપણને ચૂંટાવાનો અધિકાર પણ પોતાના ઘરમાં શૌચાલય ના હોય તો એ ચૂંટણી લડી ના શકે આ કયા પ્રકારની જોગવાઇ? ત્યારે મારે રાજ્ય સરકારને કહેવું છે કે કોઇના ઘરની અંદર શૌચાલય ના હોય તો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં બંધારણની જોગવાઇ પ્રમાણે પોતાના અધિકાર ઉપર આપણે તરાપ મારી શકીએ નહિ અને આ જો સ્થિતિ હોય તો એમાં રાજ્ય સરકારે સુધારો કરવો જોઇએ. અહીંયા ગાંધીજીની વાત કરવામાં આવી. ગાંધીજીની સાથે જોડાયેલી વાત છે. ગાંધીજીને સ્વચ્છતા વહાલી હતી અને એની દૃષ્ટિએ કંઇક આ રીતે સમજી શકાય કે આરોગ્ય સાથે રોજીંદા જીવનને લગતી ટેવો સાથે સંકળાયેલી બાહ્ય સ્વચ્છતા, નાગરિક ધર્મ, આસપાસના વાતાવરણને કુડાં કચરા મુક્ત રાખવાની ચોખ્ખાઇ, પોતે કરેલી ગંદકીને સાફ કરવાની અને શૌચાલય વિગેરેની સફાઇ કરવી અને હિંદુ ધર્મની વર્ણપ્રથાનો ભોગ બનેલા દલિતોના માથે ઠોકી બેસાડેલી બીજાની ગંદકી. આ ગાંધીજીના મતે સ્વચ્છતાની કંઇક આ પ્રકારની લાગણીઓ હતી અને ત્યારે શહેરી વિસ્તારમાં નગરપાલિકા વિસ્તાર, માત્રને માત્ર શૌચાલયો બનાવી અને ગંદકી કે સફાઇ દૂર કરવાના બદલે શૌચાલયો બનાવવાની સાથોસાથ જે બાહ્ય કચરો છે જે બાહ્ય ગંદકી છે, જે નગરપાલિકા વિસ્તાર હોય કે ગ્રામ્ય વિસ્તાર હોય એ પછી ઉકરડા અથવા અન્ય બાબતોનો કચરો હોય અને એના કારણે જે વાતાવરણ બગડે છે, જે કલુષિત થાય છે અને એના કારણે રોગોનું જે પ્રમાણ વધે છે એ બાહ્ય ઘન કચરાને પણ અને બાહ્ય ગંદકીને પણ દૂર કરવા માટે રાજ્ય સરકારે ઇચ્છા શક્તિ રાખવી પડશે અને એ દિશાની અંદર કામ કરવું પડશે.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) :માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે સંકલ્પ નિયમ -૧૨૦ નીચે ઘરે ઘરે શૌચાલયની સુવિધા પૂરા પાડવા અંગેનો જે લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું. સ્વરાજ્ય મળ્યું પણ સુરાજ્ય નહોતું મળ્યું. આઝાદીના ૬૫ વર્ષ પૂરા થયા પણ ભૂતકાળની સરકારોને જાહેરમાં શૌચાલય અંગેનો વિચાર નહોતો આવ્યો. હમણાં જ સભ્ય શ્રી બલવંતસિંહે કહ્યું તેમ કે એમની ઉંમર બાવીસ વર્ષની હતી ત્યાંસુધી એમને બહાર જવું પડતું હતું અથવા જગ્યા સારી શોધવી પડતી હતી, તો એ ઉંમરે કોંગ્રેસની સરકાર હતી અને કોંગ્રેસની સરકારને વિચાર એટલો પણ ના આવ્યો કે અમારે આ પ્રજા માટે શું કરવું જોઇએ? કોંગ્રેસની સરકારને વિચાર પણ ના આવ્યો કે અમારે આ ભારતની પ્રજા માટે, આ ગુજરાતની પ્રજા માટે સ્વચ્છતા માટે શું કરવું જોઇએ?

ત્યારે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, આ ભારત દેશના વડાપ્રધાન અને માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સ્વચ્છતા અભિયાનનો જે આરંભ કર્યો છે તે સ્વાતંત્રતાના દિવસે ૧૫મી ઓગસ્ટે લાલ કિલ્લા ઉપરથી જયારે તેમણે એક જાહેરાત કરી કે સ્વચ્છ ભારત સ્વસ્થ ભારતના નારા સાથે ગામ ગામ, શહેર શહેર સુધી અને ગામના છેવાડાના માનવીને આ સુવિધા મળે તેમના માટે તેમણે સંકલ્પ કર્યો છે ત્યારે માત્ર મંત્રીશ્રીની એકલાની નહીં, સી.એમ.સી. ની એકલાની નહીં પણ અધિકારીઓની પણ અને આપણે ૧૮૨ વ્યકિત અહીંથી સંકલ્પ કરીએ, આજે અહીંથી જઇએ ત્યારે, આજે હાઉસના છેલ્લા દિવસે આપણે અહીંથી સંકલ્પ કરીને જઇએ કે મારી વિધાનસભાની જવાબદારી હું લઇશ પુંજાભાઇ, એમ દરેક વ્યકિત જો સંકલ્પ કરશે તો કદાચ આજનો જે સંકલ્પ લઇને આવ્યા છે માનનીય મંત્રીશ્રી તેને આપણે સો ટકા સફળતા અપાવી શકીશું અને તેમાં આપણે બધા સાથ પૂરાવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે, એક મહિલા મુખ્યમંત્રી આ ગુજરાત રાજયના મુખ્યમંત્રી આનંદીબેન એક સ્ત્રીની વેદના સમજી શકયા છે. સ્ત્રીની વેદના શું હોય ? જયારે તેમને કુદરતી હાજતે બહાર જવાનું હોય એ બહેન, દીકરી, વહુઆરૂની જે વેદના હોય છે, એ શરમજનક ક્ષ‍ોભની સ્થિતિ હોય છે જે આટલા વર્ષોથી કોંગ્રેસની સરકારને કદાચ ધ્યાનમાં નથી આવી ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સંકલ્પ કર્યો કે મારા ગામની બહેન, દીકરીઓ માટે ગામડે ગામડે, ઘેર ઘેર હું શૌચાલય બનાવીશ. આજે પણ માનનીય મુખ્યમંત્રીશ્રીને કોઇ સંસ્થા દ્વારા કે કોઇ સામાજીક આગેવાનો દ્વારા કોઇ

પણ જગ્યાએ સમૂહ લગ્નનું કે કોઇ પણ જગ્યાએ જયારે આમંત્રણ આપવામાં આવે છે ત્યારે માનનીય મુખ્યમંત્રી આનંદીબેન પહેલાં પ્રશ્ન પૂછે છે કે હું તમારા કાર્યક્રમની અંદર આવીશ ખરી પણ તમે આ રાજય માટે શું કરશો ? ત્યારે તેમની પાસેથી એક પ્રોમીસ લે છે કે હું તમારા કાર્યક્રમમાં ચોક્કસ આવીશ પણ તમારા ગામની અંદર, તમારા વિસ્તારની અંદર જે જગ્યાએ શૌચાલય ના હોય એ જગ્યાએ શૌચાલય બનાવજો. ગામની બહેન, દીકરીઓ, વહુઓ, માતાઓ માટે આપણે આ પ્રાથમિક સુવિધા ઉભી કરવી છે એટલે આ ભારતનું પ્રથમ રાજય એવુ છે કે જે રાજયમાં સામાજીક સંસ્થાઓ અને એન.જી.ઓ. પણ આગળ આવી છે અને પોતે સ્વખર્ચે ગામડે ગામડે, ઘેર ઘેર શૌચાલયો બનાવી રહી છે ત્યારે હું માનનીય નીતિનભાઇને લાખ લાખ અભિનંદન આપીશ કે અમારી સરકારને વિચાર આવ્યો છે ત્યારે પુંજાભાઇ આપની સરકારે ૬૦ વર્ષ સુધી શાસન કર્યું છે ત્યારે આ વિચાર શુદ્ધા ના આવ્યો આપની સરકારને ?

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ છે.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, મને બીજી પાંચ મિનિટ વધારે આપવા વિનંતી.

ઉપાધ્યક્ષશ્રી : કોઇ અપાય નહીં.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : આમ લોકોની સહાયથી શૌચાલયો બનાવવા માટે શરૂઆત દેશના ઇતિહાસમાં કોઇ રાજયમાં થઇ હોય તો એ માત્ર અને માત્ર ગુજરાત રાજય છે. સેંકડોની સંખ્યામાં ગુજરાતના વિવિધ ગામોમાં ભગીરથ પ્રયાસના કારણે શૌચાલય વિહોણાં ઘરને સ્ત્રીને પડતી મુશ્કેલીઓનો અંત આવ્યો છે. આમ, ગુજરાતની દરેક દીકરી, માતા, બહેન આ ભગીરથ યજ્ઞ માટે અવિસ્મરણીય રીતે કદાચ માનનીય મુખ્યમંત્રીની આ સરકારની એ ચોક્કસ રૂ.ણી રહેશે. માનનીય અધ્યક્ષશ્રી, એટલે જ હું કહું છું કે શોચ બદલો, દેશ બદલો આથી કહું છું કોંગ્રેસને પણ પોતાની શોચ બદલવાની જરૂર છે. સરકારશ્રીના મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગમાં ૨૦-૨-૨૦૧૫ના ઠરાવથી મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ સમાવિષ્ટ કરવામાં આવેલ છે તે મુજબ વ્યકિતગત શૌચાલય માટે રૂપિયા ૮ હજારથી રૂપિયા ૧૨ હજાર સુધીની સહાય કરવામાં આવે છે અને હું દરેક સભ્યશ્રીને કહું છું કે આપણાં વિસ્તારની અંદર જયાં કોઇ પણ જગ્યાએ શૌચાલય ના હોય તે આનો લાભ ખાસ લે અને દરેક ઘરે શૌચાલય બને એવી ખાસ વિનંતી.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ શહેરી વિકાસ વિભાગ દ્વારા ઘરે ઘરે શૌચાલયનો જે સંકલ્પ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રત્યેક શૌચાલય બને તે માટે રાજયના માનનીય મુખ્યમંત્રીએ ખૂબ ગંભીરતાપૂર્વક આ વિચારને ઇચ્છાશકિતથી પાર પાડવા માટે સંકલ્પ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર ઘરે ઘરે શૌચાલય એ મહિલાની ગરિમા અને સલામતીને સ્થાન આપતો આ એક ખૂબ આવકારદાયક વિચાર છે એમ કહું તો ખોટું નથી. માનનીય અધ્યક્ષશ્રી આપણે સૌ જાણીએ છીએ કે મહિલાઓને શૌચ ક્રીયા માટે અંધારૂ થાય તેની રાહ જોવી પડતી હતી, અથવા આવળ-બાવળનો સહારો લેવો પડતો હતો. આવી પીડા દાયક પરિસ્થિતિમાંથી મુકત કરવા માટે રાજય સરકારે જયારે ઘરે ઘરે શૌચાલયની વાત કરી છે ત્યારે અભિનંદન પણ આપું છું. બલવંતસિંહજી કહેતા હતા કે આ બધું પુરૂં થાય તો સારું, પરંતુ દ્રઢ ઇચ્છા શક્તિ છે, ગયા બે વર્ષમાં આપણે પાંચ લાખ શૌચાલયો બનાવ્યા છે, આ વર્ષે ચાર લાખ શૌચાલયો બનાવવાનો આપણો સંકલ્પ છે અને ૨૦૧૯ સુધીમાં ક્રમશ: આપણે એવી ઇચ્છા રાખીએ કે જે ૩૩ લાખ જેટલા સર્વે થયેલા શૌચાલયો છે તે પૂર્ણ થાય. રાજય સરકારે ૨૦૧૪ની અંદર ૨૦૧૪-૧૫ના વર્ષમાં ૧૩૦.૬૫ કરોડનો ખર્ચ કર્યો છે અને આ વર્ષે ૨૦૧૫-૧૬ની અંદર રૂપિયા ૮૧૦ કરોડની જોગવાઇ કરી છે. અને આપણે ઇચ્છીએ કે આ બધા પૈસા વપરાય અને સાચા અર્થમાં કામ થાય. શહેર અને ગામડાંના પ્રત્યેક ઘરની અંદર શૌચાલય બનશે એટલે રાજય સરકારનું જે સ્વચ્છતાનું સ્વપ્ન છે તે પણ પૂરું થશે અને આના માટે રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે સઘન પ્રયત્નો કર્યા છે તે માટે મારે આ ગૃહને ખૂબ અગત્યની વાત જણાવવી છે કે આપણે સૌ જાણીએ છીએ કે આ સંકલ્પ અંતર્ગત બી.પી.એલ. લાભાર્થીને રૂપિયા ૧૨૦૦૦ની પ્રોત્સાહક યોજના આપવાનું રાજય સરકારે નકકી કર્યું છે. અને આપણે સૌ જાણીએ છીએ કે બી.પી.એલ. યાદીને આપણે લગભગ બધી યોજનાઓની અંદર વળગી રહીએ છીએ કે બી.પી.એલ. યાદીની અંદર નામ હોય તો એમને આ યોજનાનો લાભ મળે. પરંતુ મારે અભિનંદન આપવા છે રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી અને પંચાયત મંત્રી શ્રી જયંતિભાઇ કવાડીયાને કે શૌચાલયનો આ વિચાર છે તેને પરિપૂર્ણ કરવા માટે રાજય સરકાર દ્વારા એવી પાંચ કેટેગરી ઉમેરવામાં આવી છે કે જેના કારણે તમામે તમામ, નાનામાં નાના માણસને આ શૌચાલયની યોજનાનો લાભ મળે. આ પાંચ કેટેગરીમાં લાભાર્થી એસ.સી. કે એસ.ટી. હોવા જોઇએ. નાનો સિમાન્ત ખેડૂત હોય, એટલે કે ૭ એકરથી ઓછી જમીન હોય તો પણ તેમને આ લાભ મળી શકે, આ ઉપરાંત જમીન વિહોણા ખેત મજૂર હોય તો પણ એમને આ લાભ મળી શકે, કુટુંબના મોભી તરીકે કોઇ વિધવા બહેન હોય તો પણ આ લાભ એમને આપવામાં આવે છે અને કુટુંબના વડા તરીકે જો કોઇ વિકલાંગ હોય તો પણ એમને આ લાભ આપવામાં આવે છે. આ રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ અતિ સંવેદના સાથે તમામે તમામ નાના માણસોને લાભ મળે તે રીતે બી.પી.એલ. લાભાર્થીમાંથી પાંચ કેટેગરી પાડી છે. આ ઉપરાંત હમણાં પુંજા ભાઇ કહેતા હતા કે ૨૦૦૪-૨૦૦૮ સુધીમાં જે કોઇ શૌચાલયો બન્યા, એ શૌચાલયોની સાહેબ કિંમત જ બહુ ઓછી હતી, એટલે કે ૧૨૦૦ રૂપિયા જેવી નાની રકમ આપણે આપતા હતા. આ રાજય સરકારે ૨૦૧૫-૧૬ ની અંદર માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અને મને યાદ આવે છે અમારા પંચાયત મંત્રીશ્રી જયંતિભાઇ કવાડીયા સાહેબ, તેઓ જયારે અમારા વિસ્તારમાં આવ્યા હતા ત્યારે

બધા કાર્યકર્તા પૂછતા હતા કે સાહેબ અમે એક વખત લાભ લઇ લીધો છે તો હવે શું કરવું? મારે આદર સાથે કહેવું પડે છે કે એ વખતે પંચાયત મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે, જેમણે એક વખત શૌચાલય બનાવી લીધું છે એવા કોઇ પણ લાભાર્થીને એ શૌચાલય જર્જરીત થયું હોય, યોગ્ય રીતે બન્યું ન હોય, ઓછો ખર્ચ હતો, તો તેને અપગ્રેડેશન માટે રાજ્ય સરકારે એ બધા લાભાર્થીને ફરી વખત ૧૨૦૦૦ રૂપિયા આપવાનું નકકી કર્યું છે. આખી વાતને જોતા એવું લાગે કે કોઇ પણ પ્રકારે નાનામાં નાના માણસ સુધી શૌચાલય બને તેનો વિચાર કર્યો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાલક્ષી અને સ્વચ્છતા લક્ષી મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન અંતર્ગતની જે સ્વચ્છતાની અનેકવિધ કામગીરીઓ છે તે કામગીરીનો મુખ્ય ભાગ એ ઘરે ઘરે શૌચાલય હોય, તેનો ઉપયોગ થાય તે માટેની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા, કટ્ટીબદ્ધતા દર્શાવવા માટે આજે અમે આ સંકલ્પ લાવ્યા છીએ. એમાં માનનીય દંડકશ્રી બલવંતસિંહજી, માનનીય જીતુભાઇ વાઘાણી, માનનીય પુંજાભાઇ વંશ, માનનીય જગદીશભાઇ પંચાલ અને માનનીય વર્ષાબેન દોશીએ એમના વિચારો વ્યકત કરી અને આ સંકલ્પને સમર્થન આપ્યું છે એ જ બતાવી આપે છે કે રાજકીય રીતે ભલે અનેકવિધ ક્ષેત્રમાં આપણે પ્રતિસ્પર્ધી હોઇએ. સરકારના કામો ઉપર દેખરેખ રાખતા હોય, સરકારની જરૂર પડે ટીકા ટિપ્પણ કરતા હોય, સરકારનું ધ્યાન પણ દોરતા હોય, પરંતુ પ્રજાલક્ષી વાત આવે ત્યાં સમગ્ર ગૃહ એક છે અને ગુજરાતની ગરીબ જનતા છે જેના ઘરે અત્યારે શૌચાલય નથી એના માટેની આપણા સૌની પ્રતિબદ્ધતા છે એને સૌએ સ્વીકારી છે એ બદલ હું તમામ માનનીય સભ્યશ્રીઓનો આભાર માનું છું.

આપણે અનેક રીતે આગળ વધી રહ્યા છીએ. અત્યારે આશરે ગુજરાતમાં ૧ કરોડ ૨૫ લાખ ઘરો હશે, કારણ કે છ કરોડની વસતિ છે એક પરિવારમાં પાંચ માણસો હોય એને જોતાં અત્યારે પણ ૩૦ થી ૩૨ લાખ ઘરોમાં શૌચાલય ન હોય એટલે લગભગ ૨૫ ટકા ઘરોમાં શૌચાલયો નથી એ દેશ માટે વિચારવા જેવું છે પરંતુ આપણા ગુજરાતની પ્રજા અનેક બાબતોમાં દાન આપતી હોય, ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક કામોમાં આગળ હોય, સરકાર પણ સર્વાંગી વિકાસ કરી રહી હોય ત્યારે આપણે પાછળ રહ્યા છીએ, આપણે સમયને અનુરૂપ નથી, ગુજરાતના નામને આ શોભતું નથી. આપણા ગુજરાતના લાખો પરિવારો ગુજરાતની બહાર અને વિદેશોમાં વસતા હોય એ પણ ગુજરાતની હકીકત જાણે ત્યારે એને નવાઇ લાગે. કેમ રહી ગયા, કોણે ન કર્યું એના ભૂતકાળને ભૂલી જઇએ પણ આપણે નવું ભવિષ્ય સારું બને આપણા ઘેર શૌચાલય હોય આપણો પરિવાર એનો ઉપયોગ કરે. આ ગરીબ પરિવારો, ગામડાંના પરિવારો જેને ઘેર શૌચાલય નથી એ ગરીબ પરિવાર ઘરે શૌચાલયની સુવિધા ધરાવતો થાય એ માટે અમારી સરકાર અનેક રીતે કટિબદ્ધ છે. નહિતર શૌચાલય માટે સરકાર સંકલ્પ લાવે. એક લાખ કરોડ રૂપિયાનું ગુજરાતે બજેટ રજૂ કર્યું હોય અને ઘરે શૌચાલય માટેની ચિંતા કરે આ બે સ્વાભાવિક રીતે જોઇએ તો વિરોધાભાસ લાગે. આજે માનનીય નાણામંત્રીશ્રીએ કહ્યું કે આટલા હજાર કરોડ રૂપિયા ભારત સરકારે આપ્યા, એટલી આવક છતાં આ એક હકીકત છે. એ હકીકતને આપણે બધાએ સાથે મળીને ભૂતકાળ બનાવી દેવી છે અને ભૂતકાળ બનાવવા માટે રાજ્ય સરકાર પોતાના પ્રયત્નો કરે, ફંડ આપે, બજેટ આપે. ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયતો, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને રાજ્ય સરકાર તરફથી ખૂબ મોટા પ્રમાણમાં આ વખતના બજેટમાં ગ્રાન્ટની જોગવાઇ કરી છે. આપણે બધા ઇચ્છીએ છીએ કે બધાને લાભ મળે એમાં આપણો પણ સહયોગ મળે. મારે દાખલો આપવો છે ભારતના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીએ ભારતીય જનતા પક્ષના બધા સંસદસભ્યોને આ વખતે પક્ષની સંસદીય મિટીંગમાં લાગણી પૂર્વક કહ્યું અપીલ કરી કે સૌ સંસદસભ્યોને દર વર્ષે પાંચ કરોડની ગ્રાન્ટ મળે છે. એ ગ્રાન્ટનો આ વર્ષનો પ્રથમ વર્ષનો ઉપયોગ સ્વચ્છતા અભિયાન માટે કરવામાં આવે. બધાજ સંસદસભ્યો નવા ચૂંટાયેલા છે, આ પહેલું જ વર્ષ છે એમના મનમાં ઘણું બધું હતું કે આ ગામનો રોડ કરીશ, આ ગામમાં પીવાના પાણીની ટાંકી કરીશ, આ ગામમાં નિશાળનો ઓરડો બનાવીશ, પરંતુ બધી વાતો ઉપર બ્રેક મારીને માનનીય નરેન્દ્રભાઇએ એમ કહ્યું કે ભારતીય જનતા પાર્ટીના સંસદસભ્યો પોતાના પ્રથમ વર્ષની ગ્રાન્ટનો ઉપયોગ સ્વચ્છતા અભિયાનમાં ઉપયોગી થાય, શૌચાલયો બનાવવા માટે, આંગણવાડીના શૌચાલયો બનાવવા માટે, શાળામાં શૌચાલયો બનાવવા માટે, પીવાના પાણીની વ્યવસ્થા માટે કરે. આ રીતે ગરીબલક્ષી કામ થાય, વંચિતલક્ષી કામ થાય એ અમારા વડાપ્રધાન પોતે રસપૂર્વક કરતા હોય ત્યારે બહાર ટીકા થાય ટીકા કરવા સારુ કરે એને કદાચ પહેલી દ્રષ્ટિએ ન સમજતા હોય એ ટીકા કરે કે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી પબ્લિસિટી માટે હાથમાં ઝાડું લઇને નીકળ્યા છે, મુખ્યમંત્રીશ્રી ઝાડું લઇને નીકળ્યા છે. પરંતુ આ ઝાડું પબ્લિસિટી માટે નથી હૃદયમાંથી ભાવના ઉભરી રહે ત્યારે દેશ મારો સ્વચ્છ રહે, ગુજરાત મારું સ્વચ્છ રહે, મારું ગામડું સ્વચ્છ રહે અને ગરીબોના ઘરે શૌચાલયો બને એવી ભાવનાથી કામ કરી રહ્યા છે. મહાત્મા ગાંધીજીએ દાંડી યાત્રા કરી. એક મૂઠી મીઠું ઉપાડ્યું હતું. તેમાં કંઇ અંગ્રેજ સલ્તનત જતી રહેવાની નહોતી. પ્રતિકાત્મક હતું અને એ પણ સત્ય થયું કે મહાત્મા ગાંધીજીએ જે દાંડી સત્યાગ્રહ કર્યો તેનાથી અંગ્રેજ સલ્તનતના પાયા હચમચી ગયેલા. તેમ ભલે અત્યારે ટીકાકારો ટીકા કરે, જુદી રીતે અવલોકન કરે પણ ભારત યાદ રાખશે કે નરેન્દ્રભાઇ મોદી એવા વડાપ્રધાન થયા કે જેમણે સ્વચ્છતાને આગળ કરી અને વિશ્વના જે સ્વચ્છ દેશો છે, પરદેશ જઇએ છીએ, માનનીય બલવંતસિંહ અને અન્ય સભ્યો ઘણી વાર પરદેશ ગયા હશે. ત્યાં જઇએ એટલે આપણે ચકાચૌંધ થઇ જઇએ છીએ. એરપોર્ટ, રેલ્વે, બસ સ્ટેશન, રસ્તા. પાછા અહીં આવીને વાતો કરીએ કે ત્યાં તો હું ગયો હતો. માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટ સમય લઇશ પણ મારે કહેવું જરૂરી છે. સીંગાપુર, ૫૫ લાખની અમદાવાદથી પણ નાની વસતિ ધરાવતો દેશ છે. ત્યાંના વડાપ્રધાનનું હમણાં જ અવસાન થયું. રવિવારે, પરમ દિવસે જ

તેમની અંતિમ વિધિ હતી. ટી.વી. ઉપર આપણે તેમની આખી ડોકયુમેન્ટરી જોઇ. એક પછાત, ગંદો, ગરીબ ગણાતો દેશ સીંગાપુર, આજે ૫૦ વર્ષમાં દુનિયાના સૌથી વિકસિત અને સમૃદ્ધ દેશની હરોળમાં આવી ગયો. કેમ આવ્યો? એની સંકલ્પશકિતથી આવ્યો. ભૂતકાળમાં આપણને રાજનેતાઓ મળ્યા, ચૂંટણીઓ આવી, હોદ્દેદારો થયા, મંત્રીઓ થયા, પણ જે સંકલ્પ જોઇએ, જે કટિબદ્ધતા જોઇએ, જે દ્રઢ મનોબળ જોઇએ એ દઢ મનોબળથી કેન્દ્ર સરકાર અને રાજયની અમારી ભારતીય જનતા પક્ષની સરકાર જયારે કામ કરી રહી છે ત્યારે આપણને વિશ્વાસ છે કે આપણે આ કામ પૂરું કરી શકીશું. બહુ મોટું કામ નથી. માનનીય બળવંતસિંહભાઇએ કહ્યું, સાચું કહ્યું કે ગ્રાન્ટ ફાળવાય છે પણ તેનો ઉપયોગ કેમ નથી થતો? પૈસા કેમ પડ્યા રહે છે? આપણે બધા જાણીએ છીએ કે ઘણી યોજના એવી છે કે સરકાર ૨૫,૦૦૦ આપતી હોય પણ ૫,૦૦૦ ઘરના કાઢવાના હોય. ૫,૦૦૦ ઘરના ન કાઢે એટલે ૨૫,૦૦૦ની સરકારની યોજનાનો લાભ ન મળે. એ ૨૫,૦૦૦નો લાભ ન મળે એટલે ગ્રાન્ટ વણ વપરાયેલી પડી રહે, એટલે આપણને એમ લાગે કે ગ્રાન્ટ વપરાઇ નથી અને એટલા માટે જ ભૂતકાળમાં આપણે પ્રયત્નો કર્યા. બધી સરકારોએ કર્યા, બધા રાજયોએ કર્યા. પણ લોકોનો પણ સામે ઉત્સાહ-ઉમંગ હોવો જોઇએ એ કમનસીબે આપણે જગાડી શકયા નહોતા. એ ઉત્સાહ અને ઉમંગ માનનીય નરેન્દ્રભાઇએ જયારે દેશમાં જગાડ્યો છે ત્યારે ભારત સરકારે ખાલી વાત નથી કરી. ખાલી કાર્યક્રમ નથી આપ્યો. આ કેન્દ્રની સરકારે માનનીય નરેન્દ્રભાઇના વડાપ્રધાન બન્યા પછી તરત જ શૌચાલયની જે અગાઉ ૮,૦૦૦ રૂપિયાની સબસિડી આપાતી હતી તેમાં ૪,૦૦૦ રૂપિયાનો વધારો કરીને તા. ૯-૩-૧૫થી એ રકમ ૧૨,૦૦૦ રૂપિયા કરી દીધી છે. તેમાં પહેલો હપ્તો આપણે આપીએ છીએ ૫,૦૦૦ રૂપિયા અને કામ પૂરું કરે, કારણ કે ઘણાં લોકોનો આપણને જાહેર જીવનમાં અનુભવ છે કે પૈસા આવી જાય, બીજાં કામમાં વાપરી દે. બીજાં રસ્તે વાપરી દે અને સરકારના પૈસાનો ઉપયોગ થતો નથી. એટલે આપણે કોઇ પણ આવાસ યોજના બનાવીએ. ઈન્દિરા આવાસ હોય, સરદાર આવાસ હોય તો હપ્તા હોય છે કે પ્લીન્થ સુધી આવે તો આટલા, પછી આટલા, કામ પૂરું થાય ત્યારે આટલા. તેમ આમાં પણ પ્રથમ હપ્તો ૫,૦૦૦ કામ શરૂ કરવા અને બીજો હપ્તો ૭,૦૦૦ રૂપિયા ભારત સરકાર અને ગુજરાત સરકાર બન્ને સંયુકત રીતે આપણે આપીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં શહેરી વિસ્તારોમાં બહુ શૌચાલયો કરવાના આપણે બાકી રહેતા નથી. એટલે આપણાં રાજયના માનનીય મુખ્યમંત્રી આનંદીબહેને ગતિશીલ ગુજરાત વખતે સંકલ્પ કર્યો કે ગુજરાતના શહેરી વિસ્તારોના જે પણ ગરીબોના શૌચાલય બાકી છે એ મે મહિનાની આખર સુધીમાં આખા ગુજરાત રાજયમાં આપણે કામ પૂરું કરવાના છીએ. તેના માટે આ વર્ષે જે કામ આપણે કર્યું છે તેના માટે મોટી રકમની પણ ફાળવણી કરી છે. ૨૦૦૩થી ૨૦૧૩ સુધી ૧૦ વર્ષમાં અમારી ગુજરાત સરકારે ૧૯૧ કરોડ રૂપિયા શૌચાલયો બનાવવા માટે ફાળવ્યા છે. પંચાયતમાં પણ, આ કામ ગામડાંમાં દુષ્કર છે. શહેરોમાં જગ્યાના અભાવે નથી થતું. આપણને ખબર છે, શહેરમાં પોળમાં રહેતા હોય, ઝૂંપડપટ્ટીમાં રહેતા હોય અને સંડાસ બનાવવું હોય તો સંડાસ બનાવવાની જગ્યા ન હોય. કૂવા બનાવવા હોય તો કૂવા બનાવવાની જગ્યા ન હોય. તો જ્યારે ભૂગર્ભ ગટરને જોડવાનું છે તો જે કામ શહેરી વિસ્તારમાં હોય ત્યાં શહેરી વિકાસ વિભાગ અને ગામડાંમાં હોય તો પંચાયત વિભાગમાં આ કામગીરી કરવામાં આવે છે. અમે જે નવા આવાસો બનાવીએ છીએ, મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના હોય, ગૃહ નિર્માણ યોજના હોય, ઈન્દિરા આવાસ યોજના હોય કે કોઇપણ આવાસ યોજના હોય એ આવાસ યોજનામાં શૌચાલયને આપણે ફરજિયાત કર્યું છે. ત્યારે માનનીય પુંજાભાઇએ એક નાનો મુદ્દો મુક્યો કે ચૂંટણીઓ લડવી હોય તો ઘેર શૌચાલય હોવું ફરજિયાત છે. આપણા આગેવાનો છે, આપણા નેતાઓ છે, આપણા ધારાસભ્યો છે, તાલુકાના અને જિલ્લાના ડેલિગેટ્સ હોય અને એમને ત્યાં શૌચાલયની વ્યવસ્થા ન હોય એ કેવી રીતે ચાલે? કોઇ શિક્ષક બીડી કે સિગારેટ પીતો હોય અને વિદ્યાર્થીઓને સલાહ આપે કે તમારે સ્મોકીંગ કે ધુમ્રપાન કરવું નહીં. એટલે એની એમના ઉપર કોઇ અસર થાય નહીં. એટલે નૈતિક પ્રભાવ ઉભો કરવા માટે આ કાયદો કર્યો છે. એટલે હમણાં ચૂંટણીઓ આવવાની છે. જેને કહેવું હોય એને કહી દેજો કે ચૂંટણીમાં ઉભા રહેવું હોય તો ઘેર શૌચાલય હોવું ફરજિયાત છે. શૌચાલય હશે તો જ ચૂંટણી અધિકારી ઉમેદવારી પત્ર પાસ કરશે. પછી કહેતા નહીં કે આવું થાય છે. આપણે રૂ.૧૨,૦૦૦/- મદદ આપીએ છીએ. ત્યારે બધા સભ્યશ્રીઓએ અને વિપક્ષના નેતા શ્રી બલવંતસિંહે આ સંકલ્પ સ્વીકાર્યો છે તે બદલ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ સભ્યશ્રીઓને કહું છું કે, આપના કાર્યક્ષેત્રમાં આ ગતિશલતાથી ગતિશીલ ગુજરાતના કાર્યક્રમને અનુરૂપ કરો એવી આપ સૌને વિનંતી છે. હું એક વાત કરી લઉં. ટી.વી.માં એક જાહેરાત આવે છે, એ સત્ય હકીકત છે. એ બહેનના લગ્ન થયા અને એ એના સસરાના ઘેર ગઇ. બીજા દિવસે એણે જોયું કે, એના ઘરમાં શૌચાલય નહોતું. એટલે એ તરત જ પિયર પાછી આવી ગઇ. સસરાને કહેવડાવ્યું કે, તમે જ્યાં સુધી ઘેર શૌચાલય નહીં બનાવડાવો ત્યાં સુધી હું સાસરે નહીં આવું. એમને ફરજીયાત શૌચાલય બનાવડાવવું પડ્યું. અત્યારે દીકરીઓ ઓછી છે, દીકરાઓ વધુ છે. સ્ત્રી ભૃણ હત્યાનું પાપ આપણા સમાજે કર્યું છે એ સુધારવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. સ્ત્રીઓની સંખ્યા વધે, બાળકીઓની અને દીકરીઓની સ;ખ્યા વધે એ માટે આપણા મુખ્યમંત્રીશ્રી સતત પ્રયત્નશીલ છે. એટલે એવું ન કરતા. ડી.ડી. દૂરદર્શન ઉપર નારી નામની એક ટી.વી. સિરિયલ આવે છે. ભૂતકાળની વાત છે, ૩૦-૪૦ વર્ષ પહેલાંની વાત છે. પરણીને એક બહેન સાસરે આવ્યા. એના ત્યાં શૌચાલય નહોતું. એના સસરાને કહ્યું કે તમે શૌચાલય બનાવડાવો, એમણે બનાવવાની ના પાડી. એટલે એ જમાનામાં એ બહેનની હિંમત જુઓ. એ બહેને મંગલસૂત્ર વેચીને એ જમાનામાં શૌચાલય બનાવડાવ્યું. આખું ઘર ખુશ થઇ ગયું અને એ બેનને

ધન્યવાદ આપ્યા. બહેનો ધારે તો આ કામ ઝડપથી થઇ શકે છે. એટલે બહેનો પણ અહીંયાં બેઠેલા છે. એ બધા કામમાં જોડાઇ જાય એવી મારી આપ સૌને વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

**મા-વાત્સલ્ય યોજનાના અસરકારક અમલ બાબત**

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં મધ્યમવર્ગીય કુટુંબોમાંથી કોઇ વ્યક્તિને જ્યારે હૃદયરોગ, કેન્સર, કિડની, મગજ વગેરેની ગંભીર બિમારી થાય અથવા દાઝી જવાથી તથા અકસ્માતથી થતી ગંભીર ઇજાઓ, નવજાત શીશુના રોગો વગેરેની સારવાર લેવાની જરૂર પડે ત્યારે આવા કુટુંબો સારવાર માટે થતા મોટા ખર્ચનો બોજો ઉપાડી શકતા નથી. કુટુંબના સભ્યોની અમૂલ્ય જીંદગી બચાવવા આવા પરિવારો દેવું કરીને પણ ખર્ચાળ સારવાર કરાવી આર્થિક રીતે પાયમાલ થઇ જતા હોય છે. આવા પરિવારોને તબીબી સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા રાજ્યના મધ્યમ વર્ગના પરિવારો માટે રૂ.૧.૨૦ લાખ વાર્ષિક આવક ધરાવતા પરિવારની કોઇપણ ઉંમરની મહિલા અને પુરૂષ સભ્યોને ''મા-વાત્સલ્ય'' યોજના હેઠળ ગંભીર બિમારીમાં કુટુંબ દીઠ વાર્ષિક રૂ.૨/-લાખ સુધીની સારવાર સરકારના ખર્ચે આપવાની જોગવાઇ કરી છે. રાજયમાં મા વાત્સલ્ય યોજના અંતર્ગત કુલ ૬૨ હોસ્પિટલો કે જે ૪૩ જેટલી ઘનિષ્ટ સારવાર પૂરી પાડતી ખાનગી ખ્યાતનામ હોસ્પિટલો અને ૧૯ જેટલી સરકારી ગ્રાન્ટ ઇન એઇડ હોસ્પિટલોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અદ્યતન સારવાર આપતી અને જરૂરી માપદંડો પરિપૂર્ણ કરતી અન્ય સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલોનો સમાવેશ કરવામાં આવનાર છે. આમ મધ્યમવર્ગીય પરિવારો માટે આરોગ્ય ક્ષેત્રે રાજ્ય સરકાર સુઆયોજિત પગલાં લઇ તેઓના જીવન ધોરણમાં ગુણાત્મક પરિવર્તન આવે તે માટે સતત પ્રયત્નો કરેલ છે ત્યારે ''મા વાત્સલ્ય'' યોજનાનો વધુ અસરકારક રીતે અમલ કરી મધ્યમવર્ગીય લોકોના આરોગ્યની સુખાકારી વધારી સારું આરોગ્ય જાળવી શકાય તે સંબંધમાં આ સભાગૃહમાં ચર્ચા-વિચારણા કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી અમૃતમ અને મા વાત્સલ્ય યોજના જેને ટૂંકમાં મા અને મા વાત્સલ્ય નામથી સંબોધવામાં આવે છે. એક બાળક માટે તેની માતા જ સર્વસ્વ છે તેમ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો અને એવા પરિવારો કે જેમની આવક એક લાખ વીસ હજાર કરતા ઓછી છે તેમને માટે આ યોજના ખુબજ આશીર્વાદ બની રહે છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને હાલના પ્રજા વાત્સલ્ય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં તા. ૪-૯-૨૦૧૨માં મુખ્યમંત્રી અમૃતમ માં યોજના અમલમાં મૂકવામાં આવેલ. આ યોજનાની સફળતાને ધ્યાને લઇ રાજય સરકારમાં માંનું હૃદય ધરાવતા પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે વાર્ષિક રૂ. એક લાખ વીસ હજારથી ઓછી આવક ધરાવતા કુટુંબના પરિવારોની તમામ મહિલાઓ અને તેમના ૨૧ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે મુખ્યમંત્રી અમૃતમ માં વાત્સલ્ય યોજના તા. ૧૫-૮-૨૦૧૪થી અમલી કરવામાં આવી છે. એક ગીતના બોલ છે કે, ''કબ તલક હમસે યે તકદીર ભલા રૂઠેગી, ઇન અંધેરો સે ઉજાલે કી કીરન છુટેગી'' એક ગરીબની તકલીફોમાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના આશાનું કિરણ લઇને આવી છે. ભગવાન બધે પહોંચી શકતા નથી એટલે તેમણે માંનું સર્જન કર્યુ છે એમ ગુજરાત સરકારે અસંખ્ય ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને આરોગ્યલક્ષી સંકટમાંથી તારવા માટે માં અને મા વાત્સલ્ય યોજના રાજ્ય ભકિતને વરેલી સરકારે અમલમાં મૂકી.

હવે રાજયના મધ્યમવર્ગના પરિવારો માટે એક લાખ વીસ હજારની વાર્ષિક આવક ધરાવતા પરિવારની કોઇપણ ઉંમરની મહિલા અને પુરુષ સભ્યોને માટે ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ ગંભીર બિમારીમાં વાર્ષિક રૂપિયા બે લાખ સુધીની સારવાર નકકી કરેલી આધુનિક અદ્યતન હોસ્પિટલોમાં સરકારશ્રીના ખર્ચે આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે ત્યારે હું રાજયના મુખ્યમંત્રી અને આરોગ્ય વિભાગને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું. એક સૂત્ર છે કે, ''હું કોઇનાથી વધુ સારું કામ કરૂં તો શું ફર્ક પડે છે, પણ જો હું કોઇનાથી સારું કરીશ તો ઘણો જ ફર્ક પડશે'' ગુજરાત સરકારે અસંખ્ય ગરીબ અને મધ્યમવર્ગીય કુટુંબોને આરોગ્યલક્ષી સંકટોમાંથી તારવા માટે ''માં'' અને ''માં વાત્સલ્ય'' યોજના અમલમાં મૂકી જેમાં જાગૃતિ લાવવા સરકારે અસંખ્ય પ્રયાસો કર્યા અને કરી રહી છે. જિલ્લા તાલુકામાં બેનરો લગાવવામાં આવેલા અને ગામે ગામ સુધી આ યોજનાનો પ્રચાર કરી લોકોને લાભ મળે તેને માટેના પ્રયત્નો કરવામાં આવેલ છે. આ યોજના માટે માન્યતા પ્રાપ્ત એવી હોસ્પિટલોમાં લાભાર્થીઓને પૂરતી જાણકારી મળી રહે તે માટે આરોગ્ય મિત્રની પણ નિમણૂક કરવામાં આવી છે. યોજના સાથે સંકળાયેલા તમામ જિલ્લા અને તાલુકા અને ગામોમાં નિયત કરાયેલ કર્મચારીઓ હંમેશા લાભાર્થીની મદદ કરવા તત્પર રહે છે અને કાર્ડ કઢાવવા માટે કિયોસ્ક પરથી રજીસ્ટ્રેશન કરી તેમની વિગતો લઇને કાર્ડ કાઢી આપવામાં આવે છે. આ કાર્ડ થકી લાભાર્થી યોજનાના તમામ લાભ લઇ શકે છે. જે વ્યકિતનું બીપીએલ યાદીમાં નામ નથી તેમના કોઇને ગંભીર ઇજા થઇ હોય કે બીમાર પડયા હોય તો એને નકકી કરેલી સારવાર આપી એના કુટુંબના એ મોભીની સારવાર કરી રાજય સરકારે એક ઉત્તમ

ઉદાહરણ પૂરું પાડયું છે. આ રાજયમાં અત્યાર સુધીમાં કોઇપણ યોજના નથી મૂકી એવી આરોગ્ય વિભાગ અને માનનીય આનંદીબેન જયારે આ યોજના લઇ આવ્યા છે ત્યારે હું મારો પ્રસ્તાવ રજૂ કરું છું.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મેઘજીભાઇ જે માં અમૃતમ્ અને માં વાત્સલ્ય યોજનાના સંદર્ભમાં પ્રસ્તાવ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારી વાત રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને આજે યાદ છે કે ૨૦૧૦માં આ જ ગૃહના કેટલાક ધારાસભ્યો અને અમે કેરાલા, આંધ્ર વગેરે રાજ્યોના પ્રવાસે ગયા હતા. તે વખતે આંધ્રપ્રદેશ જેવા પછાત રાજ્યમાં તે વખતના ત્યાંના મુખ્યમંત્રીશ્રીએ કોઇપણ બી.પી.એલ. કુટુંબ હોય તો એને ૨ લાખ સુધીની સારવાર હોસ્પિટલમાં લે તો એનો ખર્ચ સરકાર ભોગવે એવી યોજનાની શરૂઆત કરાવી. ત્યારે અમે બધાએ અહીંયા રજૂઆત કરી હતી કે આવી યોજના આપણા રાજ્યમાં પણ હોવી જોઇએ અને ત્યાર પછી આપણે આ રાજ્યના બી.પી.એલ. કુટુંબો માટે સર્વ પ્રથમ માં અમૃતમ યોજના લાવ્યા. યોજના ખૂબ સારી હતી, આપણી ભાવના પણ સારી હતી. સરકારે બજેટ પણ ફાળવ્યું પણ જ્યારે એની વાસ્તવિકતા જોઇ કે રાજ્યના ૪૧ લાખ જેટલા બી.પી.એલ. કુટુંબો હતા તેમ છતાં યોજનાના કાર્ડ જે ઇસ્યુ કરવામાં આવ્યા, હું માનું છું કે એમાંથી ૪૦ ટકા લોકોને કાર્ડ આપણે ઇસ્યુ કરી શક્યા ન હતા. ત્યાર પછી અનેક લોકોની માગણી હતી કે બી.પી.એલ. યાદીમાં છબરડા છે. ખરેખર ગરીબ અને મધ્યમવર્ગના લોકો છે. આરોગ્યની સેવાઓ મોંઘી છે એનો લાભ લઇ શકાતો નથી એટલે આને આવક મર્યાદા સાથે જોડવી જોઇએ. ત્યાર પછી આપણે નવી યોજના લાવ્યા માં અમૃતમ વાત્સલ્યની અને એમાં આપણે આવક મર્યાદા ૧.૨૦ લાખની રાખી અને પ્રથમ મહિલા અને તેના ૨૧ વર્ષથી નીચેના બાળકને જોડ્યા. હમણાં જ આનંદ સાથે એમાં સુધારો કરીને પુરુષોનો પણ સમાવેશ કર્યો છે ત્યારે મારી તો માનનીય મંત્રીશ્રીને એટલી વિનંતી છે કે યોજના ખૂબ સારી છે. થોડા વખત પહેલા મારા જ વિસ્તારની સી.એચ.સી. હોસ્પિટલમાં ગયો ત્યારે આખા તાલુકામાં એક જ જગ્યાએ આના માટેનું મશીન મૂકવામાં આવ્યું છે. રોજ ઓછામાં ઓછા ૧૦૦ લોકો ત્યાં કાર્ડ કઢાવવા આવે અને મશીનની કેપેસિટી ફકત ૨૦ થી ૨૫ કાર્ડ આખા દિવસ દરમિયાન કાઢી શકે એવી છે. જે ગરીબ લોકો છે એ આ યોજનાનો લાભ લેવા માટે પોતાના ઘેરથી પોતાનું ભાડું ખર્ચી, સમય ખર્ચીને તાલુકા મથક સુધી આવે અને આપણે એને કાર્ડ પણ ન આપી શકીએ તો હું માનું છું કે આપણી વ્યવસ્થાઓ અને સિસ્ટમમાં સુધારો કરવાની ખૂબ જરૂરિયાત છે. અગાઉ પ્રશ્નોત્તરી વખતે પણ સજેશન કર્યું હતું કે આપણે ત્યાં પી.એચ.સી., સી.એચ.સી. અને પેટા આરોગ્ય કેન્દ્રો ચાલે છે, જ્યાં ૫ હજારથી મોટી વસતિના ગામો છે ત્યાં કેમ્પ કરીને આ યોજનાના કાર્ડ મળે એવી વ્યવસ્થા ઉભી કરી શકાય. જેમ ચૂંટણી કાર્ડ માટેની ઝુંબેશ શરૂ થાય એવી આ કાર્ડ માટેની ઝુંબેશ શરૂ કરીએ તો હું માનું છું કે આપણો ખરેખર જે ભાવ છે કે આ ગરીબ લોકોને આ યોજનાનો લાભ મળે એ આપણે એ લોકો સુધી પહોંચાડી શકીએ. અહીંયા કહેવાયું કે, દરેક ગામમાંથી આ કાર્ડ કઢાવવા ગરીબને લઇ આવે એને ઇન્સેન્ટીવ આપવામાં આવે છે. આશા વર્કર બહેનોને ઇન્સેન્ટીવ મળે છે એના કારણે એ ઘણા લોકોને કાર્ડ કઢાવવા લઇ આવે છે. વ્યવસ્થા પૂરતી ન હોવાના લીધે લોકોને કાર્ડ મળી શકતા નથી અને ભાડાનું નુકસાન ભોગવે છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આપણા રાજ્યમાં અનેક પી.એચ.સી., સી.એચ.સી. અને સરકારી હોસ્પિટલો છે પણ ડોકટરોની અછત છે. બાકીનું ઇન્ફ્રાસ્ટ્રકચર ઓછું હોય, મશીનરી ઓછી હોય એના કારણે ગંભીર બિમારી જેવી કે કેન્સર, કિડની, હૃદયરોગ હોય તો સ્પેશિયાલિટી હોસ્પિટલમાં દર્દીઓને જવું પડે છે. જિલ્લા કક્ષાએ દરેક જગ્યાએ સ્પેશિયાલિટી હોસ્પિટલો હોતી નથી. આજે તો તાલુકા કક્ષાએ પ્રાઇવેટ હોસ્પિટલો સારી ફેસિલિટીવાળી હોય છે ત્યારે આપણે આ યોજના અંતર્ગત ખાલી ૬૨ હોસ્પિટલોનો સમાવેશ કર્યો છે એના બદલે એનો પણ વિસ્તાર કરવો જોઇએ. યોજનામાં છૂટ આપવી જોઇએ કે આપણું માં વાત્સલ્યનું કાર્ડ લઇને કોઇપણ હોસ્પિટલમાં જાય અને એના આધારે એની ટ્રીટમેન્ટ થાય અને જેટલા ખર્ચનો દાવો રજૂ કરે ત્યારે સરકાર એની ચૂકવણી કરે. સાથો સાથ હોસ્પિટલોનો વિસ્તાર કરીએ પણ એમાં રોગોનો સમાવેશ છે એમાં હું માનું છું કે માનવતાના ધોરણે હજુ પણ વધારે રોગો બાકી રહી ગયા છે એનો સમાવેશ કરવો જોઇએ. અત્યારે આવક મર્યાદા ૧.૨૦ લાખની નક્કી કરી છે. જો પાંચ સભ્યોનું કુટુંબ હોય તો પર હેડ જો એનો ખર્ચ ગણીએ તો ખૂબ ઓછો આજની બે લાખની મર્યાદામાં થાય છે ત્યારે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, ૧.૨૦ લાખની આપણી જે આવક મર્યાદા છે એમાં પણ વધારો કરવો જોઇએ. બે લાખની સહાયની મર્યાદા છે એ પણ વધારીને ત્રણ લાખ કરવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહને એક નવા નવા ધારાસભ્ય તરીકે આ ગુજરાત રાજ્યની અંદર દેશ આઝાદ થયો ત્યારથી અત્યાર સુધીમાં ગુજરાતની અંદર પ્રથમ મહિલા મુખ્યમંત્રીએ આ રાજ્યનું શાસન સંભાળ્યું અને એવા ખેડૂત પુત્રી જે પોતાની કોઠાસૂઝથી આ રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દીર્ઘ દ્રષ્ટા મુખ્યમંત્રી છે, બહુ શાણાં છે. આ ગૃહની અંદર અત્યાર સુધીમાં જેટલા મુખ્યમંત્રી આવ્યાં એના કરતાં કેન્દ્રમાંથી ટૂંકા સમયમાં વધારેમાં વધારે ખેંચી લાવ્યાં નાણાં કે જેને ગુજરાતમાં ઘરે ઘરે વખાણે છે ગુજરાતના મ્હાણાં કે, આનંદીબેન પટેલ સાહેબ, આ મા-વાત્સલ્ય યોજના લાવ્યાં અને ઘરે ઘરે શૌચાલય બનાવવાના છે એવા ગલીએ ગલીએ જેને લોકો ગાય છે જેના ગાણાં.

તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫
છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની અંદર ગરીબ કુટુંબોના સ્વાસ્થ્યની કાળજી લઇને અમારાં મેઘજીભાઇ જે સંકલ્પ લઇને આવ્યાં છે એમાં મારો સૂર પુરાવું છું. તેઓ આ ગુજરાતના પનોતા પુત્ર અને હાલના દેશના વડાપ્રધાન તેઓએ કપરાં સંજોગોની અંદર સ્વાસ્થ્યની લાગણી સમજીને નિરાકરણ લાવવા માટે ગુજરાત સરકાર તરફથી ગરીબ લોકોને આશીર્વાદરૂપ બનવા માટે મુખ્યમંત્રી અમૃત્તમ-મા યોજના અમલમાં મૂકી અને યોજનામાં હૃદય રોગ, કિડની, કેન્સર રોગ, નવજાત શીશુઓના રોગ તથા મગજની બિમારીઓ જેવા અતિ ગંભીર રોગોને વિના મૂલ્યે સારવાર આપવામાં આવે છે. ગુજરાત રાજ્યની અંદર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ગરીબના ઉત્કર્ષ માટે આ યોજનાઓ ગંભીર છે કે જેઓ સામાન્ય કુટુંબનો માણસ હોય, બી.પી.એલ.નો લાભાર્થી હોય તો એના આખા કુટુંબને બે લાખ રૂપિયાની સહાય આપવામાં આવે છે. સારવાર ઉપલબ્ધ થાય તેનો સંપૂર્ણ ખર્ચ આ ગુજરાત સરકાર ભોગવે છે. મા-યોજનાને ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. આજે ગરીબ પરિવાર માટે આ યોજના આશીર્વાદરૂપ સાબિત થઇ છે. રોજબરોજ યોજનાની બહોળી પ્રસિદ્ધિ પામી જાય છે. હજારો-કરોડો ગરીબ કુટુંબના મૂખે મા, મા યોજના વિષે પ્રસંશાના શબ્દો સાંભળવા મળે છે. આની પ્રસિદ્ધિ અગ્રસ્થાને આધીન રાજય સરકાર દ્વારા ઉમદા હેતુલક્ષી વ્યાપક ફલક ઉપર વધુ પારદર્શી વ્યવસ્થા કરતી એવી એક યોજના અમલમાં મૂકવામાં આવી છે જેનું નામ મા-વાત્સલ્ય યોજના છે કે ગુજરાતના પ્રેણેતા અને ગતિશીલ ગુજરાતના મુખ્યમંત્રી કે જેઓ આનંદીબેન પટેલ સાહેબે મા-વાત્સલ્ય યોજનાની ૧.૨૦ લાખથી ઓછી આવક ધરાવતાં તમામ કુટુંબોને આનો લાભ મળે છે. ગુજરાતના એક કવિએ એવું કીધું છે કે **''મીઠાં મધુર અને મીઠાં મોરલા રે લોલ, એથી મીંઠી મારી માત રે, જનનીની જોડ સખી નહિ જડે રે લોલ''** જે સુપ્રસિદ્ધ કવિ બોટાદકરના લોકગીતને સાર્થક કરતી યોજના એટલે ''મા-વાત્સલ્ય'' યોજના. અત્યાર સુધીમાં મા, અને વાત્સલ્ય યોજનામાં ૨૩ લાખથી વધુ લાભાર્થીઓએ નોંધણી કરાવેલ છે. લાભાર્થીઓ પાસે કાર્ડ ના હોય તો નોંધણી માટે તાલુકા કક્ષાએ ૨૨૭ કિઓસ્ક તેમજ શહેરી વિસ્તારમાં સિટી સિવિક સેન્ટરો બનાવવામાં આવ્યા છે ત્યાંથી નોંધાવી શકે છે અને માં વાત્સલ્યનું કાર્ડ મેળવી શકે છે. કાર્ડમાં સમાવિષ્ટ કુટુંબ, માહિતીની કોઇ વિગતો ના હોય તો વિગતો પૂરી પાડી માં વાત્સલ્યમાં ઘટાડો કે સુધારો નજીકના કિઓસ્ક સેન્ટર પર આવીને કરાવી શકે છે. માં વાત્સલ્ય યોજનાનો આવો દાખલો કઢાવવા માટે ફરજીયાત સરકાર દ્વારા નિયત અધિકૃત અધિકારીઓ પાસેથી રૂપિયા ૧ લાખ ૨૦ હજારથી ઓછી વાર્ષિક આવક ધરાવતા હોય તો તે પ્રમાણેનો દાખલો લાભાર્થી મેળવીને લાવે તો આવકનો દાખલો નીકળ્યા પછી આ લાભની યોજનામાં પ્રસિદ્ધ કિઓસ્ક પરથી માં વાત્સલ્ય યોજનાનું કાર્ડ મેળવી શકે છે. આ રાજ્યની ૩૩ ખાનગી હોસ્પિટલો માં વાત્સલ્ય યોજના સાથે જોડાયેલી છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય વિભાવરીબેન.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે**(**ભાવનગર (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, મેઘજીભાઇ ચાવડા સભ્યશ્રી એક ખૂબ સુંદર પ્રસ્તાવ લઇને અહીંયા આવ્યા છે અને એ પ્રસ્તાવની અંદર અમારી નેવું ટકા મહિલા ધારાસભ્યો અહીંયા ઉપસ્થિત છે અને એ સાબિત કરે છે કે, અમે મહિલા ધારાસભ્યો આ બાબતે ખૂબ ચિંતિત છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, નદી પાસેથી એક દિવસ એક બાળક અને માં જતા હતા. નદીની અંદર ખૂબ પ્રવાહ શરૂ થયો અને માં એ બાળકને એવું કહ્યું કે, બેટા તું મારો હાથ પકડી લે. એટલે બાળકે એવું કહ્યું કે, નહીં માં હું તારો હાથ નહીં, તું મારો હાથ પકડ. એટલે માં એ પૂછ્યું કે, એનું કારણ શું ? બાળકે એવું કહ્યું કે, કદાચ હું તારો હાથ પકડીશ અને કાંઇ મુશ્કેલી આવશે તો કદાચ મારાથી હાથ છૂટી જશે, પણ જો તે મારો હાથ પકડ્યો હશે, ગમે તેવી આફત આવશે મા, તારાથી મારો હાથ નહીં છૂટે અને મને સંપૂર્ણ સુરક્ષા મળશે. આ એક માં નું ઉદાહરણ છે. માં બાળક માટે કેટલી ચિંતિત હોય છે. આપણે કોઇ પણ આફતમાં આવી જઇએ, કોઇ પણ મુશ્કેલી હોય, કાંઇ પણ હોય ત્યારે આપણે હંમેશા આપણા શબ્દો મોંઢામાંથી નીકળે છે, ''ઓહ માં''. આ માં શબ્દ છે એ માં સુરક્ષાનો શબ્દ છે, માં એ વાત્સલ્યનો શબ્દ છે. અને આજે મને કહેતાં ગૌરવ થાય છે કે, આ ગૃહના નેતા વાત્સલ્યમૂર્તિ એવા મુખ્યમંત્રી આનંદીબેને આ ગુજરાતની પ્રજાનો હાથ પકડ્યો છે અને હાથ પકડીને એમને સુરક્ષિત કરવાનું કામ આ માં વાત્સલ્ય યોજના કાર્ડ દ્વારા કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું હોસ્પિટલની મુલાકાતે ગઇ હતી, ત્યારે બે જાણ ચર્ચા કરતા હતા. એણે એવું કહ્યું, એક જણાએ કહ્યું કે, મેરે પાસ તો માં હૈં. પેલાએ કહ્યું કે, મારી પાસે માં તો છે. તો એણે કીધું કે, મેરે પાસ એક ઔર માં હૈં. એણે કાર્ડ દેખાડ્યું, માં વાત્સલ્યનું કાર્ડ દેખાડીને એણે કહ્યું કે, મારી પાસે આ માં છે. એટલે કોઇ પણ રોગોમાંથી હું સુરક્ષિત બનીશ એવા ગુજરાતના એક નાગરિક તરીકેના આ કાર્યને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશભરમાં ગુજરાત કદાચ સર્વ પ્રથમ એવું રાજ્ય છે કે, જેની અંદર મહિલાઓને, બાળકોને માં વાત્સલ્ય કાર્ડથી સુરક્ષિત કરવામાં આવ્યા છે. બી.પી.એલ. કાર્ડ ધારકોને તમામ સારવાર કદાચ ફ્રી આપવામાં આવે છે પણ ગંભીર રોગોની સારવાર મુખ્યમંત્રી અમૃતમ યોજના, માં કાર્ડ દ્વારા આપવામાં આવે અને આ માં કાર્ડ દ્વારા આપવામાં આવતી ૬૨ હોસ્પિટલો જેમાં સરકારી, પ્રાયવેટ, પ્રતિષ્ઠિત ખાનગી અને કોર્પોરેટ હોસ્પિટલોનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ૪૧.૩૭ લાખથી વધારે ગરીબ પરિવારો આનો લાભ લે છે. અને આ કાર્ડ છે, જેની પાસે હોય છે એને કેશ લેસ સારવાર મળે છે. એટલે સામાન્ય રીતે શ્રીમંત લોકો હોય એ જ્યારે કોઇ સારવાર લેવા જાય ત્યારે એની પાસે મેડિ ક્લેઇમ હોય અને મેડિ કલેઇમ હોય એટલે એને કેશ લેસ સારવાર મળે. એને કાંઇ પૈસા નહીં ભરવાના. એ હોસ્પિટલમાં જાય અને એને હોસ્પિટલમાં ખાલી હાથે જવાનું અને ખાલી હાથે બહાર નીકળવાનું, ખિસ્સામાં હાથ નહીં નાખવાનો. એવી સારવાર આ ગરીબ પરિવાર,

મધ્યમ વર્ગના પરિવારને કેશ લેસ સારવાર આ ગુજરાત સરકારના મુખ્યમંત્રી અમૃતમ્ યોજના, માં કાર્ડ અને માં વાત્સલ્ય યોજનાથી આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ માં કાર્ડની જે શરૂઆત હતી એ માં કાર્ડને, માં વાત્સલ્ય મુખ્યમંત્રી આપણા માતૃતુલ્ય આનંદીબેને એનો પાલવ, વાત્સલ્યનો પાલવ વધારી અને એવા માં વાત્સલ્ય કાર્ડની અંદર કોઇ પણ ઉંમરની મહિલા અને ૨૧ વર્ષના યુવાનને ૨૦૧૩-૧૪ના બજેટની અંદર એને સમાવિષ્ટ કરવામાં આવ્યા અને એનો લાભ આપવામાં આવ્યો. સામાન્ય રીતે પરિવારમાં અવું બનતું હોય છે કે, પરિવારની અંદર કદાચ પુરુષ વ્યક્તિ હોય અને એને કોઇ ગંભીર સારવાર લેવાની હોય તો ગમે તે ભોગે લોન લઇને પણ પારકા પૈસા લઇને પણ એની સારવાર કરવામાં આવે.પરંતુ જયારે ઘરની મહિલાની સારવાર કરવાની આવે ત્યારે ઘરની મહિલા પોતે પણ એમ માને કે ઘરની અંદર દીકરાના લગ્ન છે, છોકરાને ભણવાનું છે મારી સારવાર નહીં કરો તો ચાલશે. મારે કયાં કાંઇ છે? એટલે એમ કરીને મહિલા પોતે અને પરિવાર પણ એને સારવારથી વંચિત રાખતો હોય છે પરંતુ જયારથી મા વાત્સલ્યની યોજના આવી તો આ કાર્ડને કારણે એણે સારવારથી વંચિત નથી રહેવું પડતું અને એને કારણે હંમેશા એને તમામ પ્રકારની સારવાર મળતી હોય છે. તા. ૧૫-૮-૨૦૧૪ના રોજ આ મા વાત્સલ્ય કાર્ડ યોજના અમલમાં આવી અને તા. ૨૧-૩-૨૦૧૫ના છ માસની અંદર ૨૦૦૦થી વધારે વ્યકિતઓ અને દોઢ લાખથી વધુ પરિવારોને આની સારવાર આપવામાં આવી અને મારે ગર્વ સાથે કહેવું છે કે ૨૦૧૫ના બજેટમાં ૨૧ વર્ષના યુવાનની મર્યાદા પણ આપણા મુખ્યમંત્રી વાત્સલ્યમૂર્તિ આનંદીબહેને દૂર કરી છે. આપણા ગ્યાસુદ્દીનભાઇ અહીંયા નથી એમણે પણ એના વખાણ કર્યા હતા પછી ભલે થોડુ ઘણુ સહન કરવું પડયું હશે પરંતુ આજે બધા જ સભ્યો જયારે આ વાતને સમર્થન આપે છે ત્યારે હું આવકારું છું. આનંદીબહેને પોતાના નામ પ્રમાણે આખા રાજયની અંદર સુરક્ષાનો એક આનંદ ફેલાવ્યો છે એ માટે હું કહું ''ખુશીયાં બટોરતે બટોરતે સારી જિંદગી ગુજર ગઇ, તબ જાકે પતા ચલા ખુશ તો વો થે જો ખુશીયાં બાંટ રહે થે'' આનંદીબહેને અને આપણા નિતિનભાઇએ ખુશીયાં બાંટવાનું જે આ કામ કર્યું છે એને હું હૃદયપૂર્વક આવકારું છું અને અમારા જે સભ્ય આવો અદભૂત સંકલ્પ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી પરબતભાઇ સ. પટેલ(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સભ્ય આદરણીય મેઘજીભાઇ જે મા વાત્સલ્ય યોજનાનો સંકલ્પ આ સભાગૃહ પાસે ચર્ચા વિચારણા માટે લાવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. મેઘજીભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં આ ગૃહના ઘણાબધા સભ્યોએ વાત કરી. લાલજીભાઇ, વિભાવરીબેન જે બધાએ વાત કરી. આ રાજયની સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રી મા અમૃતમ યોજના અને મા વાત્સલ્ય યોજના થકી ગરીબમાં ગરીબ માનવી, બી.પી.એલ. પરિવાર અને મધ્યમ વર્ગના પરિવારોના કુટુંબની ચિંતા કરી. ભૂતકાળ તરફ નજર નાખીએ તો કયાંય દેખાશે નહીં. અમે વિચાર કરતા હતા જયારે હું પણ નીતિનભાઇની સાથે હતો ત્યારે ૨૦૧૨-૧૩માં પણ નીતિનભાઇએ જે ૨૦૧૩-૧૪ના બજેટ વખતે ચિંતા કરી હતી કે મધ્યમ વર્ગ માટે કંઇક વિચારીએ એ વખતે પણ એમણે ચિંતા કરી હતી સમગ્ર રાજયના ગરીબ પરિવારો માટે, બી.પી.એલ. પરિવારો માટે રાજયની હોસ્પિટલો અને સરકારી હોસ્પિટલોમાં તો સો ટકા મફત સારવાર મળે. જે પરિવારને કયારેય સ્વપ્નમાં પણ ખ્યાલ ન હોય કે આ સુપરસ્પેશ્યાલીટી કોર્પોરેટ હોસ્પિટલમાં જેને જોવાની પણ તક મળે એવી હોસ્પિટલમાં જેમ વિભાવરીબેન કહેતા હતા કે મેડીકલેમ વાળા જેમ કેશલેસ સારવાર લે એમ કેશલેસ સારવારની મા મુખ્યમંત્રી અમૃતમ યોજનામાં જોગવાઇ કરી અને આનંદીબહેને જે ગયે વખતે મા વાત્સલ્ય યોજના અંતર્ગત પરિવારના પાંચ સભ્યોને કે જે દર વર્ષે બે લાખ રૂપિયા જે પરિવારની આવક ૧૨૦૦૦૦ કરતા ઓછી છે એવા પરિવારો માટે જોગવાઇ કરી. જેમાં ૨૧ વર્ષથી નીચેના યુવાનો હતા પણ આ વખતે બધાની લાગણી હતી અને આદરણીય નીતિનભાઇએ જાહેરાત કરી ત્યારે સમગ્ર ગૃહમાં વિપક્ષમાંથી પણ બધા જ મિત્રોએ અભિનંદન આપ્યા. આ પ્રજાની લાગણી પારખનાર ગતિશિલ ગુજરાતના પ્રણેતા આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ જે જાહેરાત કરી છે અને ખરેખર ગરીબ લોકોના આશીર્વાદ મળ્યા છે. હું તો એવું કહીશ કે અત્યારના દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગરીબ પરિવારો માટે જે યોજના કરી છે, ચિરંજીવી યોજના, ૧૦૮ની સેવા, બાલસખા યોજના, શાળા આરોગ્ય કાર્યક્રમ, મા અમૃતમ યોજના આ બધાના માધ્યમથી ગરીબોના આશીર્વાદ થકી એ દેશની ગાદી ઉપર પહોંચ્યા છે. કેટલીયે બહેન દીકરીઓ ડીલીવરીમાં મૃત્યુ પામતી હતી. જે ૪૬ ટકા ડીલીવરી થતી હતી એ અત્યારે ૯૮ ટકા સુધી ડીલીવરી પહોંચી. માત્રને માત્ર એક પણ પૈસાના ખર્ચ વગર ગરીબ ઘરની દીકરીની પણ ડિલિવરી થાય તો ઘરેથી ગાડી વગર પૈસે લઇ જાય, ઘરે મૂકવા પણ આપણી ખિલખિલાટ જાય. આ કામ નરેન્દ્રભાઇએ કર્યુ છે. શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બાળક જન્મે ત્યારથી ધોરણ ૧૨ સુધી અભ્યાસ કરે ત્યાં સુધી કિડની, કેન્સર, હૃદયનો બાયપાસ, વાલ બદલવો હોય, ડેફ એન્ડ ડમ્બ, કોકલિયર ઇમ્પલાન્ટની મફત સારવાર કરી, એટલા માટે આજુબાજુના મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, રાજસ્થાન આ રાજ્યના દર્દીઓ પણ અહી આવે છે. આ સેવા છે. જે આનંદીબેન અત્યારે મા વાત્સલ્ય યોજના જાહેર કરી. અમિતભાઇ કહેતા હતા હું કહીશ જ્યારે સમગ્ર તાલુકામાં આપણે બધા આ હાઉસ મીડિયાના માધ્યમથી, પ્રેસને પણ કહું કે સાચો ધર્મ, અને ઉપરવાળાના આશીર્વાદથી સાચું કામ આપણું એ છે કે ઘેર ઘેર સુધી આ સંદેશો પહોંચાડીએ કે બધા કાર્ડ કાઢવા માટે આવે અને એટલા માટે સાચા હૃદયમાં લોકોની આરોગ્યની ચિંતા કરીને સમગ્ર ભારત બનાવવાની વાત છે. સશક્ત ગુજરાત, સશક્ત ભારત અને દરેકનું આરોગ્ય સારું રહે તે દિશામાં આગળ વધીએ. મા વાત્સલ્યનો જે પ્રસ્તાવ મેઘજીભાઇ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું. આપણે બધાની મારફત આ યોજના ઘેરઘેર સુધી પહોંચે તે રીતનો સંદેશો પહોંચાડવા બધા જ મિત્રો પ્રસાર, પ્રચાર અન આનો ઉપયોગ લોકો કરે તે દિશામાં આગળ વધીએ.

આભાર.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, મેઘજીભાઇ ચાવડા જે મધ્યમવર્ગના કુટુંબના આરોગ્યની સેવા માટે જે પ્રસ્તાવ લઇને આવ્યા છે, એમાં સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

એમની ચિંતા ખૂબ વ્યાજબી છે. જે ગંભીર પ્રકારના રોગો છે. હૃદય, કિડની, મગજના રોગો કે પછી કોઇ એવી બીમારી, એક્સિડન્ટ થાય ત્યારે આખા પરિવારને ચિંતા હોય છે. આખા પરિવારની કદાચ આર્થિક પરિસ્થિતિ સારી ન હોય તો એમને સારવાર આપવી એ મુશ્કેલી હોય છે, ત્યારે સરકારે આ યોજના કરી છે. ખૂબ સારી યોજના છે, પરંતુ મારે થોડી ક વાત માનનીય મંત્રીશ્રીને કરવી છે આ જે મધ્યમવર્ગનો માણસ છે. એમને માટે આવકની લિમિટ ૧ લાખ ૨૦ હજાર છે. ૧ લાખ ૨૦ હજાર એટલે રોજના ૩૩૩ રૂપિયા થયા. ૩૩૩ રૂપિયા મજૂરીનું રોજ થયું. મંત્રીશ્રીને વિનંતી છે કે રોજ છે આટલા પૈસા ૧.૨૦ લાખ છે એમાં ઓછામાં ઓછા ૩ લાખ હોવા જોઇએ. આમાં મોટા ભાગે સાવ ગરીબ, બી.પી.એલ. માં નથી આવી શકતો એવો માણસ(અંતરાય) રમણભાઇ આ યોજના કેમ ચાલુ કરવી પડી એ પણ ખુલાસો કરું. કેમ કે પહેલા આવું કઇ હતું નહિ. પહેલા એ.પી.એલ., બી.પી.એલ. દરેક હોસ્પિટલોમાં મફત સારવાર મળતી હતી. આવી હોસ્પિટલોનો ચાર્જ મેં પણ સિવિલ સર્જન તરીકે સંભાળ્યો છે. એમાં કેસથી માંડીને લેબોરેટરીથી માંડીને ક્યારેય એક પૈસો લેવાતો નહોતો. પરંતુ જ્યારે ગુણાંક પદ્ધતિ બી.પી.એલ.માં ૨૦૦૨ થી ચાલુ થઇ, ત્યારથી આ યોજના દાખલ કરવાની જરૂર ઉભી થઇ. ૧૬ ગુણાંક સુધી ગરીબ માણસો રહ્યા. ૧૭ પછી માણસ મધ્યવર્ગમાં આવી ગયો. એટલે આવો વર્ગ સમૂહ ઘણો મોટો છે. મધ્યમ વર્ગ લગભગ બે કરોડથી અઢી કરોડ જેટલી વસતિ હશે. એના માટે આપણી પાસે કોઇ યોજના નહોતી. એમાં તમામ જે ૧.૨૦ લાખ ની લિમિટ બાંધી છે એ લિમિટ એમાં ફેરફાર જરૂર કરવો પડે, કારણ કે હજુ એ ગરીબ વર્ગ છે જે ખરેખર ગઇ વખતે કહ્યું હતું આપણી પાસે અહીંયા બધા ધારાસભ્યોને કહ્યું હતું કે ધારાસભ્યોને વાંધો નથી, અધિકારીને તકલીફ નથી. એક વર્ગ મધ્યમવર્ગ છે. ખૂબ મોટો છે. બે કરોડથી અઢી કરોડની વસ્તી ધરાવતો એને ખરેખર મુશ્કેલી છે. એના માટે લિમિટ વધારવી જોઇએ. બીજું તમે જ્યારે ૨૧ વર્ષની લિમિટ દૂર કરી છે. ગયા વર્ષે લિમિટ હતી ત્યારે ૧૬૦ કરોડ મુક્યા હતા. લિમિટ ઓછી કરી નાખી ત્યારે રકમ વધારવાની જરૂરત દેખાય છે. ઉપરથી તમે ૧૬૦ ના બદલે ૧૨૦ કરોડ કર્યા છે. કયા ગણિતથી ચાલવા માગો છો તે ખ્યાલ નથી આવતો. રકમ આમાં બજેટ વખતે વધારવાની જરૂરત હતી. બીજું જે મા અમૃતમ યોજના છે. એમાં પેલી શરૂઆત થઇ ત્યારે ૬૦ કરોડ થી કરી છેલ્લાં બે વર્ષમાં ૭૦ વત્તા ૭૦ કરોડ એમ ૧૪૦ કરોડ રૂપિયા મૂક્યા. ૧૪૦ કરોડમાંથી વપરાય છે કેટલા તેનો આપણે ખ્યાલ કર્યો ખરો? ૬૩ કરોડ રૂપિયા જેટલા છેલ્લા બે વર્ષમાં વપરાયા. એટલે આ યોજનામાં ક્યાંકને ક્યાંક તેનો વપરાશ નથી થયો. અથવા તો કિયોસ્ક દ્વારા જે કાર્ડ મળે છે તેનો પ્રચાર બરાબર થયો નથી એમ મને લાગે છે. એટલે મારી વિનંતી છે કે આનો પ્રચાર વ્યવસ્થિત થાય. ગામડે ગામડે લોકોને ખ્યાલ આવે તેવી વ્યવસ્થા ઉભી થાય. આ કાર્ડ જલદી મળે તેવી વ્યવસ્થા કરો તો આનો લાભ લોકોને મળી શકે. આમાં જે સંખ્યા છે બી.પી.એલ.ની વાત કરી ૪૧ લાખની સંખ્યા છે તેમાંથી અત્યારે તો ફકત ૫૦ લાખ કુટુંબો આ કાર્ડ મેળવી શક્યા છે. બીજા જે કુટુંબો છે તેના માટે ઘનિષ્ટ ઝૂંબેશ ઉપાડી તેમને આ યોજનાનો લાભ મળે તેના માટે આપણે પ્રયત્ન કરવો જોઇએ. મા અમૃતમ્ યોજના છે તેમાં ખર્ચ ઓછો થાય તેના માટે પણ આપે ખૂબ પ્રયત્ન કરવાની જરૂર છે. મેં હમણાં વાત કરી તેમ ગરીબો માટે આપણે થોડીક થોડીક યોજનાઓ કરી છે પણ મારી ચિંતા ખરેખર મધ્યમ વર્ગ માટેની છે અને હજી મારો પ્રશ્ન હલ થતો હોય તેમ દેખાતું નથી. એટલે તેમાં હું સાચો છું નીતિનભાઇ. આપ તેને ગંભીરતાથી લો. આ ૧.૨૦ લાખની આવક મર્યાદા કંઇ નથી. કમસેકમ તે રકમ ન કરો પણ ઇન્કમ ટેકસ ભરતા હોય તેનાથી શરૂ કરો. ઇન્કમ ટેકસ ભરતા હોય તેમના માટે આ લિમિટ રાખો તો આ યોજના સારી છે. બાકી સાવ ગરીબ છે તેવા લોકોની યોજના હોય તેવું મને દેખાઇ રહ્યું છે. એટલે મધ્યમ વર્ગની વાત કરીએ છીએ તેની બાબત છે અને માનનીય મેઘજીભાઇ જે બાબત લઇને આવ્યા છે તેમાં આ બાબત સંતોષાતી નથી એટલે આપ તેમાં થોડોક ફેરફાર કરો. અમારા વિસ્તારો અમારા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની વાત કરીએ તો અમારા વિસ્તારોમાં હોસ્પિટલો નથી. બીજા સભ્યશ્રીઓની ચિંતા છે કે આવી વ્યવસ્થા અરવલ્લી જિલ્લામાં નથી. નવી હોસ્પિટલ વહેલી તકે ઉભી થાય, સિવિલ હોસ્પિટલ નથી. આપ આ વખતે વિચાર કરવાના છો એટલે વહેલી તકે હોસ્પિટલ બને તેવી વિનંતી છે. આના માટે પ્રયત્ન થાય, માનનીય મેઘજીભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમને અભિનંદન આપું છું અને સાથે સાથે માનનીય મંત્રીશ્રી આપ તેમાં લિમિટ વધારો એટલી વિનંતી કરું છું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૩મી વિધાનસભાના છઠ્ઠા સત્રના સમાપનમાં આજે એમ કહેવામાં આવે કે અમારા મેઘજીભાઇ ચાવડા છેલ્લા દિવસનો હૃદયસભર સંવેદના સાથેનો પ્રસ્તાવ મુખ્યમંત્રી અમૃતમ્ મા વાત્સલ્ય તબીબી સહાયનો જે લાવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાત્સલ્ય શબ્દનો વિચાર કરતાં તેનું વિશ્લેષણ કરતાં એક વસ્તુ કહીશ કે સમાજમાં આપણી આજુબાજુના લોકોની સાથે આપણો સંબંધ પરસ્પરની સહાનુભૂતિનો હોય છે. કુટુંબના સભ્યો સાથેનો સંબંધ તે પિતા હોય, ભાઇ હોય, પત્ની હોય તો તેની સાથેનો સંબંધ પ્રેમનો સંબંધ હોય છે. મા સાથેનો સંબંધ તે વાત્સલ્યનો છે. સહાનુભૂતિ અને પ્રેમમાં બે પક્ષીય વ્યવહાર હોય છે. માતાના વાત્સલ્યમાં એકપક્ષીય વ્યવહાર હોય છે. કવિ બોટાદકરે મારા અગાઉના વકતાએ કહ્યું કે ''મા એ મા બીજા વગડાના વા'', ''જનનીની જોડ સખી નહીં જડે રેલોલ''. પ્રભુમાં પ્રેમ તણી પુત્રી રેલોલ. આજે મધ્યમ વર્ગની કોણે ચિંતા કરી? માનનીય મુખ્યમંત્રી આનંદીબેન અને ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રીના વાત્સલ્યએ આ મા અમૃતમ્ વાત્સલ્ય યોજના શરૂ કરી છે. પરમ પૂજ્ય ગાંધીજીની વાત આપણે બધા કરીએ છીએ. ગાંધીજી અને

દિનદયાલજીના એકાત્મ માનવવાદમાં જે વાત હતી કે જયારે કોઇ રાજસત્તામાં બેઠેલા લોકો કોઇ નિર્ણય લે તો છેવાડાના માનવીને કેટલો ઉપયોગી છે તે રીતનો નિર્ણય લેવાવવો જોઇએ. મને જણાવતાં આનંદ થાય છે કે આ એક સંવેદના સાથે, એક આંતરિક સંબંધ સાથે મધ્યમ વર્ગની ચિંતા કોઇએ કરી હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષનું ૪૮ ટકા બજેટ એ સામાજિક ક્ષેત્રને માટે ફાળવણી કરી છે. કેન્દ્ર સરકારની જનધન યોજના છે, મારે એની વાત નથી કરવી પરંતુ કરોડો લોકો, એ નાનામાં નાના માણસોએ બેન્કમાં ખાતા ખોલાવ્યા છે, શાની વાત છે? માનનીય અધ્યક્ષશ્રી, ''જીવન મેં કીસીકા ભલા કરેંગે તો લાભ હોગા'' ભલા કા ઉલટા લાભ હોતા હૈ. માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં કોઇ તૃષ્ટીકરણ નથી, કોઇ વોટ બેન્કની રાજનીતિ નથી એની ઉપરથી આ સંકલ્પ લાવ્યા છે. આધુનિક યુગમાં આપણે જાણીએ છીએ કે કેન્સર હોય, કિડનીના રોગો હોય એ મોંઘવારીની અંદર જે પ્રમાણેની પરિસ્થિતિ થાય છે એમાં આજે કોઇ મધ્યમ વર્ગના માણસને જો કેન્સર થાય તો એની જે ચિંતા થાય છે, મૃત્યુના સમય સુધી એ કોઇ દુકાનમાં જતો હોય, કોઇ મીલમાં નોકરી કરતો હોય તો એની જે પરિસ્થિતિ થાય છે એની ચિંતા કરીને આજે ર લાખ સુધીની માં વાત્સલ્ય યોજના આવી છે એના તમામ કુટુંબના સભ્યોને આ લાભ મળે છે. એથી વિશેષ વાત જયારે ૧.૨૦ લાખની આવક હોય એવા તમામ મધ્યમ વર્ગના કુટુંબોને આ લાભ મળે છે. અમારા નવસારી જિલ્લાની વાત કરું તો સંવેદના સાથે જ્યારે આ સરકાર કામ કરી રહી છે ત્યારે આદરણીય નીતિનભાઇ અને શંકરભાઇને મારે અભિનંદન આપવા છે, એ તકે અભિનંદન આપવા છે કે, જ્યારે એમણે અમારી નવસારીની સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી એ મુલાકાત ફક્ત સિવિલ હોસ્પિટલ માટે હતી પરંતુ બંને મંત્રીશ્રીઓએ આવીને એમ કહ્યું કે, તમારે ત્યાં માં વાત્સલ્ય યોજના ચાલતી હોય, માં અમૃતમ યોજના ક્યાં ચાલે છે? જિલ્લા આરોગ્ય અધિકારીને કહ્યું કે એવા હોસ્પિટલના સંચાલકો સાથે મારે મિટીંગ કરવી છે અને તમને કઇ કઇ સવલતો મળે છે? આ જેવી તેવી વાત નથી, આ સંવેદના હોય તો થઇ શકે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા જિલ્લામાં ૪૪૨૩૪ માં અમૃતમ કાર્ડ બન્યા છે. ૩૩૨૧ માં વાત્સલ્ય કાર્ડ બન્યા છે. આ વાત એ માટેની છે કે તેઓ એ હોસ્પિટલની વાત કરતા હતા માનનીય ચાવડાજી, સિવિલ હોસ્પિટલની વાત સમજી શકીએ પરંતુ મારા નવસારી જિલ્લાની અંદર બા હોસ્પિટલ, ઓરેન્જ હોસ્પિટલ અને એશા હોસ્પિટલ એમાં બા હોસ્પિટલ અને ઓરેન્જ હોસ્પિટલમાં એક રૂમનું ભાડું બે બે હજાર રૂપિયા છે અને ત્યારે આ ગરીબ માણસ, મધ્યમ વર્ગનો માણસ ત્યાં જઇ શકે છે અને તેને બિમારીમાંથી આપણે બહાર કાઢી શકીએ છીએ ત્યારે એ આશીર્વાદરૂપ છે એમ કહું તો ખોટું નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે છેલ્લી વાત કરવી છે કે, ગરીબ અને મધ્યમ વર્ગની વ્યથાની વાતને અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર ખૂબ સારી રીતે સમજી છે, ગરીબોના આંસુ જોયા છે. પરંતુ વર્ષો સુધી જેમણે રાજ કર્યું, સત્તામાં રહ્યાં હતા એ વિપક્ષના મિત્રો એ વ્યથા નથી સમજી શક્યા અને એમણે જે સૂચનો કર્યા છે એના માટે વ્યથા બાબતમાં આ મારી છેલ્લી શાયરી હું આપને કહું છું. ''વ્યથાની વાતોને સીમાડા નથી હોતાં, આંસુઓને પકડવા નિભાડા નથી હોતા, તેથી જ દોસ્તો તમે સમજી નથી શકતા કે, દિલ જલે તો ધુમાડા નથી હોતા'' આભાર.

અધ્યક્ષશ્રી : પિયુષભાઇ, આ હિન્દી-ગુજરાતી મિક્સ કરીને સાયરી ક્યાંથી લાવ્યા?

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે ગૃહના સૌ સભ્યો સદભાગી છીએ કે આજે બપોરના સેશનમાં આપણે બે અગત્યના વિચારો ઉપર સૂચનો રજૂ કર્યા. જેમાં અગાઉ ઘર ઘર શૌચાલયનો રાજય સરકારનો સંકલ્પ અને અમારી રાજય સરકારે અમારા વાત્સલ્ય મૂર્તિ એવા મુખ્યમંત્રી માનનીય આનંદીબેને શરૂ કરેલી માં વાત્સલ્ય યોજના અને એના માટે માનનીય મેઘજીભાઇ ચાવડા જે સંકલ્પ લાવ્યા છે એ આપણા સૌના માટે આનંદ અને ઉત્સાહની વાત છે કે, આપણા સહયોગથી સરકારની મદદથી ગરીબના ઘરમાં કોઇ બીમાર પડે તો ભૂતકાળમાં એને ગંભીર રોગોની સારવાર કરવા માટે આપણા બધાનો વર્ષોનો અનુભવ છે કે, મિત્રો પાસે, સગાવ્હાલા પાસે, આડોશી પાડોશી પાસે ઉછીના પૈસા લેવા પડતા હતા અને એ કદાચ કોઇને જો આવા સ્નેહી ન હોય તો એને દર-દાગીના ગીરો મૂકી, જમીન પણ ગીરો મૂકી અને એને પોતાના પરિવારની વ્યક્તિની સારવાર કરાવવી પડતી હતી. માનનીય અધ્યક્ષશ્રી, હંમેશા ભારતીય જનતા પક્ષની અમારી સરકાર વિશે અમે એમ કહીએ છીએ કે આ સર્વાંગી વિકાસવાળી સરકાર છે, વાયબ્રન્ટ ગુજરાતની વાત આવે ત્યારે રાજ્યમાં ઉદ્યોગો લાવવા એ પણ અમારી કામગીરી અને ફરજ છે, ખેડૂતો માટેની વાત આવે તો નર્મદાથી શરૂ કરીને નાનામાં નાનો બે લાખ રૂપિયા સુધીનો ચેકડેમ બનાવવો કે તળાવો ઉંડા કરવા એ પણ અમારી કામગીરી છે, ઉર્જાની વાત આવે તો મોટા ઉદ્યોગની જરૂરિયાતથી માંડીને નાના ગરીબના ઘર સુધી દીવડો પહોંચે, ઇલેકટ્રીકનો બલ્ક પહોંચે એ અમારી જવાબદારી છે, શિક્ષણથી વાત આવે તો આંગણવાડીથી શરૂ કરીને ઉચ્ચમાં ઉચ્ચ પ્રકારની શિક્ષણની સંસ્થાઓ ચલાવવી એ પણ અમારી સરકારની કામગીરી છે એટલે ભૂતકાળમાં, હું રાજકીય રીતે નથી કહેતો, અમારી સરકાર ઉપર અમારા મુખ્યમંત્રી ઉપર અમારા પક્ષ ઉપર જે અવલોકનો થાય છે કે આ પૈસાદારોની સરકાર, ઉદ્યોગપતિઓની સરકાર, મોટા લોકોની સરકાર, એની સામે જે બીજો પાર્ટ છે અમારો કામનો જે અમે સતત ચાલુ રાખીએ છીએ એની જો થોડીક વાત કરીએ તો આ સરકારે જે કામો આરોગ્યલક્ષી કર્યા છે, ફક્ત હું અત્યારે મારા આરોગ્ય વિભાગ પૂરતી જ વાત કરું છું. એમાં ૧૦૮ની યોજના જ્યારે પહેલીવાર ગુજરાતમાં શરૂ કરી ત્યારે કોઇને કલ્પના નહોતી, ઇવન અમને સરકાર તરીકે પણ એની ઉપયોગીતા વિશે આટલી કલ્પના નહોતી, એ વખતના દીર્ઘદ્રષ્ટ આપણા મુખ્યમંત્રી અને અત્યારના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ, જ્યારે ૧૦૮ ચાલુ કરી અને એ અંગેના એમ.ઓ.યુ. કર્યા કંપની સાથે અને શરૂઆત કરી ત્યારે લોકોને એમ લાગતું હતું કે, અન્ય એમ્બ્યુલન્સો છે એની જેમ આ પણ એક નવી એમ્બ્યુલન્સ, મોદી સાહેબે એમનું નામ ઉભું કરવા નવી યોજના

બતાવવા એ લાવી દીધી, પણ આપણને અનુભવ થઇ ચૂક્યો કે ૧૦૮ એટલે વ્યક્તિના આરોગ્ય માટે, એનું જીવન બચાવવા માટેની એ કેટલી ઉપયોગી સેવા છે અને અત્યારસુધીમાં કરોડો લોકોને આપણે એનો લાભ આપી ચૂક્યા છીએ એ વિગત આપણે જાણીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એવી રીતે ચિરંજીવી યોજના, ગરીબ માતા હોય અને એને સરકારી હોસ્પિટલમાં સુવાવડ કરવા માટે દૂર જવું પડે શક્ય છે એ હોસ્પિટલમાં ડોકટર ના હોય, ગાયનેક ના હોય, પ્રસૂતિ કરાવવાની વ્યવસ્થા ના હોય, શહેરમાં રહેતા હોય, નજીકમાં રહેતા હોય, પ્રાઇવેટ હોસ્પિટલમાં પાંચ ડોકટરો તાલુકા મથકે ગાયનેક હોય અને સરકારી જગ્યા ખાલી હોય, સ્વીકારી લીધું અમે તો શું એ બહેનને છોડી દેવાની? એ પ્રસૂતા માતાને આધાર વગર કોઇના સહારે આપણે છોડી દેવાની? ના, અમારી સરકારે નિર્ણય કર્યો કે આ ગરીબ ગામડાંની દૂરની, અંતરિયાળ વિસ્તારની માતાની પણ સારી રીતે પ્રસૂતિ થાય અને હોસ્પિટલમાં પ્રસૂતિ થાય, નિષ્ણાત ડોકટર દ્વારા પ્રસૂતિ થાય, નિષ્ણાત સ્ટાફની દેખરેખ નીચે પ્રસૂતિ થાય એટલા માટે ચિરંજીવી યોજના પણ ભારતીય જનતા પક્ષની અમારી સરકારે ગુજરાતમાં ચાલુ કરી અને એમાં અત્યારસુધીમાં લાખ્ખો બાળકોના જન્મ આ સરકારની યોજનાનો લાભ લઇ, ખાનગી સારામાં સારી હોસ્પિટલોમાં આપણે કરાવી ચૂક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કુપોષણ એ વિષય પણ આપણે જાણીએ છીએ, તો એમાં "બાલ સખા યોજના", અન્ય યોજનાઓ હોસ્પિટલમાં બાળકને રાખવાનો, એકવીસ દિવસ સુધી ઓછા વજનવાળા બાળકને અને માતાને રાખવાના, બધો જ પૌષ્ટિક આહાર, બધા જ વિટામીન આપવાનું એને એકવીસ દિવસ સુધી રાખી ત્યાં રમકડાં, ટી.વી., પુસ્તકો, છાપા, બધું રાખવાનું અને એ માતા અને બાળક ત્યાં રહે જમવાનું સરકાર તરફથી મળે, બધો જ પૌષ્ટિક આહાર, મેનુ જે ડાયેટીશીયને નક્કી કર્યું હોય એ પ્રમાણેનું આપવાનું અને એ માતા અને બાળકનું વજન વધે પછી એમને ઘેર જવા રજા આપવાની, એવી કુપોષણ સામે લડવાની યોજના પણ અમારી ભારતીય જનતા પક્ષની સરકારે બનાવી છે. શાળા આરોગ્ય કાર્યક્રમ એમાં સવા કરોડ બાળકો અને યુવાન છોકરા છોકરીઓ ગુજરાત સરકારની શાળાઓમાં ભણે છે. પ્રાથમિક શાળાઓ, કોલેજો, સ્કૂલો, હાઇસ્કૂલોમાં આ વિદ્યાર્થીઓ ભણતા હોય એની પહેલાં પ્રાયમરી તપાસ થતી હતી. કોઇ તેને ગંભીરતાથી લેવાતું નહોતું માનનીય નરેન્દ્રભાઇ મોદીએ નક્કી કર્યુ કે આ બાળકોને પણ શાળામાં ભણે છે સવા કરોડ એટલે છ કરોડ ગુજરાતીઓમાંથી સવા કરોડ લોકોની શાળા આરોગ્યની તપાસણી કરવાની એ વ્યવસ્થા આપણે ચાલુ કરી. અમારા આરોગ્ય વિભાગ, પંચાયત વિભાગ, શિક્ષણ વિભાગ બધા સાથે મળીને કરીએ અને એમાં દર વર્ષે હજારો બાળકો એવા મળ્યા કે જેને ચશ્માના નંબર હતા પણ ચશ્માની ખબર નહોતી એટલે ઓછું જોતા હતા, ઠપકો મળતો હતો તેને ચશ્મા આપ્યા અને એ ભણતો, લખતો અને વાંચતો થઇ ગયો. કોકલીયર ઇમ્પ્લાન્ટ આજે જ વાત થઇ આઠ નવ લાખ રૂપિયાનું મશીન સરકાર મફત નાંખી આપે. હમણાં આ વખતે નક્કી કર્યુ કે આપણી બે હોસ્પિટલ કેન્સર અને કિડનીમાં બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ ૧૫ લાખ રૂપિયાનો એક દર્દી દીઠ ખર્ચો થાય, સો ટકા સરકારી ખર્ચે શાળા આરોગ્ય કાર્યક્રમમાં આપણે આવરી લઇએ. આ બધુ અમે કર્યુ સાહેબ, મેડિકલ કોલેજો વધારી, મેડિકલ સીટો વધારી આ બધુ આપણે કરતા હોઇએ પણ એની વ્યવસ્થાનો લાભ ગરીબને મળે એ કામ માનનીય નરેન્દ્રભાઇ જયારે મુખ્યમંત્રી હતા ત્યારે મા અમૃતમ યોજના સરકારે ૨૦૧૨-૧૩માં અમલમાં મૂકી અને સાહેબે વિચાર કર્યો એ વખતે શરૂઆત હતી ૩૫ લાખ જેટલા બી.પી.એલ.પરિવારો આપણાં રાજયના તેમાં પ્રથમ તબક્કે આપણે આવરી લીધા.

માનનીય અધ્યક્ષશ્રી, તેનો જે આપણને ફાયદો થયો, તેનો જે લાભ થયો ગરીબ માણસને ૨ લાખ રૂપિયા કેશલેસ સારવાર જે આપણાં સભ્યશ્રીઓએ કહ્યું એક રૂપિયો ખિસ્સામાં નહીં લઇ જવાનો ઉપરથી જવા આવવાનું ત્રણસો રૂપિયા ભાડું પણ સરકાર આપે. આ બધુ કામ જયારે સરકાર કરતી હતી અને માનનીય નરેન્દ્રભાઇ વડાપ્રધાન થયા, માનનીય આનંદીબેન ગુજરાતના મુખ્યમંત્રી થયા આ વર્ષે અમે બજેટ બનાવતા હતા. અમે બધા સિનિયર મંત્રીશ્રીઓની અમારી ટીમ બેઠી હતી ચર્ચા-વિચારણાં કરી અને ચર્ચામાંથી માનનીય મુખ્યમંત્રીશ્રીના ધ્યાન ઉપર એ આવ્યુ કે આ બી.પી.એલ.પરિવારો તો આવી જાય છે પણ રાજયનો મધ્યમ વર્ગ તેની જે સ્થિતિ છે મધ્યમ વર્ગ આપણે સાહેબ સમજીએ છીએ. બી.પી.એલ. હોય તો તેને આવાસ યોજના મળે, બી.પી.એલ.હોય તો તેને ખેડવા જમીન મળે, બી.પી.એલ.હોય તો મફત વીજળીનું કનેકશન મળે, બી.પી.એલ.હોય તો શિક્ષણમાં બધી જ વ્યવસ્થા મફત, સ્કોલરશીપ, ગણવેશ આ બધું જ આપણી સરકારે ગુજરાતમાં બી.પી.એલ.પરિવારો માટે કર્યુ છે. અનાજ સસ્તુ, ખાવા પીવાનું સસ્તુ બધું કરીએ છીએ પણ મધ્યમ વર્ગ એવો છે જે આપણે બધા સમજીએ છીએ, જાણીએ છીએ અને સ્વીકારીએ છીએ કે નથી હાથ લાંબો કરી શકતો કે નથી તેનું કામ ઓછું કરી શકતો. સામાજીક પ્રસંગ હોય, ધાર્મિક પ્રસંગ હોય લોકો હાથ લાંબો કરે તો પાંચ રૂપિયા તો પાંચ રૂપિયા, અગિયાર રૂપિયા તો અગિયાર રૂપિયા એ મધ્યમ વર્ગનો વ્યકિત એ સમાજમાં ઉભો રહે છે. તે સમાજના પરિવારમાં ના કરે ભગવાન અને કોઇને આવી ગંભીર બિમારી આવે કે જેનો ખર્ચો ૨૫-૫૦ હજાર, લાખ-બે લાખ થતો હોય એ પરિવારનું ભૂતકાળમાં કોઇ રણી ધણી નહોતું. ભૂતકાળની કેન્દ્રની સરકારની વાત તો મારે કરવી જ નથી પણ ગુજરાત સરકારે અમે નક્કી કર્યુ માનનીય મુખ્યમંત્રી આનંદીબેને કહ્યું કે આ યોજના આપણે કરવી છે અને ૧ લાખ ૨૦ હજાર રૂપિયા સુધીની સિલિંગ બાંધી અને આપણે મધ્યમ વર્ગના પરિવારોને આ વખતે એમાં આવરી લીધા.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે થોડી ચર્ચા થઇ ૩૫ લાખ બી.પી.એલ.પરિવાર એટલે હું માનું છું કે ગુજરાતની લગભગ ૧ કરોડ અને ૬૦ થી ૭૦ લાખની વસતિ તેમાં આવી જાય. ૧ લાખ ૨૦ હજારની આવક ધરાવતો મધ્યમ વર્ગ પરિવાર જો એને આપણે ગણીએ તો લગભગ પોણા બેથી બે કરોડની એની વસતિ પણ ગુજરાતમાં છે. એટલે સાડા ત્રણથી ચાર કરોડ

ગુજરાતીઓને કોઇને પણ ફરી કહું કે ના કરે ભગવાન અને કોઇને જો આવી તકલીફ પડે તો ર લાખ રૂપિયા સરકાર તરફથી મળશે. માનનીય અધ્યક્ષશ્રી, હું કવિ નથી કે મને શાયરીઓ અને એવું બધુ કંઇ ફાવતું નથી. (અંતરાય) મારો વિષય જ નથી પણ અમારા માનનીય સભ્યશ્રી મેઘજીભાઇએ શાયરી કહી ભાઇશ્રી લાલજીભાઇએ તો ખૂબ સુંદર શાયરીઓ અને કવિતાઓ કહી, ગાણાં કહ્યાં અને મારી તો ઇચ્છા છે માહિતી મંત્રીને કે આપણે ગુજરાત અંકમાં આ બધુ છપાવીએ. જેથી લોકભોગ્ય ભાષામાં, આપે કહ્યું હતું ને કે આનો પ્રચાર કરવો, અમિતભાઇ અને જોષીયારાજીએ કહ્યું, તો આનો પ્રચાર પણ આપણે કરીએ. અમારા માનનીય પરબતભાઇ, જે અમારી સાથે સાથી મંત્રી હતા એમણે મા યોજનામાં કામ કર્યું, અત્યારે માનનીય શંકરભાઇ મા વત્સલ્ય યોજનાને કેવી રીતે આપણે વધુ પ્રજા લક્ષી બનાવી શકીએ એ કામ કરે છે. માનનીય જોષીયારાજીએ પણ થોડી વાત કરી, ધીમે ધીમે બધું થાય ને, તમારા વખતે કશું નહોતું, તેના કરતા ઘણું કર્યું અને આપણે કરીએ છીએ. આ સરકાર સંવેદનશીલ છે, તમને એમ લાગે કે વિધાનસભામાં અમે બોલ્યા, બહાર પ્રજામાં કોઇ અરજી આવે, રજૂઆત આવે તો અમે એના ઉપર ધ્યાન આપીએ છીએ. ૧,૨૦,૦૦૦ની આવક કરી ગયા વર્ષે ત્યારે થોડું એક વચમાં રાખેલું કે ૨૧ વર્ષથી ઉપરની ઉમરના યુવાનને આનો લાભ નહીં મળે, પણ મુખ્ય મંત્રીશ્રી અને મંત્રીશ્રીઓને બધાએ રજૂઆત કરી, આ ગૃહમાં પણ રજૂઆત થઇ એટલે મુખ્ય મંત્રીશ્રીએ આ વખતે એ પણ જે ૨૧ વર્ષની મર્યાદા હતી તે મર્યાદા પણ દૂર કરી દીધી. અને હવે આપણે એને બધા જ મેં કહ્યું ને કે લગભગ ૪ કરોડ ગુજરાતીઓને આપણે આવરી લઇશું. જોષીયારાજી, બજેટની કોઇ ચિંતા ન કરતા, આપશ્રી તો મંત્રી રહી ચૂકયા છો. બજેટમાં તો જે જોગવાઇ ટોકન હોય તેમાં વધારે ખર્ચ થાય તો સરકાર એની વ્યવસ્થા કરી શકે છે. આ કંઇ કોઇને આપવા જેવી ગ્રાન્ટ નથી કે લો અને ઘર બનાવી દો. આ તો જે બિમાર પડે તેની જ સારવાર કરવા માટે અમે આ વ્યવસ્થા કરી છે. અને મને જયાં સુધી ખ્યાલ છે અને અમારે આખા ભારતના લોકો સાથે, કાર્યકરો સાથે મળવાનું થાય છે, મને જયાં સુધી ખ્યાલ છે કે આખા ભારતમાં ગુજરાત, ફરીથી કહું કે પહેલા નંબરનું એવું રાજય છે કે બે લાખ રૂપિયા સુધીની કેશ લેસ સારવાર, દર વર્ષે છે પાછી, દર વર્ષે છે. એવું નહીં કે એક જ વર્ષ, આ વર્ષ પૂરું થયું ૨૦૧૪-૧૫ તો ફરી ૨૦૧૫-૧૬માં કાર્ડ રીન્યુ થાય, એ પ્રમાણે બીજું પણ હું એટલા માટે સભ્યશ્રીઓને બે મિનિટમાં ધ્યાન દોરું કે આને આપણે જમા કાર્ડ તરીકે ગણીએ છીએ. સમજી લો કે કુટુંબમાં કોઇને એન્જીયોગ્રાફી કરાવવી પડી, પછી એન્જીયોપ્લાસ્ટી કરાવી પડે, ૫૦૦૦૦ રૂપિયાનો ખર્ચ થયો, એ પરિવારને બે લાખનું કાર્ડ મળેલું છે તો એ ૫૦ હજાર રૂપિયા બાદ થાય, દોઢ લાખ રૂપિયા તેના જમા રહે, ન કરે ભગવાન અને એ જ કુટુંબમાં ફરીથી કોઇને એ જ વર્ષે જો સારવાર લેવી પડે અને સમજો કે એનો લાખ રૂપિયા ખર્ચ થયો તો પેલા દોઢ લાખ જે જમા છે એમાંથી લાખ રૂપિયા બાદ થાય. એટલે ભાગ્યે જ કોઇ પરિવારને બે લાખ રૂપિયાથી વધુ ખર્ચ થાય. એટલે આવી કોઇ બીજી પરિસ્થિતિ રહેતી નથી. માનનીય અધ્યક્ષશ્રી જોષીયારાજીએ એમ કહ્યું કે અમારી સરકાર વખતે તો બધુ મફત હતું. એ વાત બિલકૂલ સાચી નથી. આજે પણ સિવિલ હોસ્પીટલોમાં, જોષીયારાજી આપ તો ડોકટર છો. સિવિલ હોસ્પીટલમાં બધું ફ્રી ઓફ કોસ્ટ છે. ગુજરાત સરકારની હોસ્પીટલમાં કરોડો દર્દીને દવાનો એક રૂપિયો લેતા નથી, સારવારનો લેતા નથી, ઓપરેશનનો લેતા નથી. બધો જ ખર્ચ આ સરકાર અને આરોગ્ય વિભાગ ઉપાડે છે. આ સુપરસ્પેશીયાલીટી છે, આ મોંઘી સારવાર છે મોંઘી સારવાર તમારા વખતમાં તો બનતા સુધી ઉપલબ્ધ જ નહોતી. ફકત પ્રાઇમરી સારવાર હતી. (અંતરાય) રોગ નહોતા? રોગ શોધાયા નહોતા, રોગ તો હતા જ. પણ જે છે તે આપણે બધાએ તમે આને આવકાર્યું છે આપના સૂચનો પણ અમે ગંભીરતાથી લીધા છે વર્ષો વર્ષ પ્રમાણે જેમ જરૂર પડશે સુધારા વધારા, આવકની મર્યાદાનો વધારો, હોસ્પિટલોમાં વધારો આ બધું જ આપણે કરી અને ગુજરાતમાં સ્વસ્થ તંદૂરસ્ત સમાજનું નિર્માણ થાય અને ગરીબમાં ગરીબ પરિવારનો કોઇ લાડકવાયાનું જીવન પૈસાના અભાવે ન ગુમાવે એ અમારી ભારતીય જનતા પક્ષની સરકારની કટ્ટીબદ્ધતા છે ત્યારે આ વિધાનસભાનું સત્ર આપણે ખૂબ પ્રેમથી, આનંદથી, રાજયના વિકાસની ચર્ચા વિચારણા કરી અને અમારી સરકાર તરફ કયાંક અંગુલી નિર્દેશ કરવાનો હોય તો એ અંગુલીનિર્દેશ કરી અમારું ધ્યાન દોરી આ બધા જ સભ્યશ્રીઓએ પ્રશ્નોતરીથી માંડી, ૧૧૬ થી માંડી બધી જ રીતે ખૂબ સુંદર લોકશાહીની પ્રક્રિયા પ્રમાણે કામ કર્યું છે. અધ્યક્ષશ્રીનું કયારેક થોડું તમારે સાંભળવું પડ્યું હશે, કયારેક અમારે ઠપકો સાંભળવો પડ્યો હશે. પરંતુ આપણે બધાએ હળીમળીને દોઢ મહિનો ગુજરાતના વિકાસ માટે કામ કર્યું છે ત્યારે સૌનો સાથ અને સૌનો વિકાસ એ રીતે આગળ વધીએ અને કદાચ અમારા કોઇ મિત્રો તરફથી બોલાઇ ગયું હોય તો બધાને મિચ્છામી દુકડમ.

અધ્યક્ષશ્રી : ચર્ચા પૂરી થાય છે.

સભાગૃહના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો

સચિવશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું જેના લેખિત જવાબો સત્ર દરમિયાન મળ્યા છે અને સમયના અભાવે સભ્યશ્રીને મોકલી શકાયા નથી તેવા ૩૬ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો વિધાનસભાના નિયમોના નિયમ ૮૭ (ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે તા.૩૧મી માર્ચ, ૨૦૧૫ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની યાદી**

| ક્રમ | સભ્યશ્રીનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી રમેશભાઈ ચાવડા | ૪૭૦૦,૪૭૦૧,૪૭૦૨ | ૦૩ |
| ૨ | શ્રી પ્રહલાદભાઈ પટેલ | ૩૭૯૭ | ૦૧ |
| ૩ | ડૉ. તેજશ્રીબેન પટેલ | ૩૪૯૬, ૩૫૧૦, ૩૬૦૬, ૪૪૫૪, ૪૪૫૬, ૪૪૯૮, ૪૫૯૯, ૪૭૨૨ | ૦૮ |
| ૪ | શ્રી કરમશીભાઈ પટેલ | ૪૨૯૯ | ૦૧ |
| ૫ | શ્રી ગ્યાસુદ્દીન શેખ | ૩૨૭૫ | ૦૧ |
| ૬ | શ્રી શૈલેષ પરમાર | ૪૨૬૧ | ૦૧ |
| ૭ | શ્રી ભોળાભાઈ ગોહેલ | ૩૧૦૭ | ૦૧ |
| ૮ | શ્રી રાઘવજી પટેલ | ૩૨૬૭, ૪૬૩૪, ૪૬૭૧ | ૦૩ |
| ૯ | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા | ૩૯૧૨ | ૦૧ |
| ૧૦ | શ્રી પરેશ ધાનાણી | ૩૮૪૭, ૪૦૫૬, ૪૨૦૧, ૪૨૦૬, ૪૩૩૬, ૪૫૪૪, ૪૫૪૮, ૪૫૪૯, ૪૫૫૧, ૪૫૫૨, ૪૫૫૩, ૪૫૫૪ | ૧૨ |
| ૧૧ | પ્રો.હીરાભાઈ પટેલ | ૪૮૧૮ | ૦૧ |
| ૧૨ | શ્રી ગેંદાલભાઈ ડામોર | ૪૧૧૨, ૪૧૫૧, ૪૧૬૨ | ૦૩ |
| | | **કુલ** | **૩૬** |

### સુજ્ઞાબેન ભટ્ટ તપાસપંચ બાબત

અતારાંકિતઃ ૪૪૫૪ (૨૧-૧-૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) **:** માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં, યુવતીની જાસુસીકાંડના પ્રકરણમાં સુશ્રીસુજ્ઞાબેન ભટ્ટ તપાસપંચ ક્યારે રચવામાં આવ્યું હતું,

(૨) ઉકત તપાસપંચ પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) ઉકત સ્થિતિએ સદરહુ તપાસપંચ ચાલુ છે કે વિખેરી નાંખવામાં આવેલ છે અને જો વિખેરી નાખવામાં આવેલ હોય તો તેના શા કારણો છે ?

**મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ) :** (૨૫-૩-૨૦૧૫)

(૧) કાયદા વિભાગની તા.૨૬/૧૧/૨૦૧૩ની અધિસૂચના અન્વયે રચવામાં આવ્યું હતું.

(૨) વર્ષ ૨૦૧૩-૧૪ રૂ.૧૪,૫૯,૦૧૧/- નો ખર્ચ અને ૨૦૧૪-૧૫ રૂ.૩૬,૧૨,૧૬૬/- નો ખર્ચ.

(૩) નામ.ગુજરાત હાઈકોર્ટના તા.૧૦-૧૦-૨૦૧૪ના હુકમથી તપાસપંચ વિખેરી નાખવાનો આદેશ કરવામાં આવેલ છે.

### અમરેલી અને ભાવનગર જિલ્લામાં ધાન્ય અને રોકડીયા પાકનું વાવેતર

અતારાંકિતઃ ૪૫૪૪ (૨૧-૧-૨૦૧૫) **શ્રી** પરેશ ધાનાણી (અમરેલી) **:** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં ચાલુ વર્ષ ખરિફ-૨૦૧૪ માં કઠોળ અને ધાન્ય પાકોનું વાવેતર ઘટયું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેનાં શાં કારણો છે,

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ધાન્ય અને રોકડીયા પાકોનું જિલ્લાવાર કેટલા વિસ્તારમાં વાવેતર થયું હતું, અને

(૪) આ વાવેતર વધારવા સરકારે શું આયોજન કર્યુ છે ?

ચૈત્ર ૧૦, ૧૯૩૭ શાકે

સભાગૃહના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો

**કૃષિ મંત્રીશ્રી :** (૩૧–૩–૨૦૧૫)

(૧) અમરેલી જિલ્લામાં : હા

ભાવનગર જિલ્લામાં : ના

(૨) અમરેલી જિલ્લો : વરસાદ મોડો થયેલ તેમજ જિલ્લામાં કપાસ પાકનું વાવેતર વધારે થયેલ, બીટી કપાસની વેરાયટીઓમાં વહેલી પાકની જાતો તથા કપાસ પાકની પ્રતિકુળ વાતાવરણ સામે ટકી રહેવાની ક્ષમતાને કારણે ખેડૂતો કપાસ પાકની વધારે પસંદગી કરતા હોવાથી કઠોળ અને ધાન્ય પાકોના વાવેતર ઓછા કરે છે. વરસાદ મોડો તેમજ કપાસનું વાવેતર લંબાવવાથી કઠોળ અને ધાન્ય પાકોનું વાવેતર ઘટયું છે.

ભાવનગર જિલ્લો : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) *પત્રક આ સાથે બિડાણ કરેલ છે.

**પ ત્ર ક**

**ખરીફ–૨૦૧૧**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | કુલ ધાન્ય પાકો | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ | કુલ રોકડીયા પાકો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૦ | ૪૮ | ૦ | ૦ | ૦ | ૪૮ | ૧૦૫૯ | ૧૫ | ૩૮૮૯ | ૦ | ૪૯૬૩ |
| ૨ | ભાવનગર | ૦ | ૪૫૭ | ૦ | ૦ | ૦ | ૪૫૭ | ૭૭૪ | ૬ | ૩૧૦૧ | ૦ | ૩૮૮૧ |

**ખરીફ–૨૦૧૨**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | કુલ ધાન્ય પાકો | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ | કુલ રોકડીયા પાકો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૦ | ૩૫ | ૦ | ૦ | ૦ | ૩૫ | ૧૩૩૦ | ૭ | ૨૯૭૧ | ૦ | ૪૩૦૮ |
| ૨ | ભાવનગર | ૦ | ૩૦૦ | ૦ | ૦ | ૦ | ૩૦૦ | ૮૦૫ | ૧૧ | ૩૧૬૨ | ૦ | ૩૯૭૮ |

**ખરીફ–૨૦૧૩**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | કુલ ધાન્ય પાકો | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ | કુલ રોકડીયા પાકો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૦ | ૪૧ | ૦ | ૦ | ૦ | ૪૧ | ૧૩૭૮ | ૩૪ | ૩૪૬૨ | ૦ | ૪૮૭૪ |
| ૨ | ભાવનગર | ૦ | ૨૯૫ | ૦ | ૦ | ૦ | ૨૯૫ | ૧૧૮૫ | ૫ | ૩૨૫૨ | ૦ | ૪૪૪૨ |

(૪) વાવેતર વધારવા સરકારે નીચે મુજબનું આયોજન કર્યુ છે.

| | |
|---|---|
| ૧ | સરકારશ્રી દ્વારા ધાન્ય અને કઠોળ પાકો માટે NFSM અને RKVY જેવી યોજના અમલમાં છે. |
| ૨ | કૃષિ મહોસત્વ, રવિ કૃષિ મહોસત્વનું આયોજન કરીને કૃષિ વૈજ્ઞાનિક તરફથી રીસર્ચ કરેલ અદ્યતન ટેકનોલોજીનું ખેડૂતો સાથે આદાન–પ્રદાન. |
| ૩ | ખેડૂતોને ખેતી બાબતે નવી નવી યોજનાઓ બનાવી, ખેડૂતોની મીટીંગો યોજી, તેમને તાંત્રિક માર્ગદર્શન આપવું. |
| ૪ | આગામી કૃષિ મહોસત્વ ૨૦૧૫–૧૬ માં કઠોળ, ધાન્ય પાકોનો વિસ્તાર વધારવા આયોજન આગ વિસ્તરણ પ્રવૃત્તિમાં પ્રાથમિકતા આપેલ છે. |

**બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ જિલ્લામાં ધાન્ય અને રોકડીયા પાકનું વાવેતર**

તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫

સભાગૃહના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો

અતારાંકિતઃ ૪૫૪૮ (૨૧–૧–૨૦૧૫) **શ્રી** પરેશ ધાનાણી (અમરેલી) **:** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ જિલ્લામાં ચાલુ વર્ષ ખરિફ–૨૦૧૪ માં કઠોળ અને ધાન્ય પાકોનું વાવેતર ઘટયું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેનાં શાં કારણો છે,

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ધાન્ય અને રોકડીયા પાકોનું જિલ્લાવાર કેટલા વિસ્તારમાં વાવેતર થયું હતું, અને

(૪) આ વાવેતર વધારવા સરકારે શું આયોજન કર્યુ છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૩૦–૩–૨૦૧૫)

(૧) બનાસકાંઠા : હા

સાબરકાંઠા : હા, ધાન્ય પાકોમાં સરેરાશ વાવેતર વિસ્તારની સાપેક્ષમાં ઘટાડો થયેલ છે.

પાટણ જિલ્લામાં : હા

(૨) બનાસકાંઠા : (૧) વરસાદની અનિયમિતતા તથા વરસાદ પાછોતરો થયેલ હતો.

(૨) રોકડીયા પાકો/બાગાયતી પાકો/ફળપાકોનું વાવેતર વધતા.

(૩) ખેતી પાકોને રોઝ તથા ભુંડથી નુકશાન.

સાબરકાંઠા : જંગલી પશુઓ (રોઝ, ભુંડ) ના બગાડને કારણે.

પાટણ : (૧) વરસાદની અનિયમિતતા.

(૨) પાકોમાં રોઝ તથા ભુંડથી નુકશાન.

(૩) અમુક તાલુકામાં ભારે વરસાદને કારણે પાણી ભરાવાથી.

(૩) *પત્રક આ સાથે બિડાણ કરેલ છે.

**પ ત્ર ક**

**ખરીફ–૨૦૧૧**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | કુલ ધાન્ય પાકો | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ | કુલ રોકડીયા પાકો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૦ | ૧૨૦૫ | ૩૫ | ૧૧૫ | ૪૧ | ૧૩૯૬ | ૪૦૫ | ૧૭૮૭ | ૪૬૩ | ૦ | ૨૬૫૫ |
| ૨ | સાબરકાંઠા | ૫૫ | ૩૮ | ૦ | ૭૨૫ | ૦ | ૮૧૮ | ૬૩૨ | ૭૪૦ | ૧૪૭૪ | ૦ | ૨૮૪૬ |
| ૩ | પાટણ | ૦ | ૪૨૫ | ૦ | ૨૦ | ૧૪ | ૪૫૯ | ૧ | ૧૩૦૮ | ૭૨૮ | ૦ | ૨૦૩૭ |

**ખરીફ–૨૦૧૨**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | કુલ ધાન્ય પાકો | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ | કુલ રોકડીયા પાકો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૦ | ૧૦૧૨ | ૩૩ | ૮૦ | ૬૬ | ૧૧૯૧ | ૩૯૫ | ૧૨૭૭ | ૪૫૬ | ૦ | ૨૧૨૮ |
| ૨ | સાબરકાંઠા | ૩૬ | ૮૧ | ૦ | ૫૭૮ | ૦ | ૬૯૫ | ૬૪૭ | ૬૦૧ | ૧૩૮૩ | ૦ | ૨૬૩૧ |
| ૩ | પાટણ | ૦ | ૧૮૧ | ૦ | ૦ | ૧૧ | ૧૯૨ | ૧ | ૯૩૧ | ૫૩૮ | ૦ | ૧૪૭૦ |

**ખરીફ–૨૦૧૩**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | કુલ ધાન્ય પાકો | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ | કુલ રોકડીયા પાકો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૦ | ૧૩૨૪ | ૩૪ | ૮૯ | ૦ | ૧૪૪૭ | ૫૨૨ | ૧૧૦૫ | ૪૫૮ | ૦ | ૨૦૮૫ |
| ૨ | સાબરકાંઠા | ૧૭ | ૫૨ | ૦ | ૫૩૪ | ૦ | ૬૦૩ | ૮૨૩ | ૬૧૭ | ૧૨૬૧ | ૦ | ૨૭૦૧ |
| ૩ | પાટણ | ૦ | ૩૫૩ | ૦ | ૦ | ૨૨ | ૩૭૫ | ૦ | ૬૩૯ | ૬૩૪ | ૦ | ૧૨૭૩ |

(૪) વાવેતર વધારવા સરકારે નીચે મુજબનું આયોજન કર્યુ છે.

| | |
|---|---|
| ૧ | સરકારશ્રી દ્વારા ધાન્ય અને કઠોળ પાકો માટે NFSM અને RKVY જેવી યોજના અમલમાં છે. |
| ૨ | કૃષિ મહોસત્વ, રવિ કૃષિ મહોસત્વનું આયોજન કરીને કૃષિ વૈજ્ઞાનિક તરફથી રીસર્ચ કરેલ અદ્યતન ટેકનોલોજીનું ખેડૂતો સાથે આદાન–પ્રદાન. |
| ૩ | ખેડૂતોને ખેતી બાબતે નવી નવી યોજનાઓ બનાવી, ખેડૂતોની મીટીંગો યોજી, તેમને તાંત્રિક માર્ગદર્શન આપવું. |
| ૪ | આગામી કૃષિ મહોસત્વ ૨૦૧૫–૧૬ માં કઠોળ, ધાન્ય પાકોનો વિસ્તાર વધારવા આયોજન આગ વિસ્તરણ પ્રવૃત્તિમાં પ્રાથમિકતા આપેલ છે. |

**ગાંધીનગર, અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ધાન્ય અને રોકડીયા પાકનું વાવેતર**

અતારાંકિતઃ ૪૫૪૯ (૨૧–૧–૨૦૧૫) **શ્રી** પરેશ ધાનાણી (અમરેલી) **:** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર, અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ચાલુ વર્ષ ખરિફ–૨૦૧૪ માં કઠોળ અને ધાન્ય પાકોનું વાવેતર ઘટયું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેનાં શાં કારણો છે,

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ધાન્ય અને રોકડીયા પાકોનું જિલ્લાવાર કેટલા વિસ્તારમાં વાવેતર થયું હતું, અને

(૪) આ વાવેતર વધારવા સરકારે શું આયોજન કર્યુ છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૩૦–૩–૨૦૧૫)

(૧) ગાંધીનગર : ધાન્ય પાકોમાં ઘટેલ છે જ્યારે કઠોળ પાકો વધેલ છે.

અમદાવાદ : કઠોળ પાકોમાં ઘટેલ છે. જ્યારે ધાન્ય પાકોમાં વાવેતર જળવાઈ રહેલ છે.

સુરેન્દ્રનગર : ના

(૨) ગાંધીનગર : વરસાદ શરૂ થયા પછી સતત વરસાદી વાતાવરણને કારણે વાવેતર માટે યોગ્ય વરાપ પરિસ્થિતિ ન મળવાને કારણે તેમજ ખેતી લાયક વિસ્તાર ઘટવાને કારણે.

અમદાવાદ : રોઝ, ભુંડના ત્રાસના કારણે ખેડૂતો પાકનું ઓછું વાવેતર કરે છે તથા મિશ્ર કઠોળ પાક તરફ વળેલ હોવાથી.

સુરેન્દ્રનગર : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) *પત્રક આ સાથે બિડાણ કરેલ છે.

**પ ત્ર ક**

**ખરીફ–૨૦૧૧**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ધાન્ય પાકો | | | | અન્ય ધાન્ય | રોકડીયા પાકો | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ |
| ૧ | ગાંધીનગર | ૮૨ | ૧૧૯ | ૪૧ | ૨ | | ૩૦ | ૨૯૩ | ૩૩૩ | |
| ૨ | અમદાવાદ | ૧૨૦૮ | ૧૮૮ | ૧ | | | ૨ | ૩૫૮ | ૨૨૧૮ | ૧ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | સુરેન્દ્રનગર | ૫ | ૧૨૬ | | | | ૧૭૪ | ૮૧૪ | ૪૭૭૨ | |

**ખરીફ–૨૦૧૨**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ધાન્ય પાકો | | | | અન્ય ધાન્ય | રોકડીયા પાકો | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ |
| ૧ | ગાંધીનગર | ૩૭ | ૮૧ | ૨૪ | | ૧ | ૨૯ | ૨૫૩ | ૩૫૫ | |
| ૨ | અમદાવાદ | ૮૭૬ | ૧૮ | | | | ૧ | ૫૫૧ | ૧૭૬૮ | ૧ |
| ૩ | સુરેન્દ્રનગર | ૪ | ૨૫ | | | | ૧૫૨ | ૧૧૧૧ | ૩૬૮૦ | ૧ |

**ખરીફ–૨૦૧૩**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ધાન્ય પાકો | | | | અન્ય ધાન્ય | રોકડીયા પાકો | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ |
| ૧ | ગાંધીનગર | ૧૦૦ | ૪૫ | ૧૨ | | | ૨૮ | ૨૬૩ | ૨૯૩ | |
| ૨ | અમદાવાદ | ૧૧૬૬ | ૧૮ | | | | ૧ | ૩૬૭ | ૧૮૫૭ | ૧ |
| ૩ | સુરેન્દ્રનગર | ૨ | ૭૫ | | | | ૨૬૪ | ૫૧૦ | ૪૧૫૭ | |

(૪) વાવેતર વધારવા સરકારે નીચે મુજબનું આયોજન કર્યુ છે.

| | |
|---|---|
| ૧ | સરકારશ્રી દ્વારા ધાન્ય અને કઠોળ પાકો માટે NFSM અને RKVY જેવી યોજના અમલમાં છે. |
| ૨ | કૃષિ મહોસત્વ, રવિ કૃષિ મહોસત્વનું આયોજન કરીને કૃષિ વૈજ્ઞાનિક તરફથી રીસર્ચ કરેલ અધ્યતન ટેકનોલોજીનું ખેડૂતો સાથે આદાન–પ્રદાન. |
| ૩ | ખેડૂતોને ખેતી બાબતે નવી નવી યોજનાઓ બનાવી, ખેડૂતોની મીટીંગો યોજી, તેમને તાંત્રિક માર્ગદર્શન આપવું. |
| ૪ | આગામી કૃષિ મહોસત્વ ૨૦૧૫–૧૬ માં કઠોળ, ધાન્ય પાકોનો વિસ્તાર વધારવા આયોજન આગ વિસ્તરણ પ્રવૃત્તિમાં પ્રાથમિકતા આપેલ છે. |

**વડોદરા, આણંદ અને ખેડા જિલ્લામાં ધાન્ય અને રોકડીયા પાકનું વાવેતર**

અતારાંકિતઃ ૪૫૫૧ (૨૧–૧–૨૦૧૫) **શ્રી** પરેશ ધાનાણી (અમરેલી) **:** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ જિલ્લામાં ચાલુ વર્ષ ખરિફ–૨૦૧૪ માં કઠોળ અને ધાન્ય પાકોનું વાવેતર ઘટ્યું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેનાં શાં કારણો છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ધાન્ય અને રોકડીયા પાકોનું જિલ્લાવાર કેટલા વિસ્તારમાં વાવેતર થયું હતું, અને

(૪) આ વાવેતર વધારવા સરકારે શું આયોજન કર્યુ છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૩૧–૩–૨૦૧૫)

(૧) હા, જી.

(૨) વડોદરા જિલ્લો : કઠોળ પાકોની જગ્યાએ ધાન્ય પાકોનું વાવેતર વધેલ છે.

આણંદ જિલ્લો : (૧) ચાલુ વર્ષે વરસાદની મોડી શરૂઆત તથા અનિયમિતાના કારણે ધાન્ય પાકો અને કઠોળ પાકોનું વાવેતર ઓછું થયેલ છે.

(૨) રોકડીયા પાકોનું વાવેતર વધતા કઠોળ અને ધાન્ય પાકોનું વાવેતર ઘટેલ છે.

ખેડા જિલ્લો : તમાકુ, તેલીબીયા અને શાકભાજી જેવા રોકડીયા પાકોનું વાવેતર વધતા કઠોળ અને ધાન્ય પાકોનું વાવેતર ઘટ્યું છે.

(૩) *પત્રક આ સાથે બિડાણ કરેલ છે.

**પ ત્ર ક**

**ખરીફ–૨૦૧૧**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | કુલ ધાન્ય પાકો | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ | કુલ રોકડીયા પાકો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૩૫૪ | ૭૯ | ૦ | ૫૧૦ | ૦ | ૯૪૩ | ૨ | ૨૫૦ | ૧૯૬૯ | ૨૭ | ૨૨૪૮ |
| ૨ | આણંદ | ૮૮૭ | ૩૧૫ | ૦ | ૨ | ૪ | ૧૨૦૮ | ૦ | ૩૨ | ૫૩ | ૧૦૭ | ૧૯૨ |
| ૩ | ખેડા | ૯૭૩ | ૪૨૯ | ૧ | ૧૪૮ | ૧ | ૧૫૫૨ | ૭ | ૨૨૬ | ૩૦૫ | ૩૪૦ | ૮૭૮ |

**ખરીફ–૨૦૧૨**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | કુલ ધાન્ય પાકો | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ | કુલ રોકડીયા પાકો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૩૭૨ | ૮૨ | ૦ | ૪૯૫ | ૦ | ૯૪૯ | ૫ | ૫૪૮ | ૨૦૨૩ | ૩૫ | ૨૬૧૧ |
| ૨ | આણંદ | ૯૫૮ | ૨૭૯ | ૬ | ૮ | ૦ | ૧૨૫૧ | ૦ | ૪૨ | ૭૭ | ૩૩ | ૧૫૨ |
| ૩ | ખેડા | ૮૨૪ | ૪૭૩ | ૧ | ૮૭ | ૧ | ૧૩૮૬ | ૩ | ૧૮૦ | ૩૬૮ | ૩૩૯ | ૮૯૦ |

**ખરીફ–૨૦૧૩**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | કુલ ધાન્ય પાકો | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ | કુલ રોકડીયા પાકો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૩૮૫ | ૮૭ | ૨ | ૪૩૪ | ૦ | ૯૦૮ | ૬ | ૪૫૭ | ૨૦૮૭ | ૨૮ | ૨૫૭૮ |
| ૨ | આણંદ | ૧૧૩૮ | ૧૬૩ | ૪ | ૪ | ૦ | ૧૩૦૯ | ૦ | ૨૨ | ૬૧ | ૮૯ | ૧૭૨ |
| ૩ | ખેડા | ૧૦૮૮ | ૩૯૭ | ૦ | ૭૫ | ૩ | ૧૫૬૩ | ૫ | ૨૫૯ | ૩૦૫ | ૨૩૪ | ૮૦૩ |

(૪) વાવેતર વધારવા સરકારે નીચે મુજબનું આયોજન કર્યુ છે.

| | |
|---|---|
| ૧ | સરકારશ્રી દ્વારા ધાન્ય અને કઠોળ પાકો માટે NFSM અને RKVY જેવી યોજના અમલમાં છે. |
| ૨ | કૃષિ મહોસત્વ, રવિ કૃષિ મહોસત્વનું આયોજન કરીને કૃષિ વૈજ્ઞાનિક તરફથી રીસર્ચ કરેલ અદ્યતન ટેકનોલોજીનું ખેડૂતો સાથે આદાન–પ્રદાન. |
| ૩ | ખેડૂતોને ખેતી બાબતે નવી નવી યોજનાઓ બનાવી, ખેડૂતોની મીટીંગો યોજી, તેમને તાંત્રિક માર્ગદર્શન આપવું. |
| ૪ | આગામી કૃષિ મહોસત્વ ૨૦૧૫–૧૬ માં કઠોળ, ધાન્ય પાકોનો વિસ્તાર વધારવા આયોજન આગ વિસ્તરણ પ્રવૃત્તિમાં પ્રાથમિકતા આપેલ છે. |

**દાહોદ, પંચમહાલ અને છોટાઉદેપુર જિલ્લામાં ધાન્ય અને રોકડીયા પાકનું વાવેતર**

અતારાંકિતઃ ૪૫૫૨ (૨૧–૧–૨૦૧૫) **શ્રી** પરેશ ધાનાણી (અમરેલી) **:** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ, પંચમહાલ અને છોટાઉદેપુર જિલ્લામાં ચાલુ વર્ષ ખરિફ–૨૦૧૪ માં કઠોળ અને ધાન્ય પાકોનું વાવેતર ઘટ્યું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેનાં શાં કારણો છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ધાન્ય અને રોકડીયા પાકોનું જિલ્લાવાર કેટલા વિસ્તારમાં વાવેતર થયું હતું, અને

(૪) આ વાવેતર વધારવા સરકારે શું આયોજન કર્યુ છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૩૧–૩–૨૦૧૫)

તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫

સભાગૃહના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો

(૧) દાહોદ : ના.

પંચમહાલ : ના.

છોટાઉદેપુર : ધાન્ય પાકોનું વાવેતર ઘટેલ છે.

(૨) દાહોદ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પંચમહાલ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

છોટાઉદેપુર : વરસાદ મોડો થયેલ તેમજ જિલ્લામાં કપાસ પાકનું વાવેતર વધારે થયેલ, કપાસ પાકની પ્રતિકુળ વાતાવરણ સામે ટકી રહેવાની ક્ષમતાને કારણે ખેડૂતો કપાસ પાકની વધારે પસંદગી કરતા હોવાથી ધાન્ય પાકોના વાવેતર ઓછા કરે છે. વરસાદ મોડો તેમજ કપાસનું વાવેતર લંબાવવાથી ધાન્ય પાકોનું વાવેતર ઘટયું છે.

(૩) *પત્રક આ સાથે બિડાણ કરેલ છે.

**પ ત્ર ક**

**ખરીફ–૨૦૧૧**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | કુલ ધાન્ય પાકો | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ | કુલ રોકડીયા પાકો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૩૬૧ | ૦ | ૦ | ૧૧૮૦ | ૨ | ૧૫૪૩ | ૪ | ૪ | ૨ | ૦ | ૧૦ |
| ૨ | પંચમહાલ | ૮૨૬ | ૨૬ | ૧ | ૧૧૩૦ | ૩ | ૧૯૮૬ | ૩ | ૧૧૯ | ૯૫ | ૭ | ૨૨૪ |
| ૩ | મહીસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | – | ૦ | ૦ | ૦ | ૦ | – |

**ખરીફ–૨૦૧૨**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | કુલ ધાન્ય પાકો | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ | કુલ રોકડીયા પાકો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૩૧૮ | ૦ | ૩ | ૧૧૯૧ | ૨ | ૧૫૧૪ | ૫ | ૫ | ૧૬ | ૦ | ૨૬ |
| ૨ | પંચમહાલ | ૬૭૩ | ૩૨ | ૧ | ૧૧૭૩ | ૨ | ૧૮૮૧ | ૨ | ૧૦૪ | ૧૧૩ | ૦ | ૨૧૯ |
| ૩ | મહીસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | – | ૦ | ૦ | ૦ | ૦ | – |

**ખરીફ–૨૦૧૩**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | કુલ ધાન્ય પાકો | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ | કુલ રોકડીયા પાકો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૩૯૬ | ૦ | ૦ | ૧૧૪૪ | ૨ | ૧૫૪૨ | ૬ | ૪ | ૧૯ | ૦ | ૨૯ |
| ૨ | પંચમહાલ | ૮૭૧ | ૩૮ | ૦ | ૧૦૫૭ | ૯ | ૧૯૭૫ | ૨ | ૧૧૦ | ૧૩૪ | ૦ | ૨૪૬ |
| ૩ | મહીસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | – | ૦ | ૦ | ૦ | ૦ | – |

(૪) વાવેતર વધારવા સરકારે નીચે મુજબનું આયોજન કર્યુ છે.

| | |
|---|---|
| ૧ | સરકારશ્રી દ્વારા ધાન્ય અને કઠોળ પાકો માટે NFSM અને RKVY જેવી યોજના અમલમાં છે. |
| ૨ | કૃષિ મહોસત્વ, રવિ કૃષિ મહોસત્વનું આયોજન કરીને કૃષિ વૈજ્ઞાનિક તરફથી રીસર્ચ કરેલ અદ્યતન ટેકનોલોજીનું ખેડૂતો સાથે આદાન–પ્રદાન. |
| ૩ | ખેડૂતોને ખેતી બાબતે નવી નવી યોજનાઓ બનાવી, ખેડૂતોની મીટીંગો યોજી, તેમને તાંત્રિક માર્ગદર્શન આપવું. |
| ૪ | આગામી કૃષિ મહોસત્વ ૨૦૧૫–૧૬ માં કઠોળ, ધાન્ય પાકોનો વિસ્તાર વધારવા આયોજન આગ વિસ્તરણ પ્રવૃત્તિમાં પ્રાથમિકતા આપેલ છે. |

**વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં ધાન્ય અને રોકડીયા પાકનું વાવેતર**

અતારાંકિતઃ ૪૫૫૩ (૨૧-૧-૨૦૧૫) **શ્રી** પરેશ ધાનાણી (અમરેલી) **:** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં ચાલુ વર્ષ ખરિફ-૨૦૧૪ માં કઠોળ અને ધાન્ય પાકોનું વાવેતર ઘટ્યું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેનાં શાં કારણો છે,

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ધાન્ય અને રોકડીયા પાકોનું જિલ્લાવાર કેટલા વિસ્તારમાં વાવેતર થયું હતું, અને

(૪) આ વાવેતર વધારવા સરકારે શું આયોજન કર્યુ છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૩૧-૩-૨૦૧૫)

(૧) વલસાડ : હા.

નવસારી : અગાઉના વર્ષની સરખામણીએ ધાન્ય પાકોમાં ઘટાડો તેમજ કઠોળ પાકોમાં વધારો જોવા મળેલ છે.

ડાંગ : ના.

(૨) વલસાડ : વરસાદની મોડી શરૂઆત તથા અગાઉના વર્ષની સરખામણીમાં ઓછો વરસાદ

નવસારી : કપાસ, શેરડી જેવા રોકડીયા પાકનું વાવેતર વધેલ હોવાથી.

ડાંગ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) *પત્રક આ સાથે બિડાણ કરેલ છે.

**પ ત્ર ક**

**ખરીફ-૨૦૧૧**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | કુલ ધાન્ય પાકો | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ | કુલ રોકડીયા પાકો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૭૧૪ | ૦ | ૩ | ૦ | ૫૮ | ૭૭૫ | ૩ | ૦ | ૦ | ૦ | ૩ |
| ૨ | નવસારી | ૬૪૪ | ૦ | ૧૧ | ૦ | ૩ | ૬૫૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૩ | ડાંગ | ૧૮૨ | ૦ | ૪૧ | ૩૩ | ૧૨૩ | ૩૭૯ | ૪૫ | ૦ | ૦ | ૦ | ૪૫ |

**ખરીફ-૨૦૧૨**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | કુલ ધાન્ય પાકો | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ | કુલ રોકડીયા પાકો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૬૮૪ | ૦ | ૪ | ૦ | ૬૭ | ૭૫૫ | ૨ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૨ | નવસારી | ૫૫૩ | ૦ | ૧૪ | ૦ | ૨ | ૫૬૯ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૩ | ડાંગ | ૧૭૩ | ૦ | ૧૪ | ૨૪ | ૧૫૧ | ૩૬૨ | ૨૩ | ૦ | ૦ | ૦ | ૨૩ |

**ખરીફ-૨૦૧૩**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | કુલ ધાન્ય પાકો | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ | કુલ રોકડીયા પાકો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૭૦૧ | ૦ | ૪ | ૦ | ૭૨ | ૭૭૭ | ૩ | ૦ | ૦ | ૦ | ૩ |
| ૨ | નવસારી | ૬૭૩ | ૦ | ૨ | ૦ | ૧ | ૬૭૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | ડાંગ | ૧૭૪ | ૦ | ૧૫ | ૨૬ | ૧૭૬ | ૩૯૧ | ૨૬ | ૦ | ૦ | ૦ | ૨૬ |

(૪) વાવેતર વધારવા સરકારે નીચે મુજબનું આયોજન કર્યુ છે.

| | |
|---|---|
| ૧ | સરકારશ્રી દ્વારા ધાન્ય અને કઠોળ પાકો માટે NFSM અને RKVY જેવી યોજના અમલમાં છે. |
| ૨ | કૃષિ મહોસત્વ, રવિ કૃષિ મહોસત્વનું આયોજન કરીને કૃષિ વૈજ્ઞાનિક તરફથી રીસર્ચ કરેલ અદ્યતન |

| | |
|---|---|
| | ટેકનોલોજીનું ખેડૂતો સાથે આદાન–પ્રદાન. |
| ૩ | ખેડૂતોને ખેતી બાબતે નવી નવી યોજનાઓ બનાવી, ખેડૂતોની મીટીંગો યોજી, તેમને તાંત્રિક માર્ગદર્શન આપવું. |
| ૪ | આગામી કૃષિ મહોસત્વ ૨૦૧૫–૧૬ માં કઠોળ, ધાન્ય પાકોનો વિસ્તાર વધારવા આયોજન આગ વિસ્તરણ પ્રવૃત્તિમાં પ્રાથમિકતા આપેલ છે. |

**સુરત, ભરૂચ, નર્મદા અને તાપી જિલ્લામાં ધાન્ય અને રોકડીયા પાકનું વાવેતર**

અતારાંકિતઃ ૪૫૫૪ (૨૧–૧–૨૦૧૫) **શ્રી** પરેશ ધાનાણી (અમરેલી) **:** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સુરત, ભરૂચ, નર્મદા અને તાપી જિલ્લામાં ચાલુ વર્ષ ખરિફ–૨૦૧૪ માં કઠોળ અને ધાન્ય પાકોનું વાવેતર ઘટયું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેનાં શાં કારણો છે,

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ધાન્ય અને રોકડીયા પાકોનું જિલ્લાવાર કેટલા વિસ્તારમાં વાવેતર થયું હતું, અને

(૪) આ વાવેતર વધારવાં સરકારે શું આયોજન કર્યુ છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૩૦–૩–૨૦૧૫)

(૧) સુરત : ધાન્ય પાકોનું વાવેતર ઘટેલ છે.

નર્મદા : કઠોળ અને ધાન્ય પાકોનું વાવેતર ઘટેલ નથી.

ભરૂચ : કઠોળ પાકોનું વાવેતર ઘટેલ છે. ધાન્ય પાકોનું વાવેતર છેલ્લા ત્રણ વર્ષની એવરેજ મુજબ બરાબર છે.

તાપી : ધાન્ય પાકોનું વાવેતર ઘટેલ છે.

(૨) સુરત : વરસાદની મોડી શરૂઆત જેથી ધાન્ય પાકોની વાવણી સમયસર થઈ શકેલ નહોતી.

નર્મદા : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ભરૂચ : વરસાદની મોડી શરૂઆત, શેરડી પાકનું વાવેતર વધેલ છે.

તાપી : વરસાદની મોડી શરૂઆત, ઘાસચારાનું વાવેતર વધેલ છે.

(૩) *પત્રક આ સાથે બિડાણ કરેલ છે.

**પ ત્ર ક**

**ખરીફ–૨૦૧૧**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | કુલ ધાન્ય પાકો | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ | કુલ રોકડીયા પાકો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરત | ૪૬૨ | ૦ | ૫૦ | ૭ | ૦ | ૫૧૯ | ૧૩ | ૨૫ | ૯૦ | ૦ | ૧૨૮ |
| ૨ | ભરૂચ | ૧૦૩ | ૮ | ૩૯ | ૨૩ | ૦ | ૧૭૩ | ૯ | ૬૭ | ૧૨૫૧ | ૦ | ૧૩૨૭ |
| ૩ | નર્મદા | ૧૮૦ | ૦ | ૬૬ | ૫૬ | ૦ | ૩૦૨ | ૦ | ૧ | ૪૦૫ | ૦ | ૪૦૬ |
| ૪ | તાપી | ૪૪૮ | ૦ | ૧૫૬ | ૭ | ૩ | ૬૧૪ | ૨૪ | ૪ | ૧૪૦ | ૦ | ૧૬૮ |

**ખરીફ–૨૦૧૨**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | કુલ ધાન્ય પાકો | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ | કુલ રોકડીયા પાકો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરત | ૩૮૪ | ૦ | ૬૫ | ૧૮ | ૧ | ૪૬૮ | ૧૩ | ૪ | ૧૯ | ૦ | ૩૬ |
| ૨ | ભરૂચ | ૯૫ | ૩ | ૩૭ | ૨૬ | ૦ | ૧૬૧ | ૬ | ૫૮ | ૧૧૮૯ | ૦ | ૧૨૫૩ |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | નર્મદા | ૧૧૬ | ૦ | ૭૨ | ૫૮ | ૦ | ૨૪૬ | ૦ | ૧૪ | ૩૫૬ | ૦ | ૩૭૦ |
| ૪ | તાપી | ૪૫૭ | ૦ | ૧૭૦ | ૧૪ | ૩ | ૬૪૪ | ૨૧ | ૪ | ૧૦૨ | ૦ | ૧૨૭ |

**ખરીફ-૨૦૧૩**

| અ. નં. | ઝોન તથા જિલ્લાનું નામ | ડાંગર | બાજરી | જુવાર | મકાઈ | અન્ય ધાન્ય | કુલ ધાન્ય પાકો | મગફળી | દિવેલા | કપાસ | તમાકુ | કુલ રોકડીયા પાકો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરત | ૪૫૭ | ૦ | ૬૨ | ૧૬ | ૧ | ૫૩૬ | ૫ | ૨ | ૨૭ | ૦ | ૩૪ |
| ૨ | ભરૂચ | ૧૧૩ | ૨ | ૩૦ | ૨૫ | ૦ | ૧૭૦ | ૫ | ૩૩ | ૧૦૦૭ | ૦ | ૧૦૪૫ |
| ૩ | નર્મદા | ૯૯ | ૦ | ૫૭ | ૫૫ | ૩ | ૨૧૪ | ૧ | ૦ | ૪૦૯ | ૦ | ૪૧૦ |
| ૪ | તાપી | ૫૫૭ | ૦ | ૧૩૨ | ૨૪ | ૩ | ૭૧૬ | ૨૧ | ૩ | ૧૧૫ | ૦ | ૧૩૯ |

(૪) વાવેતર વધારવા સરકારે નીચે મુજબનું આયોજન કર્યુ છે.

| | |
|---|---|
| ૧ | સરકારશ્રી દ્વારા ધાન્ય અને કઠોળ પાકો માટે NFSM અને RKVY જેવી યોજના અમલમાં છે. |
| ૨ | કૃષિ મહોસત્વ, રવિ કૃષિ મહોસત્વનું આયોજન કરીને કૃષિ વૈજ્ઞાનિક તરફથી રીસર્ચ કરેલ અદ્યતન ટેકનોલોજીનું ખેડૂતો સાથે આદાન-પ્રદાન. |
| ૩ | ખેડૂતોને ખેતી બાબતે નવી નવી યોજનાઓ બનાવી, ખેડૂતોની મીટીંગો યોજી, તેમને તાંત્રિક માર્ગદર્શન આપવું. |
| ૪ | આગામી કૃષિ મહોસત્વ ૨૦૧૫-૧૬ માં કઠોળ, ધાન્ય પાકોનો વિસ્તાર વધારવા આયોજન આગ વિસ્તરણ પ્રવૃત્તિમાં પ્રાથમિકતા આપેલ છે. |

**રાજ્યમાં શાળા આરોગ્ય કાર્યક્રમ**

અતારાંકિતઃ ૩૬૦૬ (૨૧-૧૦-૨૦૧૪) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) **:** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૮-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ક્યારે શાળા આરોગ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો,

(૨) ઉકત કાર્યક્રમવાર/વર્ષવાર જિલ્લાવાર કેટલા બાળકોમાં બિમારીના લક્ષણો જોવા મળ્યા, અને

(૩) તપાસ દરમ્યાન બિમારી કે બિમારીના લક્ષણો જોવા મળેલ હોય તે પૈકીના બાળકોમાં કેટલી છોકરીઓ હતી અને કેટલા છોકરા હતા ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૭-૩-૨૦૧૫)

(૧) તા.૩૧-૮-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર શાળા આરોગ્ય કાર્યક્રમ નીચે મુજબ યોજવામાં આવ્યો.

| અ.નં. | વર્ષ | શાળા આરોગ્ય કાર્યક્રમની વિગતો |
|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | ૧૬-૧૧-૨૦૦૯ થી ૧૩-૧-૨૦૧૦ |
| ૨ | ૨૦૧૦-૧૧ | ૩-૧૨-૨૦૧૦ થી ૩૦-૧-૨૦૧૧ |
| ૩ | ૨૦૧૧-૧૨ | ૧૫-૧૧-૨૦૧૧ થી ૨૪-૧-૨૦૧૨ |
| ૪ | ૨૦૧૨-૧૩ | ૩૧-૧-૨૦૧૩ થી ૩૦-૩-૨૦૧૩ |
| ૫ | ૨૦૧૩-૧૪ | ૨૨-૧૧-૨૦૧૩ થી ૧૬-૧-૨૦૧૪ |

(૨) પત્રક-અ સામેલ રાખેલ છે.

**પ ત્ર ક - અ**

| અ.નં. | જિલ્લાનું નામ | બિમારી | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ |
| ૧ | અમદાવાદ | ૧૨૩૦૦ | ૪૩૬૦૨ | ૫૪૦૮૦ | ૪૧૯૩૪ | ૩૭૩૮૩ |
| ૨ | અમરેલી | ૩૫૨૮૦ | ૨૮૯૩૮ | ૨૫૮૬૯ | ૩૫૧૮૭ | ૫૦૬૭૩ |
| ૩ | આણંદ | ૫૪૦૦૦ | ૭૩૪૨૦ | ૫૭૩૭૦ | ૫૬૭૯૪ | ૪૬૮૬૮ |
| ૪ | બનાસકાંઠા | ૭૪૦૧૫ | ૮૮૭૭૩ | ૮૮૧૫૪ | ૮૪૩૨૪ | ૮૧૩૨૩ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫ | ભરૂચ | ૪૩૨૨૪ | ૪૦૧૮૪ | ૪૬૪૭૯ | ૩૯૮૩૭ | ૩૯૯૪૨ |
| ૬ | ભાવનગર | ૬૦૫૭૪ | ૬૮૯૮૧ | ૫૨૪૭૫ | ૯૯૪૫૧ | ૧૨૪૨૩૨ |
| ૭ | દાહોદ | ૩૫૦૩૨ | ૩૬૦૬૫ | ૫૨૧૭૩ | ૫૨૬૫૯ | ૬૫૩૮૫ |
| ૮ | ડાંગ | ૭૯૨૪ | ૧૧૩૮૨ | ૧૦૮૪૫ | ૧૧૨૪૫ | ૧૩૭૩૭ |
| ૯ | ગાંધીનગર | ૩૫૭૯૮ | ૨૮૨૩૫ | ૨૬૦૧૦ | ૨૪૭૫૧ | ૨૬૦૨૧ |
| ૧૦ | જામનગર | ૪૨૯૨૬ | ૪૮૧૫૮ | ૩૯૦૯૫ | ૪૩૩૨૦ | ૫૯૪૫૨ |
| ૧૧ | જૂનાગઢ | ૬૦૫૦૪ | ૮૩૧૪૦ | ૭૧૪૦૯ | ૬૭૧૨૯ | ૭૦૯૨૧ |
| ૧૨ | કચ્છ–ભૂજ | ૪૫૨૨૭ | ૫૧૧૫૦ | ૫૬૩૩૦ | ૪૧૭૦૮ | ૪૩૪૫૪ |
| ૧૩ | ખેડા | ૫૯૭૭૨ | ૬૭૨૭૮ | ૫૭૩૦૯ | ૬૪૪૩૭ | ૬૫૯૫૫ |
| ૧૪ | મહેસાણા | ૫૪૭૦૨ | ૬૭૫૨૦ | ૫૪૫૮૧ | ૫૨૧૯૯ | ૪૧૫૯૨ |
| ૧૫ | નર્મદા | ૨૬૬૪૦ | ૧૯૬૯૪ | ૧૯૮૨૦ | ૧૮૪૧૧ | ૧૧૮૫૧ |
| ૧૬ | નવસારી | ૪૬૪૬૬ | ૬૫૪૩૫ | ૫૦૭૨૦ | ૩૩૨૮૦ | ૨૯૬૬૪ |
| ૧૭ | પંચમહાલ | ૪૮૮૯૭ | ૫૨૦૦૭ | ૪૯૭૨૮ | ૫૭૦૫૩ | ૫૩૨૧૫ |
| ૧૮ | પાટણ | ૩૮૬૩૧ | ૪૨૫૭૬ | ૩૩૭૬૨ | ૨૯૭૮૨ | ૩૬૬૪૫ |
| ૧૯ | પોરબંદર | ૧૪૨૫૬ | ૨૦૫૬૫ | ૨૬૩૩૫ | ૩૫૮૫૦ | ૩૦૨૦૦ |
| ૨૦ | રાજકોટ | ૭૫૧૫૩ | ૬૬૪૨૭ | ૫૮૭૫૨ | ૫૨૧૭૬ | ૫૫૯૦૦ |
| ૨૧ | સાબરકાંઠા | ૭૪૫૮૦ | ૬૮૪૮૩ | ૭૪૨૩૧ | ૭૩૬૫૪ | ૭૪૦૫૪ |
| ૨૨ | સુરત | ૪૨૪૪૮ | ૨૮૬૫૭ | ૩૩૭૨૧ | ૪૧૭૨૯ | ૨૯૭૩૬ |
| ૨૩ | તાપી | ૨૮૩૩૬ | ૧૮૯૯૧ | ૧૭૫૭૬ | ૧૧૬૪૧ | ૧૬૫૯૪ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૩૭૮૦૨ | ૩૪૫૩૦ | ૩૯૨૯૯ | ૩૭૧૫૪ | ૨૪૧૯૪ |
| ૨૫ | વડોદરા | ૬૭૩૪૯ | ૬૫૭૧૫ | ૬૬૧૨૮ | ૫૯૪૦૧ | ૩૬૪૪૮ |
| ૨૬ | વલસાડ | ૮૧૯૧૧ | ૩૮૧૧૨ | ૪૧૯૧૯ | ૬૧૮૪૫ | ૪૬૮૫૧ |
| | **કુલ** | **૧૨૦૩૭૪૭** | **૧૨૫૮૦૧૮** | **૧૨૦૩૧૭૦** | **૧૨૨૬૯૫૧** | **૧૨૧૨૨૯૦** |

(૩) પત્રક–બ સામેલ રાખેલ છે. જેમા હૃદય, કીડની અને કેન્સર રોગોની વિગતો પ્રાપ્ય છે.

**પ ત્ર ક – બ**

| **અ.નં.** | **વર્ષ** | **હૃદય** | | **કીડની** | | **કેન્સર** | |
|---|---|---|---|---|---|---|---|
| | | છોકરીઓ | છોકરા | છોકરીઓ | છોકરા | છોકરીઓ | છોકરા |
| ૧ | ૨૦૦૯–૧૦ | ૨૬૭૭ | ૩૭૮૦ | ૩૮૧ | ૯૫૫ | ૩૭૬ | ૭૨૪ |
| ૨ | ૨૦૧૦–૧૧ | ૧૯૪૦ | ૩૦૬૦ | ૪૪૧ | ૧૦૨૨ | ૩૭૭ | ૭૮૮ |
| ૩ | ૨૦૧૧–૧૨ | ૨૫૭૬ | ૩૫૦૩ | ૪૬૮ | ૧૦૫૩ | ૩૯૯ | ૮૧૮ |
| ૪ | ૨૦૧૨–૧૩ | ૨૬૩૮ | ૩૯૧૭ | ૫૦૭ | ૮૬૨ | ૪૨૩ | ૮૬૦ |
| ૫ | ૨૦૧૩–૧૪ | ૩૧૭૭ | ૪૪૩૨ | ૫૪૮ | ૧૨૫૫ | ૫૧૧ | ૯૬૪ |
| | **કુલ** | **૧૩૦૦૮** | **૧૮૬૯૨** | **૨૩૪૫** | **૫૧૪૭** | **૨૦૮૬** | **૪૧૫૪** |

## સુરત, ભરૂચ, નર્મદા અને તાપી જિલ્લાની રમતના મેદાન વગરની શાળાઓ

અતારાંકિતઃ ૩૮૪૭ (૨૦–૧૦–૨૦૧૪) **શ્રી** પરેશ ધાનાણી (અમરેલી) **:** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

(૧) તા.૩૧–૮–૨૦૧૪ની સ્થિતિએ સુરત, ભરૂચ, નર્મદા અને તાપી જિલ્લામાં કુલ કેટલી સરકારી અને ખાનગી અને પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તે પૈકી કુલ કેટલી શાળાઓ પાસે પોતાની માલિકીનું રમતનું મેદાન છે અને કેટલી શાળાઓ પાસે નથી,

(૩) આ શાળાઓ પાસે મેદાન ન હોવાના શાં કારણો છે, અને

(૪) આ મેદાન ન ધરાવતી શાળાઓ દ્વારા મેદાનની સગવડ ઉભી કરાવવા સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૩–૩–૨૦૧૫)

(૧) તા.૩૧–૮–૨૦૧૪ની સ્થિતિએ સુરત, ભરૂચ, નર્મદા અને તાપી જિલ્લામાં નીચેની વિગતે કુલ સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓ આવેલી છે.

| ક્રમ | જિલ્લો | સરકારી શાળાઓ | | | | | ખાનગી શાળાઓ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક | બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક | બિન સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક |
| ૧ | સુરત | ૧૦૨૯ | ૧૩ | ૦૨ | ૫૩ | ૧૫૧ | ૪૮૪ | ૬૮૧ | ૪૮૩ |
| ૨ | ભરૂચ | ૮૮૭ | ૧૮ | ૦૬ | ૬૧ | ૮૧ | ૨૧૯ | ૧૬૧ | ૧૦૮ |
| ૩ | નર્મદા | ૬૯૧ | ૨૪ | ૦૫ | ૩૮ | ૧૨ | ૦૦ | ૧૦ | ૦૪ |
| ૪ | તાપી | ૭૯૮ | ૨૦ | ૦૮ | ૪૪ | ૧૮ | ૪૨ | ૧૯ | ૧૩ |
| | **કુલ** | **૩૪૦૫** | **૭૫** | **૨૧** | **૧૯૬** | **૨૬૨** | **૭૪૫** | **૮૭૧** | **૬૦૮** |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તે પૈકી કુલ નીચે મુજબની શાળાઓ પાસે પોતાની માલિકીનું રમત ગમતનું મેદાન છે. અને નીચે મુજબની શાળાઓ પાસે રમત–ગમતનું મેદાન નથી.

| ક્રમ | જિલ્લો | રમત–ગમતનું મેદાન ધરાવતી શાળાઓ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખાનગી | | માધ્યમિક | | ઉચ્ચતર માધ્યમિક | | બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક | બિન સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક |
| | | સરકારી | ખાનગી | સરકારી | ૫૩ | ૧૫૧ | ખાનગી | | |
| ૧ | સુરત | ૮૯૧ | ૪૨૩ | ૧૩ | ૬૧ | ૮૧ | ૧૯૩ | ૪૯ | ૧૪૪ |
| ૨ | ભરૂચ | ૪૫૦ | ૨૧૯ | ૦૦ | ૩૮ | ૧૨ | ૧૪૯ | ૫૮ | ૭૮ |
| ૩ | નર્મદા | ૪૧૧ | ૦૦ | ૨૪ | ૪૪ | ૧૮ | ૦૦ | ૩૮ | ૧૨ |
| ૪ | તાપી | ૬૮૧ | ૪૦ | ૧૬ | ૧૯૬ | ૨૬૨ | ૦૦ | ૪૨ | ૧૮ |
| | **કુલ** | **૨૪૩૩** | **૬૮૨** | **૫૩** | **૬૪૯** | **૧૮** | **૩૪૨** | **૧૮૭** | **૨૫૨** |

| રમત–ગમતનું મેદાન ન ધરાવતી શાળાઓ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **પ્રાથમિક** | | **માધ્યમિક** | | **ઉચ્ચતર માધ્યમિક** | | **બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક** | **બિન સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક** |
| | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી | | |
| ૧ | ૧૩૮ | ૬૧ | ૦૦ | ૧૯૩ | ૦૦ | ૧૪૯ | ૦૪ | ૦૭ |
| ૨ | ૪૩૭ | ૦૦ | ૧૮ | ૦૦ | ૦૩ | ૧૩ | ૦૩ | ૦૩ |
| ૩ | ૨૮૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | ૧૧૭ | ૦૨ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ |
| **કુલ** | **૯૬૨** | **૬૩** | **૨૨** | **૧૯૩** | **૦૩** | **૧૬૨** | **૦૯** | **૧૦** |

(૩) જગ્યાનો અભાવ હોવાથી યોગ્ય સુલભતાવાળી જમીન ઉપલબ્ધ ન થવાથી ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓમાં મંડળની આર્થિક સ્થિતિ અને શહેરી વિસ્તારમાં મેદાનને લાયક જમીનનો અભાવ.

(૪) સરકારી શાળાઓમાં જમીન ઉપલબ્ધ થયેથી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓએ પોતાની રીતે મેદાનની સુવિધા ઉભી કરવાની રહેશે.

